
મક્સીમ ગોર્કી

મારી તાલીમ



મક્સીમ ગોર્કી

મારી તાલીમ

નવલકથા

'રાદુગા' પ્રકાશન
મોસ્કો

અનુવાદ — અતુલ સવાણી
સજાવટ — અનાતોલી મોઈસેયેવ

М. ГОРЬКИЙ
В людях
на языке гуджарати

MAXIM GORKY
My Apprenticeship
in Gujarati

સોવિયેત સંઘમાં મુદ્રિત

$\Gamma\frac{4702010200-545}{031(01)-84}321-84$

૧

એમ હું જગતના વહેણમાં જઈ પડયો, શહેરના મોટા બજારમાં "ફૅશનેબલ બૂટ"ની દુકાનમાં "છોકરાની" નોકરીએ ચડી ગયો.

મારો માલિક ગોળમટોળ વામણો જીવ છે. તેને રાખોડી બેનૂર ચહેરો, લીલાશ પડતા દાંત, અને મેલા પાણીનાં ખાબોચિયાં જેવી આંખો છે. મને આંધળો લાગે છે, અને ખાતરી કરી લેવાના ઇરાદે હું તેની સામે ચાળા કરું છું.

"ડાચું વાંકું કરવાનું મૂકી દે," તે મને શાંત પણ મક્કમ અવાજે ફરમાન કરે છે.

તેની ડહોળી આંખો મને જોતી હોય એવો ખ્યાલ પણ મને અળખામણો લાગે છે, હું માનવા તૈયાર નથી કે જોતી હોય, માલિક કદાચ મારા ચાળાની ખાલી અટકળ જ કરતો હોય.

"તને એક વાર કીધું કે ડાચું વાંકું કરવાનું મૂકી દે," તે અગાઉ કરતાંયે વધારે શાંત અવાજે હુકમ દોહરાવે છે, બોલતી વેળા તેના જાડા હોઠ માંડ જરાક હલે છે.

"અને હાથ ખંજવાળવાનું બંધ કર." તેનો સૂકો ફફડાટ જાણે સરકતો હોય એમ મારી તરફ આવે છે. "તારે યાદ રાખવાનું છે કે શહેરના મોટા માર્ગે પહેલા નંબરની શાનદાર દુકાનની નોકરી છે. છોકરાનું કામ બારણે બાવલાની જેમ અક્કડ ઊભા રહેવાનું હોય..."

મને બિલકુલ ખ્યાલ નથી કે બાવલું એટલે શું, વળી મારાથી હાથ અને કાંડાં ખંજવાળ્યા વગર રહેવાતું નથી, કોણી સુધી રાતાં ચાંદાં ને ગૂમડાં છે, જંતુ મારી ચામડીની અંદર ઘૂસીને નિર્દયતાથી ખોતરતાં રહે છે.

"ઘરમાં શું કામ કરતો?" માલિકે મારા હાથ ઉપર નજર નાખતાં સવાલ કર્યો.

હું વાત કરું છું. ગોળ અને જાણે રાખોડી વાળ ચોંટાડયા હોય એવું માથું હલાવતો માલિક ધુતકાર છલકાતા અવાજે બોલે છે:

"ઉકરડા ફંફોળવા... એ તો ભીખ માગવાથીયે બદતર, ચોરી કરવાથીયે બદતર!"

"મેં તો ચોરીયે કરી છે," હું જાહેર કરું છું, અને મારા અવાજમાં ગર્વની લાગણી છે.

સાંભળીને માલિક પંજા ટેકવતી બિલાડીની જેમ હથેળીઓ ટેકવે છે, ફરકતી આંખો વડે ઠાલી નજર મારી ઉપર ઠેરવે છે, અને થડા ઉપરથી ફૂંફાડો મારે છે:

"શું?.. ચોરીયે કરી છે એમ કીધું?"

હું ખુલાસો કરું છું કે શાની ચોરી અને કેવી રીતે.

"ઠીક હવે, જવા દે એની વાત. પણ મારી દુકાનમાંની બૂટ કે પૈસાની ચોરી કરી છે તો મોટો થવાનો મોકો જ નહિ મળે, એની પહેલાં જ જેલ ભેગો કરાવી દેવાનો તને!"

તે બહુ શાંત અવાજે બોલે છે, પણ મને દહેશત લાગી જાય છે, આદમી મારી નજરમાં વધારે અળખામણો થઈ જાય છે.

દુકાનમાં માલિક ઉપરાંત બે મદદનીશ છે: એક તો મારો મોસાળનો ભાઈ (યાકોવનો દીકરો) સાશા, અને બીજો મોટો મદદનીશ, ચાલાક અને ખંધો રાતોમાતો આદમી. સાશાએ બદામી કોટ ચડાવ્યો છે, કાંજી ચડાવેલું શર્ટ પહેર્યું છે, ગલપટ્ટો બાંધ્યો છે, અને મોટપનો ડોળ એવો કરે છે કે મારી સામે જોતો પણ નથી.

નાના મને લઈને માલિક પાસે આવેલા અને તેમણે કામ શીખવામાં મને મદદ કરવાનું સાશાને કહેલું, તે દિવસે સાશા મોટપની અદામાં ભવાં સંકોડીને બોલેલો:

"પહેલાં તો મારું કહ્યું માનવાનું શીખવું પડશે."

નાનાએ હાથ મારા માથા ઉપર મૂકીને હડસેલો મારેલો.

"આનું કહ્યું માનવાનું છે," તેમણે હુકમ કરેલો. "ઉંમરની ને મોભાની, બેય વાતે તારાથી મોટો છે."

સાશાએ દમામથી ડોળા ગોળગોળ ફેરવ્યા.

"નાનાની વાત યાદ રાખજે!"

તેણે પહેલા જ દિવસથી પોતાના ચડિયાતાપણાનો ફાયદો બેરહમીથી ઉઠાવવાનું શરૂ કરી દીધું.

"કાશીરિન, ડોળા ફેરવવાનું રહેવા દે!" માલિકે તેને ચેતવણી આપી.

"હું તો... કાંઈ નહોતો..." સાશાએ માથું નમાવી દેતાં જવાબ આપ્યો, પણ માલિકની દમદાટી હજી પૂરી નહોતી થઈ.

"આમ ડોકું નીચે નથી ઢાળી દેવાનું, ઘરાકને લાગે કે માણસ નથી, બકરું છે!"

મોટા મદદનીશે ખુશામતિયું ખીખી કર્યું, માલિકે કૂદરૂપા હોઠ તાણ્યા, અને સાશા શરમમાં એકદમ લાલચોળ થઈ જતો થડા નીચે ભરાઈ ગયો.

એવી વાતો મને ન ગમતી. એ લોકો અજબ શબ્દો એટલા બધા બોલતા કે ક્યારેક તો મને જાણે પરદેશી ભાષા બોલતા હોય એમ લાગતું.

કોઈ બાઈ દુકાનમાં આવે ત્યારે માલિક હાથ ખીસામાંથી કાઢીને હળવેહળવે મૂછ ઉપર ફેરવતો, મોઢા ઉપર જાણે સાકરિયો મલકાટ ચોંટાડી દેતો, એથી તેના ગાલમાં કરચલીઓ છવાઈ જતી, પણ તેની ઠાલી આંખોના ભાવ એવા ને એવા જ રહેતા, જરાય ન બદલાતા. મોટા મદદનીશની કાયા ટટ્ટાર થઈ જતી, બેઉ તરફ કોણીઓ પડખાંમાં દબાઈ જતી, હાથ હજૂરિયાની જેમ ફફડાટ કરવા લાગતા. સાશા ઊપસેલા ડોળાને છુપાવી રાખવા આંખો મટમટાવતો. હું બારણે ઊભો ઊભો છાની રીતે હાથ ખંજવાળતો રહેતો અને વેચાણની રીતરસમ જોતો રહેતો.

મદદનીશ કોઈ બાઈને બૂટ પહેરાવી જોવા ગોઠણભેર બેસે ત્યારે હંમેશાં આંગળીઓ અજબ રીતે ફેલાવી દેતો અને તેના હાથ એકદમ કંપવા લાગતા. સામાન્ય રીતે બાઈના પગ જાડા હોવા છતાં, ઢળતા નાળચાવાળી બાટલી ઊંધી ગોઠવેલી હોય એવા હોવા છતાં, તે હાથ એવી રીતે અડાડતો કે જાણે પગ કદાચ ભાંગી જવાની બીક લાગતી હોય. એક વાર કોઈ બાઈ ઊંચીનીચી થતી અને પગ ખેંચી લેતી બોલી ઊઠી:

"અરે!.. કેવાં ગદગદિયાં કરો છો!"

"એ તો તમને સારું લાગે એટલા ખાતર..." મદદનીશ તરત વળતો જવાબ આપતો.

તે બાઈઓની આસપાસ ઝૂમતો રહેતો હોય ત્યારે દેખાવ બહુ રમૂજી લાગતો અને હસવું ખાળવા મારે બીજી તરફ ફરી જવું પડતું. પરંતુ મદદનીશ એવી હાસ્યાસ્પદ તરકીબો અજમાવતો કે ફરી તેની તરફ નજર નાખવાની તાલાવેલીને હું ક્યારેય દબાવી ન શકતો. મને લાગતું કે તેના જેટલા વિનયવિવેકથી આંગળીઓ ફેલાવી દેવાનું કે તેના જેટલી આવડતથી બીજા લોકોના પગમાં બૂટ પહેરાવી દેવાનું મારાથી જિંદગીમાં કદી નહિ

બને. માલિક ઘણી વાર દુકાનના પાછળના ભાગમાં નાનકડા ઓરડામાં ચાલ્યો જતો અને સાશાને બોલાવી લેતો. ઘરાક જોડે ઉપરી મદદનીશ એકલો રહી જતો. મને યાદ છે કે તેણે એક વાર ઊજળા વાળવાળી એક બાઈના પગની પાટલીને અડીને પછી પોતાની આંગળીઓનાં ટેરવા ભેગાં કરીને ચૂમી ભરેલી.

"અરે, કેવા મસ્તીખોર છો!" બાઈ જોરથી ખીખી કરતી બોલી.

"આહા!" મદદનીશ જવાબમાં હોઠ બચકારતો બોલ્યો.

મને એટલા જોરથી હસવું આવી ગયું કે ગબડી ન પડું એટલા ખાતર મારે બારણાનો હાથો ઝાલી લેવો પડયો. બારણું ખૂલી ગયું. મારું માથું કાચ જોડે અફળાયું, કાચ નીકળી ગયો. મદદનીશે મારી તરફ જોઈને પગ પછાડયા, માલિકે મહોરવાળી વજનદાર સોનાની વીંટીવાળા હાથ વડે મને માથામાં ફટકા ઝીંકી દીધા. સાશાએ મારા કાન મરડવાની કોશિશ કરી અને સાંજે ઘેર જતી વેળા સખત ચેતવણી આપી:

"આવું કરીશ તો ચોક્કસ પાણીચું મળી જવાનું. અને એમાં બહુ રમૂજી વળી શું હતું?"

પછી તેણે સમજાવ્યું કે મદદનીશ બાઈઓનો વધારે માનીતો થાય તો વેપારમાં એટલો વધારે ફાયદો થાય.

"બાઈને બૂટની જરૂર ન હોય તોયે મઝાના આદમીને ફરી વાર જોઈ લેવા ખાતર જ વધારાની જોડી ખરીદે. એટલુંયે નથી સમજાતું? તને તો કંઈ શીખવવાનું કોઈ રીતે બને એમ જ નથી!"

એની વાતથી મને માઠું લાગ્યું. દુકાનમાં કોઈએ મને કંઈ શીખવવાની કોશિશ ક્યારેય નહોતી કરી, અને સાશાએ તો જરાય નહિ.

માંદી વઢકણી રસોઇયણ રોજ સવારે મને સાશા કરતાં એક કલાક વહેલો જગાડી દેતી. હું સમોવાર પેટાવતો, બધાય ચૂલા માટે બળતણ લાવતો, રસોઈનાં વાસણ માંજતો, અને માલિક, ઉપરી મદદનીશ, તેમ જ સાશાનાં કપડાં અને બૂટ સાફ કરતો. દુકાનમાં હું સંજવારી કાઢતો, ઝાટકીને બધેથી ધૂળમાટી સાફ કરતો, ચા બનાવતો, માલ પહોંચાડી આવતો, અને પછી ઘેરથી ખાવાનું લઈ આવતો. હું એવા ઢસરડા કરતો હોઉં ત્યારે સાશાને બારણે મારી જગ્યા લેવી પડતી. તેમાં તેને હીણપત લાગતી એટલે તે મારી સામે બરાડા પાડતો:

"રોંચો ક્યાંનો! મારે તારું કામ કરવું પડે છે!"

હું તો ખેતરો અને વનોમાં, ડહોળી ઓકા નદીને કાંઠે, અથવા કુનાવિનોની રેતાળ શેરીઓમાં આઝાદીની જિંદગીથી ટેવાયેલો હતો, એટલે એ વખતની મારી જિંદગીમાં મને કંટાળો આવતો અને ત્રાસ થતો. મને નાનીમા યાદ આવતી, દોસ્તો યાદ આવતા. મોકળે મને વાતચીત કરાય એવું કોઈ નહોતું. એવી બનાવટી અને દુખી જિંદગીથી મને ચીડ ચડતી.

બાઈઓ ઘણી વાર દુકાનમાંથી કશી ખરીદી કર્યા વગર પાછી ચાલી જતી. એમ બને ત્યારે માલિક અને બેઉ મદદનીશો ખીજે ભરાઈ જતા.

"કાશીરિન, બૂટ પાછા મૂકી દે!" માલિક સાકરિયા મલકાટને વેગળો મૂકી દેતો ફરમાન કરતો.

"દુકાનમાં નાળચું ઘુસાડવા આવેલી, ડુક્કર જેવી હતી! ઘરમાં બેઠી બેઠી થાકી ગઈ એટલે દુકાનોમાં ફરવા નીકળી પડી! અરે, મારી ઘરવાળી હોત તો પરચા દેખાડી દીધા હોત એકબે!"

તેની ઘરવાળી પાતળી હતી, કાળી આંખો અને મોટા નાકવાળી હતી, ધણી જાણે કેમ નોકર હોય એમ તેની સામે ઘણી વાર બરાડા પાડતી અને પગ પછાડતી.

કેટલીય વાર એવું બનતું કે માલિક અને મદદનીશ કોઈ બાઈને વિનયથી નમીને અને મીઠા બોલ બોલીને વળાવી દીધા પછી તેને વિશે ગલીચ શરમજનક વાતો કરતા. એવું બને ત્યારે મને રસ્તે દોટ મૂકીને બાઈ પાસે પહોંચી જવાનું અને એ લોકોની બધી વાતો કહી દેવાનું મન થતું.

સ્વાભાવિક રીતે જ મને ખબર હતી કે લોકોનું વલણ બીજાં માણસોની પીઠ પાછળ ગંદી વાતો કરવાનું હોય છે, પણ આ ત્રણ તો જાણે એકલા પોતે જ દુનિયાના સૌથી સારા માણસો હોય અને બાકીનાં સૌની બાબતમાં ફેંસલા કરવા નિમાયેલા હોય એવું વર્તન કરતા, અને તેમનું એવું વર્તન જોઈને મને બેહદ ખીજ ચડતી. તેઓ મોટા ભાગના લોકોની અદેખાઈ કરતા, કોઈનાં વખાણ ક્યારેય ન કરતા, અને દરેકને વિશે કંઈક ને કંઈક હીણા ગામગપાટાના જાણકાર રહેતા.

એક દિવસ તેજ છલકાતી આંખો અને ગુલાબી ગાલવાળી જુવાન બાઈ દુકાનમાં આવી. તેણે મખમલનો ઓવરકોટ પહેર્યો હતો. કોટમાં કાળા ફરનો કૉલર હતો. તેનું મુખડું જાણે અજબ મઝાનું ફૂલ ફરમાં ગોઠવેલું હોય એવું લાગતું હતું. તેણે કોટ કાઢીને સાશાના હાથમાં પકડાવી દીધો ત્યારે તો તે જાણે વધારે દેખાવડી બની ગઈ. તેના કાનમાં હીરાનાં એરિંગ

ચળકારા મારતા હતા. તેની મનોહર કાયા તસતસતા નીલા-રાખોડી પોશાકમાં જાણે વધારે દીપી ઊઠતી હતી. તેને જોઈને મને રૂપાળી વસીલીસા યાદ આવી ગઈ. મને ખાતરી હતી કે કંઈ નહિ તો ગવર્નરની બેગમ તો હશે જ. એ લોકો તેને ખાસ માનથી આવકારીને અગ્નિદેવના ભક્તોની જેમ તેની સામે નમી પડયા અને મધઝરતા બોલ બોલવા લાગ્યા. ત્રણેય જાણ જાણે ગાંડા થઈ ગયા હોય એમ દુકાનમાં આમથી તેમ દોડાદોડી કરવા લાગ્યા. સજાવટના કબાટોના કાચમાં તેમનાં પ્રતિબિંબો ઝગમગતાં હતાં. બધું જાણે જ્વાળાઓમાં લપેટાઈ ગયું હોય અને એકરૂપ થઈ જતું હોય, જોતજોતામાં નવા ઘાટ અને રેખાઓ ધારણા કરી લેવાનું હોય, એવું લાગતું હતું.

બાઈ મોંઘા બૂટની જોડી ઝટપટ પસંદ કરીને ચાલી ગઈ કે તરત માલિકે જીભ વડે ડચકારો કરીને ફૂંફાડો માર્યો:

"કુલટા!"

"એટલે એમ કે નાટકવળી!" મદદનીશ જાણે કોઈ હલકટ માણસની વાત કરતો હોય એમ બબડયો.

પછી એ લોકો માંહોમાંહે બાઈના આશકો અને ભોગવિલાસની વાતો કરવા લાગ્યા.

જમવાનું પતી ગયું એટલે માલિક થોડીક નીંદર ખેંચી કાઢવા દુકાનના પાછળના ભાગમાં નાનકડા ઓરડામાં ચાલ્યો ગયો. મેં તેની સોનાની ઘડિયાળનું નીચેનું ઢાંકણું ખોલીને તેમાં જરાક સરકો રેડી દીધો. થોડીક વાર પછી તેને જોઈને મને બેહદ ખુશીની લાગણી થઈ. તે જાગીને દુકાનમાં આવ્યો ત્યારે ઘડિયાળ હાથમાં રાખીને બબડતો હતો:

"અરે, જુઓ તો ખરા, આ તે કેવી વાત! એકાએક મારી ઘડિયાળને પરસેવો વળવા લાગ્યો છે! આવું તો અગાઉ ક્યારેય નથી બન્યું. પરસેવો, સમજ્યા ને! કદાચ આફતની નિશાની હોય, હેં?"

દુકાનની ધમાલ અને ઘરના બધા કામના બોજા છતાં હું જાણે કંટાળાના ઘેનમાં જ રહેતો અને મારા મનમાં એવો વિચાર વધારે ને વધારે ઘોળાતો રહેતો કે "શું કરું તો મને કાઢી મૂકે?"

હિમ છવાયેલા લોકો દુકાનના બારણા પાસેથી નીકળતા રહેતા, જાણે જનાજામાં મોડા પડયા હોય અને જનાજાને આંબી જવા ઉતાવળા કબ્રસ્તાન તરફ જતા હોય એવા લાગતા. ગાડાં ખેંચતા ઘોડા રસ્તે આડા આવતા હિમના ઢગલાઓને ખૂંદતી વેળા આંચકા મારતા હતા. લેન્ટના ઉપવાસના

દિવસો હતા, દુકાનની પાછળ આવેલા દેવળમાંથી ઘંટના ગમગીન રણકાર રોજ સંભળાતા રહેતા. એ રણકાર જાણે માથા ઉપર તકિયાના ફટકા ઝીંકાતા હોય એવા લાગતા હતા, મૂઢ બનાવી દે અને કાનને બહેરા બનાવી નાખે.

એક વાર હું આંગણમાં નવા માલની પેટી ખોલતો હતો એટલામાં દેવળનો ચોકીદાર મારી પાસે આવ્યો. બેડોળ અને લૂગડાની ઢીંગલી જેવો ઢીલો ને ચીંથરેહાલ આદમી હતો, જાણે કૂતરાંએ બટકાં ભરીને બેહાલ કરી નાખ્યો હોય એવો લાગતો હતો.

"એ ભાઈ, રબરના બૂટ ચોરીને મને આપ ને, ભગવાન તારું ભલું કરશે!"

હું કંઈ ન બોલ્યો. તે એક ખાલી ખોખા ઉપર બેસી ગયો, પછી બગાસું ખાઈને અને હોઠ નજીક ક્રૉસની નિશાની કરીને તેણે માગણી દોહરાવી.

"ચોરી કરવામાં તો પાપ થાય," મેં તેને જાણકારી આપી.

"પણ ચોરી તો થાય છે, મારા બુઢાપાની દયા ખાઈને એટલું કામ કરી દે ને, ભાઈલા!"

મારી આસપાસના લોકોથી સાવ નિરાળો આદમી હતો. એથી મને ખુશી થઈ. તેને જાણે ખાતરી હોય એમ લાગતું હતું કે હું જરૂર ચોરી કરવા તૈયાર થઈ જવાનો, એટલે મેં બારી વાટેથી રબરના બૂટ તેને પકડાવી દેવાની હા પાડી દીધી.

"સારું," તે ખુશીની લાગણી વગર શાંત અવાજે બોલ્યો. "પણ ધોખાબાજી તો નથી કરતો ને? ઠીક, ઠીક હવે, દેખાય જ છે, તું ધોખાબાજી કરે એવો નથી..."

તે બેઠોબેઠો એકબે મિનિટ બૂટની અણી વડે ભીનું મેલું હિમ ખોતરતો રહ્યો, પછી માટીની હોકલી સળગાવીને તેણે મને અણધાર્યો જ દહેશતમાં નાખી દીધો.

"પણ હું તારી જોડે ધોખાબાજી કરતો હોઉં તો? એ જ જોડા લઈને માલિક પાસે જાઉં અને કહું કે તેં મને અરધા ભાવે વેચ્યા છે તો? હેં? કિંમત બે રૂબલ છે, તેં અરધા ભાવે વેચ્યા, થોડીક ખીસાખરચી ખાતર, હેં?"

તેણે જાણે ધમકી મુજબ કરી નાખ્યું હોય એમ હું ડઘાઈને મૂંગો મૂંગો તેની સામે જોતો રહ્યો. તેણે નાકમાંથી અવાજ કાઢીને શાંત અવાજે બોલવાનું

ચાલુ રાખ્યું. તેની નજર બૂટ ઉપર ઠેરવેલી હતી અને માથા ફરતે નીલા ધુમાડાનું વાદળ ફેલાયેલું હતું.

"માલિકે જ મને કીધું હોય કે 'જા, પેલા છોકરાનો તાગ કાઢી આવ, ખબર તો પડે કે કેવોક ચોર છે,' તો?"

"બૂટ નહિ આપું તને," મેં ખિજાઈને કહ્યું.

"હવે તારાથી ફરાય નહિ, એક વાર વાયદો કરી દીધો ને!"

તેણે મારો હાથ પકડીને મને નજીક ખેંચી લીધો. પછી ટાઢી આંગળી મારા કપાળમાં ઠપકારતો તે લંબાતા અવાજે બોલ્યો:

"તું તરત તૈયાર કેવી રીતે થઈ ગયો? કાંઈ પૂછ્યું નહિ કે ગાછ્યું નહિ ને કહી દીધું: 'લઈ જા બૂટ!' હેં?"

"તેં પોતે જ માગેલા."

"મારે માગવાનું જાણે કેમ ઓછું હોય! હું કહું કે જઈને દેવળ લૂંટી આવ, તો લૂંટી આવવાનો? એમ જ બધાંયની ઉપર ભરોસો રખાતો હશે? સાવ મૂરખ છો તું તો!"

તે મને આઘો હડસેલી દેતો ઊભો થઈ ગયો.

"મારે ચોરીના બૂટની જરાય જરૂર નથી. વળી હું કાંઈ અમીરના ઘરનો નથી કે મારે રબરના બૂટ પહેરવા પડે. મેં તો ખાલી મજાક કરેલી. પણ તેં મારી ઉપર ભરોસો રાખ્યો એટલે હું તને ઘંટમિનારમાં ચડવા દઈશ, ઈસ્ટરના તહેવારે. ઊંચેથી શહેરને જોતો જોતો ઘંટ વગાડજે..."

"શહેર તો જોયેલું છે મેં."

"ઘંટમિનારમાંથી બહુ મઝાનું લાગે છે."

તે ધીરે ધીરે ડગલાં ભરતો અને બૂટની અણી હિમમાં ઘુસાડતો ચાલ્યો ગયો અને આખરે દેવળના ખૂણા પાછળ ગાયબ થઈ ગયો. તેને જોતો જોતો હું દુખતા દિલે બેચેનીની હાલતમાં વિચાર કરતો રહ્યો કે બુઢ્ઢા આદમીએ ખરેખર મારી જોડે ખાલી મજાક જ કરી હશે કે પછી માલિકે તેને મોકલ્યો હશે, મારી કસોટી કરવા. પાછો દુકાનમાં જવામાં મને બીક લાગતી હતી.

એટલામાં સાશા દોડતો આંગણમાં આવ્યો અને ગરજી ઊઠયો:

"આટલી બધી વાર ભૂતની જેમ અહીં શું કરે છે?"

એકાએક મને ઝાળ ચડી ગઈ અને મેં પકડ તેની સામે ઉગામીને હલાવ્યું.

મને ખબર હતી કે સાશા અને મદદનીશ માલિકના માલની ચોરી

કરતા. બૂટની કે સેન્ડલની જોડી ભઠ્ઠીના ધુમાડિયામાં છુપાવી દે, દુકાન બંધ કરવાનો વખત થાય ત્યારે જતી વેળા ચોરીનો માલ ઓવરકોટની બાંયમાં ભરાવીને લઈ જાય. મને એવા ધંધા ગમતા નહિ અને બીક પણ લાગતી. માલિકે આપેલી ચેતવણી હું ભૂલ્યો નહોતો.

"તું ચોરી કરે છે ને?" મેં સાશાને પૂછ્યું.

"હું નહિ, ઉપરી મદદનીશ કરે છે," સાશા કરડા અવાજે બોલ્યો. "હું તો ખાલી એને મદદ કરું છું, મને દબડાવે કે 'હું કહું છું એમ કર!' ન કરું તો મારી બાબતમાં કંઈક ને કંઈક હલકટ ચાલબાજી કરે. અને માલિક તો પોતે જ એક જમાનામાં દુકાનમાં મદદનીશનું કામ કરતો. બધી કરામતોનો જાણકાર છે. પણ તું મૂંગો રહેજે!"

તે બોલતી વેળા આયનામાં નજર નાખીને ટાઈ સરખી કરતો હતો. તેની આંગળીઓ ઉપરી મદદનીશની જેમ ઢોંગી રીતે ફેલાયેલી હતી. તે કાયમ રોફ જમાવતો કે પોતે મોટો હોવાથી મરજી પડે એમ મારી ઉપર હાકેમગીરી ચલાવી શકે. મને હુકમ કરે ત્યારે ઘોઘરા અવાજે ઘાંટા પાડતો અને શાહી અદાથી હાથ હલાવતો. હું તેનાથી ઊંચો અને જોરાવર હતો પણ મારી કાયા એકવડી અને રીત કઢંગી હતી. તે પોચો, જાડિયો, અને લીસો હતો. કોટ પહેરીને અને પાટલૂનના પાયચા લાંબા બૂટમાં ભરાવીને સામે ઊભો હોય ત્યારે મને બહુ રુઆબદાર પણ જરાક હસવું આવી જાય એવો લાગતો. તેને રસોઈયણ ઉપર નફરત હતી. બાઈ ખરેખર અજબ હતી, સારી ગણવી કે ખરાબ ગણવી તેનો ફેંસલો ક્યારેય થઈ જ ન શકે.

"મને સૌથી વધારે કાંઈ ગમતું હોય તો લડાઈ," તે જાણે ધગધગતી કાળી આંખો પહોળી કરીને કહેતી. "ભલે ગમે તે લડતું હોય, મારે મન તો બધુંય સરખું—કૂકડા કે કૂતરા કે ગામડિયા, મને બધુંય એકસરખું જ લાગે!"

આંગણમાં કૂકડા કે કબૂતરની લડાઈ થઈ જાય તો બાઈ હાથનું કામ પડતું મૂકીને બારીએ ઊભી ઊભી જોતી રહે, લડાઈ પૂરી થઈ જાય ત્યાં સુધી જોતી રહે, દરમિયાનમાં બીજું કંઈ સાંભળે જ નહિ, જાણે સાવ બહેરી થઈ જાય. ઘણી વાર સાંજે સાશાને અને મને કહેતી:

"અરે, છોકરાઓ, આમ બેઠા કેમ છો? બહાર જઈને સરસ મઝાની લડાઈ કરી આવો ને!"

સાશા ખીજે ભરાઈને જવાબ દેતો:

"હું છોકરો નથી, મૂરખ ક્યાંની! દુકાનમાં બીજા નંબરનો મદદનીશ છું!"

"એમ કે? મને તો એવું કાંઈ નથી લાગતું. મારી નજરમાં તો પરણી જા ત્યાં લગી છોકરો જ રહેવાનો!"

"મૂરખ! ભેજું ખાલી છે તારું..."

"શયતાન ચાલાક છે, પણ ખુદાને જરાય નથી ગમતો."

બાઈની બોલવાની રીતથી સાશાને ખાસ ખીજ ચડતી. સાશા તેને પજવતો હોય ત્યારે તે સાશાને જાણે નજર વડે વીંધી નાખીને કહેતી:

"અરે, તું, વંદો છો વંદો! તું એટલે ભગવાનની મોટી ભૂલ!"

સાશાએ એક વાર નહિ કેટલીય વાર મને પટાવવાની કોશિશ કરેલી કે બાઈના તકિયામાં ટાંકણીઓ ભરાવી દઉં, નીંદરમાં હોય ત્યારે મોં ઉપર મીણ કે મેશ ચોપડી દઉં, અથવા એવું જ કોઈ ટીખળ કરું. પણ મને રસોઇયણની બીક લાગતી, મને ખાતરી હતી કે પકડી જ પાડે કેમ કે બહુ હળવી નીંદરમાં સૂતી. ઘણી વાર ઊઠી જાય, દીવો સળગાવે, અને ખૂણામાં નજર ઠેરવીને બેઠી રહે. હું ભઠ્ઠી પાછળ સૂતો. ક્યારેક મારી પથારી પાસે આવીને મને હલાવે અને ઘોઘરો ફફડાટ કરતી બોલે:

"કોણ જાણે કેમ પણ ઊંઘ નથી આવતી, આલ્યોશા! ધાક બેસી ગઈ હોય એવું લાગે છે. ઊઠ, કંઈક વાત કર."

હું અરધો ઊંઘમાં તેને કોઈ વાર્તા કહી સંભળાવતો. તે ચુપચાપ બેઠી બેઠી કાયા આમથી તેમ હલાવતી રહેતી . મને એવું લાગતું કે તેના શરીરમાંથી જાણે મીણ અને ધૂપની વાસ આવતી હોય અને તે ઘડીક વારમાં મરી જવાની હોય, કદાચ ચાલુ પળમાં જ. ગભરાટમાં મારો અવાજ ઊંચો થઈ જતો, પણ તે મને વારતી:

"ધીમે બોલ! પેલા હરામજાદાઓ ક્યાંક જાગી જાશે ને ધારી લેશે કે તું મારો પ્યાર છો!"

તે હંમેશાં એકસરખી રીતે જ બેસતી—કાયા નમાવેલી હોય, હાથ ગોઠણ વચ્ચે ભરાવેલા હોય, સુકલકડી પગ એકબીજાની જોડે સખત દબાવેલા હોય. તેની સપાટ છાતીવાળી કાયાની પાંસળીઓ હાથવણાટના જાડા કબજા નીચેથીયે, સંકોડાઈ ગયેલા પીપડાની લોખંડી પટ્ટીઓની જેમ, ઊપસી આવેલી

નજરે પડતી. તે કેટલીય વાર સુધી મૂંગી બેસી રહેતી અને પછી અચાનક જ હોઠ ફફડાવતી બોલતી:

"મોત આવે તો આ બધી આફતથી છૂટું..."

અથવા કોઈની તરફ ફરીને સવાલ કરતી:

"હા, મેં જીવી લીધું છે, તો શું?"

હું વાર્તા કહેતો હોઉં ત્યારે તે જરાય અચકાયા વગર મને અધવચ્ચે અટકાવીને કરડા અવાજે કહી દેતી: "સૂઈ જા!" પછી તે ઊભી થઈ જતી અને તેની ઘેરી કાયા રસોડાના પડછાયાઓમાં ઓગળી જતી.

"બુઢ્ઢી ચુડેલ!" સાશા તેની પીઠ પાછળ કહેતો. એક વાર મેં સાશાને કહ્યું કે જઈને મોઢે કહી દે.

"તું ધારે છે કે મને બીક લાગે છે?" તેણે વળતો જવાબ દીધો, પણ પછી તરત ભવાં સંકોડીને ઉમેર્યું: "ના, મોઢે તો નહિ કહું, કોને ખબર છે, કદાચ ખરેખર ચુડેલ હોય!"

તે કાયમ તુચ્છકાર વરસાવતી રહેતી અને હંમેશાં ચિડાયેલી રહેતી. મારી બાબતમાં બીજા કોઈ કરતાં જરાય વધારે દયા ક્યારેય ન બતાવતી. સવારે છ વાગ્યે મને પગ ખેંચીને ઉઠાડતી અને બરાડો પાડતી:

"બહુ ઘોરી લીધું! જઈને બળતણ લઈ આવ! સમોવાર પેટાવ! બટેટાં છોલી દે!"

દેકારાથી સાશા પણ જાગી જતો.

"ઘાંટા શાની પાડે છે?" તે રોતલ રાગડો તાણતો. "માલિકને કહી દેવાનો કે તું સૂવા નથી દેતી!"

ઉજાગરાને લીધે સૂજી ગયેલી આંખો સાશા તરફ ઝબકાવતી તે હાડકાના માળખા જેવી કાયાને ઝડપથી રસોડામાં આમતેમ ફેરવતી તેની ઉપર વરસી પડતી:

"અરે, તું, ભગવાનની ભૂલ! મારો ઓરમાયો દીકરો હોત તો તને પાંસરો દોર કરી નાખ્યો હોત!"

"કાળમુખી ક્યાંની!" સાશા ખીજમાં બોલતો, અને પછી દુકાને જતી વેળા મને કહેતો: "આને કાઢી મુકાવવાનો છું. એનું ધ્યાન ન હોય ત્યારે ખાવાની ચીજોમાં મીઠું નાખી દઈશ. ખાવાનું બધુંય ખારુંખારું લાગશે એટલે પછી કાઢી મૂકશે. મીઠું નહિ તો કેરોસીન નાખીશ. તું જ નાખી દેજે ને!"

"તું કેમ નહિ?"

"બાયલો!" તે ઘુરકાટ કરતો.

રસોઇયણ અમારી નજર સામે મરી ગઈ. એક વાર સમોવાર ઉપાડવા નીચે નમી ત્યારે અચાનક જ જાણે છાતીમાં હડસેલો લાગ્યો હોય એમ ઢગલો થઈ ગઈ, પડખાભેર ઢળી પડી, હાથ લાંબા થઈ ગયા, મોંને એક ખૂણેથી લોહી ટપકવા લાગ્યું.

અમે બન્ને તરત સમજી ગયા કે મરી ગઈ છે, પણ ગભરાટમાં તેની સામે જોતા ઊભા રહ્યા, કંઈ બોલી જ ન શક્યા. આખરે સાશા રસોડામાંથી બહાર દોડી ગયો. મને સમજણ જ ન પડી કે શું કરવું, એટલે હું બારી પાસે જઈને અજવાળામાં ઊભો રહ્યો. માલિક આવ્યો, ફિકરમાં રસોઇયણ પાસે ઉભડક બેસી ગયો, અને તેને હાથ અડાડીને બોલ્યો:

"જીવ નથી, મરી ગઈ છે... શું થઈ ગયું એને?"

દેવચિત્રોના ખૂણામાં ચમત્કારી નિકોલાઈના નાનકડા ચિત્ર તરફ ફરીને તે ક્રૉસની નિશાની કરવા લાગ્યો. પ્રાર્થના પતી ગઈ એટલે તેણે બારણા તરફ નજર નાખીને ઘાંટો પાડયો:

"કાશીરિન, દોડતો જઈને પોલીસને ખબર આપી આવ!"

પોલીસ આવ્યો, આમતેમ આંટા મારતો પૂછતાછ કરતો રહ્યો, પછી સિક્કો ખીસામાં પધરાવીને ચાલ્યો ગયો, અને થોડીક વારમાં ગાડાવાળાને લઈને પાછો આવ્યો. તેઓ રસોઇયણને માથેથી અને પગેથી ઉપાડીને બહાર લઈ ગયા. માલિકની ઘરવાળીએ બારણા વાટેથી નજર નાખી.

"ભોંયપટ ઘસીને સાફ કરી નાખ!" તેણે સાદ પાડીને મને કહ્યું.

"સારું થયું કે સાંજે મરી," માલિક બોલ્યો.

મને સમજાયું નહિ કે એમાં સારું શું હતું. અમે પથારીમાં પડયા ત્યારે સાશા પોતાના સ્વભાવથી ઊલટા ઢીલા દીન અવાજે બોલ્યો: "બત્તી ઓલવતો નહિ!"

"બીક લાગે છે?"

તે ધાબળો માથે ઓઢી લઈને કેટલીય વાર સુધી ચુપચાપ સૂતો રહ્યો. રાત પણ નીરવ હતી, જાણે કેમ કશુંક સાંભળતી હોય, કશાકની વાટ જોતી હોય. મને લાગતું હતું કે પળ વારમાં ઘંટ રણકવા લાગશે અને શહેરના લોકો દહેશતમાં બેબાકળા થઈને આમતેમ દોડાદોડી કરવા લાગશે.

"ચાલ, ભઠ્ઠી ઉપર જઈને ભેગા સૂઈ જઈએ," સાશાએ ધાબળામાંથી નાક બહાર કાઢતાં હળવા અવાજે કહ્યું.

"ભઠ્ઠી ઉપર તો બહુ ગરમી લાગશે."

સાશા વાત ચુપ થઈ ગયો.

"સાવ અચાનક મરી ગઈ, નહિ?" આખરે તેણે ફરી વાત શરૂ કરી. "અને મેં તો ચુડેલ માની લીધેલી. નીંદર નથી આવતી."

"મનેય નથી આવતી."

તે કહેવા લાગ્યો કે મરેલાં માણસો કેવી રીતે કબરમાંથી ઊભાં થઈને મધરાત સુધી શહેરમાં રખડતાં રહે છે, પોતાનાં ઘરબાર અને સગાવહાલાંને ગોતતાં રહે છે.

"મરેલાં માણસોને ખાલી શહેરો યાદ હોય, રસ્તા અને ઘર યાદ ન હોય," તે હોઠ ફફડાવતો બોલ્યો.

નીરવતા વધારે ઊંડી બની ગઈ. અંધારું વધારે ઘેરું બનતું હોય એમ લાગતું હતું. સાશાએ માથું ઊંચું કર્યું.

"ખબર છે, મારી પેટીમાં શું છે? જોયું છે?" તેણે પૂછ્યું.

મને ઘણા વખતથી વિચારો આવતા રહેતા કે તેણે પેટીમાં શું છુપાવી રાખ્યું હશે. પેટીને કાયમ તાળું મારી રાખતો, અને ખોલે ત્યારે વધારે પડતી સાવચેતીનો દેખાવ કરતો. હું ક્યારેક અંદર નજર નાખવાની કોશિશ કરું તો કરડા અવાજે બોલી ઊઠતો:

"રહેવા દે! શું જુએ છે?"

મેં પેટીની વસ્તુઓ જોવાની મરજી બતાવી એટલે તે પથારીમાં બેઠો થઈ ગયો, અને તેના ઉતાવળિયા સ્વભાવ મુજબ તેણે મને તરત પેટી તેના પગ પાસે ગોઠવી દેવાનું ફરમાન કર્યું. તે ચાવી કંઠીમાં બાપ્તિસ્માના ક્રૉસ ભેગી લટકાવી રાખતો. તેણે પહેલાં રસોડાના અંધારામાં નજર નાખી લીધી, પછી મોટપની અદામાં ભવાં સંકોડીને તાળું ખોલ્યું, પેટીનું ઢાંકણું જાણે ગરમ હોય એમ તેની ઉપર ફૂંક મારી, અને આખરે પેટી ખોલીને તેમાંથી નીચે પહેરવાનાં કપડાંની કેટલીક જોડીઓ ખેંચી કાઢી.

પેટીનો અરધો સામાન ડાબલા, ચાનાં પેકેટોના બહુરંગી કાગળોના વીંટા, સાર્ડીન માછલીના ખાલી ડબ્બા, અને બૂટપૉલિશની ખાલી ડબ્બીઓનો હતો.

"આ બધું શું છે?"

"તું જો તો ખરો!"

તે પેટીને બે પગ વચ્ચે દબાવીને અને તેની ઉપર નમીને દબાતે અવાજે ગણગણવા લાગ્યો:

"હે ઈશ્વર, સ્વર્ગના રાજા..."

મેં તો રમકડાં જોવાની ધારણા રાખેલી. મારી પાસે રમકડાં કદી નહોતાં રહ્યાં. હું ઉપર ઉપરથી તો રમકડાંની બાબતમાં જાણે સૂગ હોય એવો દેખાવ કરતો, પણ મારા મનમાં રમકડાંવાળાં છોકરાંની છાની અદેખાઈ કાયમ રહેતી જ. મેં ખ્યાલ બાંધી લીધેલો કે સાશા ડાહ્યોડમરો તો છે જ, રમકડાં જરૂર રાખતો જ હોય. બેશક, શરમમાં છુપાવી રાખતો હોય એમ લાગતું હતું, પણ તેની એવી શરમ મારી સમજણમાં ન ઊતરતી.

તેણે પહેલો ડાબલો ખોલીને ચશ્માંની ફ્રેમ કાઢી. પછી ફ્રેમ નાકે ગોઠવીને મારી સામે કરડી નજરે જોતાં કહ્યું:

"કાચ નીકળી ગયા છે, પણ એથી કંઈ ફરક નથી પડતો. આમ તો ચશ્માં આવાં જ હોય."

"મને પહેરીને જોવા દે."

"તારી આંખો જોડે મેળ ખાય એવાં નથી. ઘેરા રંગની આંખો હોય તો દીપી ઊઠે એવાં છે, પણ તારી આંખો તો હળવા ઊજળા રંગની છે," તેણે માલિક જેવો ખોંખારો કરતાં સાફ સમજાવી દીધું. અવાજ અણધાર્યો એટલો જોરદાર નીકળ્યો કે તેણે ગભરાઈને રસોડામાં ચોમેર નજર ફેરવી.

બૂટપૉલિશની એક ડબ્બીમાં બટનનો સંઘરો હતો.

"બધાંય શેરીમાંથી ભેગાં કરેલાં છે," તેણે શેખી મારી, "જાતે જ ગોતીને. સાડત્રીસ છે."

ત્રીજા ડાબલામાં થોડીક પિત્તળની મોટી પિનો હતી. એ પણ શેરીઓમાં રખડતાં ભેગી કરેલી હતી. એ ઉપરાંત મોચીની ખીલીઓ, પગરખાંનાં બકલ, ઘસાઈ ગયેલાં અને તૂટેલાં, અને થોડાંક સાબૂત, બારણે જડવાનો પિત્તળનો હાથો, હાથી દાંતનો તૂટેલો હાથી, સ્ત્રીઓનો કાંસકો, સ્વપ્નોના ખુલાસાની અને ભવિષ્ય જોવાની ચોપડી, અને એવી જ બીજી ઘણી વસ્તુઓ હતી.

ચીંથરાં અને હાડકાંની તલાશના દિવસોમાં હું એક મહિનામાં એવો કચરો દસ ગણો ભેગો કરી શક્યો હોત. સાશાનો ખજાનો જોઈને મને નિરાશા, અકળામણ, અને દયાની લાગણી થઈ. તે દરેક વસ્તુને ધ્યાનથી

જોતો હતો, હેતથી આંગળીઓમાં ફેરવતો હતો, જાડા હોઠને દોઢડાહ્યાની જેમ ગોળ સંકોડી દેતો હતો, અને તેની પહોળી આંખોમાં મમતાની આતુરતા છલકાવા લાગતી. પણ ચશ્માંની ફ્રેમથી તેનો બાલિશ ચહેરો હાસ્યાસ્પદ બની જતો હતો.

"આવી બધી ચીજોનું શું કરવાનો?"

તેણે ફ્રેમ વાટેથી ઝડપી નજર મારી તરફ નાખતાં તેની ઉંમરના સ્વાભાવિક બેસૂરા અવાજે પૂછ્યું:

"તારે જોઈએ છે કંઈ આમાંથી?"

"ના, મહેરબાની."

તેણે પળ વાર કંઈ જવાબ ન આપ્યો. મેં ના પાડી, અને તેના ખજાનાની બાબતમાં દિલચસ્પી ન બતાવી, એટલે તેને માઠું લાગ્યું હોય એમ સાફ દેખાતું હતું.

"ટુવાલ લઈ લે, આપણે બધું ઘસીને ચળકાવી દઈએ," તેણે કહ્યું. "બહુ ધૂળ જામી ગઈ છે."

ખજાનાને ચળકાવીને પાછો ગોઠવી દેવામાં આવ્યો એટલે તેણે પથારીમાં લંબાવી દેતાં પડખું ફરીને મોં દીવાલ તરફ કરી લીધું. વરસાદ પડવા લાગ્યો હતો, છતમાંથી પાણી ટપકતું હતું અને પવન બારી ઉપર ઝપાટા મારતો હતો.

"બગીચામાં જમીન સુકાઈ જાય પછી તને એવું કંઈક બતાવીશ કે તારો શ્વાસ અદ્ધર ચડી જશે," તે પડખું ફેરવ્યા વગર જ બોલ્યો.

મેં કશો જવાબ આપ્યા વગર પથારીમાં લંબાવ્યું.

થોડીક સેકંડો વીતી હશે એટલામાં તે એકાએક ઊભો થઈ ગયો અને દીવાલે બાચકા ભરતો એવા અવાજે બોલ્યો કે તેની દહેશતની બાબતમાં જરાય શંકા રહે જ નહિ:

"બીક લાગે છે... હે ભગવાન! એવી બીક લાગે છે કે બસ! ભગવાન, દયા કર!"

મનેય એવી સખત ધાક લાગી ગઈ હતી કે મારા હાથપગ ટાઢા થઈ ગયા. મને લાગતું હતું કે જાણે રસોઇયણ બારી પાસે ઊભી છે, તેની પીઠ મારી તરફ છે અને કપાળ બારીના કાચ ઉપર દબાયેલું છે. કૂકડાઓની લડાઈ જોવા તે હંમેશાં એવી રીતે ઊભી રહેતી.

સાશા ડૂસકાં ભરતો હતો અને દીવાલે બાચકા ભરતો હતો. તેના પગ તરફડાટ કરતા આંચકા મારતા હતા. હું જાણે અંગારાના ઢગલા ઉપર ચાલતો હોઉં એવી રીતે રસોડાના ભોંયપટને પાર કરીને તેની પાસે ગયો.

અમે બેઉ રડતા રહ્યા, અને રડીરડીને થાકી ગયા ત્યારે અમને ઊંઘ આવી ગઈ.

કેટલાક દિવસ પછી તહેવારની છુટ્ટી આવી. અમારે ખાલી બપોર સુધી જ કામ કરવાનું હતું અને ઘેર જઈને જમવાનું હતું. માલિક અને તેની ઘરવાળી નીંદર ખેંચી લેવા ગયાં ત્યારે સાશાએ ભેદી અવાજે મને કહ્યું:

"ચાલ!"

મેં અટકળ કરી લીધી કે મારો શ્વાસ અદ્ધર ચડી જાય એવું કંઈક બતાવવા લઈ જાય છે.

અમે બગીચામાં ગયા. બે ઘરો વચ્ચે જમીનની સાંકડી પટ્ટીમાં લાઇમનાં દસપંદર જરીપુરાણાં ઝાડ હતાં. મોટાં મોટાં થડ ઉપર રૂ જેવી પોચી લીલી ફૂગના પોપડા બાઝી ગયેલા હતા. પાંદડાં વગરની નિર્જીવ કાળી ડાળીઓ આકાશને ભેદી રહી હતી. ડાળીઓમાં પંખીનો એકેય માળો ક્યાંય દેખાતો નહોતો. ઝાડવાં કબરોના યાદગીરીના મોટા જબ્બર પથ્થરોની જેમ ખડાં હતાં. ત્યાં લાઇમનાં એ ઝાડ સિવાય બીજું કશું જ ઊગેલું નહોતું, એકેય છોડવો નહિ કે ઘાસનું એકેય તરણું નહિ. પગદંડીઓની જમીન લોખંડ જેવી સખત અને કાળી હતી. વીતેલા વરસનાં સડતાં પાંદડાં નીચેથી જ્યાં જ્યાં જમીન નજરે પડતી હતી ત્યાં બધે ડકવીડ વનસ્પતિવાળા બાંધિયાર પાણીની જેમ ફૂગ જામી ગયેલી હતી.

સાશા મકાનનો ખૂણો વળીને શેરીની વાડ તરફ ચાલતો ચાલતો એક ઝાડ નીચે ઊભો રહી ગયો અને નજીકના ઘરની બારી ઉપર નજર તાકીને થોડીક વાર જોતો રહ્યો. પછી નીચે બેસી જઈને હાથ વડે પાંદડાં હઠાવવા લાગ્યો. નીચેથી ગાંઠાળું મૂળિયું નજરે પડયું. મૂળિયા નજીક જમીનમાં બે ઈંટો ઊંડી ખોડેલી હતી. તેણે ઈંટો ખેંચી કાઢી. નીચે પતરું હતું, અને પતરા નીચે ચોરસ પાટિયું હતું. આખરે મને મૂળિયા નીચે મોટો ખાડો નજરે પડયો.

સાશાએ દીવાસળી સળગાવી અને મીણબત્તીનો ટુકડો પેટાવીને ખાડામાં ધરી રાખતાં કહ્યું:

"આમ જો, પણ બીતો નહિ!"

તેને પોતાને બીક લાગતી હોય એમ સાફ વરતાતું હતું. મીણબત્તી તેના હાથમાં કંપતી હતી, તેનો ચહેરો ફિક્કો પડી ગયો હતો, ઢીલા પડી ગયેલા હોઠ વરવા લાગતા હતા, અને આંખો ભીની થઈ ગયેલી હતી. તેણે છૂટો હાથ જાણે છાની રીતે પીઠ પાછળ સરકાવી દીધો. મને તેની બીકનો ચેપ લાગ્યો. મેં પૂરી સાવચેતીથી મૂળિયા નીચે નજર નાખી. મૂળિયું ટચૂકડી ગુફાના મહેરાબ જેવું હતું. સાશાએ ત્રણ પાતળી મીણબત્તીઓ સળગાવી એટલે ખાડામાં નીલું અજવાળું ફેલાઈ ગયું. ગુફા સાધારણ બાલટી જેટલી ઊંડી હતી પણ પહોળી વધારે હતી, અને તેની દીવાલોમાં રંગીન કાચના તેમ જ ચિનાઈ માટીની ચીજોના કકડા જડેલા હતા. વચમાં જરાક ઊંચાણ હતું. તેની ઉપર નાનકડી કફનપેટી ગોઠવેલી હતી. કફનપેટી ઉપર ટિનની પાતળી પતરી જડેલી હતી અને અરધા ભાગ ઉપર જરીબુટ્ટીવાળા રેશમ જેવા કાપડનો કકડો લપેટેલો હતો. એવા આવરણ નીચેથી ચકલીના રાખોડી નહોર અને ચાંચ બહાર નીકળી આવેલાં હતાં. માથા તરફ ટચૂકડી ઘોડીમાં બાપ્તિસ્માનો નાનકડો પિત્તળનો ક્રૉસ જડેલો હતો અને ત્રણ બાજુએ ચોકલેટના પૅકેટના સોનેરી અને રૂપેરી કાગળ વડે શણગારેલી દીવીઓમાં નાની પાતળી મીણબત્તીઓ બળતી હતી.

જ્યોતિઓના પાતળા છેડા ગુફાના મુખ તરફ લંબાતા હતા. અંદરના ભાગમાં ચળકારાઓનો અને બહુરંગી પ્રકાશના પુંજોનો આછો ઝગમગાટ ફેલાયેલો હતો. જમીનની, પીગળતા મીણની, અને કોહવાટની ગંધનાં મોજાં મારા ચહેરા જોડે અફળાતાં હતાં, જાણે વિચ્છિન્ન મેઘધનુષના સપ્તરંગ મારી આંખોમાં કૂદકા મારતા હતા અને ફરકતા હતા. એ બધું મારા મનમાં પીડાકારી કૌતુકની લાગણી પેદા કરતું હતું અને મારી બીકને ખતમ કરી નાખતું હતું.

"સરસ છે ને?" સાશાએ પૂછ્યું.

"પણ શું કામ છે આનું?"

"સમાધિ છે," તેણે ખુલાસો કર્યો. "લાગે છે ને સમાધિ?"

"ખબર નહિ."

"શબ ચકલીનું છે. બનવાજોગ છે કે કંઈક ચમત્કાર થાય અને શબ પવિત્ર અવશેષમાં પલટાઈ જાય, જેવી રીતે મરી ગઈ એને કારણે, નિર્દોષનું બલિદાન."

"મરેલી હાલતમાં મળેલી તને?"

"ના, ઊડતી ઊડતી છાપરીમાં આવેલી, મેં ટોપીમાં પકડીને ગૂંગળાવી નાખી."

"કેમ?"

"બસ, એમ જ."

તેણે ફરી મારી આંખોમાં નજર પરોવીને સવાલ કર્યો:

"સરસ છે ને?"

"ના!"

તેણે ગુફા ઉપર નમીને ઝડપથી પાટિયું, પતરું, ઈંટો, વગેરે ગોઠવી દીધું, પછી ઊભો રહીને ગોઠણ ઉપરથી ધૂળ ખંખેરી નાખતો કરડા અવાજે બોલ્યો:

"કેમ ગમી નહિ સમાધિ?"

"ચકલીનો અફસોસ થાય છે એટલે."

જાણે એકાએક આંધળો થઈ ગયો હોય એમ તેણે મારી ઉપર શૂન્ય નજર ઠેરવી રાખી, અને પછી મને છાતીમાં ફટકારીને બરાડો પાડયો:

"મૂરખ! તને અદેખાઈ આવે છે એટલે જ તું આવી વાત કરે છે. તને લાગતું હશે કે કાનાતનાયા માર્ગે તારા બગીચામાં તેં આનાથી વધારે સરસ કંઈક બનાવેલું, એમ જ ને?"

"બેશક વધારે સરસ બનાવેલું," મેં સજાવેલા મઝારના ખૂણાને યાદ કરતાં હું જરાય અચકાયા વગર જવાબમાં બોલ્યો.

સાશાએ કોટ કાઢી નાખ્યો, બાંયો વાળીને ઉપર ચડાવી દીધી, અને હથેળીઓમાં થૂંકીને મને પડકાર કર્યો:

"ભલે, તો આવી જા, લડીને ફેંસલો કરી નાખીએ!"

મને લડવાનું મન જરાય નહોતું. હું આખા મામલાથી એકદમ કંટાળી ગયો હતો. ભાઈનો ખીજભર્યો ચહેરો મારાથી જોવાતો નહોતો.

તે મારી તરફ ધસી આવ્યો અને મને છાતીમાં માથું મારીને પાડી નાખતો લાગલો જ મારી ઉપર સવાર થઈ ગયો.

"જીવવું છે કે મરવું છે?"

હું તેનાથી વધારે જોરાવર હતો અને હવે ખરેખરો ઉશ્કેરાઈ ગયો હતો. એક મિનિટમાં તે ભોંયભેગો થઈ ગયો અને ઊંધે મોઢે પડયો પડયો છીંકોટા કરવા લાગ્યો. તેના હાથ માથા ઉપર જડાઈ ગયા હતા. હું એકદમ ફિકરમાં પડી ગયો. મેં તેને ઉઠાડવાની કોશિશ કરી પણ તેણે લડીને મને આઘો ધકેલી

દીધો. એથી હું વધારે ફિકરમાં ગરકાવ થઈ ગયો. મને સમજણ ન પડી કે શું કરવું, એટલે હું આઘેરો સરકી ગયો.

"હવે બરાબરનો સપડાવી દીધો છે તને! અહીંથી જરાય હલવાનો નથી, માલિક આવીને જોશે, હું ફરિયાદ કરીશ, તને પાણીચું પકડાવી દેશે."

તે ગાળો ભાંડતો રહ્યો અને ધમકીઓ આપતો રહ્યો. એથી મને ભયંકર ગુસ્સો ચડયો. મેં ગુફા પાસે ધસી જઈને ઈંટો ખેંચી કાઢી, કફનપેટી અને ચકલીને વાડ ઉપરથી દૂર ફગાવી દીધી, અને ગુફામાં બધું ખેદાનમેદાન કરી નાખીને પગ નીચે ચંપી નાખ્યું.

"લે! લેતો જા! જોઈ લે!"

મારો ઝનૂની ગુસ્સો જોઈને સાશાએ કરેલું વર્તન અજબ હતું. તે બેઠો થઈ ગયો, તેનું મોં જરાક ખૂલી ગયું અને ભવાં સંકોડાઈ ગયાં. તે કંઈ જ બોલ્યા વગર મને જોતો રહ્યો. મેં ગુફાનો મામલો પતાવી નાખ્યો એટલે તે ઉતાવળ કર્યા વગર ઊભો થયો અને ધૂળ ખંખેરી નાખીને કોટ ખભા ઉપર ફંગોળી દેતો શાંત ધમકી ભરેલા અવાજે બોલ્યો:

"હવે જોઈ લેજે કે શું થાય છે! જરાક વાટ જો! તારે માટે જ આ બધું કરેલું, જંતરમંતરની તરકીબ! એમ વાત છે!"

તેના શબ્દોએ જાણે મને પછાડી નાખ્યો હોય એમ હું ઢગલો થઈ ગયો, મારી ભીતર જાણે ટાઢના સુસવાટા થવા લાગ્યા. તે મારી તરફ જરાક સરખી નજર પણ નાખ્યા વગર ચાલતો થઈ ગયો. તેની સ્વસ્થતાથી હું જાણે સાવ કચડાઈ ગયો.

મેં મનમાં ફેંસલો કરી નાખ્યો કે બીજે દિવસે એ શહેરને, માલિકને, સાશા અને તેના જંતરમંતરને, ત્યાંની બેમતલબ અને કંટાળાભરી જિંદગીને, છોડીને ભાગી જવું.

નવી રસોઇયણ સવારે મને જગાડતાં જ બોલી ઊઠી:

"ભગવાન રે ભગવાન! તારા મોઢાને આ શું થઈ ગયું?"

"જંતરમંતરની અસર લાગે છે," હું વિચારમાં પડી ગયો અને મને જાણે સત્યાનાશના ભણકારા સંભળાયા.

પણ રસોઇયણ એટલા જોરથી ખડખડાટ હસી પડી કે હું પણ મોં મલકાવ્યા વગર ન રહી શક્યો. મેં આયનામાં નજર નાખી તો મારા મોં ઉપર મેશના જાડા લપેડા નજરે પડયા.

"સાશાનું કરતૂત, ખરું ને?" મેં પૂછ્યું.

"કદાચ મારું જ કરતૂત હોય,' રસોઇયણ હસતી હસતી બોલી.

હું બૂટને પૉલિશ કરવા લાગ્યો. મેં એક બૂટમાં હાથ નાખ્યો કે તરત મને ટાંકણી વાગી.

"તો આનું નામ જંતરમંતર!" મને થયું.

બધા બૂટમાં સોય અને ટાંકણીઓ ભરાવેલી હતી, અને એવી ચાલાકીથી કે મને ચોક્કસ વાગે જ. મેં લોટામાં ટાઢું પાણી ભરીને બેહદ સંતોષની લાગણીથી જાદુગરના માથા ઉપર રેડી દીધું. તે હજી ઊંઘતો હતો અથવા ઊંઘવાનો ઢોંગ કરતો હતો.

પણ મારું મન હજી દુખી હતું. ચકલીવાળી કફનપેટીનું ચિત્ર હું મારી નજર સામેથી કોઈ રીતે હઠાવી નહોતો શકતો—સંકોડાઈ ગયેલા રાખોડી નહોર, ટચૂકડી મીણ જેવી દયાજનક ચાંચ, ચોતરફ બહુરંગી પ્રકાશના ચળકારા, ભેગા મળીને મેઘધનુષમાં પલટાઈ જવાની ચળકારાઓની નકામી મથામણ. જાણે કફનપેટી મોટી થઈ ગઈ, પંખીના ધબકતા સજીવ નહોર વધતા વધતા ઊંચે ને ઊંચે લંબાતા ગયા.

મેં એ દિવસે સાંજે ભાગી જવાનો મનસૂબો ઘડેલો, પણ હું જમવાના વખતથી જરાક પહેલાં કેરોસીનના સ્ટવ ઉપર સૂપ ગરમ કરતી વેળા સ્વપ્નોમાં ડૂબી ગયો અને સૂપ ઊભરાઈ ગયો. સ્ટવ બંધ કરી દેવાની ઉતાવળમાં વાસણ મારા હાથમાં ઊંધું થઈ ગયું. મારા હાથ દાઝી ગયા એટલે મને હૉસ્પિટલ ભેગો કરી દેવો પડયો.

એ હૉસ્પિટલનો ઓથાર મને બરાબર યાદ છે. રાખોડી અને સફેદ રંગની કફન જેવી ચાદરોમાં લપેટાયેલી આકૃતિઓ પીળી કંપતી શૂન્યતામાં ટોળે વળતી રહેતી, ઊંહકારા અને ગણગણાટ કરતી રહેતી. કાખલાઘોડીને ટેકે ચાલતો અને મૂછો જેવાં ભવાંવાળો એક ઊંચો આદમી વારંવાર લાંબી કાળી દાઢી હલાવતો ગરજતો હતો:

"તમારી બાબતમાં નામદાર બિશપને ફરિયાદ કરવાનો છું!"

ખાટલા મને કફનપેટીઓ યાદ કરાવી દેતા હતા. નાકની અણી છત તરફ તાકીને પડેલાં બીમાર માણસો મરેલી ચકલીઓ જેવાં લાગતાં હતાં. પીળી દીવાલો ડોલતી હતી, છત સઢની જેમ ફૂલીને ફડફડાટ કરતી હતી, ભોંયપટ ઉછાળા મારીને ખાટલાઓને આઘાપાછા ફંગોળતો હતો. બધું જાણે ભેંકાર, ઉમેદની પાર ધકેલાઈ ગયેલું, લાગતું હતું. બારીઓની બહાર

ઝાડવાંમાં ચોંટેલી પાંદડાં વગરની ડાળીઓ જાણે કોઈ અદૃશ્ય હાથ વડે હલાવવામાં આવતા ચાબખાઓ જેવી દેખાતી હતી.

એક પાતળું રાતા માથાવાળું મડદું બારણામાં નાચતું નાચતું અને ટૂંકા નાનકડા હાથ વડે કફનને કાયા ફરતે લપેટતું ચીસો પાડતું હતું:

"પાગલો નહિ જોઈએ!"

કાખલાઘોડીવાળા આદમીએ ઘાંટો પાડયો:

"નામદાર બિશપ!"

નાનીમા અને નાના તેમ જ બીજાં સૌ હંમેશાં કહેતાં કે હૉસ્પિટલમાં લોકો ભૂખ્યા મરી જતા હોય છે. એટલે મેં ખાતરીથી માની લાધું કે હવે જિંદગીના ગણતર દિવસો જ બાકી રહ્યા છે. એક ચશ્માંવાળી બાઈ આવી. તેણે પણ કફન લપેટેલું હતું. મારે ખાટલે માથા તરફને છેડે બાંધેલી કાળી પાટીમાં તેણે ખડી વડે કંઈક લખ્યું. ખડી ભાંગી ગઈ અને કકડા મારા વાળમાં પડયા.

"નામ શું છે તારું?" તેણે પૂછ્યું.

"કંઈ નહિ."

"નામ નથી?"

"ના."

"લવારો મૂકી દે, નહિતર મેથીપાક ખાવો પડશે."

મને તો ખાતરી હતી જ કે મેથીપાક ખાવો પડશે, એટલે મેં જવાબ આપવાનો ઇનકાર કરી દીધો. તે શબ્દો બિલાડીની જેમ થૂંકતી અને બિલાડીની જેમ જ ચોરપગલે ચાલતી ગાયબ થઈ ગઈ.

બે બત્તીઓ સળગાવવામાં આવી. તેમનાં પીળાં કૂંડાળાં જાણે ખોવાયેલી આંખોની જેમ છતમાંથી લટકતાં હતાં, ફરી મળવાની કોશિશોમાં ડોલતાં હતાં અને આંજી નાખતા ચળકારા મારતાં હતાં.

"ચાલ, પત્તાં રમીએ," કોઈ ખૂણામાં બોલ્યું.

"એક જ હાથ વડે કેવી રીતે રમાય?"

"એમ વાત છે, તારો હાથ કાપી નાખ્યો છે, ખરું ને?"

મેં તરત ધારી લીધું કે આદમી પત્તાં રમતો એટલે તેનો હાથ કાપી નાખવામાં આવ્યો હશે. હું ફિકરમાં પડી ગયો કે મને મારી નાખતાં પહેલાં શું શું કરશે.

મારા હાથમાં બળતરા થતી હતી અને જાણે કોઈ હાડકાં ખોતરતું હોય

એવી પીડા થતી હતી. હું બીક અને પીડાને લીધે રડવા લાગ્યો. મેં અવાજ દબાવવાની કોશિશ કરી અને આંસુ કોઈ જોઈ ન જાય એટલા ખાતર આંખો મીચી દીધી. તેમ છતાં, આંસુ છલકાઈને લમણે અને ત્યાંથી કાનમાં ટપકવા લાગ્યાં.

રાત પડી. બધાં માણસો ખાટલામાં લપાઈને રાખોડી ધાબળામાં ભરાઈ ગયાં. દરેક પળે નીરવતા વધારે ઊંડી બનતી હતી, તેમાં માત્ર એક અવાજથી ભંગ પડતો હતો. ખૂણામાં કોઈ બબડતું હતું:

"કંઈ વળશે નહિ, પેલો જનાવર છે, અને પેલીયે જનાવર છે..."

મને તાલાવેલી થઈ કે નાનીમાને કાગળ લખું, હજી વખત છે ત્યાં સુધીમાં મને ઉગારી લેવાની આજીજી કરું, પણ હું દાઝેલા હાથને લીધે લખી શકું એમ નહોતો, વળી કાગળ પણ નહોતો. મેં ભાગી જવાનો ફેંસલો કર્યો.

રાત જાણે કાયમને માટે જામી ગઈ હોય એમ લાગતું હતું. હું હળવેથી ખાટલા ઉપરથી પગ એક તરફ નીચે સરકાવીને બેવડા બારણા પાસે ગયો. અરધું બારણું ખુલ્લું હતું. મેં પરસાળમાં નજર નાખી તો ધુમાડાના ગોટામાં લપેટાયેલું વેરવિખેર ધોળા વાળવાળું માથું દેખાયું. આદમીની ઊંડી ઊતરી ગયેલી કાળી આંખો મારી ઉપર મંડાયેલી હતી. મને છુપાઈ જવાનો વખત જ ન મળ્યો.

"કોણ ભટકવા નીકળ્યું છે? અહીં આવ!"

અવાજ હળવો હતો, અને તેમાં ધમકી જેવું કંઈ બિલકુલ નહોતું. મેં નજીક જઈને જોયું તો ટૂંકી દાઢીવાળો ગોળ ચહેરો નજરે પડ્યો. આદમીના માથાના ધોળા વાળ લાંબા હતા અને રૂપેરી તેજોમંડળની જેમ બધી દિશાઓમાં ફેલાયેલા હતા. તેના પટ્ટામાં ચાવીઓનો ઝૂડો લટકતો હતો. તેના માથાના અને દાઢીના વાળ જરાક વધારે લાંબા હોત તો દેખાવ સેંટ પિટર જેવો થઈ ગયો હોત.

"દાઝી ગયેલા હાથવાળો, ખરું ને? આમ રાતે ભટકે છે કેમ? કયો નિયમ ગોતી કાઢ્યો ભટકવાનો?"

તેણે ફૂંક મારીને ધુમાડાનો ગોટો મારા ચહેરા તરફ વહેતો મૂકી દેતાં હૂંફાળો હાથ મારી કાયા ફરતે વીંટાળી દઈને મને નજીક ખેંચી લીધો.

"બીક લાગે છે?"

"હા."

"અહીંયાં સૌને પહેલાં બીક લાગે છે. પણ બીવા જેવું કંઈ છે જ નહિ. ખાસ તો મારી બાબતમાં. હું કોઈને જરાય ઈજા થવા દઉં જ નહિ. ધુમાડા કાઢવા છે? ઠીક... જરૂરેય નથી. હજી બહુ નાનો છો... બે વરસ થોભી જા. માબાપ ક્યાં છે? મા કે બાપ કોઈ નથી? વાંધો નહિ, જરૂરેય નથી, માબાપ વગર ગાડું તો ચાલશે જ, એટલે એમ કે ડરે નહિ તો. સમજ્યો?"

સહેલાઈથી સમજાય એવા સાદા અને સમભાવી બોલ બોલનારું કોઈ મને લાંબા વખતથી નહોતું મળ્યું. એ બોલ સાંભળતાં મારા દિલમાં કહી ન શકાય એવી ખુશી થઈ.

તેણે મને પાછો મારે ખાટલે પહોંચાડી દીધો.

"થોડી વાર બેસો મારી જોડે," મેં આજીજી કરી.

"ભલે," તેણે વાત માની લીધી.

"તમે કોણ છો?"

"સિપાહી, ખરેખરો સિપાહી, કોકેસસમાં લડેલો. ખરી લડાઈઓ. સ્વાભાવિક વાત છે, સિપાહીની જિંદગી લડાઈઓ લડવા માટે જ હોય છે. હંગેરિયનો ને ચેર્કેસિયનો ને પોલૅંડીઓની સામે લડેલો. ભાઈ મારા, જંગ એટલે ભારે મોટી ખરાબી!"

મેં પળ વાર આંખો મીચી દીધી, અને પાછી ઉઘાડી ત્યારે સિપાહીની જગ્યાએ નાનીમા બેઠી હતી. સિપાહી નાનીમાની બાજુમાં ઊભો હતો અને કહેતો હતો:

"તો બધાંય મરી ગયાં, એમ ને?"

ઝળકતો સૂરજ કોઈ ખેલતા કૂદતા બાળકની જેમ આવ્યો અને ગયો, આખા ઓરડાને ઝડપથી ઉજાળી દઈને ગાયબ થઈ ગયો, અને અજવાળાનો નવો જુવાળ ફેલાવતો વળી આવ્યો.

નાનીમા મારી ઉપર નમીને બોલી:

"શું થયું, પારેવડા? તને પાંગળો બનાવી દીધો કે શું? મેં તો પેલાને કીધું, રાતા માથાવાળા જરખને..."

"હમણાં બધું નિયમસર કરાવી દઉં છું," સિપાહી જતો જતો બોલ્યો.

"આ સિપાહી અમારે ત્યાંનો બાલાખ્નાનો નીકળ્યો..." નાનીમા ગાલ ઉપરથી આંસુ લૂછતી બોલી.

મને હજી લાગતું હતું કે સ્વપ્નમાં છું એટલે હું કંઈ બોલ્યો નહિ.

ડૉક્ટરે આવીને મારા બેઉ હાથે પાટા બાંધ્યા. પછી નાનીમા અને હું ગાડીમાં શહેરને પાર કરતાં રવાના થઈ ગયાં. તે વાત કરવા લાગી:

"આપણા નાનાનું ભેજું સાવ ચસકી ગયું છે. સૂગ ચડે એટલો મખ્ખીચૂસ થઈ ગયો છે. એના નવા ભાઈબંધ જીનગર ખ્લીસ્તે થોડા વખત પહેલાં એની પ્રાર્થનાની ચોપડીમાંથી સો રૂબલની નોટ ચોરી લીધી. અરે, એવો ઝઘડો થયેલો કે બસ!"

સૂરજ તેજના ચળકારા મારતો હતો અને આસમાનમાં વાદળો ધોળાં પંખીઓની જેમ સરકતાં હતાં. જામી ગયેલી વોલ્ગા નદી ઉપર પાટિયાં ગોઠવીને બનાવેલા રસ્તે થઈને અમે સામે પાર જવા લાગ્યાં. બરફ કડકડાટી કરતો હતો અને ઊંચો થતો હતો. પાટિયાં નીચેથી પાણીનો પાતળો પટ સરસરાટી કરતો વહેતો હતો. બજારના દેવળના ઊપસેલા રાતા ઘુમ્મટોની ટોચે સોનેરી ક્રૉસ ઝબકારા મારતા હતા. અમને પહોળા ચહેરાવાળી એક બાઈ મળી. તેના હાથમાં રેશમ જેવાં બરુનો પૂળો હતો. વસંત નજીક આવી રહી હતી! થોડા વખતમાં ઈસ્ટરનો તહેવાર!

મારું દિલ જાણે પંખીની જેમ ગીત ગાતું હતું.

"નાનીમા, તમે મને બહુ વહાલાં લાગો છો!"

તેને જરાય અચરજ ન થયું.

"કુદરતી વાત છે, તું તો મારો સગો છો ને, એટલે," તેણે સાદો જવાબ આપ્યો. "હું તો અજાણ્યાં માણસોનેય વહાલી લાગું છું, એમાં શેખી જેવું કાંઈ નથી કહેતી, પાવન કુંવારી માતાની દયા છે!"

પછી તેણે મોં મલકાવીને ઉમેર્યું:

"થોડા વખતમાં એને હરખાવાનો દિવસ આવશે, દીકરો સજીવન થઈ જવાનો... પણ મારી દીકરી, વાર્યૂશા..."

એટલું બોલીને તે ચુપ થઈ ગઈ...

૨

નાના મને આંગણમાં જ મળી ગયા, ગોઠણભેર બેસીને કુહાડી વડે વાંસડાને અણી કાઢી રહ્યા હતા. તેમણે કુહાડી જાણે મારા માથા ઉપર ફેંકવાની હોય એમ ઉગામી, પણ પછી માથેથી ટોપી ઉતારી લેતાં તુચ્છકારમાં કહ્યું:

"પધારો, મોટા માંધાતા, નામદાર! નોકરી કરી લીધી? ભલે, હવે જીવો મરજી પડે એમ, હા વળી! અરે, તમે..."

"ખબર છે, ખબર છે," નાનીમા હાથ હલાવતી વચમાં બોલી. અમે ઓરડામાં ગયાં અને તેણે સમોવાર પેટાવતાં મને કહ્યું:

"તારા નાનાની માલમતા એકદમ સાફ થઈ ગઈ છે. એણે બધાય પૈસા ધરમના દીકરા નિકોલાઈને આપેલા, કોક ધંધામાં નાખવા, અને રસીદ લીધી નહોતી. ખબર નથી કે શું થયું, પણ નતીજામાં માલમતા બધી સાવ સાફ થઈ ગઈ. બધાય પૈસા ગયા. અને કારણમાં એટલું જ કે ગરીબોને મદદ નહોતા કરતા, કમનસીબ માણસોની દયા નહોતા ખાતા. એટલે ભગવાનને થયું કે કાશીરિન કુટુંબની ઉપર આટલી બધી મહેરબાની શું કામ કરવી? એને એમ થયું, અને એણે બધુંય લઈ લીધું..."

આગળ બોલતાં પહેલાં તેણે આસપાસ નજર ફેરવી લીધી.

"હું ભગવાનના દિલને થોડુંક પીગળાવવાની કોશિશ કરતી રહી છું, બુઢ્ઢાની ઉપર બહુ સખતી ન કરે એટલા ખાતર. હું મારી કમાણીમાંથી રાતની વેળાએ ગુપચુપ થોડીઘણી દયા આમતેમ વેરતી રહી છું. તને મન હોય તો આપણે આજે રાતે જઈએ. મારી કને થોડાક પૈસા છે."

નાના ધુરકાટ કરતા અંદર આવ્યા.

"ખાવાની વેતરણમાં લાગો છો, હેં?" તેમણે સવાલ કર્યો.

"તમારું કાંઈ નથી ખાતાં," નાનીમાએ જવાબ દીધો. "મન થાતું હોય તો બેસી જાઓ અમારી ભેગાં, પૂરતું છે, તમનેય મળે એટલું."

નાના ટેબલ પાસે બેસી ગયા અને ઢીલા અવાજે બોલ્યા:

"રેડ..."

ઓરડામાં કશું બદલાયું નહોતું. બધું અગાઉની જેમ જ હતું, સિવાય કે માનો ખૂણો ખાલી હતો, ગમગીની પેદા કરતો હતો, અને નાનાની પથારી નજીક દીવાલમાં ઊંચે કાગળનો ટુકડો ટાંગેલો હતો. તેમાં મોટા મોટા અક્ષરે લખેલું હતું:

"ઈસુ! મારા આત્માને ઉગારી લે! મારા મોતની ઘડી સુધી મારી જિંદગીમાં કાયમ તારી દયા ઊતરતી રહે!"

"આ કોણે લખ્યું છે?"

નાનાએ કંઈ જવાબ ન આપ્યો. થોડીક વાર ચુપકી પછી નાનીમા હોઠ મલકાવતી બોલી:

"એ કાગળની કિંમત એકસો રૂબલ છે!"

"એમાં તને કાંઈ લાગતું વળગતું નથી," નાનાએ બરાડો પાડ્યો. "બધુંય અજાણ્યાં માણસોને આપી દેવાનો!"

"હવે તો આપવાનું કાંઈ બાકી રહ્યું જ નથી, અને હતું ત્યારે આપતાં તમારું કાળજું કપાઈ જતું," નાનીમાં શાંત અવાજે બોલી.

"ચુપ મર!" નાના રાડ પાડીને બોલ્યા.

બધું જેમ હોવું જોઈએ એમ જ હતું, અગાઉના જેવું જ હતું.

ખૂણામાં ટ્રંક ઉપર કપડાંના ટોપલામાં કોલ્યા જાગી ગયો. તેની આંખોનો નીલો ઝળકાટ ભારે પોપચાં નીચે માંડ નજરે પડતો હતો. તે વધારે ધોળો અને ઢીલો પડી ગયો હતો, ઘડી બે ઘડીના મહેમાન જેવો લાગતો હતો. તેણે મને ઓળખ્યા વગર જ પડખું ફરીને આંખો મીચી દીધી.

બહાર શેરીમાં મને ગમની ખબરો મળી. વ્યાખીર મરી ગયો હતો, એને તહેવારના દિવસોમાં "મરકી ઉપાડી ગઈ હતી". ખાબી શહેરમાં રહેવા ગયો હતો, અને યાઝના પગ નકામા થઈ ગયા હતા એટલે તે ઘરમાંથી બહાર જ નહોતો નીકળી શકતો. કાળી આંખોવાળો કોસ્ત્રોમા મને એ બધી વાત કરતી વેળા ખીજમાં બોલ્યો:

"છોકરા એકદમ ઝડપથી મરતા જાય છે!"

"એકલો વ્યાખીર જ મરી ગયો છે!"

"બધું સરખું જ. માણસ એક વાર રસ્તે નીકળતો બંધ થઈ જાય એટલે એને મરી ગયેલો જ સમજવો. દોસ્તી થાય, માણસને ઓળખવા લાગીએ, એટલામાં તો એને કામ કરવા મોકલી દે અથવા મોત આંબી જાય. તારા ફળિયામાં ચેસ્નોકોવના ઘરમાં કોઈ નવાં માણસો રહેવા આવ્યાં છે—નામ યેવસેયેન્કો છે. એમાં નુશ્કા નામે એક છોકરો છે, ઠીક છે, જોઈએ એવો ચબરાક છે, અને બે છોકરીઓ છે, એક તો નાની છે, બીજી લંગડી, કાખલાઘોડીને ટેકે ચાલે છે. દેખાવડી છે."

તે થોડીક વાર વિચારમાં ડૂબી ગયો અને પછી બોલ્યો:

"હું ને ચૂર્કા એના પ્રેમમાં પડી ગયા છીએ, અમારે લગાતાર ઝઘડા થતા રહે છે."

"છોકરી જોડે?"

"શું કામ? આપસમાં. છોકરી જોડે તો ભાગ્યે જ!"

મને બેશક ખબર હતી કે મોટા છોકરા અને પુખ્ત ઉંમરના આદમીઓ

પણ પ્રેમમાં પડતા હોય છે, અને પ્રેમનો આછોપાંખો મર્મ પણ હું સમજતો હતો. વાત સાંભળીને હું બેચેન બની ગયો અને મને કોસ્રોમાની બાબતમાં અફસોસ થયો. તેનું કઢંગું કાઠું અને ધગધગતી કાળી આંખો જોઈને હું કોણ જાણે કેમ પણ અકળામણમાં અટવાઈ ગયો.

લંગડી છોકરી મને એ જ દિવસે સાંજે જોવા મળી. તે ફળિયામાં પગથિયાં ઊતરતી હતી ત્યારે અચાનક કાખલાઘોડી પડી ગઈ એટલે બિચારી નબળી અને દૂબળી છોકરી મીણ જેવી આંગળીઓ વડે કઠેરાને વળગીને લાચાર દશામાં ઊભી રહી ગઈ. મેં કાખલાઘોડી ઉપાડી લેવાની કોશિશ કરી પણ મારા પાટાવાળા હાથ વડે કંઈ વળતું નહોતું. હું કેટલીય વાર સુધી અકળાતો અકળાતો મથામણ કરતો રહ્યો અને તે ઊંચે ઊભી ઊભી હળવું હળવું હસતી રહી.

"તારા હાથને શું થયું છે?" તેણે પૂછ્યું.

"દાઝી ગયા છે."

"અને હું લંગડી છું. અમારા ફળિયામાં જ રહે છે? હૉસ્પિટલમાં બહુ રહેવું પડેલું? મારે તો બહુ રહેવું પડેલું."

પછી તેણે નિસાસો નાખતાં ઉમેર્યું: "એટલું બધું કે ભયંકર!"

તેણે ઘોડાની નાળની નીલી ભાતવાળો જૂનો સફેદ પોશાક પહેર્યો હતો પણ તેમાં તાજી જ કાંજી ચડાવેલી હતી. સરખી રીતે ઓળેલા વાળનો ટૂંકો જાડો ચોટલો છાતીએ લટકતો હતો. મોટી અને ગંભીર આંખોના સ્વસ્થ ઊંડાણમાં જાણે નીલી જ્યોતિઓ ઝળકતી હતી અને કરમાયેલા મ્લાન ચહેરાને ઉજાળતી હતી. તેનો મલકાટ ખુશનુમા હતો. પણ છોકરી મને ગમી નહિ. તેની આખી માંદલી કાયા જાણે કહેતી હતી:

"મહેરબાની કરીને મને અડતા નહિ!"

મારા સાથીઓ એના પ્રેમમાં કેવી રીતે પડી ગયા હશે?

"હું ઘણા વખતથી માંદી છું," તેણે મને તરત વાત કરી. તેના અવાજમાં જાણે ગર્વની છાંટ હતી. "અમારી પાડોશણે કામણટૂમણ કરેલું. એને મા જોડે ઝઘડો થયેલો એટલે વેર લેવા મારી ઉપર કામણટૂમણ કરેલું. હૉસ્પિટલમાં બહુ ત્રાસ થયેલો ને?"

"હા."

તેની હાજરીમાં મને અકળામણ લાગતી હતી એટલે હું ઘરમાં ચાલ્યો ગયો.

લગભગ મધરાતે નાનીમાએ મને જગાડયો.

"ચાલ, જવું છે ને? બીજા લોકોનું ભલું કરીશ તો તારા હાથ વહેલા રુઝાઈ જશે..."

જાણે કેમ હું આંધળો હોઉં એમ તે મને હાથ પકડીને અંધારામાં દોરતી લઈ ગઈ. ઘોર અંધારી રાત હતી, હવામાં ભેજ હતો, પવન કોઈ ઝડપથી વહેતી નદીની જેમ ફૂંકાતો હતો, અને ઠંડી રેતીમાં અમારા પગ ઠરીને ઠીકરા જેવા થઈ જતા હતા. નાનીમા સાવચેતીથી નગરવાસીઓની અંધારઘેરી બારીઓ પાસે જતી, ત્રણ વાર ક્રૉસની નિશાની કરતી, પાંચ કોપેકનો સિક્કો અને ત્રણ બિસ્કિટ બારીની પાળ ઉપર મૂકી દેતી, ફરી વાર ક્રૉસની નિશાની કરતી, અને તારા વગરના આકાશમાં મીટ માંડીને હોઠ ફફડાવતી બોલતી:

"સ્વર્ગની પાવન રાણી! તમામ લોકોને મદદ કરજે કારણ કે તારી નજરમાં તો અમે સૌ પાપીઓ જ છીએ, પાવન માતા!"

અમે ઘરથી જેમ જેમ વધારે દૂર જતાં ગયાં તેમ તેમ ચોમેર વધારે અંધારઘેરું અને સૂમસામ બનતું ગયું. ચંદ્રમા અને તારલિયાઓ જાણે સદાને માટે રાતના આકાશના ઊંડાણોમાં સમાઈ ગયા હોય એમ લાગતું હતું. કોઈ કૂતરું ક્યાંકથી દોડતું નીકળીને અમારી સામે ઘુરકાટ કરવા લાગ્યું. તેની આંખો અંધારામાં ચળકારા મારતી હતી. હું બીકનો માર્યો નાનીમાની કાયાને વળગી ગયો.

"બીવા જેવું કાંઈ નથી, ખાલી કૂતરું છે," તે બોલી. "શયતાનની વેળા તો વીતી ગઈ, જો ને, કૂકડા ક્યારના કૂકડેકૂક કરે છે!"

તે કૂતરાને નજીક બોલાવીને તેને માથે હાથ ફેરવતી બોલી:

"સાંભળ, કૂતરાભાઈ, મારા દોહિતરને આમ ડરાવવાનો નથી, સમજ્યો ને!"

કૂતરું નજીક આવીને કાયાને મારા પગ જોડે ઘસવા લાગ્યું. અમે ત્રણેય આગળ ચાલ્યાં. નાનીમાએ બાર વાર કોઈ ને કોઈ બારી પાસે થંભી જઈને "ગુપચુપ દયા"નું દાન પાળ ઉપર મૂકી દીધું. આસમાનમાં ઉજાસ પથરાવા લાગ્યો. રાખોડી ઘરો અંધકારમાં ઝૂમી રહ્યાં હતાં. નાપોલનાયા દેવળનો ઘંટમિનાર સાકર જેવો સફેદ લાગતો હતો. કબ્રસ્તાનની ઈંટની વંડી જાણે ડાંખળાંની અર્ધપારદર્શક વાડ જેવી લાગતી હતી.

"તારી બુઢ્ઢી નાની થાકી ગઈ," નાનીમા બોલી. "ઘેર જવાનો

વખત થઈ ગયો. ઘરવાળીઓ સવારે ઊઠીને જોશે કે પાવન કુંવારી માતા બચ્ચાં સારું કંઈક થોડુંક મૂકી ગઈ છે. ઘરમાં સાંસા પડતા હોય ત્યારે થોડુંક પણ બહુ ખપનું લાગે. અરેરે, આલ્યોશા, લોકોની જિંદગી બહુ કંગાળ છે, અને એમની ફિકર કરનારું કોઈ નથી!

"ઈશ્વરને અમીર યાદ રાખતો નથી,
ફિકર પરલોકની કદી કરતો નથી;
નથી એના દિલમાં દયા ગરીબોની,
એને લગની એક, સોનું ભેગું કરવાની;
પણ નરકમાં બાળશે એને, આગ સોનાની!

અંજામ એવો જ આવવાનો! આ દુનિયામાં આપણે એકબીજાની ફિકર કરવાની હોય, અને સૌની ફિકર ભગવાન કરે! મારા દિલમાં હરખ છે, તું પાછો મારી કને આવી ગયો એનો..."

મારા દિલમાં પણ એક જાતનો સ્વસ્થ આનંદ હતો, કદી ન ભૂલવું જોઈએ એવા કશાકની જોડે સંપર્ક થયો હોવાની અસ્પષ્ટ લાગણી મારા મનમાં છલકાતી હતી. લોંકડી જેવા ડાચાવાળું અને મમતાભરી રાંકડી આંખોવાળું કથ્થાઈ કૂતરું મારી બાજુમાં દડબડ દોડતું અમારી સાથે આવી રહ્યું હતું.

"આપણી ભેગું રહેશે?"

"કેમ નહિ, એને રહેવું હોય તો? લે, એને એક બિસ્કિટ આપું, બે બચ્ચાં છે. આ બાંકડા ઉપર બેસીએ થોડીક વાર, કોણ જાણે કેમ પણ મને થાક ચડી ગયો છે."

અમે કોઈ દરવાજા નજીક બાંકડા ઉપર બેસી ગયાં. કૂતરું અમારા પગ નજીક બેસીને સૂકા બિસ્કિટને બટકાં ભરવા લાગ્યું.

"અહીંયાં એક યહૂદણ રહે છે. એને એકથી બીજું નાનું એવાં નવ બચ્ચાં છે. હું એને ક્યારેક પૂછું કે 'અરે, મોસ્યેવ્ના, તું જીવે છે કેવી રીતે?' એ જવાબમાં બોલે કે 'મારા ભગવાનની ઓથે જીવું છું, બીજી કેવી રીતે જીવવાની હતી?'"

હું નાનીમાની હૂંફાળી કાયા જોડે લપાઈને બેઠો બેઠો થોડી વારમાં નીંદરમાં પડી ગયો.

જિંદગી વળી પાછી વેગીલી અને છલકાતી વહેવા લાગી. દરેક નવા દિવસનો પહોળો પ્રવાહ મારા મનમાં એવા અનુભવો ભરી દેતો હતો કે જે મને મોહપાશમાં જકડી લેતા હતા, ફિકરની જાળમાં સપડાવી દેતા હતા, પીડાનો ભોગ બનાવી દેતા હતા, અથવા વિચારમાં ગરકાવ કરી દેતા હતા.

થોડા વખતમાં મારા મનમાં પણ લંગડી છોકરીને બને એટલી વધારે વાર મળવાની, તેની સાથે વાતચીત કરવાની, અથવા દરવાજા નજીક બાંકડા ઉપર તેની જોડે ચુપચાપ બેસી રહેવાની તાલાવેલી ઉછાળા મારવા લાગી. તેના સંગાથમાં ચુપચાપ બેસી રહેવામાં પણ ખુશી થતી. તે પંખી જેવી નિર્દોષ હતી અને દોન કિનારે વસતા કઝ્ઝાકોની જિંદગીનું અદ્ભુત વર્ણન કરતી. એ વિસ્તારમાં દૂધમલાઈના કારખાનામાં મિકેનિકનું કામ કરતા કાકા જોડે તે લાંબો વખત રહી હતી. ફિટરનું કામ કરતા તેના બાપુ પછી નીઝની-નોવગોરદ રહેવા ગયા હતા.

“મારા બીજા એક કાકા ખુદ ઝારની નોકરી કરે છે!”

તહેવારને દિવસે સાંજે શેરીના બધા લોકો બહાર નીકળી પડતા. જુવાનિયાં કબ્રસ્તાનમાં જઈને ફરતાં ફરતાં ગીતો ગાતાં, પુરુષો પીઠાંમાં પહોંચી જતા, માત્ર બૈરાં અને બચ્ચાં શેરીમાં રહેતાં. બાઈઓ દરવાજા નજીક બાંકડા ઉપર અથવા રેતીમાં બેસતી અને કજિયાકંકાસમાં તથા વાતોના તડાકાઓમાં ભારે ધમાલ મચાવી દેતી. બાળકો દડો લઈને ખેલકૂદ કરતાં, નવ ખીંટીઓની અને “શાર્માઝલો”ની રમતો રમતાં, માવડીઓ બધી તેમની ઉસ્તાદીનાં વખાણ કરતી અથવા અનાડીપણા બદલ ઠપકો આપતી. કાન ફોડી નાખે એવો શોરબકોર થતો રહેતો અને ભૂલી ન શકાય એવી ખુશાલી ફેલાઈ જતી. મોટેરાંની હાજરી અને સતત ધ્યાનને લીધે બાળકો ઉત્તેજિત થઈ જતાં, એટલે અમે સૌ ભારે જોમથી રમતાં અને સખત હરીફાઈ કરતાં, પણ કોસ્રોમા, ચૂર્કા, અને હું રમતમાં ભલે ગમે એટલા મશગૂલ થઈ જઈએ તો પણ લંગડી છોકરી પાસે દોડી જવાનો અને અમારી તાકાતની શેખી મારવાનો વખત ચોક્કસ કાઢી લેતા.

“લુદ્મીલા, જોયું ને, મેં બધી ખીંટીઓ એકીસાથે કેવી રીતે પાડી નાખી?”

તે જવાબમાં મીઠો મલકાટ કરતી અને માથું હલાવતી.

અગાઉ અમારી ટોળી રમતમાં હંમેશાં એક જ તરફ રહેવાની કોશિશ કરતી, પણ હવે મને જોવા મળતું કે ચૂર્કા અને કોસ્રોમા સામસામી બાજુએ

ઝઘડતા, તાકાત અને ઉસ્તાદીની બાબતમાં દરેક રીતે એકબીજાનો મુકાબલો કરતા, એટલી હદે કે મારામારી થઈ જતી અને આંસુ વહેવા લાગતાં. એક વાર તો તેમની વચ્ચે એવી ભયંકર લડાઈ થઈ ગઈ કે મોટેરાંને વચમાં પડીને લડાઈ બંધ કરાવવી પડી. બેઉ જાણે કૂતરા હોય એમ સૌ તેમની ઉપર પાણી રેડવા લાગ્યાં.

લુદ્‌મીલા બાંકડા ઉપર બેઠી હતી. તે સાજો પગ જમીન ઉપર પછાડવા લાગી. લડતા છોકરા જ્યારે જ્યારે તેની તરફ ધસી જાય ત્યારે તે કાખલાઘોડી વડે તેમને પાછા હડસેલી દેતી અને દહેશતમાં રાડ પાડી ઊઠતી:

"બંધ કરો હવે!"

તેને જાણે વાઈ આવી હોય એમ ચહેરો ધોળોફક થઈ ગયો, આંખોમાં ઝાંય વળી ગઈ, અને ડોળા ફાટી ગયા.

વળી એક વાર કોસ્રોમા નવ ખીંટીની રમતમાં ચૂર્કાને હાથે શરમજનક હાર ખાધા પછી કરિયાણાની દુકાનમાં જવના ડબ્બા પાછળ ભરાઈ ગયો અને ચુપચાપ રડવા લાગ્યો. ખોફનાક દેખાવ હતો. તેણે દાંત એટલા જોરથી ભીડી દીધા કે જડબાંની માંસપેશીઓ ફૂલી ગઈ, પાતળો ચહેરો જાણે પથ્થરમાં પલટાઈ ગયો, અને કાળી ગમગીન આંખોમાંથી મોટાં મોટાં આંસુ દડવા લાગ્યાં. મેં તેને દિલાસો દેવાની કોશિશ કરી ત્યારે તે આંસુ ખાળી દઈને જોરથી શ્વાસ કાઢતાં બોલ્યો:

"જોજે તો ખરો, એના માથામાં ઈંટ ઝીંકી દેવાનો છું!"

ચૂર્કાએ મગરૂરીની અદા ધારણ કરી લીધી. તે શાદીની ઉંમરના જુવાનિયાઓની જેમ ટોપી એક તરફ ત્રાંસી નમાવીને અને હાથ ખીસાંમાં ભરાવીને રસ્તાની વચ્ચોવચ ચાલતો.

"હું હવે સિગરેટ પીવાનું શરૂ કરી દેવાનો છું," તે દાંત વચ્ચેથી થૂંકવાની નવી કાબેલિયતનું પ્રદર્શન કરતો બોલ્યો. "બે વાર કોશિશ કરી ચૂક્યો છું, પણ હજી ઊલટી આવી જાય છે."

એવું બધું જોઈને મને બહુ નાખુશી થતી. સાફ વરતાતું હતું કે હું મારા સાથીઓ ગુમાવી રહ્યો હતો અને તેના કારણમાં લુદ્‌મિલા હતી.

એક વાર હું હાડકાં અને ચીંથરાં અને બીજો કચરો ભેગો કરીને લાવેલો અને ફળિયામાં બેઠો બેઠો તેમાંથી જુદીજુદી ચીજો નોખી પાડતો હતો.

એટલામાં લુદ્‌મીલા આવીને કાખલાઘોડીને ટેકે ઝૂલતી અને જમણો હાથ હલાવતી ઊભી રહી.

"કેમ છે?" તેણે માથું ત્રણ વાર જરાક હલાવતાં પૂછ્યું. "કોસ્રોમા તારી ભેગો ગયેલો?"

"હા."

"અને ચૂર્કા?"

"ચૂર્કા હવે અમારી ભેગો નથી રમતો. અને એમાં વાંક તારો જ છે. બેઉ જણા તારા પ્રેમમાં પડી ગયા છે એટલે માંહોમાંહે લડતા જ રહે છે."

તેનું મોં શરમમાં રાતુંરાતું થઈ ગયું પણ તે ટોળમાં બોલી:

"હોય નહિ! પણ મારો વાંક કેવી રીતે?"

"તેં તારા પ્રેમમાં શું કામ પડવા દીધા?"

"મેં નહોતું કીધું કે મારા પ્રેમમાં પડે," તેણે ખીજે ભરાઈને વળતો જવાબ દીધો. પછી તે જતાં જતાં બોલી: "લવારો છે લવારો! હું તો મોટી છું બેયથી! મને ચૌદ વરસ થઈ ગયાં. કોઈ પોતાનાથી મોટી છોકરીના પ્રેમમાં ન પડે..."

"બહુ ખબર છે તને!" હું તેને માઠું લગાડવાની કોશિશ કરતો બોલી ઊઠયો. "પેલી દુકાનદાર બાઈને જ જોઈ લે ને, ખ્લીસ્તની બહેનને! ખરેખર બહુ મોટી છે, પણ કેવા નચાવે છે છોકરાઓને!"

એકદમ મારી સામે ફરી જતી લુદ્‌મીલાની કાખલાઘોડી રેતીમાં ઊંડે ધૂસી ગઈ.

"તને પોતાને જ કંઈ ખબર નથી," તે ઝડપથી બોલી. તેના અવાજમાં જાણે આંસુ છલકાતાં હતાં, તેની રૂપકડી આંખો ઝબકારા મારતી હતી.

"દુકાનદાર બાઈ તો બદચાલ ઓરત છે, પણ હું... તને લાગે છે કે હું એવી છું? હજી નાની છું. મને અડવાનું ને ચૂંટિયા ભરવાનું ને એવું બધું ન થાય. તેં 'કામચાદાલ્કા'નો બીજો ભાગ વાંચ્યો હોત તો તું આવી વાતો ન કરત!"

તે રોતી અને બબડતી ચાલી ગઈ. મને તેની બાબતમાં અફસોસ થયો. મારી જાણ બહારનું કશુંક સત્ય તેના શબ્દોમાં હોય એમ મને લાગ્યું. મારા સાથીઓએ એને ચૂંટિયા શું કામ ભરવા જોઈએ? અને દાવો તો એવો કરે છે કે એના પ્રેમમાં પડેલા છે!

મારી અવળચંડાઈનો પસ્તાવો જાહેર કરવાના આશયે હું બીજે દિવસે

ચાન કોપેકની "જવની સાકર" લઈને લુદ્‌મીલા પાસે ગયો. મને ખબર હતી કે તેને ભાવતી ચીજ છે.

"લે, ખાવી છે?"

"જતો રહે! મારે તારી જોડે દોસ્તી રાખવી જ નથી!" તે ખીજનો દેખાવ કરતી બોલી. પણ થોડી વારમાં મીઠાઈ લઈ લેતાં તેણે કહ્યું: "કાગળમાં લપેટીને લાવવી હતી ને! જો તો ખરો, તારા હાથ કેવા ગંદા છે!"

"હાથ તો ધોયેલા, પણ સાફ થતા જ નથી!"

તેણે પોતાના ગરમ અને સૂકા બેઉ હાથમાં મારો એક હાથ લઈને તપાસી જોયો.

"તેં હાથને સાવ બરબાદ કરી નાખ્યા છે."

"તારી આંગળીઓ પણ બધે વીંધાઈ ગયેલી છે."

"સોયથી. સીવું છું ઘણુંબધું."

થોડી વાર પછી તેણે આસપાસ નજર ફેરવી લઈને કહ્યું:

"ચાલ, ક્યાંક છુપાઈને બેસીએ અને 'કામચાદાલ્કા' વાંચીએ. થાય છે મન?"

અમે સરખું ઠેકાણું ગોતવાની બહુ મહેનત કરી પણ માફક જગ્યા ક્યાંય મળી નહિ. આખરે હમામમાં દાખલ થવાની ઓરડીમાં બેસવાનું નક્કી કર્યું. ત્યાં અંધારું હતું, પણ બારી પાસે બેસાય એવું હતું. બારીની બહાર છાપરી અને કતલખાના વચ્ચેની જગ્યામાં ઠેરઠેર કચરો પડ્યો હતો. લોકો ત્યાં જવલ્લે જ આવતા.

તે બારી પાસે બેસી ગઈ. તેણે દુખતો પગ બાંકડા ઉપર લંબાવી દીધો અને સાજો પગ નીચે ભોંયપટ ઉપર ટેકવી દીધો. વળી ગયેલા મેલા ખૂણાઓવાળી ચોપડી મોંની સામે રાખીને તે સમજાય નહિ એવા નીરસ શબ્દોનું વહેણ વહેવડાવવા લાગી. પણ મારા દિલમાં લાગણી છલકાઈ ગઈ. હું નીચે ભોંયપટ ઉપર બેઠો હતો. તેની ગંભીર આંખોની બે નીલી જ્યોતિઓ ચોપડીનાં પાનાં ઉપર ફરતી મને સાફ દેખાતી હતી. ક્યારેક આંખોમાં આંસુની ઝાંય વળી જતી, અને અગમ્ય જોડાણોવાળા અજાણ્યા શબ્દો બોલતી વેળા તેનો અવાજ કંપી ઊઠતો હતો. હું એવા શબ્દોને ઝડપી લઈને કવિતામાં ગોઠવી દેવાની કોશિશ કરતો, તરેહવાર રીતે મચડી નાખતો. એથી મારે માટે સમજવાનું મુશ્કેલ બની જતું કે ચોપડી શાને વિશે છે.

કૂતરું મારા ગોઠણ પાસે બેઠું હતું. મેં તેનું નામ 'પવન' પાડયું હતું કારણ કે તે ઝીંથરિયું અને લાંબું હતું, ઝડપથી દોડતું હતું, અને જાણે શરદનો પવન ધુમાડિયામાં ફૂંકાતો હોય એવા રાગડા તાણતું હતું.

"સાંભળે છે ને?" છોકરીએ પૂછ્યું.

મેં માથું હલાવીને હા પાડી. હું શબ્દોના ગૂંચવાડાથી લગાતાર વધારે ઉત્તેજિત થતો ગયો, તેમને ગીતના શબ્દોની જેમ, ઝળકતા અને ઝગમગતા તારલિયા જેવા ગીતબોલની જેમ, ફરી ગોઠવવા લગાતાર વધારે આતુર બનતો ગયો.

અંધારું થઈ ગયું ત્યારે લુદ્‌મીલાએ ચોપડીવાળો ફિક્કો હાથ નીચે ઢાળી દેતાં પૂછ્યું:

"સરસ છે ને? મેં તો કીધેલું કે મઝા પડશે."

ત્યાર પછી અમે વારંવાર હમામની પરસાળમાં જઈને બેસતાં. થોડા વખતમાં લુદ્‌મીલાએ 'કામચાદાલ્કા' ચોપડી પડતી મૂકી દીધી એટલે મને ભારે ખુશી થઈ. અંત વગરની એ કહાણીની કોઈ પણ બાબત હું તેને જણાવી ન શક્યો હોત. કહાણી અંત વગરની હતી કેમ કે બીજા ભાગ પછી (અમે બીજા ભાગથી વાંચવાનું શરૂ કરેલું) ત્રીજો ભાગ આવવાનો હતો, અને લુદ્‌મીલાએ મને કહેલું કે ત્યાર બાદ ચોથો ભાગ પણ હતો.

વરસાદ આવતો હોય એવા દિવસોએ અમને ત્યાં બેસવામાં ખાસ ખુશી થતી, એટલે એમ કે એવા દિવસો શનિવાર સિવાયના હોય તો, કેમ કે શનિવારે હમામમાં ભઠ્ઠીઓ ચાલુ કરવામાં આવતી.

વરસાદ આવે ત્યારે ધોધમાર આવતો. બધા લોકો પોતપોતાનાં ઘરોમાં ભરાઈને રહેતા. અમારી અંધારઘેરી બારી પાસેથી કોઈ નીકળે એવી શક્યતા જ ન રહેતી. લુદ્‌મીલાને ભયંકર બીક લાગતી કે ક્યારેક કોઈ અમને ત્યાં બેઠેલાં પકડી પાડશે.

"તને ખબર છે કે શું ધારી લે?" તે હળવા અવાજે પૂછતી.

મને ખબર હતી, એટલે મને પણ પકડાઈ જવાની બીક લાગતી. અમે કલાકો સુધી ત્યાં બેસી રહેતાં. ક્યારેક હું તેને નાનીમાની વાર્તાઓ કહી સંભળાવતો અને લુદ્‌મીલા મને મેદવેદીત્સા નદીના કિનારાના વિસ્તારના કઝ્ઝાકોની વાતો કહેતી.

"ત્યાં બહુ મઝાનું છે!" તે નિસાસો નાખતી. "અહીંના જેવું જરાય નહિ. આ જગ્યા તો ખાલી ભિખારાંને જ લાયક છે!"

મેં ફેંસલો કરી નાખ્યો કે મોટો થઈને મેદવેદીત્સા નદી જોવા ચોક્કસ જવાનો જ.

થોડા વખત પછી અમારે હમામની પરસાળમાં જઈને બેસવાની જરૂર જ ન રહી. લુદ્મીલાની માને ફરતા વેપારીને ત્યાં કામ મળી ગયું. તેની બહેન નિશાળે જતી અને ભાઈ લાદીના કારખાનામાં કામ કરતો. હવામાન સારું ન હોય ત્યારે હું જઈને તેને રાંધવામાં અને ઘરની તેમ જ રસોડાની સાફસૂફીમાં મદદ કરતો.

"આપણે તો ધણીધણિયાણીની જેમ રહીએ છીએ," તે હસીને કહેતી, "ખાલી એટલો જ ફરક છે કે આપણે ભેગાં સૂતાં નથી. પણ આપણી જિંદગી ધણીધણિયાણીથી બહેતર છે, ધણીઓ ક્યારેય ઘરવાળીઓને મદદ ન કરે."

મારી પાસે પૈસા હોય તો હું કશીક મીઠી ચીજ ખરીદીને લઈ જતો અને અમે ચા પીતાં, પણ પછી ટાઢું પાણી રેડીને સમોવારને ઠંડો કરી નાખતાં, અમે સમોવાર પેટાવ્યો હશે એવો ખ્યાલ લુદ્મીલાની ખિજાળ માને આવે જ નહિ એટલા ખાતર. ક્યારેક નાનીમા આવીને અમારી જોડે બેસતી અને ભરત કે ગૂંથણ કરતી અમને અજબગજબની વાર્તાઓ કરી સંભળાવતી. નાના શહેરમાં જાય ત્યારે લુદ્મીલા અમારે ત્યાં આવતી. એવું બને ત્યારે અમે કોઈ જાતની ફિકરચિંતા વગર ખાવાપીવાની મોજ માણતાં.

નાનીમા કહેતી:

"આપણી જિંદગીમાં ખરેખરી રોનક છે, ખરું ને? પૈસા મારા હોય તો મને ખાવાપીવાની મનાઈ કોનાથી થાય?"

નાનીમા અમને દોસ્તીમાં પ્રોત્સાહન આપતી.

"છોકરો અને છોકરી દોસ્તી બાંધે એ તો સારી વાત ગણાય. ખાલી એટલું ધ્યાન રાખવાનું કે કશીક મૂર્ખાઈ ન કરી બેસાય..."

અને તે અમને એકદમ સાદી રીતે સમજાવતી કે "કશીક મૂર્ખાઈ કરી બેસવું" એટલે શું. તેનાં વેણમાં સુંદરતા ઝળકતી અને પ્રેરણા છલકાતી. હું તરત સમજી જતો કે ફૂલો જ્યાં સુધી પૂરાં ખીલે નહિ ત્યાં સુધી તેમને અડાય નહિ, નહિતર તેમાંથી સુગંધ ન છૂટે અને ફળ પેદા ન થાય.

"કશીક મૂર્ખાઈ કરી બેસવાનો" ઇરાદો મારા મનમાં બિલકુલ નહોતો, પણ જે બાબત વિશે સામાન્ય રીતે ચુપકી સેવવામાં આવતી હોય છે તેની વાત કરવામાં લુદ્મીલાને અને મને એવી કશી નડતર નહોતી પડતી.

સ્વાભાવિક છે કે જરૂરત ઊભી થાય ત્યારે જ અમે એવી વાત કરતાં કેમ કે નરનારીના સંબંધો કઢંગા રૂપમાં અમારી નજર સામે વારંવાર અને પરાણે પરાણે પેશ કરવામાં આવતાં, અને એથી અમારાં મન ખૂબ દુભાતાં.

લુદ્‌મીલાનો બાપ લગભગ ચાળીસ વરસનો દેખાવડો આદમી હતો. તેને વાંકડિયા વાળ હતા. તે મૂછો રાખતો, અને ભરાવદાર ભવાંને વિચિત્ર ફતેહની અદાથી ઊંચાં કરતો. અજબ ઓછાબોલો માણસ હતો, મેં તેને ક્યારેય બોલતો સાંભળ્યો હોય એવું યાદ નથી. બચ્ચાંને વહાલ કરતો હોય ત્યારે જાણે બહેરો ને મૂંગો હોય એવા અવાજો કરતો, ઘરવાળીને મારે ત્યારેય એક શબ્દ પણ બોલ્યા વગર મારતો.

તહેવારને દિવસે સાંજે તે નીલું ખમીસ, મખમલનું પહોળું પાટલૂન, અને ચળકતા બૂટ પહેરતો, ખભે પટ્ટામાં મોટું એકોર્ડિયન વાજું લટકાવીને દરવાજા તરફ જતો, અને ત્યાં સલામી આપતા સિપાહીની જેમ ઊભો રહેતો. ફરવા નીકળેલા લોકો થોડી વારમાં અમારા દરવાજા પાસેથી પસાર થવા લાગતા. તરુણીઓ અને સ્ત્રીઓ હંસલાંની જેમ નીકળતી, યેવસેયેન્કોની તરફ પાંપણો નીચેથી શરમાળ નજરો નાખતી, અથવા તરસતી આંખો વડે ખુલ્લંખુલ્લા તાકી રહેતી, અને યેવસેયેન્કો નીચેલો હોઠ લંબાવીને ઊભો ઊભો ઘેરી આંખો વડે જાણે વરણી કરતો હોય એવી રીતે તેમને નીરખતો રહેતો. આંખોના એવા અબોલ સંદેશામાં, મરદની સામે ઓરતોના એવા ધીમા પ્રારબ્ધવશ સરઘસમાં, જાણે ઘૃણાસ્પદ શ્વાનવૃત્તિ જેવું કશુંક હતું. જાણે એવું લાગતું કે તે હુકમનો સંકેત કરે કે તરત તેમાંથી કોઈ પણ ઓરત રસ્તાની ગંદી રેતીમાં ઢળી પડીને તેની સામે કાયા લંબાવી દેશે.

"ડોળે" ભરખે છે બધીને, બકરો ક્યાંનો! નફ્ફટ ડુક્કર!" લુદ્‌મીલાની મા બબડી. તે ઘસાઈ ગયેલી સાવરણી જેવી દેખાતી હતી— ઊંચી અને પાતળી, નૂર હરાઈ ગયેલો લાંબો ચહેરો, અને ટાઇફસના હુમલામાં કાપી નાખેલા ટૂંકા વાળ.

લુદ્‌મીલા તેની પાસે બેઠી બેઠી તરેહવાર સવાલો પૂછીને તેનું ધ્યાન બીજે ક્યાંક વાળી દેવાની નકામી કોશિશો કરતી હતી.

"મને એકલી મરવા દે, અભાગી અપંગ છોકરી," મા બેચેનીમાં આંખોને ઉઘાડબંધ કરતી બબડી. તેની મોંગોલી આંખો અજબ ફિક્કી અને તકાઈ ગયેલી હતી, જાણે કેમ કશુંક નજરે પડયું હોય અને નજરને પકડી રાખતું હોય.

"ગુસ્સો ન કર, મા, એથી કંઈ વળવાનું નથી," લુદ્‌મીલા બોલી. "જા તો ખરી, સાદડીવાળાની રાંડીરાંડ કેવો ઠઠેરો કરીને નીકળી છે!"

"તમે ત્રણ મારે માથે લદાયેલાં ન હોત તો હુંયે સરસ મઝાનાં કપડાંલતાં પહેરતી હોત. તમે તો મને ભરખી ગયાં છો, કોળિયો કરી ગયાં છો," માએ જાડી કદાવર વિધવાને તાકી રહેતાં આંસુભરી કઠોરતાથી જવાબ દીધો.

વિધવા નાનકડા મકાન જેવી લાગતી હતી, તેની છાતી ઝરૂખાની જેમ બહાર ધસી આવેલી હતી. કસીને બાંધેલા લીલા રૂમાલથી ટુંકાઈ ગયેલો તેનો રાતો ચહેરો જોઈને મને આથમતા સૂરજના અજવાળામાં ચળકતી છાપરાની ઊભી બારી યાદ આવી જતી હતી.

યેવસેયેન્કો એકોર્ડિયનને છાતીએ ફંગોળીને વગાડવા લાગ્યો. વાજિંત્રમાંથી રણકતા સૂર નીકળ્યા અને અજાણી જગ્યાઓમાં મોહિની ફેલાવવા લાગ્યા. આખી શેરીમાંથી છોકરાં દોડતાં આવીને સંગીતકારના પગ પાસે ઢળી પડયાં અને અધ્ધર શ્વાસે હર્ષોન્માદમાં ગરક થઈ ગયાં.

"જોઈ લેજે ને, કોક ને કોક તારાં હાડકાં બરાબર ખોખરાં કરી નાખશે," યેવસેયેન્કોની બીબીએ ચેતવણી આપી.

તેણે જવાબ દેવાની તકલીફ લીધા વગર ત્રાંસી નજર નાખી.

સાદડીવાળાની વિધવા ખ્લીસ્તની દુકાન સામે બાંકડા ઉપર બેસી ગઈ અને બેઠી બેઠી સાંભળવા લાગી. તેનું માથું એક તરફ નમી ગયું હતું અને છાતી ઊંચીનીચી થઈ રહી હતી.

કબ્રસ્તાનની પાર ખેતરમાં આથમતા સૂરજનો ગુલાબી પ્રકાશ પથરાયેલો હતો. ઝળકતા રંગીન પોશાકમાં લપેટાયેલી હાડચામની કાયાઓ જાણે નદીમાં તરતી હોય એમ રસ્તે તરતી હતી, અને બાળકો તેમની ફરતે ઘૂમરીઓ ખાઈ રહ્યાં હતાં. હવા માદક હતી. તડકામાં ગરમ થઈ ગયેલી રેતીમાંથી મિશ્રિત ગંધો ફેલાઈ રહી હતી, તેમાં કતલખાનાંની ચરબીની મીઠાશ પડતી ગંધ — લોહીની ગંધ — જોરદાર હતી, અને જીનગરોના વાડાઓમાંથી ખાલોની ખારી આકરી ગંધ આવતી હતી. સ્ત્રીઓનો બકબકાટ, પુરુષોના નશીલા બરાડા, બાળકોની તીણી ચીસો, એકોર્ડિયનનું ધીમું ગુંજન, એ બધું ભેગું મળીને જાણે ધબકતા લયતાન ફળદ્રૂપ ધરતીના પ્રબળ નિઃશ્વાસ બની રહેતું હતું. બધું જાણે બરછટ અને નગ્ન હતું, એ અંધારઘેરા, એકદમ નિર્લજ્જ પાશવી, અને પોતાની મગરૂરીભરી તાકાતનો નિકાલ ઝનૂનથી ખોળતા જીવન અંગે બહોળી પ્રબળ નિષ્ઠા પેદા કરતું હતું.

સામાન્ય કોલાહલમાંથી ક્યારેક ખાસ ચોટદાર બોલ દિલમાં ઘા લગાવીને યાદમાં અંકિત થઈ જતા:

"સૌએ એકીવેળાએ એકલા પર તૂટી પડાય નહિ, વારાફરતી મેથીપાક દેવાનો..."

"આપણી દયા આપણે પોતે જ ન ખાઈએ તો બીજું કોણ ખાવાનું હતું?.."

"લાગે છે કે ઈશ્વરે ઓરતને ખાલી ટોળ ખાતર જ ઘડી છે!.."

રાતની વેળા નજીક આવી રહી હતી. હવામાં વધારે તાજગી આવી ગઈ, કોલાહલ ઓસરી ગયો, લાકડાનાં ઘરો પડછાયાઓને ઓઢીને જાણે ફૂલી ગયાં અને મોટાં થઈ ગયાં. સૂઈ જવાનો વખત થતાં કેટલાંક બાળકોને ઢસડીને ઘરભેગાં કરી દેવામાં આવ્યાં. બાકીનાં બાળકો ત્યાં ને ત્યાં જ વાડના પડછાયામાં અથવા માના પગ પાસે કે ખોળામાં જંપી ગયાં. રાતે મોટાં બાળકો વધારે શાંત અને વધારે કહ્યાગરાં બની ગયાં. કોઈનું ધ્યાન નહોતું ત્યારે યેવસેયેન્કો જાણે ઓગળી ગયો હોય એમ ગાયબ થઈ ગયો, સાદડીવાળાની વિધવા પણ ગાયબ થઈ ગઈ, અને એકોર્ડિયનના ઊંડા સૂર હવે કબ્રસ્તાનની પાર ક્યાંક દૂરથી સંભળાવા લાગ્યા. લુદ્‌મીલાની મા બાંકડા ઉપર સાવ વળી જઈને બેઠી હતી, તેની પીઠ બિલાડીની પીઠની જેમ કમાન જેવી થઈ ગઈ હતી. નાનીમા પાડોશણ જોડે ચા પીવા ચાલી ગઈ. સુયાણીનું અને શાદીનાં જોડાં ગોઠવી દેવાનું કામ કરતી પાડોશણ મોટા કદની અલમસ્ત બાઈ હતી. તેને બતકની ચાંચ જેવું નાક હતું. તે સપાટ મરદાની છાતીએ 'મરતાંને ઉગારી લેવા બદલનો' સોનાનો ચાંદ લટકાવી રાખતી. અમારી શેરીમાં સૌ તેને ચુડેલ ગણીને તેનાથી બીતાં. તેને વિશે કહેવાતું કે એક વાર તે કોઈ કર્નલનાં ત્રણ બચ્ચાં અને માંદી બૈરીને બળતા ઘરમાંથી બહાર લઈ આવી હતી.

નાનીમા અને પાડોશણ સાહેલીઓ હતી. તેઓ એકબીજીને રસ્તેથી આવતી જુએ ત્યારે બહુ આઘેથી જ ખાસ હેતની લાગણીથી મોં મલકાવતી.

કોસ્ત્રોમા અને હું અમારા દરવાજા નજીક બાંકડા ઉપર લુદ્‌મીલા બેઠી હતી ત્યાં ગયા. લુદ્‌મીલાના ભાઈને ચૂર્કાએ લડવાનો પડકાર કર્યો હતો, અને હવે બેઉ જણ સખત મુકાબલામાં ધૂળના ગોટા ઉડાડી રહ્યા હતા.

"બસ કરો!" લુદ્‌મીલા ગભરાટમાં બોલી ઊઠી.

કોસ્રોમા કાળી આંખોની ત્રાંસી નજર લુદ્મીલાની ઉપર ઠેરવીને શિકારી કાલીનિનની વાત કરી રહ્યો હતો. ખંધી આંખોવાળા કૂબિયા બુઢ્ઢા કાલીનિનની માઠી નામના અમારા વસવાટમાં સૌની જાણમાં હતી. કોસ્રોમાએ કહ્યું કે બુઢ્ઢો તાજેતરમાં મરી ગયો ત્યારે તેના કફનને કબ્રસ્તાનની રેતીમાં દફનાવી દેવાને બદલે બીજી બધી કબરોથી આઘેરું જમીન ઉપર મૂકી દેવામાં આવ્યું હતું. કાળું કફન લોખંડના માળખા ઉપર જડેલું હતું અને તેના ઢાંકણા ઉપર ક્રૉસ, બરછી, છડી, અને બે હાડકાંનાં સફેદ ચિત્રો દોરેલાં હતાં.

વાતો થતી કે બુઢ્ઢો રોજ રાતે કફનમાંથી ઊભો થાય છે અને પરોઢિયે પહેલો કૂકડો કૂકડેકૂક કરે ત્યાં સુધી કશુંક ખોળતો કબ્રસ્તાનમાં આંટા મારતો રહે છે.

"આવી ખોફનાક વાતો ન કર!" લુદ્મીલાએ આજીજી કરી.

"છોડી દે મને!" ચૂર્કા લુદ્મીલાના ભાઈની પકડમાંથી પોતાને છોડાવી લેતો બોલી ઊઠયો. પછી કોસ્રોમા તરફ ફરીને તે ટોળમાં બોલ્યો: "ખોટું કેમ બોલે છે? મેં નજરે જોયેલું... ખાડો ખોદીને કફનપેટી અંદર મૂકી દેવામાં આવેલી... ઉપર યાદગીરીની ખાલી કફનપેટી ગોઠવવામાં આવેલી... અને એનું ભૂત રાતે કબ્રસ્તાનમાં ભમતું હોવાની વાત તો દારૂડિયા લુહારે ઉપજાવી કાઢેલી છે!"

"તને બહુ ખાતરી હોય તો એક રાત કબ્રસ્તાનમાં ગાળી આવ જઈને!" કોસ્રોમાએ તેની તરફ નજર પણ નાખ્યા વગર ગુસ્સામાં વળતો જવાબ દીધો.

તેઓ દલીલો કરવા લાગ્યા. લુદ્મીલાએ ગમગીનીમાં માથું ધુણાવતાં માને સવાલ કર્યો:

"મા, ભૂત રાતે આંટા મારતાં હશે?"

"હા, મારે," માએ હા ભણી દીધી. તેનો અવાજ તેને જાણે ક્યાંક દૂરથી એકાએક પાછી બોલાવવામાં આવી હોય એવો હતો.

દુકાનદારનો જાડો અને રાતા ગાલવાળો વીસ વરસનો દીકરો વાલ્યોક ફરતો ફરતો આવ્યો અને અમારી દલીલો સાંભળવા લાગ્યો.

"કફનની ઉપર સવાર સુધી સૂઈ રહેવા કોઈ તૈયાર હોય તો એને હું વીસ કોપેક અને દસ સિગરેટ આપું, પણ બીને ભાગી જાય તો મારી મરજી હોય એટલો વખત કાન ખેંચું. બોલો, છે કોઈ તૈયાર?"

તણાવભરી ચુપકી છવાઈ ગઈ. તેમાં આખરે લુદ્‌મીલાની માએ ભંગ પાડયો.

"વાહિયાત!" તે બોલી. "બચ્ચાંને એવું કરવાનું કહેવાય જ નહિ!"

"એક રૂબલ આપ તો હું તૈયાર છું," ચૂર્કા ગણગણ્યો.

કોસ્રોમાએ ખારમાં સવાલ કર્યો:

"વીસ કોપેકમાં જાતાં બીક લાગે છે?"

પછી તેણે વાલ્યોકને કહ્યું:

"દે એને રૂબલ. કાંઈ જવાનો નથી. ખાલી શેખી મારે છે."

"ભલે, રૂબલ!"

ચૂર્કા ભોંય પરથી ઊભો થઈ ગયો અને વાડને અડતો અડતો ધીમે ડગલે ચાલ્યો ગયો. કોસ્રોમાએ મોંમાં આંગળીઓ ઘાલીને તીણી સીટી વગાડી. લુદ્‌મીલા ચિંતાતુર અવાજે બોલી:

"હે ભગવાન! નકામી... પણ કેમ?"

"બાયલા છો, બાયલા!" વાલ્યોક ચીડવતો બોલ્યો. "શેરીમાં તો ગજબના લડનારા છો... ગલૂડિયાં..."

તેનાં અપમાનો સાંખી લેવામાં ભારે સંતાપ થતો હતો. એ જાડિયો માણસ અમને ગમતો નહોતો, હંમેશાં છોકરાંને તોફાન કરવાનો પાનો ચડાવતો, છોકરીઓ અને બાઈઓ વિશે ગંધારા ગપાટા કહી સંભળાવતો અને તેમની મજાક ઉડાવતાં શીખવતો. છોકરાં તેનું કહ્યું કરી નાખતાં અને પછી આકરી સજા વેઠતાં. કોણ જાણે કેમ પણ તેને મારા કૂતરા ઉપર નફરત હતી, તેને પથરા મારતો રહેતો, અને એક વાર તો રોટીના કકડામાં સોય ભરાવીને ખવડાવી દીધેલી.

પરંતુ ચૂર્કાને નામોશીની હાલતમાં ગુપચુપ ચાલ્યો જતો જોઈને મનમાં એથીયે વધારે દુખ થતું હતું.

મેં વાલ્યોકને કહ્યું:

"લાવ રૂબલ, હું જાઉં છું..."

મને દહેશતમાં નાખી દેવાના ઇરાદે જોરથી હસીને તેણે એક રૂબલની નોટ લુદ્‌મીલાની મા સામે ધરી.

"ના જોઈએ, નહિ લઉં..." બાઈ ખીજમાં બોલીને ચાલતી થઈ ગઈ. લુદ્‌મીલાએ પણ રૂબલ લેવાનો ઇનકાર કરી દીધો. પણ એથી તો વાલ્યોક અમને વધારે ચીડવવા લાગ્યો. હું રૂબલ લીધા વગર જ કબ્રસ્તાનમાં

જવા તૈયાર થઈ ગયો હતો એટલામાં નાનીમા આવી પહોંચી. તેણે આખી વાત સાંભળીને રૂબલ લઈ લીધો અને મને શાંત અવાજે કહ્યું:

"કોટ પહેરી લે, અને ધાબળો ભેગો લઈ લે, પરોઢિયું થવા આવે ત્યારે ટાઢ પડે છે..."

તેનાં વેણ સાંભળીને મારા મનમાં આશા બંધાઈ કે ખોફનાક કશું નહિ બને.

વાલ્યોકે શરત મૂકી કે મારે સવાર સુધી કફન ઉપર જ સૂઈ કે બેસી રહેવું, ગમે તેમ થાય તોયે, બુઢ્ઢો કાલીનિન બહાર નીકળવા મથે ત્યારે કફન હલવા લાગે તોયે, કફન ઉપર જ રહેવું. હું કફન ઉપરથી ઊતરી જાઉં તો હોડ હારી જાઉં.

"યાદ રાખજે!" વાલ્યોક બોલ્યો. "હું આખી રાત તારી ઉપર નજર રાખવાનો છું."

હું કબ્રસ્તાનમાં જવા રવાના થયો ત્યારે નાનીમાએ મારી ઉપર ક્રૉસની નિશાની કરી અને મને શિખામણ આપી:

"કંઈ દેખાતું લાગે તો જરાય હલતો નહિ, કુંવારી માતાને પ્રાર્થના કરજે, બસ!"

હું કામ પતાવી નાખવાના ઇરાદે ઝડપથી રવાના થઈ ગયો. વાલ્યોક, કોસ્રોમા, અને બીજા કેટલાક છોકરા મારી ભેગા ચાલ્યા. ઈંટની વંડી ઉપર ચડતી વેળા પગ ધાબળામાં ભરાણો એટલે હું પડી ગયો અને જાણે રતીએ મને પાછો ફંગોળ્યો હોય એમ તરત મેં ઠેકડો માર્યો. વંડીની બીજી તરફથી હસવાનો અવાજ મારે કાને પડયો. મારી અંદર જાણે કશોક ટચાકો થયો અને મારા વાંસામાં ઠંડીગાર દહેશતની ટશરો ફૂટી.

હું લથડતે પગે કાળા કફન પાસે પહોંચ્યો. તેની એક તરફ તો રેતી ઠસોઠસ દબાવેલી હતી, પરંતુ બીજી તરફ તેના માળખાના જાડા ટૂંકા પાયા ઉઘાડા હતા, જાણે કેમ કોઈએ કફનને ઊંચું કરવાની કોશિશ કરી હોય પણ તેમાં સફળતા ન મળી હોય. મેં કફનની કોર ઉપર બેસી જઈને આસપાસ નજર ફેરવી: ઢોરાટીંબાવાળા કબ્રસ્તાનમાં રાખોડી ક્રૉસ ખીચોખીચ ખોડેલા હતા, અને તેમનાં પહોળાતા પડછાયા એવી છાપ પાડતા હતા કે ખૂંપરા જેવી કબરોને સુકલકડી હાથ જાણે બાથમાં લેતા હોય. ક્રૉસોની વચ્ચે ક્યાંક ક્યાંક બર્ચનાં પાતળાં સૂકાં ઝાડ નજરે પડતાં હતાં, તેમની ડાળીઓ એકલ કબરોને સાંકળી લેતી હતી, નકામા છોડવેલા જાણે એ ડાળીઓના

પડછાયાઓની ઝાલર જેવી ગૂંથણીમાંથી ઊપસી આવતા હતા, અને એ ભૂખરી ખરબચડાઈ સૌથી વધારે ખોફનાક લાગતી હતી. ઊંચે આભને આંબતું કબ્રસ્તાનનું દેવળ વિરાટ હિમરાશિ જેવું દેખીતું હતું, અને નાનકડો ઓસરતો ચાંદો નિશ્ચલ વાદળાંમાં ચળકી રહ્યો હતો.

યાઝના બાપુ "ગંધારા ગામડિયા"એ આળસુની જેમ ચોકીદારની ઘંટડી વગાડી. તે દરેક વેળા દોરી ખેંચે ત્યારે દોરી છાપરાના ઢીલા હિસ્સામાં ભરાઈ જતી, ઘસરકાનો સોગિયો અવાજ થતો, અને પછી નાનકડી ઘંટડીનો કંટાળાજનક ગમગીન રણકાર સંભળાતો.

ચોકીદાર કહેતો તે મને યાદ આવી ગયું:

"ઈશ્વર આપણને નીંદર વગરની રાતોથી બચાવે!"

વાતાવરણ ભયાનક હતું, અને કોણ જાણે કેમ પણ ગૂંગળાવી નાખે એવું હતું. રાતની વેળાએ ઠંડક હોવા છતાં મને પરસેવો વળી ગયો. બુઢ્ઢો કાલીનિન કફનમાંથી બહાર નીકળવા માંડે તો ચોકીદારના ઝૂંપડા સુધી પહોંચવાનો વખત મને મળશે ખરો?

કબ્રસ્તાન તો મને એકદમ જાણીતું હતું, યાઝ અને બીજા દોસ્તો ભેગો હું કબરો વચ્ચે કંઈ કેટલીય વાર રમ્યો હતો. મારી મા દેવળ નજીક દફનાયેલી પડી હતી...

સૌકોઈ સૂઈ ગયું હોય એવું નહોતું. વસવાટમાંથી હાસ્યના છબકારા અને ગીતોના અંશ કાને પડતા હતા. ક્યાંક ટેકરીઓમાં, અથવા રેલવેના રેતીના ખાડાઓમાં, અથવા નજીકના ગામ કાતીઝોવ્કામાં, એકોર્ડિયન ચીસો પાડતું હતું અને ડૂસકાં ભરતું હતું. કાયમ ઘેનમાં ચકચૂર રહેતો લુહાર મ્યાચોવ કબ્રસ્તાનની વંડીની પાર લથડિયાં ખાતો નીકળ્યો, મેં ગીત સાંભળીને તેને ઓળખી લીધો:

> બહુ ખેપાની છે મા અમારી,
> કાયમ તોરી ને મિજાજી,
> સૌને અંગૂઠો દઈને પરખાવી,
> ગઈ રે બાપુને, હૈયે હરખાતી.

જીવનના એવા છેલ્લા શ્વાસ સાંભળીને મનમાં ધરપત બંધાતી હતી પરંતુ ઘંટના દરેક રણકારની સાથે સાથે વધારે ને વધારે નીરવતા છવાતી જતી હતી, અને એ નીરવતા નદીની જેમ ઉછાળા મારીને બીડોમાં ફેલાઈ જતી

તાની, સર્વકંઈને ડુબાડી દેતી હતી, ઢાંકી દેતી હતી. મારો આત્મા અસીમ અતળ શૂન્યતામાં ઓલવાઈ ગયો, એવા ઠાલા મહાસાગરમાં સાવ ઓગળી ગયો કે જ્યાં કેવળ અગમય તારલિયા જ રહેતા હતા અને ચળકતા હતા, બીજું બધું નષ્ટ થઈ ગયેલું હતું—મૃત અને અવાંછિત હતું.

મેં કાયા ફરતે ધાબળો લપેટી લીધો. પછી હું પગ વાળીને અને દેવળ તરફ મોં રાખીને બેસી ગયો. હું જરાક હલું ત્યારે દરેક વેળા કફન ચુંચુંના સિત્કાર કરતું અને રેતી ઘર્ર્ ઘર્ર્ અવાજ કરતી.

મારી પાછળ કશુંક જમીન પર પટકાયું, ફરી પટકાયું, અને પછી ઈંટનો કકડો કફન નજીક પડયો. મને બીક તો લાગી, પણ મેં તરત અટકળ કરી કે વાલ્યોક અને તેના દોસ્તો મને ડરાવવાના ઈરાદે વંડી પારથી કંઈ ને કંઈ ફેંકી રહ્યા હતા. નજીકમાં લોકો હતા એ હકીકતથી મને રાહત થઈ.

હું માના વિચાર કરવા લાગ્યો... એક વાર મેં સિગરેટ પીવાની કોશિશ કરેલી ત્યારે તે મને મારવા લાગેલી અને મેં કહેલું:

"મને હાથ અડાડતી નહિ, આમેય મારી તબિયત ખરાબ છે, ઊલટી આવે છે..."

સજા થઈ ગઈ પછી હું ભઠ્ઠી પાછળ ભરાઈ ગયેલો અને તેણે જઈને નાનીમાને કહેલું:

"કઠણ કાળજાનો છોકરો છે, એને કોઈની ઉપર વહાલ છે જ નહિ..."

તેનાં વેણ સાંભળીને મને લાગી આવેલું. મારી મા જ્યારે જ્યારે મને સજા કરતી ત્યારે ત્યારે મને તેના સંબંધમાં ગમગીની થતી અને શરમ આવતી. સજા વાજબી હોય એવું જવલ્લે જ બનતું.

અને મન દુભાય એવું તો જિંદગીમાં ખરેખર ઘણું બધું હતું. પેલા વંડી પાર છે તેમની જ વાત લઈએ. તેમને બરાબર ખબર હતી કે કબ્રસ્તાનમાં એકલો હું દહેશતનો શિકાર તો બની જ ગયેલો હતો, તેમ છતાં તેઓ મને વધારે ગભરાવી નાખવાની કોશિશ કરતા હતા. કેમ?

મને તેમની સામે બરાડો પાડવાનું મન થયું:

"જઈને પડો શયતાનના હાથમાં!"

પણ તેમાં જોખમ હતું. કોને ખબર શયતાન શું ધારી લે! અને હોવો જોઈએ નજીકમાં જ ક્યાંક.

રેતીમાં ઠેરઠેર પડેલા અબરખના ઘણાબધા કકડા ઝાંખો ચળકાટ મારતા હતા અને મને એક દિવસની યાદ અપાવતા હતા. હું ઓકા નદીમાં તરાપા

ઉપર લાંબો થઈને પાણીને તાકી રહ્યો હતો એટલામાં સાવ સામે જ એક નાનકડી માછલી નજરે પડી. તે એકપડખે થઈ ગઈ અને મને માણસના ગાલ જેવી લાગી. તે પંખીના જેવી નાનકડી ગોળ આંખો વડે મારા તરફ નજર નાખીને પછી મેપલના ઝાડના ખરતા પાંદડાની જેમ ફરફરાટ કરતી પાછી ઊંડાણમાં ડૂબકી મારી ગઈ.

મારી યાદદાસ્ત એકદમ સળવળી ઊઠી. મારા માનસપટમાં જિંદગીના તરેહવાર બનાવો ગંજમાં ખડકાતા તરવરવા લાગ્યા, જાતજાતની ભયાનકતાઓ ઉપજાવી કાઢવાની હઠ પકડીને બેઠેલી મારી કલ્પના આડે નાકાબંધી ખડી કરવા લાગ્યા.

દાખલા તરીકે, નાનકડા મજબૂત પંજાઓ વડે રેતીમાં ઠપઠપાટ કરતો શેળો આવ્યો. તેણે મને ઘરના ભૂતના, તેના જેવા જ ટચૂકડા અને ઝીંથરિયા ભૂતના, વિચારમાં નાખી દીધો.

મને યાદ આવી ગેયું કે નાનીમા કેવી રીતે ભઠ્ઠીની સામે ગોઠણિયે પડીને ગણગણતી:

"ભલા નાનકા ભૂત, વંદાઓને બહાર કાઢ..."

મને ન દેખાતા શહેરથી દૂર આસમાનમાં ઉજાસ પથરાવા લાગ્યો, વહેલી પરોઢની ટાઢ મારા ગાલોમાં ચૂંટીઓ ખણતી હતી, મારાં પોપચાં ભારે થઈ ગયાં. મેં દડાની જેમ કોકડું વળીને ધાબળો માથા ઉપર ઓઢી લીધો. ભલે થાય જે થવાનું હોય તે!

નાનીમાએ મને જગાડયો. તે બાજુમાં ઊભી ઊભી ધાબળો ખેંચતી હતી અને કહેતી હતી:

"ઊઠ હવે! ટાઢમાં ઠરી તો નથી ગયો ને? કેમ, બીક લાગેલી?"

"હા, લાગેલી, પણ કોઈને કહેવાનું નથી, છોકરાવને કહેતી નહિ!"

"કેમ નહિ?" તેણે જરાક અચરજમાં પડી જતાં સવાલ કર્યો. "તને બીક લાગી જ ન હોય તો પછી શેખી કેવી રીતે મારવાનો?"

અમે ઘેર ગયાં. રસ્તામાં તેણે મને વહાલથી કહ્યું:

"પારેવડા મારા, હૈડા મારા, બધુંય જાતે અજમાવી લેવું. બધુંય જાતે જાણી લેવું... તારી મેળે નહિ જાણી લે તો બીજું કોઈ શીખવવાનું નથી તને..."

સાંજ સુધીમાં તો હું અમારી શેરીનો "શૂરવીર" બની ગયો. સૌ મને સવાલ કરતાં:

"ખોફનાક નહોતું લાગ્યું તને?"

હું જવાબ આપતો:

"હા, ખોફનાક તો હતું."

તેઓ માથાં હલાવીને બોલી ઊઠતાં:

"જોયું ને?"

દુકાનવાળીએ ખાતરીથી મોટા અવાજે જાહેર કર્યું:

"તો વાત એમ છે, ખોટું બોલેલા કે કાલીનિન કબરમાંથી બહાર નીકળે છે. નીકળ્યો હોત તો શું છોકરાથી ડરી ગયો હોત? હાથ વડે એક તમાચો મારીને એને કબ્રસ્તાનમાંથી ફગાવી દીધો હોત, કોણ જાણે ક્યાં!"

લુદ્‌મીલાએ મારી સામે હેતભરી હેરતની નજરે જોયું. નાનાને પણ ખુશી થઈ હોય એમ લાગતું હતું કેમ કે તે ઘડીએ ઘડીએ મારી સામે મોં મલકાવતા હતા. ખાલી એક ચૂર્કા ગમગીન અવાજે બોલ્યો:

"એને તો સહેલું પડે જ, એની નાની ચુડેલ છે!"

૩

પરોઢના ઉજાસમાં ખબરેય ન પડે એવી રીતે ઓસરી જતા નાનકડા તારાની જેમ મારો ભાઈ કોલ્યા ગુપચુપ વિલાઈ ગયો. તે અને નાનીમા અને હું બહાર છાપરીમાં લાકડાંના ખડકલા ઉપર ચીંથરાં પાથરીને સૂઈ રહેતાં. મકાનમાલિક પોતાનાં મરઘાંને તકલાદી ભીંતની પેલી પાર રાખતો. દરરોજ સાંજે ઓચાઈ ગયેલી મરઘીઓ કૂક કૂક કરતી રહેતી અને પાંખો ફફડાવતી રહતી, દરરોજ સવારે સોનેરી કૂકડાનું પુરજોસ કૂકડેકૂક સાંભળીને અમે જાગી જતાં. એક વાર સવારે નાનીમા જાગતાં વેંત બબડી:

"તારું માથું વાઢી નાખે તો સારું!"

હું પહેલેથી જ જાગી ગયેલો હતો અને ભીંતનાં બાકોરાં વાટેથી રેલાતા તડકાને તેમ જ સૂર્યનાં કિરણોમાં નાચતા રજકણોને, વાર્તાના શબ્દોની જેમ નાચતા રજકણોને, નીરખી રહ્યો હતો. લાકડાંના ખડકલામાં ઉંદરો ખડખડાટ કરતા હતા, અને કાળાં ટપકાંવાળી પાંખો ધરાવતાં નાનકડાં રાતાં જીવડાં આઘાંપાછાં દોડાદોડી કરતાં હતાં.

મરઘાંની ચરકની ગંધના ગૂંગળાવનારા ગોટાઓથી બચવાના ઇરાદે હું ક્યારેક છાપરીમાંથી સરકીને ખોરડા ઉપર ચડી જતો અને ત્યાંથી મકાનમાં

રહેતાં માણસોને, આંખો વગરનાં અને મોટી જબ્બર કાયાવાળાં અને ઊંઘને લીધે ફૂલી ગયેલાં માણસોને, જાગતાં જોતો રહેતો.

એક બારીમાંથી ખારવા ફેર્માનોવનું જટાળું માથું ડોકાયું. મિજાજી દારૂડિયા આદમીએ સૂજેલી આંખોનાં કાણાં સૂરજ તરફ વાળીને ડુક્કરની જેમ ઘરઘરાટ કર્યો. નાના પાંખા રાતા વાળને બેઉ હાથ વડે સરખા કરતા ફળિયામાં દોડી આવ્યા. તે ટાઢા પાણીનું ખંખોળિયું કરવા ઉતાવળા હમામ ભણી જઈ રહ્યા હતા. મકાનમાલિકની બોલકણી રસોઇયણ અણીદાર નાક અને મોંનાં કાળાં ટપકાંને લીધે કોયલ જેવી લાગતી હતી. મકાનમાલિક પોતે જાડા ઘરડા કબૂતર જેવો લાગતો હતો. સૌ મને કોઈ પંખી કે પશુની યાદ અપાવતાં હતાં.

પ્રભાત નિર્મળ અને મનોહર હતું, પરંતુ મારા મનમાં ગમગીની છલકાતી હતી અને મને ખેતરોમાં જ્યાં એકલો રહી શકું ત્યાં ભાગી જવાની તાલાવેલી થતી હતી. મને ખબર હતી કે આ લોકો સરસ મઝાના દિવસનો દાટ ચોક્કસ વાળી નાખવાના જ.

એક વાર હું ખોરડા ઉપર લંબાવીને પડયો હતો ત્યારે નાનીમાએ મને બોલાવીને પથારી તરફ માથું હલાવતાં ધીમા અવાજે કહ્યું:

"કોલ્યા મરી ગયો."

બાળક લાલ સુતરાઉ ગાદલી ઉપરથી સરકીને નીચે નમદાની જાજમ ઉપર પડી ગયો હતો. તેનું નાગું શરીર નીલું હતું. ખમીસ ગરદન સુધી ઊંચે ચડી ગયું હતું, ફૂલેલું પેટ ઉઘાડું થઈ ગયું હતું અને વાંકા પગ નજરે પડતા હતા. તેના હાથ પીઠ પાછળ ભરાવેલા હતા, જાણે કેમ તેણે ઊંચા થવાની કોશિશ કરી હોય, અને માથું જરાક એક તરફ ઢળી ગયેલું હતું.

"ઈશ્વરની દયા કે મરી ગયો," નાનીમા વાળ ઓળતી બોલી. "સુકાઈને લાકડી જેવો થઈ ગયેલો બિચારો જિંદગી કેવી રીતે ચાલુ રાખી શક્યો હોત?"

નાના અંદર આવ્યા અને જાણે નાચતા હોય એમ શબ ફરતે આંટા મારવા લાગ્યા. તેમણે બાળકની બંધ આંખોને હળવેથી આંગળી અડાડી.

"મેલા હાથે અડવાનું નથી!" નાની જોરથી બોલી ઊઠી.

"જોયું, જનમ લીધો, શ્વાસ લીધા, ખાધુંપીધું, પણ બધુંય નકામું..." નાના બબડયા.

"ખ્યાલ તો રાખો કે શું બોલો છો?" નાની વચમાં બોલી ઊઠી.

તે ખાલીખમ નજરે નાનીમાને તાકીને ફળિયામાં જતા બોલ્યા:

"તારે કરવું હોય એમ પોતે જ કરજે, એને દફનાવવાના પૈસા મારી પાસે નથી..."

"ફટ છે રે, કંગાલ જીવ ક્યાંનો!"

હું ચાલ્યો ગયો અને છેક સાંજે પાછો આવ્યો.

કોલ્યાને બીજે દિવસે સવારે દફનાવવામાં આવ્યો. હું દેવળમાં ન ગયો, દફનને લગતી પૂરી રીતરસમ ચાલતી રહી ત્યાં સુધી માની કબર પાસે બેઠો રહ્યો, કબરને ખોદીને મારા નાના ભાઈ માટે જગ્યા કરવામાં આવી હતી. મારો કૂતરો અને યાઝના બાપુ મારી નજીક બેસી રહ્યા. યાઝના બાપુએ કબર ખોદવાના સાવ નજીવા પૈસા લીધા હતા અને એ સંબંધમાં શેખીનો ધોધ ચાલુ રાખ્યો હતો.

"આ તો તું ભાઈબંધ છો એટલે જ, નહિતર પૂરો રૂબલ લીધો હોત..."

મેં અણગમતી ગંધ છોડતા પીળા ખાડામાં તાકીને જોયું તો મને કાળાં ફૂગવાળાં પાટિયાં નજરે પડયાં. હું જરાક હલું કે તરત રેતી સરકીને ખાડાને તળિયે વહેવા લાગતી. હું જાણીજોઈને હલવા લાગ્યો, જેથી રેતી સરકે અને પાટિયાં ઢંકાઈ જાય.

"ચાલાકી રહેવા દે, છોકરા," યાઝના બાપુએ હોકલીને દમ ખેંચતાં કહ્યું.

નાનીમા નાનકડું સફેદ કફન લઈને આવી. "ગંધારો ગામડિયો" ઠેકડો મારીને ખાડામાં ઊતર્યો, અને તેણે કફન નાનીમાના હાથમાંથી લઈને ફૂગવાળાં પાટિયાં નજીક ગોઠવી દીધું. પછી તે ફરી ઠેકડો મારીને ખાડામાંથી ઉપર ચડી ગયો અને પાવડા તથા પગ વડે રેતી ખાડામાં ધકેલવા લાગ્યો. તેની હોકલી ધૂપિયાની જેમ ધુમાડો છોડતી હતી. નાનીમા અને નાનાએ તેને મૂંગે મોંએ મદદ કરી. પાદરી નહોતો, ભિખારીઓ પણ નહોતા, કાંસોના જમેલામાં ખાલી અમે ચાર હતાં.

નાનીમાએ ચોકીદારને પૈસા આપતી વેળા ઠપકાના અવાજમાં કહ્યું:

"તો આખર તેં મારી વાર્યાનો માળો પીંખ્યો જ, ખરું ને?.."

"નહિતર કામ કેવી રીતે થાય? તોયે પારકી માટી થોડીક લેવી પડી. પણ... એમાં વાંધો નહિ!"

નાનીમાએ કબર સામે છેક ભોંય સુધી માથું નમાવ્યું, નાક વડે સૂંસૂં

અવાજ કર્યા, ડૂસકાં ભર્યાં, અને પછી તે ઊભી થઈને ચાલવા લાગી. નાના જળી ગયેલા કોટને ખેંચીને કસતા અને ટોપીની અણી વડે આંખોને ઢાંકી રાખતા તેની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

"આપણે અણખેડી જમીનમાં બી વાવી દીધું," તે ખેતરના ચાસ ઉપર દોડતા કાગડાની જેમ ઝડપથી ડગલાં ભરીને અમારાથી આગળ નીકળી જતા એકાએક બોલી ઊઠયા.

"નાનાએ શું કીધું?" મેં નાનીમાને પૂછ્યું.

"ભગવાનને ખબર! એના તો ન્યારા જ ખ્યાલ હોય છે," તેણે જવાબ આપ્યો.

ગરમી હતી. નાનીમા મુશ્કેલીથી ડગલાં ભરતી ધીરે ધીરે ચાલતી હતી, તેના પગ ઊની રેતીમાં ખૂંતી જતા હતા. તે પરસેવો ટપકાવતો ચહેરો રૂમાલ વડે લૂછવા વારે વારે ઊભી રહી જતી.

મેં હિંમત કરીને આખરે પૂછી નાખ્યું:

"કબરમાં પેલું કાળુ કાળુ... શું માનું કફન હતું?"

"હા," તેણે કડવાશ ભરેલા અવાજે જવાબ દીધો. "ઘોરખોદિયો અક્કલ વગરનો છે... હજી તો પૂરું વરસેય થયું નથી, અને વાર્યા કોહવા લાગી ગઈ! રેતીને લીધે, પાણી અંદર જાય છે. માટી હોય તો બહેતર!"

"શું બધાંય કોહી જાય?"

"બધાંય. ખાલી સંતો જ બચે."

"તમે નહિ કોહો!"

તે ઊભી રહી ગઈ અને માથે ટોપી સરખી કરતી ગંભીર અવાજે બોલી:

"એવા ખ્યાલ મનમાં નથી લાવવાના, ન લવાય. સાંભળ્યું ને?"

પરંતુ હું મનમાં વિચાર કરવા લાગ્યો:

"મોત કેવું બદસૂરત છે, કેવી નફરત પેદા કરે છે! કેવો ધિક્કાર ઉપજાવે છે!"

મને બહુ ખરાબ લાગતું હતું.

અમે ઘેર પહોંચ્યાં ત્યારે નાનાએ સમોવાર પેટાવી દીધો હતો અને ટેબલ ઉપર ચીજવસ્તુઓ ગોઠવી દીધી હતી.

"થોડીક ચા પીએ, બહુ ગરમી છે," તેમણે કહ્યું. "મારી ચા ઉકાળુ છું, બધાંયને પીવા."

તેમણે નાનીમા પાસે જઈને તેના ખભા ઉપર હાથ ફેરવ્યો.

"તો શું, માડી, હેં?

નાનીમાએ હાથ હલાવ્યો.

"શું હોય!"

"હા, એમ જ છે! આપણે માથે ઈશ્વરનો કોપ ઊતર્યો છે! થોડું થોડું કરીને છીનવાતું જાય છે... કુટુંબ એક તાંતણે બંધાઈને રહેતું હોય તો... હાથની આંગળીઓની જેમ..."

નાના લાંબા વખતથી એવા મૃદુ અને શાંત અવાજે નહોતા બોલ્યા. તેમની વાત સાંભળીને મને આશા બંધાઈ કે તે મારી વેદનાને હળવી બનાવશે અને કાળાં ધાબાંવાળા પીળા ખાડાને ભૂલી જવામાં મને મદદ કરશે.

પરંતુ નાનીમા કરડા અવાજે વચમાં બોલી ઊઠી:

"રહેવા દો, બાપા! તમે આખી જિંદગી એવાં જ વેણ બોલતા રહ્યા છો, પણ એથી કોઈને ક્યારેય ફાયદો થયો છે? તમે આખી જિંદગી લોકોને કોરી ખાતા રહ્યા છો, કાટ લોઢાને કોરી ખાય એમ..."

નાના ઘુરઘુરાટ કરતા તેની સામે નજર નાખીને ચુપ થઈ ગયા.

સવારે મને જોવા મળેલું તેની વાત મેં સાંજે દરવાજે લુદ્મીલાને કરી, પરંતુ કશી છાપ પડી હોય એમ ન લાગ્યું.

"અનાથની જિંદગી બહેતર. મારી મા અને બાપુ મરી જાય તો હું બહેનને ભાઈના હાથમાં ભળાવીને વૈરાગણ બની જાઉં, જિંદગીભર વૈરાગણ જ રહું. બીજું શું કરી શકું? હું લગન તો ક્યારેય નહિ કરું કેમ કે લંગડી છું અને કામ નથી કરી શકતી. વળી વધારાનાં લંગડાં છોકરાં પેદા થાય..."

અમારી શેરીની બધી સ્ત્રીઓની જેમ તે શાણી શાણી વાતો કરતી, પણ જરૂર એમ બન્યું હશે કે એ સાંજે તેના સંબંધમાં મારી દિલચસ્પી ઓસરી ગઈ હોય. મારી જિંદગી એવી રીતે આગળ ચાલી કે તેને મળવાનું સાવ જવલ્લે જ બનતું.

ભાઈના અવસાનને થોડાક દિવસ વીતી ગયા ત્યાર પછી એક વાર નાનાએ મને કહ્યું:

"આજે રાતે વહેલો સૂઈ જા. સવારે સૂરજ ઊગતાં જ હું તને જગાડીશ. આપણે લાકડાં ભેગાં કરી લાવવા જંગલમાં જઈશું."

"અને હું જડીબુટ્ટીઓ વીણીશ," નાનીમા બોલી.

અમારા વસવાટથી લગભગ ત્રણ માઈલના અંતરે કાદવિયા વિસ્તારમાં

ફર અને બર્ચનાં ઝાડવાંનું વન હતું. તેમાં ઝાડીઝાંખરાં અને તૂટી ગયેલાં ડાળીડાળખાં પુષ્કળ મળી આવતાં. વન એક તરફ ઓકા નદી સુધી ફેલાયેલું હતું અને બીજી તરફ મોસ્કોના ધોરી માર્ગ સુધી પહોંચીને તેને પાર કરી ગયું હતું. તેનાં ઝાડીઝાડવાંની પોચી હરિયાળીથી ઘણાં વધારે ઊંચાં ઊગેલાં પાઇનવૃક્ષોનું ઝુંડ ઊંચા કાળા તંબુ જેવું લાગતું હતું. તે 'સાવેલોવની કેશવાળી' તરીકે ઓળખાતું હતું.

એ બધી સંપદા ઠાકોર શુવાલોવની હતી, પરંતુ ઠાકોર તેની રખેવાળીની બાબતમાં ઢીલો હતો. કુનાવીનો કસબાના લોકો વન જાણે પોતાનું જ હોય એમ માનતા, ઝાડીઝાંખરાં લઈ જતા, લાકડાં માટે મરેલાં ઝાડને અને ક્યારેક તો જીવતાં ઝાડને પણ પાડી નાખતા. શરદમાં કોડીબંધ માણસો શિયાળા માટે બળતણ ભેગુ કરવા હાથમાં કુહાડા લઈને અને કમ્મરે દોરડાં વીંટીને વનમાં પહોંચી જતાં.

અમે ત્રણેય પરોઢિયે નીકળીને ઝાકળિયાં રૂપેરી-લીલાં ખેતરોને પાર કરી ગયાં. ઢીલોમાંદો રૂસી સૂરજ ઓકા નદીની ઉપર, દ્યાતલોવી ડુંગરમાળાનાં રતુમડાં પડખાં ઉપર, હરિયાળાં ફળોદ્યાનો અને સોનેરી ઘુમ્મટો ધરાવતા ધવલ નીઝની-નીવગોરોદ શહેર ઉપર, ધીરે ધીરે ઉદય પામ્યો. નીરવ ડહોળી ઓકા નદી ઉપરથી નીરવ નેંદરઘેરી હવા આવતી હતી. સોનેરી બટરકપ ફૂલો ઝાકળના ભારથી લચી પડેલાં મસ્તકો હલાવતાં હતાં, બ્લૂબેલ ફૂલો મૂંગાં મૂંગાં જમીન પર ખરી પડતાં હતાં, સ્ટ્રૉફ્લાવરનાં બહુરંગી ફૂલો જાણે ઢેફાંની નામરજી છતાં ફૂટી નીકળીને અક્કડ ખડાં હતાં, અને પિંક ફૂલો, "રાતની રમણીયતાઓ," કિરમજી તારલિયા રચતાં હતાં.

વન જોડાજોડ ખડાં વૃક્ષોની ઘેરી કતારોમાં અમારી તરફ ધસી રહ્યું હતું. પાંખાળાં ફરવૃક્ષો મોટાં પાંખીઓ જેવાં દેખાતાં હતાં, બર્ચવૃક્ષો કુમારિકાઓ જેવાં લાગતાં હતાં. કાદવિયા વિસ્તારની આકરી ગંધ ખેતરોમાં ફેલાઈ જતી હતી. ગુલાબી જીભ લખડાવીને મારી બાજુમાં ચાલતો મારો કૂતરો થંભી ગયો અને તેણે હવાને સૂંઘીને પોતાનું લોંકડી જેવું માથું થોડીક અનિશ્ચિતતામાં હલાવ્યું.

નાનાએ નાનીમાનું ગરમ જાકીટ પહેર્યું હતું અને માથે અણી વગરની જૂની ટોપી ભરાવી હતી. તે સુકલકડી પગ વડે જાણે કોઈની ઉપર તરાપ મારવા સરકતા હોય એવી રીતે ચોરપગલે આગળ ધપતા મનમાં મલકાતા હતા. નાનીમાએ નીલું બ્લાઉઝ તથા કાળુ સ્કર્ટ પહેર્યું હતું, અને માથે

સફેદ રૂમાલ બાંધ્યો હતો. તે દડબડ ચાલે એટલી ઉતાવળી ચાલતી હતી કે તેનો સંગાથ જાળવી રાખવાનું મુશ્કેલ બની જતું હતું.

અમે જેમ જેમ વનની નજીક પહોંચતાં ગયાં તેમ તેમ નાના વધારે રંગમાં આવતા ગયા. તે ઘુરઘુરાટ કરતા હતા અને નાકેથી હવાના મોટા શ્વાસ લેતા હતા. તેમણે પહેલાં તૂટક તથા હાવભાવ વગર વાતો શરૂ કરીને પછી ખુશમિજાજમાં તથા સરસ મઝાની રીતે, જાણે કેફ ચડતો હોય એવી રીતે, વાતો ચાલુ રાખી.

"વનો એટલે ઈશ્વરના બગીચા. તેમની રોપણી પવન સિવાય, ઈશ્વરના અલૌકિક શ્વાસ સિવાય, બીજા કોઈએ નથી કરી. હું જિગુલીમાં હતો એ વખતની વાત છે, મારી જુવાનીના દિવસોની, હું હજી ખારવો હતો ત્યારની—અરે, અલેક્સેઈ, મેં જે જોયું છે એ જોવાનું નસીબ તને નહિ મળે! ઓકાને કિનારે, કાસીમોવથી મૂરોમ સુધી બસ વનો જ વનો! અથવા વોલ્ગાની પાર, છેક ઉરાલ સુધી પથરાયેલાં વનો! એવી અજાયબી કે જેનો છેડો જ નહોતો!"

નાનીમાએ ભવાં નીચેથી મારી તરફ નજર નાખીને મિચકારો કર્યો. નાના ભારે ડગલે ચાલતા ચાલતા અને ચીલાઓ ઉપર આખડતા આખડતા શુષ્કિ અવાજે એવા શબ્દો ખોબે ખોબે વેરતા હતા કે જે મારી યાદમાં અંકિત થઈ ગયા.

"અમે બજરો ખેંચતા સારાતોવથી માકાર-દિનના મેળામાં જઈ રહ્યા હતા, બજરામાં સુરજમુખીનું તેલ હતું, અમારે માથે મુકાદમ નીમેલો હતો, એનું નામ કિરીલ્લો હતું, પુરેખનો, અને ભેગો એક તાતાર હતો, પાણી ઉલેચવાનું કામ કરતો, કાસીમોવનો, મારી યાદદાસ્ત દગો ન દેતી હોય તો એનું નામ અસફ હતું... ઠીક, પછી અમે જિગુલી પહોંચ્યા ત્યારે હેઠવાસથી પવન ફૂંકાવા લાગ્યો, એણે અમારી તાકાત સાવ હરી લીધી, અમને થંભાવી દીધા, હાંફતા કરી દીધા, એટલે અમે થોડીક થૂલી રાંધી લેવા કિનારે ચડી ગયા. દુનિયામાં મે મહિનો ચાલતો હતો, વોલ્ગા સાગર જેવી પડી હતી, મોટાં ફીણિયાં મોજાં જાણે રાજહંસોનાં ઝુંડોની જેમ તેની ઉપર સવારી કરી જતાં હતાં, હજારોની સંખ્યામાં કાસ્પિયન સમુદ્ર તરફ વહી જતાં હતાં. જિગુલીની ડુંગરમાળા વસંતમાં લીલીછમ બની ગઈ હતી, જાણે આભને આંબતી હતી, આકાશમાં ધોળાં વાદળો ચરતાં હતાં, સૂરજ ધરતી ઉપર સોનું વેરતો હતો. અમે આરામ કરતા કરતા એ બધું નીરખતા રહ્યા, અમારાં

હૈયાં જાણે ઓગળી ગયાં. નીચે નદી ઉપર તો ઉત્તરની ટાઢ ફેલાયેલી હતી, પણ કિનારે હૂંફ હતી. અને મીઠી સુગંધ આવતી હતી. સાંજ પડવા આવી ત્યારે અમારો કિરીલ્લો — ગંભીર ગામડિયો હતો, ઠીકઠીક ઉંમરે પહોંચી ગયેલો — ઊભો થઈ ગયો અને માથેથી ટોપી ઉતારતો બોલ્યો: 'સાંભળો, દોસ્તો, હવે હું તમારો ઉપરીયે નહિ ને નોકરેય નહિ. તમે સૌ જાઓ, તમારી મેળે, હું વન ભેગો થઈ જાઉં છું!' અમે તો ડાચાં ફાડીને બેસી રહ્યા. એવું તે કોઈએ ક્યારેય જોયું હોય? અમારી બાબતમાં માલિકને જવાબદાર કોઈ ભેગું ન હોય તો અમારાથી જવાય નહિ, લોકો એમ ઉપરી વગર ભટકતા ન રહે. અમારે વોલ્ગાના વહેણ ભેગું જ જવાનું હતું. ચોક્કસ, પણ તોયે કદાચ ખોટે રસ્તે ચડી જવાય. માણસ એટલે તો જંગલીમાં જંગલી જનાવર, એ કશુંયે કરતાં અચકાય નહિ. એટલે અમને બીક લાગતી હતી. પણ એ તો પોતાની વાતને વળગી રહ્યો: 'હું આવી જિંદગી જીવવા તૈયાર નથી, તમને હાંકતા રબારી જેવી, હું તો વન ભેગો થઈ જાઉં છું!' અમારામાંથી કેટલાક એને ઢીબી નાખવા અને બાંધી લેવા માગતા હતા, પણ એના જેવા જ ખ્યાલોવાળા બીજા માણસો પણ હતા. તેઓ બોલી ઊઠયા: 'ઊભા રહો!'' પછી પાણી ઉલેચનારો તાતાર બોલ્યો: 'હુંયે ચાલ્યો, એની ભેગો!' ખરેખર બહુ ખરાબ કહેવાય એવું હતું. તાતારને માલિક પાસેથી બે ફેરાના પૈસા લેવાના બાકી હતા, અને ત્રીજો ફેરો અરધો તો થઈ ગયો હતો. એટલા પૈસા એ જમાનમાં ઘણાબધા ગણાય. રાત પડી ત્યાં સુધી અમે રાડારાડી કરતા રહ્યા, પણ આખરે સાત જણ ચાલ્યા ગયા, અમને એકલા મૂકીને, લગભગ પંદર સોળ માણસોને. માણસની ઉપર વનની અસર એવી થાય!"

"એ લોકો શું લૂંટારા બનવા ચાલ્યા ગયેલા?"

"કદાચ લૂંટારા, કદાચ જોગી. એ દિવસોમાં લોકો એ બે વચ્ચે બહુ ઝાઝો ફરક નહોતા ગણતા..."

નાનીમાએ ક્રૉસની નિશાની કરી.

"હે ઈશ્વરની પવિત્ર માતા! મનમાં લોકોના ખ્યાલ આણો એટલે હૈયું કકળી ઊઠે છે!"

"એટલું સમજવાની અક્કલ તો બધાંયને આપવામાં આવી છે કે શયતાન ક્યાં ખેંચી જાય છે..."

અમે માંદલાં ફરઝાડોનાં ઝુંડો અને ઢોરાટીંબાવાળા કાદવિયા વિસ્તાર

વચ્ચે થઈને જતી પગદંડીએ ચાલતાં વનમાં દાખલ થયાં. મને થયું કે પુરાણના કિરીલ્લોની જેમ કાયમને માટે વનમાં જતા રહેવામાં બહુ મઝા પડે. વનમાં કજિયાકંકાસ અને નશાબાજી અને મારામારી ન હોય, ત્યાં નાનાની કંજૂસાઈને અને રેતાળ જમીનમાં દફનાવેલી માની કબરને— મનને દુભાવતી અને હૈયા ઉપર બહુ ભારે બોજો બની રહેતી દરેક બાબતને— ભૂલી જવાનું બની શકે.

અમે સૂકી જગ્યાએ પહોંચ્યાં ત્યારે નાનીમાએ કહ્યું:

"થોડુંક ખાઈ લેવાની વેળા થઈ ગઈ. બેસી જાઓ!"

તેણે ટોપલીમાંથી થોડીક જવની રોટી, લીલી ડુંગળી, અથાણાં, મીઠું, અને થોડુંક કપડામાં લપેટેલું ઘરબનાવટનું પનીર કાઢયું. નાના અકળામણમાં આંખો પટપટાવતા એ બધી વસ્તુઓને તાકી રહ્યા.

"અને હું કાંઈ ન લાવ્યો, હે નિષ્કલંક માતા..."

"બધાંયને પૂરું થાય એટલું છે..."

અમે પાઈનના ઊંચા ઝાડના કાળા-ભૂરા થડને અઢેલીને બેઠાં. હવામાં રાળની વાસ ભરાઈ ગયેલી હતી. ખેતરોમાંથી ફૂંકાતો હળવો પવન ઘાસને કમાનની જેમ વાળી દેતો હતો. નાનીમા ઘેરા વાનના હાથ વડે તરેહવાર જડીબુટ્ટીઓ ભેગી કરતી હતી અને મને પ્લેન્ટીન તથા સેંટ જોનના છોડના રોગનાશક ગુણોની, તેમ જ ફર્ન તથા ચીકણી રોઝબે જેવી વનસ્પતિઓની ચમત્કારી અસરોની, વાત કરતી હતી.

નાના ઝાડીઝાંખરાં વાઢતા હતા. મારું કામ વાઢેલાં ઝાડીઝાંખરાંનો ઢગલો એક જગ્યાએ કરવાનું હતું, પણ હું નાનીમાની પાછળ ઝાડીઓમાં સરકી ગયો. નાનીમા જાણે તરતી હોય એવી રીતે વૃક્ષોનાં તોતિંગ થડો. વચ્ચે સરકતી હતી અને સળીઓ છવાયેલી પોચી ભોંય ઉપર વારે વારે જાણે પાણીમાં ડૂબકી મારતી હોય એવી રીતે નમી જતી હતી. તે ચાલતી ચાલતી સ્વગત બોલતી હતી:

"આ વરસે મશરૂમ વહેલાં ઊગ્યાં છે, એટલે એમ કે ઓછાં ઊગવાનાં. હે ઈશ્વર, તું ગરીબોની ખેવના બરાબર નથી રાખતો, જેને કાંઈ ખાવાનું મળતું જ ન હોય એવાં માણસો માટે તો મશરૂમ પણ ખોરાક હોય છે."

હું તેની પાછળ પાછળ ગુપચુપ ચાલતો બહુ કાળજી રાખતો હતો કે મને જોઈ ન જાય, ઈશ્વર તેમ જ દેડકાં અને તરેહવાર ઘાસ જોડે તેની વાતચીતમાં મારે ભંગ નહોતો પાડવો.

પણ તે મને જોઈ ગઈ.

"નાના પાસેથી છટકીને આવતો રહ્યો, ખરું ને?"

છોડવેલાઓના ભરતકામવાળા જામા વડે ઢંકાયેલી કાળી ધરતી ઉપર નમીને તેણે મને ઈશ્વરના ગુસ્સાની વાત કરી, એક વાર ઈશ્વરને માનવજીવો ઉપર એટલો બધો ગુસ્સો આવેલો કે તેણે પૃથ્વીને જળબંબાકાર બનાવી દીધી અને તમામ જીવતા જીવોને ડુબાડી દીધા.

"પણ એની પવિત્ર માતાએ તે પહેલાં તમામ બીજ ટોપલામાં ભેગાં કરીને સંતાડી દીધાં હતાં. પછી એણે સૂરજ પાસે જઈને કહ્યું. 'ભલો થઈને પૃથ્વીને એક છેડાથી બીજા છેડા સુધી સૂકવી નાખ, નેક લોકો સદા તારાં ગુણગાન ગાશે.' એટલે સૂરજે પૃથ્વીને સૂકવી નાખી, ઈશ્વરની માતાએ સંતાડી રાખેલાં બીજ વાવી દીધાં. ઈશ્વરે નજર નાખીને જોયું તો પૃથ્વી પાછી આબાદ બની ગઈ હતી, ઘાસ ઊગી નીકળ્યું હતું, ઢોરઢાંખર અને માણસો દેખાતાં હતાં!.. ઈશ્વર બોલી ઊઠયો કે મારી મરજીની સામે પોતાની મરજી ટકરાવવાની હિંમત કરનારું આ કોણ નીકળ્યું? ત્યારે માતાએ એકરાર કરી લીધો. પણ ઈશ્વરને પોતાને જ ધરતી વેરાન જોઈને અફસોસ થતો હતો. એટલે એણે માતાને કહ્યું: 'તેં કર્યું તે સારું જ કર્યું છે, મા!'"

મને કથા ગમી તો ખરી, પણ અચરજ થયું, અને હું પૂરી ગંભીરતાથી બોલ્યો:

"શું ખરેખર એમ જ બનેલું? કુંવારી માતા તો પ્રલયના પૂર પછી થયેલી."

હવે નાનીમા અચરજમાં ગરકાવ થઈ ગઈ.

"એવું તને કોણે કહ્યું?"

"નિશાળમાં... ચોપડીઓમાં લખેલું છે."

તેને રાહત થઈ અને તેણે મને કહ્યું:

"એ લોકોની વાતો સાંભળતો નહિ, ચોપડીઓમાં છે એ બધું ભૂલી જા, ચોપડીઓ તો બધી ખોટાડી જ!"

અને તે ખુશાલ ને હળવું થોડુંક હસી પડી.

"ઉપજાવી કાઢ્યું છે, મૂરખના જામ બધાય! જાણે કેમ ઈશ્વર મા વગર હયાતીમાં આવી શક્યો હોય! તો પછી એને જનમ કોણે આપ્યો?"

"ખબર નહિ."

"આવ્યો ઠેકાણે! 'ખબર નહિ' જેટલું ભણી લીધું!"

"પાદરી કહેતો'તો કે કુંવારી માતા તો જોશીમ અને આન્નાથી અવતરેલી."

હદ આવી ગઈ. નાનીમા કરડી નજર મારી આંખોમાં પરોવીને બોલી:

"એટલે કુંવારી માતા મારીયા જોશીમોવ્ના હતી, એમ ને? એવો ખ્યાલેય મનમાં લાવવાની હિંમત કરી છે તો હાડકાં ખોખરાં કરી નાખવાની તારાં!"

પણ એક મિનિટ પછી તેણે સમજાવ્યું:

"પવિત્ર કુંવારી માતા તો સદા હયાત હતી જ... બીજા કોઈથી ઘણા ઘણા વખત પહેલાં. ઈશ્વર એની જ કુખે જનમેલો, અને પછી..."

"તો પછી ઈસુ ખ્રિસ્તનું શું?"

"ઈસુ ખ્રિસ્ત? અરે, હા, ઈસુ ખ્રિસ્ત..."

મેં જોયું કે મારી જીત થઈ છે, મેં તેને સર્જનનાં રહસ્યોના વમળમાં નાખી દીધી છે. એથી મને બેચેની થઈ.

અમે વનમાં, સોનેરી કિરણો થકી ભેદાતા નીલા ધુમ્મસમાં, આગળ ને આગળ ચાલતાં ગયાં. હૂંફાળા મઝાના વનમાં તેનો આગવો હળવો અજબ રવ હતો, સ્વપ્ન સમો અને સ્વપ્નોમાં ગરકાવ કરી દેતો રવ હતો. ક્રૉસબીલ કિલબિલ કરતાં હતાં, ટિટમાઉસ ચીંચી કરતાં હતાં, કોયલો હસતી હતી, ઓરિઓલ સીટી વગાડતાં હતાં, અદેખાં ગોલ્ડફીંચ અનંત ગીત ગાતાં હતાં, અને પેલું અજબ પંખી પાઇનફીંચ જાણે ચિંતનમાં ગરકાવ હોય એવી રીતે લવારા કરતું હતું. લીલમ જેવાં લીલાં દેડકાં અમારા પગ નીચેથી ઠેકડા મારતાં હતાં. છુપાવાની જગ્યાની કામગીરી બજાવતાં મૂળિયાં વચ્ચેથી ઘાસના એક સાપે સોનેરી માથું ઊંચું કર્યું. એક ખિસકોલીએ ટચૂકડા દાંત કકડાવ્યા અને પીંછાંના ગુચ્છા જેવી પૂંછડી પાઈનવૃક્ષોની ડાળીઓમાં ઝબકાવી. નીરખવાની અગણિત ચીજો હતી, પરંતુ એથીયે વધારે ચીજોને નીરખવાનું, નીરખતા જ રહેવાનું, મન થતું હતું.

ભૂતપ્રેત જેવી વિશાળ આકૃતિઓ પાઈનવૃક્ષોનાં થડો વચ્ચે નજરે પડતી હતી અને તરત લીલાં ઊંડાણોમાં અદૃશ્ય થઈ જતી હતી. એ ઊંડાણોમાંથી નીલા અને રૂપેરી આભની ઝલકો ઝબકી જતી હતી. બ્લૂબેરીની ભાતની ગૂંથણીવાળો અને ક્રેનબેરીની માળાઓની સજાવટવાળો લીલનો ભવ્ય ગાલીચો ધરતી ઉપર પથરાયેલો હતો, બીલબેરીઓ ઘાસમાં લોહીનાં ટીપાંની જેમ ચળકતી હતી, અને મશરૂમની લલચાવતી લોભાવતી વાસ નસકોરાંમાં ભરાઈ જતી હતી.

"પવિત્ર કુંવારી માતા! જગતની ઝળહળતી જ્યોતિ!" નાનીમાએ નિસાસો નાખતાં પ્રાર્થના કરી.

વન અને નાનીમા જાણે એકબીજાનાં પોતીકા હોય એમ લાગતું હતું. તે મોટી રીંછણની જેમ ચાલતી હતી, દરેક વસ્તુને નીરખતી હતી, નીરખીને વખાણતી હતી, અને અહેસાનના બોલ ગણગણતી હતી. જાણે તેની હસ્તીમાંથી હૂંફનાં વહેણ ઝાડીઓમાં વહેતાં હતાં, અને તેના પગ તળે દબાઈ ગયેલી લીલને પાછી ઊંચી અને સરખી થઈ જતી જોઈને મને ખાસ ખુશી થતી હતી.

ચાલતાં ચાલતાં મારા મનમાં વિચારો ઘોળાતા હતા કે લૂંટારો બનવામાં અને અમીરો પાસેથી ચોરીને ગરીબોને આપવામાં બહુ મઝા પડે. સૌ ખુશાલ હોય, સારો ખોરાક પામતાં હોય, ઈર્ષા જેવું કંઈ જાણતાં જ ન હોય, ખારીલાં કૂતરાંની જેમ એકબીજાની સામે ભસતાં ન હોય, તો બસ! નાનીમાના ઈશ્વર અને પવિત્ર કુંવારી માતા પાસે જઈ શકાય અને તેમને આખેઆખું સત્ય જણાવી શકાય કે લોકો કેવી કંગાલ દશામાં જીવે છે અને એકબીજાને ખોફનાક રેતીમાં કેવી ભયંકર, કેવી ઈજાકારી, રીતે દફનાવે છે, તો કેવું સારું! અને એ પણ કે પૃથ્વી ઉપર બિનજરૂરી વેદના કેટલી બધી છે! પછી કુંવારી માતાને ખાતરી થઈ જાય એટલે તે મને હાલત પલટાવી નાખવાનું અને બહેતર બનાવી દેવાનું શાણપણ આપે. લોકો મારી વાત સાંભળે તથા મારી ઉપર ભરોસો રાખે, અને હું જિંદગીની બહેતર રીત ચોક્કસ ગોતી કાઢું! હું હજી બાળક છું એથી શું થયું? વિદ્વાન માણસો મંદિરમાં ઈસુ ખ્રિસ્તની વાત ધ્યાનથી સાંભળતા હતા ત્યારે ઈસુની ઉંમર મારાથી એક જ વરસ વધારે હતી...

હું વિચાર કરતો કરતો એક વાર એટલો બધો લીન થઈ ગયો કે ઊંડા ખાડામાં ગબડી પડ્યો, સૂકી ડાળખી વાગવાથી પડખામાં ઉઝરડો થયો અને માથામાં પાછળ ચામડી છોલાઈ ગઈ. હું ખાડાને તળિયે ટાઢા ચીકણા કાદવમાં બેઠો હતો, મને સમજાઈ ગયું હતું કે મારી મેળે પાછો ઉપર ચડી શકું એમ નથી, અને એથી મને બહુ શરમ આવતી હતી. હું ઘાંટા પાડીને નાનીમાને ગભરાવી દેવા નહોતો માગતો, પણ બીજો કોઈ ઉપાય જ નહોતો.

તે મને જોતજોતામાં બહાર ખેંચી લઈને ક્રૉસની નિશાની કરતી બોલી.

"તારી દયા, ઈશ્વર! સારા નસીબે ખાડો ખાલી હતો, પણ અંદર રીંછ બેઠું હોત તો શું થાત?"

તે આંખોમાંથી આંસુ વહાવતી ભેગાભેગી હસતી હતી. તેણે મને ઝરણાના પાણી વડે સાફ કર્યો, પીડા ઓછી કરવા જખમો ઉપર કોઈ પાંદડાં મૂકીને પોતાનું બ્લાઉઝ બાંધી દીધું, અને પછી તે મને ટેકો આપીને રેલવેના ચોકીદારના ઝૂંપડા સુધી લઈ ગઈ કેમ કે એ વખતે હું બહુ કમજોર હતો, ચાલતો ઘેર જઈ શકું એમ નહોતું.

હું લગભગ દરરોજ નાનીમાને કહેતો:

"ચાલો ને, વનમાં જઈએ!"

તે બહુ ખુશીથી તૈયાર થઈ જતી. અમે છેક શરદના અંત સુધી વખત એવી રીતે વનમાંથી જડીબુટ્ટી અને બેરીઓ તેમ જ મશરૂમ અને સૂકાં ફળ ભેગાં કરીને ગાળ્યો. જે કંઈ ભેગું થાય તેને નાનીમા વેચી આવતી, અને એ પૈસા વડે અમારું ગુજરાન ચાલતું.

"હરામખોરો!" નાના ચીસો પાડતા રહેતા, જોકે અમે તેમના ખોરાકને કદી અડતા પણ નહિ.

વન મારા મનમાં શાંતિ અને સુખાકારીની લાગણી પેદા કરતું. એવી લાગણી મારી પીડાને હળવી કરી નાખતી અને તમામ નાખુશીઓને ભૂલી જવામાં મને મદદ કરતી. સાથે સાથે જ, મારામાં અજબ સતેજ પરખનો વિકાસ થયો: નિરીક્ષણ અને શ્રવણ વધારે તેજ બની ગયાં, યાદો વધારે પ્રમાણમાં જળવાઈ રહેવા લાગી, અનુભવોનો ભંડાર વિસ્તાર પામ્યો.

વળી નાનીમાની બાબતમાં હું વધારે ને વધારે હેરતની લાગણી અનુભવતો ગયો. હું તેને હંમેશાં બીજા સૌથી ઊંચી કક્ષાની વ્યક્તિ તરીકે, જગતમાં સૌથી વધારે માયાળુ અને સૌથી વધારે શાણા જીવ તરીકે, ગણતો રહ્યો હતો, અને તે મારી એવી ખાતરીને સતત વધારે પાકી બનાવતી હતી. એક વાર મશરૂમ ભેગાં કરીને સાંજે પાછાં ફરતી વેળા અમે વનને છેડે પહોંચ્યાં ત્યારે નાનીમા થાક ખાવા બેસી ગઈ, અને હું વધુ મશરૂમ ગોતી કાઢવાની આશાએ ફરવા લાગ્યો.

એકાએક તેનો અવાજ સંભળાતાં મેં પાછળ ફરીને જોયું તો તે નિરાંતે પગદંડી ઉપર બેઠી બેઠી મશરૂમનાં મૂળિયાં કાપી રહી હતી, અને તેની બાજુમાં એક પાતળો રાખોડી કૂતરો જીભ લબડાવતો ખડો હતો.

"જતો રહે, જતો રહે ને, મઝાનું જનાવર કહું તને!" નાનીમા બોલતી હતી, "જતો રહે, ભગવાન તારું ભલું કરે!"

થોડા વખત પહેલાં વાલ્યોકે મારા કૂતરાને ઝેર ખવડાવી દીધું હતું,

એટલે એ નવા કૂતરાને લલચાવીને ભેગો લઈ જવાની મંછા મારા મનમાં પેદા થઈ. હું દોડતો પગડંડીએ પહોંચી ગયો. કૂતરાએ ગરદન ફેરવ્યા વગર જ અજબ રીતે કાયાની કમાન બનાવી અને લીલી ભૂખી આંખો તાકીને મારી તરફ નજર નાખી, પછી તે પગ વચ્ચે પૂંછડી ભરાવીને ઠેકડો મારતો વનમાં ભાગી ગયો. પરંતુ જનાવરની ચાલ કૂતરા જેવી નહોતી, અને મેં સીટી વગાડી ત્યારે તે ધસમસાટ ઝાડીમાં ભાગી ગયું.

"જોયું ને?" નાનીમા હોઠ મલકાવતી બોલી. "પહેલાં તો મેં ભૂલથી કૂતરું ધારી લીધેલું. પછી ફરી નજર નાખી તો દાંત વરુ જેવા, અને ગરદનેય એવી જ. ખરી બીક લાગી મને. પણ પછી મેં કહી દીધું કે ભલે ને તું વરુ રહ્યું, તોયે જતું રહે એમાં જ સારવાટ છે. સારા નસીબે ઉનાળામાં વરુ હુમલા નથી કરતાં..."

તે વનમાં કદી ભૂલી ન પડતી, ઘરનો માર્ગ અચૂક ગોતી કાઢતી. તેને જડીબુટ્ટીની વાસ ઉપરથી ખબર પડી જતી કે એક જગ્યાએ કઈ જાતનાં અને બીજી જગ્યાએ કઈ જાતનાં મશરૂમ ઊગે, અને તે ઘણી વાર મારી જાણકારીની કસોટી પણ કરતી.

"રાતાં મશરૂમ કયા ઝાડ નીચે ઊગે? ખાવાલાયક અને ઝેરી 'સીરોયેજકા' વચ્ચે શું ફરક હોય? કઈ જાતનાં મશરૂમ ફર્નના છોડ નીચે છુપાઈને ઊગે?"

ઝાડની છાલમાં ટચૂકડો આંકો પારખીને તે ખિસકોલીનું દર ગોતી કાઢતી. હું ઝાડ ઉપર ચડી જતો અને ખિસકોલીએ શિયાળા માટે ભેગાં કરેલાં સૂકાં ફળ દરમાંથી કાઢી લેતો. ક્યારેક તો દસ રતલ જેટલો સંઘરો હોય.

એક વાર હું એવા કામમાં મશગૂલ હતો ત્યારે કોઈ શિકારીએ ધડાકો કરીને સત્તાવીશ ટચૂકડા છરા મારા પડખાના માંસમાં ખૂંતાડી દીધેલા. નાનીમાએ તેમાંથી અગિયાર છરા સોય વડે કાઢી નાખ્યા, બાકીના છરા ઘણાં વરસ મારી ચામડી તળે રહ્યા અને ધીરે ધીરે બહાર નીકળતા ગયા.

મને પીડા આત્મસંયમથી સહી લેતો જોઈને નાનીમાને ખુશી થતી.

"સાબાશ!" તે કહેતી. "પીડા સહી લીધી એટલે જાણે લડાઈ જીતી લીધી!"

તેને મશરૂમ અને સૂકાં ફળોના વેચાણમાંથી જરૂર કરતાં વધારે પૈસા મળે ત્યારે તે "અબોલ દાન" બારીની પાળ ઉપર મૂકી દેતી, અને પોતે

તહેવારના દિવસોએ પણ ચીંથરાં જેવાં તથા થીગડાંવાળાં કપડાંથી ચલાવી લેતી.

"ભિખારાંથીયે ભૂંડો દેખાવ છે તારો, મારે માથે કાળી ટીલી જેવી છો તું," નાના બબડતા.

"વાંધો નહિ, હું કંઈ તમારી દીકરી નથી, કે પછી વર ગોતતી કુંવારી કન્યાયે નથી."

તેમના કજિયાકંકાસ લગાતાર વધતા રહ્યા.

"મેં કંઈ બીજા લોકોથી બદતર પાપ નથી કર્યાં, પણ મને સજા વધારે સખત મળે છે," નાના મનની પીડા ઠાલવતા.

નાનીમા તેમને ચીડવતી:

"શયતાનને માણસની લાયકાતની બરાબર ખબર હોય"—અને અમે એકલાં હોઈએ ત્યારે તે મને સમજાવીને કહેતી—"ડોસાને શયતાનની સખત બીક લાગે છે. જો ને, બીકને લીધે લીધે બુઢ્ઢાપો કેટલો બધો વરતાય છે!.. હે ભગવાન! બીચારો જીવ!.."

એ ઉનાળા દરમિયાન વનમાં ફરવાથી મારી કાયા જોરાવર બની ગઈ, પણ હું અતડો થઈ ગયો. મને મારા ગોઠિયાઓની અને લુદ્‌મીલાની જિંદગીમાં દિલચસ્પી ન રહી. તેની ચબરાકી જોઈને હવે મને કંટાળો આવતો...

એક વાર નાના શહેરમાંથી પાછા આવ્યા ત્યારે ભીંજાઈને તરબોળ થઈ ગયેલા હતા. શરદના દિવસો હતા, વરસાદ વરસતો રહેતો. તેમણે ઉંબરે ચકલીની જેમ પાણી ખંખેરીને ફતેહના અવાજે કહ્યું:

"સાંભળ, આળસુના પીર, કાલથી કામે જવાનું છે તારે!"

"ક્યાં?" નાનીમાએ ચિડિયલ અવાજે પૂછ્યું.

"તારી બહેન માત્ર્યોનાને ત્યાં, એના દીકરાનું કામ કરવા."

"તમે પસંદગી ખોટી કરે છે, બાપા!"

"મૂંગી મર, બુઢ્ઢી મૂરખ! કોને ખબર છે, એ લોકો આને કદાચ કારીગર બનાવેય ખરા!"

નાનીમાએ કશું બોલ્યા વગર માથું નમાવી દીધું.

એ દિવસે સાંજે મેં લુદ્‌મીલાને કહ્યું કે હું શહેરમાં રહેવા જવાનો છું.

"થોડા વખતમાં મનેય શહેરમાં લઈ જવાના છે," તેણે વિચારમાં

પડી જતાં કહ્યું. "બાપુનો ઈરાદો મારો પગ કપાવી નાખવાનો છે. એ લોકોનું કહેવું છે કે પછી હું સાજીનરવી થઈ જઈશ."

તે ઉનાળા દરમિયાન વધારે દૂબળી થઈ ગઈ હતી. તેના ચહેરામાં નીલી છાયા આવી ગઈ હતી અને આંખો બેહદ મોટી થઈ ગઈ હતી.

"બીક લાગે છે?" મેં પૂછ્યું.

"હા," તે જવાબ આપીને પછી મૂંગી મૂંગી રડવા લાગી.

હું તેને દિલાસો દેવા કશું જ કહી શકું એમ નહોતો. મનેય શહેરની જિંદગીની બીક લાગતી હતી. અમે પીડાકારી ચુપકીની હાલતમાં એકબીજાને લપાઈને કેટલીય વાર સુધી બેસી રહ્યાં.

ઉનાળો હોત તો મેં નાનીમાને તેની જુવાનીના દિવસોની જેમ ભીખ માગવા નીકળી પડવા પટાવી લીધી હોત, લુદ્‌મીલાને પણ ભેગી લઈ શક્યાં હોત. હું તેને નાનકડી ગાડીમાં બેસાડીને ગાડી ખેંચતો રહ્યો હોત...

પણ શરદના દિવસો હતા. રસ્તાઓ પર ભેજવાળો પવન ફૂંકાતો રહેતો, આસમાન અનંત વાદળોના બુરખામાં ઢંકાયેલું રહેતું, ધરતી વિલાતી રહેતી, ગંદવાડમાં લપેટાતી રહેતી, ગમગીનીમાં સરકતી રહેતી...

૪

હું ફરી શહેરમાં, ઘણાં માણસોના રહેવાસ માટે બાંધવામાં આવેલા અને કફન જેવા દેખાતા બે માળના ધોળા મકાનમાં, રહેવા ગયો. મકાન નવું હતું, પણ માંદલું લાગતું હતું, અણધારી પારાવાર દોલત વારસામાં મળી જતાં અકરાંતિયાની જેમ ખાઈને ફૂલી ગયેલા ભિખારીની જેમ ફૂલી ગયેલું હતું. તે જાણે શેરીની પડખે ખડું હતું. માળ દીઠ આઠ બારીઓ શેરીમાં પડતી હતી અને ચાર બારીઓ એક બાજુએ, જ્યાં મકાનનો આગળનો ભાગ હોવો જોઈતો હતો ત્યાં, પડતી હતી. નીચલી બારીઓ ફળિયામાં જવાની નાનકડી નેળમાં ખૂલતી હતી, અને ઉપલી બારીઓમાંથી ગંદી ખાઈ આડે બાંધવામાં આવેલી વાડ અને કોઈ ધોબણનું નાનકડું ઘર નજરે પડતાં હતાં.

શબ્દના સામાન્ય અર્થમાં શેરી ગણાય એવું કંઈ નહોતું. મકાનની સામે પેલી ગંદી ખાઈ હતી, તેને પાર કરવા બે જગ્યાએ સાંકડા પુરતા બાંધવામાં આવ્યા હતા. ડાબી તરફ કેદખાનું હતું, લત્તાનાં ઘરોમાં વસતાં

માણસો કચરો ખાઈમાં ફેંકતા. એટલે ખાઈને તળિયે ઘાટો લીલો રગડો છવાયેલો રહેતો. ખાઈ જમણી તરફ ગંધારા ઝવેઝદિન તળાવમાં ખતમ થઈ જતી હતી. ખાઈનો વચલો ભાગ બરાબર અમારા ઘરની સામે પડતો હતો. તેના અરધા હિસ્સામાં કચરાના ગંજ ખડકાયેલા હતા અને નેટલ, બર્ડોક, તથા સોરેલ જેવા છોડવેલા ઊગી નીકળેલા હતા. બાકીના અરધા હિસ્સામાં પાદરી દોરીમેદોન્ત પોક્રોવ્સ્કીએ બગીચો બનાવ્યો હતો. બગીચામાં લીલા લાકડાની પાતળી પટ્ટીઓ વડે બનાવેલી ગ્રીષ્મ-કુટિર હતી, કોઈ પથરા મારે ત્યારે પટ્ટીઓ ભાંગી જતી.

જગ્યા બેહદ કંટાળાજનક અને ચીતરી ચડે એટલી ગંદી હતી. શરદનું હવામાન ઘાસવાળી ચીકણી માટીને જાણે લાલ ડામર જેવી બનાવી દેતું હતું, માટી પગમાં ચોંટી જતી અને પછી નિષ્ઠુરતાથી ચોંટેલી જ રહેતી. આટલી નાની જગ્યામાં આટલો બધો ગંદવાડ મેં અગાઉ ક્યારેય નહોતો જોયો, ખેતરો અને વનોની નિર્મળતાથી ટેવાઈ ગયા પછી શહેરનો એ ગંધારો ખૂણો જોતાં જ મારા મનમાં એવો સંતાપ ભરાઈ જતો કે તેને શબ્દોમાં આલેખી ન શકાય.

ખાઈની પાર ભૂખરી જર્જર વંડીઓ હતી. તેમાં મને મારા પુરાણા વસવાટનું બદામી મકાન જોવા મળ્યું. હું બૂટની દુકાનમાં છોકરા નોકર તરીકે કામ કરતી વેળા ત્યાં રહેતો હતો. એ મકાન નજીકમાં હોવાની જાણકારીથી મને મનમાં વધારે ખરાબ લાગ્યું. મારે એ શેરીમાં ફરી વાર કેમ રહેવું પડયું?

હું મારા નવા માલિકને ઓળખતો હતો. અગાઉ તે અને તેનો ભાઈ મારી માને મળવા આવતા. એ વખતે "આંદ્રેઈ-પાપા... આંદ્રેઈ--પાપા ..."ના રમૂજી રાગડા તાણનાર તેનો ભાઈ જ હતો.

તેઓ બેઉ અગાઉ જેવા જ હતા: પોપટિયું નાક અને લાંબા વાળવાળો મોટો ભાઈ ખુશાલ અને દેખીતી રીતે માયાળુ લાગતો હતો. નાના વિક્તરનું મોઢું અગાઉની જેમ જ ઘોડા જેવું અને કાળાં ટપકાંવાળું હતું. તેમની મા નાનીમાની બહેન હતી પણ બહુ ધાંધલખોર અને ખિજાળ હતી. મોટો દીકરો ઘેરી આંખોવાળી અને ઘઉંના લોટની પોચી ગોળ ડબલરોટી જેવી ધોળી અને ગોળમટોળ બાઈને પરણ્યો હતો.

તેણે શરૂઆતના દિવસોમાં બે વાર મને સંભળાવ્યું:

"મેં તારી માને કાળા પથ્થરનાં મોતી જડેલું રેશમનું ફ્રાક આપ્યું હતું."

કોણ જાણે કેમ પણ મારું મન માનવા તૈયાર નહોતું થતું કે તેણે મારી

માને ભેટ આપી હોય અને માએ લઈ લીધી હોય. તેણે મને ફરી વાર ફ્રાકની યાદ અપાવી ત્યારે મેં પરખાવી દીધું:

"ફ્રાક આપી દીધેલું તો પછી તારે શેખી મારવાની શી જરૂર છે?"

તે ચોંકીને પાછળ ખસી ગઈ, હેરતમાં ગરકાવ થઈ ગઈ.

"શું... ઉં..? ખબર છે કોની જોડે વાત કરે છે?"

તેના ચહેરામાં રાતાં ધાબાં ઊપસી આવ્યાં, ડોળા ગોળગોળ ફરવા લાગ્યા, અને તેણે પોતાના ધણીને બોલાવ્યો.

માલિક રસોડામાં આવ્યો. તેના હાથમાં કંપાસની જોડી હતી અને કાને પેનસિલ ભરાવેલી હતી. તેણે પત્નીની વાત સાંભળી લઈને મને કહ્યું:

"સૌને 'તમે' કહેવાનું છે. અને તોછડાઈ ક્યારેય નથી કરવાની."

પછી તે પત્ની તરફ ફરીને અધીરાઈથી બોલ્યો:

"આવી નકામી બાબતોમાં મને હેરાન નથી કરવાનો!"

"નકામી બાબત... એટલે શું? તમારો પોતાનો સગો..."

"દોજખમાં જાય મારો સગો!" તે બોલી ઊઠયો અને બહાર ધસી ગયો.

મને પણ હકીકત જરાય નહોતી ગમતી કે એ લોકો મારી નાનીમાનાં સગાં હતાં, મેં જે કંઈ જોયુંજાણ્યું હતું તે મુજબ, સગાં એકબીજાની જોડે અજાણ્યાં માણસો કરતાં બદતર વર્તન કરતાં. એકબીજાનાં નબળાં અને હાસ્યાસ્પદ પાસાંની જાણકારી બીજા કોઈ કરતાં વધારે ધરાવતાં હોવાથી તેઓ વધારે ખરાબ ગપ્પાં ફેલાવતાં, માંહોમાંહે વધારે કજિયાકંકાસ અને લડાઈઝઘડા કરતાં.

માલિક મને ગમતો. તે મોહક રીતે વાળ ફંગોળીને કાન પાછળ ધકેલી દેતો, અને કોણ જાણે કેમ પણ તેને જોઈને મને "મઝાની વાત" યાદ આવી જતો. તે ઘણી વાર મોકળું હસી પડતો, એમ બને ત્યારે તેની રાખોડી આંખોમાં સદ્ભાવ ઝળકવા લાગતો અને બાજના જેવા તેના નાકની બન્ને બાજુએ રમૂજ પેદા કરે એવી કરચલીઓ પડી જતી.

"બસ હવે, ગાજતાં મરઘાં, લડાઈ બહુ થઈ ગઈ!" તે મોં મલકાવીને સુઘડ ગોઠવાયેલા નાનકડા દાંત ખુલ્લા કરતો મા અને પત્નીને કહેતો.

બેઉ બાઈઓ દરરોજ કજિયા કરતી, એટલી ઝપાટાબંધ લાલપીળી થઈ જતી કે જોઈને મને હંમેશાં આશ્ચર્ય થતું. બન્ને જણીઓ વહેલી

સવારથી વાળ ઓળ્યા વગર અને અડધાંપડધાં કપડાં પહેરીને ઓરડાઓમાં ધસતી રહેતી, જાણે કેમ ઘરમાં આગ લાગી હોય. તેઓ આખો દિવસ નકામી ધમાલ કરતી રહેતી, ખાલી ખપોરે જમવા, પછી ચા પીવા, અને સાંજે વાળુ કરવા ટેબલ ફરતે બેઠી હોય ત્યારે જ જંપીને રહેતી, અને બેભાન થઈ જાય એટલી હદ સુધી ખાતીપીતી રહેતી, જમતી વેળા તેઓ ખોરાકની વાતો કરતી, હળવે હળવે બોલ સામા બોલ પરખાવીને સખત કજિયાની તૈયારી કરતી. સાસુએ ગમે તે રાંધ્યું હોય પણ વહુ ચોક્કસ કહેવાની જ:

"મારી મા આ ચીજ આવી રીતે ક્યારેય નહોતી બનાવતી."

"તો આનાથી ખરાબ બનાવતી હશે."

"ના, બહેતર બનાવતી."

"તો પછી જઈને મા ભેગી કેમ નથી રહેતી?"

"અહીંયાં ઘરની માલિકણ છું!"

"અને તું શું ધારે છે કે હું કોણ છું?"

"બસ હવે, ગાજતાં મરઘાં!" માલિક કહેતો. "આખર થયું છે શું તમને? ગાંડાં થઈ ગયાં છો કે શું?"

ઘરમાં બધું અસમંજસ રીતે અજબ અને હાસ્યાસ્પદ હતું. રસોડામાંથી ભોજનખંડમાં જવા માટે સાંકડા નાનકડા જાજરૂમાં થઈને જવું પડતું. ઘરમાં એ જ એક જાજરૂ હતું. ખોરાક અને સમોવારને જાજરૂની ઓરડી વાટે જમવાના ટેબલ સુધી પહોંચાડવામાં આવતા. એ બાબતમાં પુષ્કળ ટોળટાપ્પા થતા અને ઘણી વાર બહુ રમૂજી કિસ્સા બનતા. મારે કરવાનાં કામમાં જાજરૂની ટાંકીમાં પાણી ભરી રાખવાનું કામ પણ સામેલ હતું. હું રસોડામાં સૂતો. મારી સૂવાની જગ્યા જાજરૂના બારણાની સામે અને ઘરના આગળના ભાગના ઓટલાના બારણા નજીક હતી. હું માથું રસોડાની ભઠ્ઠી તરફ રાખતો એટલે મને ત્યાં વધારે પડતી ગરમી લાગતી, અને ઓટલાના બારણા નીચેથી વહેતી રહેતી હવાને કારણે મારા પગ ઠરી જતા. સૂઈ જવાની વેળાએ હું ભોંયપટની બધી સાદડીઓ ભેગી કરીને મારા પગ ઉપર ખડકી દેતો.

દીવાનખાનું ખાલી રહેતું અને કંટાળાજનક લાગતું. તેમાં બે મોટા અરીસા જડેલા હતા, પત્તાં રમવાનાં બે ટેબલ હતાં, સીધી પીઠવાળી બાર ખુરશીઓ હતી, અને 'નીવા' સામયિકના લવાજમોની ભેટ તરીકે મળેલાં સોનેરી ફ્રેમવાળાં ચિત્રો હતાં. અંદરનો નાનકડો બેઠકખંડ ભપકાદાર ગાદીતકિયાવાળા રાચરચીલાથી અને કબાટોથી ઠસોઠસ ભરેલો હતો. વહુને

કરિયાવરમાં મળેલા ચાંદી અને ચાના સેટ કબાટોમાં ગોઠવેલા હતા. કદની બાબતમાં એકબીજીની હરીફાઈ કરતી ત્રણ બત્તીઓ ખંડના ગૌરવની પરાકાષ્ઠાને અંકિત કરતી હતી. બારી વગરના શયનખંડમાં જબ્બર મોટો પલંગ હતો, પેટીઓ પડી હતી, અને કપડાંનાં કબાટો ગોઠવેલાં હતાં. કબાટોમાંથી તમાકુનાં પાંદડાંની અને કેમોમાઇલ વનસ્પતિની વાસ આવતી હતી. એ ત્રણેય ખંડ હંમેશાં ખાલી રહેતા. આખું કુટુંબ ટચૂકડા ભોજનખંડમાં ભરાઈ રહેતું, અને સૌ એકબીજાની આડે આવતાં રહેતાં. સવારે આઠ વાગ્યે નાસ્તો પતી જાય કે તરત ઘરધણી અને તેનો ભાઈ ટેબલને લંબાવી દેતા, ઉપર સફેદ કાગળો બિછાવી દેતા, રેખાંકનનાં સાધનો તેમ જ પેનસિલો તથા રોશનાઈ ભરેલી રકાબીઓ લાવીને ગોઠવતા, અને પછી કામે લાગી જતા, એક જણ ટેબલને એક છેડે અને બીજો સામે છેડે. ટેબલ હલતું રહેતું, જાણે આખા ખંડને ભરી દેતું, અને નાની માલિકણ તથા બાળકની આયા શિશુખંડમાંથી અંદર આવે ત્યારે ટેબલ જોડે અચૂક ભટકાઈ જતી.

એક વાર વિક્તરે બરાડો પાડયો: "આઘી રહેતાં નથી આવડતું?" માલિકણના ચહેરામાં દુભાવાની લાગણી છવાઈ ગઈ. તેણે મોં ધણી તરફ ફેરવીને કહ્યું: "વાસ્યા, આને કહી દો કે મારી સામે ઘાંટા ન પાડે!"

"તારે ટેબલ હલાવવું જ નહિ," ધણીએ શાંત અવાજે સલાહ આપી.

"પણ મને દહાડા રહ્યા છે ને અહીં સંકડાશ છે."

"ઠીક, અમે દીવાનખાનામાં જઈને કામ કરશું."

"ભલા ભગવાન! દીવાનખાનામાં તે કામ કરાતું હશે!"

જાજરૂને બારણે મોટી માલિકણ માત્ર્યોના ઇવાનોવ્નાનો ચહેરો નજરે પડયો. તેનું મોં ભઠ્ઠીના તાપને લીધે લાલચોળ થઈ ગયેલું હતું.

"છે ને જોવા જેવું, વાસ્યા!" તે બોલી ઊઠી. "તું કામ કરીને આંગળાં ઘસી નાખે છે, અને આને ગલૂડિયાં જણવા ચાર ઓરડાયે પૂરા નથી પડતા! તેં તો રાજકુંવરીને ઘરમાં બેસાડી છે, માથામાં અક્કલના છાંટાયે વગરની!"

વિક્તરે ખારમાં દાંત કાઢ્યા.

"બસ હવે!" ધણીએ ઘાંટો પાડયો.

પણ તેની ઘરવાળી સાસુને ધોધમાર ગાળો ભાંડીને પછી ખુરશી પર ફસકાઈ પડી અને ઊંહકારા કરવા લાગી.

"જતી રહીશ! મરી જઈશ!"

"કોઈ રીતે કામ કરવા જ નથી દેતી, શયતાન લઈ જાય તમને!" ધણીએ બરાડો પાડયો. "પાગલખાનું છે આ તો! આખર તો તમારે ખાતર, તમારાં પેટ ભરવા, કાયા ઘસી નાખું છું મારી! ગાજતાં મરઘાં ક્યાંનાં!"

શરૂઆતમાં એવા કજિયા જોઈને મને બીક લાગતી. એક વાર તો હું બેહદ ગભરાઈ ગયેલો. વહુ રોટી કાપવાની છરી ઉપાડીને જાજરૂમાં ભરાઈ ગઈ અને બારણું અંદરથી વાસીને ભયંકર ચીસો પાડવા લાગી. ઘરમાં પળવાર તો ખોફનાક ચુપકી છવાઈ ગઈ, પણ પછી ધણી દોડતો જઈને બારણાની અડોઅડ બેવડ વળી ગયો અને તેણે મને જોરથી કહ્યું:

"ઉપર ચડી જા! બારી તોડી નાખ અને બારણાની આંકડી ખોલી નાખ!"

હું ફૂર્તિથી તેની પીઠ ઉપર ચડી ગયો અને ઉપરનો કાચ તોડીને અંદરની આંકડી ખોલવા નીચે નમ્યો ત્યારે વહુ છરીનો હાથો જોરજોરથી મારા માથામાં ફટકારવા લાગી. તેમ છતાં મેં આંકડી ખોલીને બારણું ઉઘાડી નાખ્યું. ધણીએ ધસારો કરીને ઘરવાળીને પકડી લીધી અને તેને દીવાનખાનામાં ઢસડી જઈને છરી તેના હાથમાંથી ઝૂંટવી લીધી. હું રસોડામાં બેઠો બેઠો મારું ફૂટેલું માથું પંપાળતો હતો ત્યારે મને ખ્યાલ આવ્યો કે મેં પીડા સાવ નકામી વેઠી હતી. છરી એટલી બુઠ્ઠી હતી કે તેના વડે માખણ કાપવાનુંયે અશક્ય હતું. એટલે ગળું કાપવાનો તો સવાલ જ નહોતો. વળી માલિકની પીઠ ઉપર ચડવાનું પણ જરૂરી નહોતું, હું ખુરશી ઉપર ચડીને બારી તોડી શક્યો હોત, અને બારણાની આંકડી ખોલવાનું મોટા માણસ માટે વધારે સહેલું બન્યું હોત, તેના હાથ વધારે લાંબા હોય. ત્યાર પછી ઘરમાં કજિયા જોઈને મને બીક ન લાગતી.

ભાઈઓ દેવળની સંગીતમંડળીના સભ્યો હતા અને કામ કરતી વેળા ક્યારેક ક્યારેક હળવા અવાજે ગાતા. મોટો ભાઈ મધ્યમ સૂરમાં શરૂ કરતો:

વીંટી માશૂકની,
સાગરમાં ફગાવી...

અને નાનો ભાઈ રણકતા સૂરમાં આગળ ચલાવતો:

અને ગઈ વીંટી ભેગી,
ખુશાલી આ જગતની...

શિશુખંડમાંથી નાની માલિકણનો દબાતો અવાજ સંભળાતો:

"ગાંડા થઈ ગયા છો કે શું? ખબર નથી કે બચ્ચું સૂતું છે?"

અથવા:

"તમે પરણેલા છો, વાસ્યા, આમ માશૂકનાં ગીત ગાવાનું હવે તમને શોભે નહિ. વળી હમણાં જ પ્રાર્થનાનો ઘંટ વાગશે..."

"ઠીક, તો ધરમનું ગીત ગાઈશું..."

પરંતુ મારી માલિકણે ભારપૂર્વક જણાવી દીધું કે ધરમનાં ગીત ગમે ત્યાં ન ગવાય, ખાસ કરીને અહીંયાં તો નહિ જ.. અને તેણે ભાવવાહી રીતે હાથ જાજરૂના બારણા તરફ લંબાવ્યો.

"હવે તો હદ આવી ગઈ છે," માલિકે ઘુરકાટ કર્યો. "ઘર બદલાવી નાખવું પડશે!"

તે એવી જ રીતે નવું ટેબલ વસાવવાની વાત વારંવાર કરતો, પણ તેને દોહરાવતાં દોહરાવતાં ત્રણ વરસ વીતી ગયાં હતાં.

હું જ્યારે જ્યારે એ લોકોને પાડોશીઓની વાત કરતાં સાંભળતો ત્યારે ત્યારે મને બૂટની દુકાનની ગપબાજી યાદ આવતી. મને સાફ સમજાઈ ગયું કે મારા આ માલિકો પણ પોતાને શહેરના સર્વોત્તમ માણસો ગણે છે, એકદમ સમુચિત વર્તનના બધા નિયમો જાણે છે અને એ નિયમો મુજબ બીજા સૌની કઠોર મુલવણી કરે છે. પરંતુ એ નિયમો મારી સમજણમાં કોઈ રીતે નહોતા ઊતરતા. બીજા લોકોની મુલવણી કરવાની તેમની ટેવ મારા મનમાં તેમની તરફ અને નિયમો તરફ સખત નારાજીની લાગણી પેદા કરતી, અને એ નિયમોનો ભંગ કરવામાં મને બેહદ મઝા પડતી.

મારે ઘણાંબધાં કામ કરવાં પડતાં. ઘરની ચાકરડીની ફરજો બજાવવામાં મારે બુધવારે રસોડાનો ભોંયપટ ઘસીને સાફ કરવો પડતો અને સમોવાર તથા બીજી પિત્તળની ચીજો માંજીને ચળકાવતી પડતી, અને શનિવારે ઘરના બધા ભોંયપટ તેમ જ બે દાદરા ઘસીને સાફ કરવા પડતા. હું ભઠ્ઠીઓ માટે લાકડાં ફાડીને અંદર લઈ આવતો, વાસણ માંજતો, શાકભાજી સાફ કરતો, ટોપલો ઉપાડવા માલિકણ ભેગો બજારે જતો, અને કરિયાણાની તથા દવાની દુકાને ભાગદોડ કરતો રહેતો.

મારી મોટી માલિકણ, નાનીમાની ધાંધલખોર ચિડિયલ બહેન, સવારમાં વહેલી છ વાગ્યે ઊઠી જતી, જરાક હાથમોં ધોઈ લેતી, ખાલી એક બ્લાઉઝ પહેરીને દેવચિત્રોની સામે બેસી જતી, અને કેટલીય વાર સુધી પોતાની

જિંદગી વિશે, દીકરાઓ વિશે, તથા વહુ વિશે ઈશ્વરને ફરિયાદ કરતી રહેતી.

તે પાંચેય આંગળીઓ ભેગી કરીને ટેરવાં કપાળે અડાડતી અને રોતલ અવાજે રાગડા તાણતી: "હે ઈશ્વર, મારે તારી પાસેથી બીજું કંઈ નથી જોઈતું, હે પ્રભુ, હું તારી પાસેથી બીજું કંઈ નથી માગતી, જરાક આરામ સિવાય, જરાક શાંતિ સિવાય, તારી મરજી હોય તો!"

તેના રાગડા સાંભળીને હું જાગી જતો, ધાબળા નીચે પડ્યો પડ્યો તેને જોતો રહેતો, બીતો બીતો તેની લાગણીમય પ્રાર્થનાઓ સાંભળતો રહેતો. વરસાદમાં ધોવાયેલી બારીમાં શરદનું પ્રભાત અંધારઘેરું ડોકિયું કરતું, પરોઢિયે ટાઢ રહેતી. ડોશી ક્રૉસની નિશાની કરે ત્યારે તેની રાખોડી આકૃતિ ભોંયપટ ઉપર નમી જતી, નાનકડા માથા ઉપરથી રૂમાલ સરકી જતો, તેના પાતળા ઊજળા વાળ ખભાઓ ઉપર ફેલાઈ જતા. વારંવાર ખસી જતા રૂમાલને ડાબા હાથ વડે ઝપાટાબંધ સરખો કરતી તે બબડતી:

"કાળમુખું ચીંથરું!"

ક્રૉસની નિશાની કરવા કપાળ, ખભા, અને પેટને જોરજોરથી ફટકારતી તે પોતાની અરજ ધૂરકતી:

"હે ઈશ્વર, તું મારાથી જરાય રાજી હો તો મારી વહુને સજા કરજે! જેવી રીતે મારું અપમાન કરે છે એનો બદલો એને ચૂકવવો પડે એવું કરજે! અને મારા દીકરાની આંખો ઉઘાડી નાખજે, એટલે એને ખબર પડે કે વહુ ખરેખર કેવી છે, અને વિક્તર કેવો છે! અને, ભગવાન, વિક્તરને મદદ કરજે! એની ઉપર દયા રાખજે!.."

વિક્તર પણ રસોડામાં ઊંચે જડેલા પાટિયા ઉપર સૂતો. માની ફરિયાદો તેને જગાડી દેતી અને તે નીંદરઘેરા અવાજે ઘાંટો પાડતો:

"મા, પાછા રાગડા શરૂ કરી દીધા, આટલા વહેલા? તમને તો જાણે ભૂત વળગી ગયું છે!"

"અરે, અરે! તું સૂઈ જા પાછો," મા કસૂરના ભાવે હોઠ ફફડાવતી બોલતી, એકબે મિનિટ મૂંગી મૂંગી આગળપાછળ ડોલતી રહેતી, પણ પછી ફરી વાર તરસતા રાગડા તાણવા લાગતી:

"એ લોકોનાં હાડકાંનો માંયલો રસ ઠરીને જામી જાય, લોહી સુકાઈ જાય!.."

એટલું ઝેર ભરેલી પ્રાર્થના તો નાનાયે કદી નહોતા કરતા.

પ્રાર્થના પતી જાય એટલે તે મને ઉઠાડતી:

"ઊઠ હવે! પડયો છો લાંબો થઈને! એટલા ખાતર તને કામે નથી રાખ્યો!.. સમોવાર ગોઠવી દે, અને લાકડાં લઈ આવ! સાંજે છોડિયાં તૈયાર રાખી મૂકવામાં પાછી બેદરકારી! હં!"

ડોશીનો સુસવાટિયો બબડાટ સાંભળવો ન પડે એટલા ખાતર હું ઝડપથી કામ પતાવવાની કોશિશ કરતો, પણ તેને રાજી કરવાનું અશક્ય હતું. તે હિમના તોફાનની જેમ રસોડામાં આમથી તેમ ધસતી ફૂંફાડા મારતી રહેતી:

"ધીમે, નાનકા શયતાન! વિક્તર જાગી જાશે તો તારાં હાડકાં ખોખરાં કરી નાખીશ! જા, દોડતો દુકાને જઈ આવ..."

રજા સિવાયના દિવસોએ સવારના નાસ્તા માટે અમે બે રતલ ઘઉંની રોટી અને નાની માલિકણ માટે બે કોપેકની પોચી ગોળ રોટી ખરીદતા. હું રોટી લઈને ઘેર પહોંચું ત્યારે બેઉ બાઈઓ શંકાની નજરે રોટી તપાસી જોતી, હથેળીમાં મૂકીને વજનનો અંદાજ લગાવતી, અને સવાલો પૂછવા લાગતી:

"વજન પૂરું કરવા ભેગો કકડો નહોતો આપ્યો? નહિ? બને નહિ! ચાલ, મોઢું ખોલ જોઉં!" પછી તેઓ ફતેહની લગણીથી ઘાંટા પાડતી: "કકડો ખાઈ ગયો છે! ખાઈ ગયો છે! દાંતમાં કણીઓ ભરાયેલી છે!"

હું રાજીખુશીથી કામ કરતો. ઘરમાંથી કચરો વાળીને ફેંકી દેવામાં, પિત્તળનાં વાસણો માંજવામાં, બારણાંના ધાતુના હાથા લૂછીને ચળકાળવામાં, ચૂલાની તાસકો ધોવામાં, અને ભોંયપટ ઘસીને સાફ કરવામાં મને રઝા પડતી. ઘરમાં શાંતિ હોય ત્યારે મને એક વાર નહિ પણ ઘણી વાર બાઈઓનાં વેણ સાંભળવા મળતાં:

"મહેનતુ છે!"

"સાફ છે!"

"પણ તોછડો બહુ છે!"

"ઉછેર્યો છે કોણે!"

બન્ને બાઈઓ મને તેમની તરફ આદર બતાવતો કરી દેવાની બહુ મહેનત કરતી. પણ હું તેમને અરધી ચસકેલી ગણતો. તેઓ મને કશા ખપની નહોતી, હું તેમના હુકમો બજાવવાનો ઇનકાર કરતો, અને હંમેશાં વળતા જવાબ દેતો. નાની માલિકણના ધ્યાનમાં આવી ગયું હોવું જોઈએ કે

તેની કેટલીક વાતોની કેવી અસર મારી ઉપર થાય છે, એટલે તે મને કહેતી રહેતી:

"તારે ભૂલવાનું નથી કે અમે તને ભિખારાંના કુટુંબમાંથી લાવીને રાખ્યો છે. મેં એક વાર તારી માને કાળા પથ્થરનાં મોતી ભરેલું રેશમનું ફ્રાક આપ્યું હતું."

એક દિવસ મેં તેને કહ્યું:

"તો શું તમારે એ ફ્રાકના બદલામાં મારી ચામડી ઉતરડી લેવી છે?"

"ભલા ભગવાન! આ તો ઘરમાં આગ લગાવી દે એવો છે!" તે ગભરાટમાં બોલી ઊઠી.

હું હેરતમાં ગરકાવ થઈ ગયો: ઘરમાં આગ શું કામ લગાવું?

બન્ને સ્ત્રીઓ મારે વિશે માલિકને ફરિયાદ કરતી રહેતી. માલિક કરડા અવાજે મને કહેતો:

"જો ભાઈ, વલે કરી નાખીશ તારી!"

પણ એક દિવસ તેણે કંટાળીને ઘરવાળી તથા મા તરફ ફરતાં કહ્યું:

"ખરાં છો તમે! છોકરો જાણે ઘોડો હોય એમ એને પલાણો છો! બીજો કોઈ હોત તો ક્યારનો ભાગી ગયો હોત, કે પછી કામના બોજાથી દબાઈને મરી ગયો હોત!.."

બાઈઓને એટલી બધી ખીજ ચડી કે તેમની આંખોમાં આંસુ આવી ગયાં.

"એની હાજરીમાં આમ બોલવાની હિંમત કેવી રીતે થઈ તમારાથી? વાળ તો લાંબા રાખ્યા છે પણ મૂરખ છો સાવ!" ઘરવાળીએ ગુસ્સાના આવેશમાં પગ પછાડતાં બરાડો પાડ્યો. "આવું સાંભળ્યા પછી મારું કહ્યું શું કામ માને? અને હું ભારેવાઈ બાઈ!"

મા રોતલ અવાજે રાગડા તાણવા લાગી:

"ભગવાન તને માફ કરે, વસીલી, પણ મારાં વેણ યાદ રાખજે—તું છોકરાને બગાડી નાખવાનો!"

પછી બેય જણી મોઢાં ચડાવીને ચાલી ગઈ.

"અરે, નાનકા શયતાન, જોયું ને, કેવો બખેડો પેદા કરી દીધો તેં? પાછા તારા નાના પાસે મોકલી દેવો પડશે, હા, મોકલી જ દેવો પડશે, પછી તું તારે પાછો ચીંથરાં ભેગાં કરતો રહેજે!" તેણે કરડા અવાજે કહ્યું:

"તમારી ભેગા રહેવા કરતાં તો ચીંથરાં ભેગાં કરવાનું સારું," મેં

તડાક વળતો જવાબ દીધો કેમ કે મારાથી અપમાન સહેવાતું નહોતું. "તમે મને કારીગરી શીખવવા લઈ આવેલા, પણ શીખવો છો શું? ગંદવાડના ઢગલા ઉપાડતાં, એમ ને?.."

માલિક હળવા હાથે મારા વાળ પકડીને મારી આંખોમાં નજર પરોવતો બોલ્યો:

"તું નાનકો મવાલી તો ખરો, એમાં ના નહિ! પણ એમ નહિ ચાલે, ભાઈ, બિલકુલ નહિ ચાલે!.."

મને ખાતરી હતી કે પાછો ઘેર મોકલી દેશે, પણ બે દિવસ પછી તે હાથમાં પેનસિલ, ફૂટપટ્ટી, ત્રિકોણ, અને કાગળનો વીંટો લઈને રસોડામાં આવ્યો.

"છરીઓ સાફ કરવાનું પતી જાય એટલે આની નકલ કરી નાખજે," તેણે કહ્યું.

રેખાંકનમાં બે માળના મકાનની આકૃતિ હતી, મકાનમાં ઘણીબધી બારીઓ અને પ્લાસ્ટરની સજાવટ હતી.

"આ લે, કંપાસ. બધી રેખાઓ માપી લે, પછી માપ મુજબ કાગળમાં ટપકાં કરીને બધાંયને ફૂટપટ્ટી વડે જોડી દે. પહેલાં લાંબી, એટલે આડી, લીટી દોરવાની, અને પછી ઉપરથી નીચે, એટલે ઊભી, લીટી દોરવાની, કરી દે શરૂ!"

કામ કહેવાય એવું કામ અને શીખવાનું મળ્યું એટલે હું તો ખુશ થઈ ગયો, પણ કંઈ સમજાતું નહોતું એટલો આભો બનીને કાગળ તથા સાધનોને તાકી રહ્યો.

પણ પછી તરત હાથ ધોઈને કામે લાગી ગયો. પહેલાં આડી રેખાનાં ટપકાં કરીને જોડી દીધાં. સરસ! પણ કોણ જાણે કેમ વધારાની ત્રણ લીટીઓ થઈ ગઈ. પછી બધી ઊભી લીટીઓ દોરી, પણ આકૃતિ જોઈને હું બહુ અચરજમાં પડી ગયો, મકાનનો દેખાવ અજબ રીતે બદલાઈ ગયો હતો. બારીઓ વચાળાની દીવાલની જગ્યાએ ઊંચી ચડી ગઈ હતી, અને એક બારી તો મકાનની બહાર હવામાં લટકતી હતી. દાખલ થવાનું મુખ્ય બારણું પણ બીજે માળે ચડી ગયું હતું, છત નીચેની કાંગરી છાપરાથી ઊંચે હતી, અને છાપરાનું જાળિયું ધુમાડિયાની ટોચે ચડી ગયું હતું.

એ ભયાનક વિરૂપતાને રડમસ ચહેરે જોતો હું કેટલીય વાર સુધી ઊભો રહ્યો, સમજવાની કોશિશ કરતો રહ્યો કે એમ કેવી રીતે થઈ ગયું. આખરે

મેં મારી કલ્પનાની મદદ લઈને મામલો સુધારી લેવાનો ફેંસલો કર્યો. મેં બધી કાંગરીઓ ઉપર અને મોભ ઉપર ચકલાં, કાગડા, અને કબૂતરોનાં ચિત્રો બનાવ્યાં, અને ભોંયે બારીઓની સામે છત્રીવાળાં હાથીપગાં માણસોની આકૃતિઓ બનાવી. એ લોકો પોતાની ખોડખાંપણોને જરાય છુપાવતા નહોતા. પછી આખા આલેખન ઉપર ત્રાંસી લીટીઓ દોરીને હું તેને માલિક પાસે લઈ ગયો.

તેણે ભવાં ઊંચાં ચડાવ્યાં, વાળની લટને વળ ચડાવ્યો, અને લૂખા અવાજે સવાલ કર્યો:

“આ છે શું?

“વરસાદ પડે છે,” મેં સમજાવ્યું. “વરસાદમાં મકાનો હંમેશાં ત્રાંસા દેખાય કેમ કે વરસાદ ત્રાંસો જ હોય. પેલાં પંખીઓ—હા, પંખીઓ જ છે—કાંગરીમાં ભરાઈ ગયાં છે. વરસાદ આવતો હોય ત્યારે હંમેશાં એમ જ કરે. અને આ માણસો ઉતાવળાં ઘેર જાય છે. અહીંયાં એક છોકરી પડી ગઈ છે, અને આ માણસ લીંબુનો ફેરિયો છે.”

“ખરેખર તારો અહેસાનમંદ છું,” માલિક ટેબલ ઉપર નમતો બોલ્યો. તેના લાંબા વાળ કાગળ ઉપર ફેલાઈ ગયા. તે એટલા જોરથી હસતો હતો કે તેની કાયા કંપી રહી હતી. “તને તો આ દુનિયામાંથી સાફ કરી નાખવો જોઈએ, નાનકા ગાજતા ચકલા!”

નાની માલિકણ અંદર આવી. તેનું પેટ પીપડાની જેમ આમથી તેમ ડોલતું હતું. તેણે મારા આલેખન ઉપર નજર ફેરવી.

“એને મેથીપાક ચખાડો,” તેણે ધણીને કહ્યું.

“ના રે, વાંધો નહિ, મેં શરૂઆત કરી ત્યારે આનાથી જરાય બહેતર આલેખન નહોતું કર્યું,” તેણે સ્વસ્થ અવાજે જવાબ આપ્યો.

તેણે લાલ પેનસિલ લઈને મારા આલેખનની ભૂલો પાસે નિશાન કર્યાં, અને મને બીજો કાગળ આપ્યો.

“ફરી કોશિશ કર. એકેય ભૂલ વગરનું સરખું આલેખન થઈ જાય ત્યાં સુધી ફરીફરીને કરતો રહેજે.”

મારો બીજો પ્રયત્ન બહેતર હતો, સિવાય કે એક બારી ઓટલાના બારણા ઉપર જડાઈ ગઈ હતી. પણ મને ખાલી મકાન ન ગમ્યું એટલે મેં તેમાં જાતજાતના લોકોને વસાવી દીધા. યુવાન સ્ત્રીઓ બારીએ બેઠી બેઠી પંખા હલાવીને હવા ખાતી હતી, જુવાન પુરુષો સિગરેટ ફૂંકતા હતા,

સિગરેટ ન પીનારો એક આદમી બીજા લોકોની સામે નાક ચડાવીને બેઠો હતો. ઓટલે એક ગાડીવાળો ખડો હતો, તેના પગ પાસે એક કૂતરું લાંબું થઈને પડયું હતું.

"વળી પાછો આવો ગોટાળો કેમ કર્યો છે?" માલિકે ખીજે ભરાઈને પૂછ્યું.

મેં ખુલાસો કર્યો કે લોકો વગરનું ચિત્ર સાવ ફિક્કુંફસ લાગે છે, પણ તે ઠપકો આપવા લાગ્યો:

"દોજખમાં જાય એ બધું, તારે શીખવું હોય તો રીતસર કામ કરવું પડશે. આ તો વાહિયાત છે, તદ્દન!.."

મેં આખરે મૂળને મળતી નકલ બનાવી લીધી ત્યારે તે ખુશ થઈ ગયો.

"જોયું ને, કોશિશ કરે તો કેવું સારું કામ થાય છે? આમ જ ચાલુ રાખીશ તો ઝડપથી શીખતો જઈશ."

પછી તેણે મને નવું કામ સોંપ્યું:

"આપણા ઘરની આકૃતિ બનાવ, ઓરડાની ગોઠવણી કેવી છે, બારણાં ને બારીઓ ક્યાં છે, ચીજવસ્તુઓ ક્યાં મૂકેલી છે, એ બધું બતાવ. હું કંઈ સમજાવવાનો નથી, તારી મેળે જ આખી આકૃતિ દોરવાની છે."

હું રસોડામાં ગયો અને વિચાર કરવા લાગ્યો કે શરૂઆત કેવી રીતે કરવી.

પણ મારી આલેખનની કામગીરી એ તબક્કે પૂરી થઈ ગઈ.

મોટી માલિકણ મારી પાસે આવી અને ઝેરીલા અવાજે બોલી:

"તો તારે કારીગર થવું છે, એમ ને?"

તેણે મારા વાળ પકડીને મારું માથું એટલા જોરથી ટેબલ ઉપર અફળાવી દીધું કે મને નાકે જખમ થઈ ગયો અને મારો હોઠ કપાઈ ગયો. તેણે આમતેમ ઠેકડા મારતાં મારતાં મારા આલેખનનો કાગળ ફાડી નાખ્યો, સાધનો ભોંયપટ ઉપર ફગાવી દીધાં, અને પછી પૂંઠે હાથ ટેકવીને ઊભી રહેતાં બરાડો પાડયો:

"કોશિશ તો કરી જો! ખબર પડી જાશે કે શું થાય છે! તો પેલાની મુરાદ બીજા પાસેથી કામ કરાવવાની છે, એમ વાત છે, ભાઈનો કાંટો કાઢી નાખવો છે, સગા ભાઈનો, લોહીમાંસના સગા ભાઈનો!"

માલિક દોડતો આવી પહોંચ્યો, પાછળ તેની ઘરવાળી દબડાક દબડાક કરતી આવી, ભયંકર બખેડો જામી ગયો. ત્રણેય બડબડ બોલતાં અને

દેકારા કરતાં એકબીજાની ઉપર તૂટી પડયાં. આખરે બાઈઓ રડવા ચાલી ગઈ અને માલિકે મને કહ્યું:

"હાલ પૂરતું તો આ બધું પડતું મૂકી દેવામાં જ સારાવાટ છે. હમણાં શીખવાનું રહેવા દે. તેં નજરે જોઈ લીધું કે અંજામ કેવો આવે છે."

મને તેની બાબતમાં અફસોસ થયો. બિચારો સાવ કચડાયેલો અને લાચાર હતો, કાયમ પેલાં બૈરાંના ઘાંટાબરાડાઓથી દબાયેલો રહેતો.

મને પહેલેથી જ ખબર હતી કે ડોશીની મુરાદ મને કંઈ શીખવા ન દેવાની હતી અને તે વચમાં ડખો ઘાલવાની બને એટલી કોશિશ કરતી. હું આલેખન કરવા બેસતાં પહેલાં હંમેશાં તેને પૂછી લેતો:

"બીજું કંઈ કામ છે મારે કરવાનું? તો કરી દઉં."

"હશે ત્યારે કહીશ," તે મોઢું ચડાવીને જવાબ આપતી. "કર વખત બરબાદ, ટેબલ પાસે બેસીને, તારામાં એટલી જ લાયકાત બળી છે!"

પણ થોડીક જ વારમાં તે ચોક્કસ મને કાં તો કશાક કામે મોકલી દેતી અથવા કહેતી:

"બારણા નજીકના દાદરા એવી રીતે વાળ્યા છે કે બસ! બધાય ખૂણામાં ધૂળ ને કચરાના ઢગલા પડયા છે! બહાર નીકળ, જઈને ફરી વાળી નાખ સરખી રીતે!"

હું જઈને તપાસ કરતો, પણ ધૂળ ક્યારેય જોવા ન મળતી.

"તો તારે જીભાજોડી કરવી છે મારી જોડે, એમ ને?" તે બરાડો પાડતી.

એક વાર તેણે મારાં બધાં આલેખનો ઉપર જવનો આસવ રેડી દીધો, બીજી વાર દેવચિત્રોના દીવાના તેલની બાટલી ઊંધી કરી નાખી. તે બાળક જેવી લુચ્ચાઈથી બાળક જેવાં અટકચાળાં કરતી અને તેનામાં એ બાબત છાની રાખવાની બાળક જેવી જ અશક્તિ હતી. તેના જેટલી ઝડપથી અને આસાનીથી ખિજાઈ જતું અથવા દરેક બાબત અને દરેક માણસ વિશે ફરિયાદ કરવાની તેના જેટલી તાલાવેલી ધરાવતું બીજું કોઈ માણસ મેં ક્યારેય નહોતું જોયું. સામાન્ય રીતે લોકોને ફરિયાદ કરવામાં મઝા પડતી હોય છે, પણ એ ડોશીની બાબતમાં તો એવું હતું કે જેટલો હરખ ગાયકને ગીત ગાવામાં થાય એટલો હરખ તેને ફરિયાદ કરવામાં થતો.

દીકરા ઉપરનું તેનું વહાલ એક જાતની ઘેલછા જેવું હતું. તેમાં સમાયેલો આવેગ જોઈને મને રમૂજ પણ થતી અને બીક પણ લાગતી, તેનું વર્ણન

હું કેવળ ઝનૂની આવેગ તરીકે જ કરી શકું. ક્યારેક તે સવારની પ્રાર્થના પછી ભઠ્ઠી ઉપર ચડી જતી અને દીકરાના પાટિયાની કોર ઉપર કોણીઓ ટેકવીને લાગણીવશ થઈ જતી હોઠ ફફડાવીને બોલતી:

"દેવનો દીધેલો મારો બાળ, મારા લોહીનું પ્યારું ફરજંદ, હીરા જેવો નિર્મળ, દેવદૂતની પાંખ જેવો હળવો! સૂતો છે! સૂતો રહે, વહાલુડા, સૂતો રહે, તારા હૈયાને મઝાનાં સપનાંમાં લપેટી લે! દુલહનનું સપનું જો, રૂપાળીમાં રૂપાળી, દોલતમંદ રાજકુમારી, કે પછી વેપારીની દીકરી. તારા દુશ્મનો જનમતાં પહેલાં જ મરી જાય, તારા ભાઈબંધો સો વરસ જીવે, અને જેમ માદાબતકોનું ટોળું નરબતકની પાછળ પાછળ ભમતું હોય છે એમ જ ટોળાબંધ કુંવારી કન્યાઓ તારી પાછળ પાછળ ભમતી રહે!"

મને એ બધું બેહદ રમૂજી લાગતું. લાંબું નાક, વરણાગિયો લેબાસ, હઠીલાઈ, અને મૂઢતા—એવાં લક્ષણોવાળો અણઘડ અને આળસુ વિક્તર બીજા કશા કરતાં લક્કડખોદને વધારે મળતો આવતો હતો.

માના હોઠના ફફડાટથી તે ક્યારેક જાગી જતો અને નીંદરઘેરા અવાજે ગણગણતો:

"માડી, તમે દોજખ ભેગાં થઈ જાઓ, અહીંયાં ઊભાં ઊભાં મારા મોં ઉપર થૂંક શું કરવા ઉડાડો છો?.. તમારી ભેગું જિવાય એમ નથી કોઈ રીતે!"

સામાન્ય રીતે ડોશી ગરીબ ગાય જેવી થઈને નીચે ઊતરી જતી અને હસીને કહેતી:

"ભલે, સૂતો રહે, સૂતો રહે, ગમાર ક્યાંનો!"

પણ ક્યારેક તેના પગ ઢીલા પડી જતા, તે ડાચું ફાડતી ભઠ્ઠીની કોર ઉપર ફસકાઈ પડતી, અને જાણે જીભ દાઝી ગઈ હોય એમ હાંફતી હાંફતી ડંખીલાં વેણના શ્વાસ કાઢવા લાગતી:

"શું...? તારી માને દોજખમાં મોકલવી છે તારે, હરામજાદા? અરેરે! મારા જીવને માથે કાળી ટીલી જેવો છો, જાણે ખુદ શયતાને મારા કાળજામાં ખૂંતાડી દીધેલી કાળમુખી ફાચર જેવો છો! જનમ લેતાં પહેલાં જ સડી ગયો હોત તો સારું હતું!"

રસ્તે ભટકતા દારૂડિયા બોલે એવા બોલ તે વાપરતી, સાંભળતાં ખોફનાક લાગતા.

તે નીંદર બહુ ઓછી કરતી, અને વળી બેચેનીમાં. ક્યારેક રાતે કેટલીય

વાર ભઠ્ઠી ઉપરથી નીચે ઊતરતી, અને હું જ્યાં સૂતો એ સોફાને હડસેલીને મને જગાડી દેતી.

"શું છે?"

"ચુપ!" તે હોઠ ફફડાવતી ક્રૉસની નિશાની કરતી અને અંધારામાં કશાકની ઉપર નજર ઠેરવી દેતી. "હે ઈશ્વર!... પેગંબર ઈલ્યા... પુનિત શહીદ વાર્વારા... અમને અકાળે મોતથી ઉગારી લો!..."

તે ધ્રૂજતા હાથે મીણબત્તી સળગાવતી, પછી અરધાપરધા અજવાળામાં બેઢંગી લાગતી ચીજવસ્તુઓને ધ્યાનથી જોવા લાગે ત્યારે તેનો મોટા જબ્બર નાકવાળો ગોળ ચહેરો મહેનતને લીધે જાણે ફૂલી જતો અને રાખોડી આંખો બેચેનીમાં પટપટવા લાગતી. રસોડું મોટું હતું, પણ પેટીઓ તથા કબાટોના વધારે પડતા જમાવને લીધે નાનું લાગતું હતું. ચાંદની નીરવ ફેલાઈને નિરાંતે પડી હતી, અને પવિત્ર દેવચિત્રોની સામે અખંડ જ્યોતિ ફરકતી હતી. ભીંતે ટાંગેલાં છરીચાકુ બરફના લાંબા કકડાઓની જેમ ચળકારા મારતાં હતાં, અને અભરાઈની કોરે લટકતાં વાસણો જાણે બિહામણા આંધળા ચહેરાઓ જેવાં દેખાતાં હતાં.

ડોશી હંમેશાં જાણે નદીકાંઠેથી પાણીમાં ઊતરતી હોય એમ ભઠ્ઠી ઉપરથી સાવચેતી રાખીને નીચે ઊતરતી. પછી ઉઘાડા પગ ઘસડતી ખૂણામાં જતી, ત્યાં નીચે ગંદવાડની ડોલ પડી રહેતી અને ઉપર પહોળા મોંવાળું પાણીનું ડબલું ટાંગેલું રહેતું. સાફ પાણી ભરેલું ટબ પણ નજીકમાં જ ગોઠવેલું હતું.

તે શોર કરતી કરતી પાણી પી લઈને બારીના કાચ ઉપર જામી ગયેલા પાતળા બરફની નીલી નકશી વાટેથી બહાર નજર નાખતી.

"હે ઈશ્વર! મારી ઉપર દયા રાખજે! મારા જીવ ઉપર દયા રાખજે!" તે દબાતે શ્વાસે આજીજી કરતી.

ક્યારેક તે મીણબત્તી ઓલવી નાખતી અને ગોઠણભેર બેસીને કડવાશભર્યા અવાજે ગણગણતી: "કોને મારી ઉપર વહાલ છે, ભગવાન, કોને મારી જરૂર છે?"

તે પાછી ભઠ્ઠી ઉપર ચડી જાય એટલે ધુમાડિયાની બારી ઉપર ક્રૉસની નિશાની કરતી અને અંદર હાથ ઘુસાડીને જોઈ લેતી કે પતરું બરાબર ઠેકાણે છે કે નહિ. તેના હાથ ઉપર મેશના લપેડા થઈ જતા એટલે તે સખત ગાળો ભાંડવા લાગતી, અને પછી જાણે વશીભૂત થઈ ગઈ હોય એમ તરત નીંદરમાં પડી જતી. તે જ્યારે જ્યારે મારું મન દુભાવે ત્યારે ત્યારે મને અચૂક અફસોસ

થતો કે એ નાનાને નહોતી પરણી. તેણે નાનાનો કૂચો કાઢી નાખ્યો હોત! પણ તેનેય ટક્કરનો જોટો મળી ગયો હોત. મારે તેના મિજાજનો શિકાર લગાતાર બનવું પડતું, પણ એવા દિવસોયે આવતા ખરા કે જ્યારે સૂજીને રૂના ગોટા જેવો થઈ ગયેલો તેનો ચહેરો ગમગીન બની જતો, તેની આંખોમાં ઝાંઝળિયાં બાઝી જતાં, અને તે મને કહેતી:

"તને લાગે છે કે મારી જિંદગી તો નિરાંતની છે, ખરું ને? મેં છોકરાંને જનમ દીધો, સાચવીને મોટાં કર્યાં, જિંદગીના મારગે મૂક્યાં, પણ મને બદલામાં શું મળે છે? રસોડામાં રાંધવાના ઢસરડા કરું છું. એવી હાલત વેઠી લેવાનું શું આસાન છે? દીકરો પેલી બાયડીને મારી જગ્યાએ મૂકવા લઈ આવ્યો, એની સગી માની જગ્યાએ મૂકવા! એ શું વાજબી છે?"

"ના, નથી," હું ખરા દિલે બોલતો.

"અરેરે! એમ છે..."

પછી તે બેશરમીથી વહુની ઉપર નિંદાની ઝડી વરસાવી દેતી.

"હું એની ભેગી હમામમાં ગયેલી, જોવાનું હતું એ બધુંય મેં જોઈ લીધું. શું દેખાણું હશે એનામાં તે લલચાઈ ગયો? એના જેવા રૂપથી આદમી જેવો આદમી મોહાઈ જાય?"

પુરુષો અને સ્ત્રીઓના સંબંધ વિશે તે હંમેશાં બને એટલી ગલીચમાં ગલીચ રીતે વાત કરતી. પહેલાં તો તેની વાતો સાંભળીને મને ચીતરી ચડતી, પણ થોડા વખત પછી હું ધ્યાનથી અને બહુ ઉત્સુકતાથી સાંભળવા લાગ્યો, એનાં વેણની પાછળથી મને કશીક કડવી સચ્ચાઈનો અણસારો આવતો.

"ઓરતના હાથમાં તો ભારે તાકાત હોય છે, એણે તો ખુદ ભગવાનનેય છેતરી લીધેલો," તે ટેબલ ઉપર પંજો ફટકારતી ભારપૂર્વક દલીલ કરતી. "બધાય લોકોને દોજખ ભેગા કરી દે એનું નામ બાયડી, યાદ રાખજે બરાબર!"

સ્ત્રીની શક્તિ વિશે તે અણથંભ તકરીર ઝાડી શકતી, અને એવી વાતો કરીને જાણે કોઈને ડરાવવા માગતી હોય એમ મને હંમેશાં લાગતું. ઓરતે ભગવાનને છેતર્યો હોવાની તેની વાત મને ખાસ યાદ રહી ગઈ.

અમારા ચોગાનમાં અમારા ઘર જેવડું જ મોટું બીજું એક ઘર હતું. બન્ને મકાનોના કુલ આઠ ફ્લેટોમાંથી ચારમાં અફસરો રહેતા. એક ફ્લૅટમાં રેજિમેન્ટનો પાદરી રહેતો હતો. ચોગાનમાં હંમેશાં પસાયતાઓ અને તેમની ઓળખીતી બાઈઓનો—રસોઇયણો, ધોબણો, તથા નોકરાણીઓનો—

જાણે મેળો ભરાયેલો રહેતો. રસોડાં સતત નાટકના તખતા અને પ્રેમલીલાના અડ્ડા બની રહેતા, અને રડારોળ, કજિયાકંકાસ, તથા મારામારી તો તેમાં ભેગાં હોય જ. સિપાહીઓ માંહોમાંહે, નાળીઓ ખોદનારાઓની સાથે, કે ઘરમાં કામ કરનારાઓની સાથે લડાઈ કરતા રહેતા. સ્ત્રીઓને હંમેશાં પીટવામાં આવતી. અમારા ચોગાનમાં જેને બદફેલી અને સ્વચ્છંદ કહેવાય છે એવી બદીઓ છલકાતી રહેતી—તંદુરસ્ત જુવાનોની પાશવી નિરંકુશ લાલસા. જમવાના, ચા પીવાના, અને વાળુના વખતે મારાં માલિક અને માલિકણ જિંદગીમાં ભરપૂર ભરેલી અણઘડ લંપટતા, નિરર્થક પાશવતા, અને ઇશ્કી ફતેહની ગલીચ શેખીની વિગતવાર વાતો કશી માનવીય લાગણી વગર કરતાં રહેતાં, અને હું એ બધું સાંભળતો. ચોગાનમાં જે કંઈ બને તેની ખબર ડોશીને હંમેશાં હોય જ, અને તે ભારે મોજ લઈને આખું બયાન કરતી.

યુવાન પત્ની રાતામાતા હોઠ મલકાવીને કહાણીઓ સાંભળતી રહેતી. વિક્તર ખડખડાટ હસતો, પણ માલિક કટાણું મોં કરીને કહેતો:

"બસ હવે, બહુ થઈ ગયું, મા!.."

"ભલા ભગવાન! મને તો મોઢુંયે નથી ખોલવા દેતો!" કહાણી કહેનારી ફરિયાદ કરતી.

"ઠીક છે, મા. અહીંયાં તમને કોઈ રોકવાનું નથી, આ તો બસ આપણું કુટુંબ જ છે..." વિક્તર તેને પાનો ચડાવતો.

મોટા દીકરાને મા ઉપર અકળામણભરી દયા આવતી. તે માની સાથે એકલો પડી જવાનું હંમેશાં ટાળતો, અને ભોગજોગે એકલો પડી જાય તો મા તેની પત્ની વિશે ફરિયાદોની ઝડી વરસાવી દેતી અને ચોક્કસ પૈસા માગતી. તે બે કે ત્રણ રૂબલ અને થોડુંક પરચુરણ ઝટ માના હાથમાં પકડાવી દેતો.

"આમ પૈસા લેવામાં તો મૂર્ખાઈ છે, મા. આપવાનું મને ખટકતું નથી, પણ તમારે લેવા ન જોઈએ."

"આ તો ખાલી ભિખારીઓને આપવા, અને દેવળમાં મૂકવાની થોડીક મીણબત્તીઓ ખરીદવા..."

"ભિખારીઓ વળી કેવા! વિક્તરને બગાડીને એનો દાટ વાળી નાખવાનાં તમે!"

"તને ભાઈ જરાય વહાલો નથી, તારો જીવ પાપિયો છે!"

તે અધીરાઈથી હાથ હલાવીને ચાલતો થઈ જતો.

વિક્તર માની જોડે તોછડાઈ અને તુચ્છકારનું વર્તન કરતો. તે કોઈ રીતે સંતોષાય નહિ એવો અકરાંતિયો હતો. ડોશી રવિવારે મીઠાઈ બનાવતી અને વિક્તર માટે વધારાનો ભાગ બરણીમાં ભરીને મારે સૂવાના સોફા નીચે સંતાડીને મૂકી રાખતી. વિક્તર પ્રાર્થનામાંથી પાછો આવે કે તરત બરણી ઝડપી લેતો અને બબડતો:

"થોડીક વધારે ન મુકાણી તારાથી, મખ્ખીચૂસ!"

"ઝટઝટ ગળી જા, કોઈ જોઈ ન જાય..."

"કોઈ જોઈ જાય તો હું કહી દેવાનો કે તેં જ મારે ખાતર ચોરીને રાખી મૂકી છે, પડખામાં કાંટા જેવી ડોકરી!"

એક દિવસે મેં બરણીમાંથી થોડીક મીઠાઈ કાઢીને ખાઈ લીધી. એ કારણે વિક્તરે મને ઢીબી નાખ્યો. મને તેની ઉપર જેટલો અણગમો હતો એટલો જ અણગમો તેને મારી ઉપર હતો. તે મને ખીજવતો, તેના બૂટને દિવસમાં ત્રણ વાર પોલિશનું કામ કરાવતો, અને પાટિયા ઉપર લાંબો થઈને પટ્ટીઓ આઘી કરી દેતો મારા માથાનું નિશાન તાકીને થૂંકતો.

લોકોને હંમેશાં "ગાજતાં મરઘાં" કહેતા મોટા ભાઈની કદાચ નકલ કરીને તેણે પણ એવાં નામ ઘડી કાઢયાં હતાં અને તેમને દોહરાવવામાં તેને મઝા પડતી. પરંતુ તેણે ઘડી કાઢેલાં નામ મૂર્ખાઈભર્યાં અને કઢંગાં હતાં.

"મા, હોશિયાર! મારાં મોજાં ક્યાં છે?"

તે સાવ મતલબ વગરના સવાલો પૂછીને મને બહુ રંજાડતો, જેમ કે:

"આલ્યોશા, જવાબ દે, લખે છે 'ભૂરું', તો પછી બોલે છે 'બૂરું' શું કામ? 'ઘરેણુંગાંઠુ' કેમ કહેતા હશે, 'ઘરેણું અને ગાંઠું' કેમ નહિ? કેમ 'ગામ', અને 'ચુકવણી' નહિ?"

એ લોકોની સૌની બોલવાની રીત જોઈને મને નફરત છૂટતી. હું નાનીમાની અને નાનાની સરસ મઝાની ભાષા સાંભળતો સાંભળતો ઊછર્યો હતો, એટલે શરૂઆતમાં મને "ખોફનાક રમૂજી", "મરી જવાય એટલું ખાવું," અને "ભયંકર ખુશ" જેવા શબ્દપ્રયોગો સમજાતા નહિ. મને લાગતું કે રમૂજી હોય તે ખોફનાક ન હોઈ શકે, ખુશ હોય તે ભયંકર ન હોઈ શકે, અને એ લોકોની ખાવાની ઇચ્છામાં મોતનો સંકેત મને બિલકુલ ન દેખાતો.

"એમ બોલવું ઠીક ગણાય?" હું પૂછતો.

તેઓ ખીજે ભરાઈ જતા:

"જુઓ તો, કેવો માસ્તર બની બેઠો આ! કાન તોડવા પડશે, હા..."

એવી કાન તોડવાની વાત પણ મને સાવ ખોટી લાગતી. તણખલાં, ફૂલ, અને ફળ તોડી શકાય, પણ કાન તો ન તોડી શકાય.

કાન ખરેખર તોડી શકાય એમ સાબિત કરવા તેઓ મારા કાન ખેંચતા, પણ મને ખાતરી ન થતી, અને હું જાણે જીતી ગયો હોઉં એમ બોલી ઊઠતો:

"આટલી બધી મહેનત કરી તોયે મારા કાન તોડાયા તો નહિ જ!"

મારી આસપાસ બધે મને નિર્દય રંજાડ અને ગલીચ બેશરમી નજરે પડતી, કુનાવિનોની શેરીઓથીયે એટલી વધારે કે સરખામણી થઈ જ ન શકે, અને એ શેરીઓમાં વેશ્યાવાડાઓની તથા રસ્તે ભટકતી વેશ્યાઓની કમી નહોતી. કુનાવિનોની ગલીચી અને રંજાડની પાછળ એવી ગલીચી અને રંજાડની અનિવાર્યતાનો ખુલાસો કરતું કશુંક ખ્યાલમાં આવી જતું—ઢસરડા અને કંગાલ દશા, અરધા ભૂખમરાની હાલત. અહીંયાં લોકો આરામ અને સુખસગવડની જિંદગી જીવતા હતા, કામને બદલે ન સમજી શકાય એવી બિનજરૂરી ધાંધલમાલ હતી. અને દરેક ઠેકાણે જાણે છાનગપતિયા અને ચીડ ચડે એવા કંટાળાના ઓળા પથરાયેલા હતા.

હું બેહદ દુખી હતો, પણ નાનીમા મળવા આવી ત્યારે મને એથીયે વધારે ખરાબ લાગ્યું. તે પાછલે બારણેથી રસોડામાં દાખલ થઈ, અને દેવચિત્રોની સામે ક્રૉસની નિશાની કરીને પછી નાની બહેનની સામે કમ્મર વાળીને નમી. તેના એવા નમને મને જાણે કેટલાય મણના બોજાની જેમ કચડી નાખ્યો, ગૂંગળાવી નાખ્યો.

"તો તું છો, આકુલીના?" મારી માલિકણ ટાઢાબોળ તોછડા અવાજે બોલી.

હું નાનીમાને ઓળખી ન શક્યો. તેણે ગરીબ ગાય જેવી થઈને એવી રીતે હોઠ કરડ્યા કે તેની આખી સૂરત સાવ પલટાઈ ગઈ. બારણે ગંદવાડની ડોલ નજીક બાંકડા ઉપર ચુપચાપ બેસી જઈને તે જાણે કોઈ ગુનો કર્યો હોય એમ મૂંગી રહી, અને પછી બહેનના સવાલોના જવાબ હળવા તથા દીન અવાજે આપવા લાગી.

મને બહુ લાગી આવ્યું અને હું ખીજમાં બોલ્યો:

"કેમ બેઠાં છો ત્યાં?"

તેણે મારી સામે હેતભર્યો મિચકારો કરીને ભારેખમ અવાજે મને કહ્યું:

"તું મૂંગો રહે ને હવે, આ ઘરનો માલિક તું નથી!"

"એને લાગતું વળગતું ન હોય તોયે વાતમાં કાયમ માથું મારે જ છે, ગમે એટલું ધખો કે મારો, પણ કંઈ અસર જ નહિ," માલિકણે ફરિયાદો શરૂ કરી દીધી.

વચમાં તેણે ખારમાં બહેનને સંભળાવ્યું:

"તો ભિખારણ બની ગઈ તું, હેં, આકુલીના?"

"કાંઈ તકલીફ..."

"બધીયે... તકલીફ નહિ તો નહિ, પણ શરમની વાત છે!"

"કહેવાય છે કે ખુદ ઈસુ ભગવાને ભીખ માગેલી."

"ખાલી મૂરખા અને ધરમના દુશ્મન એવી વાતો કરે, અને તું અક્કલ વગરની બુઢ્ઢી બધુંય માની લે! ઈસુ ભિખારી નહોતા, જરાય નહિ, એ તો ઈશ્વરના દીકરા હતા, અને આવવાના છે, એમ લખેલું છે, જીવતાં ને મરેલાં સૌનો ઇનસાફ કરવા... મરેલાંનોયે, સમજી ને! એનાથી છુપાઈને રહેવાનું બને જ નહિ, બળીને રાખ થઈ જઈએ તોયે નહિ. તને અને વસીલીને તમારા ગુમાનનો બદલો બરાબર આપવાના, હું મદદ લેવા આવી ત્યારે મને અંગૂઠો બતાવી દીધેલો તમે, બહુ મઝાનાં અમીર સગાં... એનો બદલો!"

"મેં તો બને એટલી મદદ હંમેશાં કરેલી તને," નાનીમા જરાય અકળાયા વગર બોલી. "પણ ઈશ્વરને ઠીક લાગ્યું અમને સજા કરવાનું, તને તો ખબર..."

"હજી તો ઓછી સજા થઈ છે, ઓછી..."

તેની બહેને અણથક જીભડીના ફટકા લગાવવાનું ચાલુ ને ચાલુ જ રાખ્યું, હું તેને ભસતી સાંભળતો રહ્યો, મને થયું કે નાનીમા એ બધું કેવી રીતે સાંખી લેતી હશે! એવી વેળાએ તે મને જરાય ગમતી નહિ.

નાની માલિકણ અંદર આવી અને મોટપના સદ્ભાવમાં માથું હલાવતી બોલી:

"આવો, આવો, અહીંયાં જમવાના ઓરડામાં. ઠીક છે બધું, આવો ને તમતમારે!"

"પગ સરખી રીતે લૂછીને જા, જરીપુરાણી જર્જર ડોકરી!" નાનીમા રસોડામાંથી જવા લાગી એટલે ડોશીએ બરાડો પાડયો.

માલિકે તેને ખુશાલ અવાજે આવકારી:

"અરે, શાણાં સંત આકુલીના! કેમ છો? બુઢ્ઢા કાશીરિન હજી જીવતા છે?"

નાનીમાએ ખૂબ જ હેતભર્યો મલકાટ કર્યો.

"હજી પરસેવો પાડે છે? કામ ને બસ કામ જ?"

"સખત કામ. કેદીની જેમ."

નાનીમા તેની સાથે ભાવભીના અને હેતાળ પણ મુરબ્બી જેવા અવાજે વાતો કરવા લાગી. માલિક વચમાં મારી માનું નામ લેતો બોલ્યો:

"હં... વાર્વારા વસીલ્યેવ્ના. કેવી બાઈ! ખરી કદાવર, હેં!"

તેની પત્ની નાનીમા તરફ ફરીને વચમાં બોલી:

"યાદ છે ને, મેં એને ફ્રાક આપેલું, કાળા રેશમનું ને કાળા મણકા જડેલું?"

"હા વળી, યાદ છે."

"સાવ નવું હતું."

"હં... ફ્રાક... ટરાક... જિંદગી એક મજાક..." માલિક ગણગણ્યો.

"એ વળી શું?" તેની પત્નીએ સંદેહમાં પડી જતાં સવાલ કર્યો.

"હેં? કંઈ નહિ... મનમાં... સુખના દિવસો ખતમ થઈ રહ્યા છે, અને નેક ઇન્સાનો પણ જવા લાગ્યા છે..."

"એમ કેમ બોલો છો?" પત્નીએ ફિકરના અવાજે કહ્યું.

પછી એ લોકો નાનીમાને નવું બાળક દેખાડવા લઈ ગયાં, અને હું વાનાં વસ્તુઓ સાફ કરવા લાગ્યો.

"ડોશી મઝાની બાઈ છે, તારી નાનીમા," માલિક હળવા અવાજે જાણે સ્વપ્નમાં હોય એમ બોલ્યો.

તેના એવા શબ્દો સાંભળીને મારા મનમાં ઊંડા અહેસાનની લાગણી થઈ. હું અને નાનીમા એકલાં પડયાં ત્યારે મેં કકળતે દિલે તેને કહ્યું:

"તમે અહીંયાં શું કરવા આવો છો? જોતાં નથી કે આ લોકો કેવા છે?"

"અફસોસની વાત છે કે મને બધુંય દેખાય છે, આલ્યોશા," તેણે તેના અદ્ભુત ચહેરા ઉપર માયાળુ મલકાટ ફેલાવી દેતાં મારી સામે તાકીને જવાબ દીધો. મને તરત શરમ આવી ગઈ. તે બેશક બધુંય જોતી હતી

અને સમજતી હતી, એ ઘડીએ મારા મનમાં શું શું ચાલી રહ્યું હતું એ પણ.

તેણે આસપાસ નજર ફેરવીને જોઈ લીધું કે નજીકમાં કોઈ નથી. પછી તે મને બાથમાં લપેટી લેતી ખૂબ લાગણીભર્યા અવાજે બોલી:

"હું તો બેશક કોઈ દહાડો ન આવું અહીંયાં, પણ તારે ખાતર... મારે એ લોકોનું શું કામ હોય? વળી તારા નાના માંદા છે, એમની સંભાળ રાખવાની... એટલે કામ નથી કરતી... અને પૈસા નથી. પાછો મિખાઈલો બેટાએ એના સાશાને કાઢી મૂક્યો છે... મારે એનેય ખાવાપીવાનું દેવું પડે છે... આ લોકોએ તને વરસે છ રૂબલ આપવાનો વાયદો કરેલો... મને થયું કે કંઈ નહિ તો એકાદ રૂબલ કદાચ આપે. તું કામે લાગ્યો પછી લગભગ અરધું વરસ તો થઈ ગયું છે, નહિ?" પછી તે જરાક નમીને મારા કાનમાં હોઠ ફફડાવતી બોલી: "આ લોકોએ મને કીધું કે મારે તને ઠપકો દેવો, તું કહ્યું માનતો નથી. પારેવડા મારા, થોડો વખત અહીં રહી જા ને... એકબે વરસ વેઠી લે બધું... તારા પગ વધારે મક્કમ થઈ જાય એટલી વાર... કરીશ ને કોશિશ?"

મેં વાયદો કર્યો, પણ હાલત બહુ કપરી હતી. પેટને ખાતર સવારથી રાત સુધી ઢસરડાની કંગાલ અને કંટાળાભરી જિંદગીનો બોજો મને કચડી નાખતો હતો. હું જાણે માઠા સપનામાં હોઉં એવી રીતે જીવતો હતો.

ક્યારેક મને ભાગી જવાનું મન થતું. પણ કાળમુખો શિયાળો પુરજોસમાં હતો. રાતે હિમનું તોફાન આવતું, માળિયામાં પવન પોક મૂકીને રડતો રહેતો, ઠારની પકડમાં પાટિયાં કડકડાટી કરતાં રહેતાં. એવી હાલતમાં કેવી રીતે ભાગી જાઉં?

મને બહાર રમવા જવાની છૂટ નહોતી, અને સાચું પૂછો તો રમવાનો વખત મળતો જ નહિ. શિયાળાના ટૂંકા દિવસો નાનાંમોટાં કામની ધમાલમાં જાણે ઝબકીને ગાયબ થઈ જતા.

પણ મારે દેવળે જવું પડતું, શનિવારે સાંજની પ્રાર્થનામાં અને રવિવારે મોડી સવારની પ્રાર્થનામાં.

દેવળે જવામાં મને મઝા પડતી. હું કોઈ અંધારિયો ખાલી ખૂણો ગોતીને ઊભો રહી જતો અને વેદીપટને મુગ્ધ નજરે નીરખતો રહેતો.

દૂરથી જોતાં, મીણબત્તીનું અજવાળું પથ્થરના ભોંયપટ ઉપર જાણે પહોળા સોનેરી પ્રવાહોમાં વહેતું હોય અને વેદીપટ તેમાં ઓગળતો હોય એમ લાગતું. દેવચિત્રોની ઘેરી આકૃતિઓ જાણે હળવો સળવળાટ કરતી હોય એવી દેખાતી, અને રાજદ્વારની સોનાની નકશીમાંથી પ્રતિબિંબિત પ્રકાશનો આહ્‌લાદક ઝગમગાટ ફેલાતો રહેતો. મીણબત્તીઓ જાણે નીલી હવામાં લટકતી મધમાખીઓ જેવી લાગતી હતી, અને સ્ત્રીઓ તથા બાળાઓનાં મસ્તકો જાણે મધમાખીઓ માટે ફૂલો બની રહ્યાં હોય એવી છાપ પડતી.

જાણે બધું સમૂહગીતના સૂરોમાં સુભગ રીતે સમન્વિત થઈ જતું, બધું જાણે વાર્તાની દુનિયા જેવું અજબ અસ્તિત્વ ધરાવતું હતું, આખું દેવળ જાણે ડામર જેવા કાળા અંધકારમાં હલતા પારણાની જેમ ધીરે ધીરે ડોલતું હતું.

ક્યારેક મને લાગતું કે દેવળ જાણે સરોવરમાં ડૂબી ગયેલું છે, આખી દુનિયાથી છુપાઈને પડેલું છે, બીજા કોઈ જીવનથી સાવ અલગ અને સાવ નિરાળું જીવન જીવી શકે એટલા ખાતર. મારા મનમાં એવો ખ્યાલ કદાચ અજબગજબના કીતેજ નગરની વાર્તામાંથી આવ્યો હોય. એ વાર્તા મને નાનીમાએ કહેલી. ઘણી વાર એવું બનતું કે સમૂહગીતના સૂર, નીરવ પ્રાર્થના, અને ભાવુક લોકોના નિસાસાઓથી મારી આંખો ઘેરાઈ જાય, અને અરધી નીંદરમાં ઝોકાં ખાતો ખાતો હું એ ગમગીન મધુર વાર્તા મારા મનમાં દોહરાવતો હોઉં:

પછી આવ્યાં તાતારોનાં પરધરમી ધાડાં,
સજીને હથિયારો ઘણેરાં, દોડાવતા ઘોડાં,
રૂપાળા કીતેજ નગરને લીધું ઘેરી,
પ્રાર્થનાની પુનિત વેળાએ, પ્રભાત કેરી...
હે નાથ વિશ્વના, પ્રભુ પ્યારા,
હે માતા કુંવારી, નિર્મળ મૈયા!
પ્રભુના સૌ દાસની, વહારે આવો,
નચિંત પ્રાર્થનાનું, વરદાન આપો,
જગતને પામવાની, દીનતા આપો!
તમારા મંદિરમાં પાપ તમે, થવા દેશો નહિ,
કન્યાઓ કેરા શીલને તમે, લૂંટાવા દેશો નહિ,

નિર્દોષ બિચારાં બાળકોને તમે, હણાવા દેશો નહિ,
નબળાં ગલઢેરાંનાં અંગ તમે, છેદાવા દેશો નહિ.
પછી તો જેહોવાહ, ઈશ્વર મહાન,
અને કુંવારી નિર્મળ, માતા મહાન,
એવા કરુણ વિલાપથી ચમકી ગયાં,
એવી ગમગીન અરજથી ઝબકી ગયાં,
અને તરત જેહોવાહે, મહાન પ્રભુએ,
કરી આજ્ઞા માઈકલને, દેવદૂતને:
"માઇકલ, જા વેગે, જ્યાં માનવો વસે છે,
કીતેજ નગર નીચે, ધરતીને ધ્રુજાવી દે,
જળબંબાકાર નગરને, આખું કરી દે,
જેથી દાસ પ્રભુના સૌ પ્રાર્થના કરે,
યાદ અમને ધરાઈ ધરાઈને કરે,
અણથક ને અણથંભ પ્રાર્થના કરે,
દિનરાત ને સવારસાંજ પ્રાર્થના કરે,
વરસો ને સદીઓ સુધી પ્રાર્થના કરે!"

એ વખતે મારું મન, મધમાં તરબોળ મધપૂડાની જેમ, નાનીમાનાં જોડકણાંમાં તરબોળ રહેતું, લાગે છે કે મારા વિચારો પણ એવાં જોડકણાંના ઢાળમાં ઢળાઈ ગયેલા હતા.

હું દેવળમાં પ્રાર્થના કદી ન કરતો, નાનીમાના ઈશ્વરની સામે નાનાની ખારીલી પ્રાર્થનાઓ અને સોગિયાં પદો દોહરાવતાં અચકાતો. મને ખાતરી હતી કે એ બધું જેટલું મને નહોતું ગમતું એટલું જ નાનીમાના ઈશ્વરને પણ ન ગમે. વળી એ બધું કિતાબમાં છપાયેલું રહેતું, એટલે કોઈ પણ ભણેલા માણસની જેમ ઈશ્વરને પણ મોઢે હોય.

એટલે જ્યારે મારા દિલમાં કશીક મીઠી ગમગીની ધૂમરીઓ ખાતી હોય, અથવા દિવસ દરમિયાન મને માઠું લગાડનારી નાનીમોટી બાબતોનો ડંખ મારા દિલમાં હોય, ત્યારે હું મારી પોતાની પ્રાર્થનાઓ ઘડી કાઢવાની કોશિશ કરતો. મારે ખાલી મારા કપરા નસીબનો વિચાર જ કરવો પડતો, શબ્દો આપોઆપ ઘાટ ધારણ કરી લેતા, મારે જરાય મહેનત નહોતી કરવી પડતી:

આ દુખ, ભગવાન, હે ભગવાન, છે કેવું મારું!
થઈ જાઉં આ ઘડીએ, જણ મોટો, તો કેવું સારું!
કરજે માફ, જો હું જીવ મારો, કાઢી નાખું.
વેઠાય જેટલું, મેં તો એટલું, વેઠી લીધું.
કદી નહિ શીખવે, આ લોકો, કંઈ મને,
નાનીમાની બહેન, છે ચુડેલ, ના ગમે,
બસ ધખે ને વઢે, ખેંચે કાન, અને મારે,
કપરી છે જિંદગી, જોઈએ ના, કોઈ કાળે.

એ વખતની મારી ઘણી "પ્રાર્થનાઓ" મને આજ સુધી યાદ છે. બાળકનું મન એવી રીતે ચાલતું હોય છે કે દિલમાં ઊંડી છાપ પડી જાય અને જીવનની આખરી ઘડી સુધી ટકી રહે.

દેવળમાં બહુ સારું લાગતું, અગાઉ મને ખેતરો અને વનોમાં જેવી રાહત લાગતી એવી જ રાહત હવે દેવળમાં લાગતી. ઘણી ઘણી વાર ઘવાયેલા અને જિંદગીની કઠણાઈના રંગે રંગાઈ ગયેલા મારા બાળહૈયાને સ્પષ્ટ પરંતુ ઊર્મિસભર સ્વપ્નોથી શાતા વળતી.

સખત ટાઢ હોય, અથવા હિમનું તોફાન શહેરમાં સુસવાટા કરતું આખા ગગનને ઠારમાં જકડી લેતું હોય અને હિમનાં વાદળામાં લપેટી લેતું હોય, હિમના ઢગલાઓ નીચે ધરતી પણ ઠારમાં જકડાઈ ગયેલી હોય, ફરી ચેતનમય બનવા કે જીવનની કોઈ નિશાનીઓ ફરી ક્યારેય બતાવવા અશક્ત લાગતી હોય, ત્યારે જ હું દેવળે જતો.

રાત શાંત હોય ત્યારે મને શહેરમાં ફરવા જવાનું ગમતું. હું એક પછી એક શેરીમાં રખડતો અને ખૂબ દૂર દૂરના ખૂણાઓ શોધી કાઢતો. જાણે પાંખો આવી ગઈ હોય એવી રીતે હું સડસડાટ ચાલતો, ગગનમાં એકલવાયા ચંદ્ર જેવો એકલવાયો ભટકતો રહેતો, મારો પડછાયો મારી આગળ આગળ ચાલતો રહેતો, હિમ ઉપર પડતા પ્રકાશના તણખાઓને જાણે ઓલવી નાખતો, અને થાંભલા તથા વાડવંડીઓની ઉપર રમૂજી રીતે લથડિયાં ખાતો રહેતો. રસ્તાની વચ્ચોવચ રાતનો ચોકીદાર નજરે પડતો, તેણે ભારે મોટો ઓવરકોટ પહેર્યો હોય, તેના એક હાથમાં દાંટડી હોય, ભેગો કૂતરો બાજુમાં ચાલતો હોય.

ચોકીદારની તોતિંગ આકૃતિ જોઈને મને લાગતું કે જાણે કૂતરાઘર

ફળિયામાંથી સરકી આવ્યું હોય, રસ્તે આગળ ધપતું કોઈ અજાણી જગ્યાએ જઈ રહ્યું હોય, અને વિમાસણમાં અટવાઈ ગયેલો કૂતરો તેનો પાછળ પાછળ જતો હોય.

ક્યારેક મને હસતી જુવાન છોકરીઓ તેમના આશકો ભેગી જતી નજરે પડતી, અને હું અટકળ કરી લેતો કે એ લોકો પણ સાંજની પ્રાર્થનાની મુસીબતથી છટકીને રખડવા નીકળી પડયા હશે.

ઝગમગતી બારીઓનાં નાનકડાં ઉઘાડાં પાટિયાં વાટેથી ક્યારેક ક્યારેક નાજુક અને અજાણી અજબ વાસ આવતી અને જાણે જુદી જાતની જિંદગીના ઈશારા કરતી. હું બારી નીચે ઊભો રહીને વાસ સૂંઘતો અને અટકળ કરવાની મથામણમાં પડી જતો કે અંદર કેવા લોકો રહેતા હશે અને તેમન જિંદગી કેવી હશે. બધાય ઈજ્જતદાર લોકો દેવળની પ્રાર્થનામાં હોવા જોઈએ ત્યારે આ લોકો હસતા હતા, વાતોના તડાકા મારતા હતા, અને કોઈ ખાસ જાતના ગિટારના મીઠા સૂર બારી વાટેથી બહાર ફેલાવતા હતા.

તીખોનોવ્સ્કાયા અને માર્તીનોવ્સ્કાયા નામે બે નીરવ શેરીઓને ખૂણે આવેલા બેઠા ઘાટના અને નીચી બાંધણીના મકાન વિશે મને ખાસ કુતૂહલ થતું. એક વાર ચાંદની રાતે અચાનક જ મારું ધ્યાન તેની તરફ ખેંચાયેલું. વસંતના ધાર્મિક તહેવારો નજીક હતા. હિમ ઓગળી રહ્યું હતું. બારીના ઉઘાડા પાટિયા વાટેથી વહી આવતી વરાળની સાથે અજબ અવાજ પણ બહાર ફેલાતો હતો. જાણે કેમ કોઈ બહુ જોરાવર અને બહુ સદ્‌ભાવી માણસ હોઠને બીડેલા રાખીને ગાતું હોય. બોલ તો સાફ નહોતા સમજાતા, પણ ગીત એકદમ જાણીતું અને સુગમ લાગતું હતું. મને સરખી રીતે સાંભળવામાં અડચણ પડતી હતી કેમ કે કોઈ તંતુવાદ્યના ટંકાર ગીતના વહેણમાં સતત અંતરાય પાડતા હતા, ખીજ ચડે એવી ખલેલ પાડતા હતા. મેં એક થડિયા ઉપર બેસી જતાં ધારણા કરી કે સંગીત વાયોલિનનું હશે, કશીક અદ્‌ભુત, અને અસહ્ય પણ લાગે એવી, શક્તિ ધરાવતા વાયોલીનનું હશે. તેને સાંભળવાથી દિલમાં પીડા થતી હતી. ક્યારેક સૂર એટલા જોરથી રણકી ઊઠતા કે આખું મકાન જાણે કંપવા લાગતું અને બારીઓના કાચ ઝણઝણાટી કરવા લાગતા. ઓગળતા હિમનાં ટીપાં છાપરેથી ટપકતાં રહેતાં, અને મારી આંખોમાંથી આંસુ ગાલ ઉપર સરકવા લાગતાં.

મને ખબર જ ન પડી કે રાતનો ચોકીદાર ક્યારે નજીક આવી ગયો. તેણે મને ધક્કો મારીને થડિયા ઉપરથી ઉતારી દીધો.

"અહીંયાં કેમ રખડે છે?" તેણે સવાલ કર્યો.

"આ સંગીત..." મેં ખુલાસો કર્યો.

"એનું શું છે? ચાલતો થઈ જા!"

હું દોડતો મકાનો ફરતું ચક્કર મારીને પાછો બારી નીચે પહોંચી ગયો, પણ હવે મકાનમાં સંગીતના સૂર થંભી ગયા હતા. બારી વાટેથી ખુશાલ અવાજોનો ખીચડો કાને પડતો હતો, પણ મેં સાંભળેલા ગમગીન સંગીતને મળતું આવતું કશુંયે તેમાં નહોતું. મને થયું કે કદાચ સંગીતનું સ્વપ્નું આવી ગયું હશે.

હું લગભગ દર શનિવારે એ મકાન પાસે પહોંચી જતો, પણ આખી વસંત દરમિયાન મને ફરી માત્ર એક જ વાર એ સંગીત સાંભળવા મળ્યું. તેના સૂર લગભગ મધરાત સુધી રેલાતા રહ્યા. હું ઘેર પાછો ફર્યો ત્યારે મને માર પડયો.

રાતની વેળાએ શહેરની ખાલી શેરીઓમાં શિયાળુ તારલિયાઓની હેઠળ એવી રીતે ભટકવાથી મને જાણે ભારે સમૃદ્ધિ સાંપડી. હું જાણીજોઈને શહેરના છેડાઓની શેરીઓ જ પસંદ કરતો. મુખ્ય રસ્તાઓ ઉપર તો ઘણીબધી બત્તીઓનું અજવાળું ફેલાયેલું રહેતું. માલિકોના મિત્રો મને જોઈ જાય તો તેમને ખબર પડી જાય કે હું પ્રાર્થનામાં નહોતો જતો. વળી મુખ્ય રસ્તાઓ ઉપર ફરવામાં દારૂડિયાઓ, પોલીસો, અને વેશ્યાઓ બેશક મુસીબત પેદા કરે જ. દૂરની શેરીઓમાં ભોંયતળિયાની બારીઓ આડા પડદા ન હોય, અથવા કાચ ઉપર ઠાર ન જામી ગયો હોય, તો અંદર નજર નાખીને જોઈ શકાય.

એવી રીતે બારીઓ વાટેથી મેં તરેહવાર દેખાવો નીરખેલા. લોકો પ્રાર્થના કરતા હોય, ચૂમીઓ ભરતા હોય, લડાઈઝઘડા કરતા હોય, પત્તાંની રમતમાં મશગૂલ હોય, શોર મચાવ્યા વગર ગંભીર વાતચીત કરતા હોય. મારી નજર સામેથી જાણે જાદુઈ પેટીના ખેલની જેમ દૃશ્યોની અબોલ, સરકતાં માછલાં જેવી, હારમાળા પસાર થતી રહેતી.

એક વાર ભંડકિયાની બારી વાટેથી મને બે બાઈઓ ટેબલ પાસે બેઠેલી નજરે પડી. એક જુવાન હતી, અને બીજી તેનાથી જરાક મોટી ઉંમરની હતી. તેમની સામે લાંબા વાળવાળો કોઈ વિદ્યાર્થી બેઠો હતો અને વધારે પડતા હાવભાવ કરીને તેમને પુસ્તક વાંચી સંભળાવતો હતો. જુવાન બાઈ ખુરશીમાં પીઠ અઢેલીને ધ્યાનથી સાંભળતી હતી, તેનાં ભવાં સંકોડાઈને

જાણે ગંભીર રેખામાં ગોઠવાઈ ગયેલાં હતાં. પાતળી કાયા અને ભરાવદાર વાળવાળી મોટી બાઈ એકાએક બેઉ હાથ વડે મોં ઢાંકી દઈને ડૂસકાં ભરવા લાગી. વિદ્યાર્થીએ પુસ્તક હેઠું ફગાવી દીધું, અને જુવાન બાઈ સફાળી ઊભી થઈને ઓરડામાંથી બહાર દોડી ગઈ કે તરત સુંવાળા વાળવાળી બાઈની સામે ગોઠણભેર બેસી જઈને તેના હાથ ઉપર ચૂમીઓ ભરવા લાગ્યો.

બીજી એક બારી વાટેથી મને જોવા મળ્યું કે કોઈ કદાવર અને દાઢીવાળો આદમી રાતા પોલકાવાળી ઓરતને ગોઠણ ઉપર બેસાડીને જાણે નાના બાળકને ઝુલાવે એવી રીતે ઝુલાવતો હતો. તે ગાતો હોય એમ લાગતું હતું કારણ કે તેનું મોં વારંવાર પહોળું ખૂલી જતું હતું અને આંખોની કીકીઓ જાણે ગાળગોળ ફરતી રહેતી હતી. ખડખડાટ હસવાથી ઓરતની કાયા હલતી હતી, તે માથું પાછળ ફંગોળતી હતી અને પગ હવામાં હલાવતી હતી. આદમી તેને પાછી ગોઠણ ઉપર સરખી ગોઠવી દઈને ગીત ફરી ચાલુ કરી દેતો, અને ઓરત વળી હસવાનું ચાલુ કરી દેતી. હું કેટલીય વાર સુધી જોતો રહ્યો, અને તેમની ખુશાલી આખી રાત ચાલવાની હોય એમ લાગતાં ત્યાંથી જતો રહ્યો.

એવાં ઘણાં દૃશ્યો મારી યાદમાં કાયમને માટે અંકાઈ ગયાં. એવા અનુભવોના વિચારોમાં ડૂબી જઈને હું ઘણી વાર બહુ મોડો ઘેર પહોંચતો. માલિકોને મારે વિશે શંકા થતી.

"કયા દેવળમાં ગયેલો?" તેઓ પૂછતા. "કયા પાદરીએ પ્રાર્થના કરાવેલી?"

તેઓ શહેરના બધા પાદરીઓને ઓળખતા, અને ક્યારે બાઈબલનો કયો હિસ્સો વંચાવાનો છે તેની ખબર રાખતા. હું ખોટું બોલું ત્યારે મને પકડી પાડવાનું તેમને માટે સહેલું હતું.

બન્ને સ્ત્રીઓને મારા નાનાના ક્રોધી ઈશ્વર તરફ, સૌને બીકમાં અટવાતા અને પ્રતાપથી અંજાતા રહેવાનો તકાદો કરતા ઈશ્વર તરફ, ઊંડો ભક્તિભાવ હતો. તેઓ ઝઘડા કરતી હોય ત્યારે પણ એ ઈશ્વરનું નામ તેમને હોઠે રમતું જ રહેતું.

"જોઈ લેજે ને! ઈશ્વર તને જરૂર સજા કરવાનો જ! સૂકવીને લાકડું કરી નાખશે! રખડેલ ક્યાંની!" તેઓ એકબીજીને ભાંડતી.

લેન્ટના ઉપવાસોના પહેલા રવિવારે ડોશી પૂડલા તળતી હતી, પણ તે વારેવારે તવામાં ચોંટી જતા હતા.

"શયતાન લઈ જાય તમને!" તેણે ખીજે ભરાઈને બરાડો પાડયો. ચૂલાની આગને લીધે તેનો પહેરો લાલ થઈ ગયો હતો.

તવાની ગંધ આવતાં એકાએક તેનો ચહેરો ઘેરો બની ગયો. તે તવાને ભોંયપટ ઉપર ફગાવી દેતી ચીસ પાડી ઊઠી:

"હે ભગવાન! આમાં તો ચરબી રહી ગઈ છે! પાવન સોમવારે આને તપાવીને ચરબી ઉડાડી દેવાનું તો સાવ ભૂલી જ ગયેલી! અરે ગભવાન!"

તે ગોઠણભેર ફસકી પડીને, આંખોમાંથી આંસુ વહાવતી, વિનવણી કરવા લાગી:

"હે ઈશ્વર! માફ કરી દેજે, હું તો પાપી છું, તું બહુ દયાળુ છો! મારા જેવી મૂરખ ડોશીને સજા કરતો નહિ, ભલા ભગવાન!.."

નકામા પૂડલા કૂતરાને ખવડાવી દેવામાં આવ્યા. તવાને ખૂબ તપાવીને સાફ કરી લેવામાં આવ્યો. પણ જુવાન માલિકણ એ બનાવની યાદ ઘરડી માલિકણને હંમેશાં દેવડાવતી.

તેમની વચ્ચે જ્યારે જ્યારે ઝઘડો થાય ત્યારે ત્યારે જુવાન માલિકણ સભળાવે જ કે "તમે તો લેન્ટના ઉપવાસના દિવસોમાં નાપાક તવામાં પૂડલા તળવાનુંયે કરો છો!..."

તેઓ તમામ ઘરેલું મામલાઓમાં, તેમની તુચ્છ જિંદગીના દરેકે દરેક અંધારા ખૂણામાં, ઈશ્વરને અચૂક ઘસડી લાવતાં. એથી તેમની કંગાલ હયાતી કશોક મર્મ, કશુંક મહત્ત્વ, ધારણ કરી લેતી હોય એમ લાગતું, જાણે કેમ દરેક પળ ઊંચી કક્ષાની કોઈ શક્તિની સેવામાં લગાવી દેવામાં આવતી હોય. દરેક નમાલી બાબત જોડે ઈશ્વરને સાંકળી લેવાની તેમની ટેવનો ચેપ મનેય લાગી ગયો હતો, એટલે હું અનાયાસે જ ખૂણાઓમાં નજર નાખતો રહેતો, જાણે કોઈ અદૃશ્ય આંખ મારી ઉપર મંડાયેલી હોય એમ મને લાગતું, અને રાતની વેળાએ હું કારમી દહેશતના પાશમાં જકડાઈ જતો. દહેશતના ઓળા રસોડાના ખૂણામાંથી ફૂટી નીકળતા હતા. ત્યાં દેવચિત્રોની ઘેરી ગંભીર આકૃતિઓની સામે હંમેશાં દીવો બળતો રહેતો.

દેવચિત્રોની અભરાઈની બાજુમાં મોટી બારી હતી. તેનાં બે ચોકઠાં વચ્ચે થાંભલી હતી. બારીની પાર અફાટ નીલી શૂન્યતા પથરાયેલી રહેતી. ઘર, રસોડું, બીજું બધું, અને હું પણ, જાણે એ શૂન્યતાની છેક કોરે લટકી

રહ્યાં હોઈએ, અને પાણીમાં ફેંકવામાં આવતા પથરાની જેમ, જરાક સરખી હલચલ થતાં જ તારાઓની પાર ટાઢી નીલી ખીણમાં, નિર્જીવ નીરવતામાં, ધસમસાટ ફંગોળાઈ જવાનાં હોઈએ, એમ લાગતું હતું. હું પથારીમાં લાંબા વખત સુધી નિશ્ચલ પડયો રહેતો, જરાક હલતાંયે ડરતો, જગતના ભયાનક અંતની વાટ જોતો રહેતો.

મને હવે યાદ નથી રહ્યું કે મેં એવી દહેશતથી છુટકારો કેવી રીતે મેળવેલો, પણ મેળવેલો ચોક્કસ, અને બહુ થોડા વખતમાં. મારી નાનીમાનો માયાળુ ઈશ્વર સ્વાભાવિક રીતે જ મારી વહારે આવ્યો, અને મને લાગે છે કે હું એ વખતે પણ સાદા સત્ય વિશે સભાન હતો: મેં કશું ખોટું કામ નથી કર્યું, હું નિર્દોષ હોઉં તોપણ જેના આધારે મને સજા થઈ શકે એવો કોઈ નિયમ છે જ નહિ, અને બીજા લોકોનાં પાપ માટે મને જવાબદાર ન જ ગણાવી શકાય.

હું સવારની પ્રાર્થનામાંથી પણ ગાપચી મારી જતો, ખાસ કરીને વસંતના દિવસોમાં પ્રકૃતિના નવજીવનનું અદમ્ય ખેંચાણ મને દેવળથી વેગળો દોરી જતું. વળી જો મને વેદીની મીણબત્તી માટે થોડાક કોપેક આપવામાં આવ્યા હોય તો તો પછી મારો ઉગારો જ ન રહેતો. એ પૈસા વડે હું કોડીઓ ખરીદી લેતો અને પ્રાર્થનાના પૂરા વખત દરમિયાન રમતો રહેતો, એટલે પરિણામ બેશક એવું આવતું કે ઘેર પાછો જવામાં મોડું થઈ જતું. એક દિવસે, પ્રભુભોજનની રોટી ખરીદવા માટે અને મૃતાત્માઓના કલ્યાણની પ્રાર્થના માટે મને આપવામાં આવેલા દસ કોપેક મેં ખરચી નાખ્યા, એટલે પછી પાદરીનો મદદનીશ વેદીએથી રોટીની તાસક લાવ્યો ત્યારે મેં તેમાંથી બીજા કોઈની રોટી તફડાવી લીધી.

મને રમવાની ખરા દિલની ધૂન હતી, અને હું અણથક રમતો રહેતો. હું જોરાવર અને ચપળ હતો, અને થોડા વખતમાં અમારા વિસ્તારમાં દડાના, કોડીના, અને લખોટાના ખેલાડી તરીકે પંકાઈ ગયો.

મને પ્રભુભોજન માટે તૈયાર થવાનું ફરમાન કરવામાં આવ્યું. હું પાપનો એકરાર કરી લેવા અમારા પાડોશી ફાધર દોરીમેદોન્ત પોક્રોવ્સ્કી પાસે ગયો. હું તેને કડક સ્વભાવનો આદમી ગણતો હતો, અને તેની વિરુદ્ધ કરેલાં બધાં પાપ વિશે બરાબર સભાન હતો. મેં તેની ગ્રીષ્મકુટિરને પથરા ફેંકીને નુકસાન કર્યું હતું, તેના બાળકો સાથે લડાઈ કરી હતી, અને બીજાયે ઘણા ગુના કર્યા હતા. હું માનતો હતો કે એવાં બધાં કૃત્યોને લીધે હું તેની નજરમાં

અળખામણે હોઈશ. હું પાપના એકરાર માટે મારો વારો આવવાની વાટ જોતો ગંદા નાનકડા દેવળમાં ઊભો હતો ત્યારે મારા મનમાં એવા બધા વિચારો ઘોળાતા હતા. મારું દિલ ધડકી રહ્યું હતું અને એથી મને અકળામણ થઈ રહી હતી.

પણ ફાધર દોરીમેદોન્તે મને મળતી વેળા સદ્ભાવી રીસની લાગણી બતાવતાં કહ્યું:

"અરે, આ તો આપણો પાડોશી! ચાલ, ગોઠણભેર બેસી જા, તારાં પાપની વાત કર!"

તેણે મારું માથું ભારે મખમલના કકડા વડે ઢાંકી દીધું. મીણ અને ધૂપની ગંધથી હું ગૂંગળાઈ ગયો, અને મને જે બોલ બોલવાનું મન જ નહોતું તે બોલવાનું મારે માટે વધારે મુશ્કેલ બની ગયું.

"મોટાંની વાત માને છે?"

"ના."

"બોલ: 'મેં પાપ કર્યું છે.'"

હું પહેલેથી કશા ખ્યાલ વગર જ બોલી ઊઠયો:

"મેં પ્રભુભોજનની રોટીની ચોરી કરી છે."

"આ... એટલે શું? ક્યાં?" પાદરી આકળો થયા વગર જરાક વાર વિચાર કરીને બોલ્યો.

"ત્રણ સંતના દેવળમાં, પોક્રોવના દેવળમાં, નિકોલાસના..."

"ઠીક, ઠીક, બધાંય દેવળોમાં! ખોટું કામ, બેટા. પાપ. સમજાણ પડે છે ને?"

"હા."

"બોલ: 'મેં પાપ કર્યું છે.' મૂરખ, રોટી ચોરી લીધી, શું કરવા? ખાવા?"

"ક્યારેક ખાઉં, ક્યારેક પૈસા રમતમાં હારી જાઉં, અને પ્રભુભોજનની રોટી તો ઘેર લઈ જવાની જ હોય, એટલે ચોરી લઉં..."

ફાધર દોરીમેદોન્ત અસ્પષ્ટ અને જાણે થાકેલા અવાજે કંઈક ગણગણવા લાગ્યો, પછી બીજા થોડાક સવાલ પૂછી લઈને કડક અવાજે બોલ્યો:

"તેં ભોમભીતર છાપખાનામાં છાપેલી ચોપડીઓ ક્યારેય વાંચી છે?"

મને સવાલ સમજાયો જ નહિ.

"શું?" મેં પૂછ્યું.

"ગેરકાયદે ચોપડીઓ વાંચી છે ક્યારેય?"

"ના, એકેય નહિ..."

"ઠીક. તારાં પાપ માફ થઈ ગયાં. ઊભો થઈ જા!"

મેં જરાક અચરજમાં પડી જઈને તેના ચહેરા ઉપર નજર ફેરવી. ત્યાં માયામમતાના ભાવ છવાયેલા હતા અને વિચારની આભા પથરાયેલી હતી. મને શરમ આવી. માલિકણોએ મને પાપના એકરાર માટે મોકલતી વેળા કેટલીય ખોફનાક વાતો કરેલી, બેશક એવા આશયે કે હું ધાક ખાઈ જાઉં અને બધી બાબતોનો એકરાર કરી લઉં.

"મેં તમારી ગ્રીષ્મકુટિર ઉપર પથરા ફેંકેલા," મેં કહ્યું.

પાદરીએ માથું ઊંચું કર્યું.

"એય ખોટું કામ! હવે ચાલવા માંડ..."

"અને કૂતરાને પથરા મારેલા..."

"આના પછી કોણ છે..." ફાધર દોરીમેદોન્તે મારી પાછળ નજર નાખતાં પછીના માણસને બોલાવ્યો.

હું દુભાઈને અને જાણે છેતરાઈને ચાલતો થઈ ગયો. પાપના એકરારના ખ્યાલથી મારા અંગેઅંગમાં ઝણઝણાટી થવા લાગી હતી, પણ વાતમાં કંઈ માલ જ નહોતો, મઝા પડે એવુંયે કંઈ નહોતું. માત્ર એક જ બાબત જરાક દિલચસ્પીની હતી, પેલી ભેદી ચોપડીઓ વિશેનો સવાલ. મને ભંડકિયાનો કિસ્સો યાદ આવી ગયો, પેલો વિદ્યાર્થી બાઈઓને પુસ્તક વાંચી સંભળાવતો હતો એ કિસ્સો, ભેગાભેગી "મઝાની વાત"ની યાદ તાજી થઈ ગઈ. તેની પાસે પણ કેટલીય જાડી કાળી ચોપડીઓ હતી, અને તેમાં સમજાય નહિ એવાં ચિત્રો હતાં.

બીજે દિવસે મને પંદર કોપેક આપીને પ્રભુભોજનમાં ભાગ લેવા મોકલવામાં આવ્યો. એ વરસે ઈસ્ટરનો તહેવાર મોડો આવ્યો હતો. હિમ ક્યારનું ઓગળી ગયું હતું. સૂકી શેરીઓમાં ધૂળની નાનકડી ડમરીઓ ઊડવા લાગી હતી. તડકો ફેલાયેલો હતો અને વાતાવરણ ખુશનુમા હતું.

દેવળની દીવાલ નજીક કેટલાક કામદારો ખીંટીઓની રમત રમી રહ્યા હતા. રમતમાં બરાબરનો રંગ જામેલો હતો. મને થયું કે થોડીક વાર પછી જાઉં તોયે પ્રભુભોજનમાં ભાગ લેવાનો વખત રહેશે.

"મારેય રમવું છે, રમવા દેશો?" મેં પૂછ્યું.

"એક રમતનો એક કોપેક!" રાતા માથાવાળો અને શીળીના ડાઘાવાળો એક આદમી ગુમાનમાં બોલ્યો.

મેં પણ એવા જ ગુમાનમાં જવાબ દીધો.

"ડાબી તરફથી બીજી ખીંટી ઉપર મારો ત્રણ કોપેકનો દાવ!"

"પહેલાં પૈસા દેખાડ!"

રમત ચાલુ થઈ ગઈ.

મેં પંદર કોપેકનો સિક્કો વટાવીને ત્રણ કોપેક મારી ખીંટી નીચે મૂક્યા. ખીંટીને પાડી નાખે તેને પૈસા મળે. નિશાન ચૂકી જનાર મને ત્રણ કોપેક આપે. મારું નસીબ જોરમાં હતું. બે માણસોએ મારી ખીંટીનું નિશાન તાક્યું પણ બેઉ જણ નિશાન ચૂકી ગયા. હું છ કોપેક જીતી ગયો, મોટા આદમીઓ પાસેથી! એથી હું ભારે જોશમાં આવી ગયો...

"ધ્યાન રાખજો, ભાઈઓ, નહિતર ક્યાંક જીત લઈને ભાગી જશે!" રમનારા માણસોમાંથી એક બોલ્યો.

મને માઠું લાગ્યું.

"ડાબી તરફ છેલ્લી ખીંટી ઉપર નવ કોપેક!" હું જાણે નગારા ઉપર દાંડી પડી હોય એમ જોરથી બોલી ઊઠયો.

મારી બહાદુરીના પ્રદર્શનની કંઈ અસર ખેલાડીઓની ઉપર પડી હોય એમ ન લાગ્યું. પણ મારા જેટલી ઉંમરના બીજા એક છોકરાએ ઘાંટો પાડીને ચેતવણી આપી:

"એની ઉપર નજર રાખજો! નસીબદાર શયતાન છે! બરાબર ઓળખું છું એને!"

"શું કહ્યું? શયતાન છે, એમ ને? હં... જોઈ લઈશું!" એક દૂબળોપાતળો કામદાર બોલ્યો. તેની કાયામાંથી ચામડિયા જેવી વાસ આવતી હતી.

તેણે કાળજીથી નિશાન તાકીને મારી ખીંટી પાડી નાખી.

"કેમ, કેવું લાગ્યું?" તે મારી ઉપર નમતો બોલ્યો.

"જમણી તરફ છેલ્લી ખીંટી ઉપર ત્રણ કોપેક!" મેં વળતો જવાબ દીધો.

"એનેય જીતી લેવાનો," ચામડિયાએ શેખી મારી, પણ તે નિશાન ચૂકી ગયો.

રમતના નિયમોમાં લગાતાર ત્રણથી વધારે વાર દાવ લગાવવાની મનાઈ હતી. હું બીજા લોકોના પૈસા વડે રમવા લાગ્યો અને વળી ચાર કોપેક જીત્યો. પણ પૈસા લગાવવાનો મારો વારો ફરી આવ્યો ત્યારે હું મારા બધાય પૈસા હારી ગયો. બરાબર એ જ વખતે પ્રાર્થના પૂરી થઈ ગઈ. ઘંટ રણકવ લાગ્યો અને લોકો દેવળમાંથી બહાર નીકળવા લાગ્યા.

"થઈ ગઈ ને હજામત?" ચામડિયો મારા વાળ પકડવા ઝપટ મારત બોલ્યો. પણ હું છટકીને ભાગી ગયો. તહેવારનાં કપડાં પહેરીને આવેલ એક જુવાન માણસને આંબી જઈને મેં વિનયથી પૂછ્યું:

"તમે હમણાં પ્રભુભોજનમાં ભાગ લીધેલો?"

"પણ તારે શું છે એનું?" તે મારી તરફ શંકાની નજરે જોતો બોલ્યો.

મેં તેને અરજ કરી કે પ્રભુભોજનની વાત કરે, પાદરીએ શું કહેલું અને ભાગ લેનાર માણસે શું શું કરવાનું હોય છે, એ બધું મને સમજાવે.

જુવાન માણસે માથું નીચું કરીને મારી સામે આખલાની જેમ જોરથી ભાંભરડો કર્યો:

"તો પ્રભુભોજનમાંથી ગાપચી મારી છે, એમ ને? પાપિયો ક્યાંનો! હું તો કંઈ જ નથી કહેવાનો તને! ભલે તારો બાપ તારાં હાડકાં ખોખરાં કરે!"

હું દોડતો ઘેર ગયો. મને ખાતરી હતી કે સવાલજવાબ બેશક થવાના જ, અને ખબર પડી જવાની કે હું પ્રભુભોજનમાં નહોતો ગયો. પણ ડોશીએ મને મુબારકબાદ આપીને પછી ખાલી એક જ સવાલ પૂછ્યો:

"પાદરીના મદદનીશને કેટલા પૈસા આપ્યા?"

"પાંચ કોપેક," મેં એમ જ મનમાં આવ્યું તે કહી નાખ્યું.

"ત્રણ ઘણા થઈ જાત, અને સાત તારી કને રહેત, ભોટ છો સાવ!"

...વસંત. દરેક નવો દિવસ નવા સાજ સજીને આવતો હતો, દરેક નવો દિવસ પાછલા દિવસ કરતાં વધારે તેજસ્વી અને મધુરો લાગતો હતો. નવા ઊગેલા ઘાસમાંથી અને બર્ચવૃક્ષોનાં નવાં ઊગેલાં લીલાં પાંદડાંમાંથી માદક સુગંધ આવતી હતી. ખેતરોમાં જવાનો અને હૂંફાળી ધરતી ઉપર ચત્તો લંબાવીને લાવરીઓનો કલરવ સાંભળવાનો અસહ્ય તલસાટ મારા મનમાં ઉછાળા મારતો હતો. પણ હું તેને બદલે શિયાળુ કપડાં ઝાડતો હતો અને તેમને પેટીઓમાં ગોઠવવામાં મદદ કરતો હતો, તમાકુનાં પાંદડાંનો ચૂરો કરતો હતો, ગાદીતકિયા ઝાટકીને ધૂળ ખંખેરતો હતો, મારા મનમાં નફરત

પેદા કરતા અને પાછા મને સાવ નકામા લાગતા ઢસરડાઓમાં સવારથી રાત સુધી ડૂબેલો રહેતો હતો.

વળી ફુરસદના વખતમાં કરવાનું કશું જ મારી જિંદગીમાં નહોતું. અમારી કંટાળાજનક શેરીમાં મનને ગમે એવું કંઈ બિલકુલ હતું જ નહિ, અને મને શેરી મૂકીને બીજે ક્યાંય જવાની છૂટ નહોતી. અમારા ફળિયામાં નાળી ખોદનાર ચિડિયલ અને થાકેલા મજૂરો, લઘરવઘર રસોઇયણો, અને ધોબણોનો જાણે મેળો જામેલો રહેતો. રોજ રાતે એકદમ નફ્ફટ ભોગલીલા ચાલતી રહેતી, એ જોઈને મને એટલી ચીતરી ચડતી અને એટલું ખરાબ લાગતું કે બસ, મનમાં થતું કે હું આંધળો હોત તો સારું.

હું કાતર અને રંગીન કાગળ લઈને ઉપર કોઠારિયામાં ગયો. કાગળ કાપીને મેં ઝાલરો બનાવી અને તેના વડે છતની વળીઓની સજાવટ કરી. એ કંઈ નહિ તો કંટાળામાં રાહત આપતું કામ હતું. મને ક્યાંક ચાલ્યા જવાની ઝનૂની તાલાવેલી થઈ, એવી જગ્યાએ કે જ્યાં લોકો ઓછું ઊંઘતા હોય, ઓછા ઝઘડા કરતા હોય, ઈશ્વરની સામે ફરિયાદોનો ધોધ આટલી જક્કી રીતે ન વહેવડાવતા હોય, અને પોતાના આકરા મતો વહેતા મૂકીને બીજા લોકોનાં દિલોને આટલી બધી વાર ન દૂભવતા હોય.

ઈસ્ટરના તહેવાર પહેલાંના શનિવારે વ્લાદીમિસ્કર્યા કુંવારી માતાનું ધાર્મિક ચિત્ર ઓરાન્સ્કી મઠમાંથી અમારા શહેરમાં લાવવામાં આવ્યું હતું. કુંવારી માતા જૂનના મધ્ય સુધી અમારા શહેરની મહેમાન રહેવાની હતી, અને એ વખત દરમિયાન વિસ્તારના દરેકે દરેક ભાવિકના ઘરની મુલાકાત લેવાની હતી.

તેને અઠવાડિયા દરમિયાન એક દિવસે સવારે મારા માલિકોના ઘરે લાવવામાં આવી. હું રસોડામાં પિત્તળનાં વાસણોને ઘસીને ચળકાવી રહ્યો હતો, એટલામાં બીજા ખંડમાંથી નાની માલિકણનો બેબાકળો સાદ કાને પડ્યો:

"જા, જઈને આગળનું બારણું ખોલ! ઓરાન્સ્કાયા કુંવારી માતાને લઈને આવ્યા છે!"

મારા હાથ ચીકણા અને ઈંટના ભૂકાવાળા હતા. એવી ગંદી હાલત છતાં મેં ધસમસાટ નીચે જઈને બારણું ખોલ્યું. ઉંબરે એક જુવાન જોગી ઊભો હતો. તેના એક હાથમાં ફાનસ અને બીજા હાથમાં ધૂપિયું હતું.

"બહુ વાર લગાડી," તે બબડ્યો. "ચાલ, મદદ કર!"

બે શહેરવાસીઓએ મોટા ચિત્રનું ભારે ચોકઠું સાંકડા દાદરા વાટે ઉપર પહોંચાડ્યું. મેં ખભો ચિત્રના એક ખૂણા હેઠળ ગોઠવી દઈને અને મારા ગંદા હાથ વડે તેને પકડી રાખીને મદદ કરી. અમારી પાછળ ટપટપ કદમ માંડતા કેટલાક જાડા જોગીઓ જાણે કમને ઘોઘરા અવાજે રટતા હતા:

"પવિત્ર કુંવારી માતા, તારી ભલામણની અરજ કરીએ છીએ..."

"ગંદા હાથ વડે ઉપાડી છે એટલે કદાચ મારાં કાંડાંને કરમાવી નાખશે," મને થયું. એવો ખ્યાલ આવતાં મારું મન દુખીદુખી થઈ ગયું.

ચિત્રને ખૂણામાં સાફ ચાદર ઢાંકેલી બે ખુરશીઓ ઉપર ગોઠવવામાં આવ્યું. બે જુવાન અને દેખાવડા જોગીઓએ તેને એક એક તરફથી પકડી રાખ્યું. ઝળકતી આંખો, ભરાવદાર વાળ, અને ખુશાલ ચહેરાઓને કારણે એ જોગીઓ દેવદૂતો જેવા લાગતા હતા.

પ્રાર્થના શરૂ થઈ ગઈ.

"ઈશ્વરની પવિત્ર માતા..." એક કદાવર પાદરી વાળના ઢગલામાં દબાઈ ગયેલા કાનની ફૂલેલી રાતી બુટ્ટીએ આંગળી ફેરવતો તીણા અવાજે રટવા લાગ્યો.

"પવિત્ર કુંવારી માતા, અમારી ઉપર તારી દયા વરસાવ," જોગીઓ થાકેલા અવાજે રટવા લાગ્યા.

મને કુંવારી માતા બહુ ગમતી. નાનીમાની વાર્તાઓમાં તે ગરીબોને દિલાસો દેવા ધરતી ઉપર ફૂલો અને ખુશીઓ પાથરી દેતી, સારું અને સુંદર બધું ફેલાવી દેતી. તેને બચી ભરવાની વેળા આવી ત્યારે મેં ધ્રૂજતાં ધ્રૂજતાં મારા હોઠ તેના મોં ઉપર ચોડી દીધા. મને ધ્યાન નહોતું રહ્યું કે મોટેરાંએ કેવી રીતે બચી ભરેલી.

કોઈના જોરાવર હાથે મને બારણા નજીકના ખૂણામાં ફંગોળી દીધો. મને યાદ નથી કે જોગીઓ ક્યારે ચિત્રને લઈને ચાલ્યા ગયા, પણ એટલું તો બરાબર યાદ છે કે હું ભોંયપટ ઉપર જ્યાં બેઠો હતો ત્યાં માલિક અને માલિકણો મારી ફરતે ઊભાં હતાં, અને ફિકરમાં પડી જઈને વાત કરી રહ્યા હતાં કે હવે મારું શું થશે.

"પાદરીને કહેવું પડશે. આવી બાબતો આપણા કરતાં એને બહેતર સમજાય," માલિક બોલ્યો. પછી તેણે મને હળવો ઠપકો આપતાં કહ્યું: "અરે ભોળિયા! તને ખબર નથી કે કુંવારી માતાને હોઠે બચી ન ભરાય? પાછો નિશાળમાં ભણેલો તું..."

કેટલાય દિવસ સુધી હું ગુનેગારની જેમ વાટ જોતો રહ્યો... શું થશે? શું થશે? પહેલાં તો મેં કુંવારી માતાને ગંદા હાથ વડે પકડી રાખેલી, પછી એને ખોટી રીતે બચી ભરેલી. અરેરે! એનો બદલો મળ્યા વગર રહે જ નહિ, રહે જ નહિ!

પણ આખર તો પ્રેમથી પ્રેરાયેલાં અને મેં વગર ઇરાદે કરેલાં પાપોને કુંવારી માતાએ માફ કરી દીધાં હોય એમ લાગતું હતું. અથવા સજા એટલી હળવી હતી કે આ ભલા લોકો તરફથી મને વારંવાર કરવામાં આવતી સજાઓના સિલસિલામાં ધ્યાનમાં જ નહોતી આવી.

ક્યારેક ડોશીને ચીડવવાના આશયે હું રાંકડા અવાજે કહેતો:

"કુંવારી માતા મને સજા કરવાનું ભૂલી ગઈ હોય એમ લાગે છે."

"અરે ઊભો રહે ને," તે જવાબ દેતી, "હજી વેળા વીતી નથી ગઈ."

...કોઠારિયામાં ચાના પડીકાના ગુલાબી કાગળ તથા ટીનના વરખ વડે તેમ જ પાંદડાં તથા બીજી નકામી ચીજો વડે વળીઓની સજાવટ કરતી વેળા હું મનમાં આવતી કોઈ પણ બાબત વિશે જોડકણાં ઘડી કાઢતો અને દેવળના સંગીતની ધૂનમાં ગાતો રહેતો, ઘોડેસવાર થઈને સફરે નીકળેલા કાલ્મીકોની જેમ ગાતો રહેતો.

કોઠારિયે બેઠો છું,
ટાઢી ભોંયે બેઠો છું,
કાપું કટકા કાગળના,
ઓગાળું બટકાં મીણનાં;
ભાગી જવાનું મન થાય એવું,
હું કૂતરો હોત તો કેવું સારું!
અહીં તો બસ એક જ વાત સૌ કરે,
ભોટ કેવો, બેસ ને મૂંગો, એમ જ કહે,
મૂંગો મરવાની એક જ નેમ ધરે!

મેં કરેલી સજાવટ જોઈને ડોશી માથું હલાવતી જાણે ઘૂરકતી હોય એમ બોલી:

"રસોડામાં આવી સજાવટ કેમ નથી કરતો?"

એક વાર માલિક કોઠારિયામાં આવ્યો અને મારું કામ જોઈને નિસાસો નાખતો બોલ્યો:

"તું બહુ રમૂજી છો, કાળમુખા પેશ્કોવ! આખર તું શું થઈને રહેવાનો? જાદુગર, હેં? કંઈ કહેવાય નહિ..."

પણ તેણે મને નિકોલાસ પહેલાના જમાનાનો પાંચ કોપેકનો સિક્કો આપ્યો.

મેં બારીક તારની બેસણી બનાવીને સિક્કો તેમાં ગોઠવી દીધો, અને મારી રંગબેરંગી સજાવટમાં સૌથી વધારે ધ્યાન ખેંચતી જગ્યાએ તેને ચંદ્રકની જેમ ટાંગી દીધો.

પણ બીજે દિવસે સિક્કો અને બેસણી ગુમ થઈ ગયાં. મને ખાતરી લાગી કે ડોશીએ જ ચોરી લીધો હોય.

૫

વસંતના દિવસોમાં હું આખરે ભાગી ગયો. એક વાર સવારે હું ચાપણી માટે રોટી ખરીદતો હતો ત્યારે ભઠિયારાને તેની ઘરવાળી જોડે ઝઘડો થયો. તેણે ઘરવાળીને કપાળમાં કાટલું ફટકારી દીધું. બાઈ ભાગીને બહાર નીકળી ગઈ અને શેરીમાં ઢળી પડી. ટોળું ભેગું થઈ ગયું. ઓરતને ગાડામાં નાખીને હોસ્પિટલમાં પહોંચાડવામાં આવી. હું ગાડીની પાછળ પાછળ દોડવા લાગ્યો, પણ પછી કોણ જાણે કેવી રીતે વોલ્ગાને કિનારે પહોંચી ગયો, મને ખ્યાલ જ ન રહ્યો કે એમ કેવી રીતે બન્યું. એ વખતે મારા હાથમાં વીસ કોપેક હતા.

વસંતનો દિવસ હેતભર્યો મલકાટ કરી રહ્યો હતો. વોલ્ગામાં ભારે પહોળું પૂર આવ્યું હતું. ધરતી અફાટ હતી અને જાણે હલી રહી હતી. અને હું એ વખત સુધી દરમાં ભરાઈ ગયેલા ઉંદરડા જેવી જિંદગી જીવતો રહ્યો હતો. મેં ફેંસલો કરી નાખ્યો કે હવે માલિકને ત્યાં પાછો નહિ જાઉં, અને નાનીમા પાસે કુનાવિનો પણ નહિ જાઉં. મેં વચન પાળ્યું નહોતું એટલે નાનીમા પાસે જવામાં મને શરમ આવતી હતી. વળી મને પાછો આવેલો જોઈને નાના તો બેશક ફૂલીને ફાળકો જ થઈ જાય.

હું બેત્રણ દિવસ નદીકિનારે ભટકતો રહ્યો. ગોદીમાં કામ કરતા માયાળું

મજૂરો મને ખાવાનું આપતા. રાતે હું તેમની ભેગો ગોદીમાં સૂઈ રહેતો. આખરે તેમાંના એક જણે મને કહ્યું:

"જો, ભાઈ, મને લાગે છે કે આમ અહીંયાં ભટકતા રહેવામાં કંઈ ફાયદો નથી. તું 'દોબ્રી' વહાણમાં જઈને કામ કર ને? એ લોકોને વાસણ ધોનારાની જરૂર છે."

હું ગયો. ઊંચા દાઢીવાળા ભંડારીને મળ્યો. તેણે કાળા રેશમની ટોપી પહેરી હતી. ચશ્માં વાટેથી ધૂંધળી આંખો વડે મારી સામે જોઈને તે શાંત અવાજે બોલ્યો:

"મહિનાના બે રૂબલ. પાસપોર્ટ?"

મારી પાસે પાસપોર્ટ તો હતો જ નહિ. ભંડારીએ જરાક વિચાર કરીને પછી કહ્યું:

"તારી માને લઈ આવ."

હું નાનીમા પાસે પહોંચી ગયો. તેણે મારા કદમને વાજબી ગણ્યું, અને મને પાસપોર્ટ અપાવવા વ્યાપાર ખાતામાં જવા નાનાને પટાવી લીધા. પછી તે પોતે મારી ભેગી વહાણે આવી.

"ઠીક છે," ભંડારી અમારી સામે એક નજર નાખીને બોલ્યો. "ચાલ!"

તે મને વહાણના પાછલા ભાગમાં લઈ ગયો. મોટી જબ્બર કાયાવાળો રસોઇયો ટેબલ પાસે બેઠોબેઠો ચાના ઘૂંટડા ભરતો હતો અને જાડી સિગરેટના ધુમાડા કાઢતો હતો. તેણે સફેદ સોટ અને સફેદ ટોપી પહેર્યાં હતાં. ભંડારીએ મને તેની તરફ હડસેલ્યો.

"વાસણો ધોવા."

એટલું કહીને તરત તે ચાલ્યો ગયો. રસોઇયાએ છીંકોટો કર્યો અને ભંડારીની પાછળ ઘાંટો પાડયો:

"તું તો શયતાનનેય કામે રાખી લેવાનો, સસ્તી મજૂરીએ મળી જાય તો!" બોલતી વેળા તેની કાળી મૂછોના વાળ ખડા થઈ ગયા.

તેણે કાળા ટૂંકા વાળવાળું માથું ખીજમાં પાછળ ફંગોળીને મારી સામે ઘેરી આંખોના ડોળા કાઢયા, ગાલ ફુલાવ્યા, અને બરાડો પાડયો:

"કોણ છો તું?"

મને આદમી જરાય ન ગમ્યો. સફેદ કપડાં પહેરેલાં હોવા છતાં તે ગંદો લાગતો હતો. તેની આંગળીઓ ઉપર ભરચક વાળ ઊગી નીકળેલા હતા અને મોટા મોટા બેઉ કાનમાંથી પણ લાંબા વાળ બહાર નીકળી આવેલા હતા.

"ભૂખ લાગી છે," મેં કહ્યું.

તેની આંખો ઉઘાડમીચ થવા લાગી. પછી એકાએક બહોળા મલકાટથી તેનો ચહેરો જાણે પલટાઈ ગયો, લાલ ગાલોમાં લહેરો પેદા થઈ ગઈ અને સરકતી કાન સુધી પહોંચી ગઈ, ઘોડા જેવા દાંત નજરે પડયા, મૂછો ઢીલી પડીને જાણે ઢળી ગઈ. તે કોઈ જાડી માયાળુ ઘરવાળી જેવો દેખાવા લાગ્યો.

તેણે બચેલી ચા નદીમાં ફગાવી દીધી, પછી ગ્લાસમાં ફરી ચા ભરીને મારી તરફ હડસેલી દીધી, ભેગી એક આખી રોટી અને સલામીની મોટી ચીર પણ મારી તરફ ધકેલી દીધી.

"મંડ ખાવા! માબાપ છે કે? ચોરી કરતાં આવડે છે? ફિકર નહિ, અહીંયાં બધાય ચોરી કરે છે... જોતજોતામાં શીખવી દેશે!"

તે જાણે બોલ ભસતો હતો. તેના મોટા જબ્બર ગાલ હજામતને લીધે નીલા પડી ગયેલા હતા, અને નાક નજીકની પેશીઓમાં રગોની બારીક જાળી છવાયેલી હતી. તેનું રાતું અને ફૂલેલું નાક મૂછોને દબાવતું હતું, જાડો નીચલો હોઠ જાણે તુચ્છકારમાં લટકતો હતો, અને તેના મોંના ખૂણામાં સિગરેટ બળતી હતી. તે હમણાં જ હમામમાંથી પાછો આવ્યો હોય એમ લાગતું હતું કેમ કે તેના શરીરમાંથી બર્ચના ઝાડની ડાળીઓની તથા મરીમરચાંની બ્રાન્ડીની ગંધ આવતી હતી અને ગરદન તેમ જ લમણાં ઉપર પરસેવાનાં ટીપાં બાઝેલાં હતાં.

મેં ખાઈ લીધું એટલે તે મને એક રૂબલ આપતો બોલ્યો:

"જા, કામ કરતી વેળા ઉપર બાંધવાનાં કપડાંની બે જોડી ખરીદી લાવ! ના, ઊભો રહે! હું જ જાઉં છું!"

તે ટોપી સરખી કરીને રીંછની જેમ કાયા ડોલાવતો અને પગ ઢસડતો ડેકની સીડી ઊતરવા લાગ્યો.

...રાત. ચંદ્રમા તેજના ઝગારા મારી રહ્યો છે, આગબોટની ડાબી તરફ બીડોની દિશામાં ઝડપથી સરકી રહ્યો છે. ધોળી કિનારીદાર ભૂંગળાવાળી અમારી જરીપુરાણી બદામી આગબોટ જાણે સુસ્તીમાં હોય એમ પાંખિયાં ધીરેધીરે રૂપેરી પાણીમાં ફટકારી રહી છે. અંધારઘેરા નદીકિનારા આગબોટની સામે હળવે હળવે ઊંચા થતા રહે છે, ઝૂંપડાંની બત્તીઓનાં પ્રતિબિંબો છવાયેલા પડછાયા પાથરતા રહે છે, ગામમાંથી ગીતના સૂર કાને પડી રહ્યા છે, બાળાઓ ગાનમાં ગુલતાન છે, "આઈ-લુલી"નો સૂર "હૅલિલૂયા" જેવો લાગે છે...

અમારી આગબોટ લાંબા તાર વડે બાંધેલા બજરાને ખેંચી રહી છે. બજરો પણ બદામી રંગે રંગેલો છે. ડેક ઉપર લોખંડનું મોટું પાંજરું છે. તેમાં સખત મજૂરીની જનમટીપના કેદીઓને પૂરેલા છે. મોરામાં ઊભેલા સંત્રીની બૅયોનેટ મીણબત્તીની જેમ ઝગમગી રહી છે, અને ઊંડા નીલા ગગનમાં તારલિયા પણ ટચૂકડી મીણબત્તીઓ જેવા લાગે છે. બજરામાં બધે નીરવતા છવાયેલી છે અને ચાંદની પથરાયેલી છે. પાંજરાના લોખંડી સળિયાઓની પાછળ ગોળ ભૂખરા પડછાયા નજરે પડે છે. તેઓ કેદીઓ છે, બેઠાબેઠા વોલ્ગાને તાકી રહ્યા છે. પાણી ખળખળ વહેતું રહે છે, કદાચ રડતું હોય, કદાચ અચકાતું અચકાતું હસતું હોય. બધું જાણે દેવળ જેવું કશુંક લાગે છે, તેલની ગંધમાં પણ જાણે ધૂપનો સંકેત લાગે છે.

બજરાની ઉપર નજર ઠેરવીને જોતાં મને મારું બાળપણ યાદ આવે છે: આસ્ત્રાખાનથી નીઝની સુધીની સફર; માનો મહોરા જેવો ચહેરો; મારી નાનીમા, મને આવી કપરી પણ દિલચસ્પ જિંદગીમાં દોરી જનારી વ્યક્તિ. જ્યારે જ્યારે મને નાનીમાના વિચારો આવે ત્યારે ત્યારે હું જિંદગીનાં કાળાં પાસાંને, નફરત પેદા કરતાં અને દિલને દૂભવતાં પાસાંને, ભૂલી જાઉં છું, બધું પલટાતું રહે છે, વધારે દિલચસ્પ અને ખુશનુમા બનતું રહે છે, લોકો બહેતર લાગે છે અને વધારે ગમે છે...

રાતની સુંદરતા હૃદયને એવી સ્પર્શી જાય છે કે આંખોમાં જાણે આંસુ છલકાઈ જવાનાં હોય એમ લાગે છે. બજરો મારા મનને મોહપાશમાં બાંધી લે છે, કફન જેવો દેખાય છે, વહેતી નદીની પહોળી છાતી ઉપર અને હૂંફાળી રાતની ચિંતનમય નીરવતામાં જાણે સાવ અસંગત લાગે છે. ઘડીક ઊંચા થઈ જતા અને ઘડીક નીચા થઈ જતા કિનારાઓની અસમાન રેખાઓ જોઈને મારા હૈયાના ધબકારા વધી જાય છે, મારા મનમાં નેક બનવાની અને માનવજાતિની સેવા કરવાની ઉત્કંઠા જગાવે છે.

અમારા મુસાફરોની બાબતમાં કશુંક અજોડ છે. મને લાગે છે કે તેઓ સૌ, નાનાંમોટાં અને નરનારી સૌ, એકસરખાં છે. અમારી આગબોટ ધીરેધીરે સરકી રહી છે. તાકીદનાં કામકાજ ધરાવતા લોકો ડાક-જહાજમાં સફર કરે છે, અમારી આગબોટ માટે શાંત મુસાફરો, જેમને કરવાનું કંઈ ન હોય એવા મુસાફરો, બાકી રહે છે. તેઓ સવારથી રાત સુધી ખાય છે અને પીએ છે, ઢગલાબંધ રકાબીઓ, છરીઓ, કાંટા, અને ચમચા ગંદા કરે છે. મારું કામ એ બધી રકાબીઓને ધોવાનું અને છરીકાંટાને ઘસીને ચળકાવવાનું

છે. હું સવારના છ વાગ્યાથી મધરાત સુધી કામમાં ડૂબેલો રહું છું. બપોર પછી બેથી છ અને રાતે ૧૦થી ૧૨ વાગ્યા સુધી કામનો ધસારો ઓછો હોય છે કેમ કે મુસાફરો જમ્યા પછી ખાલી ચા અને બીયર અને વોદ્કા જ પીએ છે.

એ કલાકો દરમિયાન મારા ઉપરી બની રહેતા બધા નોકરચાકરો છૂટા હોય છે. તેમનું એક જૂથ સામાન્ય રીતે ધુમાડિયા નજીકના ટેબલ ફરતે ચા પીવા ભેગું થાય છે. તેમાં રસોઇઓ સ્મૂરીય, તેનો મદદનીશ યાકોવ ઇવાનિચ, રસોઈનાં વાસણો ધોનારો મક્સીમ, અને તૂતક ઉપર મુસાફરોનું કામ સંભાળતો વેઇટર સેર્ગેઈ — ખૂંધાળો અને પહોળા ચહેરામાં શીળીના ડાઘા તથા ચીકણી આંખોવાળો આદમી — સામેલ છે. યાકોવ ઇવાનિચ ગલીચ મજાકો સંભળાવે છે, રોતડ હોય એમ હસતો હસતો લીલા ફૂગાળા દાંત દેખાડે છે. સેર્ગેઈનું દેડકા જેવું મોં મલકાય ત્યારે જાણે એક કાનથી બીજા કાન સુધી ખૂલી જાય છે. ગમગીન મક્સીમ મૂંગો મૂંગો સાંભળે છે, અણપરખાતા રંગની કઠોર આંખો વડે બાકીના માણસોને તાકતો રહે છે.

"માણસખાઉ! મોર્દોવિયાન!" મોટો રસોઇયો ગાજતા અવાજે વારેવારે વચમાં બોલી ઊઠે છે.

એ બધાય લોકો મને જરાય ગમતા નથી. જાડિયો ટાલિયો યાકોવ ઇવાનિચ ખાલી ઓરતોની જ વાતો કરતો હોય છે, અને એ વાતો હંમેશાં ગલીચ જ હોય છે. નીલાં ધાબાંવાળા તેના ચહેરામાં ક્યારેય કશા ભાવ નથી વરતાતા. એક ગાલે મસો છે. મસામાંથી રાતા વાળ ફૂટી નીકળેલા છે, અને તે વાળને વળ ચડાવીને બારીક અણીદાર ઘાટ આપતો રહે છે. કોઈ મિલનસાર લાગતી ફૂટડી બાઈ વહાણમાં આવે ત્યારે તે ભિખારીની જેમ રાંક ભાવે બાઈની પાછળ પાછળ ચાલતો રહે છે અને મધઝરતા રોતલ અવાજે તેની સાથે વાત કરે છે, તેના હોઠે ફીણ બાઝતું રહે છે અને તે ગંધારી જીભ ઝડપથી હોઠ ઉપર જરાક જરાક ફેરવીને ફીણ ચાટતો રહે છે. કોણ જાણે કેમ પણ મને લાગે છે કે સરકારી જલ્લાદો બરાબર તેના જેવા જ જાડિયા અને ચીકણા હશે.

"ઓરતને રંગમાં લાવતાં આવડવું જોઈએ," તેણે એક વાર સેર્ગેઈ અને મક્સીમને જણાવ્યું. બન્ને જાણ ધ્યાનથી સાંભળતા રહ્યા, તેમના ચહેરા જાણે ફૂલી ગયા અને લાલ થઈ ગયા.

"માણસખાઉ!" સ્મૂરીય તુચ્છકારમાં ગરજી ઊઠયો. ધીરેધીરે ખડો થઈ જઈને તેણે મને કહ્યું: "પેશ્કોવ, ચાલ!"

અમે તેની કૅબિનમાં પહોંચ્યા એટલે ચામડાની બાંધણીની નાના કદની ચોપડી મને પકડાવી દઈને તે પાટિયા ઉપર લાંબો થઈ ગયો. પાટિયું ટાઢા ભંડારમાં પડતી ભીંતમાં જડેલું હતું.

"વાંચી સંભળાવ!"

હું સેવના ખોખા ઉપર બેસી ગયો અને ફરમાનનો અમલ કરતો વાંચવા લાગ્યો:

"તારલિયા છવાયેલું છાયાછત્ર એટલે તેમણે પોતે જેમાંથી અબૂધો અને પયગંબરોને હઠાવી દીધા છે એ સ્વર્ગ સાથેના સંપર્કનું સાનુકૂળ બિંદુ..."

સ્મૂરીયે સિગરેટના ધુમાડાનો ગોટો કાઢતાં છીંકોટો કર્યો:

"ઊંટિયા! આવું લખનારા!"

"છાતી ડાબી તરફ ઉઘાડી હોય તો એવો અર્થ થાય કે માસૂમ દિલ છે."

"કોની છાતી?"

"આમાં લખ્યું નથી.'

"એનો મતલબ કે ઓરતની. અરે, વેશ્યાઓ!"

તે આંખો મીચી દઈને અને હાથને માથા પાછળ ગોઠવી દઈને સૂતો રહ્યો. મોંના ખૂણામાં ભરાવેલી સળગતી સિગરેટને જરાક સરકાવીને તેણે એટલો ઊંડો કશ ખેંચ્યો કે તેની છાતીની અંદર સીટી જેવો કશોક અવાજ ગયો અને ચહેરા ઉપર ધુમાડાનો પડદો ઢંકાઈ ગયો. તે ક્યારેક નીંદરમાં પડી ગયેલો લાગતો અને હું વાંચવાનું બંધ કરીને કાળમુખી ચોપડીને તાકતો બેસી રહેતો.

"વાંચ!" તે ભસતો.

"બુઝુર્ગે જવાબ આપ્યો: ધ્યાન દે, ભલા ફ્રેર સુવેરિયાન..."

"સેવેરિયાન."

"આમાં લખ્યું છે: સુવેરિયાન."

"દોજખમાં જાય! સાવ નીચે થોડીક કવિતા હશે. ત્યાંથી ધડધડાટી બોલાવ!"

મેં ત્યાંથી ધડધડાટી બોલાવી:

અરે, અબુધ જીવો, ગુસ્તાખી કરો છો,
અમારી લીલાને તાગવાની!
કમજોર દિમાગો, ઉમેદ ન રાખો,
કદી તેનો પાર પામવાની!
જતિઓના મંત્રો, ભલે તમે સુણો,
એમાંયે ગમ, ના પડવાની!

"બંધ કર!" સ્મૂરીયે બરાડો પાડયો. "આને કવિતા કહેવાય? લાવ ચોપડી!"

તેણે જાડા નીલા પુસ્તકનાં પાના ખીજમાં ફેરવ્યાં અને પછી તેને પાટિયા નીચે ફગાવી દીધું.

"બીજી કોઈ વાંચ!"

હું ભારે વિમાસણમાં પડી ગયો. લોખંડની પટ્ટીઓવાળી તેની કાળી પેટીમાં ઘણાંબધાં પુસ્તકો હતાં. તેમાં 'ઓમીરનાં ફરમાનો', 'તોપદળની યાદો,' 'લોર્ડ સેડેન્ગાલીના પત્રો', 'હાનિકારક જીવડા માકડને ખતમ કરી નાખવાની અને તેના નુકસાનનો સામનો કરવાની રીત', વગેરે જેવાં પુસ્તકો સામેલ હતાં. વળી આરંભ અને અંત વગરનાં પુસ્તકો પણ હતાં. રસોઈયો ક્યારેક મને એ પુસ્તકો જોઈને તેમનાં નામ વાંચી સંભળાવવાનું કહેતો. હું નામો વાંચું ત્યારે તે ખીજે ભરાઈને બબડતો:

"કેવું કેવું લખે છે, લફંગાઓ ક્યાંના! જાણે કેમ મુદ્દલ કારણ વગર આપણને મોઢે તમાચા મારતા હોય! ગેર્વાસીય! મારે એનું શું કામ? શયતાનનો સાગરીત, ગેર્વાસીય! છાયાછત્ર!"

અજબ શબ્દો અને અજાણ્યાં નામો મને ઝાળ ચડાવતાં મારી યાદમાં અંકાઈ ગયાં. મારી જીભ તેમને દોહરાવવા સળવળતી રહેતી, જાણે કેમ દોહરાવવાથી તેમનો અર્થ છતો થઈ જવાનો હોય! બારીની બહાર નદીનો ખળખળ રવ અને છબકારી અવિરત ચાલતા રહેતા. મને તૂતક પર જવાની તાલાવેલી થતી. ત્યાં જહાજી મજૂરો અને ભઠ્ઠીના કામદારો ખોખાં ઉપર બેસીને ગીત ગાતા અથવા ગપ્પાં મારતા અથવા પત્તાંની રમતમાં મુસાફરોના પૈસા જીતી લેતા. તેમની જોડે બેસીને તેમના સાદા સુગમ શબ્દો સાંભળતાં સાંભળતાં કામા નદીના કિનારાઓને, ત્રાંબાના કસાતા તારની જેમ ઊંચે આકાશમાં લંબાતાં પાઈનવૃક્ષોનાં થડોને, અને જ્યાં પૂરનાં પાણી ઓસરી

ગયા પછી બાકી રહી ગયેલાં નાનકડાં સરોવરો તૂટેલા આરસાના કકડાઓની જેમ નીલા ગગનને પ્રતિબિંબિત કરતાં હતાં એ બીડોને તાકી રહેવામાં કેવી મઝા આવે! અમારી આગબોટ ધરતીથી દૂર હતી અને અંતર જાળવી રાખતી હતી. પરંતુ કિનારેથી કોઈ અદૃશ્ય દેવળના ઘંટનો રણકાર ફેલાતી સંધ્યાની નીરવતામાં રણકી ઊઠતો અને મનમાં શહેરના તથા લોકોના ખ્યાલો પેદા કરતો. કોઈ માછીમારની હોડી પાણીમાં રોટીના કકડાની જેમ ડોલતી હતી, કોઈ ગામ નજરે પડયું, કેટલાક નાના છોકરા પાણીમાં છબછબ કરતા હતા, લાલ ખમીસવાળો કોઈ ગામડિયો રેતીની પીળી પટ્ટી ઉપર ચાલતો દેખાતો હતો. દૂરથી જોતાં બધું મોહક લાગતું હતું. વસ્તુઓ રમકડાં જેવાં પ્રમાણો ધારણ કરી લેતી, રમૂજ ઊપજે એવી ટચૂકડી અને રંગીન લાગતી. મારા મનમાં કિનારાને, કિનારાને અને બજરાને, સાદ પાડીને હેત અને માયા છલકાતું કશુંક કહેવાની ઉત્કંઠા પેદા થઈ જતી.

હું એ બદામી બજરાના મોહપાશમાં બંધાઈ ગયો હતો. બુઠ્ઠું નાક ડહોળા પાણીમાં ઘુસાડીને વહેતા રહેતા એ બજરાને હું મુગ્ધ નજરે કલાકો સુધી નીરખી શકતો. આગબોટ તેને દોરડે બાંધેલા ડુક્કરની જેમ ખેંચતી રહેતી. વેગ ધીમો પડી જાય ત્યારે તાર પાણીમાં સરકીને છબકારો બોલાવતો અને પાછો તંગ ખેંચાઈને બજરાને નાકેથી ખેંચતો પાણીની ધાર નદીમાં વહાવતો. લોખંડના પાંજરામાં જનાવરોની જેમ બેસી રહેતા લોકોના ચહેરા જોવ મારું મન તલસતું રહેતું. આગબોટ પેર્મ પહોંચી અને તેમને કિનારે લઈ જવામાં આવ્યા ત્યારે હું જઈને સીડી પાસે ઊભો રહી ગયો. ડઝનબંધ રાખોડી જીવો ખડિયાના ભારથી નમેલી કાયાઓ લઈને પગની સાંકળો ખખડાવતા ભારે ડગલે મારી સામેથી પસાર થઈ ગયા. તેમાં સ્ત્રીઓ હતી અને પુરુષો હતા, નાનાં અને મોટાં માણસો હતાં, દેખાવડા અને કદરૂપા ઇન્સાનો હતા, સૌ બરાબર બીજા લોકો જેવાં જ હતાં, સિવાય કે તેમનો લેબાસ નિરાળો હતો અને માથે ટકા કરાવેલા હોવાથી તેમના દેખાવમાં વિકૃતિ આવી ગઈ હતી. તેઓ બહારવટિયા હતા એ ખરું, પણ નાનીમાએ મને બહારવટિયાઓ વિશે ઘણીબધી મઝાની વાતો કહી સંભળાવેલી.

સ્મૂરીય તેમાંના કોઈ માણસથી વધારે ખોફનાક બહારવટિયો લાગતો હતો.

"ભગવાન આવા અંજામથી બચાવે!" તે બજરા તરફ અણગમાની નજર નાખતો બબડયો.

એક દિવસે મારાથી પુછાઈ ગયું:

"આમ કેમ? તમે રાંધો છો અને બીજા ચોરી ને ખૂન કરે છે, કેમ?"

"હું રાંધતો નથી, ખાણાં પકાવું છું, રાંધવાનું કામ તો બૈરાંનું," તે છીંકોટો કરતો બોલ્યો. પછી જરાક વિચાર કરીને તેણે કહ્યું:

"લોકો વચ્ચેનો તફાવત ભેજાંની બાબતમાં હોય છે. કોઈ ચતુર હોય છે, કોઈ ભોટ હોય છે, વળી કોઈ સાવ જડ જેવા હોય છે. ચતુર બનવું હોય તો કામની ચાપડીઓ વાંચવાની, જાદુની ને એવી. પણ કામની ચોપડીઓ ગોતી કાઢવાની બસ એક જ રીત છે, બધી ચોપડીઓ વાંચવી પડે."

તે મને હંમેશાં કહેતો:

"વાંચ. ચોપડી સમજાય નહિ તો સાત વાર વાંચ. સાત વારમાંયે ગમ ન પડે તો બાર વાર વાંચ..."

સ્મૂરીય આગબોટમાં દરેક માણસની જોડે તોછડાઈ કરતો, ઓછાબોલા ભંડારીની સાથે પણ. કોઈની સાથે વાત કરે ત્યારે તુચ્છકારમાં નીચલો હોઠ લાંબો કરી દેતો, મૂછો ફરકાવતો, અને બોલ કાંકરાની જેમ થૂંકતો. પણ મારી જોડે નરમાશ રાખતો, અને મારી વાત ધ્યાનથી સાંભળતો, પરંતુ તેના ધ્યાનમાં એવું કશુંક રહેતું કે જે મને ગભરાટમાં નાખી દેતું. ક્યારેક મને લાગતું કે રસોઇયો નાનીમાની બહેનની જેમ અરધો ડાહ્યો ને અરધો ઘેલો છે.

"વાંચવાનું બંધ કર!" તે ક્યારકે કહેતો, અને પછી કેટલીય વાર સુધી આંખો મીચીને પડયો રહેતો, નાક વાટેથી ઘરઘરાટી કરતા શ્વાસ લેતો રહેતો, તેનું મોટું જબ્બર પેટ ઊંચુંનીચું થતું રહેતું, તે મડદાની જેમ હાથ છાતીએ અદબમાં ભીડી રાખતો, જાણે કોઈ અદૃશ્ય મોજું અદૃશ્ય સોઇયાઓ વડે ગૂંથતો હોય એમ તેની વાળ છવાયેલી આંગળીઓ ફરકતી રહેતી. આંગળીઓ દાઝી જવાથી તેમાં ચાઠાં પડી ગયેલાં હતાં. પછી તે એકાએક ગણગણવા લાગતો:

"હા. આમ જો... અક્કલ, જા અને જીવ! અક્કલ થોડીથોડી અપાય છે, અને પાછી સૌને સરખી નહિ. દરેકને સરખા ભાગે મળતી હોત તો... પણ નથી મળતી. એક માણસ સમજે છે, બીજો નથી સમજતો, અને ત્રીજાને સમજવાનું મન જ નથી હોતું."

તે શબ્દોની તલાશમાં ગોથાં ખાતો મને સિપાહી તરીકેની તેની જિંદગીની

વાતો કરતો. તેની વાતોમાં કોઈ જાતનો મતલબ મને ક્યારેય ન દેખાતો, વળી એ વાતો હંમેશાં નીરસ લાગતી, ખાસ તો એ કારણે કે તે શરૂઆત ક્યારેય પહેલેથી ન કરતો, મનફાવે ત્યાંથી કરી દેતો.

"એટલે રેજિમેન્ટના કમાંડરે પેલા સિપાહીને બોલાવીને પૂછ્યું: લેફ્ટેનન્ટે તને શું કહેલું? પેલાએ જેવું હતું એવું બધુંય જણાવી દીધું કેમ કે સિપાહી તો સાચી વાત કહેવા ફરજથી બંધાયેલો હોય છે. લેફ્ટેનન્ટ તેની સામે એવી રીતે જુએ છે કે તે જાણે પથ્થરની દીવાલ હોય, પછી નજર નીચે ઢાળી દે છે અને બીજી તરફ ફરી જાય છે. હા..."

રસોઇયો એકદમ જોરથી શ્વાસ લઈને બબડયો:

"જાણે કેમ મને ખબર હોય કે માણસે શું કહેવું જોઈએ અને શું ન કહેવું જોઈએ! લેફ્ટેનન્ટને કેદખાનામાં પૂરી દેવામાં આવ્યો, અને એની માએ કહ્યું કે... અરે, ભલા ભગવાન! મને કોઈએ ક્યારેય કંઈ શીખવ્યું જ નહિ!"

ગરમી હતી. બધું હળવે હળવે હલતું અને ગુંજતું હતું. કૅબિનની ધાતુની દીવાલો પાછળ હલેસાંનું પૈડું ઠપઠપ કરતું હતું અને પાણીમાં છબકારા થતા હતા. ગોળ બારીની બહાર નદીનું વહેણ બહુ પહોળું હતું. દૂર બીડની પટ્ટી દેખાતી હતી. ઝાડવાં નજરે પડવા લાગ્યાં. મારા કાન બધા અવાજોથી એટલા બધા ટેવાઈ ગયા હતા કે મને ખાલી નીરવતા જ ધ્યાનમાં આવતી હતી, જોકે આગબોટના મોરામાં કોઈ ખલાસી એકધારો દોહરાવી રહ્યો હતો:

"સા...ત! સા...ત!"

મને બધી બાબતોથી વેગળા રહેવાનું મન થતું હતું... કંઈ સાંભળવું નહિ, કશું કામ કરવું નહિ... ખાલી ક્યાંક છાંયડામાં બેસવું, રસોડાની ગરમ અને ચીકણી ગંધના કૂંડાળાની પાર... બેસવું અને પાણી ઉપર ચાલતી શાંત અને ઢીલી જિંદગીને નીંદરઘેરી નજરે તાકી રહેવું.

"વાંચ!" રસોઇયાએ ચિડિયલ અવાજે ફરમાન છોડયું.

પહેલા વર્ગમાં કામ કરતા વેઇટરો પણ તેનાથી ડરતા, અને રાંકડા ઓછાબોલા ભંડારીના મનમાંયે સ્મૂરીયની બીક ઘર ઘાલી ગઉ હોય એમ લાગતું.

"એય, ડુક્કર!" સ્મૂરીય પીણાંના વેઇટરની સામે બરાડો પાડતો. "અહીં આવ, ચોરટા! માણસખાઉ! છાયાછત્ર!.."

ખલાસીઓ અને ભઠ્ઠીના મજૂરો તેનું માન રાખતા અને તેની ખુશામત પણ કરતા. તે એ લોકોને સૂપમાંથી માંસ આપતો, તેમનાં કુટુંબોની ખબર પૂછતો અને ગામની જિંદગી વિશે સવાલો કરતો. ભઠ્ઠીના ગંધારા ચીકણા બેલોરૂસી મજૂરોને આગબોટના કચરા જેવા ગણવામાં આવતા. રૂસીઓ તેમને યાક કહીને બોલાવતા અને ચીડવવા કહેતા:

"યાક રે યાક, ભાગ રે ભાગ!"

એથી સ્મૂરીયનો પિત્તો ઊકળી જતો. તે ધૂંવાંપૂંવાં થઈ જતો. તેનો ચહેરો લાલ થઈ જતો, અને તે બરાડો પાડીને ભઠ્ઠીના મજૂરને કહેતો:

"એ લોકોને તમારી ઉપર આમ દાદીગીરી કેમ કરવા દો છો? ડાચાં ભાંગી નાખો! કાળમુખા કાત્સાપ* છે!"

એક વાર દેખાવડા પણ તોછડા ટંડેલે તેને કહ્યું:

"યાક અને ખોખોલ**! એકનો ભાઈ બીજો, કંઈ ફરક નહિ!"

રસોઇયાએ તેને કમ્મરપટો અને ગરદન પકડીને અદધર હવામાં ઊંચો કર્યો અને જોરજોરથી હલાવ્યો.

"છૂંદો કરી નાખું તારો?" તેણે બરાડો પાડયો.

ઝઘડા ઘણી વાર થતા, અને અંતે મારામારીયે થતી. પણ સ્મૂરીયને કોઈ મારી ન શકતું. પહેલી વાત તો એ કે તે બેહદ જોરાવર હતો. અને બીજી વાત એ કે તેને કપ્તાનની વહુ જોડે બહુ બનતું. ઊંચા કદની ભરાવદાર બાઈનો ચહેરો આદમી જેવો હતો અને તે વાળ છોકરાની જેમ સીધા કપાવતી.

સ્મૂરીય વોદ્કા બહુ પીતો, પણ તેને દારૂ ક્યારેય ચડતો નહિ. તે સવારથી પીવાનું શરૂ કરી દેતો અને ચાર હિસ્સામાં આખી બાટલી ખતમ કરી નાખતો, વળી ભેગા બીયરના ઘૂંટડા તો આખો દિવસ ભરતો જ રહેતો. ધીરેધીરે તેનો ચહેરો જાણે રાખોડી-ભૂરા રંગનો થતો જતો, અને જાણે હેરતમાં ગરકાવ થઈ ગયો હોય એમ તેની કાળી આંખો મોટી થઈ જતી.

ક્યારેક ક્યારેક સાંજે તે તૂતક ઉપર કલાકો સુધી બેસી રહેતો, તેની કદાવર સફેદ આકૃતિની ગમગીન નજર સરકતા અંતર ઉપર તકાયેલી રહેતી.

---

*કાત્સાપ — રૂસીને આપવામાં આવતું અપમાનનું નામ.

**ખોખોલ — ઉક્રાઇનીને આપવામાં આવતું અપમાનનું નામ.

એવી વેળાએ મોટા ભાગના લોકોને તેની બીક લાગતી, પણ મને તો દયા આવતી.

યાકોવ ઈવાનિચ રસોડામાંથી રાતોચોળ ચહેરો લઈને પરસેવે રેબઝેબ હાલતમાં નીકળતો, ટાલિયું માથું ખજવાળતો, અને નાઉમેદીમાં હાથ હલાવતો પાછો ગાયબ થઈ જતો, અથવા દૂરથી સાદ પાડતો:

"મચ્છી ગંધાઈ ગઈ છે..."

"કચુંબરમાં ભેળવી દે..."

"કોઈ મચ્છીનો સૂપ કે બાફેલી મચ્છી માગે તો?"

"બનાવી લેજે! જેવું મળશે એવું ખાઈ લેવાના!"

હું ક્યારેક હિંમત કરીને તેની પાસે જતો.

"શું છે?" તે મહેનત કરીને મારી તરફ ફરતો અને સવાલ કરતો.

"કંઈ નહિ."

"સારી વાત છે..."

એક વાર મેં તેને કહ્યું:

"સૌને આમ ગભરાવી કેમ નાખો છો? તમે છો તો ભલા આદમી!"

મારા સવાલથી તે ખિજાયો નહિ. એથી મને બહુ હેરત થઈ.

"ખાલી તારી બાબતમાં ભલો છું," તેણે જવાબ આપ્યો, પણ પછી તરત વિચારમાં પડી જતાં માયાળુ અવાજે ઉમેર્યું: "કે પછી કદાચ સૌની બાબતમાં ભલો હોઉં. ખબર જ નથી પડતી. આપણી ભલાઈ લોકોને બતાવાય નહિ, બતાવીએ તો આપણને ખતમ જ કરી નાખે. લોકોને ભલો માણસ એટલે બિચારો જાણે કળણમાં સૂકી જમીનનો ઢોરો હોય એમ એની ઉપર ચડી જાય અને પગ પછાડીને એને દબાવી દે. જા, થોડોક બીયર લાવી દે!"

ગ્લાસ પછી ગ્લાસ બીયર પી લીધા પછી તેણે જીભ વડે મૂછો ચાટતાં કહ્યું:

"તું જરાક વધારે મોટું પંખીડું હોત તો હું તને ઘણુંબધું શીખવી શક્યો હોત. શીખવા જેવી બેચાર બાબતોની જાણકારી મને છે... હું કંઈ ભોટ નથી. તું ચોપડીઓ વાંચ, તારે જાણવા જેવું બધું તને એમાંથી મળી રહેશે, ચોપડી એટલે અનોખી ચીજ. બીયર પીવો છે?"

"નથી ભાવતો."

"બહુ સારું. પીવાનું શરૂ કરતો નહિ. દારૂ પીવાથી ભારે વિપદા આવી

પડે. વોદ્કા તો શયતાનની પેદાશ છે. હું પૈસાદાર હોત તો તને નિશાળમાં દાખલ કરાવી દેત. અભણ માણસ એટલે બળદિયો, બીજું કંઈ નહિ. કાં તો જોતરીને મહેનત કરાવો, અથવા મારીને એનું માંસ બનાવો... એનું કામ ખાલી પૂંછડી હલાવવાનું, બસ!"

કપ્તાનની વહુએ તેને ગોગોલનું પુસ્તક વાંચવા આપ્યું. મેં તેને 'ભયંકર વેર' વાર્તા વાંચી સંભળાવી. મને તો બેહદ ગમી, પણ સ્મૂરીયે ગુસ્સે થઈને બરાડો પાડયો:

"વાહિયાત કચરો! તુક્કાબાજી! બીજી ચોપડીઓ હશે... હોય જ... ખાતરી છે મને..."

તે પુસ્તક મારી પાસેથી લઈને કપ્તાનની વહુ પાસે ગયો અને બીજું લઈ આવ્યો. પછી તેણે ધૂની અવાજે ફરમાન કર્યું:

"લે, આ વાંચ, 'તારાસ'ની વાત... પૂરું નામ શું છે એનું? ગોતી કાઢ! પેલીએ કીધું છે કે સારી છે... કોને માટે સારી? એને સારી લાગતી હોય... અને બનવાજોગ છે કે મને સારી ન લાગે, હેં? એણે વાળ કેવા કપાવ્યા છે, જોયા છે ને તેં? કાન કેમ ન કપાવી નાખ્યા?"

વાંચતાં વાંચતાં, તારાસ તરફથી ઓસ્તાપને લડવાના પડકારનો પ્રસંગ આવ્યો ત્યારે રસોઇયો ઘોઘરા અવાજે હસતો હસતો બોલ્યો:

"એમ... છે! જોયું ને? તારામાં અક્કલ... ને મારામાં જોર! કેવું કેવું લખતા હોય છે! ઊંટિયા!"

તે ધ્યાનથી સાંભળતો રહ્યો, પણ વચમાં ઘણી વાર બબડતો:

"વાહિયાત! માણસને એક જ ઘાએ ખભેથી કેડ સુધી વાઢી નાખવાનું બને જ નહિ! કોઈ રીતે નહિ! અને માણસને ભાલા ઉપર ઉપાડી શકાય જ નહિ, ભાલો તૂટી જાય! હું પોતે સિપાહી છું ને, નથી?"

આંદ્રીયની દગાખોરીથી તેને આઘાત થયો.

"કચરો, હેં? ઓરતને ખાતર! છી..."

પણ તારાસે દીકરાને વીંધી નાખ્યો ત્યારે રસોઇયાએ પગ પાટિયાની એક બાજુએ સરકાવી દીધા, અને પાટિયાની કોર બેઉ હાથ વડે પકડીને તે રડવા લાગ્યો. આંસુ ધીરેધીરે ગાલ ઉપરથી દડતાં દડતાં નીચે ટપકવા લાગ્યાં. તે ઘડીએ ઘડીએ શ્વાસ લેતો બબડવા લાગ્યો:

"હે ભગવાન! હે ભગવાન!"

પછી તેણે અચાનક જ મારી સામે બરાડો પાડયો:

"વાંચવાનું ચાલુ રાખ! શયતાનની ઓલાદ!"

પછી પેલો પ્રસંગ આવ્યો કે જ્યારે મોતનો ભોગ બનનારો ઓસ્તાપ પિતાને કહે છે: "બાપુ! સાંભળો છો?"

એ વખતે રસોઇયો વધારે જોરથી અને વધારે કારમું રડવા લાગ્યો.

"બધું ખતમ!" સ્મૂરીય રોતલ અવાજે બોલ્યો. "બધું! બસ? પૂરી થઈ ગઈ વાત? અરે! કેવો કાળમુખો મામલો! એ જમાનામાં ખરા મરદ થતા. આ તારાસ, હેં! ખરો આદમી! ઈશ્વરના સમ!"

તે પુસ્તકને મારા હાથમાંથી લઈને ધ્યાનથી જોવા લાગ્યો, પૂંઠાને આંસુ વડે ધોવા લાગ્યો.

"સારી ચોપડી એટલે જાણે અસલ તહેવાર!"

પછી અમે 'અઈવેંગો' ચોપડી વાંચી. સ્મૂરીયને રીચાર્ડ પ્લાન્ટાગેનેટ બહુ ગમ્યો.

"રાજા હોય તો એવો!" તે ભારેખમ અવાજે બોલ્યો. પણ મને તો પુસ્તક કંટાળાજનક લાગેલું.

સામાન્ય રીતે જોતાં, અમારી રુચિઓમાં ફરક હતો. 'થોમસ જોન્સની કથા' પુસ્તકે, 'અનાથ બાળક ટોમ જોન્સનો ઇતિહાસ' પુસ્તકના જૂના અનુવાદે, મને મુગ્ધ કરી દીધો.

"બકવાટ!" સ્મૂરીય બબડ્યો. "મારે ને એ થોમસને શું લાગેવળગે? મારે એનું શું કામ? બીજી ચોપડીઓ હશે... હોય જ."

એક દિવસે મેં તેને કહ્યું કે બીજી ચોપડીઓ છે, ગેરકાયદે, ભોમભીતર. ખાલી રાતે જ અને ભંડકિયામાં જ વંચાય એવી.

તેની આંખો પહોળી થઈ ગઈ અને મૂછના વાળ ખડા થઈ ગયા.

"શું કહ્યું? કેવાં જૂઠાણાં લવે છે?"

"જૂઠાણાં નથી. એક વાર પાપના એકરારમાં પાદરીએ મને પૂછેલું, એવી ચોપડીઓ વિશે... વળી મેં લોકોને વાંચતા ને રડતા નજરે જોયા છે."

રસોઇયાએ ગમગીન નજરે મારી સામે જોતાં સવાલ કર્યો:

"કોણ રડેલું?"

"એવી ચોપડી સાંભળતી એક બાનુ. અને બીજી તો ગભરાઈને નાસતી રહેલી."

"તને સપનું આવ્યું છે, નીંદર ખંખેરી નાખ!" સ્મૂરીય આંખોને ધીરેધીરે સંકોડતો બોલ્યો. થોડીક વાર ચુપ રહીને તેણે ઉમેર્યું:

"ચોક્કસ વળી... ક્યાંક કશુંક છાનુંછપનું તો હોવું જ જોઈએ... ન હોય એમ બને જ નહિ... પણ હું તો હવે બહુ ઘરડો થઈ ગયો... વળી એવો માણસ પણ નહિ... છતાંયે, વિચાર કરીએ તો..."

તે એવી છટાદાર રીતે કલાકો સુધી બોલતો રહી શકતો.

મને સાવ અજાણતાં જ વાંચવાની ટેવ પડી ગઈ, અને વાંચવામાં મઝા પડતી. પુસ્તકો જે કંઈ જણાવતાં તે જીવનથી નિરાળું અને ગમી જાય એવું હતું. એથી જિંદગી જાણે વધારે જુલમી લાગતી.

પુસ્તકોમાં સ્મૂરીયની દિલચસ્પી પણ વધતી ગઈ. ઘણી વાર એવું બનતું કે હું કામ કરતો હોઉં ત્યારે પણ તે મને બોલાવતો:

"પેશ્કોવ, અહીં આવ! ચોપડી વાંચી સંભળાવ!"

"ધોવાની પ્લેટોનો ગંજ પડ્યો છે!"

"મક્સીમ ધોઈ નાખશે."

પ્લેટો ધોવાનું કામ કરતા મોટેરા આદમીને તે તોછડાઈથી મારું કામ ભળાવી દેતો. પછી પેલો માણસ ગ્લાસ ફોડી નાખીને વેર વાળતો.

"હું તને વહાણમાંથી ઉતારી દેવાનો," ભંડારીએ સ્વસ્થ અવાજે મને ચેતવણી આપી.

એક વાર મક્સીમે જાણીજોઈને કેટલાક ગ્લાસ ગંદા પાણીની ડોલમાં રહેવા દીધા. મેં ડોલને નદીમાં ઠાલવી દીધી એટલે પાણી ભેગા ગ્લાસ પણ નદીમાં પડી ગયા.

"વાંક મારો છે," સ્મૂરીયે ભંડારીને કહ્યું, "મારા હિસાબમાંથી કાપી લેજો!"

વેઈટરો મારી તરફ ત્રાંસી નજરો નાખવા લાગ્યા.

"અરે, ચોપડીના કીડા, તને પગાર શાનો મળે છે? શું ધારે છે તું?" તેઓ કહેતા.

તેઓ જાણીજોઈને વધારે પ્લેટો ગંદી કરતા અને મારે માથે વધારે કામ લાદી દેતા. મને ખ્યાલ આવી ગયો કે આનો અંજામ બૂરો આવવાનો છે. અને ખ્યાલ જરાય ગલત નહોતો.

એક દિવસે સાંજે કોઈ નાનકડી જગ્યાએ રાતા ચહેરાવાળી એક બાઈ અમારી આગબોટમાં ચડી. તેના ભેગી એક છોકરી હતી. છોકરીએ નવું

ગુલાબી બ્લાઉઝ પહેર્યું હતું અને માથે પીળો રૂમાલ બાંધ્યો હતો. બેય જણી જરાક નશામાં હતી. બાઈ સૌની સામે મોં મલકાવતી અને માથું નમાવતી બરાબર પાદરીના મદદનીશ જેવા બોલ બોલતી હતી:

"માફ કરજો, તમે તો પોતીકાં ગણાઓ, મેં જરાક પીધો છે! મારી ઉપર મુકદ્દમો ચલાવેલો, પણ છોડી મૂકી, એટલે ખુશી મનાવવા પીધો..."

છોકરી ખી... ખી... કરતી હસતી હતી અને ધૂંધળી નજરે સૌની તરફ જોતી વારેવારે બાઈને પાંસળીઓમાં ઘોંકા મારતી હતી.

"ચાલ હવે, છિનાળ ક્યાંની! આગળ ચાલ!.."

બેઉ જણી બીજા વર્ગના વિભાગ નજીક, યાકોવ ઈવાનિચ અને સેર્ગેઈને સૂવાની કેબિનની સામે, ગોઠવાઈ ગઈ. બાઈ થોડીક વારમાં ગાયબ થઈ ગઈ. સેર્ગેઈએ છોકરીની બાજુમાં જગ્યા લઈ લીધી. તેનું દેડકા જેવું ડાચું ઢીલા મરકાટમાં પહોળું થઈ ગયું.

રાતે કામ પૂરું થઈ ગયું અને હું મારે સૂવાના ટેબલ ઉપર ચડી ગયેલો ત્યારે સેર્ગેઈ મારી પાસે આવ્યો અને તેણે મારો હાથ પકડી લીધો.

"ચાલ, તને પરણાવી દેવો છે!"

પીધેલો હતો. મેં હાથ છોડાવવાની કોશિશ કરી પણ તેણે મને ફટકાર્યો.

"ચાલ!"

મક્સીમ દોડતો આવ્યો. તે પણ પીધેલો હતો. બન્ને જણ મને તૂતક ઉપર ઢસડતા, ઊંઘતા મુસાફરોને પાર કરતા, તેમની કેબિન પાસે લઈ ગયા. પણ સ્મૂરીય બારણા નજીક ઊભો હતો, અને બરાબર બારણામાં જ યાકોવ ઈવાનિચ છોકરીની સામે ઊભો હતો. છોકરી તેને પીઠમાં ધડધડાટ મુક્કા ઝીંકી રહી હતી.

"જવા દે મને!" તે કેફી અવાજમાં વારંવાર ઘાંટા પાડતી હતી.

સ્મૂરીયે આંચકો મારીને મને સેર્ગેઈ તથા મક્સીમની પકડમાંથી છોડાવી લીધો, બેઉ જણના વાળ પકડીને માથાં ભટકાવ્યાં, અને પછી તેમને ફંગોળીને તૂતક ઉપર આળોટતા કરી દીધા.

"માણસખાઉ!" તેણે યાકોવની સામે બરાડો પાડીને બારણું ધડાક બંધ કરી દીધું. પછી મને હડસેલો મારતો તે ભસી ઊઠયો:

"ભાગી જા અહીંથી!"

હું દોટ મૂકીને આગબોટના પાછલા ભાગમાં જતો રહ્યો. રાતની વેળાએ આકાશમાં વાદળ ઘેરાયેલાં હતાં, નદી કાળી દેખાતી હતી. આગબોટની

પાછળ પાણીમાં જાણે બે કેડીઓ રચાઈ જતી હતી અને અદૃશ્ય કિનારાઓ તરફ ફંટાઈ જતી હતી. બજરો એ કેડીઓની વચ્ચે આગળ સરકતો હતો. ક્યારેક ડાબે તો ક્યારેક જમણે લાલ બત્તીઓ નજરે પડતી. બત્તીઓ કશું ન અજવાળતી, અને નદીમાં વળાંકોની પાછળ ઝડપથી ગાયબ થઈ જતી. તેઓ ગાયબ થઈ જાય ત્યારે અંધારું જાણે વધારે ઘેરું અને વધારે પીડાકારી લાગતું.

રસોઈયો આવીને મારી નજીક બેસી ગયો. તેણે ઊંડો નિસાસો નાખીને સિગરેટ સળગાવી.

"પેલી વેશ્યા પાસે ઢસડી ગયેલા તને? ડુક્કરો ક્યાંના! તારી તરફ ધસેલા એનો અવાજ સાંભળેલો મેં!"

"તમે પેલીને એ લોકોના હાથમાંથી છોડાવી?"

"એને?" તે છોકરીને ગાળો ભાંડીને પછી પીડાભર્યા અવાજે આગળ બોલ્યો: "અહીંયાં બધાંય ડુક્કરો જ છે. આ આગબોટ તો ગામડા કરતાંયે બદતર છે. તું ક્યારેય ગામડામાં રહેલો?"

"ના."

"ગામડું એટલે તોબા! છેક અંદરથી સાવ સડી ગયેલું હોય! શિયાળામાં તો ખાસ."

તે સિગરેટનું ઠૂંઠું નદીમાં ફગાવી દેતો આગળ બોલ્યો:

"આ બધાય ડુક્કરો ભેગો રહેવામાં તો તું સાવ ખોવાઈ જવાનો! નાનકા ઉંદરડા, મને તારી બાબતમાં અફસોસ થાય છે. સૌની બાબતમાં અફસોસ થાય છે. ક્યારેક તો સમજાતું જ નથી કે શું નહિ કરી બેસું... થાય છે કે ગોઠણભેર થઈને આ લોકોને કહું: 'તમે શું કરો છો, હરામજાદાઓ, આંધળા છો કે શું?' ઊંટિયા ક્યાંના!"

આગબોટે લાંબી સીટી વગાડી, પાણીમાં તારનો છબકારો થયો, મોટા ફાનસનું અજવાળું ડક્કાની તલાશ કરતું ઘેરા અંધકારમાં આમતેમ સરકવા લાગ્યું, અંધારામાં નાની બત્તીઓ ટમટમતી નજરે પડી.

"દારૂડિયું જંગલ!" રસોઈયો બબડયો. "અને આ નદી... 'છાકટી!' રૅશનનો અમલદાર હતો એક... 'છાકટાલાલ'. અને એક કારકુન હતો... 'નશાબહાદુર'... હું તો કાંઠે જાઉં છું..."

કામા વિસ્તારની ખડતલ ઓરતો અને છોકરીઓ લાકડાં લાદેલી લાંબી હાથગાડીઓ ખેંચતી આવી. પછી લાકડાં ઉપાડીને, વજનને લીધે વળી

જતી, નાનકડાં ચપળ ડગલાં ભરતી, બબ્બેની કતારમાં, ભઠ્ઠી-મજૂરના કાળા બાકોરા પાસે જઈને ચારચાર ફૂટ લાંબાં લાકડાં અંદર ફગાવતી રણકતા અવાજે લલકારવા લાગી:

"હેઈશા!"

બાઈઓ લાકડાં ઉપાડીને ચાલતી હતી ત્યારે ખલાસીઓ તેમના પગ ઉપર અને છાતીએ ઝાપટ મારતા હતા. ઓરતો ચીસો પાડતી હતી અને તેમની ઉપર થૂંકતી હતી. ઓરતો પાછી વળે ત્યારે ખલાસીઓની થપાટો અને ચૂંટિયાઓની સામે બચાવ કરવા હાથગાડીઓના ફટકા ઝીંકતી. એવું બધું હું કંઈ કેટલીય વાર, દરેક સફરમાં, જોઈ ચૂક્યો હતો. આગબોટ માટે લાકડાં લેવાતાં હોય એવા દરેક ઠેકાણે એમ જ બનતું રહેતું.

મને લાગતું કે હું જાણે ઘરડો આદમી છું, આગબોટમાં ઘણાં વરસોથી રહું છું, કાલે અને આવતે અઠવાડિયે અને આવતી શરદમાં બનવાનું બધુંય પહેલેથી જ બરાબર જાણું છું.

અજવાળું થવા લાગ્યું. ડક્કાની પાર ઊંચી રેતાળ જમીનમાં પાઈનવૃક્ષોનું મોટું વન નજરે પડયું. બાઈઓ ઢોરા ઉપર ચડતી વન તરફ જઈ રહી હતી, હસતી હતી, ગાતી હતી, રાડારાડી કરતી હતી, લાંબી હાથગાડીઓના હથિયારને લીધે સિપાહીઓ જેવી લાગતી હતી.

મને રડવાનું મન થયું, મારી છાતીમાં આંસુનાં મોજાં ઉછાળા મારતાં હતાં, મારા દિલને દબાવતાં હતાં, એથી પીડા થતી હતી.

પણ મને રડવામાં શરમ આવતી હતી, એટલે હું બ્લ્યાખિન નામે ખલાસીને તૂતક ધોવામાં મદદ કરવા લાગ્યો.

બ્લ્યાખિનમાં ખાસ ધ્યાન ખેંચાય એવું કંઈ નહોતું. તેનો ચહેરો ફિક્કો અને બેરંગ હતો. તે આઘેરા એકલવાયા ખૂણા ગોતી કાઢતો અને ત્યાં નાનકડી આંખો પટપટાવતો બેસી રહેતો. તેણે એક વાર મને કહ્યું:

"ઈમાનદારીથી કહું તો મારું નામ બ્લ્યાખિન નથી. મને સૌ... કહીને બોલાવતા. કારણમાં એમ કે મારી મા બદચાલ ઓરત હતી. મારે એક બહેન છે, પણ એવી જ. લાગે છે કે નસીબ જ એવું હશે બેયનું. સાંભળ, ભાઈ, નસીબ એટલે ગળે સજ્જડ બંધાયેલો પથરો. આપણને ઊઠવાનું મન થાય પણ ભાર એવો કે ઉઠાય જ નહિ!"

તૂતક ધોતો ધોતો તે શાંત અવાજે બોલ્યો:

"જોયું ને, બાઈઓને કેવી હેરાન કરે છે? જરાક વિચાર કર! બહુ મહેનત કરો તો ભીના લાકડાનેય સળગાવવાનું બને! આ મને જરાય ગમતું નથી, ભાઈ મારા, સહેવાતું જ નથી. હું ઓરત હોત તો ક્યાંક કાળા કળણમાં ડૂબી મરત, ઈશ્વરના સોગન ખાઈને કહું છું! આમેય જે કરવું જોઈએ એ કરવાનું ભારે મુશ્કેલ હોય છે, એમાં પાછા આ લોકો હોળી સળગાવે છે! હું કહું છું તે સાંભળ... પાવૈયા કંઈ મૂરખ લોકો નથી હોતા. પાવૈયાની વાત સાંભળી છે ને? એ લોકોને શાણપ બહુ, જિંદગી જીવવાની સાચી રીત સમજી લીધી, નાની નાની ગંધારી બાબતોને પડતી મૂકી દીધી, ખાલી ઈશ્વરની ભક્તિ, ચોખ્ખા દિલે..."

કપ્તાનની વહુ નજીકથી નીકળીને પસાર થઈ ગઈ. તે ખાબોચિયાંથી બચવા ઘાઘરો ઊંચો કરીને ચાલતી હતી. હંમેશાં બહુ વહેલી ઊઠી જતી. ઊંચી અને દમામદાર હતી. તેનો ચહેરો એવો સાદો અને નિખાલસ હતો કે મને તેની પાસે દોડી જવાનું અને ખરા દિલે કહેવાનું મન થતું:

"કંઈક વાત કરો, કરો ને કરો જ!.."

આગબોટ ધીરેધીરે ડક્કેથી આઘી સરકવા લાગી.

"પાછી સફર ચાલુ થઈ ગઈ..." બ્લ્યાખિન ક્રૉસની નિશાની કરતો બોલ્યો.

૬

સારાપુલમાં મક્સીમ આગબોટ છોડીને જતો રહ્યો. તે કોઈને દુવાસલામ કર્યા વગર સ્વસ્થ અને ગંભીર ચહેરે ચુપચાપ રવાના થઈ ગયો. તેની પાછળ પાછળ પેલી ખુશખુશાલ બાઈ અને છોકરી પણ ચાલી ગઈ. બાઈ હજી હસતી હતી, અને છોકરી જાણે ચીમળાઈ ગઈ હતી, તેની આંખો સૂજી ગઈ હતી. સેર્ગેઈ કેટલીય વાર સુધી કપ્તાનની કૅબિન સામે ગોઠણભેર બેસીને બારણાની પટ્ટીઓને બચીઓ ભરતો રહ્યો અને માથું બારણા ઉપર અફાળતો રહ્યો.

"માફ કરો, વાંક મારો નહોતો..." તે રાગડા તાણતો હતો, "મક્સીમ કસૂરવાર હતો..."

ખલાસીઓ, પીણાંનો વેઈટર, અને કેટલાક મુસાફરો પણ બરાબર જાણતા હતા કે સાવ ખોટું બોલે છે, પણ સૌ તેને હામ બંધાવતા રહ્યા.

"અરજ કરતો રહે, કરતો જ રહે, માફ કરી દેશે!"

અને કપ્તાને માફ કરી દીધું, પણ એવી લાત ઝીંકી દીધી કે સેર્ગેઈ ગોથાં ખાઈને નીચે આળોટતો થઈ ગયો. બીજી જ ઘડીએ તે નાસ્તાની તાસકો લઈને તૂતક ઉપર દોડતો હતો, ચાબુકનો માર ખાધા પછી ખુશામતની ગેલ કરતા ગલૂડિયાની જેમ લોકોની તરફ નજર નાખતો હતો.

મક્સીમની જગ્યાએ વ્યાત્કાના માજી સિપાહીને રાખવામાં આવ્યો. વામણા આદમીને ટચૂકડું માથું હતું અને બદામી-રાતી આંખો હતી. બીજા નંબરના રસોઈયાએ તેને તરત થોડાંક મરઘાં મારવા મોકલી દીધો. સિપાહીએ બે મરઘાંને તો મારી નાખ્યાં, પણ બાકીનાં છૂટી જઈને તૂતક ઉપર દોડાદોડી કરવા લાગ્યાં. મુસાફરોએ તેમને પકડવાની કોશિશ કરી, એમાં ત્રણ મરઘી આગબોટમાંથી બહાર ઊડી ગઈ. સિપાહી હતાશ થઈને રસોડા નજીક લાકડાંના ખડકલા ઉપર બેસી ગયો અને જોરજોરથી રડવા લાગ્યો.

"આ શું માંડયું છે, મૂરખા?" સ્મૂરીયે અચરજમાં ગરકાવ થઈ જતાં સવાલ કર્યો. "સિપાહી તે કદી રોતો હશે?"

"મારું કામ લડવાનું નહોતું," સિપાહી હળવા અવાજે બોલ્યો.

બસ, એમાં એનો ખેલ ખલાસ થઈ ગયો. અરધા કલાકમાં આગબોટમાં સૌ તેની સામે જોઈને હસતા હતા. એક એક કરીને નજીક જાય, સિપાહીની ઉપર નજર તાકે, અને જાણે સવાલ કરે: "આ?" પછી તોછડી અને અપમાન વરસાવતી રીતે હસી પડે.

પહેલાં તો એ લોકો કે તેમનું હસવાનું સિપાહીના ધ્યાનમાં જ નહોતું આવતું. તે બેઠો બેઠો જૂના સુતરાઉ ખમીસની બાંય વડે આંસુ લૂછતો રહેતો, જાણે કેમ આંસુને બાંયમાં સંતાડી દેતો હોય. પણ થોડી વારમાં તેની બદામી-રાતી આંખો ખીજમાં ચળકારા મારવા લાગી અને તે ચકલાંના ચીં... ચી... જેવી વ્યાત્કાની રીતે સડસડાટ ગરજી ઊઠયો:

"આમ મારી ઉપર કેમ વરસી પડયા છો? દોજખમાં જાઓ, અને કાયમ ત્યાં જ રહેજો!"

એથી તો લોકોને બહુ વધારે મોજ પડી ગઈ. સૌ તેની પાંસળીઓમાં આંગળીઓ ઘોંકવા લાગ્યા, તેનું ખમીસ અને ઉપરનું કામનું કપડું ખેંચવા લાગ્યા, અને જમવાનો વખત થયો ત્યાં સુધી નિર્દયતાથી તેને ચીડવતા રહ્યા. જમવાનું પતી ગયા પછી કોઈએ લીંબુની છાલ લાકડાના ચમચાને છેડે ભરાવીને ચમચો તેની પીઠે કામના કપડાની દોરીએ બાંધી દીધો. સિપાહી ચાલે એટલે ચમચો ઉપરનીચે ફંગોળાય, સૌ હસી પડે, અને બિચારો માણસ

તેમની હસાહસના કશા ખ્યાલ વગર, પાંજરામાં પકડાઈ ગયેલા ઉંદરની જેમ, ધૂંધવાતો રહે.

સ્મૂરીય કંઈ બોલ્યા વગર બહુ ગંભીર નજરે સિપાહીને જોતો રહ્યો, તેના ચહેરામાં સ્ત્રીના જેવી કોમળતા છવાઈ ગઈ.

મને સિપાહીની બાબતમાં અફસોસ થવા લાગ્યો.

"જઈને કહું એને કે પાછળ ચમચો બાંધેલો છે?" મેં સ્મૂરીયને પૂછ્યું.

તેણે માથું હલાવીને હા પાડી.

મેં સૌની હસાહસનું કારણ સિપાહીને જણાવ્યું કે તરત તેણે આંચકો મારીને ચમચાને છૂટો કરી નાખ્યો, નીચે ફગાવી દીધો, અને પગ તળે કચરી નાખ્યો. પછી તેણે બેઉ હાથ વડે મારા વાળ પકડી લીધા. અમે લડવા લાગ્યા. અમને લડતા જોઈને સૌ એકદમ રંગમાં આવી ગયા અને તરત અમારી ફરતે ભેગા થઈ ગયા.

સ્મૂરીયે તેમને વિખેરી નાખ્યા અને અમને નોખા પાડ્યા. તેણે પહેલાં મારા કાન આમળ્યા, અને પછી સિપાહીનો કાન પકડી લીધો. ટચૂકડા આદમીને છૂટો થવાની મહેનતમાં વળ ખાતો અને વલખાં મારતો જોઈને લોકો ગાજવા, સીટી વગાડવા, અને પગ પછાડવા લાગ્યા, હસતા હસતા બેવડ વળી ગયા.

"રંગ છે, બહાદુર! બરાબર પેટમાં ફટકારી દે રસોઇયાને!"

માનવટોળાની એવી પાગલ ખુશી જોઈને મને લાકડું ઉપાડી લઈને તેમનાં માથાં ફોડી નાખવાની તાલાવેલી થઈ.

સ્મૂરીય સિપાહીને પડતો મૂકી દઈને લોકોની સામે જંગલી સૂવરની જેમ ગરજી ઊઠ્યો:

"દરેક માણસ પોતાની જગ્યા ભેગો થઈ જાય! કૂચકદમ! માણસખાઉ!.."

સિપાહી વળી પાછો મારી ઉપર તૂટી પડ્યો, પણ સ્મૂરીય તેને એક હાથ વડે ઊંચકીને નળ પાસે લઈ ગયો, તેનું માથું પાણી નીચે રાખીને, સિપાહીની વામણી કાયા જાણે ચીંથરાની ઢીંગલી હોય એવી રીતે તેને આમથી તેમ વાળતો, બરાબર ધોઈ નાખવા લાગ્યો.

કેટલાક ખલાસીઓ, ટંડેલ, અને ઉપરી માલમ દોડતા આવી લાગ્યા.

ફરી ટોળું જામી ગયું. સૌનાં માથાંથી ઊંચે મિનારા જેવો ભંડારી ઊભો હતો, કાયમ જેવો જ રાંક અને અબોલ.

સિપાહી લાકડાંના ખડકલા ઉપર બેસી ગયો અને તેણે ધ્રૂજતા હાથ વડે બૂટ ખેંચીને કાઢી નાખ્યા. તે પગે વીંટેલાં ચીંથરાંને નિચોવવા લાગ્યો, પણ ચીંથરાં સૂકાં હતાં. તેના ઝીંથરિયા વાળમાંથી પાણી ટપકતું હતું. એ જોઈને લોકો ફરી હસવા લાગ્યા.

"ભલે ગમે એમ થાય, પણ છોકરાને તો હું મારી નાખવાનો જ છું," સિપાહી તીણા ઊંચા અવાજે બોલ્યો.

સ્મૂરીયે મને ખભેથી પકડી રાખ્યો અને ઉપરી માલમને કંઈક કહ્યું. ખલાસીઓએ લોકોને વિખેરી નાખ્યા.

"હવે તારું શું કરવું?" સૌ ચાલ્યા ગયા ત્યાર પછી સ્મૂરીયે સિપાહીને કહ્યું.

સિપાહી કંઈ ન બોલ્યો, ઝનૂની નજરે મને જોતો રહ્યો અને તેની આખી કાયા અજબ રીતે ફરકવા લાગી.

"હો... શિયાર! રોતલ ક્યાંનો!"

"વાહિયાત! આ કંઈ લશ્કર નથી!" સિપાહીએ જવાબ દીધો.

મેં જોયું કે રસોઇયો જવાબ સાંભળીને આભો થઈ ગયો. તેના ફૂલેલા ગાલ પાછા બેસી ગયા. તે થૂંકીને ચાલતો થઈ ગયો, મને પણ ભેગો લેતો ગયો. હું ડઘાઈ ગયો હતો અને વારંવાર પાછળ સિપાહીની તરફ નજર નાખતો હતો. સ્મૂરીય બબડયો:

"બહુ ઘમંડી છે, નહિ? ચાલ હવે..."

સેર્ગેઈ પાછળથી અમને આંબી જઈને હોઠ ફફડાવતો બોલ્યો:

"ગળું કાપીને મરવા તૈયાર થઈ ગયો છે!"

"શું?" સ્મૂરીય ઘાંટો પાડીને દોડતો પાછળ ગયો.

સિપાહી પીણાંના વેઇટરની કૅબિનના બારણામાં ઊભો હતો. તેના હાથમાં મરઘાંનાં માથાં વાઢી નાખવાની અને બળતણની ચીપો ફાડવાની મોટી છરી હતી. ધાર સાવ બુઠ્ઠી હતી અને તેમાં કરવત જેવા કાપા પડી ગયેલા હતા. પાણી ટપકાવતા વાળવાળા રમૂજી નાનકડા આદમીને જોવા કૅબિન સામે ટોળું ભેગું થઈ ગયું હતું. તેનો ચીબા નાકવાળો ચહેરો જેલીના હલવાની જેમ હલતો હતો, મોઢું ઉઘાડું હતું, હોઠ ફરકતા હતા, અને તે વારંવાર બબાડતો હતો:

"જુલમગારો... જુ... લમગા...રો..."

હું ઠેકડો મારીને કશાકની ઉપર ચડી ગયો અને માથાંની કતારની પાર ઊભેલા લોકોના ચહેરા જોવા લાગ્યો. લોકો મલકાતા હતા, ખી... ખી... કરતા હતા, અને એકબીજાને કહેતા હતા:

"જુઓ, જુઓ..."

તે બાળકના જેવા દૂબળાપાતળા હાથ વડે ખમીસ પાછું પાટલૂનમાં ઘાલવા લાગ્યો ત્યારે મારી બાજુમાં ઊભેલો દેખાવડો આદમી નિસાસો નાખતો બોલ્યો:

"મરવાની તૈયારી કરે છે અને પાછો પાટલૂન સરખું કરે છે..."

લોકો વધારે જોરથી હસવા લાગ્યા. એક વાત સાફ વરતાતી હતી. કોઈ માનતું નહોતું કે તેનામાં આપઘાત કરવાની હિંમત હોય. હુંયે નહોતો માનતો, પણ સ્મૂરીય તેની તરફ ઊડતી નજર નાખીને પેટ વડે લોકોને ધકેલવા લાગ્યો, અને ઠપકાના અવાજમાં સમજાવવા લાગ્યો:

"જતો રહે અહીંથી, મૂરખ!"

તેને મુરખ શબ્દ સમૂહવાચક નામ તરીકે વાપરવાનું ગમતું. તે લોકોના ટોળા નજીક જતો અને સૌને આવરી લઈને કહેતો:

"ઠેકાણે જતો રહે, મૂરખ!"

તેની એવી રીત રમૂજી હતી, પણ વાત સાચી લાગતી હતી કે આજે વહેલી સવારથી બધા લોકો બરાબર એક મોટા મૂરખ જેવું વર્તન કરતા રહ્યા હતા.

તેણે ટોળાને વિખેરી નાખ્યા પછી સિપાહી પાસે જઈને હાથ લંબાવ્યો:

"લાવ છરી!"

"કંઈ ફરક નથી પડતો," સિપાહી છરી તેને આપી દેતો બોલ્યો. રસોઇયાએ છરી મને પકડાવી દીધી અને સિપાહીને કેબિનમાં ધકેલી દીધો.

"લાંબો થઈને નીંદર ખેંચી કાઢ! તને થયું છે શું, આખર?"

સિપાહી કંઈ બોલ્યા વગર પાટિયા ઉપર બેસી ગયો.

"આને મોકલું છું હમણાં, થોડુંક ખાવાનું ને થોડોક વોદ્‌કા પહોંચાડી દેશે તને. વોદ્‌કા પીએ છે ને?"

"થોડોઘણો પીઉં છું..."

"આમ જો, આને હાથ અડાડતો નહિ. તારી ઠેકડી એણે નહોતી, કરી, સમજણ પડે છે ને? હું કહું છું તને, એણે નહોતી કરી..."

"મને શું કામ પજવ્યો આટલો બધો?" સિપાહીએ હળવા અવાજે સવાલ કર્યો.

સ્મૂરીય થોડી વાર કંઈ ન બોલ્યો.

"મને ખબર હશે, એમ કે?" તેણે આખરે જવાબમાં કહ્યું.

સ્મૂરીય અને હું પાછા રસોડા તરફ જવા લાગ્યા.

"હં... ખરેખર સાવ કમજોર નમૂનાને જ પકડી લીધો," તે ચાલતો ચાલતો બબડયો. "જોયું ને તેં? સાંભળ, ભાઈ, લોકો ધારે તો માણસને ગાંડો કરી મૂકે. એટલી તાકાત હોય છે લોકોમાં, માણસને માકડની જેમ ચોંટી જાય, એનું બિચારાનું આવી જ બને! શું કહ્યું મેં... માકડની જેમ? અરે, લોકો તો કોઈ પણ માકડથી હજાર ગણા બદતર હોય છે!"

હું થોડીક રોટી, માંસ, અને વોદ્કા સિપાહીને પહોંચાડવા ગયો ત્યારે તે પાટિયા ઉપર બેઠો બેઠો આમથી તેમ ડોલતો હતો અને ઓરતની જેમ હળવા અવાજે રડતો હતો. મેં પ્લેટને ટેબલ ઉપર મૂકતાં કહ્યું:

"ખાઈ લે..."

"બારણું બંધ કરી દે."

"અંધારું થઈ જશે."

"બંધ કરી દે, નહિતર પાછા લોકો ભેગા થઈ જશે..."

હું બહાર નીકળી ગયો. મને સિપાહી ગમતો નહોતો. તેને જોઈને મારા દિલમાં કોઈ જાતની હમર્દદી કે દયાની લાગણી પેદા નહોતી થતી. એથી હું બેચેન બની ગયો. નાનીમા હંમેશાં મને કહેતી:

"માણસોની તો દયા ખાવાની હોય... બિચારા કમનસીબ... જેમતેમ કરીને ગુજારો કરતા હોય..."

હું પાછો રસોડામાં પહોંચ્યો ત્યારે સ્મૂરીયે પૂછ્યું: "આપી આવ્યો? કેવી હાલત છે એની?"

"રડે છે."

"અરે, ગાભા જેવો છે સાવ! એને સિપાહી કહેવાય?"

"મને એની દયા નથી આવતી."

"શું કહ્યું?"

"અને માણસની દયા તો આવવી જોઈએ."

સ્મૂરીયે મને હાથ પકડીને નજીક ખેંચી લીધો.

"પરાણે દયા ખવાય નહિ, અને ખોટું બોલવું નકામું, સમજ્યો ને?"

તે ભારેખમ અવાજે બોલ્યો. "ઢીલો થઈ જવાની ટેવ પાડતો નહિ, તારા મનને બરાબર સમજતાં શીખી લે!"

તેણે મને આઘો હડસેલી દીધો અને ગમગીન અવાજે ઉમેર્યું:

"આ જગ્યા તારે માટે માફક નથી. લે, ધુમાડો કાઢ થોડોક!"

મુસાફરોના વર્તનથી મારા દિલના ઊંડાણમાં ખળભળાટ મચી ગયો હતો. તેમણે સિપાહીને જેવી રીતે પજવ્યો હતો, અને સ્મૂરીયે તેનો કાન પકડ્યો ત્યારે જેવી રીતે ખુશાલીમાં હસાહસ કરી મૂકી હતી, તેમાં મને અકથ્ય રીતે હીણતું કશુંક વરતાયું હતું. એટલી બધી ઘૃણાસ્પદ અને તિરસ્કારપાત્ર બાબતમાંથી એ લોકો મોજ કેવી રીતે માણી શક્યા હશે? એમાં તેમને ભારે ગમ્મત થાય એવું રમૂજી શું દેખાયું હશે?

વળી પાછા સૌ તૂતક પર બેસીને અથવા લંબાવીને ખાવાનું ચાવતા હતા, પીતા હતા, અથવા પત્તાંની રમત રમતા હતા, શાંતિથી અને ઈજ્જતદારીથી વાતો કરતા હતા, નદીને નીરખતા હતા, એક કલાક પહેલાં ભારે ધાંધલ મચાવીને હુરિયા બોલાવનારા અને સીટી વગાડનારા માણસો નહિ પણ જાણે કોઈ બીજા જ લોકો હોય એવા લાગતા હતા. વળી પાછા શાંત અને એદી બની ગયા હતા. સવારથી રાત સુધી આગબોટમાં મચ્છરોની જેમ અથવા સૂર્યનાં કિરણોમાં નજરે પડતા રજકણોની જેમ ધીરેધીરે ઘૂમરાતા રહેતા હતા. ડઝનબંધ માણસો સીડીની ટોચ પાસે ભેગા થઈ ગયા હતા, કાંઠે ઊતરતાં પહેલાં ક્રૉસની નિશાની કરી રહ્યા હતા, તેમના જેવા જ અને એવી જ જાતનાં કપડાં પહેરેલા બીજા ડઝનબંધ માણસો ગાંસડાંપોટલાંના ભારને લીધે એવી જ રીતે વળી જઈને સીડી ચડતા આગબોટમાં આવી રહ્યા હતા...

લોકોની એવી સતત અદલાબદલીથી આગબોટની જિંદગીમાં કશો જ ફરક નહોતો પડતો. અગાઉના મુસાફરો જેવી વાતો કરતા એવી જ વાતો નવા મુસાફરો પણ કરતા: જમીનની, કામની, ઈશ્વરની, ઓરતોની; શબ્દો પણ એના એ જ વાપરવામાં આવતા:

"ઈશ્વરની મરજી છે કે જેવું વીતે એવું વેઠી લેવું, એટલે આપણે તો વેઠી લેતા રહેવાનું છે. એનો કોઈ ઉપાય જ નથી, આપણું નસીબ જ એવું છે..."

એવી વાતો સાંભળીને કંટાળો આવતો અને ચીડ ચડતી. મારાથી ગંદકી સહેવાતી જ નહોતી, અને મને ઘાતકી તથા ગેરઇનસાફી વર્તન સાંખી

લેવાનું મન જરાય નહોતું. મને ખાતરી હતી કે મને એવા વર્તનને લાયક બનાવવા જેવું કંઈ જ મેં નહોતું કર્યું. અને સિપાહી પણ એવા વર્તનને લાયક કોઈ રીતે નહોતો જ. હાસ્યાસ્પદ દેખાવાનું મન એને બેશક ન જ હોય.

ગંભીર અને માયાળુ મક્સીમને આગબોટમાંથી ઊતારી દેવામાં આવ્યો હતો, અને નફરતને લાયક સેર્ગેઈને રહેવા દેવામાં આવ્યો હતો. વળી માણસને પજવીને ગાંડો બનાવી દેવાની તાકાત ધરાવતા આ લોકો ખલાસીઓના તોછડા હુકમોને રાંકડે મોઢે કેમ માની લેતા હશે, અને એકદમ ઉદ્ધત ભાંડણને જરાય માઠું લગાડયા વગર કેમ સાંખી લેતા હશે?

"સળિયા પાસેથી આઘા ખસો!" ટંડેલે ઘાતકી પણ દેખાવડી આંખો સંકોડીને બરાડો પાડયો. "દેખાતું નથી કે આગબોટ નમી ગઈ છે? ભાગો, શયતાનો ક્યાંના!"

શયતાનો તાબેદારીનું પ્રદર્શન કરતા તૂતકને બીજે છેડે ધસી ગયા, પણ તેમને વળી ત્યાંથીયે ઘેટાંના ટોળાની જેમ તગેડી મૂકવામાં આવ્યા.

"ઊફ્! ઉંદરડા ક્યાંના!.."

ધાતુનું છાપરું દિવસ દરમિયાન તપી જતું, અને રાતે ગરમી હોય તો છાપરા નીચે રહેવાનું અસહ્ય બની જતું. મુસાફરો તૂતક પર વંદાઓના ધાડાની જેમ ભેગા થઈ જતા અને મરજી પડે ત્યાં સૂઈ જતા. દરેક ડક્કે ખાલીસીએ તેમને લાતો મારીને અને ફટકા ઝીંકીને ઉઠાડતા.

"એય! રસ્તો સાફ કરો! પોતપોતાના ઠેકાણા ભેગા થઈ જાઓ!.."

લોકો ઊભા થઈ જતા અને નીંદરના ઘેનમાં ગમે તે દિશામાં ચાલતા થઈ જતા.

ખલાસીઓ મુસાફરોથી માત્ર કપડાંની બાબતમાં જ નોખા પડતા હતા, તેમ છતાં પોલીસોની જેમ સૌને હૂકમો કરતા હતા.

લોકોના સંબંધમાં એકદમ સચોટ બાબત તેમના સંકોચ તથા દીનતાની અને ગમગીન તાબેદારીની હતી. જવલ્લે જ વિનોદી બનતી પાશવી મોજની ઘડીઓમાં તાબેદારીનું એ પડ તૂટી જાય ત્યારે હાલત અજબ અને ખોફનાક બની જતી. મને લાગતું કે લોકોને ક્યાં લઈ જવામાં અવે છે તેનું તેમને ભાન જ નથી, આગબોટ ગમે ત્યાં ઉતારી દે એથી તેમને કશો જ ફરક નથી પડતો. તેઓ જ્યાં ઊતરે ત્યાં માત્ર ટૂંકા ગાળા પૂરતા જ રોકાવાના છે. પછી વળી આ કે તે કોઈ આગબોટમાં ચડી જવાના છે, અને એ આગબોટ

ફરી તેમને ક્યાંક પહોંચાડી દેવાની છે. બધા લોકો ઘરબાર વગરના રખડુ છે, તમામ વિસ્તારો પરાયા છે. અને તેઓ સૌ ખરેખર બાયલા છે.

એક વાર મધરાત પછી થોડી વારે એક મશીન ખોટકાઈ ગયું. તોપના ધડાકા જેવો અવાજ થયો. એંજિનના વિભાગમાંથી નીકળતી વરાળ બધી તિરાડો વાટેથી ગોટાબંધ ફેલાતી તરત આખા તૂતકમાં છવાઈ ગયી. કોઈએ કાન ફોડી નાખે એવો ઘાંટો પાડયો:

"ગાવ્રીલો! રાતું સીસું અને નમદાનો ટુકડો..."

હું રાતે એંજિનના વિભાગ નજીક પ્લેટો ધોવાના ટેબલ ઉપર સૂઈ રહેતો. ધડાકાથી અને આંચકાથી હું જાગી ગયો ત્યારે તૂતક પર એકદમ શાંતિ છવાયેલી હતી. મશીનોમાં વરાળના સુસવાટા થતા હતા અને હથોડાઓ ઝડપથી ઝીંકાઈ રહ્યા હતા. પણ બીજી જ પળે તૂતકના બધા મુસાફરો રાડારાડી કરવા અને રાગડા તાણવા લાગ્યા. વાતાવરણ એકદમ ખોફનાક થઈ ગયું.

ઝડપથી ઓસરતા જતા સફેદ ધુમ્મસમાં ઓળ્યા વગરના વાળવાળી સ્ત્રીઓ અને ઝીંથરિયાં માથાં તથા માછલાં જેવી આંખોવાળા પુરુષો આમતેમ દોડાદોડી કરતાં ભટકાઈને એકબીજાને પાડી નાખતાં હતાં, સૌ ગાંસડાંપોટલાંની તથા પેટીઓની ખેંચાતાણી કરતાં હતાં, લથડીને પડતાં હતાં, એકબીજાને ફટકારતાં હતાં, ઈશ્વરને તથા સંત નિકોલાસને અરજ ગુજારતાં હતાં. દેખાવ ખોફનાક પણ મઝેદાર હતો. લોકો શું કરે છે એ જોવા હું તેમની પાછળ પાછળ દોડતો રહેતો હતો.

રાતને વખતે દહેશતની ધાંધલનો એ મારો પહેલો અનુભવ હતો. કોણ જાણે કેમ પણ મને લાગ્યું કે આખો મામલો છબરડાનો છે. આગબોટનો ધોરણસરનો વેગ ચાલુ હતો, જમણે કાંઠે સાવ નજીકમાં ખડ વાઢનારાઓના તાપણાં બળતાં હતાં, આકાશમાં ઊંચે પૂનમનો ચંદ્રમા ઝગારા મારતો હતો, રાત ચાંદનીના તેજમાં નહાતી હતી.

પણ લોકો વધારે ને વધારે બેબાકળા બનતા જઈને દોડાદોડી કરતા રહ્યા. કૅબિનોના મુસાફરો બહાર નીકળી આવ્યા. કોઈએ નદીમાં ઝંપલાવ્યું, તેમની પાછળ પાછળ બીજા કેટલાક માણસો પણ પાણીમાં કૂદી પડયા. બે ગામડિયાઓ અને એક જોગીએ થોડાંક લાકડાં ઉપાડી લીધાં અને તૂતકમાં જડેલા બાંકડાઓમાંથી એકને લાકડાં વડે ઉખેડી નાખ્યો. મરઘાંના મોટા પાંજરાને આગબોટના પાછળના ભાગમાં ફગાવી દેવામાં આવ્યું. એક

ગામડિયો તૂતકના બરાબર વચલા ભાગમાં કપ્તાનની ઓટલીનાં પગથિયાં નજીક ગોઠણભેર બેસી ગયો હતો, અને દોડાદોડી કરતા માણસોની સામે નમીને વરુની જેમ રાગડા તાણતો હતો:

"ભગવાનના ખરા ભગત લોકો! હું પાપિયો છું..."

"હોડી કાઢો હોડી, શયતાનો!" એક જાડિયો સજ્જન છાતી કૂટતો ઘાંટા પાડતો હતો. તેણે ખાલી પાટલૂન પહેર્યું હતું.

ખલાસીઓ આમતેમ દોડતા હતા, લોકોને ગરદનેથી પકડીને માથામાં મુક્કા ફટકારતા હતા, બાજુએ ફગાવતા હતા, સ્મૂરીય રાતનાં કપડાં ઉપર કોટ ઓઢીને ભારે ડગલાં ભરતો આમતેમ ફરતો હતો.

"શરમાઓ જરાક!" તેણે ગરજતા અવાજે સૌને સમજાવવાની મહેનત કરી. "સાવ ગાંડા થઈ ગયા છો કે શું? આગબોટ એકદમ સલામત છે, ડૂબવાની વાત જ નથી! વળી કાંઠો નજીક છે, પથરો ફેંકો તો આંબી જાય એટલો જ આઘો! પાણીમાં કૂદી પડેલા મૂરખાઓને ખડ વાઢનારાઓએ બચાવી લીધા છે, એ રહ્યા... દેખાય છે ને? બે હોડીઓમાં..."

તે ત્રીજા વર્ગના મુસાફરોનાં માથાં ઉપર મુક્કા ફટકારતો હતો એટલે તેઓ તૂતક પર ઠેરઠેર ગાભાની જેમ ફસકી પડતા હતા.

ધાંધલ શમી ગઈ તે પહેલાં, ડગલી પહેરેલી એક બાનુ મોટો ચમચો હાથમાં લઈને સ્મૂરીય સામે ધસી ગઈ, અને ચમચો તેના નાક સામે ઉગામીને બરાડી ઊઠી:

"આટલી હિંમત તારી?"

પરસેવે રેબઝેબ એક સજ્જને આડો પડીને તેને અટકાવી દીધી.

"રહેવા દે એને, જડભરત સાવ!" તે મૂછો ચૂસતો ચીડમાં બોલ્યો.

સ્મૂરીયે ખભા ઉલાળ્યા, અને ગૂંચવણમાં અટવાઈ જતાં મારી તરફ ફરીને સવાલ કર્યો:

"આ વળી શું, હેં? મારી ઉપર કેમ તૂટી પડી હશે? મેં તો જિંદગીમાં અગાઉ ક્યારેય એને જોઈ જ નથી!.."

નાના કદના એક ગામડિયાએ નાકમાંથી વહેતા લોહીને શ્વાસમાં પાછું ઉપર ખેંચી લેતાં ઘાંટો પાડયો:

"કેવા લોકો છે! લૂંટારા!"

એ ઉનાળા દરમિયાન મેં આગબોટમાં બે વાર દહેશતની આલમ જોઈ, અને બન્ને વાર તેમાં કશું ખરું જોખમ નહોતું પણ જોખમની ખાલી બીક

જ હતી. ત્રીજી વાર મુસાફરોએ બે ચોરને પકડી લીધા. એક ચોર જાત્રાળુના વેશમાં હતો. મુસાફરોએ તેમને ખલાસીઓની નજરથી આઘા લઈ જઈને લગભગ એક કલાક સુધી ઢીબ્યા. ખલાસીઓએ આખરે ચોરોને છોડાવ્યા ત્યારે ટોળું વીફરીને તેમની સામું થઈ ગયું અને દેકારા કરવા લાગ્યું:

"ચોરની વહારે ચોર... અમે બરાબર ઓળખીએ છીએ તમને!"

"તમે પોતે જ લૂંટારા છો, એટલે જ ચોરને બચાવવા આવ્યા છો..."

ચોરોને મારી મારીને બેહોશ કરી નાખવામાં આવ્યા હતા. તેમને આગલે ડક્કે પોલીસના હાથમાં સોંપી દેવામાં આવ્યા ત્યારે બિચારા હજી પોતાના પગના જોરે ઊભા નહોતા રહી શકતા.

એવા બનાવો તો ઘણાબધા બનતા રહેતા, એથી મનમાં ભારે દુખ થતું. વિમાસણમાં પડી જવાતું કે લોકો આખર કેવા હોય છે... સારા કે નઠારા? રાંકડા કે ખોફનાક? આટલા ક્રૂર તથા ભયંકર અને સાથોસાથ આટલી શરમજનક રીતે રાંક કેમ હોય છે?

હું એ વાત રસોઈયાને પૂછું ત્યારે તે સિગરેટનો ધુમાડો મોઢા આડો ફેલાવી દેતો અને ચિડાઈને જવાબ દેતો:

"અરે, તને શાની ચળ વળગી છે? લોકો એટલે બસ લોકો. એક ચાલાક હોય ને બીજો ભોટ હોય. તું તારે ચોપડીઓ વાંચ, અને ભેજાનું દહીં કરવું રહેવા દે. બધાય જવાબ ચોપડીઓમાં મળી રહેશે, કામની હશે તો."

ધાર્મિક પુસ્તકો અને સંતોની જીવનકથાઓ જેવાં પુસ્તકો તેને કશા કામનાં નહોતાં.

"એવી ચોપડીઓ તો પાદરીઓ જ વાંચે, કે પછી એમના નબીરાઓ વાંચે," તે કહેતો.

તે રાજી થાય એવું કંઈક કરવાના આશયે મેં તેને કોઈ પુસ્તક ભેટ આપવાનું નક્કી કર્યું. કઝાનને ડક્કે મેં પાંચ કોપેકની કિંમત ચૂકવીને 'મહાન પીટરને અદના સિપાહીએ કેવી રીતે બચાવેલો' તેની કથા ખરીદી. પણ એ વખતે રસોઈયો નશામાં ચકચૂર અને ખોફનાક હાલતમાં હતો. એટલે મેં કથા તેને આપતાં પહેલાં પોતે જ વાંચી લેવાનું નક્કી કર્યું. પુસ્તક મને બેહદ ગમી ગયું. આખી વાત બહુ જ સાદી અને સાફ રીતે, ટૂંકી અને દિલચસ્પ રીતે, લખાયેલી હતી. મને ખાતરી લાગી કે એ પુસ્તક વાંચવામાં રસોઈયાને બહુ મોજ પડશે.

પણ મેં પુસ્તક તેના હાથમાં મૂક્યું કે તરત તેણે તેને ચોળીને ડૂચો બનાવી દેતાં આગબોટમાંથી બહાર ફગાવી દીધું.

"લે, તારી ચોપડી, ગધેડા!" તે ગમગીન અવાજે બોલ્યો. "હું બધો વખત તને શિકારી કૂતરો બનાવવાની તાલીમ આપું છું, અને તું જઈને ટચૂકડાં પંખીડાંને ખાય છે!"

તેણે પગ પછાડીને મારી સામે બરાડો પાડયો:

"આને કંઈ ચોપડી કહેવાય? એવો બકવાટ મેં બહુ વાંચી લીધો છે! એમાં શું સચ્ચાઈ લખેલી છે? બોલ, જવાબ દે!"

"ખબર નહિ."

"મને ખબર છે. પહેલા જણનું માથું વાઢી નાખ્યું હોત તો એ સીડીએથી નીચે ગબડી પડયો હોત, અને પછી બાકીના ખડને મેડે ચડયા જ ન હોત. સિપાહીઓ ગધેડા નથી હોતા! એમણે તો ખડને આગ લગાવી દીધી હોત, અને ત્યાં વાતનો છેડો આવી ગયો હોત, સમજ્યો?"

"હા."

"એમ વાત છે! એ ઝાર પીટરની બાબતમાં હું બધુંય જાણું છું, એની જિંદગીમાં એવું કંઈ ક્યારેય બન્યું જ નહોતું! જા, ચાલતી પકડ હવે!.."

હું સમજી ગયો કે રસોઈયાની વાત સાચી હતી, તેમ છતાં પુસ્તક મને બહુ ગમ્યું હતું. મેં ફરી કથા ખરીદી અને બીજી વાર વાંચી, પણ હું હેરતમાં ગરકાવ થઈ ગયો, પુસ્તક ખરેખર સાવ નમાલું હતું. એથી મને શરમ આવી, અને તેની તરફ આદર અને વિશ્વાસની મારી લાગણી વધી ગઈ. કોણ જાણે કેમ પણ તે વારંવાર ખીજમાં કહેતો:

"અરે, તારે તો ભણવું જોઈએ! આ જગ્યા તારે માટે ઠીક નથી!.."

મને પણ લાગતું કે એ જગ્યા મારે માટે ઠીક નહોતી. સેર્ગેઈ મારી જોડે નફરત પેદા થાય એવું વર્તન કરતો. મેં કેટલીય વાર જોયેલું કે ભંડારીનું ધ્યાન ન હોય ત્યારે તે મારા ટેબલ ઉપરથી ચાપાણીની ચીજો તફડાવી લેતો અને મુસાફરોને વેચતો. મને ખબર હતી કે એવાં કામને ચોરી કહેવાય.

"ધ્યાન રાખજે! વેઈટરોને તારા ટેબલ ઉપરથી છરીકાંટા લેવા દેતો નહિ!" સ્મૂરીયે મને એક વાર નહિ પણ અનેક વાર ચેતવણી આપી હતી.

મારા સંબંધમાં માઠા સંકેતો કરતી બીજી પણ ઘણી બાબતો હતી. મને ઘણી વાર તાલાવેલી થતી કે આગલે ડક્કે આગબોટ છોડીને વનમાં

ભાગી જાઉં. મેં સ્મૂરીયને કારણે એવું કદમ ન ઉઠાવ્યું. તેનો મારી તરફનો પ્યાર નિરંતર વધી રહ્યો હોય એમ લાગતું હતું. બીજું કારણ સતત ગતિમાન રહેલી આગબોટના વશીકરણનું પણ હતું. ડક્કે આગબોટનાં રોકાણો મને જરાય નહોતાં ગમતાં. હું કશું એવું બનવાની વાટ જોતો રહેતો કે જેથી આગબોટ ઝટ રવાના થઈ જાય અને અમને કામા નદીમાંથી બેલાયા નદીમાં છેક વ્યાત્કા સુધી લઈ જાય, અથવા વોલ્ગા નદીમાં પહોંચાડી દે અને હું નવા કિનારાઓ તથા શહેરો તથા લોકોને નીરખી શકું.

પણ કશું ન બન્યું. મારી આગબોટની જિંદગી અચાનક અને શરમભરી રીતે પૂરી થઈ ગઈ. એક વાર સાંજે અમે કઝાનથી નીઝની જતા હતા ત્યારે ભંડારીએ મને બોલાવ્યો. હું હાજર થયો એટલે તેણે બારણું બંધ કરી દીધું અને જાજમ બિછાવેલા સ્ટૂલ ઉપર ઉદાસ ચહેરે બેઠેલા સ્મૂરીયને કહ્યું:

"આ રહ્યો."

"તું સેર્ગેઈને ચમચા અને બીજી ચીજો આપે છે?" સ્મૂરીયે તોછડાઈથી મને સવાલ કર્યો.

"મારું ધ્યાન ન હોય ત્યારે લઈ જાય છે."

"તારી નજર સામે ભલે નહિ, પણ તને ખબર તો હતી જ," ભંડારી હળવા અવાજે બોલ્યો.

સ્મૂરીય ગોઠણ ઉપર મુક્કો ફટકારીને પછી ત્યાં પંપાળવા લાગ્યો.

"ઊભા રહો, કશી ઉતાવળ નથી..." કહેતો તે વિચારમાં પડી ગયો.

મેં ભંડારીની સામે જોયું અને તેણે મારી સામે જોયું, પણ તેને ચશ્માં પાછળ આંખો જાણે હોય જ નહિ એમ લાગતું હતું.

તે શાંત જિંદગી ગુજારતો, અવાજ કર્યા વગર ચાલતો, ધીમા અવાજે બોલતો. ક્યારેક તેની ઝાંખી પડી ગયેલી દાઢી અને ઠાલીઠમ આંખો ક્યાંક કોઈ ખૂણામાંથી ઝબકારો કરતી અને પાછી તરત ગાયબ થઈ જતી. રાતે પથારીમાં પડતાં પહેલાં તે દેવચિત્રની સામે કેટલીય વાર સુધી ગોઠણભેર બેસી રહેતો. દેવચિત્રની ઉપર દીવો સદા બળતો રહેતો. હું હીરાના આકારની બારી વાટેથી તેને ભલે ગમે એટલી વાર સુધી જોતો રહું, પણ તે પ્રાર્થના કરતો કદી નહોતો દેખાયો. તે ખાલી ગોઠણભેર બેસી રહેતો, દીવા તથા દેવચિત્ર ઉપર નજર ઠેરવીને નિસાસા નાખતો રહેતો અને દાઢી પસવારતો રહેતો.

"સેર્ગેઈએ તને કંઈ પૈસા આપેલા?" થોડીક વાર પછી સ્મૂરીયે સવાલ કર્યો.

"ના."

"ક્યારેય નહિ?"

"ક્યારેય નહિ."

"ખોટું ન બોલે," સ્મૂરીયે ભંડારીને કહ્યું.

ભંડારીએ હળવા અવાજે જવાબ દીધો:

"એથી કંઈ ફરક નથી પડતો. વાત સાફ છે."

"ચાલ!" રસોઇઓ મારા ટેબલ પાસે આવીને મને માથાના પાછળના ભાગમાં ટાપલી મારતો બોલી ઊઠયો. "મૂરખ! અને હુંયે મૂરખ છું! તારી ઉપર નજર રાખવાની જરૂર હતી..."

અમે નીઝની પહોંચ્યા ત્યારે ભંડારીએ મારો હિસાબ ચૂકવી દીધો. મને લગભગ આઠ રૂબલ જેટલા પૈસા મળ્યા. એવડી મોટી રકમની કમાણી મેં જિંદગીમાં પહેલી જ વાર કરી હતી.

મને અલવિદા કહેતી વેળા સ્મૂરીય મ્લાન ચહેરે બોલ્યો:

"હં... હવે આંખો ઉઘાડી રાખજે, સમજ્યો? ગાફેલ રહેવાથી કામ નહિ ચાલે..."

તેણે તમાકુ રાખવાની થેલી મારા હાથમાં સરકાવી દીધી. તેમાં ચમકતાં મોતીનું ગૂંથણ હતું.

"આ લે! મઝાની કારીગરી છે... મારી ધરમની દીકરીએ બનાવી આપેલી. ઠીક ત્યારે, આવજે! ચોપડીઓ વાંચતો રહેજે, સૌથી સારું એ જ છે!"

તેણે મને બગલમાંથી ઝાલીને અદ્ધર ઊંચો કર્યો અને બચી ભરી, પછી ડક્કા ઉપર મક્કમ ઊભો રાખી દીધો. મને તેની બાબતમાં અને મારી બાબતમાંયે બહુ અફસોસ થયો. ખરું કહું તો હું આંસુને માંડમાંડ ખાળી રાખીને એ કદાવર, ભારે, એકલવાયા આદમીને ગોદીમજૂરો વચ્ચેથી માર્ગ કરીને પાછો આગબોટમાં જતો નીરખતો રહ્યો...

આગળ જતાં વીતેલાં વરસોમાં મને તેના જેવા, એટલા જ માયાળુ અને એકલવાયા અને જીવનથી વેગળા રહી ગયેલા, કેટલા બધા માણસોને મળવાનું થયું...

નાનીમા અને નાના પાછાં શહેરમાં રહેવા ગયાં હતાં. હું તેમની પાસે પહોંચ્યો ત્યારે હું ગુસ્સાના અને લડવાના મિજાજમાં હતો. મારું હૈયું બહુ ભારે થઈ ગયેલું હતું. પેલા લોકોએ મને ચોર કેવી રીતે ઠરાવી દીધો?

નાનીમા મને હેતથી આવકારીને તરત સમોવાર પેટાવવા ચાલી ગઈ. નાના હંમેશની જેમ વ્યંગમાં બોલ્યા:

"બહુ સોનું બચાવીને લાવ્યો હોઈશ, ખરું ને?"

"જે કંઈ બચાવ્યું છે એ મારું છે," મેં બારી પાસે બેસી જતાં જવાબ દીધો, અને મગરૂરીમાં સિગરેટની ડબ્બી ખીસામાંથી ખેંચી લઈને ધુમાડા કાઢવાનું શરૂ કરી દીધું.

"એમ વાત છે!" નાના મારી દરેક હલચલને ધ્યાનથી જોતા બોલ્યા. "આ તો નવાઈ! શયતાનનાં પાંદડાં ફૂંકવાનું શરૂ કરી દીધું છે, ખરું ને? હજી બહુ વહેલું નથી, હેં?"

"અરે, મારી પાસે તો તમાકુની થેલી પણ છે," મેં શેખી મારી.

"તમાકુની થેલી?" નાના ચીસ પાડી ઊઠયા. "શું ધાર્યું છે તેં? મને પજવવો છે, એમ ને?"

તે પાતળા જોરાવર હાથ લંબાવીને મારી તરફ ધસી આવ્યા. તેમની લીલી આંખો ઝબકારા મારી રહી હતી. હું ઠેકડો મારીને ઊભો થઈ ગયો અને પછી મેં તેમને પેટમાં મુક્કો ઝીંકી દીધો. બુઢ્ઢા નાના ભોંયપટ ઉપર ફસકાઈ પડયા, અને હેરતમાં મારી સામે આંખો પટપટાવતા થોડીક તંગ પળો સુધી એમ જ બેસી રહ્યા. તેમનું ઘેરું મોં ખૂલી ગયું હતું.

"તો મને પછાડી નાખ્યો, તારા નાનાને," તે આખરે તણાતા અવાજે બોલ્યા. "તારી સગી માના બાપને!"

"તમારા હાથનો માર બહુ ખાધો છે મેં," હું બબડયો. મને ભાન થઈ ગયું હતું કે મેં નફરત લાયક કામ કર્યું છે.

નાના કાયાને હળવો ચપળ આંચકો મારતા ઊભા થઈ ગયા અને મારી પાસે બેસી ગયા. તેમણે સિગરેટ મારા હાથમાંથી છીનવી લઈને બારી બહાર ફગાવી દીધી, અને ગભરાટ ભરેલા અવાજે મને કહ્યું:

"અરે અક્કલના ઓથમીર, એટલુંયે નથી સમજતો કે ભગવાન તને આવા કામની માફી જિંદગીમાં ક્યારેય નહિ આપે?" પછી નાનીમા તરફ

ફરીને બોલ્યા. "જરાક વિચાર તો કર, માડી! આણે મને માર્યો. આણે. મને માર્યો. એને જ પૂછી જો, માર્યો છે કે નહિ!"

તે મને પૂછવાની પંચાતમાં પડયા વગર નજીક આવી અને મારા વાળ પકડીને મને હલાવવા લાગી.

"એનો બદલો આવો છે! લે, લેતો જા! હજી લે! વળી લેતો જા!" તે બોલી.

મને શરીરમાં બહુ પીડા ન થઈ, પણ મારી લાગણીઓ ખૂબ જ દુભાઈ ગઈ, ખાસ કરીને તો નાનાને ખારમાં હસતા જોઈને. તે ખુરશી ઉપર ઊંચાનીચા થતા હતા, ગોઠણ ઉપર થપાટ લગાવતા હતા, અને ઘોઘરા ઘાંટા પાડતા હતા:

"બરાબર છે! એવા જ લાગનો છે!"

હું આંચકો મારીને છૂટો થઈ ગયો, ભાગતો ઓસરીમાં જઈને ખૂણામાં ભરાઈ ગયો, અને ત્યાં દુખી તથા હતાશ હાલતમાં સમોવારનો ગુંજારવ સાંભળતો પડયો રહ્યો.

નાનીમા બહાર આવી અને મારી ઉપર નમીને માંડ સંભળાય એવા ધીમા અવાજે હોઠ ફફડાવતી બોલી:

"માફ કરી દે, બેટા, તને મેં ખરેખર તો બહુ પીડા નહોતી કરી, કરી'તી? ખાલી દેખાવ ખાતર સજા કરેલી. બીજો કોઈ ઉપાય જ નહોતો. આખર તો નાના બુઢ્ઢા છે અને તારે એમનું માન જાળવવું જોઈએ. એમનાંયે હાડકાં બધાંય ભાંગી ગયેલાં છે, અને દિલમાં પીડાનું પૂર છલકાઈ ગયેલું છે. એમને ઈજા ન કરાય. હવે કંઈ તું નાનકડું બચ્ચું નથી, સમજવા જેવડો થઈ ગયો છો, અને તારે સમજવાનું જ છે, આલ્યોશા! એ તો સાવ બચ્ચા જેવા છે, એથી વધારે સાન નથી એમનામાં..."

તેનાં વેણ મારી ઉપર વહેતાં રહ્યાં, નવશેકા પાણીની જેમ મને રાહત આપતાં રહ્યાં. તેની વાણીના હેતાળ સરસરાટથી મારી પીડા ઓછી થઈ ગઈ અને મને શરમની લાગણી થઈ. હું તેને જોરથી વળગી પડયો અને અમે એકબીજાને બચીઓ ભરી.

"અંદર જા, એમની પાસે! જા તુંતારે! સહુ સારાં વાનાં થશે! બસ એટલું જ કે એમની સામે અચાનક ધુમાડા કાઢતો નહિ, સાવ અણધાર્યા! થોડોક વખત દે, ટેવાઈ જશે..."

મેં ઓરડામાં દાખલ થઈને નાનાની ઉપર નજર નાખી ત્યારે હું હસવું માંડમાંડ ખાળી શક્યો. તે ખરેખર બચ્ચાની જેમ ગેલમાં આવી ગયેલા હતા. તેમનો ચહેરો ચળકારા મારતો હતો. તેમણે પગ પછાડયા અને રાતી ઝાંય છવાઈ ગયેલા પંજાઓ વડે ટેબલ ઉપર ધડાધડી બોલાવી દીધી.

"કેમ લવારા, હજી મુક્કા ઝીંકવા પાછો આવ્યો છો કે શું, હેં? અરે, તું તો ખરો મવાલી છો! બરાબર તારા બાપ જેવો! સીધો સરમાં ઘૂસી ગયો, ક્રૉસની નિશાનીયે કર્યા વગર, અને પહેલું કામ સિગરેટ ડાચામાં ઘાલીને ધુમાડા કાઢવાનું! છી! જોયો મોટો બોનાપાર્ત, કોડીની કિંમતનો!"

મેં કંઈ જવાબ ન આપ્યો. તેમનો શબ્દોનો ભંડાર ખૂટી ગયો. તે થાકીને ચુપ થઈ ગયા, પણ પછી ચાપાણી દરમિયાન મને ભાષણ સંભળાવવા લાગ્યા:

"ઘોડાને જેટલી જરૂર લગામની હોય છે એટલી જ જરૂર માણસને ભગવાનના ડરની હોય છે. હળમેળ રાખવા આપણી પાસે ઈશ્વર સિવાય બીજું કોઈ જ નથી. માણસ તો માણસનો બદતરીન દુશ્મન હોય છે."

માણસો એકબીજાના દુશ્મન હોવાની તેમની વાતની સચ્ચાઈ મારા દિલમાં સોંસરી ઊતરી ગઈ. બાકીની વાતોની કશી અસર મારા મનમાં ન પડી.

"તારે હવે ફરી માત્યોના ડોશીને ઘેર કામે જવાનું છે, અને વસંતમાં વહાણમાં કામ કરજે. શિયાળો એ લોકોની સાથે ગાળવાનો છે, અને કહેતો નહિ કે વસંતમાં તું ચાલ્યો જવાનો..."

"લોકોને છેતરવા શું કામ?" નાનીમા બોલી. થોડીક જ વાર પહેલાં તેણે પોતે જ મને હલબલાવી નાખવાનો ઢોંગ કરીને નાનાને છેતરેલા.

"લોકોને છેતર્યા વગર જિંદગી જિવાય જ નહિ," નાના વાતને વળગી રહ્યા. "કોઈ નથી જીવતું એવી રીતે!"

સાંજે નાના પ્રાર્થનાની પોથી લઈને વાંચવા બેસી ગયા ત્યારે હું અને નાનીમા દરવાજો વટાવીને ખેતરોમાં ચાલ્યાં ગયાં. નાના હવે જેમાં રહેતા હતા એ ટચૂકડું બે બારીવાળું ઘર છેક શહેરની ભાગોળે, કાનાત્નાયા માર્ગને છેડે, આવેલું હતું. એક જમાનામાં નાનાને કાનાત્નાયા માર્ગે પોતાનું ઘર હતું.

"જો તો ખરો, ક્યાં રહેવા આવી ગયાં છીએ!" નાનીમા હસતી હસતી બોલી. "જીવને રાહત રહે એવું ઘર તારા નાનાને ક્યાંય મળતું નથી, એટલે

વારેવારે ઘર બદલાવતા રહે છે. આ ઘર એમને માફક નથી આવતું, પણ મને તો બરાબર માફક આવે છે!"

અમારી સામે લગભગ ત્રણ માઈલ સુધી પાંખા ઘાસવાળો વિસ્તાર પથરાયેલો હતો. કઝ્ઝાનની સડકનાં ઝાડવાંની કતાર પાસે તેનો છેડો આવી જતો હતો. તેમાં ઠેરઠેર નાળાં હતાં. આથમતા સૂરજના ટાઢા ચળકાટમાં લોહીથી ખરડાયેલા ચાબખા જેવા લાગતા છોડવાઓની પાંદડાં વગરની ડાળીઓ કાંઠેથી નાળાંઓમાં લટકતી હતી. સાંજની ધીમી હવામાં ઘાસ હલતું હતું, અને સાવ નજીકના નાળાની પાર શહેરનાં ફરવા નીકળેલાં યુગલોની પડછાયા જેવી આકૃતિઓ પણ ઘાસની જેમ જ હલતી હોય એવી લાગતી હતી. જમણી તરફ ધાર્મિક મતભેદ ધરાવનારાઓના કબ્રસ્તાનની લાલ દીવાલ ખડી હતી. કબ્રસ્તાન 'બુગ્રોવ્સ્કી આશ્રમ' તરીકે ઓળખાતું હતું. ડાબી તરફ યહૂદીઓના કબ્રસ્તાનની ઘેરી ઝાડી હતી. બધું જાણે કંગાલિયતમાં અટવાઈ ગયેલું લાગતું હતું, છોલાયેલી ધરતીને મૂંગુંમૂંગું વળગેલું લાગતું હતું. ત્યાં શહેરની ભાગોળે નાનકડાં ઘરોની બારીઓ જાણે બીતી બીતી ધૂળિયા રસ્તા તરફ મિચકારા કરતી હોય એવી લાગતી હતી. નાના કદની અને ઓછો ખોરાક પામતી મરઘીઓ રસ્તા ઉપર આમથી તેમ ભટકતી હતી. ભાંભરતી ગાયોનું ધણ દેવીચી મઠ પાસેથી પસાર થઈ ગયું. નજીકની છાવણીમાંથી લશ્કરી સંગીતના સૂર સંભળાતા હતા, તુરાઈઓ વાગતી હતી, રણશિંગાં હાકલા પાડતાં હતાં.

કોઈ દારૂડિયો લથડતી ચાલે જઈ રહ્યો હતો, એકોર્ડિયન વાજાનાં પાંખિયાંને જંગલી જનાવરની જેમ ખેંચતો હતો, અને એકધારો બબડાટ કરતો હતો:

"તને આંબી જવાનો, જીવવા નહિ દઉં..."

"અરે ભોળિયા, કોને આંબી જવાનો છે તું?" સૂરજના રાતા અજવાળામાં અંજાતી આંખોને ઉઘાડમીચ કરતી નાનીમા બોલી. "તું તો હમણાં પડી જવાનો અને ઊંઘી જવાનો, ઊંઘમાં પડયો હશે ત્યારે તારું બધુંય તફડાવી લેવાના, તારા હૈયાની ખુશી જેવું આ એકોર્ડિયન પણ લઈ જવાના!"

આગબોટની જિંદગીની બધી વાતો નાનીમાને કહી સંભળાવતી વેળા હું આસપાસ નજર ફેરવતો હતો. મેં જે કંઈ જોયું હતું ત્યાર પછી હાલનું વાતાવરણ મારા મનમાં હતાશા ભરી દેતું હતું, વેદના ભરી દેતું હતું. હું

નાનીમાની વાતો હંમેશાં જેવી રીતે સાંભળતો હતો એવી જ રીતે નાનીમા એકદમ લીન થઈને મારી વાતો સાંભળતી હતી. મેં તેને સ્મૂરીયની વાત કરી ત્યારે તે ઊંડી નિષ્ઠાથી ક્રૉસની નિશાની કરીને બોલી:

"કેવો ભલો આદમી! પવિત્ર કુંવારી માતા એને મદદ કરે, ભલા આદમીને! ધ્યાન રાખજે, એને ક્યારેય ભૂલતો નહિ! સારી વાતોને હંમેશાં યાદમાં સખત જડેલી રાખવાની, અને નઠારી વાતોને... બસ, ફગાવી જ દેવાની!"

મને આગબોટમાંથી પાણીચું મળવાના કારણનો એકરાર તેની સામે કરવાનું બહુ મુશ્કેલ લાગતું હતું, પણ મેં હિંમત કરીને એકરાર કરી લીધો. મારી વાતની જરાક સરખીયે અસર તેની ઉપર ન પડી.

"હજી બહુ નાનો છો, શીખ્યો જ નથી કે જિંદગી કેવી રીતે જિવાય..." તે ઉદાસીન અવાજે બોલી.

"લોકો એકબીજાને કહેતા જ રહેતા હોય છે કે જિંદગી જીવતાં શીખ્યા નથી... ગામડિયાઓ, ખલાસીઓ, અને માત્યોના ડોશી દીકરાને વારંવાર કહેતી. એમાં શીખવાનું છે શું?"

નાનીમાએ હોઠ દબાવ્યા અને માથું હલાવ્યું.

"એની તો મને ખબર નથી," તેણે જવાબ દીધો.

"પણ તમેય એમ જ કહેતાં રહો છો!"

"શું કામ ન કહું?" નાનીમાએ શાંત અવાજે જવાબ આપ્યો. "પણ એમાં માઠું લગાડવા જેવું કંઈ નથી. તું હજી સાવ નાનો છો, એવી ઉમેદ રખાય જ નહિ કે તને જિંદગી જીવતાં આવડી ગયું હોય. અને કોને આવડતું હોય છે? ખાલી ચોરોને જ. તારા નાનાની વાત લે, ચાલાક છે, અને ચોપડીઓ વાંચીને બેઠા છે, પણ એથી એમને જરાય ફાયદો નથી થયો."

"તમારી જિંદગી સુખની હતી?"

"મારી? હા વળી, સુખની જ હતી. અને ભેગી દુખનીયે. વારાફરતી..."

લોકો ફરતા ફરતા અમારી પાસેથી નીકળતા હતા, ભેગા લાંબા પડછાયા લઈને જતા હતા. તેમના પગ નીચેથી ધુમાડાના ગોટા જેવી ધૂળની ડમરીઓ ઊડતી અને પડછાયાઓને દાટી દેતી. સાંજની વેળાની ગમગીની વધી ગઈ. બારી વાટેથી નાનાનો કરગરતો અવાજ કાને પડયો:

"હે ઈશ્વર, મારી ઉપર તારો કોપ પૂરા જોરથી વરસાવતો નહિ! મને મારી તાકાત મુજબ સજા કરજે..."

નાનીમાએ હોઠ મલકાવ્યા.

"ઈશ્વર તો એમનાથી કંટાળી ને થાકી ગયો હશે," તે બોલી. "સાવ ઘરડા તો થઈ ગયા છે, બધી મંછાવાંછનાની પાર પહોંચી ગયા છે, તોયે ધુરકાટ ને ફરિયાદ કરતાં થાકતા નથી! ઈશ્વર રોજ સાંજે આવો અવાજ સાંભળીને મોકળું હસતો હશે અને કહેતો હશે: 'વળી પાછો વસીલી કાશીરિન છે! હં... ઠીક હવે, ચાલો નીંદર ભેગા થઈ જઈએ!..'"

મેં ગાનપંખીઓને પકડવાનો ફેંસલો કર્યો. મને લાગ્યું કે ગુજરાન કમાવાની એ રીત મઝાની છે. હું પંખીઓને પકડી લાવું અને નાનીમા જઈને વેચી આવે. એટલે મેં જાળ, કડું, તથા કેટલાક ફાંસલા ખરીદી લીધા, અને થોડાંક પાંજરાં બનાવી લીધાં. હવે હું પરોઢિયે નાળાના છોડવાઓમાં છુપાઈને બેસું છું. નાનીમા કોથળો અને ટોપલો લઈને નજીકના વનમાં જાય છે, અને ત્યાં બધે ફરીને આખરી મશરૂમ, બેરીફળ, અને સૂકાં ફળ વીણે છે.

થાકેલો સપ્ટેંબરિયો સૂરજ હમણાં જ ઊગ્યો છે. તેનાં ઝાંખાં કિરણો ઘડીક વાદળોમાં જ અટવાઈ જાય છે અને ઘડીક રૂપેરી પંખો નીચે મારા છૂપા અડ્ડામાં ફેલાવી દે છે. નાળાને તળિયે હજી પડછાયા ટકી રહે છે, અને ધોળા ધુમ્મસના ગોટા ઊંચે ચડે છે. એક તરફનો સીધી ઊંચાઈવાળો કાંઠો અંધારામાં લપેટાયેલો છે, છોડવેલા વગરનો લૂખોસૂકો પડયો છે, બીજો કાંઠો ત્રાંસા ઢોળાવવાળો છે, ત્યાં ઘાસ ઊગેલું છે અને ઝળકતાં લાલ, પીળાં, તથા બદામી પાંદડાંવાળા છોડવાઓના ઝૂમખાં નજરે પડે છે. પવનના ઝપાટાથી પાંદડાં ખરીને નાળામાં વેરાઈ જાય છે.

તળિયે બર્ડોકના છોડવાઓમાં ગોલ્ડફીંચ પંખીઓ કલરવ કરી રહ્યાં છે. ઊંચીનીચી ડાળીઓનાં પાંદડાંની આરપાર મને તેમનાં અક્કડ માથાંની રતૂમડી કલગીઓની ઝલકો નજરે પડી જાય છે. ટીટમાઉસ પંખીઓ જાણે કુતૂહલમાં મારી ફરતે ચોતરફ કિલકિલ કરી રહ્યાં છે, ધોળા ગાલ ફુલાવી રહ્યાં છે, અને કુનાવિનોમાં તહેવારના દિવસે બહાર નીકળી પડતી જુવાન છોકરીઓની જેમ શોર અને ધમાલ કરી રહ્યાં છે. ચપળ, ચતુર, અને તોરી એ

પંખીઓને બધું જાણી લેવાની અને દરેક વસ્તુને અડી લેવાની તાલાવેલી હોય છે, એટલે તેઓ એક પછી એક ફાંસલામાં સપડાઈ જાય છે. તેમને વલખાં મારતાં જોઈને મારા હૈયામાં પીડાના સણકા થાય છે, પણ મારે દયાને નેવે મૂકી દેવાની છે કેમ કે હું તો ધંધો કરું છું. હું પંખીઓને ફાંસલામાંથી છોડીને પાંજરામાં પૂરી દઉં છું, અને તેમને શાંત કરી દેવાના ઇરાદે પાંજરા ઉપર બારદાન ઢાંકી દઉં છું.

સીસકીન પંખીઓનું એક ઝુંડ નીચે સરકીને સૂરજના અજવાળામાં ઝળકતા હોથોર્ન છોડવા ઉપર બેસે છે. પંખીઓ તડકામાં બેહદ ખુશ થઈ ગયેલાં છે અને નિશાળના છોકરાઓની ટોળકીની જેમ વધારે ને વધારે મોજમાં આવી જતાં કિલકિલ કરતાં રહે છે. દક્ષિણ તરફના ઉડાન માટે મોડું પડીને રહી ગયેલું એક પાતળિયું ઠાવકું શ્રાઇક પંખી વગડાઉ ગુલાબના છોડની હલતી ડાળી ઉપર બેસી જાય છે, અને પાંખોનાં પીછાંને ચાંચ વડે સરખાં કરતું, મોતી જેવી આંખ વડે આમતેમ નજર નાખીને શિકારની તલાશ કરે છે. એકાએક લાવરીની જેમ ઊંચે ઊડીને તે એક ભમરાને પકડી લે છે અને કાંટામાં ભરાવી દે છે, પછી બાજુમાં બેસીને વળી ચોપાસ નજર ફેરવવા લાગે છે, રાખોડી રંગનું ચોર જેવું માથું આમથી તેમ વાળતું અને ફેરવતું રહે છે. કોઈ પાઈન-ફ્રીંચ પંખી ચુપચાપ ઊડતું પસાર થઈ જાય છે, એ તો મારા દિલની ઝંખનાનું સાક્ષાત્ રૂપ છે... એક પકડી લેવાય તો! રાતા રંગનું અને લશ્કરના જનરલ જેવું ગુમાની બુલફ્રીંચ પંખી ઝુંડમાંથી નોખું પડીને આવે છે, ઑલ્ડરના છોડવા ઉપર બેસે છે, અને કાળી ચાંચ ઊંચીનીચી કરતું મિજાજમાં કલરવ કરે છે.

સૂરજ જેમ જેમ વધારે ઊંચે ચડતો જાય તેમ તેમ વધારે પંખીઓ આવતાં રહે છે અને વધારે ખુશાલ ગાન કરતાં રહે છે. આખા નાળામાં સંગીત ફેલાઈ જાય છે, પવનમાં છોડવાઓનો સરસર ધ્વનિ તેમાં એકધારો ભળતો રહે છે. પંખીઓની અણથંભ કિલકિલ એ હળવા મીઠા-ગમગીન સરસર અવાજને દબાવી નથી શકતી. મને તેમાં ઉનાળાની વિદાયનું ગીત સંભળાય છે, તે એવા સચોટ બોલ ફફડાવે છે કે જે આપોઆપ કવિતાની કડીમાં ગોઠવાઈ જાય છે, અને મારી યાદમાં પુરાણાં દૃશ્યો અનાયાસે ઝબકવા લાગે છે.

ઉપર ક્યાંકથી નાનીમાનો સાદ કાને પડે છે:

"ક્યાં છો?"

નાળાને કાંઠે બેઠી છે, સામે રૂમાલ પાથરી દીધો છે, રૂમાલ ઉપર રોટી, અથાણાં સલગમ, અને સફરજન પીરસાઈ ગયેલાં છે. એવી બધી ન્યામતોમાં બિલોરી કાચની નાનકડી રૂપકડી સુરાઈ ઝગારા મારે છે, બિલોરી કાચના ઢાંકણમાં નેપોલિયનના મસ્તકની આકૃતિ છે. સુરાઈમાં થોડોક વોદ્કા છે, ખાસ વનસ્પતિ ભેળવીને ખુશબોદાર બનાવેલો.

"હે ઈશ્વર, કેવું મઝાનું છે બધું!" નાનીમા હોઠ ફફડાવીને અહેસાન માને છે.

"મેં ગીત ઘડી કાઢ્યું છે!"

"સાચી વાત?"

હું કવિતા જેવું લાગતું કશુંક બોલી સંભળાવું છું:

આવે શિયાળો, રૂપાળાં પુષ્પોને વિદાય,
જાય ઉનાળો, મઝાના તડકાને વિદાય!..

પણ નાનીમા પૂરું સાંભળ્યા વગર વચમાં બોલે છે:
"એવું ગીત તો પહેલેથી જ છે, પણ બહેતર છે."
પછી તે હલકદાર કંઠે ગાઈ સંભળાવે છે:

સૂરજ ઉનાળાનો આથમી રે જાય,
અને લેતી હવે બુલબુલો વિદાય,
હું બાળા કુંવારી, એકાકી અટવાતી,
ઉનાળાની મારી ખુશાલી છીનવાતી.

નીકળું ફરવા સવારે જ્યારે,
વૈશાખનું સુખ સ્મરું ત્યારે,
તુજ સંગાથે ગગન તળે તરબોળ ખુશીમાં,
હવે તો છે, ટાઢો ને ઘેરો, વિષાદ ગગનમાં.

હેતલ સખીઓ, વહાલી બહેનો,
હેમંતી વાયરામાં એવું કરજો,
કોરેલું વિષાદે હૈયું મારું,
હિમના ઢગમાં દાટી દેવું.

કવિ તરીકેનું મારું અભિમાન જરાય ઘવાતું નથી . મને તેનું ગીત બેહદ ગમે છે, અને કુંવારી બાળાની બાબતમાં દિલગીરી થાય છે.

"પીડાને એવી રીતે ગવાય," નાનીમા કહે છે. "કુંવારી બાળાએ ગાયેલું. ઉનાળામાં પ્રેમી ભેગી ફરવા જતી, પછી શિયાળો આવ્યો, પેલો એને એકલી મૂકીને જતો રહ્યો, કદાચ કોઈ બીજી પાસે. બાળા બિચારી પીડાની મારી રડતી રહી. દિલમાં જે લાગણી ક્યારેય થઈ જ ન હોય એનું ગીત કોઈથી ક્યારેય ગવાય જ નહિ. આમાં જોયું ને તેં, એણે કેવું મઝાનું ગીત બનાવ્યું!"

નાનીમાએ પહેલી વાર થોડાંક પંખી ચાળીસ કોપેકમાં વેચ્યાં ત્યારે તેને ભારે વિસ્મય થયું.

"જો તો ખરો! મને તો એમ હતું કે આમાંથી કાંઈ શુક્કરવાર વળવાનો નથી... ખાલી નાનકડા છોકરાનો તુક્કો છે! પણ જો, કેટલો બધો ફાયદો થયો!"

"પણ તમે સસ્તાં વેચી નાખ્યાં!"

"એમ કે?"

બજાર ભરાયું હોય એવા દિવસોએ તે આખો રૂબલ કે એથીયે વધારે કમાણી કરી લેતી, અને એના અચંબાનો પાર જ ન આવતો. નજીવી ચીજોમાંથી કેટલા બધા પૈસા પેદા કરી શકાય!

"અરે, બૈરું આખો દી લૂગડાં ધોવે કે ભોંયપટ ઘસીને સાફ કરે તોયે એને પચીસ કોપેક જ મળે! આ તો જરાય સમજણ પડે એવું નથી. ખોટું છે. અને પંખીને પાંજરામાં પૂરી રાખવાનુંયે ખોટું. આ ધંધો મૂકી દે, આલ્યોશા!"

પણ મને તો પંખી પકડવાનું સખત ઘેલું લાગ્યું હતું. મને એમાં મઝા પડતી, વળી પંખીઓ સિવાય બીજા કોઈને લગારેય અગવડમાં નાખ્યા વગર મારી આઝાદી જળવાઈ રહેતી હતી. મેં સારો સરંજામ વસાવી લીધો. પંખીઓ પકડનારા અનુભવી માણસો પાસેથી મને ઘણુંઘણું શીખવા મળ્યું હતું. હું એકલો નીકળી પડતો અને લગભગ ત્રીસ માઈલના અંતરે પહોંચી જતો... કસ્તોવ્સ્કી વનમાંથી કે વોલ્ગાને કિનારે ઊંચાં પાઈનવૃક્ષોમાંથી ક્રૉસબીલ પંખીઓને અથવા ટીટમાઉસની એક ખાસ પેટાજાતિનાં પંખીઓને પકડી લાવતો. લાંબી પૂંછડીવાળું ધોળું ધોળું રૂપના અંબાર સમું એ પંખી પક્ષીપ્રેમીઓને બેહદ ગમતું.

ક્યારેક હું સાંજે નીકળી પડતો, કઝાનની સડકે ધીમે ડગલે આખી રાત ચાલતો રહેતો, ઘણી વાર તો શરદના વરસાદમાં અને ઊંડા કાદવમાં. ફાંસલા, પાંજરાં, અને પંખીઓને લલચાવવાનો ખોરાક મીણિયા કાપડના થેલામાં ભરીને હું થેલાને મારી પીઠે બાંધી દેતો, અને હાથમાં ચેસ્ટનટના ઝાડની જાડી લાકડી રાખતો. શરદના અંધારામાં ટાઢ વાતી અને બીક લાગતી, બહુ બીક લાગતી... રસ્તાની બાજુએ બર્ચનાં પુરાણાં અને વીજળીમાં બળેલાં ઝાડ ખડાં હોય, ભીની ડાળીઓ મારા માથા ઉપર ઝૂકેલી હોય, ડાબી તરફ ટેકરીઓની તળેટીમાં વોલ્ગા નદીમાં કોઈ મોડી આગબોટ કે બજરાના ડોલકૂવાની એકલદોકલ બત્તીઓ તરતી હોય અને જાણે અતલ ખીણમાં સરકી પડતી હોય. મને વહાણોનાં ભૂંગળાંના અને પાણીમાં હલેસાંના પૈડાના છબકારાના અવાજ સંભળાતા રહેતા.

રસ્તે આવતાં ઝૂંપડાં જાણે ઢાળેલા લોખંડ જેવી ધરતીમાંથી ફૂટી નીકળતાં, ખોફનાક ભૂખ્યાં કૂતરાં મારા પગ ઉપર ધસારા કરતાં. રાતના ચોકીદારો ઘૂઘરા ખખડાવતા રહેતા અને ભયભીત અવાજે ઘાંટા પાડતા રહેતા:

"કોણ જાય છે? રાતની વેળાએ જેનું નામ જ ન લેવાય એ શયતાન કોને લઈ આવ્યો છે?"

મને મારા ફાંસલા ઝૂંટવાઈ જવાની દહેશત રહેતી, એટલે હું ચોકીદારોને લાંચ આપવા પાંચ કોપેકના સિક્કા હંમેશાં ભેગા રાખતો. મને ફોકીનો ગામના ચોકીદાર જોડે ભાઈબંધી થઈ ગઈ. મારાં પરાક્રમો જોઈને તેને ભારે અચંબો થતો.

"વળી તું?" તે કહેતો. "ઓહો! ખરો રાતનો જીવ છો તું! નીડર, અને જંપનું તો નામ જ નહિ!"

તેનું નામ નીફોન્ત હતું. નાના કદનો ધોળા વાળવાળો આદમી હતો, કોઈ સંત જેવો લાગતો હતો. ઘણી વાર તે ખીસામાંથી સલગમ કે સફરજન કે વટાણા કાઢીને મારા હાથમાં મૂકી દેતો અને મને કહેતો:

"લે, દોસ્ત! થોડુંક તારે માટે બચાવીને રાખ્યું છે. ખાઈ લે મોજથી."

પછી તે મને ગામની સીમ સુધી વળાવવા આવતો.

"આવજે! ભગવાન તારું ભલું કરે!"

હું પરોઢિયે વનમાં પહોંચી જતો, ફાંસલા ગોઠવી દેતો, પંખીઓને ખાવા લલચાવવાની ચીજો ટાંગી દેતો, અને વનને છેડે લંબાવીને દિવસ

ઊગવાની વાટ જોતો રહેતો. નીરવતા. મારી આસપાસ બધું શરદની ઘેરી નીંદરમાં જકડાયેલું રહેતું. ધૂળિયા ટેકરાઓની તળેટીમાં મને બહોળાં બીડો આછાંપાંખાં નજરે પડતાં. વોલ્ગા નદીનું વહેણ બીડોના ભાગલા પાડી નાખતું હતું. સૌથી દૂરનાં બીડો ધુમ્મસમાં લપેટાયેલાં રહેતાં. ખૂબ દૂર, ચરાણો ફરતાં વનોની પાર, સૂરજ ધીરેધીરે ઊગવા લાગ્યો, તેનાં કિરણોએ વનની કાળી કેશવાળીઓમાં જાણે આગ લગાવી દીધી. પછી હૈયામાં લાગણીઓનાં પૂર છલકાવી દેતી અજબ હલચલ શરૂ થઈ ગઈ. સૂર્યના પ્રકાશમાં ચળકતા રૂપા જેવું ધુમ્મસ વધારે ને વધારે ઊંચે ચડવા લાગ્યું, અને તેની નીચે છોડવા, ઝાડવાં, અને ખડની ગંજીઓના વધારે ને વધારે ઊંચા ઘાટ જમીનમાંથી ઊપસવા લાગ્યા. જાણે બીડો સૂરજની ગરમીમાં ઓગળી રહ્યાં હતાં અને બધી દિશાઓમાં સોનેરી-બદામી પ્રવાહ વહેવડાવી રહ્યાં હતાં. પછી સૂરજે નદીકિનારાના શાંત જળને સ્પર્શ કર્યો, અને આખી નદી જાણે એ જગ્યા તરફ, સૂરજે સોનેરી આંગળીઓ બોળી હતી ત્યાં, વહેવા લાગી. સોનેરી ચકરડું જેમ જેમ વધારે ઊંચે ચડતું ગયું તેમ તેમ ચોમેર ખુશાલ ન્યામતો વરસાવતું ગયું, ટાઢી થરથરતીને ધરતીને ગરમાવો આપતું ગયું, અને અહેસાનમંદ ધરતી શરદની મીઠી સોડમ ફેલાવતી ગઈ. પારદર્શક હવામાં ધરતી અપરંપાર, જાણે અસીમ વિસ્તાર પામેલી, લાગતી હતી. બધું જાણે અંતરની આકાંક્ષા સેવતું હતું, માનવીના મનને ધરતીના નીલા છેડાઓ સુધી પહોંચી જવા લલચાવતું હતું. મેં એ જગ્યાએ અનેક વાર સૂર્યોદય નીરખ્યો હતો, અને દરેક વેળાએ મારી નજર સામે જાણે નવું જગત, અનન્ય સુંદરતા ધરાવતું જગત, ફૂટી નીકળ્યું હતું.

કોણ જાણે કેમ પણ સૂરજ મને ખાસ ગમે છે. એ નામ જ, નામનો મધુર ધ્વનિ, ચેતનમય રણકાર, મને બહુ ગમે છે. આંખો મીંચી દઈને મારું મોં હૂંફાળા કિરણ સામે ધરી દેવાનું, અથવા કિરણ જ્યારે વાડની તિરાડની અથવા વૃક્ષની ડાળીઓની આરપાર તલવારની જેમ ભોંકાઈને આવતું હોય ત્યારે તેને મારી હથેળીમાં ઝીલી લેવાનું બહુ ગમતું. "સૂરજની સામે નમવાનો ઈનકાર કરનારા ઠાકોર મિખાઈલ ચેર્નીગોવ્સ્કી અને ઉમરાવ ફેઓદોર" તરફ નાનાને બેહદ આદર હતો. પરંતુ મારી ધારણામાં તેઓ ઝેરીલા માણસો હતા, જિપ્સીઓ જેવા ચિડિયલ અને કાળિયા માણસો હતા, મોર્દોવિયન કિસાન જેવી આળી આંખોવાળા માણસો હતા. સૂરજ બીડોથી ઊંચે પહોંચી જાય ત્યારે ખુશીને કારણે મારું મોં અનાયાસે જ મલકવા લાગતું.

ઊંચે સદા હરિયાળાં વૃક્ષો સરસર અવાજ કરતાં હતાં અને ડાળીઓમાંથી ઝાકળ ટપકાવતાં હતાં. વૃક્ષોના છાંયામાં મને ફર્નનાં જાળીદાર પાંદડાં ઉપર ઝાકળનાં જામી ગયેલાં બિંદુઓનું રૂપેરી ભરત નજરે પડયું. વરસાદમાં ભીંજાઈને ઢળી ગયેલું બદામી ઘાસ ધરતી ઉપર નિશ્ચલ પડયું હતું, પરંતુ તેની ઉપર સૂર્યનું કિરણ પડે કે તરત તેમાં આછો ફરકાટ વરતાતો, કદાચ હયાતી ટકાવી રાખવાની આખરી કોશિશનો ફરકાટ વરતાતો.

પંખીઓ જાગ્યાં. રૂંછાંદાર રાખોડી દડાઓ એક ડાળીએથી બીજી ડાળીએ ઉછાળા મારવા લાગ્યા... ટીટમાઉસ પંખીઓ. અગ્નિની જ્વાળાઓ જેવાં ક્રૉસબીલ પંખીઓ પાઈનવૃક્ષોની ટોચે શંકુફળોને ચાંચ મારવા લાગ્યાં, કોઈ નટહેચ પંખી એક ડાળીને છેડે બેઠું બેઠું હીંચોળા લઈ રહ્યું હતું, પીંછાં સરખાં કરી રહ્યું હતું, અને મારી જાળ તરફ ત્રાંસી શંકાભરી નજર નાખી રહ્યું હતું. એકાએક મારા મનમાં ઝબકારો થયો કે માત્ર એક જ પળ પહેલાં ગંભીર ચિંતનમાં ડૂબેલું આખું વન હવે સેંકડો પંખીઓના કલરવથી ચેતનમય બની ગયું હતું, પૃથ્વીના સૌથી વધારે પાક આ જીવોના ગુલતાનથી છલકાઈ રહ્યું હતું, પાર્થિવ સુંદરતાના જનક માનવીએ પોતાની ખુશીમઝા માટે એલ્ફો, ચેરબો, તથા સેરાફો જેવા ફિરસ્તાઓના આખા ઝુંડનું સર્જન જેના દેખાવના આધારે કર્યું હતું એવાં આ પંખીઓની કિલીકિલથી ગુંજી રહ્યું હતું.

પંખીઓને પકડી લેવાની બાબત ઊંડા અફસોસની હતી, તેમને પાંજરાંમાં પૂરી દેવાની બાબત બહુ શરમજનક હતી, તેમને નીરખતો રહેવામાં મને અપાર મોજ પડતી. પરંતુ અનુકંપાના પલ્લાની સામે શિકારીના જોશ અને પૈસા કમાવાની મુરદનું પલ્લું નમી ગયું.

પંખીઓની ચાલાકી જોઈને મને રમૂજ થતી. એક નીલા ટીટમાઉસે ફાંસલાને એકદમ ધ્યાનથી જોઈને જોખમ પારખી લીધું અને સાવચેતીથી એક તરફ નજીક જઈને લાકડાની પટ્ટીઓ વચ્ચેથી બી ચતુરાઈથી ઝડપી લીધું. ટીટમાઉસ પંખી ચતુર હોય છે, પણ તેને કુતૂહલ બહુ હોય છે, અને એમાં જ તેનું આવી બને છે. ગંભીર બુલફીંચ પંખી સાવ ભોટ હોય છે, દેવળે પ્રાર્થના કરવા જતા રાતામાતા નગરવાસીઓ જેવું આખેઆખું ઝુંડ મારી જાળમાં સરકી આવતું. હું ધડાક ઢાંકણ લગાવી દઉં ત્યારે તેઓ ભારે અચંબામાં પડી જતાં, ડોળા આમતેમ ફેરવવા લાગતાં અને જાડી ચાંચ મારી આંગળીઓમાં મારવા લાગતાં. ક્રૉસબીલ પંખી સ્વસ્થ અને ભારેખમ ચાલે

ચાલતું જાળમાં આવી જતું. અનોખું પંખી ફીંચ ફાંસલાની સામે કેટલીય વાર સુધી બેસી રહેતું, પહોળી પૂંછડીને ટેકે બેઠું બેઠું લાંબી ચાંચને ધીરે ધીરે આમથી તેમ અને તેમથી આમ ફેરવતું રહેતું. તેને એવી ટેવ કે હંમેશાં ટીટમાઉસની પાછળ પાછળ ભમતું રહે, લક્કડખોદની જેમ ઝાડના થડે ઉપરનીચે દોડતું રહે. સાવ એકલવાયા, કોઈનો પ્યાર ન પામતા અને કોઈને પ્યાર ન આપતા, એ નાનકડા રાખોડી પંખીને જોઈને મનમાં કશીક દહેશત જેવી લાગણી પેદા થતી. કાબરચીતરા મેગપાઈ પંખીની જેમ તે ચળકતી નાનકડી વસ્તુઓ ઉપાડી જતું અને સંતાડી દેતું.

હું બપોર સુધીમાં કામ પતાવી લેતો અને વન તથા ખેતરોને પાર કરીને ઘેર જતો. મોટી સડકે થઈને ગામોને પાર કરતો જાઉં તો બીજા છોકરાઓ અથવા ગામના દાદાઓ મારાં પાંજરાં ઝૂંટવી લે અને ફાંસલા તોડી નાખે. મને એ વાત આકરા અનુભવમાંથી જાણવા મળી હતી.

હું સાંજે ઘેર પહોંચતો, બેહદ થાકેલો અને ભૂખ્યો, પણ મનમાં એવી લાગણી થતી કે મેં કશુંક હાંસલ કર્યું છે, મારી તાકાત અને જાણકારીમાં વધારો થયો છે. એ નવી શક્તિને કારણે મારામાં નાનાની હાંસી શાંતિથી સાંભળી લેવાની ધીરજ આવી જતી. એ વાત તેમના ધ્યાનમાં આવી ગઈ એટલે હવે તે ગંભીર ઉપદેશ શરૂ કરી દેતા:

"આવા નકામા ધંધા બહુ થઈ ગયા, હું કહું છું કે બસ હવે! દુનિયામાં કોઈ પંખીડાં પકડીને આગળ વધ્યું નથી, ક્યારેય નહિ. ઠેકાણું ગોતી કાઢ, ઠરીઠામ થઈને સરખી રીતે મોટો થવામાં મન લગાવ. માણસને જિંદગી નજીવી બાબતોમાં અટવાઈ જવા નથી આપવામાં આવી. માણસ તો ભગવાનનું બી છે, એને સારું મઝાનું અનાજ પેદા કરવાનું હોય છે. માણસ તો રૂબલ જેવો હોય છે, એને સરખી રીતે કામે લગાડાય તો એ ત્રણ ગણો થઈ જાય. તને શું એમ લાગે છે કે જિંદગી આસાન હોય છે? ના, જિંદગી તો ભારે મુશ્કેલ હોય છે. દુનિયા તો અંધારી રાત જેવી છે, દરેક માણસે પોતાને માટે અજવાળું કરી લેવાનું હોય છે. સૌ દસ આંગળાં લઈને જન્મેલાં હોય છે, પણ દરેકને પોતાના હાથ સૌથી વધારે લંબાવવાની અને સૌથી વધારે તફડાવી લેવાની મુરાદ હોય છે. માણસને જોરાવર બનવું પડે, અને જોરાવર ન બનાય તો લુચ્ચા બનવું પડે. દૂબળા અને નબળા ચોક્કસ નાકામયાબ જ થાય. લોકોની જોડે મેળ રાખવો, પણ કાયમ યાદ રાખવું કે આપણે તો એકલા જ છીએ, સૌની વાત સાંભળવી, પણ ભરોસો

કોઈનો ન રાખવો. નજર વડે જોખાય નહિ, જોખવા જાઓ તો થાપ ખાવી પડે. ઓછાબોલા રહેવું, કસબા ને શહેરો બંધાયાં છે તે જીભના જોરે નહિ પણ રૂબલ અને હથોડી વડે. તું કંઈ બાશ્કીરિયન કે કાલ્મીક નથી, એ લોકોની પૂરી દોલત ખાલી ટોલાઓમાં ને ઘેટાંમાં જ હોય..."

નાના એવી રીતે બોલવાનું આખી સાંજ ચાલુ રાખી શકતા, શબ્દો મને મોઢે થઈ ગયા હતા. એવા બોલનો અવાજ મને ગમતો, પણ મતલબની બાબતમાં શંકા થતી. તેમની વાતોમાંથી મેં સાર તારવ્યો કે બે શક્તિઓ જિંદગીને મુશ્કેલ બનાવી દે છે: ઈશ્વર અને લોકો.

નાનીમા બારી પાસે બેઠી બેઠી લેસ માટે દોરા કાંતતી રહેતી, તકલી તેના કાબેલ હાથમાં ગુંજતી રહેતી. નાનાની વાત થોડીક વાર સાંભળતી રહીને પછી તે કહેતી:

"ઈશ્વરની માતાની મરજી હશે એમ જ બધું થવાનું!"

"શું બોલી?" નાના બરાડો પાડતા. "ઈશ્વર? ઈશ્વરની વાત હું ભૂલ્યો નથી, ઈશ્વરને બરાબર જાણું છું! તને શું એમ લાગે છે કે ઈશ્વરે જગતમાં ખાલી મૂરખા લોકો જ ભરી દીધા હશે, તું મૂરખ ડોકરી છો એટલે?"

...મને લાગતું કે સિપાહીઓ અને કઝ્ઝાકો જેવી મઝાની જિંદગી બીજુ કોઈ નહોતું જીવતું. એ લોકોની જિંદગી ખુશાલ અને સાદી હતી. સવારે હવામાન ખુશનુમા હોય તો તેઓ અમારા ઘરની સામે કોતરની પાર પહોંચી જઈને આખા મેદાનમાં ફેલાઈ જતા અને મજેદાર અટપટી રમત શરૂ કરી દેતા. સફેદ ખમીસ પહેરીને નીકળેલા એ જોરાવર ચપળ આદમીઓ હાથમાં રાઈફલ પકડીને દોડતા મેદાનને પાર કરી જતા અને કોતરમાં ગાયબ થઈ જતા, પછી તૂરીનો અવાજ સાંભળીને એકાએક પાછા મેદાનમાં ધસી આવતા, હાકલા પડકારા કરતા અને ઢોલનો ખોફનાક ઢમઢમાટ કરતા સીધા અમારી શેરી તરફ દોટ મૂકતા, તેમની બૅયોનેટો ઊંચી થઈ જતી, જાણે કેમ અમારા ઘરને ખડની ગંજીની જેમ ઉલટાવી નાખવાની નેમ હોય!

હું પણ હાકલા પડકારા કરતો અને તેમની પાછળ પાછળ દોડતો. ઢોલનો ખોફનાક ઢમઢમાટ મારા મનમાં કશુંક ખતમ કરી નાખવાની, વાડને

તોડી પાડવાની અને કોઈનાં હાડકાં ખોખરાં કરવાની, દાબી દબાય નહિ એવી તાલાવેલી પેદા કરતો.

વચમાં વિસામાની ઘડીઓમાં સિપાહીઓ મને દેશી તમાકુના ધુમાડા કાઢવાની મોજ કરાવતા અને વજનદાર રાઇફલો બતાવતા. આ કે તે સિપાહી બૅયોનેટ મારા પેટની સામે તાકીને વધારે પડતા ઝનૂનનો ડોળ કરતો બરાડો પાડતો:

"વંદાને વીંધી નાખો!"

બૅયોનેટ તડકામાં ઝગારા મારતી, ડંખ મારવા તૈયાર થઈ ગયેલા જીવતા સાપની જેમ વળ ખાતી હોય એવું લાગતું. તેમાં બીક બહુ લાગતી, પણ મઝા પડતી.

એક જુવાન મોર્દોવિયન ઢોલીએ મને દાંડીઓ ઝીંકતાં શીખવ્યું. તેણે પહેલાં તો મારો હાથ તેના હાથમાં લઈને એટલા જોરથી દબાવ્યો કે મને સખત પીડા થઈ, પછી બહેર મારી ગયેલી આંગળીઓમાં દાંડીઓ પકડાવી દીધી.

"મંડ ઝીંકવા... એક વાર, ફરી વાર... એક વાર, ફરી વાર! તા... તા... તા... તાઆઆઆઆ! ડાબી હળવેથી, જમણી જોરથી.... તા... તા... તા... તાઆઆઆઆ!" તે પંખી જેવી આંખો વડે મને તાકી રહેતો ઘોઘરા અવાજે ઘાંટા પાડતો રહ્યો.

સિપાહીઓની કવાયત પૂરી થઈ જાય ત્યાં સુધી હું તેમની ભેગો દોડતો રહેતો, પછી તેમની જોડાજોડ કૂચ કરતો આખા શહેરને પાર કરીને બૅરેકો સુધી જતો, તેમનું જોશીલું ગાન સાંભળતો રહેતો, તેમના માયાળુ ચહેરા નીરખતો રહેતો. દરેક ચહેરો જાણે સીધા ટંકશાળમાંથી આવેલા પાંચ કોપેકના સિક્કા જેવો નવલો અને ઝળકતો લાગતો.

બધા એકસરખા આદમીઓનો એ ગાઢો સમુદાય લહેરમાં રસ્તે આગળ ધપતો રહેતો, મનમાં ખુશી છલકાવી દેતો, અને નદીમાં ઝંપલાવીએ એવી રીતે તેની અંદર ઝંપલાવવાની, વનમાં દાખલ થઈએ એવી રીતે તેની અંદર દાખલ થવાની, અદમ્ય ઝંખના દિલમાં ભરી દેતો. એ લોકો કશાથી ડરતા નહિ, દરેક બાબતને હિંમતભરી નજરે જોતા, ધારે તે બધું જીતી લે એવા અને મનમાં આવે તે બધું હાંસલ કરી લે એવા હતા, અને સૌથી મોટી વાત કે સાદા અને માયાળુ હતા.

પણ એક દિવસે વિસામા દરમિયાન એક જુવાન બિનસનદી અફસરે મને જાડી સિગરેટ આપતાં કહ્યું:

"લે, કાઢ ધુમાડા! બહુ ખાસ સિગરેટ છે. તારા સિવાય બીજા કોઈને આપું જ નહિ... બહુ મઝાનો આદમી છો તું!"

મેં સિગરેટ સળગાવી. તે આઘો ખસી ગયો. અચાનક લાલ ભડકો થયો. મારી આંખો આડાં અધારાં ફેલાઈ ગયાં, આંગળીઓ અને નાક દાઝી ગયાં, ભવાં બળી ગયાં. આકરા રાખોડી ધુમાડાને લીધે હું છીંકો અને ઉધરસ ખાવા લાગ્યો. આંધળો ભીંત જેવો અને દહેશતમાં જકડાઈ ગયેલો હું એકની એક જગ્યાએ ઊંચાનીચા ઠેકડા મારવા લાગ્યો. સિપાહીઓ મારી ફરતે કૂંડાળામાં ગોઠવાઈને ઊભા રહી ગયા અને મોજમાં શોર મચાવતા હસવા લાગ્યા. હું ઘર તરફ ચાલતો થઈ ગયો. મને પાછળથી હસાહસના, સીટીઓના, અને ભરવાડના ચાબુકના સટાકા જેવા અવાજો સંભળાતા હતા. મને આંગળીઓમાં પીડા થતી હતી, ચહેરામાં જાણે ડંખ લાગતા હતા, મારી આંખોમાંથી આંસુની ધારાઓ વહેતી હતી; પણ એક જાતની ધીમી વેદનાભરી હેરતની લાગણી મને એ પીડા કરતાં વધારે અસહ્ય લાગતી હતી. એ લોકોએ મારી એવી વલે કેમ કરી હશે? એવા ભલા આદમીઓને એમાં રમૂજ કેવી રીતે પડી હશે?

ઘેર પહોંચીને હું મેડે ચડી ગયો અને મારી ટૂંકી જિંદગીમાં મેં જોયેલી અગમ્ય ક્રૂરતાને યાદ કરતો કેટલીય વાર સુધી બેસી રહ્યો. સારાપુલના નાનકડા સિપાહીની મને ખાસ ઝળકતી યાદ આવી ગઈ. તે જાણે જીવતોજાગતો મારી સામે ઊભો હોય એમ મને લાગ્યું.

"કેમ, હવે સમજાય છે ને?" તેણે સવાલ કર્યો.

પરંતુ ત્યાર પછી થોડા વખતમાં જ મને એથી ઘણું વધારે ઘાતકી અને કારમું કશુંક જોવા મળ્યું.

હું પેચેસ્કર્યા સ્લોબોદા નજીક કઝ્ઝાકોની બૅરેકોમાં અવારનવાર જવા લાગ્યો. કઝ્ઝાકો સિપાહીઓથી નિરાળા હતા, ઉસ્તાદ ઘોડેસવારો હતા અને બહેતર પોશાક પહેરતા એટલે, બહુ નહિ પણ જુદી રીતે બોલતા, જુદાં ગીતો ગાતા, અને કમાલનો નાચ કરી જાણતા એટલે. સાંજે ઘોડાની માવજતનું કામ પતાવી લીધા પછી તેઓ ક્યારેક તબેલા નજીક ભેગા થઈને કૂંડાળામાં ગોઠવાઈ જાય, રાતા માથાવાળો નાનકડા કદનો એક કઝ્ઝાક આદમી વાંકડિયાં જુલફાંને પાછળ ફંગોળીને ક્લૉરિનેટ જેવા ઊંચા અવાજે

ગાવાનું શરૂ કરી દે. કાયાને ટટ્ટાર અને તંગ કરીને ઊભો ઊભો તે ધીરે વહેતી દોન અથવા નીલી દાન્યુબ નદી વિશે ધીમું વિષાદમય ગીત ગાય. પરોઢ-પંખીની જેમ આંખો મીચી દે. પરોઢ-પંખી ઘણી વાર એટલો બધો વખત લગાતાર ગાતું જ રહે છે કે મડદું થઈને ભોંયે ગબડી પડે. કઝ્ઝાકનું ખમીસ ગળેથી ખુલ્લું હોય, તેની હાંસડી પિત્તળના ચોકડાની જેમ ઊપસી આવેલી હોય, અને તેની આખી કાયા જાણે પિત્તળમાં ઢાળેલી હોય એવી લાગે. તે નજરવિહોણો ઊભો ઊભો હાથ હલાવતો રહે, પાતળા પગને ટેકે એવી રીતે ડોલતો રહે કે જાણે નીચે ધરતી ધણધણતી હોય, અને તે જાણે ઇન્સાન મટીને વાદકની તૂરી અથવા ભરવાડડની વાંસળી બની ગયો હોય એવો લાગે. ક્યારેક મને લાગતું કે તે હમણાં ભોંયે ચત્તોપાટ પડી જશે અને પરોઢ-પંખીની જેમ તેના રામ રમી જશે કારણ કે તે આખું હૈયું અને પૂરું જોર ગીતમાં રેડી દેતો.

તેના સાથીઓ હાથ ખીસામાં અથવા પહોળી પીઠ પાછળ ભરાવીને તેની આસપાસ ઊભા રહેતા, તેના પિત્તળિયા પહેરાને તથા હલતા હાથને કરડી નજરે તાકી રહેતા, તેઓ પોતે પણ દેવળની સંગીત મંડળીની જેમ શાંતિથી અને ભારેખમ અદામાં ગાતા. એવી ઘડીઓએ દાઢીવાળા તેમ જ દાઢી વગરના સૌ માણસો દેવચિત્રો જેવા લાગતા, બરાબર એવા જ ખોફનાક, એવા જ અતડા. ગીત જાણે રાજમાર્ગની જેમ પથરાઈ જતું, પહોળું અને સમતલ અને વર્ષોના ડહાપણને આવરી લેતું. ગીત સાંભળતો સાંભળતો હું ભૂલી જતો કે દિવસ છે કે રાત છે, હું બાળક છું કે જઈફ આદમી છું. બધું જ ભુલાઈ જતું! ગાનારાઓના અવાજો ઓસરી જતા, અને ધીરેધીરે સરકતી ખેતરોમાં છવાઈ જતી શરદની રાતની અવિરત ગતિના તેમ જ વગડામાં આઝાદીનાં સપનાં જોતા ઘોડાઓના નિસાસાના અવાજ અમને સંભળાવા લાગતા. મારા હૈયામાં એવી અસાધારણ લાગણીનો જુવાળ અને લોકો તરફનો તથા ધરતી તરફનો અફાટ અબોલ પ્રેમ એટલા બધા છલકાવા લાગતા કે દિલ જાણે હમણાં ફાટી જશે એમ મને લાગતું.

નાનકડો પિત્તળિયો કઝ્ઝાક મને ખાલી માનવી નહિ પણ એથી વધારે મર્મ ધરાવતો હોય એવો લાગતો. દંતકથાની એવી હસ્તી જેવો લાગતો કે જે તમામ લોકોથી બહેતર હોય અને વધારે ઊંચી કક્ષાએ હોય. હું તેની જોડે વાત નહોતો કરી શકતો. તે મને કંઈ પૂછે તો હું સુખની લાગણી અનુભવતો અને મોં મલકાવી દેતો, પણ અકળામણમાં અટવાઈ જઈને

મૂંગો જ રહેતો . તેને વધારે વાર મળવાનું અને ગાતો સાંભળવાનું બનતું હોય તો તેની પાછળ પાછળ તાબેદાર કૂતરાની જેમ ભમતો રહેવા હું તૈયાર હતો.

એક દિવસે મેં તેને તબેલાના ખૂણામાં ઊભેલો જોયો. તે આંગળીએ પહેરેલી રૂપાની વીંટીને ધ્યાનથી નીરખી રહ્યો હતો. તેના મઝાના હોઠ હલતા હતા, નાનકડી રાતી મૂછો ફરકતી હતી, ચહેરામાં ગમગીની અને મનદુખના ભાવ છવાયેલા હતા.

એમ જ એક વાર અંધારઘેરી સાંજે હું પાંજરાં લઈને સ્તારાયા સેન્નાયા ચોકના પીઠામાં ગયો. પીઠાના માલિકને ગાનપંખીઓ બેહદ ગમતાં અને ઘણી વાર મારી પાસેથી ખરીદતો.

કઝ્ઝાક પીઠાની બારી પાસે ખૂણામાં સગડી અને દીવાલ વચ્ચે બેઠો હતો. તેનાથી લગભગ બમણા કદની રાતીમાતી એક બાઈ તેની જોડે બેઠી હતી. બાઈનો ગોળ ચહેરો સરસ કેળવેલા ચામડાની જેમ ચળકતો હતો, અને તે જનેતાની હેતભરી તથા જરાતરા ચિંતાતુર નજરે કઝ્ઝાકને નીરખી રહી હતી. આદમી દારૂના ઘેનમાં હતો અને પગને ભોંયપટ ઉપર આઘાપાછા કરતો રહેતો હતો. તેણે બાઈને પાટુ માર્યું હશે કેમ કે તે એકાએક ચોંકી ગઈ અને ભવાં ચડાવી દેતી હળવા અવાજે બોલી:

"દાદાગીરી રહેવા દો હવે..."

કઝ્ઝાકે ભારે મહેનત કરીને ભવાં ઊંચાં કર્યાં પણ તરત પાછાં ઢાળી દીધાં. તેને ગરમી લાગતી હશે કેમ કે તેણે કોટ તથા ખમીસનાં બટન ખોલી નાખ્યાં અને ગળું ઉઘાડું કરી નાખ્યું. બાઈએ માથે બાંધેલો રૂમાલ ખભે સરકાવી દીધો, ધોળા મજબૂત હાથ ટેબલ પર મૂક્યા, અને એટલા જોરથી મુઠ્ઠીઓ વાળી દીધી કે આંગળીઓ રાતી થઈ ગઈ. હું તેમને જેમ જેમ વધારે નીરખતો ગયો તેમ તેમ મને વધારે ખાતરી લાગતી ગઈ કે કે કઝ્ઝાક આદમી હેતાળ માનો બેકાબૂ દીકરો છે. બાઈએ પોતે રાંકની જેમ મૂંગી રહીને વહાલથી ઠપકો આપ્યો હતો. કઝ્ઝાક તેના વાજબી ઠપકાના જવાબમાં કંઈ જ નહોતો કહી શક્યો.

તે જાણે ડંખ લાગ્યો હોય એમ અચાનક ઊભો થઈ ગયો અને ટોપીને કપાળે નીચી ખેંચી લઈને જોરથી દબાવી દેતો, કોટનાં બટન ભીડયાં વગર, બારણા તરફ જવા લાગ્યો. બાઈ પણ ઊભી થઈ ગઈ.

"કુઝ્મીચ, અમે હમણાં પાછાં આવીએ છીએ," તેણે પીઠાવાળાને કહ્યું.

તેમની રવાનગીની સાથોસાથ ઘરાકોની હસાહસ અને ઠેકડીના અવાજ થતા રહ્યા.

"પાઈલટ પાછો આવે ત્યારે આને પાંસરી કરી નાખવાનો!" એક માણસ ગંભીર અવાજે બોલ્યો.

હું તેમની પાછળ પાછળ બહાર ગયો.

તેઓ અંધારામાં મારાથી લગભગ દસબાર ડગલાં આગળ ચાલતાં હતાં. બન્ને જણાં કાદવિયો ચોક પાર કરીને સીધાં વોલ્ગાના ઊંચા કાંઠા તરફ જવા લાગ્યાં. મને બાઈ કઝ્ઝાકને ટેકો આપવાની મહેનતમાં લથડી જતી દેખાતી હતી અને તેમના પગ નીચે ચગદાતા કાદવનો અવાજ સંભળાતો હતો.

"ક્યાં જાઓ છો તમે? આખર ક્યાં?" બાઈ વારેવારે હળવા અવાજે સવાલ કરતી હતી.

મારો માર્ગ જુદો હોવા છતાં હું કાદવમાં ડગલાં ભરતો તેમની પાછળ પાછળ ચાલતો રહ્યો. તેઓ પાળબંધીની કોર પાસે પહોંચ્યાં ત્યારે કઝ્ઝાક ઊભો રહી ગયો, અને તેણે એક ડગલું પાછળ ખસીને બાઈને બરાબર મોં ઉપર જોરથી લપડાક ઝીંકી દીધી. બાઈ દહેશતમાં અને અચરજમાં બોલી ઊઠી:

"અરે! પણ વાંકગુનો કાંઈ?"

હુંયે દહેશત ખાઈ ગયો અને દોડતો તેમની તરફ જવા લાગ્યો, પણ કઝ્ઝાકે બાઈને કમ્મરેથી પકડીને સળિયા ઉપરથી નીચે ધકેલી દીધી, પછી પોતે પણ કૂદી પડયો, બન્ને જણાં જાણે એક જ ઘેરું કોકડું બનીને પાળબંધીના ઘાસ ઉપર દડતાં નીચે સરકવા લાગ્યાં. હું આભો થઈને જડ જેવો ઊભો ઊભો નીચેથી ધમાચકડીના, ફાટતાં કપડાંના, અને કઝ્ઝાકના ઘોઘરા શ્વાસના અવાજો સાંભળતો રહ્યો. બાઈ ધીમા અવાજે વારેવારે બબડતી હતી:

"હું રાડ પાડીશ!.. હમણાં રાડ પાડીશ!.."

પછી તેણે જોરથી પીડાનો ઊંહકારો કર્યો અને ચોમેર નીરવતા છવાઈ ગઈ. મેં એક કાંકરો પાળબંધી ઉપરથી નીચે ફેંક્યો. છોડવેલાના સરસર અવાજ સિવાય બીજું કશું કાને ન પડયું. પીઠાના કાચના બારણાનો ધડધડાટ

સંભળાયો. કોઈએ જાણે પડી ગયું હોય એવી રીતે ઘોઘરો ઘાંટો પાડયો, વળી નીરવતા છવાઈ ગઈ, પણ તેમાં જાણે આતંક ભરાયેલો હોય એવું લાગતું હતું.

પાળબંધીએ અધવચ્ચે મોટું અને ધોળું કશુંક નજરે પડયું. તે ડૂસકાં ખાતું અને ધીમા અવાજે રડતું રડતું લથડતે ડગલે ધીરેધીરે ઉપર ચડવા લાગ્યું. મેં બાઈને ઓળખી લીધી. તે ચારેય હાથપગ ભોંયે ટેકવીને ઘેટાની જેમ ઉપર ચડી રહી હતી, અને તેની કાયા ઉપરથી કમ્મર સુધી ઉઘાડી હતી. તેનાં મોટાં ગોળ સ્તનો ધોળા વાનના ચળકારા મારી રહ્યાં હતાં, એથી તેને જાણે ત્રણ ચહેરા હોય એમ લાગતું હતું. આખરે તે સળિયા સુધી પહોંચી ગઈ અને મારી બાજુમાં બેસી ગઈ. તે હાંફતા ઘોડાની જેમ શ્વાસ લેતી હતી અને વીખરાયેલા વાળને સરખા ગોઠવવાની મહેનત કરતી હતી. તેની ધોળી કાયામાં માટીનાં ઘેરાં ધાબાં સાફ નજરે પડતાં હતાં. તે રડતી હતી અને મોં ધોતી બિલાડીની જેમ હલચલ કરીને આંસુ લૂછતી હતી.

"હે ભગવાન! તું કોણ છો? જતો રહે! નફ્ફટ!"

મારાથી જતા રહેવાનું ન બન્યું. ભારે અચંબામાં અને કારમી વેદનામાં મારું અંગેઅંગ બહેર મારી ગયું હતું. મને નાનીમાની બહેનનાં વેણ યાદ આવી ગયાં:

"ઓરત તો એવી તાકાત છે કે લેખામાં લેવી જ પડે! ઈવે ખુદ ઈશ્વરને થાપ નહતી આપી!"

બાઈ ઊભી થઈ ગઈ. તેણે રહ્યાસહ્યા પોશાક વડે છાતી ઢાંકી દીધી, પણ એથી તેના પગ ઉઘાડા થઈ ગયા. પછી તે ઝડપથી ડગલાં ભરતી ચાલી ગઈ. કઝ્ઝાક થોડાંક સફેદ કપડાં હવામાં હલાવતો પાળબંધી ચડીને ઉપર પહોંચ્યો. તેણે હળવી સીટી વગાડી, કાન માંડયા, અને પછી ખુશાલ અવાજે સાદ પાડયો:

"દાર્યા! મેં તો કીધેલું તને કે કઝ્ઝાક આદમી જે મન થાય એ હંમેશાં મેળવી જ લે, નહોતું કીધું? તને એમ હતું કે હું નશામાં ચકચૂર થઈ ગયો છું, ખરું ને? અરે ના, દાર્યા, એ તો ઢોંગ હતો, તને મૂરખ બનાવવા!"

તે પગ મક્કમ ઠેરવીને ઊભો રહ્યો. તે પૂરો હોશમાં હોય એવા અને ઠેકડી ઉડાડતા અવાજે બોલ્યો હતો. તે નીચે વળીને બાઈનાં કપડાં વડે બૂટ ઉપરથી કાદવ લૂછતો બોલતો રહ્યો:

"લે, તારું બ્લાઉઝ લઈ લે! અહીં આવ, દાર્યા, રીસ કરવાની જરૂર નથી!" પછી તેણે બાઈને જોરથી ગાળ દીધી.

હું કચરાના ઢગલા ઉપર બેઠો બેઠો રાતની નીરવતામાં સાવ એકાકી અને કચડી નાખે એવા હુકમી એ અવાજને સાંભળતો રહ્યો.

મારી નજર સામે ચોકનાં ફાનસોનું અજવાળું જાણે નાચ કરતું હતું. જમણી તરફ ઘેરાં વૃક્ષોના ઝુંડમાં ઉમરાવોની પુત્રીઓની શાળાઓની સફેદ ઈમારત ઊંચે આસમાનમાં લંબાયેલી હતી. કઝ્ઝાક નિરાંતે ગાળો ભસતો અને સફેદ કપડાં હલાવતો ચોક તરફ જવા લાગ્યો અને થોડી વારમાં માઠા સપનાની જેમ ગાયબ થઈ ગયો.

નીચે પાણીના મિનારામાં નિકાલની નળીમાં સુસવાટા કરતી વરાળનો અવાજ કાને પડતો હતો. એક ઘોડાગાડી નદી તરફનો ઢોલાવ ખડખડાટ કરતી ઊતરી રહી હતી. કોઈ માણસ ક્યાંય નજરે નહોતું પડતું. વેદનામાં અટવાતો હું પાળબંધીની કોરે ડગલાં ભરતો હતો. મારા હાથમાં ટાઢો પથરો હતો. મેં કઝ્ઝાકને મારવાના ઈરાદે તેને ઉપાડી લીધો હતો. વિજેતા સંત જ્યોર્જના દેવળ નજીક રાતના ચોકીદારે મને રોક્યો અને ગુસ્સામાં સવાલો કર્યા કે હું કોણ છું અને મારી પીઠે બાંધેલા થેલામાં શું છે.

મેં તેને કઝ્ઝાકની વાત કરી ત્યારે તે ખડખડાટ હસી પડયો.

"ખરી ઉસ્તાદી!" તે બોલી ઊઠયો. "સાંભળ ભાઈ, કઝ્ઝાકો તો તડ ને ફડ કરી દેનારા લોકો! આપણા જેવા બિલકુલ નહિ! અને ઓરત તો છિનાળ જ હશે..."

તે ફરી ખડખડાટ હસવા લાગ્યો, અને તેને એમાં હસવા જેવું શું લાગ્યું હશે તેનો વિચાર કરતો હું મારે રસ્તે ચાલતો થઈ ગયો.

મારા મનમાં ઉભરાતા ખ્યાલોથી મને ત્રાસ થયો. મને થતું હતું કે એ બાઈ મારી મા હોત, અથવા નાનીમા હોત, તો?

૮

પહેલી હિમવર્ષા થઈ ત્યારે નાના મને ફરી નાનીમાની બહેનને ઘેર લઈ ગયા.

"તને કંઈ નુકસાન નહિ થાય, જરાય નહિ!" તેમણે કહ્યું.

મને લાગ્યું કે ઉનાળા દરમિયાન મેં પારાવાર અનુભવો હાંસલ કર્યા

છે, એથી હું જાણે વધારે મોટો થઈ ગયો છું અને મારામાં વધારે ડહાપણ આવ્યું છે, પણ મારા માલિકોની જિંદગી તો અગાઉ કરતાં વધારે કંટાળાજનક બની ગઈ હતી. એ લોકો પહેલાંની જેમ જ વધારે પડતું ખાઈને શરીરમાં ઝેર ભરતા હતા, પોતાની બિમારીઓની વાતો પહેલાંની જેમ જ એકસરખી વિગતોમાં કરતા હતા, ડોશી અગાઉની જેમ જ ખોફનાક વેરની લાગણીમાં ઈશ્વરને પ્રાર્થના કરતી. નાની માલિકણ સુવાવડ પછી વધારે દૂબળી થઈ ગઈ હતી, હવે તે ઓછી જગ્યા લેતી હતી પણ હજી સગર્ભાવસ્થાના દિવસોની જેમ જ ગંભીર ભારેખમ ચાલે ચાલતી હતી. બાળકો માટે કપડાં સીવતી વેળા તે એકનું એક ગીત હળવા અવાજે ગાતી રહેતી:

વાન્યા રે વાન્યા, બહુ પ્યારા,
ભાઈ રે વાન્યા, ભાઈ મારા,
હિમગાડીમાં બેસવું મારે,
વાંસેથી એને હાંકવી તારે.

કોઈ ઓરડામાં દાખલ થાય તો તરત ગાવાનું બંધ કરીને તે ખીજમાં બોલી ઊઠતી:

"શું છે?"

મને ખાતરી હતી કે તેને એકલું એ ગીત જ આવડે છે.

માલિક-માલિકણો સાંજે મને જમવાના ઓરડામાં બોલાવીને કહેતા:

"આગબોટની જિંદગીની વાત કર!"

જાજરુના બારણા પાસે ખુરશી ઉપર બેસીને મેં તેમને બધી વાતો માંડીને કહી સંભળાવી. મારી મરજી વિરુદ્ધ મારે માથે લદાઈ ગયેલી ચાલુ જિંદગીમાં પેલી બીજી જિંદગીને યાદ કરવામાં મને મઝા પડી. હું વાતમાં એકદમ મશગૂલ થઈ જાઉં ત્યારે સાંભળનારાઓને ભૂલી જતો, પણ ઝાઝી વાર નહિ. માલિકણ બાઈઓએ આગબોટની સફર ક્યારેય નહોતી કરી એટલે તેઓ મને સવાલ કરતી:

"બીક નહોતી લાગતી?"

મને સમજણ ન પડતી... શાની બીક?

"કોઈ ઊંડી જગ્યાએ આગબોટ ઊંધી થઈને ડૂબી ગઈ હોત તો?"

માલિક હસી પડયો. મને ખબર હતી કે આગબોટો ઊંડી જગ્યાઓએ ઊંધી થઈને ડૂબી ન જાય, પણ એ વાત હું બાઈઓનાં ભેજાંમાં ઉતારી ન

શક્યો. મોટી માલિકણને ખાતરી હતી કે આગબોટો પાણીમાં તરે નહિ, ફરતાં પૈડાંને ટેકે ગાડું રસ્તે ચાલતું હોય છે એવી રીતે હલેસાંનાં પૈડાંને ટેકે તળિયે ચાલે.

"આગબોટ તો લોખંડની હોય, એટલે તરે કેવી રીતે? કુહાડી તરે નહિ, ખરું કે નહિ?"

"પણ કથરોટ તરે, ડૂબે નહિ."

"મઝાની સરખામણી! કથરોટ તો નાની, અને પાછી ખાલી હોય!"

મેં તેમને સ્મૂરીયની અને તેનાં પુસ્તકોની વાત કરી ત્યારે તેમણે શંકાભરી નજર મારી તરફ નાખી. ડોશીનો મત એવો હતો કે ખાલી મૂરખા અને પાખંડી માણસો જ ચોપડીઓ લખે.

"તો પછી પ્રાર્થનાની ચોપડીનું શું? અને ડેવિડ રાજાનું શું?"

"પ્રાર્થનાની ચોપડી તો પાવન ગણાય, અને ડેવિડ રાજાનેય પ્રાર્થનાઓ બદલ ઈશ્વરની માફી માગવી પડેલી!"

"એવું ક્યાં લખેલું છે?"

"અહીંયાં, મારા હાથમાં! ક્યાં વખેલું છે એ તને સમજાવવા હમણાં તારા માથામાં થપાટ ફટકારી દઈશ!"

એ તો સમજો કે બધુંયે જાણતી હતી, અને વાતો, કાયમ બેહૂદી વાતો, પૂરી ખાતરીથી કરતી.

"પેચોર્કા શેરીનો તાતાર મરી ગયો ત્યારે એનો જીવ ગળા વાટેથી બહાર રેડાઈ ગયેલો, ડામર જેવો કાળો હતો."

"'જીવ તો શ્વાસ જેવો હોય," મેં કહ્યું.

"તાતારનોયે? ગધેડો છો તું!" તે જાણે મારા ભુક્કા ઉડાવી દેતી હોય એમ બોલી.

નાની માલિકણને પણ પુસ્તકોની બીક લાગતી.

"ચોપડીઓ વાંચવાથી બહુ નુકસાન થાય, ખાસ તો ઉંમર નાની હોય ત્યારે," તેણે કહ્યું. "અમારી ગ્રેબેશોક શેરીમાં એક છોકરી રહેતી, વળી સારા ઘરની, પણ એણે ચોપડીઓ વાંચવાનું શરૂ કરી દીધું, એટલી બધી ચોપડીઓ વાંચી કે પાદરીના મદદનીશના પ્રેમમાં પડી ગઈ! પણ પેલાની ઘરવાળીએ એની એવી ખબર લઈ નાખી કે બસ! ખોફનાક! ખોફનાક! અને શેરીમાં, બધાય લોકોની સામે..."

ક્યારેક હું સ્મૂરીયનાં પુસ્તકોના શબ્દો વાપરતો. એક પુસ્તકમાં મેં

આમ વાંચેલું: "ચોકસાઈથી કહેતાં, દારૂગોળાની રચના કોઈએ નહોતી કરી, તેનો ઉદ્ભવ તો ગૌણ પરીક્ષણો અને શોધોની લાંબી પ્રક્રિયાના પરિણામે થયો હતો."

કોણ જાણે કેમ પણ એ શબ્દો મને બરાબર યાદ રહી ગયા હતા. "ચોકસાઈથી કહેતાં" એ બે શબ્દો મને ખાસ ગમતા, બહુ જોરદાર લાગતા. તેમણે મારે માથે બહુ પીડા લાદી હતી, સાવ નકામી પીડા. એવું બનતું હોય છે.

એક વાર સાંજે આખા કુટુંબે આગબોટના અનુભવો કહી સંભળાવવાની માગણી કરી ત્યારે મેં જવાબ આપ્યો:

"ચોકસાઈથી કહેતાં, વાત કરવા જેવું કંઈ છે જ નહિ..."

એ લોકો છક થઈ ગયા, ઘોઘરા અવાજે ધડધડાટ બોલી ઊઠયા:

"શું? શું કહ્યું તેં?"

ચારેય જણાં ખડખડાટ હસી પડયાં.

"'ચોકસાઈથી કહેતાં'! ભલા ભગવાન!" તેઓ વારંવાર દોહરાવતાં રહ્યાં.

માલિકે પણ મને કહ્યું:

"સાવ મૂરખ જેવી વાત કરી તેં!"

ત્યાર પછી એ લોકો ઘણા વખત સુધી મને 'ચોકસાઈથી કહેતાં' નામે બોલાવતા રહ્યા.

"એય 'ચોકસાઈથી કહેતાં'! અહીં આવીને બચ્ચા સારું ભોંયપટ લૂછી દે, 'ચોકસાઈથી કહેતાં'..."

એવી બેઅક્કલ ચીડવણીથી મને માઠું લાગવાને બદલે અચંબો થતો.

મારી જિંદગી માણસને જડ બનાવી દે એવી વેદનાની હતી, અને તેમાંથી રાહત મેળવવા હું બને એટલી સખત મહેનત કરતો. કામ પુષ્કળ હતું. ઘરમાં બે દૂધપીતાં બચ્ચાં હતાં, અને મારી વાંકદેખી માલિકણો આયાને વારેવારે કાઢી મૂકતી હોવાથી બચ્ચાંની સંભાળનું કામ મોટે ભાગે મારે માથે જ રહેતું. હું રોજ બાળોતિયાં ધોતો અને અઠવાડિયામાં એક વાર પોલીસને ઝરે લૂગડાં ધોવા જતો. ત્યાં ધોબણો મને જોઈને હસતી:

"આવું ઓરતોનું કામ કેમ લાવ્યો છો?" તેઓ કહેતી.

તેઓ મને ચીડવતી હોય ત્યારે કોઈક વાર હું ભીનાં લૂગડાં તેમને

ફટકારતો. બાઈઓ મને એવો જ વળતો જવાબ દેતી. મને તેમાં મઝા પડતી અને તેમની જોડે વખત ગાળવાનું ગમતું.

પોલીસનો ઝરો ઓકા નદીમાં ભળી જતા ઊંડા નાળાને તળિયે હતો. નાળું શહેરને પ્રાચીન સ્લાવ દેવ યારીલોના નામે ઓળખાતા મેદાનથી નોખું પાડતું હતું. શહેરના લોકો સેમીકના* તહેવારે એ મેદાનમાં ફરવા જતા. નાનીમાએ મને વાત કરેલી કે તેની જુવાનીના દિવસોમાં લોકો હજી યારીલો દેવમાં માનતા હતા અને તેની પૂજા કરતા હતા: પૈડાને ડામર ચોપડીને સળગાવી દેતા, પછી ટીંબા ઉપરથી ચક્કર ચક્કર ફરતું ગબડાવી દેતા, ભેગા દેકારા કરતા અને ગાતા. પૈડું ઓકા નદી સુધી પહોંચી જાય તો માની લેતા કે યારીલો દેવને પૂજાથી રાજીપો થયો છે, ઉનાળો મઝાનો થશે અને સૌને સુખની જિંદગી આપશે.

મોટા ભાગની ધોબણો યારીલો મેદાનમાં રહેતી હતી, અને સૌ બાઈઓ ફૂર્તીલી તેમ જ આખાબોલી હતી. તેમને શહેરની જિંદગીની પૂરી જાણકારી હતી, અને તેમની પાસેથી કામ કરાવતા વેપારીઓ, કારકુનો, તથા અફસરોને લગતી તેમની વાતો સાંભળવામાં મઝા પડતી. શિયાળામાં ઝરાના બરફ જેવા ટાઢા પાણીમાં કપડાં નિચોવવાનું કામ બહુ આકરું હતું, બાઈઓના હાથ એટલા ઠરી જતા કે ચામડી ફાટી જતી. ઝરાનું પાણી લાકડાની કૂંડીમાં વહેતું રહેતું, બાઈઓ તેની ઉપર નમીને ઊભી રહેતી, ઉપર લાકડાનું પુરાણું ભાંગ્યુંતૂટ્યું છાપરું હતું, પણ એથી પવન અને ટાઢની સામે ભાગ્યે જ કશું રક્ષણ મળતું. ઠારમાં તેમના ચહેરા લાલ થઈ જતા અને તરડાઈ જતા, હિમમાં બળતી આંગળીઓ વળતી નહિ, આંખોમાંથી આંસુની ધારાઓ વહેતી રહેતી, પણ બાઈઓની વાતોના તડાકા અણથંભ ચાલતા રહેતા, તેઓ એકદમ નવી ખબરો એકબીજીને કહી સંભળાવતી, અને અસાધારણ જોમ દાખવીને સંજોગો તથા લોકોને જેવા હોય તેવા સ્વીકારી લેતી.

સૌથી મઝાની વાતો કરનારી બાઈ કોઝલોવ્સ્કાયા ત્રીસ વરસથી જરાક વધારે ઉંમરની હતી. તાજગી ટપકાવતી અને જોરાવર નાતાલ્યાને ટોળ છલકાતી આંખો હતી અને તેની વાણી ખાસ વેધક તથા બહુવિધ હતી. તે બોલતી હોય ત્યારે બીજી બાઈઓ હંમેશાં ધ્યાનથી સાંભળતી રહેતી, અને જરૂર પડે ત્યારે તેની સલાહ લેતી. નાતાલ્યા કામમાં કાબેલ હતી,

---

*ઈસ્ટરના તહેવાર પછી સાતમા અઠવાડિયાનો ગુરુવાર.

સદા સુઘડ પોશાક પહેરતી, અને દીકરીને નિશાળે ભણવા મોકલતી. એ બધું જોઈને બાઈઓ તેની તરફ ખૂબ આદર રાખતી. ભીનાં કપડાંના બે ટોપલાના ભારથી નમી ગયેલી નાતાલ્યા લપસણી કેડીએ જતી હોય ત્યારે સૌ બાઈઓ તેને ખુશાલ દુવાસલામ કરતી.

"દીકરી કેમ છે?" તેઓ પૂછતી.

"મઝામાં છે, ઈશ્વરની દયા છે, ભણે છે."

"ધ્યાન રાખજે, બાનુ ના બની જાય!"

"અરે, બાનુ બનાવવા તો નિશાળે મોકલું છું. રૂપાળી બાનુના સોનેરી વાળ ક્યાંથી આવે છે, ખબર છે? આપણી પાસેથી મળે છે, ધરતીના કચરા પાસેથી. બીજે ક્યાંથી મળે? જેમ જાણકારી વધે એમ હાથની લંબાઈ વધે, વધારે આઘા આંબે! અને જેના હાથ આઘા આંબે એનાં કામકાજ ફૂલે ને ફાલે!.. ભગવાન આપણને અહીંયાં ભોળાં બચ્ચાં જેવાં મોકલે છે, પણ પાછાં જઈએ ત્યારે આપણને જઈફને શાણાં જોવા માગે છે. એટલે એમ કે અહીંયાં તો બસ શીખવું ને શીખવું જ!"

તે બોલતી હોય ત્યારે સૌ ચુપ થઈ જતાં, ખાતરી છલકાતી તેની એકધારી વાણીને ધ્યાનથી સાંભળતાં રહેતાં, તેની હાજરીમાં અને ગેરહાજરીમાં તેનાં વખાણ કરતાં, તેની સહનશક્તિ અને બુદ્ધિપ્રભા જોઈને હેરત જાહેર કરતાં. પણ કોઈ તેના અનુકરણની ફિકર ન કરતું. કોણી સુધી હાથ ઢંકાઈ રહે અને બાંયો ભીંજાય નહિ એટલા ખાતર તેણે ઊંચા બૂટના ઉપરના હિસ્સામાંથી ચામડાનાં મોજાં જેવું કંઈક બનાવી લીધું. સૌએ તેને ડહાપણનું કામ ગણાવીને બિરદાવ્યું, પણ કોઈએ એવી વસ્તુ પોતાને માટે ન બનાવી. પછી હું એવાં મોજાં પહેરીને ગયો ત્યારે બાઈઓ મારી સામે હસવા લાગી:

"અરે વાહ! ઓરત કનેથી અક્કલ વાપરતાં શીખ્યો!"

અને બાઈઓ તેની દીકરી વિશે કહેતી:

"બહુ મોટપ આવી ગઈ છે છોડીમાં! ભલે, એક બાનુ વધી જવાની, એથી શું ફરક પડવાનો? કોને ખબર છે, ભણવાનું કદાચ પૂરું જ ન થાય, એ પહેલાં જ મરી જાય..."

"ભણેલાંની જિંદગીયે કંઈ બહુ આસાન નથી. બાખીલોવ કુટુંબની દીકરીની વાત લો... કેટલો બધો વખત ભણેલી! પણ આખર પહોંચી તે કેટલે સુધી? નિશાળની મહેતી થઈને રહી ગઈ. અને એક વાર નિશાળની મહેતી થઈ એટલે પછી આખી જિંદગી વાંઢી!"

"બેશક, હાથમાં ઝાલવા જેવું કાંઈક ઓરતમાં હોય તો પછી ભણતર વગરની હોય એનેય આદમી પરણે..."

"ઓરતની અક્કલ માથામાં ન હોય..."

તેમને પોતાને જ વિશે એવી બેશરમ વાતો કરતી સાંભળીને હેરત અને બેચેની થતી. હું જાણતો હતો કે સિપાહીઓ અને ખલાસીઓ અને નાળાં ખોદનારા મજૂરો સ્ત્રીઓના સંબંધમાં કેવી કેવી વાતો કરતા, અને આદમીઓને પોતાના પુરુષાતનની તેમ જ પોતે ભોળવેલી ઓરતોની સંખ્યાની શેખી મારતા મેં સાંભળ્યા હતા. "બાઈડીયું" તરફના તેમના ખારનો ખ્યાલ મને આવી જતો, પણ કોઈ આદમીને પોતાની ફતેહોનાં બણગાં ફૂંકતો સાંભળું ત્યારે ભેગાભેગું બીજું કશુંક પણ મને જોવા મળતું, અને તેના આધારે મારા મનમાં ખ્યાલ બંધાતો કે આદમીના શબ્દોમાં સચ્ચાઈ કરતાં અતિશયોક્તિ વધારે છે.

ધોબણો પોતાના આડા સંબંધોની વાતો એકબીજીને ન કરતી, પણ આદમીઓની વાતો કરે ત્યારે એવી હાંસી અને વેરની લાગણીથી બોલતી કે સ્ત્રીઓ એટલે લક્ષમાં લેવા જેવી તાકાત હોવાનું કથન સાબિત થઈ જતું.

એક દિવસે નાતાલ્યાએ કહ્યું: "ઓરતોથી આડા કતરાઈ જવાની ગમે એટલી કોશિશ કરો તોયે પાછા ઓરતો પાસે પહોંચી ગયા વગર છુટકો થાય જ નહિ!"

"સાવ સાચી વાત!" એક ડોકરીએ ઘોઘરા અવાજે ઘાંટો પાડયો. "મોટા જોગીજતિઓય આપણને પામવા ભગવાન સુદ્ધાંને પડતો નથી મૂકી દેતા?"

નાળાને તળિયે એ ગંદા ખાડામાં, જ્યાં કુદરતી સફાઈનું કામ કરતું હિમ પણ ઝાઝો વખત ટકી નહોતું શકતું એવા એ ખાડામાં, પાણીના પરપોટાઓના રોતલ સિસકારા તથા ભીનાં લૂગડાંના પછડાટના સંગાથમાં ચાલતી એવી વાતો—ઊંડા રહસ્ય વિશે, બધી પ્રજાઓ અને તમામ કબીલાઓના ઉગમના મૂળ વિશે, એવી શરમજનક ઝેરીલી વાતો—સાંભળીને મને ભયભરી ઘૃણાની લાગણી થતી, મારી આસપાસ જોરદાર દબાણ કરતા બધા "પ્રેમકિસ્સાઓથી" મારા વિચારો અને સંવેદનો જાણે છળી જતાં. મારા મનમાં "પ્રેમ"ની વિભાવના લાંબા વખત સુધી એવા ગંદા લંપટ કિસ્સાઓ સાથે સંકળાયેલી રહી હતી.

તેમ છતાં, નાળામાં ધોબણો વચ્ચે, રસોડાઓમાં અફસરોના નોકરચાકરો

વચ્ચે, કે પછી ભંડકિયાઓમાં મજૂરો વચ્ચે, મને જિંદગી ઘરની સરખામણીમાં અતુલ્ય પ્રમાણમાં વધારે દિલચસ્પ લાગતી હતી. ઘરમાં તો વાતચીત, ખ્યાલો, તથા બનાવોની થીજી ગયેલી ઢબો મારા મનમાં સંતાપજનક ઘેરા કંટાળા સિવાય બીજી કોઈ જાતની લાગણી નહોતી પેદા કરતી. મારા માલિક લોકોની જિંદગી ખાવાપીવાના, ઊંઘવાના, માંદા પડવાના, અને વળી ખાવાપીવા તથા ઊંઘવાની ધમાલભરી તૈયારીના વિષચક્રમાં અટવાતી રહેતી. તેઓ કાયમ પાપ અને મોતની વાતો કરતાં રહેતાં, જેમ અનાજ ઘંટીના પડને ચોંટી જાય એમ જ એવી બીકોને વળગેલાં રહેતાં, પિસાઈ જવાના ખોફનાક ખ્યાલમાં ઘૂમરીઓ ખાતાં રહેતાં.

છુટ્ટીની વેળાએ હું એકલો રહેવાના ઈરાદે છાપરીમાં જઈને લાકડાં ફાડતો. પણ હું જવલ્લે જ એકલો રહી શકતો કેમ કે અફસરોના નોકરચાકરો અચૂક આવતા અને ફળિયાના લોકોની વાતો કરવા લાગતા.

સૌથી વધારે તો યેર્મોખિન અને સીદોરોવ આવતા. કાલૂગાનો રહેવાસી યેર્મોખિન ઊંચા કદનો આદમી હતો અને તેના ખભા વળી ગયેલા હતા. તેને નાનકડું માથું હતું અને અસ્વચ્છ આંખોમાં કાયમ ઝાંય છવાયેલી રહેતી. તેની આખી કાયા જાણે જાડી મજબૂત પેશીઓ વડે ગૂંથાયેલી હોય એવી લાગતી હતી. તે આળસુ હતો અને ખીજ ચડી જાય એટલો બધો મૂરખ હતો. તેની હલચલ ધીમી અને કઢંગી રહેતી. કોઈ ઓરત નજરે પડે ત્યારે તે કંઈક બબડવા લાગતો અને આગળ ઢળી પડતો, જાણે કેમ ઓરતના પગમાં પડી જવા માગતો હોય. અમારા ફળિયામાં કોઈ પણ આદમીને કદી સમજાય જ નહિ એટલી ઝડપથી તે રસોઈયણો તથા કામવાળીઓનાં દિલ જીતી લેતો. બધા આદમીઓ ઈર્ષા કરતા અને રીંછ જેવા તેના જોરથી ડરતા રહેતા. તૂલાનો રહેવાસી સીદોરોવ પાતળો સુકલકડી આદમી હતો. તે કાયમ ગમગીન અદામાં રહેતો, હળવા અવાજે બોલતો, અને અચકાતો અચકાતો ઉધરસ ખાતો. તેની આંખોમાં તૂટક તેજના ઝગારા થતા રહેતા, અને તે અંધારા ખૂણાઓમાં નજર નાખતો રહેતો. દબાતા અવાજે બોલતો હોય કે મૂંગો બેઠો હોય, તેની નજર સૌથી વધારે અંધારિયા ખૂણામાં જડાયેલી રહેતી.

"શું જુએ છે તું?"

"કદાચ કોઈ ઉંદર નીકળી આવે... મને ઉંદર બહુ ગમે છે, કેવા વેગીલા, અને પાછા સાવ શાંત જીવ..."

હું નોકરચાકરોને કાગળો લખી આપતો, માશૂકોને અથવા ગામડે રહેતાં કુટુંબોને. તેમાં મને મઝા પડતી, ખાસ તો સીદોરોવનો કાગળ લખું ત્યારે. તૂલામાં રહેતી બહેનને તે દર શનિવારે કાગળ લખતો.

તે મને તેના ઘરના રસોડામાં બોલાવતો, ટેબલ પાસે મારી બાજુમાં બેસતો, અને ટકો કરાવેલા માથામાં થોડીક વાર હાથ ઘસીને મારા કાનમાં હોઠ ફફડાવતો:

"ઠીક, ચાલ શરૂ કરી દઈએ. પહેલાં—લખવું જ પડે એવું... 'મારી બહુ હેતાળ બહેન! તારી તંદુરસ્તી વરસોનાં વરસ મઝાની રહે'... અને બાકીનું એવું જ બધું. લખી નાખ્યું? સરસ. હવે લખ: 'રૂબલ મળી ગયો છે, પણ હવે એવું કંઈ કરતી નહિ, અને તારું બહુ અહેસાન. મને કશાની જરૂર બિલકુલ નથી, અમે મોજમાં રહીએ છીએ.' મોજમાં તો જરાય નથી રહેતા. કૂતરાં જેવી જિંદગી છે, પણ એ બધું એને કહેવાની કંઈ જરૂર નથી. લખ: 'અમે મોજમાં રહીએ છીએ.' હજી સાવ નાની છે, ખાલી ચૌદ જ વરસની છે. એને શું કરવા બધુંય કહી દેવું? હવે તું જેમ શીખ્યો છો એમ લખતો જા."

તે મારે ડાબે ખભે નમીને ગંધ ભરેલા ગરમાગરમ શ્વાસ મારા મોં ઉપર વહેતા મૂકતો લગાતાર હોઠ ફફડાવતો રહેતો:

"એને કહી દે કે છોકરાઓને વહાલ ન કરવા દે અને છાતીએ કે બીજે ક્યાંય અડવા ન દે. લખ: 'કોઈ બહુ વહાલની વાત કરે તો માનવી નહિ. એની મુરાદ ખાલી તને ભોળવીને બરબાદીમાં હડસેલી દેવાની જ હોય...'

તે ઉધરસ ખાળવાની સખત મહેનત કરતો. તેનો રાખોડી ચહેરો લાલ થઈ જતો, ગાલ ફૂલી જતા, આંખોમાં આંસુ આવી જતાં, અને તે ખુરશીમાં બેવડ વળીને મારી જોડે અફળાઈ જતો.

"ખલેલ પાડે છે વચમાં!"

"વાંધો નહિ, લખ: 'મઝાના લાગતા સજ્જનોની બાબતમાં તો વધારેમાં વધારે સાવચેતી રાખજે, એ લોકો પહેલી જ વારમાં છોકરીને ભોળવી દેતા હોય છે, એવા માણસો વાતોના ઉસ્તાદ હોય અને અજબગજબની વાતો કરે, એક વાર વિશ્વાસ મૂક્યો એટલે પછી વેશ્યાવાડા સિવાય બીજો કોઈ માર્ગ રહે જ નહિ. બચતમાં આખો રૂબલ થઈ જાય તો પાદરીને આપજે, તારે માટે સાચવીને રાખશે, ભલો આદમી છે.

પણ ક્યાંક ભોંયમાં દાટી દેવાનું વધારે સારું, પણ તકેદારી રાખવી કે કોઈ જોઈ ન જાય, અને જગ્યા બરાબર યાદ રાખવી.'"

ઉપરની નાનકડી બારીનાં મજાગરાંના ચૂંકારાઓમાં દબાઈ જતો તેનો ફફડાટ સાંભળતાં મનમાં બહુ પીડા થતી હતી. મેં મેશ છવાયેલી સગડી ઉપર અને માખીઓનો ગંદવાડ છવાયેલા કબાટ ઉપર નજર ફેરવી. રસોડું એટલું ગંદું હતું કે કહ્યું કહેવાય નહિ, ઠેરઠેર ઢગલાબંધ માકડ નજરે પડતા હતા, ધુમાડાની અને કેરોસીનની અને ચરબીની ગંધ ચોમેર ફેલાયેલી હતી. સગડી ઉપર બળતણમાં વંદા સરસર અવાજ કરતા હતા. મારા દિલમાં સૂનકાર છવાઈ ગયો. બિચારા સિપાહી અને તેની બહેનના ખ્યાલે હું રડવા જેવો થઈ ગયો. એવી જિંદગી કેવી રીતે જિવાય?

હું સીદોરોવના ફફડાટને ધ્યાનમાં લીધા વગર લખતો ગયો. મેં લખ્યું કે જિંદગી કેટલી કંટાળાજનક છે, દિલને દુભાવનારી છે. તેણે નિસાસો નાખતાં કહ્યું:

"બહુ લખ્યું. મહેરબાની. હવે એને સમજણ પડી જશે કે બીક કઈ વાતની રાખવી."

"કોઈ વાતની બીક રાખવાની નથી," મને પોતાને ઘણી બાબતોની બીક લાગતી હોવા છતાં મેં ખીજમાં વળતો જવાબ દીધો.

સિપાહી હસી પડયો અને ગળું ખોંખારતો બોલ્યો:

"મૂરખ! બીક રાખ્યા વગર રહેવાય જ કેવી રીતે? મઝાના લાગતા સજ્જનોનું શું? ઈશ્વરનું શું? અને પાર વગરની બીજી બાબતોનું શું?"

બહેનનો કાગળ આવે ત્યારે તે આતુરતાથી મને કહેતો:

"ઝટ વાંચી સંભળાવ!"

ચિઠ્ઠી ત્રણ વાર વંચાવતો. તેમાં લખાણ વાંચવું લગભગ અશક્ય, નિરાશા થાય એટલું ટૂંકું, અને નીરસ રહેતું.

સીદોરોવ ભલો અને માયાળુ દિલનો આદમી હતો, પણ સ્ત્રીઓ તરફનું તેનું વલણ બીજા સૌના જેવું જ હતું, કૂતરા જેવું તોછડું અને અણઘડ. મારી નજર સામે ઝડપથી બનતા રહેતા કિસ્સાઓનો સાક્ષી ઇચ્છાએ કે અનિચ્છાએ બનતી વેળા હું જોતો કે સીદોરોવ સિપાહીની કપરી જિંદગીની ફરિયાદો કરીને ઓરતના મનમાં દયાની લાગણી પેદા કરતો અને વહાલનો ઢોંગ કરીને તેને ભરમાવી દેતો, પણ પછી પોતાની ફતેહનું બયાન યેર્મોખિનને કહી સંભળાવતી વેળા થૂંકતો અને મોઢું બગાડતો, જાણે કેમ કડવી દવા

લીધી હોય. એથી મને તરત બહુ ખરાબ લાગી જતું, અને હું સિપાહીને પૂછતો કે તમે બધા જૂઠું કેમ બોલો છો, ઓરતોને ભોળવીને તેમને ખેલનાં રમકડાં કેમ બનાવો છો, શા માટે એકને પડતી મૂકીને બીજીને પકડી લો છો અને ઘણા દાખલાઓમાં તેમને મારવાનાં કરતૂત પણ કરો છો.

તે ખાલી હળવું હસીને કહેતો:

"આવી બાબતોને તારે જરાય ધ્યાનમાં લેવી જ નહિ. બૂરાં કામ છે, પાપનાંયે ખરાં. તું હજી સાવ નાનો છો. તારે એ બધું જાણવાની વેળા હજી બહુ આઘી છે."

પણ એક દિવસે હું વધારે ચોક્કસ જવાબ મેળવવામાં કામયાબ થઈ ગયો. એ જવાબ હું કદી ભૂલ્યો નથી.

"તું શું એમ ધારે છે કે એને ખબર નથી, હું એને ભોળવું છું એની?" તેણે આંખ મિચકારતાં અને ઉધરસ ખાતાં કહ્યું. "એને બરાબર ખબર છે! એની મુરાદ જ એવી છે કે હું એને ભોળવું. આવી બાબતોમાં બધાંય ખોટું બોલતાં હોય છે. સૌને શરમ આવતી હોય છે કેમ કે કોઈ પણ માણસને બીજા કોઈ માણસ ઉપર સાચું વહાલ હોતું જ નથી, સૌ ખાલી મોજને ખાતર ઢોંગ કરતાં હોય છે. બહુ શરમી વાત છે. થોડાક વખતની વાત છે, પછી તનેય ખબર પડી જશે. એવા ધંધા રાતે જ કરવા પડે, અથવા દિવસનો વખત હોય તો લાકડાંની ઓરડી જેવા કોઈ અંધારા ખૂણામાં લપાઈને. ઈશ્વરે એ કારણે જ આદમ અને ઈવને જન્નતમાંથી કાઢી મૂકેલાં, અને બધાય લોકોના દુખનું મૂળ એમાં જ છે..."

તેણે આખી વાત એટલી સરસ રીતે, એટલી ગમગીનીમાં, અને એટલા પસ્તાવામાં કહેલી કે તેના "કિસ્સાઓ"ને લીધે મને થયેલા કલેશનો થોડોઘણો બદલો મળી ગયો. મારે યેર્મોખિન કરતાં તેની જોડે વધારે દોસ્તી હતી. મને યેર્મોખિન ઉપર નફરત છૂટતી, અને હું દરેક રીતે તેને રંજાડવાની અને તેની ઠેકડી ઉડાડવાની કોશિશ કરતો. મારી મહેનત કામયાબ થઈ જતી. તે ઘણી વાર મને ખોખરો કરી નાખવાના ઇરાદે ફળિયામાં દોટ મૂકતો, પણ કઢંગાપણાને લીધે તેના મનસૂબા હંમેશાં નાકામયાબ થઈ જતા.

"એવાં કામની મનાઈ છે," સીદોરોવ કહેતો.

મને ખબર હતી કે મનાઈ છે, પણ હું નહોતો માનતો કે માનવીના દુખનું કારણ તેમાં જ હોય. મેં પ્રેમમાં પડેલાં માણસોની અદ્‌ભુત ઊર્મિઓ

ઘણી વાર જોઈ હતી, અને એવી વેળાએ પ્રેમીઓનો અનોખો સદ્ભાવ મને પરખાઈ જતો. પ્રેમમાંથી ઉત્પન્ન થયેલો હૈયાનો તહેવાર નીરખવામાં બેહદ ખુશી થતી.

પણ મારી યાદ મુજબ એ વખતે જિંદગી વધારે ને વધારે કંટાળાજનક અને નિષ્ઠુર બની રહી હતી, રોજરોજ મને જોવા મળતાં રૂપો અને સંબંધોમાં અફર રીતે જકડાઈ રહી હતી. જે હયાત હતું, મારી સામે મોજૂદ હતું, વખતના વહેણ સાથે જરાય પલટાતું નહોતું, તેનાથી બહેતર કશાની શક્યતાનો તો મેં કદી વિચાર પણ નહોતો કર્યો.

પણ એક વાર સિપાહીઓએ મને એવું કશુંક કહ્યું કે જેથી મારા દિલનાં ઊંડાણો ખળભળી ગયાં. એક ફ્લૅટમાં શહેરની સીવણની સારામાં સારી દુકાનનો કપડાં વેતરનારો ઉસ્તાદ કારીગર રહેતો હતો. શાંત અને નરમ સ્વભાવનો આદમી રૂસી નહોતો. તેની પત્ની નાના કદની બાઈ હતી. તેમને બાળકો નહોતાં. બાઈ આખો દિવસ પુસ્તકો વાંચતી રહેતી. અમારા ફળિયાની ધાંધલધમાલમાં, અમારા ઘરમાં રહેતા બધા દારૂડિયાઓમાં, એ બે માણસો કદી નજરે ન પડતાં, અને તેમની વાત કદી કાને ન પડતી. તેઓ મહેમાનોને બોલાવતાં નહિ, પોતે તહેવારના દિવસોએ થિયેટરમાં જવા સિવાય બીજે ક્યાંય ક્યારેય જતાં નહિ.

પતિ વહેલી સવારે કામે ચાલ્યો જતો અને છેક મોડી રાતે પાછો આવતો. કિશોરી જેવી લાગતી પત્ની અઠવાડિયામાં બે વાર બપોર પછી ગ્રંથાલયે જતી. હું તેને ઘરમાંથી નીકળતી અને જરાક લંગડાતી ચાલે ટચૂકડાં ડગલાં ભરીને જતી ઘણી વાર જોતો. તેના નાનકડા હાથમાં મોજાં સુઘડ રીતે પહેરેલાં હોય, શાળામાં ભણતી કોઈ બાળાની જેમ પટ્ટામાં બાંધેલાં પુસ્તકો આમથી તેમ ફંગોળાતાં હોય... બહુ સાદી અને તાજગીભરી અને નવલી, નિરાળી અને નિર્મળ. તેનું મોં પંખી જેવું હતું અને નાનકડી આંખોમાં ચપળતા છલકાતી રહેતી, અને તે સજાવટની ઢીંગલી જેવી રૂપાળી હતી. સિપાહીઓએ વાત કરી કે તેને જમણી તરફ એક પાંસળી ઓછી હોવાથી તે લંગડાતી ચાલતી હતી. પણ તેની લંગડાતી ચાલ મને ગમતી, એથી તે અમારા ફળિયાની અફસરોની બૈરીઓથી તરત નોખી તરી આવતી. એ સ્ત્રીઓ તેમના તીણા અવાજો અને ઠાઠમાઠિયા પોશાકો અને ભારે ઊછળકૂદ છતાં ઘરડી અને થાકેલી લાગતી, જાણે કેમ લાંબા વખતથી કોઈ અંધારા કબાટમાં નકામી વસ્તુઓ ભેગી ભુલાઈને પડી રહી હોય.

પાડોશીઓ કારીગરની પત્નીને સાવ સાજીસમી નહોતા ગણતા. તેઓ કહેતા કે પુસ્તકો વાંચવાથી બાઈનું મગજ એવું ભમી ગયું છે કે તે હવે ઘરની સરખી સંભાળ નથી રાખી શકતી. તેનો પતિ પોતે જ ખરીદી કરે છે અને રસોઇયણને ખાવાપીવાના સંબંધમાં ફરમાનો આપે છે. કદાવર અતડી પરદેશી રસોઈયણની એક આંખ સૂજેલી રહેતી અને તેમાંથી લગાતાર પાણી ટપકતું રહેતું, અને બીજી આંખની જગ્યાએ ટચૂકડો ગુલાબી ખાડો હતો. પાડોશીઓ કહેતા કે માલિકણને તો ગાયના અને બકરાના માંસ વચ્ચેના ફરકની ખબર જ નથી પડતી, અને એક વાર તેણે મૂળાને બદલે ગાજર ખરીદી લાવીને પોતાની જ ફજેતી કરાવેલી.

વિચાર તો કરો, કેવી શરમની વાત છે!

ત્રણેય જણાં એ ઘરમાં જાણે બંધબેસતાં નહોતાં, શિયાળુ પવનના ઝપાટાઓથી બચવાના આશયે ઊડીને માનવીઓના કોઈ ગંધારા બફારા વસવાટની બારી વાટેથી અંદર પેસી ગયેલાં પંખીઓની જેમ આકસ્મિક રીતે ત્યાં આવી પડેલાં લાગતાં હતાં.

પછી નોકરચાકરોએ મને વાત કરી કે અફસરો કારીગરની નાનકડી પત્ની જોડે હિચકારો હલકટ ખેલ ખેલી રહ્યા છે. લગભગ દરરોજ એક આદમી પ્રેમનો એકરાર કરતી, વેદનાનો વિલાપ કરતી, અને તેના રૂપનાં ગુણગાન ગાતી ચિઠ્ઠી તેને લખે છે. બાઈ જવાબમાં પોતાને શાંતિથી જીવવા દેવાની અરજ કરે છે, પોતે તેમની પીડાનું કારણ બની હોવાનો ખેદ જાહેર કરે છે, અને ઈશ્વરને પ્રાર્થના કરે છે કે તેમને મોહનાં બંધનોથી છોડાવી લે. અફસરોને એવી ચિઠ્ઠી મળે એટલે તેઓ ભેગા મળીને વાંચે છે, હસીને મોજ ઉડાવે છે, વળી ભેગા મળીને કાગળ તૈયાર કરે છે, અને કોઈ એકના નામે મોકલી દે છે. વાત કરતી વેળા નોકરચાકરો પણ હસતા હતા અને બાઈની ઉપર ખીજ ઠાલવતા હતા.

"મૂરખ અભાગણ, લંગડી..." યેર્મોખિન ઊંડા ઘોઘરા અવાજે બોલ્યો.

"તમામ ઓરતો મૂરખ બનવા માગતી હોય છે, અમને બધી ખબર હોય છે..." સીદોરોવે હળવા અવાજે ટાપસી પૂરી.

હું નહોતો માનતો કે કારીગરની પત્નીને પોતાની એવી હાંસીની ખબર હોય. મેં તેને જણાવવાનો ફેંસલો કરી લીધો. એક વાર તેની રસોઈયણને નીચે ભંડકિયામાં જતી જોઈને હું દોડતો પાછલે દાદરેથી નાનકડી બાઈના

ફ્લૅટમાં દાખલ થઈને રસોડામાં ગયો. રસોડું ખાલી હતું એટલે હું જમવાના ઓરડામાં ગયો. કારીગરની પત્ની ત્યાં ટેબલ પાસે બેઠી હતી. તેના એક હાથમાં વજનદાર સોનેરી પ્યાલો હતો અને બીજા હાથમાં પુસ્તક હતું. તે ગભરાટમાં પુસ્તોકને છાતીએ દબાવી દેતી ધીમા અવાજે બોલી ઊઠી:

"કોણ છે? આવગૂસ્તા! તું કોણ છો?"

મેં ગોટાળિયા શબ્દોનો ધોધ વહેતો મૂકી દીધો. મને બીક હતી કે પ્યાલો અથવા પુસ્તક મારી ઉપર ફેંકશે. તે કિરમજી રંગની મોટી આરામખુરશીમાં બેઠી હતી. તેણે નીલા રંગનું ગાઉન પહેર્યું હતું, ગાઉનના ઘેરમાં ઝાલર હતી અને ગળે તથા બાંયોમાં લેસની સજાવટ હતી. તેના લહેરીદાર બદામી વાળ ખભા ઉપર ફેલાયેલા હતા. તે દેવળના રાજન-દ્વારના ફિરસ્તા જેવી દેખાતી હતી. ખુરશીમાં પાછળ ઢળીને બેઠી બેઠી તે ગોળગોળ આંખો વડે મને પહેલાં તો ખીજભરી નજરે જોતી રહી, પણ થોડીક જ વારમાં તેના ચહેરામાં નરમાશ આવી ગઈ અને અચરજનો મલકાટ છવાઈ ગયો.

આખી વાત જણાવી દઈને હું જતો રહેવા બીજી તરફ ફર્યો.

"ઊભો રહે!" તે બોલી ઊઠી.

તેણે પ્યાલો તાસકમાં મૂકી દીધો, પુસ્તક ટેબલ ઉપર ફગાવી દીધું, હાથની અદબ ભીડી લીધી, અને પુખ્ત માણસ જેવા રણકતા અવાજે મને કહ્યું:

"કેવો અજબ છોકરો છો! અહીં આવ!"

હું અચકાતો અચકાતો નજીક ગયો. તે મારો હાથ ઝાલી લઈને નાનકડી શીતળ આંગળીઓ વડે પંપાળવા લાગી.

"મને આવી વાત કહેવા તું કોઈનો શીખવ્યો તો નથી આવ્યો ને? નહિ ને?" તેણે સવાલ કર્યો. "ભલે, સારું, દેખાઈ આવે છે, માની લઉં છું... તેં પોતે જ નક્કી કરી લીધું..."

તેણે મારો હાથ છૂટો કરી દીધો, અને બેઉ હાથ વડે પોતાની આંખો ઢાંકી દેતી પીડાભર્યા હળવા અવાજે તે બોલી:

"તો એમ છે! પેલા ગંધારા સિપાહીઓ મારે વિશે એવી વાતો કરે છે!"

"તમે આ ઘર મૂકીને જતાં રહો તો સારું," મેં ગંભીર અવાજે સલાહ આપી.

"કેમ?"

"તમને હેરાનપરેશાન કરી નાખશે!"

તેણે મઝાનું હસી પડતાં મને પૂછ્યું:

"તું ભણ્યો છો ક્યારેય? ચોપડીઓ વાંચવાનું ગમે છે?"

"વાંચવાનો વખત જ નથી મળતો."

"વાંચવાનું ગમતું હોય તો વખત મળી રહેવાનો. ઠીક, મહેરબાની!"

તેણે અંગૂઠા અને પહેલી આંગળી વચ્ચે ચાંદીનો સિક્કો રાખીને નાનકડો હાથ મારી તરફ લંબાવ્યો. મને એવી ટાઢીબોળ બક્ષિસ લેવામાં શરમ આવી, પણ ના પાડવાની હિંમત મારામાં નહોતી. પાછો જતી વેળા મેં સિક્કાને દાદરાની થાંભલી ઉપર મૂકી દીધો.

હું તેની પાસેથી ઊંડો અને સાવ નવલો અનુભવ લઈને પાછો આવ્યો. મારે માટે તો જાણે દિવસ ઊગ્યો, પરોઢનાં કિરણો ફૂટી નીકળ્યાં. ત્યાર પછી હું કેટલાય વખત સુધી એ મોટા ઓરડાને અને કારીગરની પત્નીને, નીલા પોશાકમાં ફિરસ્તા જેવી સોહામણી લાગતી એ બાઈને, યાદ કરવાની મોજ માણતો રહ્યો. ત્યાં બધું અજબ અજાણી સુંદરતામાં લપેટાયેલું હતું. તેના પગ નીચે જાડો સોનેરી ગાલીચો પથરાયેલો હતો, અને શિયાળુ દિવસ તેની મોજૂદગીમાંથી ગરમાવો મેળવવા રૂપેરી બારી વાટેથી અંદર ડોકાતો રહ્યો હતો.

મારા મનમાં તેને ફરી વાર જોવાની મંછા ઘૂમરીઓ ખાવા લાગી. જઈને ચોપડી માગું તો?

હું ગયો. તે બરાબર એ જ જગ્યાએ બેઠી હતી અને હાથમાં પુસ્તક હતું. પણ એ વેળાએ તેના મોં ઉપર બદામી રૂમાલ બાંધેલો હતો, અને એક આંખ સૂજેલી હતી. કાળી બાંધણીનું પુસ્તક મને આપતી તે કશુંક ન સમજાય એવું ગણગણી. હું પુસ્તક લઈને ગમગીનીમાં અટવાતો પાછો આવતો રહ્યો. પુસ્તકમાંથી ડામરની તથા સુવાદાણાના પાણીની વાસ આવતી હતી. ઘેર પહોંચીને મેં પુસ્તકને પૂંઠું ચડાવી દીધું અને ધોયેલા ખમીસમાં લપેટીને મેડામાં સંતાડી દીધું. મને બીક હતી કે માલિકોના હાથમાં પડી જાય તો કદાચ ફાડી નાખે.

માલિકોને ત્યાં 'નીવા' સામયિક આવતું. પોશાકની ભાતો અને ભેટની ચીજોને ખાતર તેનું લવાજમ ભરવામાં આવતું. તેને કોઈ વાંચતું નહિ, ખાલી ચિત્રો જોઈ લીધા પછી સૂવાના ઓરડામાં કપડાંના કબાટ ઉપર

મૂકી દેવામાં આવતું. વરસ પૂરું થાય એટલે બધા અંકોને ભેગા બંધાવીને ગ્રંથને પલંગ નીચે 'ચિત્રકલા સમીક્ષા'ના ત્રણ ગ્રંથો નજીક ભરાવી દેવામાં આવતો. હું સૂવાના ઓરડાનો ભોંયપટ ધોઈને સાફ કરું ત્યારે એ ગ્રંથો ગંદા પાણીમાં તરબોળ થઈ જતા. માલિક 'રૂસી સંદેશ' નામે અખબાર મંગાવતો.

સાંજે અખબાર વાંચતી વેળા તે કહેતો: "શયતાનને ખબર, આવું કેમ લખતા હશે! સાવ કંટાળિયું..."

શનિવારે મેડે કપડાં સુકાવા ટાંગતી વેળા મને પેલું પુસ્તક યાદ આવી ગયું. મેં તેને કાઢીને કપડું ઉખેળી નાખ્યું અને પહેલી લીટી વાંચી:

"મકાનો લોકો જેવાં હોય છે... દરેકની આગવી સૂરત હોય છે."

શબ્દોની સચ્ચાઈ સીધી મારા મનમાં ઊતરી ગઈ. હું આગળ વાંચવા લાગ્યો, અને ટાઢને લીધે મારે જતા રહેવું પડયું ત્યાં સુધી છતના જાળિયા હેઠળ વાંચતો રહ્યો. સાંજે માલિકનાં ઘરનાં સૌ પ્રાર્થનામાં ગયાં ત્યારે હું પુસ્તક લઈને રસોડામાં ગયો અને શરદનાં પાંદડાં જેવાં પીળાં જરીપુરાણાં પાનાંમાં જાણે ખોવાઈ ગયો. પુસ્તકનાં પાનાં મને જાણે જુદી જિંદગીમાં લઈ ગયાં, નિરાળાં નામો અને સંબંધોની જિંદગીમાં લઈ ગયાં, તેમાં હું મારી જાણના કોઈ પણ માણસોથી સાવ જુદા ઉમદા નાયકો અને અધમ ખલનાયકોને મળ્યો. દે મોન્તેર્પીની એ લાંબી નવલકથામાં લોકો અને ઘટનાઓથી છલકાતા અજબ ચેતનમય જીવનનું ચિત્રણ હતું. તેમાં બધું વિસ્મય થાય એવું સરળ હતું, જાણે કેમ લીટીઓ વચ્ચેનો કોઈ ગુપ્ત પ્રકાશ ઈષ્ટને તેમ જ અનિષ્ટને ઝગમગાવી દેતો હોય, વાચકને પ્રેમની તેમ જ ધિક્કારની લાગણી અનુભવવામાં મદદ કરતો હોય અને એ બધા લોકોને જાળમાં જકડી લેતા સંજોગોની ભુલભુલામણીમાંથી માર્ગ બતાવતો હોય. એકને મદદ કરવાની અને બીજાને અટકાવવાની જોરદાર ઝંખના મનમાં પેદા થતી. વાચક સાવ ભૂલી જતો કે એ આખુંયે જીવન, એકદમ અણધાર્યું છતું થઈ ગયેલું જીવન, તો કેવળ કાગળ ઉપર જ અસ્તિત્વમાં હતું. હકીકતમાં, ઘર્ષણના ઉતારચડાવમાં બધું ભુલાઈ જતું, વાચકને એક પળ ખુશીમાં તો બીજી પળ હતાશામાં ગરકાવ કરી દેતી.

હું વાંચવામાં એટલો બધો તલ્લીન થઈ ગયો કે બારણાની ઘંટડી રણકી ત્યારે પહેલાં તો મને સમજણ જ ન પડી કે ઘંટડી કોણ અને કેમ વગાડે છે. મીણબત્તી લગભગ આખી બળી ગઈ હતી, અને મેં સવારે ઘસીને ચળકાવેલા

શમાદાન ઉપર મીણનું પડ બાઝી ગયું હતું. મારે દેવચિત્રના દીવાનું ધ્યાન રાખવાનું હતું, પણ દીવો તો ચોકઠામાંથી સરકીને ઓલવાઈ ગયો હતો. હું રસોડામાં દોડાદોડી કરીને મારા ગુનાની નિશાનીઓને ભૂંસી નાખવાની કોશિશ કરવા લાગ્યો, પુસ્તકને સગડી નીચે ભરાવી દઈને દીવો સરખો કરવા લાગ્યો.

"બહેરો છો? ઘંટડી સંભળાતી નથી?" આયા સૂવાના ખંડમાંથી ધસી આવતી બરાડી ઊઠી.

હું ઉતાવળો આગલું બારણું ખોલવા ગયો.

"ઊંઘતો'તો કે શું?" માલિકે કરડા અવાજે સવાલ કર્યો. તેની ઘરવાળીએ મહામહેનતે પગથિયાં ચડતાં ચડતાં ફરિયાદ કરી કે મારે લીધે તેને શરદી થઈ ગઈ, અને ડોશી મને ધખવા લાગી. તેને રસોડામાં દાખલ થતાં જ આખી બળી ગયેલી મીણબત્તી ધ્યાનમાં આવી ગઈ અને તેણે તરત પૂછ્યું કે હું શું કરતો રહેલો.

પુસ્તક તેના હાથમાં આવી જવાની બીકે હું જડ જેવો મૂંગો થઈ ગયો, અને જાણે ભારે ઊંચાઈએથી હેઠો પટકાઈ ગયો હોઉં એમ મારું અંગેઅંગ બહેર મારી ગયું. ડોશીએ બરાડા પાડયા કે સાવચેતી નહિ રાખવામાં આવે તો હું કદાચ ઘરને આગ લગાવી દઈશ, અને માલિક તથા માલિકણ વાળુ કરવા આવ્યાં ત્યારે તેણે કહ્યું:

"આમ જુઓ, આણે આખી મીણબત્તી બાળી નાખી અને આખું ઘર સળગાવી દે તોયે કંઈ નવાઈ નહિ!"

વાળુ દરમિયાન ચારેય જણાં મને વઢતાં રહ્યાં, જાણ્યે કે અજાણ્યે થયેલા મારા ગુનાઓને યાદ કરતાં રહ્યાં, અને મને ચેતવણી આપતાં રહ્યાં કે મારો અંજામ બૂરો આવવાનો છે. પણ મને ખબર હતી કે તેમના શબ્દોમાં કારણ ખારનુંયે નહોતું અને સદભાવનુંયે નહોતું, નર્યા કંટાળાનું હતું. અજબ વાત હતી કે પુસ્તકના લોકોની સરખામણીમાં એ લોકો સાવ ભોટ અને નજીવા લાગતા હતા.

તેમણે વાળુ કરી લીધું અને સૌનાં પેટ ભરાઈને ભારે થઈ ગયાં એટલે તેઓ જાણે થાકના માર્યાં પથારી ભેગાં થઈ ગયાં. ડોશી પહેલાં ઈશ્વરને થોડીક ઝેરીલી ફરિયાદો કરીને પછી મોટી સગડીને ઓટલે ચડી ગઈ અને લાંબી થઈને થોડી વારમાં ચુપ થઈ ગઈ. હું સગડી નીચેથી પુસ્તક કાઢીને વાંચવા બારી પાસે બેસી ગયો. અજવાળી રાત હતી. પૂનમનો ચંદ્રમા

ઝગમગી રહ્યો હતો. તેમ છતાં, અક્ષરો બેહદ નાના હોવાથી વંચાતા જ નહોતા. મારી વાંચવાની ઝંખના અદમ્ય હતી. મેં અભરાઈ ઉપરથી ત્રાંબાની કડાઈ લીધી અને ચંદ્રનું અજવાળું તેમાં ઝીલીને પુસ્તક ઉપર વાળવાની કોશિશ કરી, પણ એથી તો હાલત બદતર બની ગઈ. અંધારું વધી ગયું. પછી હું ખૂણામાં બાંકડા ઉપર ઊભો રહીને દેવચિત્રના દીવાના અજવાળામાં વાંચવા લાગ્યો. મને ખબર જ ન રહી કે થાકને લીધે હું ક્યારે બાંકડા ઉપર ઢળી પડીને ઊંઘી ગયો. એકાએક ઘાંટાબરાડા અને ડોશીના ફટકાને લીધે હું જાગી ગયો. તે ઉઘાડે પગે ખાલી અંદરનું કપડું પહેરીને ઊભી હતી, માથું આમતેમ ફંગોળતી હતી, તેનો ચહેરો ગુસ્સામાં લાલચોળ થઈ ગયો હતો, અને તે મારું જ પુસ્તક હાથમાં પકડીને મને ફટકારી રહી હતી.

"અરે, માડી, રાડારાડી બંધ કરો ને હવે, આમાં કેવી રીતે જિવાય..." વિક્તરે પાટિયા ઉપરથી રાગડો તાણ્યો.

"ચોપડીનો ખેલ તો ખલાસ... ફાડી નાખશે!" મને થયું.

બીજે દિવસે સવારે નાસ્તાની વેળાએ મારી ખબર લઈ નાખવામાં આવી.

"ચોપડી ક્યાંથી લાવ્યો?" માલિકે કરડા અવાજે પૂછ્યું.

સ્ત્રીઓ મારી સામે બરાડા પાડવામાં હરીફાઈ કરવા લાગી. વિક્તરે પુસ્તક ઉપાડી લઈને સૂંઘી જોયું.

"અત્તરની ખુશબો આવે છે, ઈશ્વરના સમ!" તેણે કહ્યું.

મેં કહ્યું કે પુસ્તક પાદરીનું છે. તેમણે અચરજમાં પડી જઈને તેને બરાબર તપાસી જોયું, અને નાદરી નવલકથાઓ વાંચે એવી બાબત અંગે રીસ ઠાલવી, પણ એથી તેઓ થોડાંઘણાં ઢીલાં થઈ ગયાં. તેમ છતાં, માલિકે મને ચેતવણી આપી કે વાંચવામાં જોખમ છે અને નુકસાન થાય છે.

"એ લોકોએ જ, ચોપડીઓ વાંચનારાઓએ જ, રેલગાડીના પાટા ઉડાવી દીધેલા, હત્યાની કોશિશ કરેલી..."

"તમારું ભેજું ખસી ગયું છે કે શું?" તેની પત્ની ગભરાટમાં વચ્ચે બોલી ઊઠી. "કેવા ખ્યાલો એના માથામાં ભરો છો?"

હું દે મોન્તેપીંનું પુસ્તક લઈને સિપાહી પાસે ગયો અને મેં તેને બધી વાત કરી. સીદોરોવે કંઈ જ બોલ્યા વગર પુસ્તક મારા હાથમાંથી લઈ લીધું, નાનકડી પેટી ખોલી, ધોયેલો ટુવાલ કાઢયો, અને પુસ્તકને તેમાં લપેટીને પેટીની અંદર મૂકી દીધું.

"એ લોકોની ફિકર મૂકી દે, અહીં આવીને વાંચજે, કોઈને નહિ કહું," તેણે મને ખાતરી આપી. "તું આવે ત્યારે ઘરમાં ન હોઉં તો ચાવી દેવચિત્રની પાછળ પડી હશે. પેટી ખોલીને વાંચજે તારે વાંચવું હોય એટલું..."

પુસ્તકના સંબંધમાં માલિકોના વલણને લીધે તે મારી નજરમાં તરત ભારે મહત્ત્વનું અને ભયાનક રહસ્ય બની ગયું હતું. અમુક "વાચકોએ" કોઈની હત્યા કરવાની કોશિશમાં રેલગાડીના પાટા ઉડાવી દીધા હતા, એ હકીકતમાં મને ઝાઝો રસ નહોતો પડયો, પણ પાપના એકરાર દરમિયાન પાદરીએ પૂછેલા સવાલની, ભંડકિયામાં પુસ્તક વાંચતા વિદ્યાર્થીની, તથા "કામનાં પુસ્તકો" વિશે સ્મૂરીયના સંકેતોની યાદ મારા મનમાં તાજી થઈ ગઈ, અને નાનાની વાતોમાં મેલી વિદ્યાનાં પુસ્તકો વાંચનારા તથા જાદુમંતર કરનારા "ફ્રીમેસનપંથીઓ" મને યાદ આવી ગયા:

"અને ઝાર અલેક્સાંદર પાવ્લોવિચના પુનિત રાજમાં ઉમરાવોએ મેલી ચોપડીઓવાળાઓ તથા ફ્રીમેસનપંથીઓની જોડે મળીને આખી રૂસી પ્રજા રોમના પોપને હવાલે કરી દેવાનું કાવતરું કર્યું, જેસુઈટ કારસ્તાનીઓ! ત્યારે જનરલ આરાકચેયેવ મેદાનમાં આવ્યો, તેણે તમામને પકડી લીધા, અને ખિતાબ કે દરજ્જાની પરવા કર્યા વગર આખા ધાડાને સાઇબિરિયા મોકલી દીધું. એ લોકો કચરાપૂંજાની જેમ સડીને મરી પરવાર્યા ત્યાં સુધી સાઇબિરિયામાં સાધારણ ગુનેગારોની જેમ મહેનત કરતા રહ્યા."

વળી મને "તારલિયા મઢેલી છત્રછાયા" પણ યાદ આવી ગઈ, "ગેર્વાસી"ની યાદ તાજી થઈ, તુચ્છકાર વરસાવતા ગંભીર શબ્દો યાદ આવ્યા: "અરે, અબુધ જીવો, તમે અમારા મામલાઓનો તાગ કાઢવાની ગુસ્તાખી કરો છો! પણ તમારાં નમાલાં ભેજાં તેમનો પાર કદી નહિ પામી શકે!"

મને લાગ્યું કે હું કોઈ મહાન રહસ્યને ઉંબરે ઊભો છું, અને એથી હું જાણે વશીકરણમાં બંધાઈ ગયો હોઉં એવી જિંદગી જીવવા લાગ્યો. મારું મન પુસ્તકને ઝટ પૂરું વાંચી લેવા તલસતું હતું, મને બીક લાગતી હતી કે તે સિપાહીના રસોડામાં કાં તો ખોવાઈ જશે અથવા એ માણસ તેને કોઈ રીતે ખરાબ કરી નાખશે. એમ થાય તો હું કારીગરની પત્નીને કેવી રીતે સમજાવી શકું?

ડોશી મારી ઉપર ચાંપતી નજર રાખતી, પૂરી તકેદારી રાખતી કે મને

સિપાહીને ત્યાં જવાનો મોકો જ ન મળે, અને લગાતાર મારું માથું ખાતી રહેતી:

"ચોપડીનો કીડો છો! ચોપડીઓમાંથી ખાલી બદફેલી જ શીખવા મળે! પેલીને જોઈ લે ને, આખો દી ચોપડીમાં માથું ઘાલીને બેઠી રહે છે... હવે તો બજારે જાવાનુંયે નથી બનતું એનાથી. કાયમ અફસરોની જોડે આડો વહેવાર રાખે છે! શું મને ખબર નહિ હોય કે દિવસના વખતે કેવી રીતે ઘરમાં આવવા દે છે એ લોકોને?"

મને પોકારી ઊઠવાનું મન થઈ જતું:

"જૂઠાણું! એ જરાય બદચાલની નથી..."

પણ કારીગરની પત્નીનો બચાવ કરવાની હિંમત મારાથી થાય એમ જ નહોતું, કરું તો પુસ્તક તેનું હોવાની અટકળ ડોશી કદાચ કરી લે.

કેટલાય દિવસ સુધી મારી હાલત બેહદ ખરાબ રહી. હું ભુલકણો બની ગયો. દે મોન્તેપીંના પુસ્તકના અંજામની ફિકરમાં મને નીંદર નહોતી આવતી. એક દિવસે કારીગરના ઘરની રસોઇયણે મને ફળિયામાં રોકીને કહ્યું:

"ચોપડી પાછી પહોંચાડી દે!"

માલિકના ઘરનાં માણસો બપોરે જમીને થોડી વાર આરામ કરવા પથારીમાં પડતાં. હું એ વખતે કારીગરની પત્ની પાસે ગયો. મારું મન હતાશ હતું અને મને અકળામણ થતી હતી.

હું તેને પહેલી વાર મળ્યો ત્યારે જેવી હતી એવી જ આ વખતે જોવા મળી, સિવાય કે પોશાક જુદો હતો. તેણે કાળા મખમલનો કબજો અને રાખોડી રંગનું સ્કર્ટ પહેર્યાં હતાં, ગળામાં પીરોજનો ક્રૉસ લટકતો હતો. તેને જોઈને મને બુલફીંચ પંખી યાદ આવી ગયું.

મેં તેને વાત કરી કે મને પુસ્તક પૂરું વાંચી લેવાનો વખત નહોતો મળ્યો અને વાંચવાની મનાઈ હતી. એ વેળાએ મનની પીડાને લીધે અને તેને ફરી મળવાની ખુશીને કારણે મારી આંખોમાં આંસુ છલકાઈ ગયાં.

"છી! કેવા અક્કલ વગરના લોકો!" તે ભવાં ઊંચાં ચડાવતી બોલી. "મને તો તારા માલિકનો ચહેરો જોઈને સારી છાપ પડેલી! પણ તું ગભરાતો નહિ, હું કંઈક રસ્તો કાઢીશ. એને કાગળ લખીશ."

સાંભળીને હું દહેશતમાં પડી ગયો. મેં તેને સમજાવ્યું કે માલિકને ખોટું કહ્યું છે. પુસ્તક પાદરી પાસેથી લાવ્યો છું એમ કહ્યું છે.

"જરૂર નથી, કાગળ લખશો નહિ," મેં આજીજી કરી. "એ લોકો

ખાલી હસવાના અને તમારી ઉપર ખિજાઈ જવાના! તમે અમારા ઘરમાં કોઈને ગમતાં નથી, બધાંય તમારી ઠેકડી ઉડાડે છે, તમને મૂરખ ગણે છે, અને વાતો કરે છે કે તમારી એક પાંસળી ઓછી છે."

મારે હોઠેથી શબ્દો સડસડાટ નીકળી આવ્યા, અને બોલાઈ ગયા પછી તરત મને ભાન થયું કે મેં ખોટું લાગે એવી વાત કરી છે. તેણે ઉપલો હોઠ કરડીને પછી જાણે ઘોડા ઉપર બેઠી હોય એવી રીતે સાથળ ઉપર ટાપલી મારી. મેં માથું નમાવી દીધું. મને થતું હતું કે ધરતી ફાટીને મને ગળી જાય તો સારું, પણ થોડી વારમાં તે ખુરશી ઉપર બેસી જતી ખડખડાટ હસી પડી.

"ઓયવોય! કેવું વાહિયાત! કેવું વાહિયાત! પણ કરવું શું?" તે મારી ઉપર નજર ઠેરવીને જાણે પોતાને જ સવાલ કરતી હોય એવી રીતે બોલી. પછી નિસાસો નાખીને તેણે ઉમેર્યું: "તું બહુ અજબ છોકરો છો! બહુ જ...."

તેની બાજુમાં આયનો ગોઠવેલો હતો. મેં તેમાં નજર નાખી તો સામે ઊંચાં લમણાં અને પહોળા નાકવાળો ચહેરો દેખાયો, કપાળમાં મોટો ઉઝરડો હતો, અને ઓળ્યા વગરના વાળ બધી દિશાઓમાં ફેલાયેલા હતા. તો "બહુ અજબ છોકરો" એટલે આવો હોય, એમ ને? શોભાની નાજુક ઢીંગલી અને એવા અજબ છોકરા વચ્ચે કોઈ જાતનું સરખાપણું બેશક નહોતું જ.

"ગયે વખતે મેં તને પૈસા આપેલા, પણ તું લઈ નહોતો ગયો. કેમ?"

"જરૂર નહોતી."

તેણે નિસાસો નાખ્યો.

"હશે! શું થાય! તને વાંચવાની છૂટ આપે તો આવજે, પુસ્તકો આપીશ."

તાપણાની જગ્યાની ઓટલી ઉપર ત્રણ પુસ્તકો પડયાં હતાં. મેં પાછું આપેલું પુસ્તક તેમાં સૌથી મોટું હતું. હું ગમગીન નજરે તેને તાકી રહ્યો. કારીગરની પત્નીએ નાનકડો ગુલાબી હાથ લંબાવતાં કહ્યું:

"ઠીક ત્યારે, આવજે!"

હું અચકાતો અચકાતો તેના હાથને જરાક અડીને ઉતાવળો પાછો આવતો રહ્યો.

તેને વિશે કદાચ સાચું જ કહેવાતું હશે કે તે કંઈ સમજતી નથી. તેણે નાનકડા બચ્ચાની જેમ વીશ કોપેકની વાત પૈસા કહીને કરેલી ને?

પણ તેની એવી રીત મને ગમેલી...

૯

મને એકાએક થઈ આવેલી વાંચવાની તાલાવેલીને લીધે મારે સહેવાં પડેલાં અપમાન, દુભાવા, અને ખોફને યાદ કરતી વેળા ગમ અને રમૂજની ભેગી લાગણીઓ મનમાં થાય છે.

મને લાગતું કે કારીગરની પત્નીનાં પુસ્તકો બહુ મોંઘાં છે. મારા મનમાં બીક હતી કે એ પુસ્તકો ઘરડી માલિકણના હાથમાં પડી જાય તો કદાચ બાળી નાખે, એટલે મેં તેમનો ખ્યાલ જ મનમાંથી કાઢી નાખવાની કોશિશ કરી, અને સવારે રોટી ખરીદવા જે દુકાને જતો ત્યાંથી નાનકડી રંગબેરંગી ચોપડીઓ લાવવાનું શરૂ કર્યું.

દુકાનદાર જરાય ગમે નહિ એવો આદમી હતો—જાડા હોઠ, પરસેવાની ગંધ, લબડતી ચામડીવાળું લોટના લોંદા જેવું ડાચું, મોઢે પીળાં ધાબાં અને જખમનાં નિશાનો, ફિક્કી આંખો, ફુલેલા હાથ અને તેમાં ઠૂંઠાં જેવી આંગળીઓ. તેની દુકાન સાંજે અમારી શેરીનાં બદફેલ જુવાનિયાઓનું મળવાનું ઠેકાણું બની જતી. મારા માલિકનો ભાઈ લગભગ દરરોજ સાંજે ત્યાં બીયર પીવા અને પત્તાં રમવા જતો. વાળુના વખતે તેને બોલાવી લાવવા મને ઘણી વાર મોકલવામાં આવતો. હું જઉં ત્યારે કેટલીય વાર જોવા મળતું કે દુકાનના પાછળના ભાગમાં ચિકાર ભરેલા નાનકડા ઓરડામાં દુકાનદારની મૂરખ ઘરવાળી ઠઠારો કરીને વિક્તરના કે બીજા કોઈ જુવાન આદમીના ગોઠણ ઉપર બેઠી હોય. દેખીતી રીતે જ, દુકાનદારને તેમાં વાંધા જેવું કંઈ નહોતું લાગતું, વળી ઘરાકોને પતાવવામાં મદદ કરતી બહેનને સિપાહીઓ અને ગાનારાઓ અને જેને મન થાય તે બધા બાથમાં ઘાલે ત્યારે પણ તેને વાંધા જેવું જરાય ન લાગતું. દુકાનમાં માલ બહુ ઓછો રહેતો. દુકાન શરદમાં ખોલવામાં આવી હોવા છતાં ઓછા માલના ખુલાસામાં દુકાનદાર કહેતો કે ધંધો નવો છે અને કારોબાર સરખી રીતે જમાવવાનો વખત હજી નથી મળ્યો. તે ઘરાકોને ગલીચ ચિત્રો બતાવતો અને જેને મરજી હોય તેને લંપટ જોડકણાંની નકલ કરવા દેતો.

મેં મીશા યેવ્સ્તીગ્નેયેવની ચોપડીઓ એક એક કોપેકના હિસાબે વાંચી. મને સોદો મોંઘો લાગ્યો અને વાંચવામાં જરાય મઝા ન પડી. 'ગુઆક, અથવા મોત સુધી વફાદારી', 'વેનીસવાસી ફ્રાન્સીલ', 'કાબારદીનિયનોની સાથે રૂસીઓની લડાઈ, કે પછી ખાવિંદના કફન ઉપર જાન દેનારી મુસલમાન સુંદરી' જેવું સાહિત્ય વાંચવામાં મને કોઈ જાતનો સંતોષ નહોતો મળતો અને ઘણી વાર તો ખીજ ચડતી. મને લાગતું કે એ ચોપડીઓ એવી અસંભવિત વાતોનું વર્ણન એવી કઢંગી ભાષામાં કરીને જાણે મને બેવકૂફ બનાવવાની કોશિશ કરતી હતી.

'ઓલ્ત્સી', 'યૂરી મીલોસ્લાવ્સ્કી', 'ભેદી જોગી', અને 'તાતાર ઘોડેસવાર યાપાન્ચા' જેવાં પુસ્તકો મને બહેતર લાગેલાં, તેમણે મનમાં આખર થોડીઘણી છાપ તો પાડેલી. પણ મને સૌથી વધારે મઝા તો 'સંતોનાં જીવન' વાંચવામાં પડેલી. તેમાં ગંભીર, મનમાં વસી જાય એવું, અને હૃદયના ઊંડાણને સ્પર્શી જાય એવું પણ, કશુંક હતું. કોણ જાણે કેમ પણ બધા પુરુષ શહીદો મનમાં 'મઝાની વાત'ની યાદ તાજી કરાવી દેતા, અને બધી શહીદ સ્ત્રીઓ મને નાનીમાની યાદ અપાવતી. ધર્માચાર્યો વિશે વાંચતી વેળા મને નાના યાદ આવતા, પણ ખુશમિજાજની ઘડીઓમાં જેવા લાગતા એવા નાના.

હું મેડામાં અથવા લાકડાં ફાડવા છાપરીમાં જાઉં ત્યારે વાંચતો. બન્ને જગ્યાઓમાં ટાઢ અને અગવડની હાલત એકસરખી હતી. પુસ્તક ખાસ મઝા પડે એવું હોય અથવા ઉતાવળમાં વાંચવાનું હોય ત્યારે હું રાતે જાગીને મીણબત્તીના અજવાળામાં વાંચતો. પણ ડોશીના ધ્યાનમાં આવી ગયું કે મીણબત્તીઓ રાત દરમિયાન નાની થઈ જાય છે, એટલે તેણે લાકડાની ચીપ વડે મીણબત્તીને માપી જોવાનું શરૂ કર્યું. તે મીણબત્તી માપીને ચીપ સંતાડી દેતી. હું મોટે ભાગે તો ચીપ ગોતી કાઢતો અને રાત દરમિયાન બળેલી મીણબત્તીની લંબાઈ જેટલી રાખીને બાકીનો ભાગ તોડી નખતો. પણ ક્યારેક એમ ન કરી શકું, અને સવારે મીણબત્તી અને ચીપની લંબાઈ વચ્ચેનો ફરક ડોશીના ધ્યાનમાં આવી જાય, ત્યારે તે રસોડામાં એવી ધાંધલ મચાવી દેતી કે એક વાર વિક્તરે પાટિયેથી ખીજમાં બરાડો પાડયો:

"માડી, ભસવાનું બંધ કરો! સરખી રીતે જીવવા જ નથી દેતાં! હા, બાળે છે મીણબત્તી, ચોપડીઓ વાંચે છે, દુકાનેથી લઈ આવે છે, મેં જોયું છે! મેડામાં તપાસ કરો..."

ડોશી ધસમસાટ મેડે પહોંચી ગઈ, અને ત્યાં એક નાનકડી ચોપડી ગોતી કાઢીને તેણે ચીરેચીરા કરી નાખ્યા.

એથી મને સ્વાભાવિક રીતે જ સખત ફટકો પડયો, પણ મારી વાંચવાની તાલાવેલી એકદમ વધી ગઈ. મને ખાતરી હતી કે કોઈ સંત ઘરમાં આવી ચડે તો મારી માલિકણો તેને શીખવવાનું શરૂ કરી દે અને પોતાના જ ઘાટમાં ઢાળી દે, અને નર્યા કંટાળાને લીધે જ એમ કરે. તેઓ રાડારાડી કરવાનું અને બીજા લોકો વિશે મનફાવતા ફેંસલા કરી નાખવાનું તથા તેમની ઠેકડી ઉડાડવાનું બંધ કરી દે તો મૂંગી બની જાય, બોલી જ ન શકે, અને ખુદ પોતાને વિશેનું ભાન સાવ ભૂલી જાય. માણસને પોતાને વિશેનું ભાન જાળવી રાખવું હોય તો બીજા લોકો સાથે કશોક સભાન સંબંધ રાખવો પડે. મારા માલિકના ઘરનાં બધાં માણસોને બીજા લોકો સાથે ખાલી શીખવવાના અને મનફાવતા ફેંસલા કરી નાખવાના સંબંધ સિવાય બીજો કોઈ સંબંધ રાખતાં આવડતું જ નહોતું, અને કોઈ તેમના ઘાટમાં ઢળાઈ જઈને તેમના જેવા જ વિચારો અને લાગણીઓની જિંદગી જીવવા લાગે તોપણ તેઓ એ બાબતમાંયે તેને વિશે મનફાવતા ફેંસલા કરી નાખતાં. તેમનો સ્વભાવ જ એવો હતો.

હું વાંચવા માટે તરેહવાર તરકીબો અજમાવતો. ડોશીએ કેટલીય વાર મારી ચોપડીઓ ફાડી રાખી, એટલે મારે માથે દુકાનદારનું સુડતાળીસ કોપેકનું જબરજસ્ત કરજ ચડી ગયું! તેણે તરત ચુકવણીનો તકાદો કર્યો અને મને રોટી ખરીદવા માલિકો પાસેથી મળતા પૈસામાંથી વસૂલ કરી લેવાની ધમકી આપી.

"તો શું થાય?" તેણે મને ચીડવતાં સવાલ કર્યો.

તે મને સાંખ્યો સંખાય નહિ એટલો અળખામણો લાગતો હતો. તેને એ બાબતનો અણસારો આવી ગયો હતો કેમ કે તે ખાસ ચસકો લઈને જાતજાતની ધમકીઓ મારફત મને પીડતો રહેતો.

"મારા લેણા પૈસા લાવ્યો છો?" તે હળવા અવાજે પૂછતો.

"ના."

એથી તે જાણે ફિકરમાં પડી જતો અને ભવાં ચડાવી દેતો.

"ના? તારું તે શું કરું હવે! કાનૂની કામ ચલાવું? એટલે તને સુધારવાના કેદખાના ભેગો કરી દે, હેં?

મને પૈસા ક્યાંયથી મળે એમ નહોતા, મારો પગાર સીધો નાનાને જતો.

મને સમજણ જ નહોતી પડતી કે શું કરવું. મેં દુકાનદારને પૈસા માટે વાટ જોવાનું કહ્યું ત્યારે તે ફુલેલો અને થેપલા જેવો તેલિયો હાથ મારી સામે લંબાવીને બોલ્યો:

"બચી ભર... તો વાટ જોઉં!"

મેં થડા ઉપરથી કાટલું ઉપાડી લઈને તેના માથાનું નિશાન તાક્યું. તેણે નીચે નમી જઈને બરાડો પાડયો:

"આ શું? આ શું? હું તો ખાલી મજાક કરતો'તો!"

મને લાગ્યું કે તેમાં મજાક જેવું કંઈ નહોતું. મેં દુકાનદારનો પીછો છોડાવવા માટે પૈસા ચોરવાનું નક્કી કર્યું. હું સવારે માલિકનાં કપડાં બ્રશ વડે સાફ કરતો ત્યારે ઘણી વાર ખીસાંમાં પરચુરણ જોવા મળતું. ક્યારેક પૈસા નીચે પડી જતા. એક વાર વીશ કોપેકનો સિક્કો દાદરા નીચે લાકડાંના ખડકલામાં ભરાઈ ગયો. હું માલિકને કહેવાનું ભૂલી ગયો. થોડા વખત પછી લાકડાંમાંથી વીશ કોપેકનો સિક્કો મળતાં મેં માલિકને આપી દીધો ત્યારે તેની બૈરીએ તેને કહ્યું:

"જોયું ને? ખીસામાં પૈસા હોય તો ગણી રાખવા જોઈએ!"

પણ માલિકે મારી તરફ જોઈને મોં મલકાવતાં જવાબ આપ્યો:

"ચોરી કરે એવો નથી, મને ખબર છે!"

મેં પૈસા ચોરવાનો ફેંસલો કર્યો એટલે મારા મનમાં એ શબ્દોની અને ભરોસો છલકાતા મલકાટની યાદ તાજી થઈ ગઈ. ચોરી કરવાનું કામ મુશ્કેલ બની ગયું. હું વારેવારે તેનાં ખીસાંમાંથી પરચુરણ કાઢતો, ગણી જોતો, અને પાછું મૂકી દેતો. ત્રણ દિવસ સુધી મારા મનમાં ગડમથલ ચાલતી રહી, પણ પછી મામલો એકાએક સાવ સાદી રીતે પતી ગયો.

"આજકાલ તને શું થઈ ગયું છે, પેશ્કોવ?" માલિકે મને અણધાર્યો સવાલ પૂછયો. "અનમનો થઈ ગયો છે. તબિયત તો ખરાબ નથી ને?"

મેં સાફ દિલે મારી ફિકર તેને જણાવી દીધી.

"જોઈ લે, ચોપડીઓ વાંચવાનો અંજામ!" તે ભવાં ચડાવીને બોલ્યો. "ચોપડીઓ તને એક કે બીજી રીતે ચોક્કસ નુકસાન જ કરવાની!"

પણ તેણે મને પચાસ કોપેક આપ્યા અને ભેગી ચેતવણી આપી.

"ધ્યાન રાખજે, મારી વહુને કે માને ખબર ન પડે, નહિતર આફત તૂટી પડશે!"

પછી તેણે ખુશમિજાજમાં હસીને ઉમેર્યું:

"હઠીલો છો તું, શયતાન લઈ જાય તને! પણ વાંધો નહિ, એ તો સારું લખાણ ગણાય. હવે ચોપડીઓ પડતી મૂકી દેજે! નવા વરસથી સારું છાપું મંગાવીશ, તને કંઈક વાંચવાનું મળી રહેશે."

અને તેણે બોલેલું પાળી બતાવ્યું. રોજ સાંજે ચાપાણી અને વાળુ વચ્ચેના સમયમાં હું માલિકોને 'મોસ્કો પત્રિકા' વાંચી સંભળાવતો. તેમાં વાશ્કોવ, રોક્શાનિન, રુદ્નીકોવ્સ્કી, અને બીજા લેખકોની નવલકથાઓ પ્રગટ થતી. એવી કૃતિઓ કંટાળામાં અટવાતા લોકો માટે લખવામાં આવતી.

મને મોટેથી વાંચવાનું ગમતું નહિ, એથી વિષયવસ્તુને સમજવામાં અડચણ પડતી, પણ મારા શ્રોતાઓ ધ્યાનથી, એક જાતની ભક્તિભાવ છલકાતી ઉત્સુકતાથી, સાંભળતા રહેતા, કહાણીની દુષ્ટતાઓ વિશે મોં વકાસીને હેરત જાહેર કરતા, અને અભિમાનથી એકબીજાને કહેતા:

"આપણે અહીંયાં નિરાંતની ને શાંતિની જિંદગી ગુજારીએ છીએ, બહારની દુનિયામાં શું શું થાય છે એની કશી ગતાગમ વગર! ઈશ્વરની દયા છે!"

તેઓ કહાણીના બનાવોને ગોટાળે ચડાવી દેતા, જાણીતા લૂંટારા ચુર્કીનનાં કૃત્યોને ગાડીવાન ફોમા કુચીનાને નામે ચડાવી દેતા, વારંવાર નામોને એકબીજાની જોડે ગૂંચવી નાખતા, અને હું બધું સરખી રીતે સમજાવી દઉં એટલે નવાઈ પામીને કહેતા:

"છોકરાની યાદદાસ્ત કેવી સરસ છે!" 'મોસ્કો પત્રિકા'માં લેઓનીદ ગ્રાવ્વેનાં કાવ્યો ઘણી વાર છપાતાં. મને એ કાવ્યો બેહદ ગમતાં અને હું તેમને નોટબુકમાં ઉતારી લેતો. પણ મારી માલિકણો કવિને વિશે કહેતી:

"આદમી બુઢ્ઢો થઈ ગયો છે, તોયે કવિતાઓ લખે છે!"

"એને તો બધુંય સરખું, દારૂડિયો છે, અને અરધી અક્કલ બાકી રહી છે!"

મને સ્ત્રૂઝકિનનાં અને ઠાકોર મેમેન્તો-મોરીનાં કાવ્યો ગમતાં, પણ જુવાન અને ઘરડી બેઉ બાઈઓ કાવ્યોને નર્યો બકવાદ જ ગણતી.

"ખાલી રંગલા ને નાટકવાળા જ કવિતામાં બોલે!"

શિયાળાની રાતે નાનકડા સાંકડા ઓરડામાં માલિકોની નજરો મારી ઉપર મંડાયેલી હોય ત્યારે મને જિંદગી બહુ અકારી લાગતી. બારીની બહાર મોત જેવી રાતનાં અંધારાં ફેલાયેલાં રહેતાં, ક્યારેક ક્યારેક હિમની કડકડાટી

કાને પડતી, પણ એ લોકો ટેબલ ફરતે મૂંગામૂંગા બેઠા રહેતા, જાણે ઠરીને અક્કડ થઈ ગયેલાં માછલાં હોય એમ. અથવા પવન દીવાલોને તથા બારીના કાચને નહોર મારતો રહેતો, ધુમાડિયામાં સુસવાટા કરતો રહેતો, સગડીનાં પતરાંને ખખડાવતો રહેતો, અને બાળકોના ઓરડામાંથી બચ્ચાંની રડારોળનો અવાજ સંભળાતો રહેતો. એથી મને કોઈ અંધારા ખૂણામાં લપાઈ જવાનું અને વરુની જેમ રાગડા તાણવાનું મન થતું. ટેબલને એક છેડે બાઈઓ બેઠીબેઠી સીવતી અથવા મોજાં ગૂંથતી રહેતી, બીજે છેડે વિક્તર કમને કોઈ રેખાંકનની નકલ કરતો રહેતો અને થોડી થોડી વારે ઘાંટા પાડતો રહેતો:

"ટેબલ હલાવવાનું બંધ કરો! સરખી રીતે જીવવા જ નથી દેતાં! ધાંધલધમાલિયાં! ગડબડગોટાળિયાં!"

માલિક એક તરફ મોટા જબ્બર ચોકઠા સામે બેઠોબેઠો મેજપોશમાં ચોકડી-ટાંકાની ભાત ગૂંથતો હતો. તેની ચપળ આંગળીઓ નીચેથી રાતા કરચલા, નીલાં માછલાં, પીળાં પતંગિયાં, અને શરદનાં બદામી પાંદડાંની આકૃતિઓ ઊપસતી રહેતી. ભાત તેણે પોતે જ બનાવી હતી અને ત્રણ વરસથી એની એ જ ભાત ગૂંથતો રહ્યો હતો, હવે તેનાથી સાવ કંટાળી ગયો હતો, અને ઘણી વાર દિવસના વખતે હું બીજું કામ ન કરતો હોઉં તો મને કહેતો:

"સાંભળ, પેશ્કોવ, મેજપોશ ઉપર હાથ અજમાવ!"

હું ભારે સોય લઈને હાથ અજમાવતો. મને માલિકની દયા આવતી અને હું મારાથી બનતી કોઈ પણ રીતે તેને મદદ કરવા હંમેશાં ઉત્સુક રહેતો. મને લાગતું કે એક દિવસ તે રેખાંકન અને ગૂંથણ અને પત્તાંની રમત મૂકી દઈને બીજું કશુંક, મઝા પડે એવું કશુંક, કરવા લાગશે. તે એવા કશાકનાં સ્વપ્નો સેવતો રહેતો, કામ એકાએક થંભાવી દઈને એ કશાકને વિસ્મયની નજરે તાકી રહેતો, જાણે કેમ પહેલી જ વાર જોતો હોય. તે એવી રીતે ઊભો હોય, તેના વાળ ભવાં ઉપર અને ગાલ ઉપર ફેલાઈ ગયેલા હોય, ત્યારે તાજી જ દિક્ષા લઈને મઠમાં દાખલ થયેલા નવા જોગી જેવો લાગતો.

"શું વિચારમાં પડી ગયા?" પત્ની પૂછતી.

"એમ જ," તે જવાબ દેતો અને પાછું કામ ચાલુ કરી દેતો.

હું હેરતમાં ચુપ રહેતો. કોઈને કેમ પુછાય કે શું વિચાર કરો છે? અને એવા સવાલનો જવાબ કેવી રીતે આપી શકાય? માણસ એકીવેળાએ ઘણી બાબતોના વિચાર કરતો હોય છે—નજર સામે શું દેખાય છે,

કાલે શું દેખાતું હતું, અથવા ગયે વરસે શું દેખાતું હતું તેના, સતત ગતિમાં રહેતી અને સતત પલટાતી રહેતી ઝાંખી અને ભેળસેળ બધી છાપોના.

સાંજના વાંચન માટે 'મોસ્કો પત્રિકા'ના લેખો પૂરા ન પડતા, એટલે મેં કહ્યું કે સૂવાના ઓરડામાં પલંગ નીચે ખડકેલાં સામયિકો વાંચીએ.

"એમાં વાંચવાનું શું છે?" જુવાન માલિકણ શંકભર્યા અવાજે બોલી. "ખાલી ચિત્રો છે!"

"પણ પલંગ નીચેનો સંઘરો ખાલી 'ચિત્રકલા સમીક્ષા'નો જ નહોતો, તેમાં 'જ્યોતિ'ના અંકો પણ હતા. અમે તેમાંથી સાલિઅસની કૃતિ 'ઠાકોર ત્યાતિન બાલ્તીસ્કી' વાંચવાનું શરૂ કર્યું. કહાણીના બેવકૂફ નાયકે મારા માલિકને ખુશખુશાલ કરી દીધો, યુવાન ઉમરાવનાં ખેદજનક પરાક્રમો સાંભળીને તે એટલું બધું હસતો કે તેની આંખોમાંથી આંસુની ધારાઓ ગાલ ઉપર વહેવા લાગતી.

"અરે ભાઈ, કેવી રમૂજ!" તે બોલી ઊઠતો.

"બધુંય ઉપજાવી કાઢેલું છે," તેની પત્ની સ્વતંત્ર બુદ્ધિપ્રભાનું પ્રદર્શન કરવા કહેતી.

પલંગ નીચેથી કાઢવામાં આવેલું સાહિત્ય મને તો બેહદ કામનું સાબિત થઈ ગયું. તેને કારણે મને સામયિકો રસોડામાં લઈ જવાનો અને રાતે વાંચવાનો હક મળી ગયો.

મારા સારા નસીબે, આયા દારૂ ઢીંચવા ઊપડી જાય ત્યારે ડોશી સૂવાના ઓરડામાં જઈને લંબાવતી. હું વાંચું તેમાં વિક્ટર વાંધો નહોતો ઉઠાવતો, સૌ ઊંઘી જાય ત્યારે ગુપચુપ કપડાં પહેરી લઈને સવાર સુધી ગાયબ થઈ જતો. માલિકણ હંમેશાં મીણબત્તી બીજા ઓરડામાં લઈ જતી, એટલે હું અંધારામાં રહી જતો. મારી પાસે મીણબત્તી ખરીદવાના પૈસા તો હોય જ નહિ, એટલે હું શમાદાનોમાં ચોંટેલું મીણ છાનોછપનો ઉખેડીને સાર્ડીન માછલીની ખાલી ડબલીમાં ભેગું કરી લેતો, તેની ઉપર દેવચિત્રના દીવાનું તેલ રેડી દેતો, અને દોરા વણીને વાટ બનાવી લેતો. એ રીતે મેં એક જાતનો ધુમાડિયો દીવો હાંસલ કરી લીધો. હું તેને મોટી સગડીના ઓટલા ઉપર મૂકી રાખતો.

હું મોટા જબ્બર ગ્રંથોનાં પાના ઉલટાવું ત્યારે નાનકડી જ્યોતિ ફરકવા લાગતી અને ઓલવાઈ જવા જેવી થઈ જતી. વાટ સરકીને ગંધીલા મીણમાં

ડૂબી જતી, ધુમાડાથી મારી આંખો બળતી, પણ ચિત્રો જોવામાં અને નીચે આપેલાં વિવરણો વાંચવામાં મને જે ખુશી થતી હતી તેની સરખામણીમાં એ પરેશાનીઓ નજીવી હતી.

અજબગજબનાં શહેરો, ગગનચુંબી પર્વતો, અને રળિયામણા સાગરકિનારાઓથી શોભતી દુનિયાનું મારું કલ્પનાદર્શન નિરંતર વધારે વ્યાપ ધારણ કરતું ગયું. જીવનનું અદ્‌ભુત વિસ્તરણ થઈ ગયું, અને હું જેમ જેમ પૃથ્વીની પ્રજાઓ, સમૃદ્ધ નગરો, અને અપાર વૈવિધ્યની જાણકારી હાંસલ કરતો ગયો તેમ તેમ જગત મને વધારે ને વધારે સુંદર લાગતું ગયું. હવે હું વોલ્ગાની ખીણના પ્રદેશમાં નજર નાખું ત્યારે મને ખબર હતી કે એ કેવળ ખાલી જગ્યાઓ નથી. વોલ્ગા પાર નજર ફેરવતી વેળા હંમેશાં મારા મનમાં ખાસ વિષાદ ભરાઈ જતો: બીડો ધરતી ઉપર સપાટ પથરાયેલાં હતાં, તેમાં માત્ર કોઈ કોઈ જાગ્યાએ જ ઝાડીઓનાં ઘેરાં ધાબાં નજરે પડતાં; બીડોની પાર વનની ઊંચીનીચી કોર નજરે પડતી, તેની ઉપર ટાઢું વાદળિયું આકાશ છવાયેલું રહેતું. ધરતી ખાલીખમ અને એકલવાઈ લાગતી. મારું હૈયું પણ સાવ ખાલી રહેતું, તેમાં એક જાતની હળવી ગમગીનીથી બેચેની પેદા થતી. મનમાંથી મુરાદમંછાઓ તદ્‌ન અદૃશ્ય થઈ જતી, વિચારવાનું કશું જાણે રહેતું જ નહિ, મને ખાલી આંખો મીચી દેવાનું જ મન થતું. દરેકે દરેક ઇચ્છાને દિલમાંથી શોષી લેતા એ સૂમસામ વગડામાં આશા જેવું કંઈ વસતું જ નહિ.

ચિત્રોનાં વિવરણોમાં બીજા દેશો અને બીજા લોકો વિશે સાદી ભાષામાં જણાવવામાં આવ્યું હતું, ભૂતકાળ અને વર્તમાનની વિવિધ ઘટનાઓ વર્ણવવામાં આવી હતી. તેમાંથી ઘણું મને સમજાતું નહિ, અને એથી હું અકળાઈ જતો. ક્યારેક "આધિભૌતિકવાદ", "સહસ્રવાદ", અને "ચાર્ટીસ્ટ" જેવા અજબ શબ્દો મારા મગજને વીંધી નાખતા, મને ફિકરના વમળમાં સપડાવી દેતા, મારા મનમાં ઘૂમરીઓ ખાતા રહેતા અને બીજી બધી બાબતોને ઢાંકી દેતા. મને લાગતું કે એ શબ્દોના અર્થ નહિ શોધી કાઢું ત્યાં સુધી બીજું કંઈ મને જરાય નહિ સમજાય. જાણે તેઓ જ બધાં રહસ્યોનાં દ્વાર રોકીને ખડા રહેતા. ઘણી વાર આખેઆખાં વાક્યો, અંગમાં ભરાઈ ગયેલી ફાંસની જેમ, મારા મનમાં ભરાઈને રહેતાં, અને મને બીજી કોઈ બાબતનો વિચાર કરવા જ ન દેતાં.

મને કોઈ અજબ લીટીઓ વાંચ્યાનું યાદ આવે છે:

જતો વેરાનમાં, બખ્તર સજેલો,
ઘેરો ને અબોલ, કબર જેવો,
સરકાર અટ્ટીલા, હુણો કેરો.

તેની પાછળ પાછળ કૂચ કરતા લડવૈયાઓનું કાળું વાદળ દેકારા કરતું હતું:

ક્યાં છે પેલું રોમ? બહુ બળિયું રોમ?

મને ખબર હતી કે રોમ તો શહેરનું નામ છે, પણ હુણ એટલે કોણ?

મને મોકો મળતાં જ મેં માલિકને પૂછ્યું.

"હુણ?" તેણે જરાક અચરજમાં પડી જતાં સામો સવાલ કર્યો. "શયતાનને ખબર હશે! કદાચ કોઈ ભિખારા હોય!.."

તેણે અણગમાના ભાવે માથું ધુણાવ્યું:

"પેશ્કોવ, તારા માથામાં કચરો ઠસોઠસ ભરેલો છે, અને એ તો બહુ ખોટું કહેવાય!"

ખોટું કહેવાય કે સારું કહેવાય, મારે તો જાણવું જ હતું.

મેં ધારી લીધું કે રેજિમેન્ટના પાદરી સોલોવ્યોવને ચોક્કસ ખબર હશે. એક વાર તે ફળિયામાં મળી ગયો ત્યારે મેં સવાલ પૂછી નાખ્યો.

ફિક્કો અને માંદલો પાદરી હંમેશાં ચિડાયેલો રહેતો. તેને આંખો રાતી હતી, ભવાં જેવું કંઈ હતું જ નહિ, અને નાનકડી દાઢી પીળા રંગની હતી.

"તારે શું કરવું છે જાણીને?" તેણે કાળી લાકડી ગંદવાડમાં ખૂંતાડાતાં સવાલ કર્યો.

પછી મેં એ જ સવાલ લેફ્ટેનન્ટ નેસ્તેરોવને પૂછ્યો, પણ તે એકદમ કાળઝાળ થઈ જતો જવાબમાં માત્ર એક જ શબ્દ બોલ્યો:

"શું..?"

મેં નક્કી કર્યું કે દવાની દુકાને જઈને મિલનસાર દવાવાળાને પૂછી જોવું. તેનો ચહેરો જોતાં માણસ બુદ્ધિશાળી લાગતો હતો, અને સોનેરી ફ્રેમનાં ચશ્માં મોટા નાક ઉપર ગોઠવી રાખતો.

"હુણો કિરગિઝ લોકો જેવા ભમતા માલધારીઓ હતા," દવાવાળા પાવેલ ગોલ્દબેર્ગે સમજાવ્યું. "હવે હયાત નથી, બધાય મરી પરવાર્યા!"

મને નિરાશા થઈ અને ખીજ ચડી, પણ હુણો મરી પરવાર્યા હતા

એટલે નહિ, કારણ તો એમ હતું કે મને બહુ રંજાડનારો એ શબ્દ આખરે સાવ સાદો અને મારે માટે કશા મર્મ વગરનો નીકળ્યો હતો.

પણ એક રીતે જોતાં હું હુણોનો બહુ અહેસાનમંદ હતો. તેમના સંબંધમાં મારા અનુભવ પછી શબ્દો મને રંજાડતા બંધ થઈ ગયા, અને અટ્ટીલાને કારણે મને દવાવાળા ગોલ્દબેર્ગ સાથે ઓળખાણ થઈ.

એ માણસ બધા પંડિતાઉ શબ્દોના સાદા અર્થ જાણતો હતો, અને તેની પાસે તમામ રહસ્યોની ચાવી હતી. તે બે આંગળીઓ વડે ચશ્માં સરખાં કરતો, જાડા કાચની આરપાર મારી ઉપર નજર ઠેરવી દેતો, અને જાણે મારા માથામાં ખીલીઓ મારતો હોય એવી રીતે બોલતો:

"ભાઈ મારા, શબ્દો તો ઝાડનાં પાંદડાં જેવા હોય છે, અને પાંદડાં જેવાં હોય છે એવાં કેમ હોય છે એ જાણવા માટે પહેલાં જાણવું પડે કે ઝાડ કેવી રીતે ઊગે છે ને મોટું થાય છે. અભ્યાસ કરવો પડે. સાંભળ, ભઈલા, ચોપડીઓ તો રળિયામણા બગીચા જેવી હોય છે, મનને ખુશ કરી દે અને પાછો ફાયદો થાય એવું બધું એમાંથી મળે."

કાયમ પેટની બીમારીઓથી પીડાતાં મોટેરાં માટે સોડા અને વિલાયતી મીઠું લાવવા અને બચ્ચાં માટે તેલ તથા દવાદારૂ લાવવા માટે ઘણી વાર દવાની દુકાને જવું પડતું. દવાવાળાના ટૂંકાટચ બોધથી મારા મનમાં પુસ્તકો અંગે વધારે ગંભીર વલણ કેળવાયું, અને મને ખબર જ ન પડી કે પુસ્તકો ક્યારે મારે માટે અનિવાર્ય બની ગયાં, જેવી રીતે દારૂડિયાને વોદ્કા વગર ન ચાલે એવી જ રીતે મને પુસ્તકો વગર ન ચાલતું.

પુસ્તકોએ મને નિરાળું જીવન બતાવ્યું, તેમાં ઊંડી ઝંખનાઓ અને લાગણીઓ લોકોને ગુના કરવાની હાલતમાં ધકેલી દેતી અથવા પરાક્રમ કરી દાખવવાનું જોશ ચડાવતી. મેં જોયું કે મારી આસપાસના લોકોમાં ગુના કરવાની કે પરાક્રમ દાખવવાની શક્તિ જ નહોતી, તેમની જિંદગી પુસ્તકોના લોકોથી સાવ જુદી હતી, અને તેમના જીવનમાંથી કશું રસપ્રદ શોધી કાઢવાનું બહુ મુશ્કેલ હતું. એક વાતની મને બરાબર ખાતરી હતી, મારે તેમના જેવી જિંદગી નહોતી જીવવી.

ચિત્રોનાં વિવરણોમાંથી મને જાણવા મળ્યું કે પ્રાગમાં અને લંડનમાં અને પૅરિસમાં શહેરની વચ્ચોવચ ખાડીઓ અને ગંદવાડથી છલકાતાં નાળાં નથી. ત્યાં રસ્તા સીધા અને પહોળા છે, મકાનો અને દેવળો સાવ નિરાળાં છે. વળી છ મહિનાના શિયાળામાં લોકો ઘરની અંદર પુરાઈને નથી રહેતા,

લેન્ટનો એવો તહેવાર નથી કે જેમાં માણસ મીઠું ચડાવેલ કોબીજ તથા મશરૂમ, જવનો લોટ, અને ચીતરી ચડે એવું અળસીનું તેલ ભેળવેલાં બટેટાં સિવાય બીજું કશું ખાઈ જ ન શકે. અમારે ત્યાં લેન્ટના તહેવાર દરમિયાન કંઈ વાંચવાની મનાઈ હતી. 'ચિત્ર સમીક્ષા'ના ગ્રંથો હઠાવી દેવામાં આવતા, મારે લેન્ટની એવી ઠાલીઠમ જિંદગીનો હિસ્સો બની રહેવું પડતું. હવે હું તેની સરખામણી પુસ્તકોની જિંદગી સાથે કરી શકતો એટલે તે મને વધારે નીરસ અને બેડોળ લાગતી. વાંચનની અસરને લીધે મારામાં જાણે વધારે શક્તિ રેડાઈ જતી હોય એમ લાગતું, હું મક્કમ નિર્ધાર કરીને અને જાણે વેરના ઝનૂનથી કામ કરતો કારણ કે હવે મારી સામે એક લક્ષ્ય હતું: કામ જેટલું જલદી ખતમ થઈ જાય એટલો વધારે વખત મને વાંચવા માટે મળે. પુસ્તકો વગર તો હું આળસુ અને સુસ્ત બની જતો, મેં અગાઉ કદી ન અનુભવેલા રોગીલા ભુલકણાપણાનો શિકાર બની જતો.

મને યાદ છે કે એવા કંટાળાજનક દિવસોમાં એક ભેદી ઘટના બનેલી. એક વાર રાતે સૌ સૂઈ ગયાં હતાં ત્યારે એકાએક દેવળનો ઘંટ રણકવા લાગ્યો. તરત બધાં જાગી ગયાં અને કપડાં અરધાંપરધાં પહેરીને બારીઓ તરફ ધસી ગયાં.

"ચેતવણી? આગ?" તેઓ માંહોમાંહે પૂછવા લાગ્યાં.

અમને બીજા ફ્લેટોમાંથી લોકોની હલચલનો અને બારણાંના ધડધડાટનો અવાજ સંભળાતો હતો. કોઈ ફળિયામાં ઘોડાની લગામ પકડીને દોડતું નીકળ્યું. બુઢ્ઢી માલિકણ દેકારા કરવા લાગી કે દેવળમાં ધાડ પડી છે, પણ માલિકે તેને ચુપ કરાવી દીધી.

"ધીરાં પડો, માડી, જોખમ જેવું કંઈ નથી, એટલું તો સાફ છે."

"તો પછી બિશપ મરી ગયો હશે!.."

વિક્તર પાટિયેથી નીચે ઊતર્યો.

"મને ખબર છે, શું વાત છે, ખબર છે," તે કપડાં પહેરતો ગણગણ્યો.

માલિકે મને મેડામાં જવાનું અને આસમાનમાં ક્યાંય ચળકાટ દેખાતો હોય તો જોઈ આવવાનું કહ્યું. હું દોડતો ઉપર ગયો અને મોટી બારી વાટેથી બહાર ઢળતા છાપરામાં ઊતર્યો. ક્યાંય ચળકાટ દેખાતો નહોતો, પણ મોટા ઘંટના રણકાર ચાલુ હતા, ઠારમાં જકડાયેલી નીરવ હવામાં ગુંજતા હતા. અદૃશ્ય માણસોના દોડતા પગ નીચે દબાતા હિમનો કચર કચર અવાજ

કાને પડતો હતો, અને સરકતી હિમગાડીઓની ચિચિયારીઓ સંભળાતી હતી. મોટા ઘંટનો અવાજ વધારે ને વધારે અમંગળ સંકેતો કરતો હતો. હું પાછો નીચે ગયો.

"આગ તો નથી."

"છટ! હે ભગવાન!" માલિક બોલ્યો. તેણે ઓવરકોટ અને ટોપી પહેરી લીધાં હતાં. કોટનો કૉલર ઊંચો કરીને તે દુવિધામાં પગ રબરના મોટા બૂટમાં ઘાલવાની કોશિશ કરવા લાગ્યો.

"ન જાઓ તો સારું, ન જાઓ!" તેની પત્ની વીનવવા લાગી.

"બકવાટ!"

વિક્તરે પણ ઓવરકોટ અને ટોપી પહેરી લીધાં હતાં, અને તે બધાંને ચીડવવા વારંવાર કહેતો હતો:

"મને ખબર છે, શું વાત છે!"

ભાઈઓ ચાલ્યા ગયા એટલે બાઈઓ મને સમોવાર પેટાવવાનો હુકમ કરીને બારીઓ પાસે ગોઠવાઈ ગઈ, પણ લગભગ તરત માલિકે બહારથી ઘંટડી વગાડી, ચુપચાપ પગથિયાં ચડીને પરસાળનું બારણું ખોલ્યું, અને ઘોઘરા અવાજે જાહેરાત કરી:

"ઝારનું ખૂન થઈ ગયું!"

"ખૂન હોય નહિ!" ડોશી બોલી ઊઠી.

"હા, ખૂન જ! અફસરે વાત કરી, હવે શું થવાનું?"

થોડી વારમાં વિક્તરે ઘંટડી વગાડી અને તે કોટટોપી કાઢતો ચિડિયલ અવાજે બોલ્યો:

"અને મને લાગેલું કે લડાઈ થઈ હશે!"

પછી સૌ ચા પીવા બેસી ગયાં અને દબાતા સાવચેત અવાજે વાતો કરવા લાગ્યાં. બહાર નીરવતા છવાઈ ગઈ હતી, ઘંટના રણકાર બંધ થઈ ગયા હતા. બે દિવસ સુધી લોકો ગુસપુસ કરતા રહ્યા, એકબીજાને ઘેર જતાઆવતા રહ્યા અને આખા કિસ્સાને વિગતવાર દોહરાવતા રહ્યા. મેં સમજવાની સખત મહેનત કરી કે આખર શું બનેલું, પણ માલિક લોકો છાપાં મારાથી છુપાવી રાખતા. મેં સીદોરોવને પૂછ્યું કે ઝારને શા માટે મારી નાખવામાં આવ્યો. તેણે હળવા અવાજે જવાબ આપ્યો:

"એની વાત કરવાની મનાઈ છે..."

આખો મામલો ઝડપથી ભુલાઈ ગયો, રોજિંદી ફિકરચિંતાઓ નીચે ઢંકાઈ ગયો. થોડા વખત પછી મને એકદમ ખોફનાક અનુભવ થયો.

રવિવારનો દિવસ હતો. આખું કુટુંબ સવારની પ્રાર્થનામાં ગયું હતું. હું સમોવાર પેટાવીને ઘરની સફાઈના કામમાં લાગી ગયો હતો. નાનું બચ્ચું રસોડામાં આવ્યું અને સમોવારનો નળ કાઢી લઈને ટેબલ નીચે રમવા લાગ્યું. સમોવારની નળીમાં સળગતા લાલચોળ કોલસા હતા. ઊકળતું પાણી વહેવા લાગ્યું એટલે બધાં રેણ ઓગળી ગયાં. અજબ ઝનૂનથી ધણધણાટ કરતા સમોવારનો અવાજ મને બીજા ઓરડામાં સંભળાયો. હું રસોડામાં ધસી ગયો, અને કાળા પડી ગયેલા તથા જાણે તાવ ચડયો હોય એમ ધ્રૂજતા સમોવારને જોઈને ધાક ખાઈ ગયો. નળ ભરાવવાની નળીનું રેણ ઓગળી ગયું હોવાથી તે જાણે હતાશાની હાલતમાં લટકતી હતી, ઢાંકણું વળી ગયું હતું, ઓગળેલા રેણનાં ટીપાં હાથા નીચેથી ટપકતાં હતાં, અને ભૂરો-કાળો સમોવાર જાણે નશામાં ચકચુર હોય એવો લાગતો હતો. મેં તેની ઉપર ટાઢું પાણી રેડયું એટલે તે ફૂંકારા કરતો ગમગીન હાલતમાં ભોંયે ઢળી પડયો.

બરાબર એ જ ઘડીએ ઘંટડીનો રણકાર થયો. મેં બારણું ખોલ્યું. ડોશીનો પહેલો સવાલ એવો હતો કે સમોવારમાં પાણી ઊકળ્યું છે કે નહિ.

"હા, ઊકળી ગયું છે," મેં ટૂંકો જવાબ આપ્યો.

બેશક બીક અને શરમને લીધે આપવામાં આવેલા એવા જવાબને રમૂજ પેદા કરવાની અજુગતી કોશિશ તરીકે ગણી લેવામાં આવ્યો અને તેને લક્ષમાં રાખીને સજા વધારી દેવામાં આવી. મારાં હાડકાં ખોખરાં કરવામાં આવ્યાં. ડોશીએ મને પાઈનના ઝાડની ડાળખીઓની ઝૂડી વડે માર્યો. તેમાં મને બહુ પીડા ન થઈ, પણ પાર વગરની અણીદાર સળીઓ મારાં અંગોમાં ભરાઈ ગઈ. સાંજ સુધીમાં મારી પીઠ સૂજીને તકિયા જેવી થઈ ગઈ, અને બીજે દિવસે બપોરે મને દવાખાને લઈ જવો પડયો.

હસવું આવી જાય એટલા બધા ઊંચા અને પાતળા ડૉકટરે મને તપાસીને ઊંડા સ્વસ્થ અવાજે કહ્યું:

"નિર્દયતાની સાબિતીનો સત્તાવાર કાગળ બનાવવો પડશે."

માલિકનો ચહેરો રાતો થઈ ગયો. તે પગ આઘાપાછા કરવા અને ડૉકટરને કંઈક કહેવા લાગ્યો, પણ ડૉકટરે નજર તેના માથા ઉપરથી આઘે નાખતાં તોછડાઈથી પરખાવી દીધું:

"એમ કરાય જ નહિ, એવો કોઈ હક નથી."

પછી તે મારી તરફ ફરીને બોલ્યો:

"તારે ફરિયાદ લખાવવી છે?"

મને પીઠમાં એટલી સખત પીડા થતી હતી કે હું ફક્ત આટલું જ બોલ્યો:

"ના, ઝટ ઈલાજ કરો..."

મને બીજા ઓરડામાં લઈ ગયા અને ત્યાં ટેબલ ઉપર સુવડાવી દીધો. પછી ડૉક્ટર કોઈ મજેદાર ઠંડા ચીપિયા વડે સળીઓ ખેંચી કાઢવા લાગ્યો અને ભેગો ટોળ કરતો રહ્યો:

"સરસ મઝાનું કેળવી દીધું છે, તારા ચામડાને, હવે ભીનું ક્યારેય નહિ થાય, ભઈલા!"

કામ પતાવી લીધા પછી તે મને અસહ્ય ગલીપચી કરતો બોલ્યો:

"સાંભળ, ભઈલા, બેતાળીસ સળીઓ ખેંચી કાઢી છે! ભાઈબંધોની પાસે શેખી મારવી હોય તો મોકો છે! કાલે આ જ વખતે પાટો બદલાવવા આવજે. બહુ વાર મારે છે?"

"અગાઉ આનાથીયે વધારે વાર માર ખાવો પડતો," મેં જરાક વિચાર કરીને જવાબ આપ્યો.

ડૉક્ટર ઊંડા અવાજે હસી પડયો. "બધું બહેતર જ થતું હોય છે, ભઈલા, બહેતર જ!" તેણે મને પાછો માલિક પાસે પહોંચાડીને તેને કહ્યું:

"લો, નવા જેવો કરી દીધો છે. કાલે ફરી મોકલજો, પાટો બદલાવી દઈશું. તમે નસીબદાર છો કે આને રમૂજ કરતાં આવડે છે."

અમે ઘોડાગાડીમાં બેસીને પાછા જતા હતા ત્યારે માલિકે મને કહ્યું:

"મનેય માર પડતો, પેશકોવ. એનું શું થાય? અને કેવો મારતા, ભાઈ રે ભાઈ! તારી દયા ખાનારો તો હું છું, પણ મારી દયા ખાનારું કોઈ નહોતું. કોઈ જ નહિ. ચોમેર લોકોનાં ધાડાં હોય, પણ એકેય હરામજાદો દયા ન બતાવે! હેં! ગાજતાં મરઘડાં!"

પૂરી સફર દરમિયાન તે એમ જ બબડતો રહ્યો. મને તેની દયા આવી, અને મારી જોડે એટલી ભલમનસાઈથી વાત કરવા બદલ અહેસાનની લાગણી થઈ. અમે ઘેર પહોંચ્યા ત્યારે મને કોઈ વિજેતા શૂરવીરના જેવો આવકાર મળ્યો. બાઈઓ મારી પાસેથી વાત કરાવતી રહી કે ડૉક્ટરે સળીઓ કેવી રીતે ખેંચી કાઢેલી અને શું શું કહેલું. તેઓ મારી કથનીમાં વચ્ચે વચ્ચે

આહ અને વાહના અવાજો કરતી રહેતી, હોઠ બુચકારતી રહેતી, અને કરપીણ વિગતો સાંભળીને ભવાં ચડાવતી રહેતી. બીમારી તથા પીડામાં તથા જાતજાતની નાખુશીઓમાં તેમની રોગિષ્ઠ દિલચસ્પી જોઈને હું હેરતમાં ગરકાવ થઈ જતો.

મેં જોયું કે તેમની વિરુદ્ધ ફરિયાદ નોંધવવાના મારા ઇનકારથી બેઉ બાઈઓ બહુ રાજીરાજી થઈ ગઈ છે, એટલે મેં કારીગરની વહુ પાસેથી પુસ્તકો વાંચવા લાવવાની પરવાનગી માગી. એવા સંજોગોમાં તેમનાથી ના તો પડાય એમ જ નહોતી, પણ ડોશી અચરજમાં બોલી ઊઠી:

"ખરો શયતાન છો તું!"

બીજે દિવસે હું કારીગરની વહુ સામે ઊભો ઊભો તેના બોલ સાંભળતો હતો:

"પણ મને તો એમ કીધું કે તું માંદો પડી ગયો છો અને તને હૉસ્પિટલમાં મોકલવો પડયો છે! જો તો ખરો, અફવાઓ કેવી ખોટી હોય છે!"

મેં વાતને રદિયો ન આપ્યો. સાચું કહી દેવામાં મને શરમ આવી. એકદમ ગમારપણાની અને ગમગીન વાત જણાવીને તેના દિલને ધક્કો શું કરવા પહોંચાડવો? તે બીજા લોકો જેવી નહોતી એટલે મને મનમાં ખુશી થતી હતી.

હું વડીલ ખૂમાના, પોન્સીન દે તેરેઇલના, મોન્તેપીંના, ઝાકોન્નેના, ગાબોરિઓના, એમારના, અને બુઆગોબેના જાડા ગ્રંથો વાંચવા લાગ્યો. મેં એ પુસ્તકો એક પછી એક ઝડપથી વાંચી નાખ્યાં. બહુ મઝા પડી. મને લાગ્યું કે હું કોઈ અસાધારણ જીવનનો એક ભાગ છું. [illegible] મારા મનમાં મીઠી ઊર્મિઓ ઉછાળા મારવા લાગી અને મારી હસ્તીમાં જાણે નવી શક્તિ રેડાઈ ગઈ. મારો હાથબનાવટનો દીવો ફરી ધુમાડાની સેરો છોડવા લાગ્યો. હું આખી રાત વાંચતો રહેતો, વાંચતાં વાંચતાં પરોઢ થઈ જતું. મારી આંખો સૂજી જતી. બુઢ્ઢી માલિકણ ઝેરીલી ખુશીના તાનમાં કહેતી:

"અરે, ચોપડીના કીડા, જોજે તો ખરો, તારા ડોળા ફાટી જવાના, આંધળો થઈ જવાનો!"

બહુ થોડા વખતમાં મારા ધ્યાનમાં આવી ગયું કે એ બધાં રસપ્રદ પુસ્તકોમાં કથાવસ્તુનું વૈવિધ્ય અને સ્થળસમયના તફાવતો હોવા છતાં એકની એક જ વાત કહેવામાં આવતી હતી: સારા લોકો હંમેશાં દુખી હોય છે,

નઠારા લોકો તેમને રંજાડતા હોય છે; નઠારા લોકો સારા લોકોથી હંમેશાં વધારે નસીબદાર અને ચાલાક હોય છે, પણ આખરે કોઈ અગમ્ય બાબત અનિષ્ટની ઉપર ફતેહ હાંસલ કરી લે છે અને સદ્ગુણ અનિવાર્ય રીતે વિજયી બને છે. "પ્રેમ" વિશે પુરુષો અને સ્ત્રીઓના એકસરખા શબ્દો વાંચીને હું સાવ કંટાળી ગયો. એક જ ઘરેડનાં એવાં બયાનો કંટાળાજનક હોવા ઉપરાંત મનમાં ઝાંખાપાંખા સંદેહો પેદા કરતાં હતાં.

ક્યારેક હું થોડાંક પાનાં વાંચીને અટકળ કરવા લાગતો કે અંતમાં કોનો વિજય અને કોનો પરાજય થશે, કથાવસ્તુનો કોયડો રજૂ થઈ જાય એટલે તેને ઉકેલવાની મથામણ કરવા લાગતો. પુસ્તક બાજુએ મૂકી દેતો અને કોયડો જાણે ગણિતનો દાખલો હોય એવી રીતે તેને વિશે વિચાર કરવા લાગતો. કયાં પાત્રો સ્વર્ગમાં જવાનાં, અને કયાં પાત્રો નર્કમાં જવાનાં, તેને વિશેના મારા ઉકેલો લગાતાર વધારે ને વધારે દાખલાઓમાં સાચા નીકળતા.

એ બધું તો હતું, પણ વધુમાં મારે માટે અપાર મહત્ત્વની એક હકીકત મારી ચેતનામાં અંકિત થઈ ગઈ. મને બીજી જાતના જીવનની અને તેની અંદરના સાવ જુદા જ સંબંધોની રૂપરેખા જોવા મળી. મારા મનમાં વાત સાફ થઈ ગઈ કે પૅરિસના કોચવાનો, કામદારો, સિપાહીઓ, તથા "કચરા" જેવાં બીજાં બધાં માણસો નીઝની-નોવગોરદનાં, કઝાનનાં, તથા પેર્મનાં એવાં માણસોને મળતાં નહોતાં આવતાં, તેઓ ભદ્ર લોકોની સાથે વધારે હિંમતથી વાત કરતાં, તેમની હાજરીમાં વધારે સ્વાભાવિક અને સ્વતંત્ર વર્તન કરતાં, સિપાહીને જુઓ તો તે મારા ઓળખીતા એક પણ સિપાહીને મળતો નહોતો આવતો, સીદોરોવને નહિ, આગબોટના સિપાહીને નહિ, અને યેર્મોખિનને પણ નહિ, તેમની સરખામણીમાં તે વધારે પ્રમાણમાં માનવહસ્તી હતો. તે સ્મૂરીય સાથે વધારે સમાનતા ધરાવતો હતો, પરંતુ તેનાથી ઓછો અણઘડ અને પાશવી હતો. કે પછી દુકાનદારની વાત. ત્યાંનો દુકાનદાર મારા ઓળખીતા કોઈ પણ દુકાનદારથી બહેતર હતો. વળી પુસ્તકોના પાદરીઓ મારી જાણના પાદરીઓ જેવા નહોતા. તેઓ લોકો તરફ વધારે હેત અને હમદર્દી બતાવતા. બધી રીતે જોતાં, પુસ્તકોમાં આલેખવામાં આવેલી પરદેશોની જિંદગી મારી જાણની જિંદગીથી બહેતર, વધારે સરળ, અને વધારે રસપ્રદ હતી. વિદેશોમાં લોકો અહીંના જેટલી વાર અને એટલી પાશવી રીતે લડતા નહિ, આગબોટમાં સિપાહીની જોડે

જેવો ઝેરીલો ખેલ ખેલવામાં આવ્યો હતો એવું કરતા નહિ, અને ઈશ્વરની પ્રાર્થનામાં મારી બુઢ્ઢી માલિકણ જેટલી કીનાખોરી ન ભરી દેતા.

એક વાતે મારું ખાસ ધ્યાન ખેંચેલું. પુસ્તકોમાં નઠારાં પાત્રોના આલેખનમાં, અધમ અને લાલચુ સ્વભાવના લોકોના ચિત્રણમાં, તેમને અગમ્ય ક્રૂરતા અને બીજા લોકોની હાંસી ઉડાડવાની અદમ્ય ધૂન ધરાવતાં માણસો તરીકે, મને જાણીતાં લક્ષણો ધરાવતાં માણસો તરીકે, નહોતાં બતાવવામાં આવતાં. પુસ્તકોનાં નઠારાં પાત્રો વ્યવહારમાં ક્રૂર હતાં, તેમની ક્રૂરતા લગભગ હંમેશાં સમજાય એવી હતી. મેં તો નિરર્થક અને નિરુદ્દેશ ક્રૂરતા, ખાલી રમૂજને ખાતર ક્રૂરતા, કશા હેતુ વગરની ક્રૂરતા, જોઈ હતી.

દરેક નવું પુસ્તક વાંચતી વેળા રશિયાની જિંદગી અને બીજા દેશોની જિંદગી વચ્ચેનો તફાવત એકદમ સાફ નજર સામે આવી જતો, એથી મારા મનમાં અસ્પષ્ટ અસંતોષની લાગણી પેદા થતી અને એવો સંદેહ વધી જતો કે એ બહુ વંચાયેલાં અને પીળાં પડી ગયેલાં પૃષ્ઠોમાં પૂરું સત્ય કદાચ ન હોય.

પછી ગોનકૂરની નવલકથા 'ઝેમગાન્નો બંધુઓ' મારા હાથમાં આવી. મેં તેને એક જ રાતમાં વાંચી નાખી, અને એ સાદી ગમગીન કહાણીની નવીનતાથી વિસ્મય પામીને તેને ફરી વાંચવાનું શરૂ કર્યું. તેમાં જટિલ કથાવસ્તુ નહોતું, છીછરાં આકર્ષણો નહોતાં, શરૂઆતમાં તો સંતોની જીવનકથાઓ જેવી જ શુષ્ક અને ગંભીર પણ લાગેલી. એકદમ ચોક્કસ અને અલંકારો વગરની ભાષા વાંચતી વેળા પહેલાં તો મને નિરાશા થયેલી, પરંતુ ટૂંકા ટૂંકા શબ્દો અને સબળ વાક્યો સીધાં મારા હૈયામાં ઊતરી ગયાં, અને બજાણિયા ભાઈઓની નાટ્યાત્મક કહાણીનું એટલું પ્રતીતિજનક આલેખન રજૂ થયું કે હું ખુશીના આવેગમાં ધ્રૂજી ઊઠયો. ભાંગી ગયેલા પગવાળો બિચારો બજાણિયો મેડા ઉપર ગયો, ત્યાં તેનો ભાઈ છાની રીતે તેમના પ્યારા કસબનો મહાવરો કરી રહ્યો હતો, એ પ્રસંગ વાંચતી વેળા હું એટલું બધું રડેલો કે મને મારું દિલ જોતજોતામાં ફાટી જવાની દહેશત લાગેલી.

મેં એ પુસ્તક કારીગરની વહુને પાછું આપતી વેળા એવું જ બીજું કોઈ પુસ્તક આપવાની માગણી કરી.

"એવું જ એટલે કેવું?" તેણે હસતાં હસતાં સવાલ કર્યો.

તેને હસતી જોઈને મને અકળામણ થઈ, અને હું મારો આશય સમજાવી ન શક્યો એટલે તેણે કહ્યું:

"એ તો કંટાળો ઉપજાવે એવું છે. જરાક ખમી જા, એનાથી બહેતર પુસ્તક ગોતીને આપીશ તને, વધારે મઝા પડે એવું..."

થોડા દિવસ પછી તેણે મને ગ્રીનવૂડની 'નાનકા ચીંથરિયાની સાચી કહાણી' વાંચવા આપી. પુસ્તકનું નામ વાંચીને મારા મનમાં પોતાનો જ ખ્યાલ ઝબકી જતાં હું આંચકો ખાઈ ગયો, પરંતુ પહેલું જ પાનું વાંચતાં મારા હોઠ ખુશીમાં મલકી ગયા અને છેલ્લા પાના સુધી મલકતા રહ્યા. મેં કેટલાક ફકરાઓ તો બબ્બે અને ત્રણ ત્રણ વાર વાંચ્યા.

તો પરદેશમાં પણ નાના છોકરાઓની જિંદગી મુશ્કેલ હોઈ શકે! સરખામણી કરતાં મારી જિંદગી મને વધારે આસાન લાગી, અને તેનો મતલબ એવો કે હિંમત હારી જવાનું કશું જ કારણ નહોતું.

ગ્રીનવૂડના પુસ્તકમાંથી મને બહુ પ્રોત્સાહન મળ્યું. થોડા વખત પછી મને ખરેખરું "કામનું" પુસ્તક મળી ગયું: 'યુજેની ગ્રાન્દે'.

ઘરડા આદમી ગ્રાન્દેએ મારા મનમાં નાનાની યાદ એકદમ સાફ રૂપમાં તાજી કરાવી દીધી. મને અફસોસ થયો કે પુસ્તક બહુ નાનું હતું, અને તેમાં સમાયેલું સત્ય જોઈને હું વિસ્મયમાં ગરકાવ થઈ ગયો. જિંદગીએ મને એ સત્ય બહુ સારી રીતે સમજાવી દીધું હતું, પરંતુ પુસ્તકમાં તે નવા પ્રકાશમાં, સ્વસ્થ અને આવેશરહિત નિરીક્ષણના પ્રકાશમાં, પ્રગટ થયું. મેં જે જે લેખકોને વાંચ્યા હતા તેમાંથી ગોનકૂર સિવાયના બધા બરાબર મારા માલિકોની જેમ જ કરડી રીતે અને જોરશોરથી લોકોને વિશે ફેંસલા કરી લેતા, ઘણી વાર તો વાચકના દિલમાં દુષ્ટ પાત્ર તરફ હમદર્દી પેદા કરતા અને સદ્‌ગુણી પાત્રોના સંબંધમાં તેની ધીરજને ખતમ કરી નાખતા. મને હંમેશાં એવું જોઈને સંતાપ થતો કે માણસ ગમે એટલા વિચાર અને જહેમતો કરે તોપણ એ જ સદ્‌ગુણી લોકોને લીધે તેની કોશિશો હંમેશાં નાકામયાબ બની જતી, એ લોકો પહેલા પાનાથી છેલ્લા પાના સુધી પથ્થરની અડગ દીવાલની જેમ તેનો માર્ગ રોકીને ખડા રહેતા. બદીનાં બૂરાં કરતૂતો એ દીવાલની જોડે ટકરાઈને ચોક્કસ ભુક્કેભુક્કા થઈ જાય, પરંતુ પથ્થર કંઈ કોઈના મનમાં અનુરાગ પેદા કરી શકે એવી વસ્તુ નથી. દીવાલ ભલે ગમે એટલી મજબૂત અને સુંદર હોય, પણ માણસની મુરાદ તેની પાર ઊગેલાં સફરજન સુધી પહોંચવાની હોય તો તેને દીવાલના પથ્થરોનાં વખાણ કરવાનું મન ન જ થાય. અને મને હંમેશાં લાગતું કે સૌથી વધારે સાચું તેમ જ

સૌથી વધારે મહત્ત્વનું જે કંઈ છે તે પેલા સદ્‌ગુણી લોકોની પાછળ છુપાઈને પડેલું છે.

ગોનકૂર, ગ્રીનવૂડ, અને બાલઝાકની કૃતિઓમાં દુષ્ટ પાત્રો પણ નહોતાં અને સારાં પાત્રો પણ નહોતાં, ખાલી સાદા લોકો હતા, જીવનનું અદ્‌ભુત જોમ ધરાવતા ઇન્સાનો હતા. તેઓ જે કંઈ કહેતા અને કરતા તે બધું એવી જ રીતે કહેવાતું અને કરાતું હતું, તેને બીજી કોઈ રીતે કહેવાનું કે કરવાનું શક્ય જ નહોતું, એ બાબતમાં કોઈથી કશી શંકા થઈ શકે એમ નહોતી.

એ રીતે હું "સારું પુસ્તક, કામનું પુસ્તક" વાંચવાની પારાવાર ખુશી માણતાં શીખ્યો. પરંતુ એવાં પુસ્તકો મેળવવાં કેવી રીતે? કારીગરની વહુ તેમાં મદદ ન કરી શકી.

"જો, આ થોડાંક પુસ્તકો સારાં છે," તેણે કહ્યું, અને મને બેલો, પૉલ્ દે કોક, તથા પૉલ ફેવાલની નવલકથાઓની સાથે આર્સેન હૂસ્સેનું પુસ્તક 'ગુલાબ, સુવર્ણ, અને લોહીના ખોબા' નામે પુસ્તક બતાવ્યું. પરંતુ હવે મને એવાં પુસ્તકો વાંચવામાં મહેનત કરવી પડતી.

તેને મારીએત અને વેર્નેરની નવલકથાઓ ગમતી, મને એવાં પુસ્તકો વાંચવામાં કંટાળો આવતો. મને શ્પીલહાગેનની કૃતિઓ પણ ન ગમતી, પરંતુ આઉએરબાખની વાર્તાઓ વાંચવામાં મને બેહદ મઝા પડતી. મને સ્યૂ અને હ્યુગોની સરખામણીમાં સર વૉલ્ટર સ્કૉટનાં પુસ્તકો વધારે ગમતાં. મારે તો એવાં પુસ્તકો જોઈતાં હતાં કે જે મારા દિલમાં લાગણીઓના ઉછાળા પેદા કરે અને મારા મનને ખુશ કરી દે, અદ્‌ભુત લેખક બાલઝાકની કૃતિઓ જેવાં. હવે તો ચીની ઢીંગલી જેવી બાઈ પણ મને ઓછી ગમતી.

હું જ્યારે જ્યારે તેની પાસે જાઉં ત્યારે સાફ ખમીસ પહેરી લેતો, વાળ ઓળી લેતો, મારો દેખાવ સુઘડ રાખવાની પૂરી કોશિશ કરતો. હું તેમાં સફળ થતો કે નહિ એ વિશે મને શંકા છે, પણ હું આશા રાખતો કે મારી સુઘડતા જોઈને તે મારી જોડે વધારે સાદી અને મિલનસાર રીતે, એકદમ સાફ ચહેરાના તકલાદી મલકાટ વગર, વાત કરશે. મને હંમેશાં લાગતું કે તે એવો સાફ ચહેરો જાણે પ્રસંગ માટે ખાસ પહેરી લેતી. પરંતુ તે ચોક્કસ મોં મલકાવતી અને મીઠા પણ થાકેલા લાગતા અવાજે પૂછતી:

"ચોપડી વાંચી લીધી? ગમી?"

"ના."

તે સુંદર ભવાં જરાક ઊંચા કરીને નિસાસો નાખતી અને હવે મને જાણીતા નાકોરિયા અવાજે બોલતી:

"કેમ?"

"આને વિશે તો મેં અગાઉ વાંચી લીધું છે."

"શાને વિશે?"

"પ્રેમને વિશે."

તે ભવાં ઊંચાં કરી દેતી અને બનાવટી રીતે હસી પડતી.

"ભલા ભગવાન! પણ બધી ચોપડીઓમાં પ્રેમને વિશે જ લખેલું હોય છે!"

મોટી આરામખુરશીમાં બેઠીબેઠી તે ફરની મોજડીઓવાળા નાનકડા પગ ઊંચાનીચા કરતી, બગાસાં ખાતી, નીલા ડ્રેસીંગ-ગાઉનને ખભાઓ ફરતે વધારે કસીને લપેટતી, અને ખોળામાં પડેલા પુસ્તકની બાંધણી ઉપર આંગળીઓનાં ગુલાબી ટેરવાં વડે ટપટપ કરતી રહેતી.

મને કહેવાનું મન થતું:

"ઘર કેમ નથી બદલાવી નાખતાં? અફસરો હજી તમને ચિઠ્ઠીઓ લખે છે અને તમારી ઠેકડી ઉડાડે છે."

પણ મારા વિચારો બોલી નાખવાની હિંમત હું ન કરી શકતો, અને "પ્રેમ" વિશે બીજો કોઈ જાડો ગ્રંથ લઈને તેમ જ દિલમાં નિરાશા ભરીને ત્યાંથી પાછો આવતો રહેતો.

ફળિયામાં એ બાઈ વિશેની વાતો વધારે હાંસીભરી અને ઝેરીલી બનતી ગઈ. વાતો બેશક ખોટી હતી, અને એવા ગલીચ લવારા સાંભળતી વેળા મને દિલમાં પીડા થતી. હું તેની ભેગો ન હોઉં ત્યારે મને તેની દયા આવતી અને તેના સંબંધમાં જાણે બીક લાગતી. પરંતુ જ્યારે તેની પાસે હોઉં ત્યારે તેની ચકોર આંખો, નાનકડી કાયાની બિલાડી જેવી મોહકતા, અને હંમેશાં જાણે "મેળાવડા" માટે તૈયાર કરેલો ચહેરો જોતાં જ મારા મનમાંથી દયા અને બીક ધુમ્મસની જેમ ઓસરી જતી.

વસંતના દિવસોમાં તે એકાએક ક્યાંક ચાલી ગઈ, અને થોડા દિવસ પછી તેનો પતિ બીજે ઠેકાણે રહેવા ગયો.

તેમનો ફ્લેટ ખાલી પડયો હતો ત્યારે હું જોવા ગયેલો. દીવાલોમાં વાંકી ખીલીઓ, ખીલીઓના કાણાં, અને ચિત્રોની જગ્યાએ બેરંગ ધાબાં નજરે પડતાં હતાં. રંગેલા ભોંયપટ ઉપર કાગળો, રંગબેરંગી કાપડના કકડાઓ,

દવાની ગોળીઓની ખાલી ડબીઓ, અને અત્તરની ખાલી શીશીઓ વેરવિખેર પડી હતી. એવા કચરામાં પિત્તળની મોટી પિન ચળકારા મારતી હતી.

મારું મન ઉદાસ થઈ ગયું. કારીગરની નાનકડી વહુને ફરી વાર જોવાની અને મારી અહેસાનની લાગણીની વાત તેને કરવાની ઝંખના મારા દિલમાં પેદા થઈ.

૧૦

કારીગર અને તેની પત્ની જતાં રહ્યાં તે પહેલાં જ અમારી નીચેના ફ્લૅટમાં કાળી આંખોવાળી એક બાઈ રહેવા આવી હતી. તેના ભેગી નાનકડી દીકરી અને મા હતી. ધોળા વાળવાળી ડોશી ઍમ્બરની નળીમાં સિગરેટ ભરાવીને લગાતાર ધુમાડા કાઢતી રહેતી. જુવાન બાઈ બહુ દેખાવડી હતી અને ગુમાની તથા મિજાજી પણ હતી. તેનો અવાજ ઊંડો અને ગમી જાય એવો હતો. તેને લોકોની સાથે વાત કરતી વેળા માથું પાછળ ફંગોળવાની અને આંખો સંકોડી દેવાની ટેવ હતી, જાણે કેમ સામું માણસ બહુ—દૂર હોય અને સાફ દેખાતું ન હોય. તેનો સિપાહી-નોકર તુફાયેવ લગભગ દરરોજ બદામી રંગના અને પાતળા પગવાળા ઘોડાને દોરીને ફ્લૅટની ઓટલી પાસે લઈ આવતો, અને બાઈ ઘોડેસવારીનો મખમલનો લાંબો અને ચમકતો રાખોડી પોશાક, ધોળા અને લાબા દસ્તાના, તથા બદામી બૂટ પહેરીને બહાર આવતી. તે એક હાથમાં પોશાકનો લાંબો છેડો અને યાકૂત જડેલો ચાબુક પકડી રાખતી, અને બીજા હાથ વડે ઘોડાનું નાક પંપાળતી. જનાવર મોઢું ફાડીને દાંત ઉઘાડા કરી દેતું, ડોળા ગોળગોળ ફેરવતું. અને કઠણ જમીનને પગ વડે ખોતરવા લાગતું, ઉત્તેજનાને લીધે તેની આખી કાયા ફરકવા લાગતી.

"રૉબી... રૉબી..." બાઈ ઘોડાની સરસ મહેરાબ જેવી ગરદનને થાબડતી ધીમા અવાજે ગણગણતી.

પછી તુફાયેવના ગોઠણ ઉપર પગ મૂકીને તે હળવો ઠેકડો મારતી જીનમાં ગોઠવાઈ જતી અને ઘોડાને બંધની લંબાઈએ વહેતો મૂકી દેતી. તે ઘોડાને એવી રીતે પલાણતી કે જાણે જીનમાં જ જન્મી હોય.

તે એવા વિરલ રૂપે રૂપાળી હતી કે જે સદા નવલું અને અજોડ લાગતું હોય છે, હંમેશાં દિલમાં માદક ખુશી છલકાવી દેતું હોય છે. તેને નીરખતો નીરખતો હું વિચારમાં ડૂબી જતો કે દિઆના દે પુઆતિયે, રાણી માર્ગો,

લા વાલિયેર, અને ઐતિહાસિક નવલકથાઓની બીજી મોહક નાયિકાઓનું રૂપ આવું જ હશે.

અમારા શહેરમાં ગોઠવવામાં આવેલી ડિવિઝનના અફસરો લગાતાર તેની ફરતે ચકરાવા લેતા રહેતા, સાંજે તેને ઘેર પહોંચી જઈને પિયાનો, વાયોલિન, તથા ગિટાર વગાડતા, ગીતો ગાતા, અને નાચ કરતા. ટૂંકા નાના પગવાળો મેજર ઓલેસોવ તેની સામે ઊછળકૂદ કરવામાં બીજા સૌને ટપી જતો. જાડિયા આદમીને ધોળા વાળ હતા, અને તેનો રાતો ચહેરો તેલીના જેવો ચીકણો રહેતો. તે ગિટાર સરસ વગાડતો અને જુવાન ઓરતના રાંકડા તાબેદાર નોકર જેવું વર્તન કરતો.

બાઈની રાતીમાતી અને વાંકડિયાં જુલફાંવાળી પાંચ વરસની દીકરી પણ મા જેવી જ રૂપાળી હતી, રૂપનાં તેજ રેલાવતી રહેતી. તેની મોટી મોટી નીલી આંખોની નજરમાં સ્વસ્થતા, ગંભીરતા, અને જાણે કશીક અપેક્ષા ભરેલી રહેતી. તેની ગંભીરતામાં બાળકોથી નિરાળું કશુંક હોય એમ લાગતું.

નાનીમા સવારથી લઈને સાંજ સુધી ઘરના કામકાજમાં મશગૂલ રહેતી. અતડો અને મૂંગા જેવો તુફાયેવ તથા ગોળમટોળ અને ફાંગી નોકરાણી તેને મદદ કરતાં રહેતાં. બાળકી માટે આયા નહોતી, તે મોટે ભાગે તો કોઈ જાતની દેખરેખ વગર ઊછરતી હતી, આખો દિવસ કાં તો વરંડામાં અથવા તેની સામે લાકડાંના ખડકલા ઉપર રમતી રહેતી. હું ઘણી વાર સાંજે તેની જોડે રમવા જતો. મને તે બહુ વહાલી લાગવા માંડી. તેને પણ થોડા વખતમાં મારી સાથે માયા બંધાઈ ગઈ. હું તેને વાર્તાઓ કહેતો અને તે મારા ખોળામાં ઊંઘી જતી. તે નીંદરમાં હોય ત્યારે હું તેને તેડીને અંદર લઈ જતો અને પથારીમાં સુવડાવી દેતો. થોડા દિવસોમાં હાલત એવી થઈ ગઈ કે હું રાતના દુવાસલામ માટે ન જાઉં તો તે સૂવાનો ઇનકાર કરી દેતી. હું તેના ખંડમાં દાખલ થઉં કે તરત તે રાતોમાતો નાનકડો હાથ મોટપના ભાવે લંબાવીને કહેતી:

"આવજે! કાલ સુધી સલામ! નાનીમા, બીજું શું કહું?"

"ઈશ્વર તને સલામત રાખે..." નાનીમા દાંત અને નાક વાટેથી ધુમાડાની પાતળી સેરો કાઢતી જવાબ દેતી.

"ઈશ્વર તને કાલ સુધી સલામત રાખે, હવે હું સૂઈ જાઉં છું..." બાળકી ઝાલરદાર રજાઈમાં ભરાઈ જતી નાનીમાના બોલ દોહરાવતી.

“કાલ સુધી નહિ, હંમેશાં...” નાનીમા સુધારો કરતી.

“કાલ એટલે હંમેશાં નહિ?”

તેને “કાલ” શબ્દ બહુ ગમતો, અને તે બધી બાબતો ભવિષ્યને હવાલે કરી દેતી. ફૂલોના ગુચ્છાને અથવા થોડાંક ડાંખળાંને જમીનમાં ખૂંતાડીને તે કહેતી:

“કાલે આનો બગીચો બની જશે.”

“કાલે હું ઘોડો ખરીદવાની, અને માની જેમ ઘોડેસવારી કરવા જવાની...”

બાળકી ચતુર હતી, પણ તેનામાં જોમ બહુ ઝાઝું નહોતું. ઘણી વાર તે રમતી રમતી અધવચ્ચે ગમગીન બની જતી અને અણધાર્યો સવાલ પૂછતી:

“પાદરીઓને બાઈઓના જેવા વાળ કેમ હોય છે?”

એક વાર તેને આગિયાનાં પાંદડાં અડી જવાથી બળતરા થઈ એટલે તેણે છોડની સામે આંગળી હલાવીને ચેતવણી આપી:

“ધ્યાન રાખજે, નહિતર હું ભગવાનને પ્રાર્થના કરીશ તો એ તારી બૂરી વલે કરી નાખશે! એ તો કોઈનીયે બૂરી વલે કરી શકે, માની પણ...”

ક્યારેક તે ગંભીર ગમગીનીમાં સરી પડતી, મને વધારે દબાતી લપાઈને નીલી તલસાટભરી આંખો આકાશમાં માંડી દેતી અને કહેતી:

“નાનીમા ક્યારેક ધખે છે, પણ મા ક્યારેય નથી ધખતી, ખાલી હસતી જ રહે છે. મા સૌને વહાલી લાગે છે કેમ કે એને ક્યારેય વખત હોતો જ નથી કેમ કે લોકો લગાતાર એને મળવા આવતા રહે છે અને એને નીરખતા રહે છે કેમ કે બહુ રૂપાળી છે. મા બહુ મઝાની છે. ઓલેસોવ એમ જ કહેતો રહે છે: મઝાની મા!”

મને અજાણી દુનિયાનું વર્ણન બાળકીના હોઠેથી સાંભળીને હું બહુ ખુશ થઈ જતો. તે માની વાત ઊંડા ઉત્સાહથી કરતી, એથી મારી સામે જાણે નવું જીવન પ્રગટ થઈ જતું, મને રાણી માર્ગોની કહાણી પાછી યાદ આવી જતી. એટલે પુસ્તકોમાં મારી નિષ્ઠા અને આસપાસની ઘટનાઓમાં મારી દિલચસ્પી વધી ગઈ.

એક વાર સાંજે માલિક લોકો ફરવા ગયાં હતાં, હું બેઠોબેઠો તેમની વાટ જોતો હતો, બાળકી મારા ખોળામાં ઝોકાં ખાતી હતી, એટલામાં તેની ઘોડેસવાર મા આવી પહોંચી, અને હળવો ઠેકડો મારીને જીનમાંથી નીચે ઊતરતાં તેણે માથું પાછળ ફંગોળીને સવાલ કર્યો:

"ઊંઘી ગઈ છે?"

"હા."

"સાચેસાચ?"

સિપાહી તુફાયેવ દોડતો આવીને ઘોડાને લઈ ગયો. જુવાન બાઈએ સવારીનો ચાબુક પટ્ટામાં ભરાવીને હાથ લંબાવતાં મને કહ્યું:

"લાવ, મારા હાથમાં દે!"

"હું જ તેડીને લઈ જાઉં છું!"

"ના, તું નહિ!" બાઈએ બરાડો પાડયો, અને હું જાણે તેનો ઘોડો હોઉં એમ મારી સામે પગ પછાડયો.

નાનકડી બાળકી જાગી ગઈ અને આંખો ઉઘાડબંધ કરવા લાગી. મા નજરે પડતાં તેણે પણ હાથ લંબાવી દીધા. માદીકરી અંદર ચાલ્યાં ગયાં.

મને બરાડા સાંભળવાની ટેવ હતી, પણ આ બાઈ બરાડા પાડતી હોય એવી જાણકારીથી મને ખાસ નાખુશી થઈ. તે ભલે ગમે એટલા હળવા અવાજે બોલે તોપણ દરેક માણસ તેના ફરમાનનો અમલ તરત કરે જ.

થોડી વારમાં ફાંગી નોકરાણી મને બોલાવવા આવી. મને રાતના દુવાસલામ કર્યા વગર સૂઈ જવાની બાળકીએ હઠીલાઈથી ના પાડી દીધી હતી.

હું દીવાનખાનામાં દાખલ થયો ત્યારે મારા મનમાં ગર્વની લાગણી હતી. જુવાન બાઈ દીકરીને ખોળામાં લઈને બેઠી હતી અને ઝડપથી તેનાં કપડાં બદલાવી રહી હતી.

"લે, આ રહ્યો, આવી ગયો, તારો રાક્ષસ!" તેણે કહ્યું.

"રાક્ષસ નથી, ભેરુબંધ છે, મારી ભેગો રમે છે."

"ખરેખર? બહુ સારું. તારા ભેરુબંધને કંઈક ભેટ આપીએ, આપશું ને?"

"હા, હા, જરૂર આપીએ!"

"ઠીક, તું દોડીને પથારી ભેગી થઈ જા, હું આપું છું એને કંઈક..."

"કાલ સુધી સલામ..." નાનકડી બાળકી હાથ લંબાવતી બોલી. "ઈશ્વર તને કાલ સુધી સલામત રાખે..."

"આ વળી કોણે શીખવ્યું તને?" મા અચરજમાં બોલી ઊઠી. "નાનીમાએ?"

"હા."

બાળકી જતી રહી એટલે બાઈએ મને નજીક બોલાવ્યો.

"બોલ, શું આપું તને?"

મેં જવાબ આપ્યો કે મારે કશું નથી જોઈતું, પણ બને તો કોઈ ચોપડી વાંચવા આપો.

તે હૂંફાળી ખુશબોદાર આંગળીઓ વડે મારી હડપચી ઊંચી કરતી અને ખુશાલ મલકાટ કરતી બોલી:

"તો તને વાંચવાનું ગમે છે, એમ ને? કઈ કઈ ચોપડીઓ વાંચી છે?"

તે મોં મલકાવે ત્યારે વધારે રૂપાળી લાગતી. મેં અકળામણમાં અટવાતાં અટવાતાં થોડીક નવલકથાઓનાં નામ આડેધડ ગણાવી દીધાં.

"એમાં મઝા પડે એવું શું હતું?" તેણે આંગળીઓ વડે ટેબલ ઉપર ઠપઠપાટ કરતાં પૂછ્યું.

તેની કાયામાંથી ફૂલોની જોરદાર મીઠી વાસ ફેલાઈ રહી હતી, અને તેમાં ઘોડાના પરસેવાની અજબ ગંધ ભળેલી હતી. તે લાંબી પાંપણો વાટેથી મને નીરખતી વિચારમાં પડી ગઈ. અગાઉ કોઈએ મારી તરફ એવી નજરે ક્યારેય નહોતું જોયું.

ખંડમાં ગાદીતકિયાવાળું સુંદર રાચરચીલું ભરપૂર ગોઠવેલું હતું એટલે તે પંખીના માળા જેવો નાનકડો લાગતો હતો. બારીઓ રોપાઓનાં ભરચક પાંદડાં વડે ઢંકાઈ ગયેલી હતી. ભઠ્ઠીના ચણતરની હિમ જેવી સફેદ તકતીઓ સાંજના ઝાંખા અજવાળામાં ચળકારા મારતી હતી. ભઠ્ઠીની બાજુમાં ચળકતો કાળો પિયાનો ગોઠવેલો હતો. પ્રાચીન સ્લાવ લિપિના આલેખો ઝાંખી સોનેરી ફ્રેમોમાં મઢીને દીવાલોએ ટાંગેલા હતા. આલેખોનો રંગ ઘેરો થઈ ગયો હતો. દરેક આલેખમાંથી દોરી લટકતી હતી, અને દોરીને છેડે મોટી મહોર હતી. એ બધી વસ્તુઓ મારા જેવા જ રંક અને પૂજ્ય ભાવે બાનુને નીરખી રહી હતી.

મેં મારાથી બને એવી રીતે તેને સમજાવ્યું કે જિંદગી બહુ નીરસ અને મુશ્કેલ છે, પણ પુસ્તકો વાંચતાં હોઈએ ત્યારે એ ભૂલી જવાય છે.

"ખરેખર?" તે ઊભી થતી અચરજમાં બોલી. "વાત તો બહુ સરસ રીતે કરી તેં, અને લાગે છે કે સાચી વાત છે... તો શું? હું તને પુસ્તકો આપીશ, મુશ્કેલી ખાલી એટલી જ છે કે હમણાં તો મારી પાસે પુસ્તકો છે જ નહિ. પણ આ છે, લઈ જા!"

તેણે સોફા ઉપરથી પીળી બાંધણીનું ઘસાઈ ગયેલું પુસ્તક લઈને મને આપ્યું.

"આને વાંચી લે એટલે બીજો ભાગ આપીશ, ચાર ભાગ છે..."

હું પ્રિન્સ મેશ્ચેર્સ્કીની કૃતિ 'સેંટ પિટર્સબર્ગનાં રહસ્યો' લઈને ચાલ્યો ગયો અને તેને ભારે ખંતથી વાંચવા લાગ્યો. પરંતુ થોડાક જ વખતમાં વાત સાફ થઈ ગઈ કે સેંટ પિટર્સબર્ગનાં "રહસ્યો" મેડ્રીડનાં, લંડનનાં, કે પૅરિસનાં રહસ્યોથી ઘણાં વધારે કંટાળાજનક હતાં. મને તેમાં માત્ર એક જ વાતમાં રસ પડયો, આઝાદી અને ડંગોરાના ટુચકામાં.

"હું તારાથી બહેતર છું કેમ કે મારામાં ડહાપણ વધારે છે," આઝાદીએ કહ્યું.

"ના, ના, હું તારાથી બહેતર છું કેમ કે મારામાં જોર વધારે છે," ડંગોરાએ વળતો જવાબ દીધો.

બેઉ થોડીક વાર દલીલો કરીને પછી લડવા લાગ્યાં. ડંગારાએ આઝાદીને ઢીબી નાખી, અને મને યાદ આવે છે કે પછી આઝાદી હૉસ્પિટલમાં જખ જખમોથી પીડાતી પીડાતી મરી ગઈ.

પુસ્તકમાં એક પાત્ર શૂન્યવાદીનું હતું. મને યાદ આવે છે તે મુજબ, પ્રિન્સ મેશ્ચેર્સ્કીની નજરમાં શૂન્યવાદી એટલો જોખમી માણસ હતો કે તેની એક નજર પડતાં જ મઝાનું હરતુંફરતું મરઘડું મોતનો શિકાર થઈને ઢળી પડે. હું "શૂન્યવાદી" શબ્દને અપમાનનો તથા અશિષ્ટ શબ્દ ગણવા લાગ્યો, પરંતુ એ સિવાય બીજું કશું જ મને ન સમજાયું, અને એથી મારા મનમાં ગ્લાનિ ભરાઈ ગઈ. મને લાગ્યું કે સારાં પુસ્તકોને સમજવાની શક્તિ મારામાં નથી. એ પુસ્તક સારું હોવાની બાબતમાં મને એક પળ પણ શંકા ન થઈ. એટલી રૂપાળી અને મોભાદાર બાનુ ખરાબ પુસ્તકો કદી વાંચે જ નહિ!

"મઝા પડી?" મેં મેશ્ચેર્સ્કીની નવલકથા પરત કરી ત્યારે તેણે પૂછ્યું.

મઝા ન પડી હોવાનો એકરાર કરવામાં મને બહુ મુશ્કેલી પડી. મને બીક હતી કે તેને કદાચ માઠું લાગી જાય. પણ એ તો ખાલી હસી પડી અને શયનખંડના પડદા પાછળ ગાયબ થઈ ગઈ, અને થોડી વારમાં નીલા ચામડાની બાંધણીવાળું નાનકડું પુસ્તક હાથમાં લઈને પાછી આવી.

"લે, આમાં મઝા પડશે, પણ ધ્યાન રાખજે, મેલું કરતો નહિ!"

પૂશ્કિનનાં કાવ્યોનું પુસ્તક હતું. વાંચવાનું શરૂ કરતાં જ તેને ઝટ પૂરું

વાંચી લેવાની ઉત્કટ ઝંખના મારા મનમાં પેદા થઈ. માણસ કોઈ અનુપમ રમણીય સ્થળે પહોંચી જાય અને તેનો દરેક ખૂણો એકીવેળાએ નીરખી લેવાની તૃષ્ણા અનુભવે એવી તૃષ્ણાના પાશમાં બંધાઈને મેં આખું પુસ્તક એક જ બેઠકમાં વાંચી લીધું. માણસ કળણને પાર કરીને ખુલ્લા હરિયાળા સ્થળે પહોંચે, ચોમેર સૂર્યનાં કિરણો ફેલાયેલાં હોય અને પુષ્પો ખીલેલાં હોય, તે મંત્રમુગ્ધ બનીને પળ બે પળ ઊભો રહી જાય, અને પછી તેને એક છેડેથી બીજા છેડા સુધી દોડે, પગને મુલાયમ ઘાસના દરેક સ્પર્શથી ખુશીના ઉછાળા અનુભવે, એવી લાગણી મને થઈ.

પૂશ્કિનના સાદા અને સંગીતમય કાવ્યસર્જનથી હું એટલો બધો વિસ્મિત થઈ ગયો કે મને ગદ્ય ઘણા સમય સુધી કૃત્રિમ લાગતું રહ્યું, વાંચવું મુશ્કેલ લાગતું રહ્યું. 'રુસલાન અને લુદ્‌મિલા'નું પૂર્વકથન નાનીમાની સારામાં સારી વાર્તાઓના સારતત્ત્વ સમું હતું. કેટલીક પંક્તિઓની સર્વોત્તમ પરિપૂર્ણતાથી હું ખૂબ જ પ્રભાવિત થઈ ગયો:

પણે અનામી કેડીઓમાં,
પગલાં અનામી પ્રાણીઓનાં...

એ અદ્‌ભુત પંક્તિઓ વાંચતી વેળા મારી નજર સામે નાનપણના અનુભવોનું દૃશ્ય તરવરવા લાગ્યું... એ વખતે મને જાણીતી સાવ પાંખી કેડીઓ, રહસ્યમય પગલાંથી દબાયેલું ઘાસ, તેની ઉપર પારાનાં ટીપાંની જેમ ચળકતાં ઝાકળબિંદુઓ. જે વિચાર વ્યક્ત થતો હોય તેને વિપુલ અલંકારો વડે શણગારીને પૂર્ણ ધ્વનિ રણકાવતા એ કાવ્યને યાદ રાખી લેવાનું એટલું સહેલું હતું કે વિસ્મય થાય. એથી મારા દિલમાં આનંદ છલકાવા લાગ્યો અને જીવન સરળ તથા ખુશનુમા બની ગયું. ખરેખર, પદ્ય મને નવા જીવનના દૂત સમું લાગ્યું. વાંચી શકવામાં કેવી અજબ મોજ સમાયેલી છે!

પૂશ્કિનની મજેદાર કાવ્યકથાઓ મારા હૈયામાં અને સમજણમાં તેની બીજી કૃતિઓ કરતાં વધારે ઊંડે પહોંચી જતી હતી. મેં તેમને વારંવાર વાંચીને મોઢે કરી લીધી. પછી પથારીમાં પડું ત્યારે હું આંખો મીચીને તેમને ગણગણતો નીંદરમાં સરી પડતો. ક્યારેક અફસરોના ચાકરોને હું એ કાવ્યકથાઓ કહી સંભળાવતો. તેઓ હસતા અને અચરજમાં ગાળો બકી પડતા. સીદોરોવ મારા માથા ઉપર હાથ ફેરવતો હળવા અવાજે કહેતો:

"કેવી મઝાની છે, નહિ?"

માલિક લોકોને મારી ઉત્તેજનાનો ખ્યાલ આવી ગયો હતો, અને ડોશીએ ખીજ ઠાલવવાનું શરૂ કરી દીધું.

"વાંચવામાં એવું ભાન ભૂલી ગયો છે કે ચાર દિવસથી સમોવારને ચળકાવ્યો જ નથી, હરામખોર ક્યાંનો! એક વાર વેલણ લઈને મારવા મંડીશ ને..."

પણ મારી નજરમાં વેલણ એટલું શું? મેં તો કાવ્યની ઢાલ વડે બચાવ કર્યો:

...ડોકરી ડાકણ જેવી,
કાળા દિલમાં મુરાદ મેલી...

રૂપાળી બાનુ તરફનો મારો આદર વધી ગયો. તો એવાં પુસ્તકો વાંચે છે! કારીગરની ચીની ઢીંગલી જેવી જરાય નથી.

મેં તેની પાસે જઈને પુસ્તક ઉદાસ ભાવે પાછું આપ્યું ત્યારે તે ખાતરીથી બોલી:

"પુસ્તક ગમ્યું ને? પૂશ્કિનનું નામ ક્યારેય સાંભળેલું?"

મેં ના પાડી. મેં કોઈ સામયિકમાં પૂશ્કિન વિશે કંઈક સાંભળેલું તો ખરું, પણ મારે બાઈનું કહેવું સાંભળવું હતું.

તેણે પૂશ્કિનના જીવન અને મૃત્યુની વાત ટૂંકાણમાં કહી સંભળાવી, અને પછી ઉનાળાના દિવસ જેવો તેજભર્યો મલકાટ કરતાં પૂછ્યું:

"હવે સમજાય છે કે સ્ત્રીને પ્રેમ કરવાનું કેવું જોખમી હોય છે?"

મેં વાંચેલાં બધા પુસ્તકો મુજબ તો ખરેખર જોખમી હતું, પણ મઝાનુંયે હતું.

"ભલે જોખમી હોય, પણ સૌ પ્રેમમાં પડે જ છે, અને સ્ત્રીને પણ પીડા સહેવી પડે છે," મેં કહ્યું.

તેણે દરેક વસ્તુને જોવાની તેની ટેવ પ્રમાણે નીચી ઢાળેલી પાંપણો વાટેથી મારી સામે જોયું અને ગંભીર અવાજે ટકોર કરી:

"ખરેખર? એનો અર્થ તને સમજાય છે? સમજાતો હોય તો મને આશા છે કે તું એને કદી ભૂલીશ નહિ."

પછી તે સવાલો પૂછવા લાગી કે કયાં કાવ્યો મને ખાસ ગમેલાં.

હું સમજાવવા લાગ્યો અને ઉત્સાહમાં હાવભાવ કરતો કાવ્યો બોલી

સંભળાવવા લાગ્યો. તે ગંભીર ભાવે ચુપચાપ સાંભળતી રહી, પછી ઊભી થઈને ભોંયપટ ઉપર આંટા મારતી મારતી વિચારમાં ડૂબી જઈને બોલી:

"તને તો નિશાળમાં ભણાવવો જોઈએ, મારા મોંઘેરા નાનકડા વાંદરજી! વિચાર કરવો પડશે. તું જેનું કામ કરે છે એ લોકો તારાં સગાં છે?"

મેં હા પાડી ત્યારે તે બોલી ઊઠી: "ઓ!"— જાણે કેમ એમાં વાંક મારો હોય.

તેણે મને 'બેરાન્જેનાં ગીતો'ની સોનેરી કિનારવાળી આવૃત્તિ આપી. રાતા ચામડાની બાંધણીના પુસ્તકમાં ચિત્રો પણ હતાં. આકરી કટુતા અને અપાર ખુશાલીના અજબ સમન્વયવાળાં એ ગીતો વાંચીને મને પારાવાર આહ્‌લાદની લાગણી થઈ.

'ઘરડો ભિખારો' વાંચતી વેળા નીચેના શબ્દોની કટુતા જોઈને મારી રગોમાં લોહી થીજી ગયું:

પામર જીવડા સમો હું, કરું બેચેન તમને?
ઝટ કરો, મિટાવી દો, ચગદીને મને!
કેમ તમે કદી મને શીખવ્યું ના?
પાશવી જોરને મારા વહેણ દીધું ના?
તો હું જીવડું પામર મટી ગયો હોત!
તો હું કીડી ઉદ્યમી બની ગયો હોત!
મરતી વેળા હોત મઝાનો ભાઈ તમારો,
હવે મરું, બુઢ્ઢો રખડુ, દુશ્મન તમારો!

પણ પછી તરત 'રોતો ધણી' વાંચીને હું એટલું બધું હસ્યો કે મારી આંખોમાં પાણી આવી ગયું. મને બેરાન્જેના નીચેના શબ્દો ખાસ યાદ રહી ગયા છે:

નેક દિલોને અઘરું પડે ના,
શીખી લેતાં ખુશી માણવાનું...

બેરાન્જેના વાંચનથી અદમ્ય જોમ પેદા થતું, મારા દિલમાં મસ્તીતોફાન કરવાની અને ચતુરાઈભરી ગુસ્તાખ ટકારો કરવાની ઝંખના ઉછાળા મારવા લાગતી. અને બહુ થોડા વખતમાં જ હું એ ઝંખનાને સંતોષી લેવા લાગ્યો. મેં તેનાં કાવ્યો પણ મોઢે કરી લીધાં, અને જ્યારે જ્યારે ચાકરોનાં રસોડાંમાં

થોડીક વાર જઈ આવવાનો વખત મળે ત્યારે ત્યારે હું ભારે જોશમાં એ કાવ્યો બોલી સંભળાવતો.

પરંતુ થોડા વખતમાં જ મારે એવી મોજને પડતી મૂકી દેવી પડી. એક વાર મેં નીચેની લીટીઓ બોલી સંભળાવી:

અને કઈ ટોપી નથી બનતી,
સત્તર વરસની બાળા કુંવારી?

પરિણામે સ્ત્રીઓ વિશે એકદમ ધૃણાજનક વાતો શરૂ થઈ ગઈ. તેમાં સમાયેલી હીણપતથી હું જાણે પાગલ બની ગયો, અને એવા ગાંડપણની હાલતમાં મેં સિપાહી યેર્મોખિનને માથામાં તવાનો ઘા ફટકારી દીધો. સીદોરોવ અને બીજા ચાકરોએ મને તેની રીંછ જેવી પકડમાંથી છોડાવ્યો, પણ ત્યાર પછી અફસરોનાં રસોડાંમાં જવાની હિંમત મારાથી નહોતી થતી.

મને ફરવા જવાની છૂટ નહોતી, અને ખરું જોતાં ફરવા જવાનો વખત જ મને નહોતો મળતો. મારું કામ વધી ગયું હતું. કામવાળીની, ફળિયું સાફ કરનારની, અને નોકર છોકરાની ફરજો ઉપરાંત હવે મને મોટા ચોકઠામાં કાપડ જડવાનું, માલિકનાં રેખાંકનો તેની ઉપર ચોંટાડી દેવાનું, બાંધકામના ખર્ચના અંદાજોની નકલો કરવાનું, અને ઠેકેદારોનાં બિલ ચકાસી જોવાનું કામ આપવામાં આવ્યું હતું. મારો માલિક સવારથી રાત સુધી સંચાની જેમ કામ કરતો રહેતો.

એ વરસો દરમિયાન મેળાના મેદાનની સરકારી ઇમારતો વેપારીઓની ખાનગી મિલકતમાં પલટાઈ ગઈ. દુકાનોની કતારોના નવચણતરની કામગીરી ઝડપથી થવા લાગી. મારો માલિક જૂની દુકાનોની મરામતના અને નવી દુકાનો બાંધવાના ઠેકો લેતો. તે "મહેરાબોના નવચણતરની તથા છાપરામાં ખૂલતી બારીઓના બાંધકામની" તથા એવાં જ બીજાં કામોની ડિઝાઇનો બનાવતો. હું ડિઝાઇનો તેમ જ પચીસ રૂબલની નોટનું પરબિડિયું લઈને એક બુઢ્ઢા સ્થપતિ પાસે જતો. તે પૈસા લઈ લેતો અને ડિઝાઇનોમાં નીચે મુજબનું લખાણ કરી દેતો: "ડિઝાઇન અને ચણતરને સરખાવીને ચકાસણી કરી લેવામાં આવી છે, અને બધું કામ નીચે સહી કરનારની વ્યક્તિગત દેખરેખ હેઠળ કરવામાં આવ્યું છે." ચણતર સાથે કોઈ જાતની સરખામણી બેશક નહોતી કરવામાં આવતી, અને ચણતરના કામ ઉપર તેની દેખરેખ

શક્ય જ નહોતી કારણ કે નબળી તબિયતને લીધે તે કાયમ ઘરમાં જ ગોંધાયેલો રહેતો.

હું મેળાના નિરીક્ષકને તથા બીજા માણસોને લાંચ પહોંચાડતો અને તેમની પાસેથી, મારા માલિકના શબ્દોમાં, "કાનૂનના તરેહવાર ભંગના પરવાના" લઈ આવતો. તેના બદલામાં મને એવું ઇનામ મળતું કે માલિક લોકો ક્યારેક રાતની વેળાએ કોઈને ઘેર જાય ત્યારે મને તેમની વાટ જોવાનો વખત ફળિયામાં ગાળવાની છૂટ આપવામાં આવતી. એવું જવલ્લે જ બનતું, પરંતુ જ્યારે બને ત્યારે તેઓ મધરાત પછી પાછા આવતા અને મને કેટલાય કલાકનો વખત મળતો. હું કાં તો ઓટલી ઉપર અથવા સામે લાકડાંના ખડકલા ઉપર બેસીને મારી બાનુના ફ્લેટની બારી વાટેથી અંદર નજર ઠેરવી દેતો અને ત્યાં ચાલતા ખુશાલ સંગીત તથા વાતોના તડાકાને સાંભળતો રહેતો.

બારીઓ ખુલ્લી રહેતી. પડદાઓ પાછળથી અને વેલાઓની જાળી પાછળથી મને ઓરડાઓમાં હરતાફરતા દેખાવડા અફસરોની આકૃતિઓ નજરે પડતી. ગોળમટોળ મેજર લગાતાર મારી બાનુની પાછળ પાછળ દડતો રહેતો. બાનુ હંમેશાં વિસ્મયકારક સાદો અને સુંદર પોશાક પહેરતી.

મારા મનની દુનિયામાં હું તેને રાણી માર્ગો કહેતો.

"તો ફ્રેંચ નવલકથાઓની રંગીલી જિંદગી આવી હોય છે!" હું બારીમાં નજર ઠેરવીને બેઠોબેઠો વિચારમાં પડી જતો. અને હંમેશાં મને થોડીક ગમગીની થતી: ફૂલ ફરતે ચકરાવા લેતી મધમાખીઓની જેમ રાણી માર્ગો ફરતે ચકરાવા લેતા એ બધા પુરુષોને જોઈને મને એક જાતની છોકરવાદી અદેખાઈ થતી.

એક ઊંચા કદનો ગંભીર અફસર બીજા માણસોની સરખામણીમાં ઓછી વાર તેને મળવા આવતો. તેને કપાળમાં જખમનું નિશાન હતું અને ઊંડી ઊંડી આંખો હતી. તે હંમેશાં વાયોલિન ભેગું લઈને આવતો અને સરસ વગાડતો, એટલું સરસ કે રાહદારીઓ કાન માંડીને ઊભા રહી જતા, શેરીના લોકો આવીને લાકડાંના ખડકલા ઉપર ગોઠવાઈ જતા, અને મારા માલિક લોકો પણ બારી ખોલી નાખીને સંગીતકારનાં વખાણ કરતાં. મને યાદ નથી આવતું કે તેમણે દેવળમાં પાદરીના મદદનીશ સિવાય બીજા કોઈનાં વખાણ ક્યારેય કર્યાં હોય, અને મને ખબર છે કે તેમને એવું કે બીજું કોઈ સંગીત સાંભળવા કરતાં મચ્છીની લહેજતદાર વાનગી ખાવામાં વધારે મઝા પડતી.

અફસર ક્યારેક દબાતા અવાજે ગીત ગાતો અથવા કવિતાપાઠ કરતો.

એવી વેળાએ તેનો શ્વાસ જોરથી ચાલવા લાગતો અને તે એક હાથ ભવાં ઉપર દબાવી રાખતો. એક દિવસે હું બારી નીચે નાનકડી બાળકી સાથે રમતો હતો ત્યારે રાણી માર્ગોએ તેને ગીત ગાવાની વિનવણી કરી. તે થોડીક વાર તો ના પાડતો રહ્યો પણ પછી બહુ સ્પષ્ટ અવાજે બોલ્યો:

કેવળ ગીતને પડે જરૂર સુંદરતાની,
ના હોય સુંદરતાને જરૂર ગીતની કશી...

મને લીટીઓ ગમી ગઈ અને કોણ જાણે કેમ અફસર તરફ હમદર્દી થવા લાગી.

મને સૌથી વધારે ગમતી વાત તો મારી બાનુને ઓરડામાં બીજા કોઈની હાજરી વગર સાવ એકલી પિયાનો પાસે બેઠેલી નીરખતા રહેવાની હતી. સંગીત મને ભાન ભુલાવી દેતું, મને એ બારી સિવાય બીજું કંઈ દેખાતું જ નહિ, બારીની પાર ફાનસના પીળા અજવાળામાં કોતરાયેલી સ્ત્રીની લાવણ્યમય આકૃતિ જ નજરે પડતી, તેની ગર્વીલી દેહરેખા બહુ નાજુક લાગતી, તેના ગોરા ગોરા હાથ પિયાનોની કળો ઉપર પંખીની જેમ ફફડતા ફરકતા રહેતા.

હું તેને નીરખતો રહેતો અને વિષાદમય સંગીત સાંભળતો રહેતો, મારા મનમાં અજબગજબનાં સ્વપ્નોના દોરા કાંતતો રહેતો: ક્યારેક દટાયેલો ખજાનો ગોતી કાઢીને તેને આપી દઉં, તેની સામે ધનદોલતના ઢગલા કરી દઉં! હું સ્કોબેલેવ હોઉં તો તુર્કીઓની સામે જંગ લડું, કેદીઓના બદલામાં પૈસા કઢાવું, ઓતકોસના વિસ્તારમાં શહેરની સુંદરમાં સુંદર જગ્યાએ તેને માટે હવેલી બંધાવું, તે અમારા મકાનમાંથી બીજે ઠેકાણે, અમારી શેરીથી દૂર, તેને વિશે શેરીના બધા લોકોની ગલીચ અને હીણી વાતોથી વેગળી, રહેવા જઈ શકે.

અમારા મકાનના બધા નોકરચાકરો અને બધા રહેવાસીઓ—ખાસ કરીને મારા માલિક લોકો—જેટલી ઝેરીલી વાતો અગાઉ કારીગરની વહુ વિશે કરતા એટલી જ ઝેરીલી વાતો હવે રાણી માર્ગો વિશે કરતા, ફરક ખાલી એટલો જ હતો કે તેને લગતી વાતો વધારે સાવચેતીથી કરતા, આસપાસ છાની નજરો નાખતા રહીને ધીમા અવાજે કરતા.

તેમને કદાચ બાઈની બીક લાગતી હોય કારણ કે તે બહુ ઊંચા કુળના સજ્જનની વિધવા હતી. થોડુંઘણું ભણેલા અને હંમેશાં બાઇબલ વાંચતા

રહેતા સિપાહી તુફાયેવે એક વાર મને વાત કરેલી કે બાઈના ખંડમાં ટાંગેલા દસ્તાવેજો તેના પતિને પૂર્વજોને ગોદુનોવ, આલેક્સેઈ, તથા મહાન પિટર સમેત જુદાજુદા ઝારો તરફથી બક્ષવામાં આવેલા હકનામાંના હતા. લોકોને કદાચ ડર હોય કે બાઈને ખીજ ચડે તો ક્યાંક તેમને યાકૂત જડેલા ચાબુકના ફટકા ઝીંકી દે. લોકોમાં વાતો થતી કે તેણે એક વાર કોઈ મોટા અમલદારને ચાબુક વડે મેથીપાક ચખાડેલો.

પરંતુ ગુસપુસ થતી વાતો ઉઘાડી વાતોથી જરાય બહેતર નહોતી. મારી બાનુની જિંદગી દ્વેષના વાદળમાં લપેટાયેલી હતી. એથી મને પીડા થતી અને હું ગૂંચવણમાં અટવાઈ જતો. વિક્તરે અમને વાત કરી કે એક વાર તે મધરાત પછી ઘેર પાછો આવતો હતો ત્યારે તેણે રાણી માર્ગોના શયનખંડની બારી વાટેથી અંદર નજર નાખેલી. બાઈ રાતના પોશાકમાં સોફા ઉપર બેઠી હતી, મેજર તેની સામે ગોઠણભેર બેસીને તેના પગનાં આંગળાંના નખ કાપતો હતો અને ભીના કપડા વડે તેના પગ ધોઈને સાફ કરતો હતો.

મારી બુઢ્ઢી માલિકણ થૂંક ઉડાડીને વઢવા લાગી. જુવાન માલિકણનું મોં એકદમ લાલ થઈ ગયું અને તે તીણા અવાજે બોલી ઊઠી:

"છી, વિક્તર! કેવી બેશરમી! મોટાં મોભાદાર માણસો કેવાં હલકટ હોય છે!"

મોટો માલિક કંઈ બોલ્યો નહિ, ખાલી હોઠ મલકાવતો રહ્યો. તેની ચુપકીને કારણે મારા મનમાં તેની તરફ અહેસાનની લાગણી થઈ, પણ મને બીક હતી કે હજી કદાચ દેકારામાં કશોક ઉમેરો કરે. બાઈઓ વારંવાર "અરે!" અને "વાહ!" બોલતી રહેતી વિક્તરને બધી વિગતો પૂછવા લાગી કે ઓરત કેવી રીતે બેઠી હતી અને મેજર કેવી રીતે ગોઠણભેર હતો. વિક્તર લહેજતદાર બટકાં તેમની સામે ફેંકતો રહ્યો:

"મેજરનું આખું મોઢું લાલ થઈ ગયું હતું અને જીભ બહાર લટકતી હતી..."

મેજર મારી બાનુના પગનાં આંગળાંના નખ કાપતો હતો તેમાં મને શરમ જેવું કંઈ ન લાગ્યું, પણ હું માનવા તૈયાર નહોતો કે તેની જીભ મોંમાંથી બહાર લટકતી હોય. તેમાં મને ઘૃણાજનક જૂઠાણું લાગ્યું.

"વર્તન એવું અજુગતું હતું તો તમે અંદર નજર શું કરવા નાખી?" મેં કહ્યું. "તમે કંઈ નાના નથી..."

એ લોકોએ બેશક મને ધમકાવી નાખ્યો, પણ મને તેની પરવા નહોતી. મારા મનમાં તો બસ એક જ તાલાવેલી હતી — દોડતો નીચે પહોંચી જાઉં, મારી બાનુની સામે મેજરની જેમ જ ગોઠણભેર બેસી જાઉં, અને તેને સમજાવું:

"આ મકાન મૂકી દો, બીજે રહેવા ચાલ્યાં જાઓ!"

હવે મને ખબર પડી હતી કે બીજી જાતની જિંદગી તેમ જ બીજી જાતના લોકો તથા લાગણીઓ અને વિચારો પણ હોય છે, એટલે એ મકાન તથા તેમાં વસતા લોકો તરફની મારી નફરત અગાઉ કરતાંયે વધી ગઈ. આખું મકાન ગલીચ નાલેશીની જાળમાં જકડાઈ ગયેલું હતું અને એક પણ વ્યક્તિ એ જાળથી બચેલી નહોતી. રેજિમેન્ટનો પાદરી, રાંકડો માંદલો આદમી, લંપટ દારૂડિયા તરીકે નામીચો હતો. મારા માલિક લોકોની વાતો મુજબ તો બધા અફસરો અને તેમની બીબીઓની જિંદગી બદીઓની ખાઈમાં ડૂબેલી હતી. સ્ત્રીઓના સંબંધમાં સિપાહીઓની કંટાળાજનક વાતો સાંભળતી વેળા મારા મનમાં નફરતની લાગણી પેદા થતી. પરંતુ મને સૌથી વધારે નફરત તો મારા માલિક લોકો ઉપર છૂટતી. તેમને એકબીજાને વિશે ફેંસલા કરી દેવાનું બહુ ગમતું, પણ એવા ફેંસલાઓની ખરી કિંમતની મને બરાબર ખબર હતી. મફત માણી શકાય એવી એકમાત્ર મોજ બીજા લોકોની ખણખોદ કરીને તેમને પીંખી નાખવાની હતી, એટલે મારા માલિકના ઘરનાં માણસો બસ એકલી એ જ મોજ માણતાં રહેતાં, જાણે કેમ ખુદ પોતાની જિંદગીની નેકી, કંટાળો, તથા ઢસરડાનું વેર વાળતાં હોય.

તેઓ રાણી માર્ગો વિશે ગલીચ વાતો કરે ત્યારે મારા દિલમાં ઉછાળા મારવા લાગતી લાગણીઓ બાળકની લાગણીઓ જેવી નહોતી, મારા મનમાં ખણખોદિયાઓ અંગે નફરત છલકાવા લાગતી, હું તેમને પજવવાની અને રંજાડવાની અદમ્ય તાલાવેલીના પાશમાં જકડાઈ જતો. પરંતુ ક્યારેક મારા હૈયામાં ખુદ મારા તરફની અને બધા લોકો તરફની દયાનો જુવાળ ફેલાઈ જતો. એવી અબોલ દયાનો બોજો નફરતના બોજાથી વધારે કપરો હતો.

મારી રાણી વિશે હું તેમના કરતાં વધારે જાણકારી ધરાવતો હતો, મને બીક લાગતી હતી કે તેઓ પણ કદાચ મારા જેટલી જ જાણકારી હાંસલ કરી લે.

રવિવારે સવારે આખું કુટુંબ મોટી પ્રાર્થના માટે દેવળે જાય ત્યારે હું મારી બાનુને મળવા જતો. તે મને શયનખંડમાં બોલાવતી. હું ત્યાં સોનેરી રંગના રેશમના ગાદીતકિયાવાળી આરામખુરશીમાં બેસતો. નાનકડી બાળકી

મારા ખોળામાં ચડી જતી, અને હું મેં વાંચેલાં પુસ્તકોની વાત તેની માને કરતો. મારી રાણી પહોળા પલંગમાં આડે પડખે સૂતી હોય, બેઉ નાનકડા હાથ ગાલ નીચે દબાવી રાખેલા હોય, કાયા ખંડની બીજી બધી વસ્તુઓના જેવા જ સોનેરી રંગના ઓઢણા નીચે ઢંકાયેલી હોય, ગૂંથેલા કાળા કેશનો ચોટલો ક્યારેક ઘેરા બદામી ખભા ઉપર પડેલો હોય તો ક્યારેક પલંગની કિનારીએથી છેક ભોંયપટ સુધી લટકતો હોય.

તે મારી વાત સાંભળતી વેળા મૃદુ આંખો વડે મારી સામે જોતી આછો મલકાટ કરીને બોલતી:

"ખરેખર?"

મને તેનો મલકાટ પણ કોઈ રાણીના કૃપામય મલકાટ જેવો જ લાગતો. તે ઊંડા કોમળ અવાજે બોલતી, પણ હંમેશાં જાણે એકની એક જ વાત કહેતી હોય એમ મને લાગતું:

"મને ખબર છે કે હું બીજા લોકો કરતાં અસીમ પ્રમાણમાં બહેતર અને વધારે નિર્મળ છું, અને મને તેમાંથી કોઈની જરાય જરૂર નથી."

ક્યારેક તે આરસાની સામે નીચી આરામખુરશીમાં બેસીને વાળ ઓળતી હોય. તેના વાળ નાનીમાના જેવા જ લાંબા અને ભરચક હતા, તેના ઓઠણ ઉપર તથા ખુરશીના હાથા ઉપર ફેલાઈ જતા, પાછળ લટકતા હોય ત્યારે ભોંયપટને લગભગ આંબી જતા. મને દર્પણના તેનાં મક્કમ બદામી સ્તન નજરે પડતાં. તે ચોળી અને લાંબાં મોજાં મારી હાજરીમાં પહેરતી, પરંતુ તેની નગ્નતા જોઈને મારા મનમાં હીણી લાગણીઓ ક્યારેય પેદા ન થતી, તેના રૂપ અંગે મને હંમેશાં ખુશાલ ગર્વની લાગણી થતી. તે સદા પુષ્પોની સુવાસ ફેલાવતી રહેતી, અને એ સુવાસ જાણે તેને વિશેના કોઈ જાતના લંપટ ખ્યાલોની સામે બખતર બની રહેતી.

હું તંદુરસ્ત અને તાકાતવાન હતો, જાતીય સંબંધોનું રહસ્ય જાણતો હતો. પરંતુ મેં લોકોને જાતીય સંબંધો વિશે એવી ગલીચ તથા લાગણીશૂન્ય રીતે અને એવી ઝેરીલી મોજથી વાતો કરતા સાંભળ્યા હતા કે હું એ સ્ત્રીને કોઈ પુરુષના આલિંગનમાં કલ્પી જ નહોતો શકતો. હું માની જ નહોતો શકતો કે કોઈને તેની કાયાના માલિક તરીકે ગુસ્તાખીથી અને બેશરમીથી તેના હાથ અડાડવાનો અધિકાર હોય. મને ખાતરી હતી કે રસોડાં અને ભંડારિયાંનો મોહ રાણી માર્ગોના સ્વભાવથી બહુ વેગળો હતો, તે કોઈ બીજા

અધિક ઉમદા આનંદોલ્લાસની, કોઈ જુદી જાતના સ્નેહપ્રેમની જાણકાર હતી.

પરંતુ એક વાર બપોર પછી હું દીવાનખાનામાં દાખલ થયો ત્યારે શયનખંડના પડદાની પેલી પારથી તેના હાસ્યના રણકારે અને કોઈ પુરુષના અવાજે મને થંભાવી દીધો.

"ધીરે! ધીરે!" પુરુષ વિનવણી કરતો હતો. "ભગવાન રે ભગવાન! માન્યું મનાય જ નહિ!"

હું જતો રહ્યો હોત તો સારું હતું. મને એવો ખ્યાલ આવી ગયો, પણ મારી હલનચલનની શક્તિ જાણે સાવ હરાઈ ગઈ હતી.

"કોણ છે?" તેણે સાદ પાડયો. "અરે, તું છો? આવ, અંદર આવ!"

ખંડની હવામાં ફૂલોની મહેક ફેલાયેલી હતી. બારીઓ આડા પડદા ટાંગેલા હોવાથી અંધારા જેવું લાગતું હતું. રાણી માર્ગો પલંગમાં સૂતી હતી, તેણે ઓઢણું ચિબુક સુધી ઓઢી રાખ્યું હતું, બાજુમાં વાયોલિન વાદક અફસર દીવાલને અઢેલીને બેઠો હતો. તેણે ખાલી ખમીસ પહેર્યું હતું અને તેનાં બટન ખુલ્લાં રાખ્યાં હતાં. તેની કાયામાં જમણી તરફ ખભાથી લઈને છેક ડીંટડી સુધી ઊંડા જખમની લાલ નિશાની એટલી ચમકદાર હતી કે અરધા અજવાળામાં પણ સાફ નજરે પડતી હતી. અફસરના વાળ એવા વેરવિખેર હતા કે જોઈને હસવું આવી જાય. જખમની નિશાનીવાળા તેના ગમગીન ચહેરામાં મેં પહેલી જ વાર મલકાટ જોયો. તેણે અજબ રીતે હોઠ મલકાવ્યા અને મોટાં નારી સમાં નેણની નજર મારી રાણી ઉપર એવી રીતે ઠેરવી દીધી કે જાણે તેના રૂપને પહેલી જ વાર નીરખતો હોય.

"મારો દોસ્ત છે," રાણી માર્ગો બોલી, પણ મને સમજાયું નહિ કે શબ્દો કોને ઉદ્દેશીને બોલાયા હતા, અફસરને કે મને.

"તને ગભરાટ શાનો છે?" તેનો અવાજ જાણે બહુ દૂરથી આવતો હોય એવો લાગતો હતો. "નજીક આવ..."

હું તેની પાસે ગયો એટલે તે ઉઘાડો ગરમગરમ હાથ મારી ગરદન ઉપર મૂકીને બોલી:

"મોટો થઈ જાય ત્યારે તને પણ સુખ માણવા મળશે... હવે જા!"

હું પુસ્તક અભરાઈ ઉપર મૂકીને અને ત્યાંથી બીજું પુસ્તક લઈને જતો રહ્યો.

મારા દિલમાં કશુંક જાણે કચરાઈ ગયું. મારા મનમાં એવો ખ્યાલ એક પળ માટે પણ બેશક નહોતો આવ્યો કે મારી રાણી સાધારણ લોકોની જેમ પ્રેમ કરતી હોય, વળી અફસરની બાબતમાં પણ હું એવો ખ્યાલ મનમાં નહોતો આણી શકતો. તેનો મલકાટ સતત મારી નજર સામે તરવરતો રહ્યો, અણધારી અજાયબી જોઈને બાળકને થાય એવી ખુશી તેમાં છલકાતી હતી. તેનો ગમગીન ચહેરો સાવ પલટાઈ ગયો હતો. તે ખરેખર રાણીને ચાહતો હોવો જોઈએ, કોઈ પણ માણસ તેને ચાહ્યા વગર કેવી રીતે શકે? અને રાણીએ તેની ઉપર પ્યાર વરસાવ્યો તેનું સબળ કારણ બેશક હતું જ, આદમી વાયોલિન બહુ સરસ વગાડતો અને કાવ્યોનો પાઠ ઊંડી લાગણીથી કરતો...

પરંતુ એવા દિલાસા ખોળવાની મારી મથામણની હકીકત જ બતાવી આપતી હતી કે બધું સમુંસુતરું નહોતું, મેં જે કંઈ જોયેલું તેના સંબંધમાં તેમ જ ખુદ રાણી માર્ગોના સંબંધમાં મારા વલણમાં કંઈક ખોટું હતું. મને લાગ્યું કે મેં જાણે કશુંક ગુમાવી દીધું છે. હું કેટલાય દિવસ સુધી ઊંડી ગ્લાનિમાં ડૂબેલો રહ્યો.

...એક વાર મેં બેફામ ધાંધલિયાં તોફાનમસ્તી કર્યાં. પછી મારી બાનુ પાસે બીજું પુસ્તક લેવા ગયો ત્યારે તેણે કરડા અવાજે કહ્યું:

"લાગે છે કે તું તો રીઢો નાનકડો લફંગો છો! તારી બાબતમાં મેં એવું નહોતું ધારેલું!"

મારાથી એ સહન ન થયું એટલે મેં કહેવાનું શરૂ કરી દીધું કે લોકોમાં તેને વિશે ગંદી વાતો સાંભળીને મને કેટલી પીડા થાય છે અને જિંદગી ઉપર કેટલી નફરત છૂટે છે. તે મારા ખભા ઉપર હાથ મૂકીને મારી સામે ઊભી ઊભી પહેલાં તો ગંભીરતાથી સાંભળતી રહી, પરંતુ થોડી વારમાં જ હસી પડીને તેણે મને હળવેથી આઘો ધકેલી દીધો.

"બસ, બહુ થઈ ગયું! મને બધી ખબર છે, સમજ્યો કે નહિ? બધી ખબર છે, બધી જ!"

પછી મારા બેઉ હાથ પોતાના હાથમાં લઈને તે બહુ વહાલથી બોલી:

"એવા ગલીચ લવારાને જેટલો ઓછો ધ્યાનમાં લેશે એટલું તારે માટે બહેતર છે... તું હાથ સરખી રીતે નથી ધોતો..."

તેને એવાં વેણ બોલવાની જરૂર નહોતી. મને લાગે છે કે તેને પિત્તળની વસ્તુઓ ચળકાવવી પડતી હોત, ભોંયપટ ઘસીને સાફ કરવો પડતો હોત, અને બાળોતિયાં ધોવાં પડતાં હોત તો તેના હાથનો દેખાવ જરાય બહેતર ન હોત.

તે વિચારમાં પડી જતી બોલી: "માણસને જિંદગી જીવતાં આવડતું હોય તો સૌ એને ધિક્કારે અને એની અદેખાઈ કરે, ન આવડતું હોય તો સૌ એને ધૃણાની નજરે જુએ." પછી મને ઊંચે અને નજીક ખેંચીને તેણે હોઠ મલકાવતાં મારી આંખોના ઊંડાણમાં નજર્ ઠેરવી દીધી.

"હું ગમું છું તને?" તેણે પૂછ્યું.

"હા."

"બહુ?"

"હા."

"પણ કેમ?"

"ખબર નહિ."

"અહેસાન તારું! વહાલુડો છો! હું કોઈને ગમતી હોઉં તો બહુ રાજી થઈ જાઉં છું..."

તે જરાક હસી અને જાણે કંઈક કહેવા જતી હતી પણ પછી નિસાસો નાખીને ચુપ થઈ ગઈ. મારા હાથ હજી તેના હાથમાં હતા.

"ફરી આવજે, આવતો રહેજે, જ્યારે બને ત્યારે..."

મેં આમંત્રણનો લાભ લીધો, અને તેની મિત્રતાથી મને બહુ ફાયદો થયો. મારા માલિક લોકો જમીને આરામ કરવા આડા પડે ત્યારે હું નીચે સરકી જતો અને તે ઘરમાં હોય તો એક કલાક કે એથીયે વધારે વખત તેની જોડે ગાળતો.

"તું રૂસી પુસ્તકો વાંચ, આપણી રૂસી જિંદગીની જાણકારી મેળવી લે," તે ચપળ ગુલાબી આંગળીઓ વડે સુગંધી વાળમાં પિનો ભરાવતી મને શિખામણ દેતી.

પછી રૂસી લેખકોનાં નામો મને કહેતી અને પૂછતી:

"યાદ રહેશે ને?"

તે ઘણી વાર વિચારમાં પડી જઈને જરાક ખીજમાં બોલી ઊઠતી:

"ભલા ભગવાન! તારે ભણવાની જરૂર છે, અને હું તો ભૂલતી જ રહું છું!"

તેની જોડે બેસીને પછી હું હાથમાં નવું પુસ્તક લઈને પાછો ઉપર ચાલ્યો જતો, જાણે સાફ થઈ ગયો હોઉં એવી લાગણી મને થતી.

મેં આક્સાકોવનું પુસ્તક «*Family Chronicle*» મઝાનું, રૂસી કાવ્ય «*In the Forest*», વિસ્મયકારક «*Hunter's Sketches*», ગ્રેબેન્કા તથા

સોલ્લોગુબનાં કેટલાંય પુસ્તકો, અને વેનેવીતિનોવ, ઓદોયેવ્સ્કી, તથા ત્યુત્ચેવનાં કાવ્યો ક્યારનાં વાંચી લીધાં હતાં. એ પુસ્તકોએ મારા આત્માને નિર્મળ બનાવી દીધો, આકરી અને કંગાલ વાસ્તવિકતાથી મુક્ત કરી દીધો. મને ખ્યાલ આવી ગયો કે સારાં પુસ્તકોનો અર્થ શું થાય છે, અને ભેગાભેગું સમજાઈ ગયું કે તે મારે માટે કેટલાં જરૂરી છે. તેમણે મારા મનમાં એવો સ્વસ્થ આત્મવિશ્વાસ ભરી દીધો કે હું પૃથ્વીના પટ ઉપર એકલો નથી, અને જીવનમાં ચોક્કસ આગળ ધપીશ.

નાનીમા મને મળવા આવી. મેં તેને રાણી માર્ગોનું ખુશીથી છલકાતું બયાન કહી સંભળાવ્યું. તેણે બજરનો મોટો સડાકો ખેંચતાં કહ્યું:

"ખુશીની વાત છે! દુનિયામાં ઘણાંબધાં સારાં માણસો છે. ખાલી ગોતવાની જરૂર હોય છે, મહેનત કરીએ એટલે ચોક્કસ મળી જ જાય."

એક દિવસે તેણે કહ્યું:

"એને મળી આવું? તારા વતી અહેસાનના બે બોલ કહી આવું?"

"ના, જરૂર નથી..."

"ભલે, નહિ જાઉં... ભગવાન રે ભગવાન! જિંદગી કેવી મઝાની છે! હું તો બહુ ખુશીથી જુગના જુગ કાઢી નાખું!"

મને શાળામાં ભણતો જોવાનો અવસર રાણી માર્ગોને ન મળ્યો. વિટસન્ડેના તહેવારે એક માઠો બનાવ બની ગયો અને મારો ખેલ સમજો કે લગભગ ખલાસ થઈ ગયો.

તહેવારોથી થોડાક વખત પહેલાં મારાં પોપચાં સૂજી ગયાં અને મારી આંખો લગભગ પૂરી બંધ થઈ ગઈ. માલિક લોકોને બીક લાગી કે હું કદાચ આંધળો થઈ જવાનો, અને મારા મનમાં પણ એવી દહેશત ભરાઈ ગઈ. તેઓ મને હેનરીખ રોદઝેવિચ નામે ઓળખીતા દાકતર પાસે લઈ ગયા. એ માણસ સ્ત્રીઓના રોગોનો દાક્તર હતો. તેણે મારાં પોપચાંના અંદરના ભાગમાં નસ્તર મૂક્યું. મારી આંખે પાટા બાંધી દેવામાં આવ્યા. હું અંધારામાં અને પીડામાં તરફડતો કેટલાય દિવસ સુધી પડી રહ્યો. વિટસન્ડેના તહેવાર પહેલાંની સાંજે પાટા કાઢી નાખવામાં આવ્યા. હું જાણે જીવતો કબરમાં દટાઈ ગયો હોઉં અને પછી તેમાંથી ઊઠતો હોઉં એવી રીતે પથારીમાંથી ઊભો થયો. અંધાપાથી વધારે ભયંકર બીજું કશું ન હોઈ શકે. એ તો કહેતાં કહી ન જાય એવી કમનસીબી છે, તેનો ભોગ બનનારા માણસની જિંદગીના દસમાંથી નવ ભાગ છીનવી લેતી હોય છે.

ખુશાલ વિટસન્ડેના દિવસે મને માંદગીને કારણે કોઈ જાતના કામથી છૂટો રાખવામાં આવ્યો હતો. હું નોકરચાકરોને મળવા એક પછી એક રસોડામાં ફરતો રહ્યો. ગંભીર તુફાયેવ સિવાય બીજા બધાય નશામાં ચકચૂર હતા. સાંજ પડવા આવી ત્યારે યેર્મોખને સીદોરોવને માથામાં લાકડું ફટકારી દીધું. સીદોરોવ બેભાન થઈને બારણા નજીક ઢળી પડયો, અને ગભરાઈ ગયેલો યેર્મોખિન ભાગીને કોતરમાં છુપાઈ ગયો.

સીદોરોવનું ખૂન થઈ ગયું હોવાની અફવાઓ ઝડપથી ફળિયામાં ફેલાઈ ગઈ. ઓસરીનાં પગથિયાં પાસે નાનકડું ટોળું ભેગું થઈ ગયું. બંધ ઓસરી અને રસોડા વચ્ચેની જગ્યામાં બારણા નજીક લાંબા પડેલા નિશ્ચેતન સિપાહીને લોકો તાકીતાકીને જોઈ રહ્યા હતા. સૌ ગુસપુસ કરતા હતા કે પોલીસને બોલાવવા જોઈએ, પણ કોઈએ બોલાવ્યા નહિ, અને સિપાહીને અડવાની હિંમત કોઈને નહોતી થતી.

એટલામાં ધોબણ નાતાલ્યા કોઝલોવ્સ્કાયા આવી. તેણે લવેંડર રંગનું નવું ફ્રૉક પહેર્યું હતું અને ખભા ફરતે સફેદ રૂમાલ લપેટી રાખ્યો હતો. ખીજમાં લોકોને બાજુએ ધકેલી દેતી તે ઓસરીમાં આવી અને બેહોશ આદમી નજીક બેસી ગઈ.

"ગધેડા છો બધાય! આ તો જીવતો છે!" તે જોરથી ગરજી ઊઠી. "પાણી લાવો!"

"પારકી પંચાતમાં પડવું રહેવા દે!" તેને ચેતવણી આપવામાં આવી.

"પાણી! મેં કીધું ને!" જાણે આગના ભડકાની સામે ઊભી હોય એમ તેણે બરાડો પાડયો. પછી ફૂર્તિથી નવું ફ્રૉક ગોઠણથી ઊંચે ચડાવી દઈને અને ઘાઘરાને એક ઝટકે નીચે ખેંચી લઈને તેણે સિપાહીનું લોહી ટપકાવતું માથું ખોળામાં ગોઠવી દીધું.

બીકણ અને નાખુશ પ્રેક્ષકો ધીરેધીરે વિખેરાઈ ગયા. ઓસરીના ઝાંખા અજવાળામાં મને ધોબણના ગોળ ગોરા ચહેરામાં છલકાતી ચળકતી આંખો દેખાતી હતી. હું ડોલ ભરીને પાણી લઈ આવ્યો. તેણે મને સીદોરોવના માથા અને છાતી ઉપર પાણી રેડવા કહ્યું.

"પણ મને ભીંજાડી દેતો નહિ, મારે કોઈને મળવા જવાનું છે," તેણે ચેતવણી આપી.

સિપાહી ભાનમાં આવ્યો અને કાચ જેવી આંખો ખોલીને ઊંહકારા કરવા લાગ્યો.

"આને ઊંચો કર," નાતાલ્યા તેની બગલોમાં હાથ ભરાવતી અને પોશાક બગડે નહિ એટલા ખાતર તેને જરાક આઘેરો રાખતી બોલી. અમે તેને ઊંચકીને રસોડામાં લઈ ગયાં અને પથારીમાં સુવડાવી દીધો. બાઈ ભીના કપડા વડે મોં લૂછીને બહાર જતી બોલી:

"કપડું થોડીથોડી વારે ભીનું કરીને એના માથા ઉપર દબાવતો રહેજે, હું પેલા બીજા મૂરખને ગોતવા જાઉં છું. પાગલ શયતાનો છે! દારૂ ઢીંચીઢીંચીને આખરે જેલ ભેગા થઈ જવાના!"

તેણે ડાઘાવાળો ઘાઘરો કાઢી નાખ્યો અને પાટુ મારીને ખૂણામાં ફગાવી દીધો. પછી કડકડતા નવા ફ્રૉકને હાથ વડે કાળજીથી સરખું કરીને તે બહાર નીકળી ગઈ.

સીદોરોવે પગ લંબાવ્યા, હેડકી ખાધી, અને ઊંહકારો કર્યો. તેના માથામાંથી ઘેરું લોહી મારા ઉઘાડા પગ ઉપર ટપકી રહ્યું હતું. એથી મને અણગમો થતો હતો, પણ હું બીકને લીધે પગ ખસેડતો નહોતો.

મને કારમી નિરાશા થઈ. બહાર બધે તહેવારનો રંગ ફેલાયેલો હતો. બર્ચના કુમળા રોપાઓ વડે ઓસરીઓ તથા દરવાજાઓની સજાવટ કરવામાં આવી હતી. દરેક થાંભલે મેપલ તથા રોવાનની ડાળીઓ બાંધેલી હતી. આખે રસ્તે ખુશાલીનો રણકાર ગુંજી રહ્યો હતો. બધું નવલું અને તારુણ્યસભર લાગતું હતું. વહેલી સવારે મને લાગેલું કે વસંતનું પર્વ કાયમને માટે આવ્યું છે અને હવે પછી જિંદગી વધારે નિર્મળ, વધારે ઝળકતી, અને વધારે ખુશાલ રહેવાની.

સિપાહીએ ઊલટી કરી. ગરમ વોદ્કા અને ડુંગળીની ગૂંગળાવતી ગંધ આખા રસોડામાં ભરાઈ ગઈ. થોડીથોડી વારે દબાયેલા નાકવાળા અસ્પષ્ટ સપાટ ચહેરાઓ બારીના કાચ ઉપર દબાતા નજરે પડતા હતા, બન્ને તરફ ગોઠવેલી હથેળીઓ બિહામણા કાન જેવી લાગતી હતી.

સિપાહીનું ભેજું ઠેકાણે આવ્યું એટલે તે ગણગણ્યો:

"શું થયું? પડી ગયેલો? યેર્મોખિન? ખરો દોસ્ત નીકળ્યો!"

તેણે ઉધરસ ખાધી અને કેફી દશાનાં આંસુ ટપકાવતાં રાગડો તાણ્યો:

"નાનકી બહેની મારી! બિચારી નાનકડી બહેની મારી!"

ભીંજાયેલો, કાદવિયો, અને ગંધાતો આદમી પગને ટેકે ઊભો થયો, તમ્મર આવતાં પાછો પથારીમાં ફસકાઈ પડયો, અને ખોફનાક રીતે ડોળા ચગચગાવતો બોલ્યો:

"મને બરાબરનો મારી નાખ્યો!"

મને વાત રમૂજી લાગી.

"હસે છે કેમ, શયતાન?" સિપાહીએ બેનૂર નજરે મારી સામે તાકીને સવાલ કર્યો. "તને હસવું આવે છે જ કેવી રીતે? મને આમ મારી નાખ્યો, સાવ ખલાસ કરી નાખ્યો, એવી હાલતમાં..."

તે મને બેઉ હાથ વડે ધકેલતો બબડવા લાગ્યો:

"પહેલો નંબર, ઈલ્યા પેગંબર, એગોરીય બીજા નંબરે, ઘોડેસવાર થઈને, ત્રીજા નંબરની વાત, આવો ના મારી પાસ! ગયું ભાગી, વરુ..."

"બકવાટ બંધ કર!" મેં કહ્યું.

તે ખીજે ભરાઈને પગ આઘાપાછા કરતો બરાડયો:

"મને મારી નાખ્યો ને તું..."

પછી તેણે મને મેલા અને ભારે તથા ઢીલા હાથ વડે આંખો વચ્ચે ફટકો લગાવી દીધો. હું ચીલ પાડતો આંધળાની જેમ ફળિયામાં ધસી ગયો. યેર્મોખિનને હાથ પકડીને ઘસડી લાવતી નાતાલ્યા ઘાંટા પાડતી હતી:

"ચાલ, ચાલ હવે, ઘોડો ક્યાંનો!" મને જોતાં જ તે બોલી ઊઠી: "શું થયું?"

"લડવાનું ભૂત સવાર થઈ ગયું છે."

"લડવાનું?" નાતાલ્યાએ અચરજમાં પડી જઈને બોલ દોહરાવ્યો, અને યેર્મોખિનને ઝટકો મારીને કહ્યું:

"હશે, જંગલના ભૂત, નસીબદાર નીકળ્યો તું આ વખતે, ભગવાનનો પાડ માનજે!"

હું ટાઢા પાણી વડે આંખો ધોઈ લઈને બારણા વાટેથી રસડામાં નજર નાખવા પાછો આવ્યો. બન્ને સિપાહીઓ રોતા રોતા એકબીજાને ભેટીને વેવલાઈભર્યો મેળ કરી રહ્યા હતા. પછી તેમણે નાતાલ્યાને ભેટવાની કોશિશ કરી, પણ તેણે બેઉને તમાચા ફટકારીને આઘા ધકેલી દેતાં જોરથી ધમકાવી નાખ્યા:

"હાથ આઘા રાખો, કાળમુખાઓ! મને શું સમજી લીધી છે તમે, તમારી વંઠેલ બાઈડીયું જેવી? લાંબા થઈ જાઓ, અને માલિકો આવે તે પહેલાં થોડીક નીંદર કરી લો... ઝટ કરો, નહિતર ખેર નથી તમારી!"

તેણે બેઉને નાનકડાં બચ્ચાંની જેમ સુવડાવી દીધા, એકને ખાટલે અને બીજાને ભોંયપટે. સિપાહીઓ નસકોરાં બોલાવવા લાગ્યા એટલે તે ઓસરીમાં આવી.

"જો ને, ફ્રૉક સાવ ચોળાઈ ગયું, અને મારે કોઈને મળવા જવાનું છે! તને મારેલો? મૂરખનો જામ! જોઈ લે, વોદ્‌કા કેવા હાલ કરી નાખે છે! ક્યારેય પીતો નહિ, ભાઈ મારા! ટેવ પાડવી જ નહિ!"

દરવાજા નજીક બાંકડા ઉપર તેની બાજુમાં બેસી જઈને મેં પૂછ્યું કે તમને દારૂડિયાઓની બીક કેમ નથી લાગતી.

"મને તો કોઈની બીક નથી લાગતી, ભાનમાં હોય એવાનીયે નહિ. આમાં પકડી રાખું!" કહેતાં તેણે મને સખત ભીડેલી લાલ મુઠ્ઠી બતાવી. "મારે ધણી હતો, મરી ગયો, ઢીંચીને ઢગલો થઈ જતો. એના હાથપગ બાંધી લેતી, પછી નીંદર ખેંચીને ઘેન ઉતારી નાખે એટલે એનું પાટલૂન કાઢી નાખતી અને મઝાના મજબૂત સળિયા વડે બરાબરનો મેથીપાક ચખાડી દેતી. 'લે, લેતો જા! દારૂ મૂકી દે, ઢીંચીને છાકઠો થવાનુંયે મૂકી દે, તારે ઘરવાળી છે, મોજ માણવી હોય એટલી એની હારે માણી લે, દારૂના પ્યાલા હારે નહિ!' એમ પરખાવી દેતી. એટલું મારતી, એટલું મારતી, કે મારા હાથ દુખી જતા, વધુ મારવાનું બને જ નહિ એવા દુખી જતા, પછી નરમ ઘેંશ જેવો થઈને રહેતો..."

"તમે ખરાં જોરાવર છો!" મેં કહ્યું, અને ખુદ ઈશ્વરને છેતરનારી ઓરત ઈવ મને યાદ આવી ગઈ.

નાતાલ્યાએ નિસાસો નાખીને જવાબ આપ્યો:

"ઓરતને આદમી કરતાં વધારે તાકાતની જરૂર પડે, એને બે જણની તાકાતની જરૂર પડે, પણ ભગવાને એને છેતરીને તાકાત ન આપી. ગામડિયો... ભરોસાને લાયક આદમી નહિ!"

તે વેરઝેરની કશી લાગણી વગર સ્વસ્થ અવાજે બોલતી હતી, મોટી છાતીએ હાથની અદબ વાળીને બેઠી હતી, તેની પીઠ વાડ તરફ હતી અને ગમગીન નજર કચરો છવાયેલા બંધ ઉપર મંડાયેલી હતી. હું બેઠોબેઠો તેની શાણી વાતો સાંભળતો વખતના વહેણને સાવ ભૂલી ગયો. એકાએક મને બંધને બીજે છેડેથી માલિક અને તેના હાથને ટેકે ચાલતી માલિકણ નજરે પડયાં. બેઉ ધીરેધીરે અને ભારેખમ અદાથી, જાણે કૂકડા-કૂકડીની જોડીની જેમ, ચાલતાં હતાં, અને અમારી તરફ જોતાં વાતચીત કરતાં હતાં.

મેં દોડીને આગળનું બારણું ખોલ્યું. અમે દાદરો ચડતાં હતાં ત્યારે માલિકણ ડંખીલા અવાજે બોલી:

"તો ધોબણની દોસ્તી કરી છે, એમ ને? નીચેવાળી બાઈ પાસેથી એવું જ શીખ્યો છો કે શું?"

ટકોરમાં એટલી બધી મૂઢતા હતી કે માઠું લગાડવાનો સવાલ જ નહોતો, પણ માલિકે જરાક હસીને તેમાં ઉમેરેલાં વેણથી મને વધારે ખરાબ લાગ્યું:

"ઠીક હવે, સમજો કે વખત પાકી ગયો ગણાય, નહિ?"

બીજે દિવસે સવારે હું લાકડાં લઈ આવા છાપરીમાં ગયો ત્યારે મને બારણાના બાકોરા નજીક ખાલી બટવો મળ્યો. મેં એ બટવો કેટલીય વાર સીદોરોવ પાસે જોયેલો, એટલે તરત જઈને તેને આપી દીધો.

"પણ પૈસા ક્યાં?" તેણે અંદર આંગળીઓ ફેરવતાં સવાલ કર્યો. "એક રૂબલ અને ત્રીસ કોપેક. ચાલ, હાથમાં મૂકી દે!"

તેના માથા ફરતે ટુવાલ વીંટેલો હતો, ચહેરો પીળો અને તરડાઈ ગયેલો હતો. તેણે સૂજેલી આંખો ઉઘાડમીચ કરતાં મારી વાત માનવાનો ઇનકાર કર્યો કે બટવો મને ખાલી જ મળેલો.

એટલામાં યેર્મોખિન આવ્યો. તેણે સીદોરોવના મનમાં ઠસાવવાની કોશિશ કરી કે ચોરી મેં જ કરી હોય.

"એણે જ લીધા છે," તે મારી તરફ માથું હલાવતો બોલ્યો. "એના માલિક પાસે લઈ જા. સિપાહી પોતાના ભાઈ જેવા સિપાહીનું કાંઈ ચોરે જ નહિ."

તેના બોલ સાંભળીને મને અણસારો આવી ગયો કે પૈસા તેણે જ ચોરી લીધેલા અને પછી બટવો છાપરી નજીક મૂકી દીધેલો. એટલે મેં એ જ ઘડીએ તેના મોઢા ઉપર એમ કહી દીધું:

"તું ખોટું બોલે છે! તેં જ પૈસા ચોરી લીધા છે!"

મને મારી અટકળ સાચી હોવાની પૂરી ખાતરી હતી. યેર્મોખિનનો બરછટ ચહેરો બીક અને ખીજમાં મરડાઈ ગયો.

"સાબિત કરી દે!" તેણે રાડ પાડી.

સાબિત કેવી રીતે કરું? યેર્મોખિન ઘાંટા પાડતો મને ફળિયામાં ઢસડી ગયો. સીદોરોવ પણ ઘાંટા પાડતો પાછળ પાછળ આવ્યો. બારીઓમાંથી માથાં બહાર ડોકાવા લાગ્યાં. રાણી માર્ગોની મા કાયમી વળગણ જેવી સિગરેટના દમ ખેંચતી શાંત નજરે અમને જોતી હતી. મારી બાનુની નજરમાં સાવ હલકો પડી ગયો હોવાનો ખ્યાલ આવતાં હું સાન ખોઈ બેઠો.

મને યાદ છે કે સિપાહીઓ મને હાથ પકડીને મારા માલિક લોકો પાસે

લઈ ગયા, તેઓ મારી ઉપરનું તહોમત સાંભળતા એકબીજાની સામે માથું હલાવતા રહ્યા.

"ચોક્કસ એનું જ કરતૂત છે," નાની માલિકણ બોલી. "રાતે દરવાજે ધોબણની જોડે દોસ્તી કરતો જોયેલો એને... પૈસા તો હોવા જ જોઈએ, એવી છે ને... કે પૈસા વગર તો દાળ ગળે જ નહિ."

"બરાબર!" યેર્મોખિન બોલી ઊઠયો.

મારું માથું જાણે ઘૂમરીઓ ખાવા લાગ્યું. જંગલી ઝનૂન મારી ઉપર સવાર થઈ ગયું. હું માલિકણની સામે ગરજવા લાગ્યો. બદલામાં મને ભયંકર માર પડયો.

પણ મને મારથી જેટલો સંતાપ થયો એથી ઘણી વધારે યાતના એવા ખ્યાલથી થઈ કે રાણી માર્ગો મારે વિશે શું ધારી લેશે, તેની નજરમાં હું મારો બચાવ કેવી રીતે કરી શકીશ. મારે માટે એ ઘડી બહુ કારમી હતી.

સારા નસીબે સિપાહીઓએ કિસ્સાની ખબર ઝડપથી આખા ફળિયામાં અને શેરીના એક છેડાથી બીજા છેડા સુધી ફેલાવી દીધી. સાંજે હું મેડામાં પડયો હતો ત્યારે નીચેથી નાતાલ્યા કોઝલોવ્સ્કાયાના ધાંટા કાને પડયા:

"હું શું કામ મૂંગી રહું? અહીં આવ, ભલા આદમી, આવી જા, કહું છું કે આવી જા, નહિતર તારા માલિક પાસે જવાની, પછી એ મોકલશે તને, છટકાશે નહિ!"

મને તરત ખ્યાલ આવી ગયો કે ધમાલ મારી બાબતમાં જ હતી. બાઈ અમારા બારણા પાસે ઊભી ઊભી ઘાંટા પાડતી હતી, તેનો અવાજ એકધારો વધારે જોર પકડતો હતો અને તેમાં ફતેહનો રણકાર લગાતાર વધી રહ્યો હતો.

"કાલે મને કેટલા પૈસા બતાવેલા? ક્યાંથી મળેલા તને, હેં? જરાક વાત કર એટલે સાંભળીએ તો ખરાં!"

હું જાણે ખુશીનો માર્યો ગૂંગળાઈ ગયો. મને સીદોરોવનાં કંગાળ રોદણાં કાને પડયાં:

"અરેરે! યેર્મોખિન! યેર્મોખિન!"

"અને બિચારા છોકરાને કસૂરવાર ઠરાવીને ઢીબી નાખ્યો!"

મને નીચે ધસી જવાનું, ખુશીના જોશમાં નાચવાનું, અને ધોબણના હાથે બચી ભરી લેવાનું મન થયું, પણ એટલામાં ઘણું કરીને બારીએથી મારી માલિકણનો ઘાંટો કાને પડયો:

"છોકરાને તો એની ગંધારી જીભડીને લીધે માર પડેલો, તારા સિવાય બીજા કોઈને ખ્યાલ જ નથી આવ્યો કે પૈસા એણે ચોર્યા હોય, ફૂવડ ક્યાંની!"

"ફૂવડ તો તમે જ છો, બાનુ મારાં, અને પાછાં જાડી મઝાની ગાય જેવાં, એટલું તમને કહી લેવા દો!"

તેમના કજિયાનો અવાજ મને જાણે કાનમાં રેડાતા સંગીત જેવો લાગતો હતો. મારાં પીડાનાં અને નાતાલ્યા તરફ અહેસાનનાં ઊનાંઊનાં આંસુ મારાં હૈયામાં છલકાવા લાગ્યાં, અને તેમને ખાળવાની મહેનતમાં હું જાણે ગૂંગળાઈ ગયો.

માલિક મેડાનો દાદરો ધીરેધીરે ચડીને ઉપર આવ્યો અને મારી નજીક એક લાંબી વળીના ફાલતુ છેડા ઉપર બેસી ગયો.

"લાગે છે કે તારું નસીબ જ વાંકું છે, પેશ્કોવ," તે વાળ સરખા કરતો બોલ્યો.

મેં કશો જવાબ આપ્યા વગર મોં બીજી તરફ ફેરવી લીધું.

"પણ ના પડાય એમ નથી કે તારો જીભડો એકદમ ખોફનાક છે," તે આગળ બોલ્યો.

"આમાંથી ઊભો થાઉં એટલે તરત જતો રહેવાનો છું," મેં સ્વસ્થ અવાજે જણાવી દીધું.

તે ધુમાડા કાઢતો કેટલીય વાર સુધી ચુપ બેસી રહ્યો, અને પછી જાણે સિગરેટના છેડાનું કાળજીથી પરીક્ષણ કરતો બોલ્યો:

"ભલે, તારી મરજીની વાત છે. હવે તું કંઈ નાનકડો છોકરો નથી, શું કરવામાં ફાયદો છે એટલું સમજવા જેવડો થઈ ગયો છે."

તે ઊભો થઈને નીચે ચાલ્યો ગયો. મને હંમેશની જેમ તેની બાબતમાં અફસોસ થયો.

ચાર દિવસ પછી મેં નોકરી છોડી દીધી. રાણી માર્ગોને અલવિદા કહી આવવાનું મને બેહદ મન થયું હતું, પણ તેને મળવા જવાની હિંમત મારામાં નહોતી, અને ખરું કહું તો મને આશા હતી કે પોતે જ બોલાવશે.

નાનકડી બાળકીની વિદાય લેતી વેળા મેં કહ્યું:

"માને કહેજે કે મેં બહુ આભાર માન્યો છે, બહુ જ! યાદ રહેશે ને?"

"હા," તેણે નાજુક હેતાળ મલકાટ કરતાં વાયદો કર્યો. "આવજે, કાલ સુધી!"

હું લગભગ વીસ વરસ પછી તેને ફરી મળ્યો. તે જાસૂસી પોલીસના અફસરની પત્ની હતી.

૧૧

મેં વળી વાસણો ધોવાનું કામ મેળવી લીધું, આ વખતે 'પેર્મ' નામની મોટી આગબોટમાં. હંસલા જેવી ધોળી આગબોટ બહુ વેગીલી હતી. મને વાસણો ધોનારાના મદદનીશની, અથવા "રસોડાના નોકર"ની, જગ્યા મળી હતી. પગાર માસિક સાત રૂબલનો હતો. મારું કામ રસોઈયાને મદદ કરવાનું હતુ.

ભંડારી જાડિયો આદમી હતો, જાણે ગુસ્તાખીનો ફુગ્ગો અને રબરના દડા જેવો ટાલિયો. તે પીઠે હાથના આંકડા ભીડીને આખો દિવસ તૂતક ઉપર આંટા મારતો રહેતો, જાણે કોઈ ડુક્કર સખત તાપમાં છાંયો ઢૂંઢતું હોય એવો લાગતો. તેની વહુ ભોજનખંડને શોભાવતી. ચાળીસ વરસની બાઈ એક જમાનામાં દેખાવડી રહી હશે પણ હવે તો ઘસાઈને બદસૂરત બની ગયેલી હતી. તે એટલો બધો પ્રાવડર લગાવતી કે કણીઓ ગાલ ઉપરથી ખરીને ભભકદાર પોશાક ઉપર ચીકણી ધોળી ભૂકી જેવી છવાઈ જતી.

રસોડાની સરદારી ઈવાન ઈવાનોવિચ નામે રસોઈયાના હાથમાં હતી. તેને જીંથરિયા ભાલુનું હુલામણું નામ આપવામાં આવ્યું હતું. ઠીંગણા રાતામાતા આદમીનું નાક આંકડી જેવું હતું, આંખોમાં ટીખળ રમતું રહેતું, રીતભાત વરણાગિયા જેવી હતી, કાંજી ચડાવેલા કડક કોલર પહેરતો, રોજ દાઢી કરવાથી ગાલોમાં ભૂરાશની ઝાંય આવી ગયેલી હતી. તે કાળી મૂછોને ઊંચે વાળેલી રાખતો, ફુરસદમાં હોય ત્યારે, શેકાઈને રાતી પડી ગયેલી આંગળીઓ વડે, મૂછોને વળ ચડાવતો અને નાનકડી આરસીમાં ગર્વીલી નજરે નીરખતો રહેતો.

આગબોટમાં સૌથી વધારે દિલચસ્પ માણસ બેઠી દડીનો પહોળા ખભાવાળો ગામડિયો ભઠ્ઠીમજૂર યાકોવ શૂમોવ હતો. ચીબા નાકવાળો તેનો ચહેરો પાવડા જેવો સપાટ હતો, રીંછ જેવી આંખો ભરાવદાર ભવાં નીચેથી આમતેમ નજર નાખતી રહેતી, ગાલે છવાયેલી દાઢીના વાંકડિયા વાળ કળણની શેવાળ જેવા લાગતા હતા, અને માથે વાળનાં ગૂંચળાં એટલાં ભરાવદાર હતાં કે તે વાંકી આંગળીઓ તેમાં માંડમાંડ ફેરવી શકતો.

આદમી કામયાબ જુગારી અને હેરત થાય એવો ખાઉધરો હતો. તે ભૂખ્યા કૂતરાની જેમ રસોડા નજીક આંટા મારતો રહેતો, માસ કે હાડકાં માગતો રહેતો, અને સાંજે ઝીંથરિયા ભાલુ ભેગો ચા પીતી વેળા પોતાની જિંદગીના અજબ કિસ્સા સંભળાવતો રહેતો.

તે બાળપણમાં રિયાઝાનમાં શહેરના ગોવાળને મદદ કરતો, પછી કોઈ સફરી વૈરાગીએ તેને લલચાવીને મઠમાં દાખલ કરાવી દીધો. તેણે દીક્ષાડા ઉમેદવાર તરીકે ચાર વરસ મઠમાં ગાળ્યા.

"અરે, હું તો હજીયે જોગીબાવો હોત, ભગવાનનો કાળો તારો," તેણે ટેવ મુજબના ટીખળિયા અવાજે કહ્યું, "પણ પેન્ઝાની ભગતાણી બાઈ અમારા મઠમાં આવી. મઝાની નાનકડી ઓરત હતી, એણે મારું માથું સાવ ઊંધું ફેરવી નાખ્યું. એ કહેતી કે 'વાહ રે, કેવો મઝાનો આદમી, કેવો જોરાવર, અને હું, ઈમાનદાર વિધવા બાઈ, સાવ એકલી, હાલ ને મારી ભેગો, મારા ઘરનું ધ્યાન રાખજે, ઘરનું ઘર છે, મરઘાંનાં પીછાંનો ધંધો છે..."

"આપણને તો કંઈ વાંધો હતો જ નહિ. બાઈ મને ઘરનું ધ્યાન રાખવા ભેગો લઈ ગઈ, મેં એને રખાત કરીને રાખી, લગભગ ત્રણ વરસ મોજની જિંદગી માણી..."

"નફ્ફટ લબાડ છો તું," ઝીંથરિયો ભાલુ ફિકરભરી નજર નાકના મસા ઉપર ઠેરવતો વચમાં બોલ્યો. "ખોટું બોલવાથી પૈસા મળી જતા હોય તો તું અમીર બની જા."

યાકોવ ખાવાનું ચાવતો રહ્યો, તેના ગાલે વાળનાં ગૂંચળાં ઉપરનીચે હલતાં હતાં અને રૂંછાંદાર કાન આઘાપાછા સરકતા હતા. રસોઈયાએ વચમાં બોલી લીધું એટલે યાકોવે વળી વેગીલી એકધારી રીતે વાત આગળ ચલાવી:

"મારાથી મોટી હતી, એટલે હું કંટાળી ગયો, સાવ ધરાઈ ગયો એનાથી, હા વળી, અને એની ભાણી જોડે વહેવાર બાંધી લીધો, પણ પેલીને ખબર પડી ગઈ એટલે મને ગરદન પકડીને કાઢી મૂક્યો.

"તારી લાયકાત મુજબનો બદલો મળી ગયો, બહેતર અંજામ આવે જ નહિ," રસોઈયો યાકોવના જેવી જ સાદી અને સરળ રીતે બોલ્યો.

ભઠ્ઠીમજૂરે સાકરનો ગાંગડો ગલોફામાં ભરાવીને વાત આગળ ચલાવી:

"પછી હું થોડો વખત આડોઅવળો ભટકતો રહ્યો અને આખરે મેં વ્લાદીમિરના એક ઘરડા વેપારીનો સંગાથ કરી લીધો. અમે બેઉ અરધી

દુનિયા ફરતે રખડી આવ્યા, બાલ્કન નામે પહાડોમાં ગયા, તુર્કીઓ ને રુમાનિયનો ને ગ્રીકોના દેશોમાં ગયા, તરેહવાર ઑસ્ટ્રિયાક લોકોના દેશમાંયે ફરી આવ્યા, જાતજાતના લોકોમાં ઘમી આવ્યા, કોઈની પાસેથી ખરીદતા તો કોઈને વેચતા..."

"ચોરી કરેલી?" રસોઇયાએ એકદમ ગંભીર અવાજે સવાલ કર્યો.

"બુઢ્ઢો કરે જ નહિ ને! એણે મને કહેલું: પરદેશની જમીનમાં ઈમાનદારથી કદમ ભરવાં, કાયદા એવા છે કે જરાક સરખીયે ચોરી કરનારનું માથું વાઢી નાખે. અરે હા, મેં તો બેશક કોશિશ કરેલી ચોરવાની, પણ કંઈ વળ્યું નહિ. એક સોદાગરના તબેલામાંથી ઘોડો લઈને પોબારા ગણી જવાની તરકીબ ઘડેલી, પણ કામયાબી ન મળી. પકડી લીધો મને, અને કુદરતી વાત છે કે મારવા મંડી પડયા, ખૂબ મારી લીધો એટલે પછી ઢસડીને પોલીસથાણે લઈ ગયા. અમે બે જણ હતા, એક તો ખરો ચોર, ઘોડાની ચોરીનો ધંધો ઈમાનદારીથી કરનારો આદમી, અને બીજો હું તો મોટે ભાગે ખાલી જોવા જ કે શું થાય છે. એ વખતે સોદાગકનું જ કામ કરતો'તો, એના નવા હમામમાં ભઠ્ઠી બાંધવાનું. સોદાગર માંદો પડી ગયો, એને માઠાં સપનામાં રોજ હું નજરે પડું. બિચારો ધાક ખાઈ ગયો. એણે મોટા અમલદારો કને જઈને વાત કરી: 'છોડી મૂકો, રોજ મને સપનામાં દેખાય છે, માફ નહિ કરું તો નક્કી મારું મોત જ સમજી લેવાનું, જાદુગર છે, એમાં શંકાનો સવાલ જ નથી'—એટલે હું જાદુગર. સોદાગર બહુ જાણીતો હતો, એટલે મને છોડી મૂક્યો..."

"છોડવો નહોતો જોઈતો, ગળે પથરો બાંધીને ત્રણ દિવસ નદીમાં ડુબાડી રાખ્યો હોત અને તારા બધાય મૂરખવેડા ધોઈને કાઢી નાખ્યા હોત તો સારું હતું!"

યાકોવે ખ્યાલને તરત પકડી લીધો:

"ખરી વાત, મારામાં મૂરખવેડા બહુ છે, એટલા બધા કે ખરું કહેતાં આખા ગામને પૂરતા થઈ પડે."

રસોઇયો આંગળી ભરાવીને કૉલરને ખીજમાં ખેંચતો અને માથું હલાવતો ચીડભર્યા અવાજે બોલ્યો:

"કેવો લવારો! આવો ગુનેગાર છૂટથી ફરે છે, અકરાંતિયાની જેમ ખાય છે ને પીએ છે ને ઘોરે છે, કેમ? બોલ તો, તું જીવે છે શું કામ?"

ભઠ્ઠીમજૂરે હોઠ બચકારતાં જવાબ આપ્યો:

"એની તો ખબર નથી. બાકીના બધાયની જેમ જીવું છું. કોઈ લંબાવીને પડયા રહે છે, કોઈ આંટાફેરા કરતા રહે છે, કારકુનો આખો દિવસ પૂંઠને ટેકે બેઠા રહે છે, પણ સૌને ખાવું તો ચડે જ છે."

એથી રસોઈયાની ખીજનો પારો વધારે ઊંચે પડી ગયો.

"તું એવો ડુક્કર છો કે કહેતાં કહેવાય જ નહિ, ડુક્કરને ખાવાના એંઠવાડ જેવો છો, ચોક્કસ!"

"તારું મગજ આટલું તપી કેમ ગયું છે?" યાકોવ અચરજમાં પડી જતો બોલ્યો. "અમે ગામડિયા તો બધાય એક જ વાડીના મૂળા. ગુસ્સો મૂકી દે, એથી હું જરાય બહેતર નથી બનવાનો."

મને થોડા વખતમાં જ એ આદમી જોડે બહુ મેળ બંધાઈ ગયો. હું અણઓસરતી હેરતમાં તેને તાકી રહેતો અને મોં પહોળું કરીને તેની વાતો સાંભળતો રહેતો. મને લાગતું કે તેણે પોતાની અંદર જિંદગીના અનુભવનું મજબૂત માળખું બાંધી લાધું છે. તે સૌની જોડે "તુંકારે" વાત કરતો, ભરાવદાર ભવાં નીચેથી સૌની સામે એકસરખી નિખાલસ સ્વતંત્રતાથી જોતો, સૌને—કૅપ્ટન, ભંડારી, અને પહેલા વર્ગના મોભાદાર મુસાફરોને—ખલાસીઓ, ભોજનખંડના ચાકરો, ત્રીજા વર્ગના મુસાફરો, અને પોતાની જોડે એક જ સપાટીએ રાખતો.

ક્યારેક ક્યારેક તે વાનર જેવા હાથના આંકડા પીઠે ભીડીને કૅપ્ટન અથવા મોટા ઇજનેરની સામે ઊભો ઊભો મૂંગોમૂંગો ઠપકો સાંભળતો રહેતો. ઠપકાના કારણમાં કાં તો તેનું આળસુપણું હોય અથવા પત્તાંના ખેલમાં કશી ફિકર વગર કોઈને સાવ ધૂતી લેવાની બાબત હોય. સાફ દેખાઈ આવતું કે ઠપકાની કોઈ જાતની અસર તેની ઉપર ન પડતી, અને આગલે બંદરે આગબોટમાંથી ઉતારી દેવાની ધમકીથી તે જરાય ગભરાતો નહિ.

"મઝાની વાત"ની બાબતમાં જેમ કશુંક નિરાળું હતું એમ જ યાકોવની બાબતમાં પણ કશુંક નિરાળું હતું. તેને પણ જાણે ખાતરી થઈ ગઈ હોય એમ લાગતું હતું કે પોતે જુદી માટીનો આદમી છે, બીજા લોકો સમજે જ નહિ એવો માણસ છે.

મેં એ માણસને ઉદાસ અથવા મોં ચડાવીને બેઠેલો ક્યારેય નહોતો જોયો, અને લાંબો વખત મૂંગો જોયાનું પણ યાદ નથી. તેને હોઠેથી બોલ અણથંભ વહેણની જેમ, જાણે તેની મરજી વિરુદ્ધ, વહેતા જ રહેતા. તેને ઠપકો

આપવામાં આવતો હોય કે કોઈ દિલચસ્પ વાત કહેવામાં આવતી હોય ત્યારે જાણે સાંભળેલું દોહરાવતો હોય, અથવા પોતાના વિચારોને મૂંગોમૂંગો ઘૂંટતો હોય, એમ તેના હોઠ હલતા રહેતા. રોજ કામ પતી જાય એટલે ભંડકમાંથી ઉપર આવે ત્યારે પરસેવે રેબઝેબ હોય, તેલના લપેડા થઈ ગયા હોય, પગ ઉઘાડા હોય, પટ્ટા વગર ઢીલું અને ભીનું ખમીસ ખુલ્લું હોય, છાતીએ વાંકડિયા વાળનાં જાળાં નજરે પડતાં હોય. થોડી વારમાં તેનો ઊંડો એકધારો અવાજ તૂતક ઉપર વરસાદનાં ફોરાંની જેમ શબ્દોને ટપકાવતો સંભળાવા લાગે.

"સલામ, માડી! ક્યાં જવું? ચીસ્તોપોલ? જગ્યા મેં જોયેલી છે, અમીર તાતાર ખેડૂતનું કામ કરતો, નામ ઉસાન ગુબાઇદુલિન હતું. બુઢ્ઢાને ત્રણ બૈરીઓ હતી, અલમસ્ત આદમી હતો, રાતા મોઢાવાળો. એક જુવાન ઘરવાળી મઝાની નાનકી તાતાર ઓરત હતી, એની જોડે મેં પાપનો વહેવાર બાંધેલો..."

તે દરેક ઠેકાણે જઈ આવ્યો હતો અને ભેટી ગયેલી લગભગ બધી સ્ત્રીઓ જોડે તેણે આડો વહેવાર બાંધ્યો હતો. તે બધા કિસ્સાઓ સ્વસ્થ અને માયાળુ અવાજે કહી સંભળાવતો, જાણે કેમ તેને કોઈએ ક્યારેય દુભાવ્યો કે ધમકાવ્યો જ ન હોય. એકાદ મિનિટ પછી તેના બોલ આગબોટના પાછલા ભાગમાં ક્યાંક રણકવા લાગતા.

"કોઈને પત્તાં રમવાનું મન છે? મરજી પડે એવો ખેલ! મજેદાર ચીજ કહેવાય, પત્તાં! બસ, બેસી જવાનું, અને વેપારીની જેમ પૈસા ભેગા કરવાનું!"

મારા ધ્યાનમાં આવી ગયું હતું કે તે "સારું", "ખરાબ", અથવા "ગંદું" જેવા શબ્દો ક્યારેય ન વાપરતો પણ લગભગ હંમેશાં "મઝાનું", અથવા "મજેદાર", અથવા "અજબ" શબ્દો વાપરતો. તેની ભાષામાં રૂપાળી સ્ત્રી એટલે "મઝાની નાનકડી ઓરત" અને સરસ તડકાવાળો દિવસ એટલે "મજેદાર દિવસ". તે વારંવાર બોલી ઊઠતો: "થૂંક!"

સૌ તેને આળસુ ગણાવતા, પણ મને લાગતું કે ગંધારા બફારિયા ભંડકમાં તે બીજા કોઈના જેટલી જ ખંતથી મહેનત કરતો, અને બીજા ભઠ્ઠીમજૂરોની જેમ થાકની ફરિયાદ કરતો મેં તેને કદી નહોતો સાંભળ્યો.

એક દિવસે મુસાફરોમાંથી કોઈ ઘરડી બાઈનો બટવો ચોરાઈ ગયો.

સાંજની વેળા હતી, આસમાન સાફ હતું, વાતાવરણ શાંત હતું, સૌ ખુશાલ હતાં. કેપ્ટને ડોશીને પાંચ રૂબલ આપ્યા, અને મુસાફરોએ ફંડ ચાલુ કરી દીધું. ડોશીને પૈસા આપવામાં આવ્યા ત્યારે તેણે ક્રૉસની નિશાની કરીને કમ્મરેથી નમી જતાં કહ્યું:

"અરે, ભલાં માણસો! તમે તો મને મારા બટવાના પૈસાથી ત્રણ રૂબલ ને દસ કોપેક વધારે આપ્યા!"

કોઈએ મોજમાં સાદ પાડયો:

"રાખી લે, ડોશી, અને અહેસાન માન! વધારાના ત્રણ રૂબલ કામ આવશે."

કોઈએ જુગતી વાત કહી:

"પૈસા કંઈ માણસ નથી, અણગમતા ક્યારેય હોય જ નહિ!"

પણ યાકોવે ડોશીની પાસે જઈને પોતાની આગવી જ વાત કરી:

"વધારાના પૈસા મને આપી દે, મને પત્તાં રમવાનો જોગ થાશે."

લોકો હસી પડયા. સૌને લાગ્યું કે ભઠ્ઠીમજૂર મજાક કરે છે. પણ યાકોવ તો ગંભીરતાથી પોતાની વાતને વળગી રહ્યો.

"દઈ દે ને, ડોશી! તારે પૈસાને શું કરવા છે? કાલે તો કબર ભેગી થઈ જવાની!.."

લોકોએ તેને ધમકાવીને ભગાડી મૂક્યો. તેણે હેરતમાં પડી જઈને મને કહ્યું:

"કેવો અજબ જમેલો છે! બીજા લોકોના મામલામાં માથું મારવાની શી જરૂર છે એમને ? ડોશીએ પોતે જ કહેલું કે વધારાના પૈસાની એને જરૂર નથી, અને મને ત્રણ રૂબલ મળ્યા હોત તો ભારે મોજ પડી હોત..."

તેને પૈસા ખાલી જોવામાં જ મઝા પડતી હોય એમ લાગતું હતું. વાત કરતી વેળા તે ચાંદીના અથવા ત્રાંબાના સિક્કાને પાટલૂન ઉપર ઘસીને ચળકાવતો અને પછી ચળકાટ જોવા પોતાના ચીબા નાક સામે ધરી રાખતો. પણ લોભિયો નહોતો.

એક દિવસે તેણે મને પત્તાં રમવાનું કહ્યું. મને તો આવડતું જ નહોતું.

"નથી આવડતું?" તે અચરજમાં બોલી ઊઠયો. "એમ કેમ? વાંચતાં તો આવડે છે! શીખવવું પડશે. ચાલ, ખાલી મોજ ખાતર રમીએ, પૈસાને બદલે સાકરના દાવ લગાવીશું."

તે મારી પાસેથી અરધો રતલ સાકર જીતી ગયો અને એક એક ગાંગડો

કરીને ગલોફામાં ભરાવતો ગયો. રમત મારી સમજણમાં ઊતરી ગઈ હોય એમ લાગ્યું એટલે તેણે કહ્યું:

"ચાલ, હવે રીતસર રમીએ, પૈસા લગાવીને. પૈસા છે?"

"પાંચ રૂબલ."

"મારી પાસે બેથી જરાક વધારે છે."

સ્વાભાવિક રીતે જ તેણે થોડી વારમાં મારા બધાય પૈસા જીતી લીધા. હારના પૈસા પાછા વસૂલ કરી લેવાની આશાએ મેં પાંચ રૂબલમાં શિયાળુ કોટ દાવતમાં લગાવ્યો, પણ હારી ગયો. પછી ત્રણ રૂબલમાં નવા બૂટ લગાવી દીધા, અને ફરી વાર હારી ગયો. યાકોવ ચીડમાં અને લગભગ તપી જઈને બોલ્યો:

"ના, તારાથી પત્તાં રમવાનું નહિ બને, તું વધારે પડતો આકળો થઈ જાય છે. લે તારા બૂટ ને કોટ પાછા, મને ન ખપે, અને આ પૈસાય લઈ લે, ચાર રૂબલ. એક રૂબલ મારો, તને શીખવવાનો... ઠીક છે ને, હેં?"

મેં તેનું અહેસાન માન્યું.

"થૂંક!" મારા અહેસાનના જવાબમાં તે બોલ્યો. "રમત એટલે રમત, મતલબ કે ખાલી મોજ ખાતર. પણ તું તો જાણે લડતો હોય એવી રીતે રમે છે. લડવામાંયે આકળા તો થવાય જ નહિ! મગજ ઠંડું જ રાખવું. આકળા થવાની જરૂર જ ક્યાં છે? હજી નાનો છો, મનને બરાબર કાબૂમાં રાખવું. એક વાર થાપ ખાઈ જવાય, પાંચ વાર, સાત વાર થાપ ખાઈ જવાય, વાંધો નહિ, થૂંકવાનું! ડગલું પાછળ ખસી જવું, માથું ઠંડું કરી લેવું. પછી ફરી હાથ અજમાવવો. પત્તાં એમ રમાય."

મને તે દિવસે દિવસે વધારે, અને ભેગો ઓછોયે, ગમતો હતો. ક્યારેક તેની વાતો સાંભળતી વેળા મને નાનીમા યાદ આવી જતી. મને ગમતું ઘણું તેનામાં હતું, પરંતુ તેની હસ્તીમાં લોકો તરફ ઉદાસીનતાનું જાડું પડ જોઈને મને ઘૃણા થતી. એ પડ તેની આખી જિંદગી દરમિયાન ધીરેધીરે જામી ગયું હોય એમ લાગતું હતું.

એક દિવસે સૂરજ આથમી રહ્યો હતો ત્યારે બીજા વર્ગનો એક મુસાફર, પેર્મનો જાડિયો વેપારી, દારૂ ઢીંચીને છાકટો થઈ ગયો અને નદીમાં પડી ગયો. પાણીમાં જોરજોરથી હાથપગ મારતો આદમી લાલ-સોનેરી લિસોટામાં ખેંચાતો રહ્યો અને આગબોટ આગળ નીકળી ગઈ. એંજિન તરત બંધ કરી દેવામાં આવ્યાં અને આગબોટ ધીરેધીરે થંભી ગઈ. હલેસાંનાં પૈડાંથી

પેદા થતા ફીણના ઢગલા સૂર્યાસ્તમાં લોહી જેવા રાતા દેખાતા હતા. હવે ખૂબ પાછળ રહી ગયેલી ઘેરી કાયા એવા ઊછળતા લોહીમાં ધમપછાડા કરતી હતી, કાળજું વીંધી નાખે એવી ચીસો પાણીમાંથી સંભળાતી હતી. મુસાફરો પણ દેકારા અને ધક્કામુક્કી કરતા આગબોટના પાછળના ભાગમાં ભેગા થઈ રહ્યા હતા. ડૂબતા માણસનો એક દોસ્ત, તેની જેમ જ ચકચૂર, રાતા વાનનો ટાલિયો આદમી, ટોળામાંથી માર્ગ કરતો આવતો હતો અને ઘાંટા પાડતો હતો:

"રસ્તો કરો! રસ્તો કરો! હમણાં પહોંચી જાઉં છું એની પાસે!"

બે ખલાસીઓ ક્યારના પાણીમાં કૂદી પાડયા હતા અને વેગીલા હેલારા મારીને ડૂબતા માણસ તરફ જઈ રહ્યા હતા. બચાવની હોડી પાણીમાં ઉતારવામાં આવી હતી. ખલાસીઓના ઘાંટા અને બાઈઓની ચીસાચીસમાંથી યાકોવનો સ્વસ્થ ઘોઘરો અવાજ એકધારો સંભળાતો હતો:

"ગમે એમ કરો તોયે ડૂબી જવાનો જ છે, એણે કોટ પહેર્યો છે એટલે. લાંબાં કપડાં પહેર્યાં હોય તો ચોક્કસ ડૂબી જવાનું થાય જ. ઓરતોની વાત લો ને, કાયમ મરદ આદમીથી પહેલી કેમ ડૂબી જાય છે? ઘાઘરાને લીધે. ઓરત પાણીમાં જઈ પડે કે તરત મણિયાની જેમ સીધી તળિયે પહોંચી જવાની! જોઈ લો, ડૂબી ગયો! મેં કીધું'તું ને?"

માણસ ખરેખર ડૂબી ગયો હતો. બે કલાક સુધી શબની નકામી તલાશ ચાલતી રહી. તેના દોસ્તનું ઘેન ઊતરી ગયું હતું અને તે આગબોટના પાછળના ભાગમાં હતાશ બેઠોબેઠો બબડતો હતો:

"જુઓ તો ખરા, આ શું થઈ ગયું! હવે શું કરવું? એના સગાંને હું શું કહેવાનો, હેં? સગાંની વાત ન હોત તો..."

યાકોવ હાથના આંકડા પીઠે ભીડીને તેની સામે ઊભોઊભો તેને દિલાસો દઈ રહ્યો હતો:

"હશે, ભાઈ વેપારી! કોઈને ખબર નથી હોતી કે મોત કેવી રીતે આવવાનું છે. એવુંયે બને છે કે માણસ મશરૂમ ખાય અને... ખલાસ... કબર ભેગો થઈ જાય. હજારો માણસો મશરૂમ ખાઈને તાજામાજા થાય, કોઈ એકાદ જ મોત ભેગો થઈ જાય. અને આખર મશરૂમ શું ચીજ છે?"

તે પહોળી અને ઘંટીના પડ જેવી સખત કાયા લઈને વેપારીની સામે ઊભોઊભો શબ્દોને ફોતરાંની જેમ વેરતો હતો. વેપારી પહેલાં તો હળવું હળવું રોતો હતો અને દાઢીએ ટપકતાં આંસુને પહોળી હથેળી વડે લૂછી

નાખતો હતો, પણ યાકોવના શબ્દોનો અર્થ સમજાતાં જ તેણે જોરથી રાગડો તાણ્યો:

"ભાગી જા, શયતાન ક્યાંનો! શું કરવા મારો જીવ નિચોવી નાખે છે? અરે, ખુદાના બંદાઓ, આને લઈ જાઓ, નહિતર જે થાય એની જવાબદારી મારી નથી!"

યાકોવ શાંતિથી ખસી જતો બોલ્યો:

"લોકો ખરેખર અજબ હોય છે! આપણે ભલાઈ કરવા જઈએ... પણ સમજે જ નહિ..."

ક્યારેક મને લાગતું કે ભઠ્ઠીમજૂર ભોળો છે, પણ વધારે વાર તો એવી, છાપ પડતી કે ભોળો હોવાનો ખાલી ઢોંગ કરે છે. તેણે જોયેલી જગ્યાઓ અને જિંદગીની વાતો સાંભળવા હું બેહદ આતુર રહેતો, પણ મારી ઉત્કંઠા બહુ ઓછી સંતોષાતી. માથું પાછળ ફંગોળીને અને ઘેરી, જાણે રીંછની હોય એવી, આંખો અરધી મીચીને તે માંસલ ચહેરા ઉપર હાથ ફેરવતો ઢીલા અવાજે યાદો કહી સંભળાવતો:

"દરેક ઠેકાણે લોકોના જમેલા હોય છે, ભાઈ, કીડીઓનાં ઝુંડોની જેમ. અહીંયાં લોકો, ત્યાં લોકો, લોકોનાં ટોળેટોળાં. સૌથી વધારે તો કિસાનો, શરદમાં ખરી પડેલાં પાંદડાંની જેમ આખી પૃથ્વીમાં ફેલાઈ ગયેલા. બલ્ગાર? બેશક બલ્ગારને જોયા છે, વળી ગ્રીકને પણ, અને પાછા સર્બ અને રુમાનિયન લોકોને, તરેહવાર જિપ્સીઓને, જાતજાતના લોકોને જોયા છે! કેવા છે? હં... કેવા હોય? શહેરોમાં શહેરીઓ જેવા, અને ગામોમાં ગામવાસીઓ જેવા. આપણા લોકો જેવા જ. બહુ જ મળતા આવે. કોઈ કોઈ તો બોલવામાંયે આપણા જેવા, પણ બરાબર આપણા જેવા નહિ, જેમ કે તાતાર અને મોર્દોવિયન. ગ્રીક આપણી જેમ ન બોલી શકે, મનમાં આવે એમ બબડતા રહે, બોલ તો આપણા જેવા જ લાગે, પણ કહેવાય નહિ કે શું બોલતા હશે. એમની જોડે તો હાથ વડે વાત કરવી પડે. મારી ભેગો બુઢ્ઢો હતો ને, જાણે ગ્રીક લોકોનીયે વાત સમજતો હોય એવો ઢોંગ કરતો... કાલામારા અને કાલામારુ બબડતો રહેતો. લુચ્ચો હતો, કહેવું પડે! શું? ફરી પૂછ્યું કે કેવા હતા? ભોટ ક્યાંનો! લોકો તે વળી કેવા હોય? બેશક ઘેરા વાને હતા, રુમાનિયનો પણ ઘેરા વાને હોય છે... બધાયનો ધરમ એકસરખો. બલ્ગાર લોકોયે ઘેરા વાને, પણ પ્રાર્થના આપણી જેમ કરે. અને ગ્રીક લોકો... તુર્કીઓ જેવા."

મને લાગતું કે પૂરી વાત નથી કહેતો, કશુંક છુપાવી રાખે છે.

મને સામયિકનાં ચિત્રોમાંથી જાણવા મળેલું કે ગ્રીસનું પાટનગર એથેન્સ નામે પ્રાચીન અને સુંદર શહેર છે. પણ યાકોવે સંદેહમાં માથું ધુણાવીને એથેન્સની હયાતીને નકારી કાઢી.

"ખોટી વાત છે, ભાઈ મારા. એથેન્સ જેવું કંઈ છે જ નહિ, ખાલી એથોન છે, અને એ કંઈ શહેર નથી, પહાડ છે, ઉપર મઠ છે. બસ. એને પાવન પર્વત એથોન કહે છે. એનાં ચિત્રો મળે છે, બુઢ્ઢો વેચતો. ડાન્યુબ નદીને કાંઠે બેલગોરદ શહેર છે, યારોસ્લાવ્લ કે નીઝની જેવું. એ લોકોનાં શહેરોમાં વખાણવા જેવું ખાસ કંઈ નથી હોતું, પણ ગામો... એની તો વાત જ જુદી. અને બાઈઓ પણ... એવી મઝાની કે કહેતાં કહેવાય નહિ. એકને ખાતર હું લગભગ રોકાઈ ગયેલો. જો ને, શું નામ હતું એનું?"

તે ચહેરા ઉપર ઝડપથી હથેળીઓ ઘસવા લાગ્યો, દાઢીમાંથી હળવો કડકડાટ થયો, અને તે એવી રીતે મનમાં હસ્યો કે ગળામાં ક્યાંક ઊંડેથી તૂટેલી ઘંટડીઓના ખણખણાટ જેવો અવાજ નીકળ્યો.

"માણસ કેવી રીતે ભૂલી જતો હોય છે! એ બાઈ અને હું તો એમ કે... મેં આખરી જુહારની વાત કરી ત્યારે રડી પડેલી, અને હુંયે રડી પડેલો, માનવું હોય તો માનજે..."

તે ટાઢા કોઠાની બેશરમીથી મને શીખવવા લાગ્યો કે ઓરતની જોડે કેવું વર્તન કરવું જોઈએ.

અમે આગબોટના પાછળના ભાગમાં બેઠા હતા, ચાંદનીમાં લપેટાયેલી હૂંફાળી રાત જાણે તરતી તરતી અમને મળવા આવી રહી હતી, રજતરંગી જળની પાર ડાબે કાંઠે ચરાણો માંડ નજરે પડતાં હતાં, જમણે કાંઠે ટેકરીઓની તળેટીમાં ટમટમતી પીળી બત્તીઓ જાણે કેદી તારલિયાઓની જેમ પથરાયેલી હતી. ચોમેર બધું ગતિમાન લાગતું હતું, જાણે જાગતું અને કંપતું હતું, શાંત પણ જોમદાર જિંદગી જીવતું હતું. યાકોવના ઘોઘરા બોલ મીઠી ગમગીન નીરવતામાં જાણે પછડાતા હોય એવા લાગતા હતા:

"જાગે ત્યારે હાથ જોરથી ફેલાવી દેતી..."

યાકોવની કહાણી બેશરમ હતી પરંતુ ધૃણાજનક નહોતી. તેમાં શેખી નહોતી, ક્રૂરતા નહોતી, કપટ નહોતું, અને ઝંખનાભરી યાદનો થોડોક અંશ હતો. ઊંચે આકાશમાં ચંદ્રની નગ્નતા એવી જ નિર્લજ્જ હતી અને મારા મનમાં એવી જ ગમગીની પેદા કરતી હતી. મને માત્ર સારી બાબતો

જ, સર્વોત્તમ બાબતો જ, યાદ આવતી હતી: રાણી માર્ગો, અને સચ્ચાઈને કારણે કદી ભૂલી ન શકાય એવી પંક્તિઓ:

> કેવળ ગીતને પડે જરૂર સુંદરતાની
> ના હો સુંદરતાને જરૂર ગીતની કશી...

ચિંતનના મનોભાવને નીંદરના ઝોકાની જેમ ખંખેરી નાખીને મેં ફરી ભઠ્ઠીમજૂર પાસેથી માગણી કરી કે તેની જિંદગી વિશે અને તેણે જે કંઈ જોયું હોય તેના વિશે વાત કરે.

"અજબ પંખીડું છો તું!" તે બોલ્યો. "શું કહું તને? મેં બધું જોઈ લીધું છે. મઠ? હા, મઠ જોયો છે. પીઠું? હા, પીઠુંયે. મેં ભદ્ર લોકોની જિંદગી જોઈ છે અને ગામડિયાઓની જિંદગીયે જોઈ છે. બહુ સુખના દિવસો માણ્યા છે, અને ભૂખમરાના દિવસોયે ગાળ્યા છે..."

ઊંડા ઝરણા ઉપર ડગમગતા પુલને પાર કરતો હોય એમ તે ભૂતકાળની વાતોને ધીરેધીરે યાદ કરતો:

"લે, સાંભળ એક વાત—હું ઘોડાની ચોરી બદલ થાણામાં પુરાઈને બેઠો હતો. મને થયું કે આ વખતે તો ચોક્કસ સાઇબિરિયા ભેગો કરી દેવાના. પોલીસ અમલદાર એના નવા ઘરની ભઠ્ઠીઓને ભાંડતો હતો, અંદરથી ધુમાડો નીકળતો હતો એટલે. મેં એને કીધું કે નામદાર, હું મરામત કરી દઉં, મને આવડે છે. પણ એ તો મારી ઉપર જોરશોરથી વરસી પડયો: 'જીભડીને બાંધી રાખ! શહેરનો સારામાં સારો કારીગર મહેનત કરી ચૂક્યો છે, પણ કંઈ વળ્યું નહિ એનું!' મેં કહ્યું કે 'ક્યારેક મૂરખનો જામ મોટા ઉમરાવથી વધારે ચતુર નીકળે!' સાઇબિરિયા મારી સામે ડોળા ફાડતું હતું, એટલે જ મારામાં એમ કહેવાની હિંમત આવી ગયેલી. એણે કહ્યું કે 'ભલે, હાથ અજમાવી જો, પણ તારી મહેનત પછી ધુમાડો વધી ગયો તો તારી ખેર નથી, તને ઢીબીને લોચા જેવો કરી નાખીશ.' મેં બે દિવસ મહેનત કરી, ભઠ્ઠીઓની મરામત સરખી રીતે થઈ ગઈ. પણ એના મનમાં, પોલીસ અમલદારના મનમાં, ગડ કોઈ રીતે બેસે જ નહિ. એણે ફરી વાર મારી ઝાટકણી કાઢી. 'ગધેડા! અક્કલના ઓથમીર! આવો ઉસ્તાદ કારીગર છો ને ઘોડાની ચોરીના ધંધા? કેમ? કાંઈ ખુલાસો?' એટલે મેં કીધું કે 'મારી મૂર્ખાઈ, નામદાર.' એણે કહ્યું: 'ખરી વાત. નરી મૂર્ખાઈ. અફસોસની વાત છે! તારી દયા આવે છે.' સાંભળ્યું? પોલીસ અમલદાર. એના

કામમાં દયામાયાનો સવાલ જ ન હોય, પણ મારી દયા ખાતો' તો."
"પછી?" મેં સવાલ કર્યો.
"કાંઈ નહિ. ખાલી દયા ખાધી એણે. બીજું શું?"
"તારી દયા શું કામ ખાય? તું તો પથ્થર જેવો મજબૂત છો!"
યાકોવ ખુશમિજાજમાં હસી પડયો.
"કેવું અજબ પંખીડું છો તું! પથ્થર... એમ કહ્યું ને તેં? પણ પથ્થરનીયે અદબ રાખવી પડે. એનુંયે આગવું કામ હોય છે, રસ્તાની ફરસબંધીમાં પથ્થર વપરાય. દરેક વસ્તુની અદબ રાખવાની હોય. દરેક વસ્તુ કામમાં આવતી હોય છે. રેતીની વાત લે. રેતી એટલે શું? પણ એમાંથી ઘાસ ઊગતું હોય છે."
ભઠ્ઠીમજૂર એવી વાતો કરે ત્યારે મને એકદમ સાફ ખ્યાલ આવી જતો કે તેની જાણકારી મારી સમજણ પારની છે.
"રસોઈયાની બાબતમાં તારો ખ્યાલ કેવો છે?" મેં પૂછ્યું.
"કોની બાબતમાં, ઝીંથરિયા ભાલુની?" યાકોવ સાવ ઉદાસીન અવાજે બોલ્યો. "કેવો ખ્યાલ હોય? ખ્યાલ બાંધવા જેવું કાંઈ છે જ નહિ."
વાત સાચી હતી. ઈવાન ઈવાનોવિચનું વર્તન એટલું ચુસ્ત રીતસરનું અને સીધુંસાદું રહેતું કે તેમાં ખ્યાલ બાંધવા જેવું કંઈ મળે જ નહિ. તેના સંબંધમાં માત્ર એક વાત મને દિલચસ્પ લાગતી: તેને ભઠ્ઠીમજૂર ગમતો નહિ, તેમ છતાં હંમેશાં તેને ચા પીવા જરૂર બોલાવતો.
એક દિવસે તેણે યાકોવને કહ્યું:
"આપણે ત્યાં હજી ખેતગુલામો હોત, અને હું તારો ઉમરાવ હોત, તો હું અઠવાડિયામાં સાત દિવસ તારી ચામડી ઉતરડી નાખત, રખડુ ક્યાંનો!"
"અઠવાડિયામાં સાત દિવસ તો જરાક વધારે પડતા કહેવાય," યાકોવ ગંભીર અવાજે બોલ્યો.
રસોઈયો તેને લગાતાર ધમકાવતો હોવા છતાં કોણ જાણે કેમ ખાવાનું આપતો રહેતો. કંઈક ખાવાનું હાથમાં પકડાવી દેતો સંભળાવે:
"લે, ખા!"
યાકોવ ખાવાનું નિરાંતે ચાવતો ચાવતો જવાબ આપે:
"ઈવાન ઈવાનોવિચ, તું ખ્યાલ રાખે છે એટલે મને સારી પેઠે તાકાત ભેગી કરવા મળે છે."

"પણ આળસુના પીર, તારે એટલી બધી તાકાતનું શું કામ છે?'

"મતલબ? હજી તો ઘણુંય જીવવાનું બાકી છે!"

"જીવીને શું કરવું છે? બુઢ્ઢો શયતાન છો!"

"શયતાનોનેય જીવવાનું મન હોય. કદાચ તને જીવવામાં મઝા નહિ પડતી હોય, હેં? જિંદગી એટલે તો મોજ, ઈવાન ઈવાનોવિચ!"

"ગધેડો!"

"શું?"

"ગ... ધે... ડો!"

"આ વળી કેવો શબ્દ!" યાકોવ અચરજમાં ગરકાવ થઈ જતો બોલ્યો.

"જોઈ લે," ઝીંથરિયા ભાલુએ મને કહ્યું, "તું ને હું પરસેવો પાડતા રહીએ અને આ કાળમુખા ચૂલાઓ ઉપર બફાતા રહીએ, અને આ માણસ બેઠોબેઠો ડુક્કરની જેમ ખાવાનું ચાવતો રહે!"

"સૌને પોતપોતાના નસીબનું મળતું જ રહે," ભઠ્ઠીમજૂર જરાય અકળાયા વગર ખાવાનું ચાવતો ચાવતો બોલ્યો.

હું જાણતો હતો કે ચૂલા પાસે રહેવા કરતાં ભઠ્ઠીઓને સરખી સળગતી રાખવામાં વધારે તાપ વેઠવો પડે અને વધારે મહેનત કરવી પડે. મેં એકબે વાર યાકોવની જોડે કામ કરવાની કોશિશ કરેલી. મને સમજાતું નહોતું કે પોતાનું કામ વધારે સખત મહેનતનું હોવાની વાત ભઠ્ઠીમજૂર કેમ નહિ કહેતો હોય. એનું વલણ જોઈને મને વધારે પાકી ખાતરી થઈ ગઈ કે ખાસ જાણકારી ધરાવતો આદમી છે. તેની બાબતમાં સૌ ફરિયાદ કરતા — કૅપ્ટન, મિસ્ત્રી, ટંડેલ — જેને જેને તેની સાથે કશુંયે કામ પડતું હોય એવા સૌ. મને હેરત થતી કે એ લોકો તેને કેમ નોકરીમાંથી કાઢી નહિ મૂકતા હોય. બીજા ભઠ્ઠીમજૂરો તેની તરફ વધારે સદ્ભાવ બતાવતા, પરંતુ તેઓ પણ તેના બોલકણા સ્વભાવની તથા પત્તાં રમવાની ધૂનની ઠેકડી ઉડાડતા.

એક વાર મેં તેમને પૂછ્યું:

"યાકોવ સારો માણસ છે?"

"યાકોવ? ઠીક જ છે. ક્યારેય માઠું ન લગાડે. મરજી પડે એમ કરો ને, સળગતા કોલસા એની ગરદનેથી વહેતા મૂકો ને, તોયે નહિ."

યાકોવ ભઠ્ઠીઓના કામમાં સખત મહેનત કરતો હોવા છતાં અને બેહદ ખાતો હોવા છતાં નીંદર બહુ ઓછી કરતો. તેની પાળી પૂરી થઈ જાય એટલે મેલોઘેલો અને પરસેવે રેબઝેબ હોવા છતાં તૂતક ઉપર પહોંચી જાય, ક્યારેક

તો કપડાં બદલાવ્યા વગર જ, અને બેકોબેકો મુસાફરોની જોડે આખી રાત વાતોના તડાકા મારે અથવા પત્તાં રમે.

મારી નજરમાં તે તાળાબંધ પટારા જેવો હતો, મને લાગતું કે જેના વગર કામ ચાલે જ નહિ એવું કશુંક પટારામાં છુપાવીને રાખેલું છે, અને હું તાળાની ચાવી ગોતી કાઢવાની કોશિશ લગાતાર કરતો રહેતો.

"મને તો ગમ જ નથી પડતી કે તને આટલી બધી તાલાવેલી શેની છે, મારા ભાઈ," ભવાં નીચે ઊંડી ધરબાઈ ગયેલી આંખો મારી ઉપર ઠેરવી દેતો તે બોલ્યો. "તારે દુનિયાની વાતો સાંભળવી છે, એમ ને? હું ખરેખર આખી દુનિયામાં ફર્યો છું, એની ના નહિ. પણ એથી શું થયું? તું તો સાચેસાચ અજબ પંખીડું છો! લે, સાંભળ, એક દિવસની વાત કરું!"

પછી તેણે મને નીચેની કહાણી કહી સંભળાવી:

"એક નાના શહેરમાં જુવાન જજ રહેતો હતો, ક્ષયનો રોગી હતો, તેને જર્મન વહુ હતી. બાઈ તંદુરસ્ત હતી, પણ બચ્ચાં નહોતાં. બિચારી એક વેપારીના પ્રેમમાં પડી ગઈ. વેપારીની દેખાવડી વહુને ત્રણ બચ્ચાં હતાં. વેપારીને ખ્યાલ આવી ગયો કે જર્મન બાઈ તેના મોહમાં બંધાઈ ગઈ છે, એટલે તેને ટીખળ સૂઝ્યું. તેણે બાઈને રાતે બગીચામાં મળવા બોલાવી, અને પોતાના બે દોસ્તોને ઝાડીમાં છુપાવી રાખ્યા.

"અજબ કિસ્સો હતો! જર્મન બાઈ આવી, તડપતી, આકળી, વેપારીનું વેણ નીકળે કે તરત નિછાવર થઈ જવા તૈયાર! પણ પેલાએ તો કહી દીધું: 'સાંભળ, બાનુ, મારાથી તો તારી જોડે સંગ કરાય એમ નથી, પરણેલો છું ને, પણ મારા બે દોસ્તોને લાવ્યો છું. એક વાંઢો છે ને બીજો રાંડેલો છે.' બાઈએ રાડ પાડી અને એને એવો સખત ફટકો ઝીંકી દીધો કે પેલો બાંકડા ઉપરથી ગુલાંટ ખાઈને ભોંયભેગો થઈ ગયો, પછી પેલીએ એના ડાચા ઉપર લાતો ઝીંકવાનું શરૂ કરી દીધું. બાઈને હું જ બગીચામાં લઈ આવેલો, જજની ચાકરી કરતો'તો એટલે. મેં વાડની તિરાડમાંથી અંદર નજર નાખી તો રમખાણ! પેલાના દોસ્તો ઝાડીમાંથી ઠેકડા મારીને એની તરફ ધસી ગયા અને એને વાળ પકડીને ઢસડી જવા લાગ્યા. હું વાડ ઠેકીને અંદર પહોંચી ગયો અને બેઉ આદમીને મેં ધક્કા મારીને આઘા ખસેડી દીધા. 'આ કંઈ રીત ન કહેવાય!" મેં કહ્યું. 'બાઈ બિચારી ભરોસો મૂકીને આવી, અને એનું આવું અપમાન કર્યું!' પછી હું બાઈને

ભેગી લઈને ચાલતો થઈ ગયો. એ લોકોએ મને માથામાં ઈંટ મારી. પેલીને બહુ ખરાબ લાગ્યું, ફળિયામાં આમથી તેમ આંટા મારતી રહી, એને સમજાતું જ નહોતું કે શું કરવું. પછી એણે મને કહ્યું: 'અહીંથી જતી રહેવાની, યાકોવ, મારા જર્મન લોકો પાસે. ધણી મરી જાય કે તરત જતી રહેવાની!' મેં કહ્યું: 'બરાબર છે, બેશક જતી રહેજે, એમાં જ સારાવાટ છે.' પછી જજ મરી ગયો ને બાઈ જતી રહી. માયાળુ હતી, અને સમજુયે ખરી. જજ પણ બિચારો ભલો આદમી હતો, એના આત્માને શાંતિ મળો!"

મને કહાણીનો મર્મ સમજાયો નહિ એટલે હું કંઈ ન બોલ્યો. મને તેમાં કશીક જાણીતી નિષ્ઠુરતા અને નિરર્થકતાનો અણસારો આવ્યો, પણ કહેવાનું શું હતું?

"વાત ગમી?" યાકોવે સવાલ કર્યો.

હું દબાતે અવાજે કંઈક ગણગણ્યો, પણ તેણે શાંતિથી સમજાવ્યું:

"એવા લોકોને, ખાધેપીધે સુખી અને સટાવડભરી જિંદગી જીવતા લોકોને, ક્યારેક ક્યારેક જરાક ગમ્મત કરવાનું મન થાય, પણ એમાં કાયમ કામયાબી મળતી જ હોય એવું નથી, એમને આવડે જ નહિ. અને કુદરતી વાત છે, એ લોકો તો મોભાદાર ને વેપારી દુનિયાના. વેપારમાં ભેજાની જરૂર પડે, અને બધો વખત ભેજું ચલાવતા રહેવાથી કંટાળી જવાય, ક્યારેક જરાક ગમ્મત કરી લેવાનું મન થાય જ."

આગબોટના આગળના ભાગ નીચે નદી એકધારી વલોવાતી હતી અને ફીણના ગોટા પેદા કરતી હતી. અમને જળના જોરદાર વહેણનો અવાજ સંભળાતો હતો અને કાળા નદીકિનારાઓ ધીરેધીરે સરકતા દેખાતા હતા. તૂતક ઉપરથી મુસાફરોનાં નસકોરાંનો અવાજ કાને પડતો હતો. એક ઊંચી પાતળી ઓરત બાંકડાઓ અને ઊંઘતી કાયાઓ વચ્ચેથી માર્ગ કરતી હતી. તેણે કાળો પોશાક પહેર્યો હતો અને ધોળા વાળવાળું માથું ઉઘાડું હતું. ભઠ્ઠીમજૂર મને કોણી મારતો હળવા અવાજે બોલ્યો:

"આમ જો, કશાક ગમમાં અટવાઈ ગયેલી છે..."

મને લાગતું કે તેને બીજા લોકોનો ગમ જોતાં રમૂજ પડે છે.

તે હંમેશાં મને કહાણીઓ સંભળાવતો અને હું અતુરતાથી સાંભળતો રહેતો. મને તેની બધી કહાણીઓ યાદ છે, પણ તેણે કોઈ ખુશાલ કહાણી ક્યારેય સંભળાવી હોય એવું મને યાદ નથી આવતું. તે પુસ્તકો કરતાંયે વધારે લાગણીશૂન્ય રીતે વાત કરતો. પુસ્તકો વાંચતી વેળા ઘણી વાર મને

લેખકની લાગણીઓનો, તેની ખુશી અને ક્રોધનો, વેદના અને ઉપહાસનો, ખ્યાલ આવી જતો. ભઠ્ઠીમજૂર ક્યારેય ઉપહાસ કે ફેંસલા ન કરતો. કોઈ પણ બાબતથી તેને ધ્યાનમાં આવી જાય એટલી ખુશીયે ન થતી અને એટલું માઠુંયે ન લાગતું. તે અદાલતમાં તટસ્થ જુબાની આપતા માણસની જેમ, આરોપીને અને સરકારી વકીલને અને જજને એકસરખા ગણતા માણસની જેમ, વાત કરતો. એવી ઉદાસીનતા જોઈને મને ખીજ ચડતી, ત્રાસ થતો, અને મારા મનમાં ખારની લાગણી પેદા થતી. જિંદગી જાણે તેની સામે બોઈલરો નીચેથી ભઠ્ઠીઓના ભડકાઓની જેમ નાચતી રહેતી, તે રીંછના પંજા જેવા હાથમાં લાકડાની હથોડી લઈને ઊભો રહેતો અને ઈંધણના વહેણને વધારતી કે ઘટાડતી કળને હથોડી વડે ઠપઠપાવતો રહેતો.

"તને કોઈએ ક્યારેય ઈજા પહોંચાડેલી?"

"કોનામાં એવી તાકાત હોય? હું એટલો જોરાવર છું કે કોઈનેય પછાડીને ધૂળ ચાટતો કરી દઉં..."

"મારો મતલબ એમ નહોતો. અંદર, આત્માને..."

"માણસના આત્માને ઈજા પહોંચાડી શકાય જ નહિ," તેણે કહ્યું. "એને તો અડીયે ન શકાય... કોઈ પણ વસ્તુ વડે નહિ."

તૂતકના મુસાફરો, ખલાસીઓ, અને બીજા સૌ જેવી રીતે જમીન, કામ, રોટી, અથવા ઓરતોની વાતો કરતા એવી જ રીતે આત્માની વાતો પણ ઘણી ઘણી વાર અને બહુ કરતા. સાધારણ લોકોના શબ્દભંડોળમાં આત્મા બહુ સામાન્ય શબ્દ હતો અને પાંચ કોપેકના સિક્કા જેટલો બહોળો ફેલાયેલો હતો. મને એવી હાલત જોઈને બહુ અફસોસ થતો કે ચીકણી જીભડીઓએ એ શબ્દની ઉપર સખત પકડ જમાવી દીધી હતી, અને દરેક વેળાએ જ્યારે કોઈ ગામડિયો મશ્કરીમાં કે ગંભીરતાથી ગલીચ ભાષા વાપરે, અને તેમાં આત્માને ભાંડે, ત્યારે મારા દિલને જાણે સીધો ફટકો પડતો. મને બરાબર યાદ છે કે નાનીમા આત્માની, પ્રેમ અને આનંદ અને સુંદરતાના એ રહસ્યમય ભંડારની, વાત કેવા ભક્તિભાવે કરતી, અને હું પાકે માનતો કે કોઈ ભલા માણસનું મૃત્યુ થાય ત્યારે દૂધિયા દેવદૂતો તેના આત્માને નીલા ગગનમાં, નાનીમાના માયાળુ ઈશ્વર પાસે, લઈ જતા હોય છે અને ઈશ્વર તેને હેતથી આવકારતો હોય છે:

"આવ, મારા મીઠા નિર્મળ આત્મા, આવ! દુખ તો નહોતું પડ્યું ને? દુભાયો તો નહોતો ને?"

પછી ઈશ્વર આત્માને સૌથી મોટો દેવદૂત બનાવીને છ ધોળીધોળી પાંખો આપતો.

યાકોવ શૂમોવ પણ આત્માની વાત નાનીમાની જેમ જ બહુ ભક્તિભાવે કરતો, બહુ ઓછી અને બહુ અચકાતાં અચકાતાં કરતો. તે ગાળો બકતો હોય ત્યારે આત્માને ક્યારેય ભાંડતો નહિ, અને બીજા લોકો ભાંડતા હોય ત્યારે ચુપ થઈ જતો અને રાતી, અખલાના જેવી, ગરદનેથી માથું નીચે નમાવી દેતો.

હું તેને પૂછતો કે આત્મા એટલે શું, અને તે જવાબમાં કહેતો:

"ચેતના, ઈશ્વરનો શ્વાસ..."

એવા જવાબથી મને સંતોષ ન થતો, અને હું બીજા સવાલો પૂછવા લાગું ત્યારે તે નજર નીચે ઢાળી દઈને કહેતો:

"આત્માની બાબતમાં તો પાદરીઓનેય બહુ ઝાઝી જાણકારી નથી હતી, મારા ભાઈ! એ તો કશુંક જાણે છૂપું હોય છે..."

મારા મનમાં સતત તેને લગતા વિચારો ઘોળાતા રહેતા, હું તેને સમજવાની પૂરી જહેમતો કરતો, પરંતુ મારી બધી મહેનત નકામી જતી. મને યાકોવ સિવાય બીજું કશું દેખાતું જ નહિ, બીજું બધું જાણે તેની મોટી જબ્બર કાયાની પાછળ છુપાયેલું જ રહેતું.

ભંડારીની વહુ મારી જોડેના વર્તનમાં શંકા ઊપજે એટલી છૂટ લેતી. મારે રોજ સવારે પાણી રેડીને તેનાં હાથમોં ધોવડાવવા પડતાં. ખરું જોતાં એ કામ તો બીજા વર્ગની સુઘડ ખુશાલ નાનકડી કામવાળી લૂશાનું હતું. સાંકડી ઓરડીમાં હું બાજુમાં ઊભો રહીને કમ્મરથી ઉપર ઉઘાડું તેનું પીળું અને ખાટી કણક જેવું ઢીલું લબડતું શરીર જોતો ત્યારે મને ઘૃણાની લાગણી થતી, અને હું રાણી માર્ગોની ઘાટીલી ત્રાંબાવર્ણી કાયા સાથે તેની સરખામણી કર્યા વગર રહી જ ન શકતો. ભંડારીની વહુ ક્યારેક ફરિયાદ ગણગણની તો ક્યારેક ઢોંગી ખીજ કરતી કંઈક ને કંઈક બબડતી રહેતી.

તેના ખ્યાલો મારા મન સુધી ક્યારેય પહોંચતા જ નહિ, પરંતુ મતલબની અટકળ હું બરાબર કરી લેતો. મતલબ અધમ અને શરમજનક જ રહેતો. પરંતુ તેની કશી અસર મારી ઉપર ન થતી. હું માનસિક રીતે ભંડારીની વહુથી તેમ જ આગબોટમાં જે કંઈ બનતું તેનાથી બહુ વેગળો રહેતો. જાણે કોઈ શેવાળ છવાયેલી વિશાળ શિલા મને મારી આસપાસની દુનિયાથી, દિનરાત તરતી ક્યાંક સરકતી રહેતી દુનિયાથી, અળગો રાખતી.

"ભંડારીની વહુ તારી પાછળ સાવ ઘેલી થઈ ગઈ છે," મને જાણે સ્વપ્નમાં લૂશાના ટીખળિયાં વેણ કાને પડયાં. "મોકો છે તો મોજ માણી લે!"

તે એકલી જ મારી ઠેકડી ઉડાડતી હોય એવું નહોતું. ભોજનખંડના તામામ નોકરચાકરોને ઓરતની વાસનાની ખબર પડી ભઈ હતી. રસોઈયાએ મોં મચકોડીને મને કહ્યું:

"બાનુએ બીજું બધુંય ચાખી લીધું છે, હવે એને ફ્રેંચ પેસ્ટ્રી ચાખવાનું મન છે! છી! પેશ્કોવ, આંખો ઉઘાડી રાખજે, નહિતર આફતમાં અટવાઈ જવાનો!"

યાકોવે પણ વડીલની જેમ સલાહ આપી:

"તું બે કે ત્રણ વરસ મોટો હોત તો મેં બેશક જુદી જ રીતે વાત કરી હોત. પણ તારી ઉંમર જોતાં, ઢળી ન પડે તો બહેતર! બાકી તો તારી મરજીની વાત છે."

"ભૂલી જા! કેવો સડો!" મેં કહ્યું.

"સાચી વાત!"

પરંતુ એક મિનિટ પછી તે ગૂંચવાયેલા વાળમાં આંગળીઓ ફેરવતો ફેરવતો નાનકડા ગોળગોળ શબ્દોની વાળણી કરવા લાગ્યો:

"પણ એની હાલતનોયે ખ્યાલ કરવો જોઈએ... લૂખી ને સૂકી શિયાળા જેવી હાલત છે. થોડુંક વહાલ કરો તો કૂતરાનેય બહુ ગમે, પછી માણસને તો એથીયે વધારે ગમે એમાં નવાઈ જેવું કાંઈ નહિ. જેમ મશરૂમ વરસાદના આધારે જીવે એમ ઓરત વહાલના આધારે જીવે. એને શરમ તો આવતી હશે, બને જ નહિ કે ન આવે, પણ કરેય શું? તનબદનનેય ભૂખ હોય છે, વધારે કાંઈ નથી એમાં..."

મેં તેની ગૂઢ આંખોમાં અકીટસે તાકી રહેતાં સવાલ કર્યો:

"તને દયા આવે છે એની?"

"મને? મારી મા તો નથી, કે છે? અને કેટલાય લોકોને તો માનીયે દયા નથી આવતી. ખરું અજબ પંખીડું છો તું!"

તે તૂટેલી ઘંટડીઓના ખણખણાટ જેવા અવાજે હળવું હસ્યો.

ક્યારેક તેની સામે જોતી વેળા મને લાગતું કે હું જાણે નીરવ શૂન્યતામાં, અંધારા અને અતાગ ખાડામાં, સરકી રહ્યો છું.

"યાકોવ, સૌ પરણતાં હોય છે. તું કેમ નથી પરણતો?"

"શું કામ? મને ઓરત જ્યારે જોઈએ ત્યારે મળી રહે છે, ઈશ્વરની દયાથી એ તો સાવ સહેલું છે. પરણેલા આદમીને ઘરમાં બેસવું પડે, ખેતીનું કામ કરવું પડે. મારી જમીનમાં જરાય કસ નથી, ઝાઝીયે નથી, અને જેટલી છે એટલીયે કાકાએ પચાવી પાડી છે. મારો ભાઈ લશ્કરમાંથી પાછો આવ્યો ત્યારે એણે કાકા જોડે જમીનનો ઝઘડો કર્યો, અદાલતમાં જવાની ધમકી દીધી, અને માથામાં ડંડો ફટકારી દીધો. લોહી નીકળ્યું. બદલામાં ભાઈને દોઢ વરસ જેલમાં મોકલી દીધો, અને પછી... જેલમાં જઈ આવેલા માણસની સામે એક જ રસ્તો ખુલ્લો હોય છે, ફરી જેલમાં જવાનો. એની ઘરવાળી મઝાની નાનકડી બાઈ હતી. પણ શું કહેવું? આદમી પરણી જાય એટલે પછી ઠરીઠામ થઈને હાકેમી ચલાવવા સિવાય બીજું કંઈ કરવાનું ન હોય. પણ સિપાહી તો પોતાની જિંદગીનોયે હાકેમ ન બની શકે."

"તું ઈશ્વરની પ્રાર્થના કરે છે?"

"કેવું અજબ પંખીડું છો! બેશક કરું છું."

"કેવી રીતે?"

"નોખી નિરાળી કેટલીય રીતે."

"કઈ કઈ પ્રાર્થના આવડે છે?"

"એકેય નથી આવડતી. હું તો ખાલી આટલું જ કહું છું: હે ઈસુ ભગવાન, જીવતાંની ઉપર દયા રાખજે, મરેલાંને શાંતિ આપજે, અમને માંદગીથી બચાવજે, અને... ઠીક હવે, બીજું થોડુંઘણું."

"શું બીજું?"

"ખબર નથી. આપણે જે કહીએ એટલું બધુંય ઈશ્વરને પહોંચી જાય."

તે મારી જોડે માયાળુ વર્તન કરતો અને મને એક જાતના કુતૂહલની નજરે જોતો, જાણે કેમ હું કોઈ ચતુર ગલૂડિયું હોઉં અને રમૂજી તરકીબો કરી શકતો હોઉં. ક્યારેક સાંજે હું તેની બાજુમાં બેઠો હોઉં, તેના શરીરમાંથી તેલની અને આગની અને ડુંગળીની — તેને ડુંગળી બહુ ભાવતી, સફરજનની જેમ કાચી ખાઈ જતો — ગંધ આવતી હોય, ત્યારે તે એકાએક બોલી ઊઠતો:

"આલ્યોશા, કોઈ વાર્તાનું ગીત સંભળાવ!"

મને ઘણી કવિતાઓ મોઢે હતી. એ ઉપરાંત, મારી માનીતી કવિતાઓ મેં જાડી નોટબુકમાં લખી રાખી હતી. હું 'રુસલાન અને લુદ્‌મીલા'ની

કવિતા સંભળાવતો. તે બેઠોબેઠો સાંભળતો રહેતો, જરાય હલે નહિ, આમતેમ ક્યાંય જુએ નહિ, બોલે નહિ, ઘોઘરા શ્વાસને દબાતો રાખે. પછી હળવા અવાજે કહેતો:

"મઝાની વાર્તા છે! આખી તેં જ ઘડી કાઢી છે? શું કહ્યું, પૂશ્કિનની છે? મૂખિન-પૂશ્કિન નામે એક ઉમરાવ છે. મેં જોયેલો એક વાર."

"એ નહિ. પૂશ્કિનને તો બહુ વખત પહેલાં મારી નાખેલો."

"શું કામ?"

રાણી માર્ગો પાસેથી સાંભળેલી વાત મેં તેને ટૂંકમાં કહી સંભળાવી. વાત પૂરી થઈ એટલે તે શાંત અવાજે બોલ્યો:

"ઓરતને લીધે ઘણાય માણસો બરબાદ થઈ જતા હોય છે."

મેં પુસ્તકોમાં વાંચેલી તરેહવાર કહાણીઓ હું તેને ઘણી વાર કહી સંભળાવતો. કહાણીઓ બધી એકબીજામાં ગૂંચવાઈ અને ગૂંથાઈ જઈને એક લાંબી ધમધમતી અને સુંદર વાર્તા બની રહેતી, તેમાં લાગણીઓના ધોધ હોય, આંધળાં સાહસો હોય, ઉમદા નાયકો હોય, માન્યામાં ન આવે એવું ચમકતું કિસ્મત હોય, બે મર્દોની લડાઈ અને મોત હોય, મઝાના શબ્દો અને કાળાં કૃત્યો હોય. મેં રોકામ્બોલમાં લા મોલ, હાનીબાલ, તથા કોકોન્નાના પ્રેમશૌર્યના ગુણો અને લૂઈ અગિયારમામાં ગ્રાન્દેના પિતાના ગુણો રોપી દીધા, હયદળના અફસર ઓતલેતાયેવ અને હેનરી ચોથા વચ્ચે કોઈ જાતનો તફાવત ન રહ્યો. પ્રેરણાના જોશમાં મેં લોકોનાં ચારિત્રો બદલાવી નાખ્યાં અને ઘટનાઓની ફેરગોઠવણી કરી, એવા જગતનું સર્જન કર્યું કે જેમાં હું નાનાના ઈશ્વરના જેવું જ, માનવજીવોની સાથે આડેધડ રમત કરતા ઈશ્વરના જેવું જ, મનસ્વી શાસન ચલાવતો હતો. પુસ્તકોનું એ જગત મને જીવનની વાસ્તવિકતા નીરખતો અટકાવ્યા વગર, અને જીવતા લોકોને સમજવાની મારી ઝંખનોને ઓછી કર્યા વગર, મારી આસપાસના જીવનમાં ચકરાવા લેતા ઝેરી ગંદવાડ તથા અસંખ્ય ચેપોથી મને બચાવી રાખતા પારદર્શક પરંતુ અભેદ્ય પડદા જેવું બની રહ્યું.

પુસ્તકોએ મને ઘણી બાબતોથી સુરક્ષિત રાખ્યો. લોકો કેવી રીતે હેતપ્રેમ દાખવતા હોય છે અને વિપદાઓ વેઠતા હોય છે તેની જાણકારીને કારણે મારે માટે વેશ્યાવાડામાં દાખલ થવાનું અશક્ય બની ગયું. એવી બદફેલીની હલકટતા મારા મનમાં અણગમો પેદા કરતી અને તેમાં રાચતા લોકો તરફ ઘૃણા ઉપજાવતી. રાકોમ્બોલે મને સંજોગોના દબાણનો સામનો આત્મસંયમથી

કરતાં શીખવ્યું. ધુમાનાં પાત્રોએ મારા મનમાં એવી ઝંખના ભરી દીધી કે મારી જિંદગી કોઈ મહાન અને મર્મસભર ધ્યેયમાં લગાવી દઉં. મારું માનીતું પાત્ર ખુશાલ રાજા હેનરી ચોથાનું હતું. મને લાગતું કે નીચેની પંક્તિઓ લખતી વેળા બેરાન્જેના મનમાં તેના જ ખ્યાલો રમતા રહ્યા હોવા જોઈએ:

રૈયતને મોજ કરાવતો,
વળી બેશક પોતે પીતો,
પણ કેમ ન માણે રાજા ખુશાલી,
જો રાજ્યમાં એના હોય ખુશાલી?

નવલકથાઓમાં હેનરી ચોથાનું ચિત્રણ માયાળુ આદમી તરીકે, રૈયતને દિલોજાનથી પ્યારા ઇન્સાન તરીકે, કરવામાં આવ્યું હતું. તેના સ્વભાવનો સૂર્યપ્રકાશ જેવો ઝળકાટ મારા મનમાં અફર ખાતરી ભરી દેતો કે ફ્રાંસ દુનિયાનો સુંદરમાં સુંદર દેશ છે, પ્રેમશૌર્યની ભૂમિ છે, ત્યાં શાહી જામાઓ પહેરનારા લોકો જેવા ઉમદા છે એવા જ ઉમદા કિસાનોના પોશાક પહેરનારા માણસો છે. આન્જ પીતૂ જેટલું પ્રેમશૌર્ય ધરાવતો હતો એટલું જ પ્રેમશૌર્ય દાર્તાન્યાન ધરાવતો હતો. હેનરી હત્યા કરી નાખવામાં આવી ત્યારે હું શોકસાગરમાં ડૂબી જઈને રડી પડયો હતો, અને મેં રાવાલ્યાક તરફ નફરતની લાગણીમાં દાંત કચકચાવ્યા હતા. હું ભઠ્ઠીમજૂરને જે વાર્તાઓ કહી સંભળાવતો તેમાં લગભગ હંમેશાં હેનરી નાયકના સ્થાને રહેતો, અને મને લાગતું કે યાકોવના દિલમાં પણ હેનરી અને ફ્રાંસ અંગે પ્યારની લાગણી પેદા થઈ છે.

"મઝાનો આદમી, રાજા હેનરી! એની જોડે માછલાં પકડવા જવાય કે મરજી પડે એમ કરાય," તેણે ટકોર કરેલી.

યાકોવ ક્યારેય ભાવાવેશમાં ન અટવાઈ જતો, મારી વાર્તાઓમાં વચ્ચે સવાલો ન પૂછતો. તે ભવાં સંકોડીને ચુપચાપ સાંભળતો રહેતો, શેવાળ છવાયેલી પ્રાચીન શિલા જેવા તેના ચહેરાના ભાવ પલટાતા નહિ. પણ કોઈ કારણસર હું થંભી જાઉં ત્યારે તે તરત બોલી ઊઠતો:

"બસ?"

"ના, હજી બાકી છે."

"તો ચાલુ રાખ, અટક્યા વગર."

એક વાર અમે ફ્રેંચ લોકોની વાત કરતા હતા ત્યારે તેણે નિસાસો નાખીને કહેલું:

"એ લોકો મઝાની નિરાંતની જિંદગી જીવે છે."

"મતલબ?"

"તારે ને મારે ગરમીમાં શેકાવું પડે છે, લગાતાર મહેનત કરવી પડે છે, પણ એ લોકોની જિંદગી મઝાની ને નિરાંતની છે. કંઈ કરવાનું જ નહિ... ખાલી પીવાની મોજ માણવાની અને ફરવા નીકળવાનું. મોજની જિંદગી કહેવાય!"

"એ લોકોયે કામ તો કરે છે."

"તારી વાર્તાઓમાં તો એવું કંઈ દેખાતું નથી," ભઠ્ઠીમજૂરે વાજબી ટકોર કરી. એકાએક મને સમજણ પડી કે મેં વાંચેલાં ભારે મોટા ભાગનાં પુસ્તકોમાં એવું કશું લગભગ મળતું જ નહિ કે લોકો કામ કેવી રીતે કરતા હતા, અને ઊંચા કુળનાં પાત્રોના નિભાવ કોની મહેનતના આધારે થતો હતો.

"ઠીક હવે, હું જરાક વાર નીંદર કરી લઉં," યાકોવ પડખું સીધું કરીને ચત્તો સૂઈ જતો બોલ્યો. એક મિનિટમાં તે શાંત નીંદરમાં ગરકાવ થઈ ગયો અને તેનાં નસકોરાં બોલતાં થઈ ગયાં.

શરદમાં કામા નદીના કિનારાઓ રાતા-બદામી થઈ ગયા, વૃક્ષો સોનેરી બની ગયાં, અને ત્રાંસાં સૂર્યકિરણોમાં ઝાંખપ આવી ગઈ, ત્યારે યાકોવ એકાએક આગબોટ છોડીને ચાલ્યો ગયો. જતાં પહેલાં તેણે મને કહ્યું:

"આલ્યોશા, તું ને હું પરમ દિવસે પેર્મ પહોંચી જઈશું, હમામમાં જઈને વરાળની એવી મોજ માણશું કે ધરવ થઈ જાય, પછી સીધા પેલા પીઠામાં જઈશું, ગાવાવગાડવાનો બંદોબસ્ત છે ત્યાં. મોજ થાય એવી જગ્યા છે. પેલું હાથવાજું વગાડે ત્યારે એવી મઝા પડે છે કે બસ!"

પરંતુ સારાપુલ આવ્યું ત્યારે કોઈ લબડતી ચામડીવાળો જાડિયો આદમી આગબોટમાં ચડયો. તેનો દાઢી વગરનો ચહેરો જાણે ઓરતનો હોય એવો લાગતો હતો. લાંબો ઓવરકોટ અને ફરના કાનપટ્ટાવાળી ટોપી સ્ત્રી સાથેના તેના સામ્યને વધારી દેતી હતી. તેણે તરત રસોડા નજીક હૂંફાળા ખૂણામાં ટેબલ પસંદ કરીને ચા મંગાવી, અને ઓવરકોટ કે ટોપી કાઢયા વગર જ પરસેવે રેબઝેબ હાલતમાં ગરમાગરમ ચાના ઘૂંટડા ભરવાનું શરૂ કરી દીધું.

શરદનાં વાદળાં ઝરમર વરસાદ ટપકાવી રહ્યાં હતાં. આદમી ચોકડીદાર રૂમાલ વડે ચહેરો લૂછે ત્યારે લાગતું કે હમણાં વરસાદ થોડી વાર થંભી જશે,

પણ તેનો પરસેવો જેમ જેમ વધતો ગયો તેમ તેમ વરસાદ જોર પકડતો ગયો.

થોડી વારમાં યાકોવ તેની પાસે બેસી ગયો અને બેઉ જણ એટલાસમાં એક નકશો જોવા લાગ્યા. મુસાફરે કોઈ જગ્યા ફરતે આંગળી ફેરવી અને ભઠ્ઠીમજૂર સ્વસ્થ અવાજે બોલ્યો:

"એથી શું? મારા જેવા માણસ માટે સાવ સહેલી વાત! થૂંક!"

"સરસ!" મુસાફર એટલાસને પગ નજીક ચામડાના ઉઘાડા થેલામાં ખોંસી દેતો તીણા અવાજે બોલ્યો. તેઓ શાંતિથી વાતચીત કરતા રહ્યા અને ચા પીતા રહ્યા.

યાકોવની પાળી પૂરી થવાની હતી ત્યારે મેં તેને પૂછ્યું કે આદમી કોણ છે. તેણે જરાક હસીને જવાબ આપ્યો:

"નમાલો લાગે છે, નહિ? એટલે એમ કે પાવૈયો. દૂર સાઇબિરિયાનો રહેવાસી છે. અજબ પંખી... પહેલેથી મનસૂબા ઘડીને જિંદગી જીવે છે..."

કાળી અને ખરીઓ જેવી સખત ઉઘાડી એડીઓ વડે તૂતક ઉપર ઠપકારા બોલાવતો તે મારી પાસેથી જતો રહ્યો, પણ પછી ઊભો રહી ગયો અને પાછળ ફરીને પાંસળીઓ ખજવાળતો બોલ્યો:

"આલ્યોશા, હું એની નોકરીમાં રહી ગયો છું. પેર્મ પહોંચતાં જ હું આગબોટ મૂકી દેવાનો, એ ઘડીએ અલવિદા! પહેલાં રેલગાડીમાં, પછી નદીની સફર, પછી ઘોડેસવારી... ઠેકાણે પહોંચતાં પાંચ અઠવાડિયાં લાગશે. જો તો ખરો, લોકો કેવા આઘા આઘા ખૂણામાં જઈને ભરાઈ જાય છે!"

"તારો ઓળખીતો છે?" યાકોવના અણધાર્યા ફેંસલાથી હેરતમાં ગરકાવ થઈ જતાં મેં પૂછ્યું.

"કેવી રીતે? અગાઉ ક્યારેય જોયો જ નથી મેં, અને એના રહેઠાણની જગ્યાએ હું એકેય વાર ગયો જ નથી..."

બીજે દિવસે સવારે યાકોવ નજરે પડયો ત્યારે તેણે ઘેટાની ખાલનો ચીકણો ટૂંકો કોટ પહેર્યો હતો, એક જમાનામાં રમકડાના, ભાલુની પરાળની, કિનારી વગરની, દબાઈટિપાઈ ગયેલી ટોપી માથે મૂકેલી હતી, અને પગમાં કાથીના ફાટલતૂટલ પગરખાં પહેર્યાં હતાં. તેણે લોખંડી આંગળીઓમાં મારો હાથ દબાવીને કહ્યું:

"મારી ભેગો હાલ, હેં? હું ખાત્રી એક વાર કહું તો નમાલો આદમી

તનેય નોકરીમાં રાખી લેશે. બોલ, કહું? તારું કામ જેના વગર પણ ચાલી શકે તેને વાઢી નાખશે, પૈસા દેશે. માણસને પીંખી નાખવામાં એવા લોકોને જાણે ખરા તહેવારની મોજ પડે. બદલામાં પૈસાયે આપે..."

પાવૈયો સફેદ પોટલી કોણી વડે દબાવીને સળિયા પાસે ઊભો ઊભો બેનૂર નજરે યાકોવને તાકી રહ્યો હતો. કોઈ ડૂબી ગયેલા માણસની જેમ તેનું શરીર ભારે અને ફૂલેલું હતું. મેં મનમાં તેની ઉપર કદુવા વરસાવી. ભઠ્ઠીમજૂરે ફરી વાર મારો હાથ પકડીને દબાવ્યો.

"થૂંક! દરેક માણસ પોતાની આગવી રીતે ભગવાનને ભજે, એમાં તારે શું? ઠીક, આવજે! સુખી થજે!"

યાકોવ શૂમોવ કદાવર રીંછની જેમ મોટાં ડગલાં ભરતો ચાલ્યો ગયો. પરસ્પર ટકરાતી લાગણીઓ મારા હૈયાને જાણે પીંખી નાખતી હતી. મને ભઠ્ઠીમજૂરની બાબતમાં અફસોસ થતો હતો, અને સાથોસાથ તેની ઉપર ખીજ ચડતી હતી. વળી મને અચરજ થયાનું યાદ છે કે એવી દૂરની અને અજાણી જગ્યાએ કેમ ચાલ્યો ગયો હશે. મારી અચરજમાં ઈર્ષા અને ફિકરની છાંટ હતી.

મને થતું હતું કે શૂમોવ આખર કેવી જાતનો આદમી છે?

૧૨

શરદના અંતમાં આગબોટના ફેરા બંધ થઈ ગયા એટલે હું દેવચિત્રો બનાવવાના એક મથકમાં શિખાઉ કારીગર તરીકે કામે રહી ગયો. પરંતુ તાલીમને બીજે જ દિવસે માલિકણે, દારૂડિયણ ડોશીએ, નરમાશથી મને કહી દીધું:

"હવે તો દિવસ ટૂંકો ને રાત લાંબી, એટલે રોજ સવારે તારે દુકાને જઈને વેચાણમાં મદદ કરવાની છે, શીખવાનું રાતે."

તેણે મને ચપળ જુવાન ગુમાસ્તાના હાથ નીચે મૂકી દીધો. માણસ દેખાવડો હતો, પણ સૅકેરીનની નકલી ખાંડ જેવી રીતે. પરોઢિયે ટાઢ અને અંધારામાં અમે બન્ને, ઊંઘતા ઇલ્યીન્કા માર્ગે થઈને, શહેરને પાર કરતા બીજે છેડે મહેરાબદાર બજારને પહેલે માળે દુકાને પહોંચતા. એક જમાનામાં વખાર તરીકે વપરાતી નાનકડી અંધારી કોટડીમાં દુકાન કરવામાં આવી હતી. તેમાં લોખંડનું બારણું હતું અને એક ટચૂકડી બારી ઈમારતની લંબાઈને આવરી

લેતા ઝરૂખામાં પડતી હતી. ઝરૂખાની ઉપર લોઢાનું છાપરું હતું. અમારી દુકાનમાં નાનાંમોટાં દેવચિત્રો અને ચિત્રોને મઢવાનાં ચોકઠાં ઠસોઠસ ભરેલાં હતાં. કેટલાંક ચોકઠાં સાદાં હતાં તો કેટલાંકમાં વેલબુટ્ટાની તથા બીજી સજાવટ હતી. પીળા ચામડાની બાંધણીનાં અને પુરાણી સ્લાવોનિક લિપિમાં છાપેલાં ધાર્મિક પુસ્તકો પણ વેચાણ માટે રાખવામાં આવતાં. અમારી બાજુમાં દેવચિત્રો અને પુસ્તકોની બીજી એક દુકાન હતી. તેનો માલિક કાળી દાઢીવાળો વેપારી જૂના ધર્મના ઝનૂની હિમાયતીનો, વોલ્ગા નદીના વિસ્તારની પાર કેર્ઝેનેત્સ નદીના પ્રદેશમાં જાણીતા આદમીનો, સગો હતો. વેપારીનો વામણો દીકરો મારી ઉંમરનો હતો. છોકરાને ઘરડા આદમી જેવો કરમાયેલો ચહેરો હતો અને ચોમેર નજર નાખતી રહેતી ઉંદર જેવી આંખો હતી.

દુકાન ખોલીને મારે ગરમ પાણી લઈ આવવા નજીકમાં નજીકના પહેલા પીઠા સુધી દોડ લગાવવી પડતી. અમે ચા પી લેતા, પછી હું દુકાનમાં બધું સમુંસરખું કરતો અને માલને ઝાટકીને ધૂળમાટી સાફ કરી નાખતો. સરખી ગોઠવણી થઈ જાય ત્યાર બાદ મારું કામ ઓટલે ઊભો રહીને તકેદારી રાખવાનું હતું કે ગ્રાહકો અમારી દુકાનમાં આવે, પાડોશીની દુકાનમાં ન જાય.

"ઘરાકો તો મૂરખા હોય છે," ગુમાસ્તાએ મને કહ્યું. "એમને માલ સસ્તો મળતો હોય તો પછી આ કે તે બધી દુકાનો એકસરખી, પારખી શકે જ નહિ કે કયો માલ સારો છે ને કયો ખરાબ છે."

તે દેવચિત્રોની ઘોડીઓને ઝડપથી જોડાજોડ ગોઠવી દેતો અને ધંધાને લગતી પોતાની જાણકારીનું પ્રદર્શન કરતો કરતો મને કામ શીખવતો:

"આ જો, સરસ કારીગરી છે... ભાવ સસ્તો છે, કદ ત્રણ ને ચાર... કિંમતનો પૂરો બદલો મળી જાય... વળી આ જો... છ ને સાત... એની કિંમતનુંય એમ જ છે... સંતોને પારખતાં આવડે છે? યાદ રાખવાની મહેનત કર... વોનીફાતી—દારૂડિયાઓ માટે, શહીદ વાર્વારા—દાંતના દુખાવાની અને અકાળે મોતની બાબતમાં, પાવન વસીલી—તાવ અને સનેપાતની બાબતમાં. કુંવારી માતાઓને પારખતાં આવડે છે? જો... દુખી કુંવારી માતા, ત્રણ હાથવાળી, વિલાપ કરતી. રાહત આપતી, કઝાન, પોક્રોવ, અને સેમીસ્ત્રેલનાયા કુંવારી માતા..."

કદ અને કારીગરી મુજબ દેવચિત્રોની કિંમતો મેં તરત મોઢે કરી લીધી, અને કુંવારી માતાનાં જુદાંજુદાં ચિત્રો પારખતાં શીખી લીધું, પણ તરેહવાર સંતોની રહેમતોને યાદ રાખવામાં મને મુશ્કેલી પડી.

ગુમાસ્તો મને દુકાનના બારણા પાસે દિવાસ્વપ્નમાં સરી પડેલો જુએ ત્યારે મારી જાણકારીની કસોટી કરવા લાગતો.

"સુવાવડની પીડામાં કોણ રાહત આપે?"

મારો જવાબ ખોટો નીકળે તો તુચ્છકારમાં કહેતો:

"આખર માથું શા કામનું છે?"

ગ્રાહકોને પટાવવાનું કામ તો એથીયે મુશ્કેલ હતું. દેવચિત્રોના કદરૂપા ચહેરા મને નહોતા ગમતા, અને તેમને વેચવાની આવડત મારામાં નહોતી. નાનીમાની વાર્તાઓમાંથી મારા મનમાં છાપ પડેલી કે કુંવારી માતા તરુણ અને ભલી અને રૂપાળી હતી. સામયિકોનાં ચિત્રોમાં પણ મેં તેને એવી જોયેલી. પરંતુ દેવચિત્રોમાં લાંબા વાંકા નાક અને લાકડાના હાથવાળી કુંવારી માતા ઘરડી અને દુષ્ટ લાગતી હતી.

બુધવારે અને શુક્રવારે બજાર ભરાય ત્યારે અમે સારું વેચાણ કરતા. ગામડિયાઓ, ડોશીઓ, અને ક્યારેક તો આખાં કુટુંબો અમારી દુકાનનાં પગથિયાં એકધારાં ચડતાં રહેતાં. તેઓ સૌ જૂના ધર્મમાં માનનારા અને વોલ્ગાપ્રદેશના વનવિસ્તારમાંથી આવેલા ગમગીન અવિશ્વાસી લોકો હતા. ઘેટાની ખાલ અને જાડા હાથવણાટનાં કપડાં પહેરેલો ભારે તનબદનનો કોઈ આદમી જાણે ઢળી પડવાની બીકે ધીમી ચાલે આવતો પરસાળમાં નજરે પડે ત્યારે તેની સામે જવામાં મને શરમ આવતી અને અકળામણ થતી. તેના માર્ગમાં ખડો રહી જવામાં અને તેના જબ્બર મોટા બૂટ ફરતે નાચતાં નાચતાં મચ્છર જેવા રાગડા કાઢીને તેને પટાવવામાં મને બહુ મહેનત પડતી.

"આવો, સાહેબ, શું લેશો? ધર્મનાં પુસ્તકો છે, પ્રાર્થનાપોથીઓ છે, માહિતી અને નોંધોવાળી, યેફ્રેમ સીરિન અને કિરીલનાં પુસ્તકો છે. અંદર આવીને એક નજર નાખી જુઓ! જેવાં જોઈએ એવાં દેવચિત્રો મળશે... અલગ અલગ કિંમતો, સારામાં સારી કારીગરી, ઘેરા રંગો! અમે વરધી પણ લઈએ છીએ... આપની મરજી મુજબ કોઈ પણ સંત કે કુંવારી માતાનું ચિત્ર તૈયાર કરાવી દઈએ. કોઈના મહેરબાન સંતનું કે કુટુંબના સંતનું ચિત્ર જોઈએ? અમારી કારીગરી એટલે આખા રશિયામાં સારામાં સારી! આખા શહેરમાં અમારી દુકાન સૌથી સારી છે!"

સમજ્યો સમજાય નહિ એવો ગ્રાહક જડભરતની જેમ ઊભો ઊભો થોડીક વાર મૂંગોમૂંગો મને એવી રીતે તાકી રહેતો કે હું જાણે કૂતરો હોઉં, પછી એકાએક સખત હાથ વડે મને આઘો હડસેલીને પાડોશીની દુકાનમાં

ઘૂસી જતો. ગુમાસ્તો મોટા મોટા કાન ઉપર હાથ ઘસતો ખીજમાં બબડતો:
"જવા દીધો, એમ ને? વાહી! વેચતાં તો બહુ મઝાનું શીખ્યો છો તું?"

બાજુની દુકાનમાંથી ધીમો અવાજ મધઝરતા બોલ ઠાલવતો રહેતો:
"ભલા ભાઈ, અમે ઘેટાની ખાલ નથી વેચતા, ચામડાના બૂટ પણ નથી વેચતા, અમે તો ઈશ્વરના આશીર્વાદ સૌને પહોંચાડીએ છીએ, સોનાચાંદીથીયે બહુ વધારે મોંઘા, આ દુનિયાના ભાવ તો અંકાય જ નહિ એના..."

"દોજખ!" અમારો ગુમાસ્તો હોઠ ફફડાવતો વખાણ અને અદેખાઈમાં બોલી ઊઠતો. "જો તો ખરો, ગામડિયાના કાનમાં કેવાં પતાં ફેરવે છે! એની પાસેથી શીખવા જેવું છે!"

હું માનતો કે માથે લીધેલું કામ સરખી રીતે કરવું જોઈએ, એટલે શીખવાની કોશિશ ખરા દિલથી કરતો, પરંતુ ગ્રાહકોને લલચાવવાની અને ખરીદી માટે તૈયાર કરી દેવાની બહુ ઓછી આવડત દાખવી શકતો. અબોલ ગમગીન ગમડિયાઓ અને ચહેરા ઉપર બીક તથા પાજીપણાના ભાવ લઈને આવતી ઉંદરડી જેવી ડોશીઓને જોઈને મને હંમેશાં દિલગીરીની લાગણી થતી. મને સતત મન થતું રહેતું કે દેવચિત્રોની ખરી કિંમત હળવેક તેમના કાનમાં કહી દઉં, જેથી તેઓ વધારાના વીસ કોપેકની તફડંચીથી બચી જાય. મને એ બધાં બહુ ગરીબ અને ભૂખમરાની હાલતમાં લાગતાં, હું વિચાર કરતો રહેતો કે પ્રાર્થનાપોથીના સાડા ત્રણ રૂબલ કેવી રીતે ચૂકવી શકતાં હશે. સામાન્ય રીતે મોટા ભાગના લોકો પ્રાર્થનાપોથી ખરીદતા.

પુસ્તકોના સંબંધમાં તેમની જાણકારી અને દેવચિત્રોની સાજસજાવટની તેમની સમજણ જોઈને હું હેરતમાં ગરકાવ થઈ જતો. એક દિવસે ધોળા વાળવાળો વૃદ્ધ માણસ નજરે પડયો. મેં તેને લલચાવીને દુકાનમાં લઈ જવાની કોશિશ કરી ત્યારે તેણે કહ્યું:

"ભાઈ મારા, દેવચિત્રોની તમારી કારીગરી આખા રશિયામાં સૌથી સારી હોવાની તારી વાત સાચી નથી. સૌથી સારી કારીગરી તો મોસ્કોના રોગોજિનની ગણાય."

હીણપતની લાગણીમાં અટવાઈ જતો હું આઘો ખસી ગયો. વૃદ્ધ માણસ પાડોશીની દુકાનમાં દાખલ થયા વગર આગળ ચાલ્યો ગયો.

"માથાનો મળી ગયો ને તને?" ગુમાસ્તો ખારમાં બોલ્યો.

"તમે મને રોગોજિનની કારીગરીની વાત તો ક્યારેય નહોતી કરી..."

ગુમાસ્તો ભાંડવા લાગ્યો:

"એના જેવા છાનાછપના લપાતા માણસો કાયમ ભટકી આવતા હોય છે... બધુંય જાણે અને વધારે પડતું ભસે... સાપોલિયા ક્યાંના!"

દેખાવડા આપવખાણિયા ઘમંડી આદમીને ગામડિયાઓ તરફ ભારે અણગમો હતો. એક વાર તેણે મને કહ્યું:

"મારામાં હોશિયારી છે, મને સાફ ચીજો અને સારી સારી વાસ ગમે છે... ધૂપ અને સુગંધી જળ... વિચાર કર કે એવા શોખવાળા માણસને ગામડિયાઓની સામે નમવું પડે છે, તેમની ખુશમત કરવી પડે છે, માલિકણને પાંચ કોપેકનો ફાયદો થાય એટલા ખાતર! એવું બધું મારાથી કેવી રીતે સહેવાતું હશે? ગામડિયો એટલે આખર શું? ગંધારી ખાલ! જમીન ઉપર પગ ઘસડતો જીવડો! અને હું..."

તે ખીજનો માર્યો થંભી ગયો.

મને ગામડિયા ગમતા. એવા દરેક માણસમાં મને કશાક કોયડાનો અણસારો આવતો, યાકોવની બાબતમાં આવેલો એમ જ.

ભારે તનબદનવાળો માણસ દુકાનમાં આવે, ઘેટાની ખાલના કોટ ઉપર જામો લપેટેલો હોય, બરછટ ફરની ટોપી માથેથી ઉતારીને બે આંગળીઓ વડે ક્રૉસની નિશાની કરે, નજર દેવચિત્રોના ખૂણામાં મંડાયેલી હોય, ત્યાં દીવો ટમટમતો હોય, પછી નજર આઘી ખસેડી લે, હજી પાવન ન બનાવવામાં આવેલાં દેવચિત્રોને જોવાનું ટાળે, પછી મૂંગી નજર આસપાસ જરાક ફેરવીને બોલે:

"સટીક પ્રાર્થનાપોથી બતાવો!"

જામાની બાંયો ઉપર ચડાવીને પૂંઠા ઉપરના અક્ષરોને કેટલાય વખત સુધી જોતો રહે, જમીન જેવા રંગના ફાટેલા હોઠ જરાય અવાજ વગર હલાવતો રહે.

"આનાથી જૂની... નથી?"

"આનાથી જૂનીના એક હજાર રૂબલ બેસે... તમને તો ખબર હશે..."

"ખબર છે."

ગામડિયો આંગળી ભીની કરીને પાનું ઉલટાવે, હાંસિયામાં ઘેરો ડાઘ પડી જાય. ગુમાસ્તો લાલપીળો થઈ જતો ગામડિયાના માથા ઉપર નજર ઠેરવીને બોલે:

"ધરમનાં લખાણો બધાં એક જ વખતનાં હોય, ઈશ્વર પોતાના બોલ બદલાવે નહિ ક્યારેય!"

"એવી બધી વાતું તો બહુ સાંભળી લીધી છે. ઈશ્વર ન બદલાવે, પણ નિકોને બદલાવી નાખેલા."

ગ્રાહક પોથી બંધ કરીને ચુપચાપ દુકાનમાંથી ચાલ્યો જાય.

વનવગડામાં વસનારા એવા લોકો ક્યારેક ગુમાસ્તાની જોડે દલીલો કરતા, અને મને જોવા મળતું કે તેઓ ધર્મનાં લખાણોના સંબંધમાં ગુમાસ્તાથી બહેતર જાણકારી ધરાવતા.

"કાદવમાં રહેતા જંગલીઓ!" ગુમાસ્તો બબડતો.

મને એવું પણ જોવા મળતું કે ગામડિયાઓને આધુનિક પુસ્તકો ન ગમતાં હોવા છતાં તેઓ તેમને ભક્તિભાવે નીરખતા, અને પુસ્તક હાથમાંથી જાણે પંખીની જેમ ઊડી જવાની બીક હોય એવી રીતે પાનાં પલટાવતા. એથી મને બહુ ખુશી થતી કારણ કે હું પુસ્તકને અદ્ભુત વસ્તુ ગણતો, લેખકનો આત્મા તેની અંદર પુરાયેલો હોય એમ માનતો, પુસ્તકને વાંચતી વેળા હું એ આત્માને જાણે છૂટો કરી દેતો, અને પછી તે ભેદી રીતે મારા સંગાથમાં રહેતો.

એ ઘરડાં સ્ત્રીપુરુષો ઘણી વાર અમને સુધારક નિકોનના સમય પહેલાંનાં પુરાણાં પુસ્તકો વેચવાની કોશિશ કરતાં, અથવા ઈર્ગીઝ કે કેર્ઝેનેત્સના સંન્યાસીઓએ સુંદર અક્ષરે લખેલાં એવાં પુસ્તકોની યાદીઓ લઈ આવતાં, વળી દ્મીત્રી રોસ્તોવ્સ્કીના સુધારાવધારા વગરની જીવનકથાઓની નકલો, પ્રાચીન દેવચિત્રો, ક્રૉસ તથા પિત્તળનાં રોગાનવાળાં ત્રિફલક ચિત્રો, સાગરખેડુ વિસ્તારની ધાતુકામની વસ્તુઓ, અને મોસ્કોના ઠાકોરોએ માનીતા પીઠામાલિકોને બક્ષીસ આપેલા ચાંદીના ડોયાઓ પણ લઈ આવતાં. એવી બધી ચીજો છૂપી રીતે, આસપાસ છાની નજર ફેરવતાં ફેરવતાં, બતાવવામાં આવતી. અમારો ગુમાસ્તો તેમ જ પાડોશી દુકાનદાર એવી વસ્તુઓની તાકમાં રહેતા, ચાલાકીભરી ખરીદી કરી લેવામાં એકબીજાને આંટી દેવાની કોશિશ કરતા, પ્રાચીન ખજાનાઓને દસ રૂબલથી વધારે આપ્યા વગર ખરીદી લેતા અને પછી જૂના ધર્મમાં માનનારા દોલતમંદ લોકોને સેંકડો રૂબલની કિંમતે વેચતા.

"ડોકરી ચુડેલો અને ડોસલા ભૂતોની તકેદારી ચાંપતી નજરે રાખવાની છે," ગુમાસ્તો મને તાકીદ કરતો, "થેલામાં ભારે દોલત ભરીને આવતાં હોય છે!"

કોઈ સારી વસ્તુ વેચાવા આવે ત્યારે તે મને પુસ્તકો, દેવચિત્રો, અને એવી બીજી ચીજોના પાકા જાણકાર આલિમ પ્યોતર વસીલ્યેવિચને બોલાવી લાવવા મોકલતો.

ઊંચા કદના વૃદ્ધ માણસને બુદ્ધિના ઝગારા મારતી આંખો, ખુશાલ ચહેરો, અને પાવન વસીલી જેવી દાઢી હતી. એક પગનાં આંગળાં કપાઈ ગયાં હોવાથી તે હંમેશાં લાકડીને ટેકે ચાલતો. ઉનાળો હોય કે શિયાળો હોય, તે હંમેશાં પાદરીના ઝભ્ભા જેવો પાતળો ઓવરકોટ અને વાસણના આકારની મખમલની ટોપી પહેરતો. તે સામાન્ય રીતે કાયાને ટટ્ટાર રાખીને અને ફૂર્તિલાં ડગલાં ભરીને ચાલતો, પરંતુ દુકાનમાં દાખલ થાય કે તરત ખભા ઢાળી દેતો, હળવો નિસાસો નાખતો, જૂના ધર્મની રીતે બે આંગળીઓ વડે ક્રૉસની નિશાની કરતો, અને પ્રાર્થના તથા ભક્તિના બોલ ગણગણવા લાગતો. વિરલ વસ્તુઓ વેચવા આવતાં માણસો વૃદ્ધાવસ્થા અને ધર્મનિષ્ઠાનો એવો દેખાવ જોઈને અંજાઈ જતાં અને વિશ્વાસ મૂકતાં.

"આ દુનિયાનું શું કામ પડયું મારું?" ઘરડો આદમી પૂછે.

"આ માણસ દેવચિત્ર લઈ આવ્યો છે, સ્રોગાનોવનું છે એવી વાત કરે છે."

"કોનું?"

"સ્રોગાનોવનું દેવચિત્ર."

"મને જરાક ઓછું સંભળાય છે, નિકોનના ચેલાઓએ ફેલાવેલી બૂરાઈની સામે ભગવાન મારા કાનની રખેવાળી કરે છે."

તે માથેથી ટોપી કાઢી નાખે, દેવચિત્રને આંખો સામે આડું પકડી રાખીને સપાટી તથા ચિત્રકામ તપાસી જુએ, પછી બાજુઓને તથા લાકડાની પિનોને તપાસી જુએ, અને આંખો સંકોડીને ગણગણે:

"ઈશ્વરને પડતો મૂકી દેનારા નિકોનપંથીઓ આપણને પુરાણા જમાનાની કારીગરીનાં વખાણ કરતા જુએ છે, શયતાને એમને બનાવટ કરતાં શીખવી દીધું છે, તેઓ આજકાલ પવિત્ર છબીચિત્રોની નકલ અજબગજબની ઉસ્તાદીથી, એકદમ હેરતમાં પડી જવાય એવી ઉસ્તાદીથી, કરે છે. પહેલી નજરે ચિત્ર અસલ સ્રોગાનોવનું કે ઉસ્ત્યુગનું કે કદાચ સુઝદાલનુંયે લાગે, પણ અંદરની નજરનું અજવાળું તેને તરત બનાવટ તરીકે છતું કરી દેતું હોય છે!"

દેવચિત્રને બનાવટ ગણાવી દે એટલે તરત સમજી લેવાનું કે તે ચોક્કસ

વિરલ અને મોંઘું છે. પહેલેથી કરી રાખેલી સમજણ મુજબના હારબંધ શબ્દો ગુમાસ્તાને સંકેત આપી દે કે કેટલી કિંમત લેવાની વાત કરવી. મને ખબર હતી કે "વેદના અને હતાશા" શબ્દોનો અર્થ દસ રૂબલ અને "નિકોન-વાઘડો" શબ્દોનો અર્થ પચીસ રૂબલ થતો. વેચવા આવેલા માણસને છેતરવાની તેમની રીત શરમજનક હતી, પરંતુ ઘરડા આદમીનો ચાલાકીભર્યો ખેલ જોઈને હું ચકિત થઈ જતો.

"નિકોન-વાઘડાની મેલી ઓલાદ જેવા તેના ચેલાઓને શયતાને જાતજાતનાં કરતૂતો કરતાં શીખવી દીધું છે, આને જ જુઓ, આપણને લાગે કે આ પાયો અસલી છે, અને કપડાં એકના એક હાથ વડે ચીતરાયેલાં છે, પણ ચહેરા ઉપર નજર નાખી જુઓ, પીંછી જુદી છે, સાવ જુદી... પુરાણા ઉસ્તાદો, સીમોન ઉશાકોવ જેવા પાખંડીઓ હોય તોયે, આખું ચિત્ર પોતે જ ચીતરતા... કપડાં, અને ચહેરો... સપાટીને છોલી નાખતા, અને એમ પાયો બનાવતા, પણ આજના કંગાલ જીવોમાં એવી આવડત છે જ નહિ. એક જમાનામાં દેવચિત્રો બનાવવાની મહેનત ઈશ્વરના નામે કરવામાં આવતી, હવે તો ખાલી કારીગરી બની ગઈ છે, સમજ્યા ને તમે, ઈશ્વરના ભક્તો?"

આખરે તે દેવચિત્રને થડા ઉપર મૂકી દઈને અને ટોપી પાછી પહેરી લઈને કહેતો:

"પાપિયાઓ!"

તેનો અર્થ એવો થતો કે ખરીદી લો.

વેચવા આવેલો માણસ આલિમની છટાદાર વાણીથી અંજાઈ જતો, તેનું જ્ઞાન જોઈને દબાઈ જતો, અને ભક્તિભાવે પૂછતો:

"ફાધર, તો પછી આની બાબતમાં..?"

"આ તો નિકોનના ચેલાઓનું કામ છે."

"પણ એમ બને જ કેવી રીતે? અમારા દાદાઓ ને પરદાદાઓ આની પૂજા કરતા આવ્યા છે!"

"નિકોન તો તમારા પરદાદાઓથીયે પહેલાં થઈ ગયેલો."

ઘરડો આદમી દેવચિત્રને માણસના ચહેરા સામે ધરી રાખીને પ્રભાવક અવાજે કહેતો:

"આ ખુશાલી દેખાય છે? આને દેવચિત્ર કહેવાય? ખાલી ચીતરી કાઢેલું છે, આંધળી કલા છે, નિકોનના ચેલાઓનો તરંગ છે! આમાં આત્મા

જેવું તો કાંઈ છે જ નહિ. હું ખોટું બોલું? બુઢ્ઢો થઈ ગયો છું, ધરમને ખાતર મારે કનડગત વેઠવી પડે છે, હવે તો મારા ઈશ્વર કને પહોંચી જવાની વેળા નજીક આવી ગઈ છે. મારા આત્માને વેચવાથી મને શું મળે એમ છે?"

જાણે બુઢાપાની નબળાઈને લીધે ચક્કર આવતાં હોય, અને પોતે કરેલી ચિત્રની મુલવણીમાં બતાવવામાં આવેલા અવિશ્વાસથી મન દુભાયું હોય, એવો દેખાવ કરીને તે દુકાનમાંથી પરસાળમાં ચાલ્યો જતો. ગુમાસ્તો દેવચિત્રના થોડાક રૂબલ ચૂકવી દેતો, વેચનારો માણસ પ્યોતર વસીલ્યેવિચની સામે નીચે સુધી નમીને જતો રહેતો, અને મને પીઠામાંથી ગરમ પાણી લઈ આવવા મોકલી દેવામાં આવતો. હું પાછો આવું ત્યારે ઘરડો આદમી પાછો ખુશખુશાલ અને ફૂર્તિલો થઈ ગયો હોય, ખરીદેલી વસ્તુને પ્યારભરી નજરે તાકતો હોય, અને ગુમાસ્તાને કહેતો હોય:

"જો તો ખરો, કેવું સરસ અને સાદું ચિત્રકામ છે, રેખાઓમાં ઈશ્વરની બીક અંકાયેલી છે... માનવીય ગણાય એવું બધું નકારી દેવામાં આવ્યું છે!.."

"કોની પીંછી વરતાય છે?" ગુમાસ્તો ઉત્તેજનામાં આમતેમ ઠેકડા મારતો પૂછે, તેની આંખો ઝગારા મારતી હોય:

"તારે જાણવાને હજી વાર છે!"

"જાણકાર ઘરાક કેટલા પૈસા આપશે?"

"કહેવાય નહિ. કોઈને બતાવી જોઈશ."

"વાહ! પ્યોતર વસીલ્યેવિચ!.."

"વેચવાનું બનશે તો પચાસ રૂબલ તારા, ઉપરના પૈસા મારા."

"ઓહ!.."

"ઓયવોય કરવાની જરૂર નથી..."

બેઉ જણ ચા પીતા પીતા બેશરમીથી સોદાબાજી કરતા અને ચોર જેવી નજરે એકબીજાને જોતા રહેતા. સાફ જણાઈ આવતું કે ગુમાસ્તાને ઘરડા માણસની દયા ઉપર જ આધાર રાખવાનો રહેતો, અને પેલો ચાલ્યો જાય ત્યારે તે મને કહેતો:

"ધ્યાન રાખજે, સોદાની ખબર માલિકણને જરાય નથી પડવા દેવાની!"

દેવચિત્રને વેચવાનો બંદોબસ્ત થઈ જાય ત્યારે ગુમાસ્તો કહેતો:

"શહેરમાં શું નવી ખબર છે, પ્યોતર વસીલ્યેવિચ?"

ઘરડો માણસ પીળો હાથ દાઢી ઉપર ફેરવતો તેલિયા હોઠને છતા કરી દેતો અને અમીર વેપારીઓ, વેપારના કામયાબ સોદાઓ, માંદગી, શાદીઓ, રંગરાગની મહેફિલો, અને પત્નીઓ તરફથી પતિઓ જોડે કપટનું બયાન શરૂ કરી દેતો. તે એવી રોનકદાર કહાણીઓને અનુભવી રસોઇયા જેવી ઉસ્તાદી દાખવીને કડાઈમાંથી કાઢતો અને પછી તેની ઉપર ફૂંફાડિયા હાસ્યની ચાસણી રેડતો. ગુમાસ્તાનો ગોળ ચહેરો ઈર્ષાભરી મોજથી રાતો થઈ જતો, આંખોમાં પાણી ભરાઈ આવતું, જાણે સ્વપ્ન જોતો હોય એવો લાગતો, અને નિસાસો નાખીને બોલતો:

"લોકો કેવી મોજની જિંદગી જીવતા હોય છે, અને હું..."

"સૌને પોતપોતાનું નસીબ હોય," ઘરડો આદમી રણકતા અવાજે બોલ્યો. "કોઈનું નસીબ ફિરસ્તાઓએ રૂપાની નાનકડી હથોડી વડે ઘડયું હોય, અને કોઈનું શયતાને કુહાડીની બુઠ્ઠી બાજુના ફટકા મારીને ઘડયું હોય..."

કસાયેલી જોરાવર કાયાવાળો ઘરડો આદમી દરેક વાતનો જાણકાર હતો, આખા શહેરની જિંદગીનો તેમ જ વેપારીઓ, કારકુનો, પાદરીઓ, તથા કસબીકારીગરોના તમામ ભેદનો જાણકાર હતો. તેની નજર ગરુડ જેવી તેજ હતી, અને તેનામાં વરુ અને લોંકડી જેવું કંઈક હતું. મારા મનમાં હંમેશાં તેને ટોણો મારવાની મંછા પેદા થતી, પરંતુ તે જાણે ધૂંધળા અંતરેથી જોતો હોય એવી રીતે મને તાકી રહેતો અને મારું જોમ ઓસરી જતું. મને લાગતું કે તેની ચોતરફ જાણે ઊંડી ખાડી છે, અને તેની નજીક જવાની હિંમત કરનાર કોઈ પણ માણસ ચોક્કસ એ ખાડીમાં ગરકાવ થઈ જાય. વળી મને ભઠ્ઠીમજૂર યાકોવ શૂમોવ અને એ ઘરડા આદમી વચ્ચે એક જાતની સમાનતા લાગતી.

ગુમાસ્તો ઘરડા આદમીની ચાલાકી જોઈને જાણે વશીકરણમાં જકડાઈ જતો, અને તેની હાજરીમાં તેમ જ ગેરહાજરીમાં ચાલાકીનાં વખાણ પણ કરતો. પરંતુ તેને પણ મારી જેમ જ ક્યારેક ક્યારેક બુઢ્ઢાને ધમકાવવાનું તથા માઠું લગાડવાનું મન થઈ આવતું.

એક વાર તેણે જાણે પડકાર કરતો હોય એવી નજરે ઘરડા આદમીની સામે જોઈને કહ્યું: "તમે લોકોને કેવા બેવકૂફ બનાવો છો!"

"ખાલી ઈશ્વર જ લોકોને બેવકૂફ ન બનાવે," બુઢ્ઢાએ ટાઢે કોઠે મલકાતાં જવાબ આપ્યો. "આપણે સૌએ તો મૂરખાઓના ભોગે જ જિંદગી

જીવવાની હોય! મૂરખને મૂરખ ન બનાવીએ તો પછી એ શું કામનો ગણાય?"

ગુમાસ્તાને ખીજ ચડી.

"બધાય ગામડિયા કાંઈ મૂરખ નથી હોતા, આખર તો ગામડિયાઓ જ વેપારી બનતા હોય છે."

"આપણે કાંઈ વેપારી બની જનારા ગામડિયાઓની વાત નથી કરતા. મૂરખાઓ ક્યારેય ધુતારા ન બને. મૂરખાઓ એટલે સમજો કે અક્કલ વગરના સંતો!"

ઘરડો આદમી સામા માણસને આકળો બનાવી દે એવી રીતે લંબાતા બોલ વહેતા મૂકતો રહેતો. તે કળણની વચ્ચોવચ સૂકી જમીનના ટીંબા ઉપર ખડા માણસ જેવો હતો. તેને અકળાવી નાખવાનું અશક્ય હતું. કાં તો ગુસ્સો તેના મનમાં પહોંચતો જ નહિ, અથવા ગુસ્સાને છુપાવી રાખતાં તેને બરાબર આવડતું હતું.

પરંતુ ઘણી વાર તે પોતે જ મને ચીડવવાનું શરૂ કરી દેતો. તેનું મોં મારા મોં નજીક અણીને તે દાઢીમાં મલકાતો મને કહેતો:

"પેલા ફ્રેંચ લેખકનું નામ શું હતું, કહે તો ફરી વાર, પોનોસ કે?"

નામને બગાડીને બોલવાની તેની રીતથી મને ઝાળ ચડી જતી, પણ હું મનને કાબૂમાં રાખીને જવાબ આપતો:

"પોન્સોં દે તેરાઈલ."

"કેવી રાઈ?"

"મૂર્ખાઈ ન કરો, તમે કંઈ બાળક નથી."

"ખરી વાત. હું બાળક તો નથી. હમણાં શું વાંચે છે તું?"

"યેફ્રેમ સીરિનનું પુસ્તક."

"કોણ બહેતર લખે છે... વાર્તા લખનારા કે એ?"

મેં કંઈ જવાબ ન આપ્યો.

"વાર્તા લખનારા મોટે ભાગે શાને વિશે લખતા હોય છે?" તેણે ચાલુ રાખ્યું.

"જે કંઈ બનતું હોય તેને વિશે."

"કૂતરા ને ઘોડા વિશે? એ પણ બનતા હોય છે."

ગુમાસ્તો હસી પડયો અને હું ધૂંધવાઈ ગયો.

હું ભાગી જવાની લાગણીને માંડમાંડ દબાવી શકતો હતો. તેમ છતાં, જતો રહેવાની કોશિશ કરું કે તરત ગુમાસ્તો ઘાંટો પાડતો:

"ક્યાં ચાલ્યો?"

ઘરડો આદમી મારી ધીરજને કસોટીએ ચડાવતો રહ્યો.

"સાંભળ, ડહાપણના દરિયા, આ કોયડો ઉકેલવાની કોશિશ કર: તારી સામે એક હજાર નાગાં માણસો ઊભાં છે. પાંચ સો મરદ અને પાંચ સો ઓરત. તેમાં આદમ ને ઇવ સામેલ છે. તો આદમ ને ઇવને કેવી રીતે પારખી કાઢવાં?"

થોડી વાર મને જવાબનું દબાણ કરીને પછી તેણે ફતેહની લાગણીથી જાહેર કર્યું:

"ગધેડો ક્યાંનો! આદમ ને ઇવને તો ઈશ્વરે પેદા કરેલાં, તેમનો જનમ નહોતો થયો... એટલે તેમને દૂંટીઓ નહોતી!"

બુઢ્ઢો એવી જાતના અસંખ્ય "કોયડાઓ" જાણતો હતો અને પૂછીપૂછીને મને પીડતો રહેતો.

દુકાનમાં શરૂઆતના દિવસોમાં મેં ગુમાસ્તાને પુસ્તકોની વાત કરેલી પણ પછી મારે પસ્તાવું પડયું. ગુમાસ્તાએ પ્યોતર વસીલ્યેવિચને કહી દીધું અને પાછી બાબતને વિકૃત બનાવીને તેમાં ગલીચ અર્થ ભરી દીધો. બુઢ્ઢાએ ગંદાગંદા સવાલો પૂછીને તેને મદદ કરી. મારાં પ્યારાં યુજીન ગ્રાન્દે, લુદ્‌મીલા, અને હેનરી ચોથાની ઉપર એ લોકોની ગંધારી જીભમાંથી ઊડતા ગંદવાડના લપેડા છવાઈ ગયા.

હું જાણતો હતો કે તેમના એવા વર્તનના કારણમાં મેલું મન નહોતું પણ કંટાળાભરી જિંદગી હતી, પરંતુ એવી જાણકારી તેને સહી લેવાનું જરાય સહેલું નહોતી બનાવતી. તેઓ પોતે જ પેદા કરેલા કીચડમાં ડુક્કરોની જેમ આળોટતા હતા, પોતાને અજબ તથા અગમ્ય અને એટલે રમૂજી લાગતી સુંદર વસ્તુઓને બગાડવાની ખુશીમાં ઘુરઘુરાટી કરતા હતા.

આખા બજારના તમામ વેપરીઓ અને ગુમાસ્તાઓ એક જાતની વિચિત્ર જિંદગી જીવતા હતા, જેટલી દ્વેષીલી એટલી જ મૂર્ખાઈભરી અને છોકરવાદી શેતાનીઓ કરીને મનને ખુશ કરી લેતા હતા. પહેલી જ વાર શહેરમાં આવેલો કોઈ ગામડિયો સરનામું બતાવીને રસ્તો પૂછે તો એ લોકો અચૂક તેને ઊલટી દિશામાં મોકલી દેતા. એવાં કરતૂતો એટલાં સામાન્ય બની ગયાં હતાં કે તેમાં કશી મોજ બાકી રહી જ નહોતી. વેપારીઓ બે ઉંદરોને

પકડીને તેમની પૂંછડીઓ બાંધી દેતા, અને પછી ઊભા ઊભા બિચારાં જનાવરોને એકબીજાથી ઊલટી દિશામાં ખેંચાતાણી કરતાં અને બટકાં ભરતાં તથા નહોર મારતાં જોતા રહેતા. ક્યારેક તો તેઓ ગરીબડા જીવોની ઉપર કેરોસીન છાંટીને આગ ચાંપી દેતા. અથવા કૂતરાની પૂંછડીએ પતરાનું ડબલું બાંધી દેતા, ગભરાયેલું જનાવર ભસતું દોડાદોડી કરવા લાગતું, પાછળ ડબલું ખખડાટ કરતું રહેતું, અને જોનારાઓ ખડખડાટ હસતા રહેતા.

એ લોકો એવાં તો કેટલાંય મસ્તીતોફાન કરતા રહેતા, જાણે કેમ બીજાં સૌ, ખાસ કરીને તો ગામોમાંથી આવતા કિસાનો, ખાલી બજારના મનોરંજન માટે જ હયાતીમાં હોય. વેપારીઓ અને તેમના ગુમાસ્તાઓ હંમેશાં કોઈની ઠેકડી ઉડાડવાના અથવા કોઈને પીડવા કે પજવવાના મોકા ગોતતા રહેતા, અને અજબ વાત હતી કે હું જે પુસ્તકો વાંચતો તેમાં એવી વિકૃતિ વિશે કશું જાણવા ન મળતું.

બજારમાં એવો એક બનાવ જોઈને મારા મનમાં ખાસ ઘૃણા પેદા થયેલી.

અમારી દુકાનની નીચે આવેલી દુકાનમાં કામ કરતો ગુમાસ્તો ખાઉધરા તરીકે આખા નીચલા બજારમાં નામીચો હતો. લોકો જેવી રીતે પોતાના કૂતરાના ઝનૂનની કે ઘોડાની તાકાતની શેખી મારતા હોય છે એવી જ રીતે એ દુકાનનો માલિક વેપારી પોતાના ગુમાસ્તાના ખાઉધરાપણાની શેખી મારતો અને એ બાબતમાં ઘણી વાર પાડોશીઓની જોડે શરત લગાવતો.

"મીશા બે કલાકમાં દસ રતલ માંસ ખાઈ જાય ન ખાય તો હું દસ રૂબલ આપું. સામા દસ રૂબલ લગાવવા છે કોઈને?"

પરંતુ એટલું માંસ ખાઈ જવાની મીશાની શક્તિ વિશે કોઈને શંકા ન હોવાથી તેઓ કહેતા:

"શરત નથી લગાવવી, પણ માંસ ખરીદી આપીએ, ભલે ખાય, અમે જોવાની મોજ માણીશું."

"પણ દસેદસ રતલ માંસ ખાવું પડે, હાડકાં વગરનું..."

તેઓ આતુરતાથી દલીલ કરતા રહે, એટલામાં અંધારા ભંડારિયામાંથી દાઢી વગરનો એક પાતળો આદમી ઉપર આવે, તેનાં ગાલનાં હાડકાં ઊંચાં ઊપસેલાં હોય, તેણે કાપડનો લાંબો કોટ પહેર્યો હોય, કમ્મરે રાતો પટ્ટો બાંધેલો હોય, અને કોટ ઉપર ઊનનાં પૂમડાં વળગેલાં હોય. તે આદર

બતાવવા ટચૂકડા માથા ઉપરથી ટોપી કાઢી નાખે, આછાં પડ બાઝી ગયેલી આંખોની નજર માલિકના ગોળ, માંસલ, અને દાઢીના બરછટ ખૂંપરાવાળા ચહેરા ઉપર ઠેરવે.

"આટલું માંસ ખાઈ જવાની હિંમત છે?" માલિક પૂછે.

"કેટલા વખતમાં?" મીશા તીણો અવાજ કાઢીને સીધીસટ વાત કરતો હોય એવી રીતે પૂછે.

"બે કલાકમાં."

"મુશ્કેલ છે."

"તને હોય નહિ મુશ્કેલ!"

"ભેગા બે પ્યાલા બીયરના મળે?" મીશા સવાલ કરે.

"કબૂલ!" માલિક બોલી ઊઠે, અને પછી પાડોશીઓની તરફ ફરીને ડંફાસ મારે:

"ધારી લેતા નહિ કે ખાલી પેટે તૈયાર થઈ ગયો હોય! ના, રે, ના, સવારે બે રતલ રોટી પધરાવી છે અને પાછું બપોરે પેટ ભરીને ખાધું છે!"

માંસ આણવામાં આવે, જોનારાઓનું ટોળું ભેગું થઈ જાય, બધાય વેપારીઓ કાયા ફરતે કસીને લપેટેલા વજનદાર શિયાળુ કોટને લીધે જબરજસ્ત કાટલાં જેવા લાગતા હોય, તેમને મોટાં પેટ અને ચરબીમાં ઊંડી ખૂંતી ગયેલી અને કંટાળાનાં પડ બાઝેલી ટચૂકડી આંખો હોય.

સૌ બાંયોમાં હાથ ભરાવીને ખાઉધરા ફરતે તંગ વર્તુળમાં ગોઠવાઈ જાય. મીશાએ એક હાથમાં છરી અને બીજા હાથમાં મોટી કાળી રોટી લઈ લીધી હોય. તે ઝડપથી અને વારંવાર ક્રૉસની નિશાની કરતો ઊનના ઢગલા ઉપર બેસી જાય, સામે માલના ખોખા ઉપર માંસ મૂકે, અને ખાલીખમ નજરે અંદાજ આંકે.

પછી રોટીની પાતળી અને માંસની જાડી ચીરી કાપે, એકની ઉપર બીજાને સરખી રીતે ગોઠવે, બેઉ હાથ વડે ઊંચી કરીને મોં સુધી લઈ જાય. તેના હોઠ હલતા હોય, કૂતરા જેવી લાંબી જીભ કાઢીને તે હોઠ ઉપર ફેરવે, નાનકડા તીણા દાંત નજરે પડે. પછી તે કૂતરાની જેમ જ જડબાં માંસ ઉપર ભીડી દે.

"શરૂ કરી દીધું!"

"વખત નોંધી લો!"

સૌની નજર ખાઉધરાના ચહેરા ઉપર, ચપચપ કરીને ચાવતાં જડબાં ઉપર, કાન પાસે હલતી માંસપેશીઓ ઉપર, અને લયબદ્ધ રીતે ઊંચીનીચી થતી રહેતી અણીદાર હડપચી ઉપર ઠેરવાયેલી હોય. થોડી થોડી વારે માંહોમાંહે વાતચીત ચાલતી હોય:

"રીંછની જેમ ચાવે છે."

"રીંછને ચાવતું જોયું છે ક્યારેય?"

"હું તે શું જંગલમાં રહું છું? આ તો ખાલી કહેવત છે કે રીંછની જેમ ચાવે છે!"

"કહેવત તો એમ છે કે ડુક્કરની જેમ ચાવે છે."

"ડુક્કર કાંઈ ડુક્કરને ખાય નહિ!"

તેઓ રમૂજ વગરનું હસે, અને પછી કોઈ દોઢડાહ્યો ઉમેરે:

"ડુક્કર તો બધુંય ખાય, પોતાનાં બચ્ચાંને અને સગી બહેનનેય ખાઈ જાય..."

ધીરેધીરે ખાઉધરાનું મોં રાતું થઈ જાય, કાન ભૂરા થઈ જાય, ઊંડી ઊતરી ગયેલી આંખો જાણે ઊપસીને ખાડામાંથી બહાર નીકળવા લાગે, અને શ્વાસનો અવાજ જોર પકડતો જાય. પણ હડપચી અગાઉની જેમ જ એકધારી હલતી રહે.

"ઝટ કર, મીશા, વખત પૂરો થવા આવ્યો છે!" તેઓ બિચારા આદમીને પાનો ચડાવતા રહે. મીશા બાકી બચેલા માંસનો અંદાજ આંકવાની કોશિશ બેચેન નજરે કરે, બીયરનો ઘૂંટડો ભરે, અને ચાવવાનું ચાલુ રાખે. જોનારાઓ વધારે ઉત્તેજિત બનતા જાય, મીશાના માલિકે હાથમાં રાખેલી ઘડિયાળ ઉપર વારંવાર નજર નાખતા રહે, અને એકબીજાને તાકીદ કરવા લાગે:

"ધ્યાન રાખજો, ક્યાંક કાંટા ફેરવી ન નાખે! બહેતર છે કે ઘડિયાળ એની પાસેથી લઈ લેવી!"

"મીશાની ઉપર ચાંપતી નજર રાખવાની છે, કદાચ થોડુંક માંસ બાંયમાં ભરાવી દેવાની કોશિશ કરે!"

"વખતસર ખતમ થાય એમ જ નથી એનાથી!"

"હું પચીસ રૂબલ લગાવવા તૈયાર છું!" મીશાનો માલિક આંધળું સાહસ કરીને ઘાંટો પાડે. "મીશા, મારી આબરૂ જવા દેતો નહિ!"

જોનારા સૌ રાડારાડી કરીને જોમ ચડાવતા રહેતા, પણ કોઈ શરતને ઝીલી ન લેતું.

મીશા ચાવતો ને ચાવતો જ રહેતો, તેનો ચહેરો માંસ જેવો બની જતો, લાંબું ઢીલું નાક જાણે રોતલ સીટી વગાડવા લાગતું, તેની સામે જોતાં મનમાં ત્રાસની લાગણી થતી. મને લાગતું કે હવે ગમે તે ઘડીએ બિચારો રડી પડશે અને કરગરવા લાગશે:

"દયા કરો!"

અથવા પેટમાં માંસ છેક ગળા સુધી ભરાઈ જાય ત્યારે જોનારાઓની સામે ઢળી પડે અને મરી જાય.

આખરે તે માંસ ખાઈને ખતમ કરી નાખતો. ટોળાની સામે ડોળા ગોળગોળ ફેરવતો તે થાકને લીધે હાંફતો હાંફતો બોલી ઊઠતો:

"પીવાનું કંઈક આપો!"

માલિક ઘડિયાળ ઉપર નજર નાખીને બબડતો:

"ચાર મિનિટ વધારે થઈ ગઈ! હરામજાદો ક્યાંનો!"

"અફસોસની વાત છે કે અમે તારી શરત ઝીલી નહિ, તું હારી ગયો હોત!" ટોળું તેને ચીડવતું.

"પણ આદમી ઘોડા જેવો છે, એની ના પડાય એમ નથી!"

"એને તો સરકસમાં મોકલી દેવો જોઈએ!"

"ઈશ્વર કોઈને કેવા અજબ જીવ બનાવી દેતો હોય છે!"

"ઠીક હવે, ચાલો ચા પીએ, હેં?"

અને તેઓ જાણે હારબંધ વહાણોની જેમ તરતા તરતા પીઠા તરફ ચાલ્યા જતા.

મને હેરત થતી કે એવા સોગિયા જાડિયા લોકો બિચારા કંગાલ આદમી ફરતે ટોળે કેમ વળતા હશે? એવું રોગીલું ખાઉધરાપણું જોવામાં તેમને શું મોજ પડતી હશે?

બજારની સાંકડી લાંબી પરસાળમાં અંધારું અને ગમગીની છવાયેલાં રહેતાં, ઠેરઠેર ઊનની ગાંસડીઓ, ઘેટાંની ખાલો, શણ, દોરડાં, નમદાના બૂટ, અને જોતર જેવી ચીજો પડી રહેતી. તેને પગથીથી નોખી પાડતી ઈંટની જાડી અને કઢંગી થાંભલીઓ કાળના ઝપાટા ખાઈને ભાંગવાતૂટવા લાગી હતી અને રસ્તાની ધૂળના થર બાઝી જવાથી કાળી પડી ગઈ હતી. ઈંટોને અને તેમની વચ્ચેની તિરાડોને મેં હજારો વાર ગણી જોઈ હશે, એટલે ચણતરની કદરૂપી ભાતો મારી યાદમાં ઊંડી અંકાઈ ગઈ હતી.

પગથી ઉપર રાહદારીઓ ધીમે ડગલે ચાલતા રહેતા, એવી જ રીતે

રસ્તે માલ લાદેલી ઘોડાગાડીઓ અને હિમગાડીઓ ધીમા વેગે આવજા કરતી રહેતી. આઘે રસ્તાને છેડે ઈંટની રાતી બે માળની દુકાનોનું ચોગાન હતો. ત્યાં જમીન ઉપર ખોખાં, ઘાસ, અને કાગળ જેવું બધું ગંદા હિમમાં રગદોળાતું પડયું રહેતું.

લોકો અને ઘોડાઓ સમેત એ બધું સતત ગતિમાન રહેતું હોવા છતાં જાણે સ્થિર લાગતું હતું, અદૃશ્ય જંજીરો વડે જકડાઈને જાણે એક જ ઠેકાણે ચક્કર ચક્કર ફરતું હોય એવું લાગતું હતું. મને એ જિંદગી જાણે ધ્વનિની દરિદ્રતાથી પીડાતી અને એ કારણે સાવ મૂંગી બની ગયેલી લાગતી. હિમગાડીઓ હિમમાં ચૂંકારા કરતી રહેતી, દુકાનોનાં બારણાં ધડધડાટ કરતાં રહેતાં, ખાવાની ચીજોના ફેરિયાઓ માલ વેચવા સાદ પાડતા રહેતા, પરંતુ એટલા બોદા અને નિર્જીવ અને એકસરખા હતા કે થોડી વારમાં જ કાન જાણે તેમને સાંભળવાનું મૂકી દેતા.

દેવળોના ઘંટ જાણે શબયાત્રાના વિલાપ જેવા રાગડા તાણતા રહેતા. તેમનો કંટાળાજનક અવાજ હું કદી નહિ ભૂલું. તે સવારથી રાત સુધી બજારની ઉપર હવામાં તરતો રહેતો, માણસના તમામ વિચારો અને લાગણીઓમાં ઘૂસી જતો, મનની બધી છાપોની ઉપર જાણે પિત્તળિયા કચરાનો થર છાવરી દેતો.

દરેક વસ્તુમાંથી—ગંદા હિમ તળે ઢંકાયેલી જમીનમાંથી, છાપરાંઓ ઉપર ખડકાયેલા રાખોડી હિમમાંથી, અને મકાનોની માંસ જેવી લાલ ઈંટોમાંથી—જાણે ચેતન હરી લેતો ટાઢોબોળ કંટાળો છૂટતો રહેતો. ધૂમાડિયાંમાંથી નીકળતા રાખોડી ધુમાડાની સેરોમાં લપાઈ જતો કંટાળો નીચા રાખોડી ખાલી આસમાનમાં સરકતો રહેતો. ઘોડાઓનાં પડખાંમાંથી અને માણસોનાં નાકોરાંમાંથી કંટાળાના ગોટા નીકળતા રહેતા. તેની આગવી વિચિત્ર ગંધ હતી—પરસેવાની, ચરબીની, ધુમાડાની, કપાસિયાના તેલની, અને તેલમાં તરબોળ થેપલાંની ઘેરી ભારે ગંધ. તે માથાને ગરમ તંગ ટોપીની જેમ જકડી લેતી, છાતીમાં પેસી જતી, એક જાતનો કેફ ચડાવતી, માણસને આંખો મીંચી દેવા, પુરજોસ ગર્જના કરવા, અને દોટ મૂકીને પહેલી પથ્થરની ભીંતે માથું અફળાવવા લાચાર બનાવી દેતી.

હું ઘણી વાર વેપારીઓના ચહેરાઓનું પરીક્ષણ કરતો. અતિતૃપ્તિના રંગે રંગાયેલા, ઘાટા લોહીથી છલોછલ ભરેલા, ઠારના ડંખવાળા, અને જાણે નીંદરમાં ડૂબેલા હોય એવા નિશ્ચલ ચહેરાઓ ઘણી વાર બગાસાં ખાય

ત્યારે મોઢાં જાણે કાંઠે ફેંકાઈ ગયેલાં માછલાંનાં મોઢાંની જેમ પહોળાં થઈ જતાં.

શિયાળામાં વેપાર ઢીલો પડી જતો. ઉનાળામાં વેપારીઓને ચેતનમય અને લગભગ ઉઠાવદાર બનાવી દેતો સાવચેતીભર્યો અને ગણતરીબાજ ચળકાટ શિયાળામાં ઓસરી જતો. તેમના ભારે કોટ હલચલને મુશ્કેલ બનાવી દેતા અને તેમને જાણે જમીન સાથે જડી લેતા. તેઓ જાણે આળસ આવતી હોય એવી રીતે બોલતા અને ખીજે ભરાય ત્યારે લાંબીલાંબી દલીલો કરતા. મને લાગતું કે તેઓ જાણીજોઈને એમ કરતા, પોતે જીવતા હોવાનું એકબીજાને સાબિત કરી દેવાના આશયે ગમે એવી રીત અજમાવતા!

મને સાફ વરતાતું કે તેઓ બિચારા બધું ભરખી જનારા કંટાળાના વમળમાં અટવાઈ ગયેલા હતા, અને તેમની ક્રૂર તથા નિરર્થક મોજમજાકોનો ખુલાસો હું એ કંટાળાને મારી હઠાવવાના મરણિયા પ્રયાસ તરીકે જ તારવી શકતો.

ક્યારેક હું એ વિશે પ્યોતર વસીલ્યેવિચને કહેતો. મારી જોડે તેનું વર્તન સામાન્ય રીતે વ્યંગનું અને મને ચીડવવાનું જ રહેતું. પરંતુ વાંચનની મારી ભૂખ જોઈને તેને ખુશી થતી, અને કોઈકોઈ વેળા તે મારી જોડે ગંભીર અને બોધક રીતે પણ વાતચીત કરી લેતો.

"આ વેપારીઓની જિંદગીની રીત મને નથી ગમતી," મેં કહ્યું.

દાઢીના થોડાક વાળ આંગળી ફરતે વીંટાળતાં તેણે સવાલ કર્યો:

"તને કેવી રીતે ખબર પડે કે એ લોકોની જિંદગી કેવી છે? કદાચ તું એમને ઘેર ઘણી વાર જતો હોય, જાય છે? ભાઈ મારા, આ તો રસ્તો છે રસ્તો, અને લોકો રસ્તામાં જિંદગી નથી જીવતા. રસ્તે તો વેપાર કરે, અથવા ઉતાવળા ચાલીને પાછા ઘેર જાય. રસ્તે દેખાતા લોકો તો કપડાંના પોટલામાં બંધાયેલા હોય, નીચે કેવા છે એની ખબર જ ન પડે. માણસ ઘરમાં હોય, ઘરની ચાર દીવાલોની ભીતર હોય, ત્યારે જ ઉઘાડી ફટાક જિંદગી જીવતો હોય છે. પણ એ જિંદગી કેવી છે અને કેવી નથી, એનો તાગ કાઢવાની કોઈ રીત નથી."

"પણ એ લોકોના વિચારો તો ઘરમાં ને અહીંયાં એકસરખા જ હોય."

"કોને ખબર પડે કે પાડોશીના વિચારો કેવા છે?" ઘરડો આદમી કરડી નજર મારી સામે તાકીને ભારેખમ અવાજે બોલ્યો. "જૂના જમાનાના લોકો કહેતા એમ વિચારો તો ટોલા જેવા હોય, એને ગણાય નહિ. બનવાજોગ

છે કે માણસ ઘેર જઈને ગોઠણિયે પડી જતો હોય, કદાચ રડવા અને પ્રાર્થના કરવાયે લાગતો હોય કે 'હે ઈશ્વર, પવિત્ર દિવસે પાપ કરવા બદલ મને માફ કરજે!' અથવા બનવાજોગ છે કે એનું ઘર એના મઠ જેવું હોય અને એમાં પોતે એકલો જ ઈશ્વર ભેગો રહેતો હોય. દરેક કરોળિયાને પોતાના ખૂણામાં ભરાઈને રહેવાનું હોય... તારી જાળ વણી લે, પણ ભેગો તારા વજનનો ખ્યાલ રાખજે, તારો ભાર ઝીલે એવી જાળ વણજે!"

તે ગંભીરતાથી વાત કરે ત્યારે તેનો અવાજ વધારે ઊંડો બની જતો, જાણે કેમ કોઈ મહત્ત્વનો ભેદ કહી બતાવતો હોય.

"તું બધી બાબતોને બુદ્ધિના કાટલે તોળવા લાગ્યો છે, પણ તારે માટે તો એ હજી બહુ વહેલું ગણાય. તારી ઉંમરે જિંદગી મગજના આધારે નહિ પણ નજરના આધારે ચલાવવાની હોય. બીજી રીતે કહું, અને તું યાદ રાખજે, તો તારે જીભડીને ઝાલી રાખવાની છે. મગજ વેપાર માટે હોય છે, આત્મા માટે તો શ્રદ્ધા. પુસ્તકો વાંચવાનું આમ તો બહુ સારું ગણાય, પણ દરેક વાતની હદ હોય છે. કોઈ કોઈ માણસો એટલું બધું વાંચતાં હોય છે કે પોતાનાં મન જ ગુમાવી દે, અને ભેગાં ઈશ્વરને ખોઈ બેસે..."

મને લાગતું કે તે ચોક્કસ મૃત્યુંજય હોવો જોઈએ. હું કલ્પના જ નહોતો કરી શકતો કે તેનામાં ક્યારેય કશા ફેરફાર થાય અથવા વૃદ્ધાવસ્થાની અસર વધે. તેને વેપારીઓની તેમ જ નામચીન બની ગયેલા લૂંટારાઓ કે ફરેબીઓની કહાણીઓ કહી સંભળાવવાનું બહુ ગમતું. મેં નાના પાસેથી એવી ઘણી કહાણીઓ સાંભળેલી, અને વાત કહેવાની નાનાની રીત બહેતર હતી. પરંતુ કહાણીઓનો સાર એકસરખો જ હતો: દોલત તો હંમેશાં ઈશ્વર અને માનવીની સામે પાપ કરવાથી જ મળતી હોય છે. પ્યોતર વસીલ્યેવિચને લોકો તરફ કોઈ જાતની અનુકંપા નહોતી, પરંતુ તે ઈશ્વરની વાત હેતથી કરતો અને બોલતી વેળા નિસાસા નાખતો અને નજર નીચે ઢાળી દેતો.

"જો ને, લોકો ઈશ્વરને કેવી રીતે ઉલ્લુ બનાવતા હોય છે, પણ ભગવાન ઈસુ બધું જુએ છે અને તેમને ખાતર આંસુ સારે છે: 'અરેરે! મારા લોકો, મારા લોકો, મારા કંગાલ લોકો, તમારી જગ્યા નરકમાં છે!'"

એક વાર મેં હિંમત કરીને તેને કહ્યું:

"પણ તમેય ગામડિયાઓને ઉલ્લુ બનાવો છો..."

તેણે માઠું ન લગાડ્યું.

"હં... પણ ઝાઝું નુકસાન નથી કરતો!" તેણે જવાબ આપ્યો. "ચાર કે પાંચ રૂબલ તફડાવી લઉં છું... બસ એટલું જ, વધારે કંઈ નહિ."

મને વાંચતો જુએ ત્યારે તે પુસ્તક મારા હાથમાંથી લઈ લેતો, લખાણ વિશે મને સવાલો પૂછતો, અને ગુમાસ્તાની તરફ ફરીને એક જાતના શંકીલા વિસ્મયના ભાવે કહેતો:

"જો તો ખરો, ચોપડીઓ વાંચે છે ને સમજે છે, નાનકો વાંદરો ક્યાંનો!"

પછી તે ચોકસાઈભરી અને કદી ન ભુલાય એવી રીતે મને શિખામણ દેતો:

"મારી વાત સરખી રીતે સાંભળી લે... ક્યારેક કામમાં આવશે. બે કિરીલ્લ હતા, બેઉ બિશપ હતા, એક એલેક્ઝાંડ્રીયાનો અને બીજો યેરુસલેમનો. પહેલા કિરીલ્લે કાળમુખા પાખંડી નેસ્તારના એવા ગલીચ વિચારોનો સામનો કર્યો હતો કે કુંવારી માતા તો ખાલી મૃત્યુલોકની નારી હતી, એટલે ઈશ્વરને જન્મ ન આપી શકે, તેણે ઈસુ નામે ઇન્સાનને, જગતનો ઉદ્ધાર કરનારા માનવીને, જન્મ આપ્યો હતો; એટલે વાત એમ છે કે આપણે તેને ઈશ્વરની માતા નહિ પણ ઈસુની માતા કહેવી જોઈએ, સમજ્યો? એનું જ નામ પાખંડ. પણ યેરુસલેમના કિરીલ્લે પાખંડી એરિયસનો સામનો..."

ધર્મસંસ્થાના ઇતિહાસની તેની જાણકારીની મારા મનમાં ઊંડા છાપ પડી હતી. તે સુંવાળો, પાદરી જેવો, હાથ દાઢી ઉપર ફેરવતો ડંફાસ હાંકતો:

"એવી બાબતોમાં હું જનરલ જેવો છું. મોટા જ્ઞાની કહેવાતા નિકોનપંથી પાદરીઓ અને બીજા માણસોની ઝેરીલી વાણી સામે લડવા હું વ્હીટસન્ડેના તહેવારે મોસ્કો ગયેલો. મેં જ્ઞાનીઓમાંયે સૌથી વધારે જ્ઞાની માણસોની સામે દલીલો કરેલી. એક ધર્મશાસ્ત્રીની તો મેં એવી ઝાટકણી કાઢેલી કે એને નાકોરી ફૂટી. વિચાર કર!"

તેના ગાલ રાતા થઈ ગયા અને આંખો ચળકવા લાગી.

સાફ દેખાતું હતું કે વિરોધીને નાકોરી ફૂટવાની બાબત તેની નજરમાં મોટામાં મોટી સિદ્ધિ જેવી હતી, પોતાના ગૌરવના સુવર્ણ મુગટમાં ઝગમગતા મણિ જેવી હતી. એ વાત તેણે વિજયના ભાવે કહી સંભળાવેલી:

"દેખાવડો આદમી હતો, ખરો અલમસ્ત! ઉપદેશના સ્થાને ઊભો હતો, નાકમાંથી લોહી ટપકતું હતું, પણ એને તો પોતાની નામોશીની ખબર જ નહોતી. એનો દેખાવ સિંહ જેવો વિકરાળ હતો અને અવાજ ઘંટના રણકાર જેવો હતો. અને હું એના દિલમાં મારા બોલની કટારીઓ શાંતિથી લગાતાર ભોંકતો હતો, બરાબર પાંસળીઓની વચ્ચે. એની દુષ્ટ પાખંડી વાણીમાં ગરમાવો વધતો ગયો, એટલી હદે કે આદમી ભઠ્ઠીની છત જેટલો તપી ગયો. અરે, એવા હતા એ દિવસો!"

અમારી દુકાનમાં બીજા મતવાદીઓ પણ અવારનવાર આવતા રહેતા. એક હતો પાખોમી, તકિયા જેવા આદમીને મોટું પેટ હતું અને એક જ આંખ હતી. એ છીંકોટા કરતો હોય એવી રીતે બોલતો અને હંમેશાં જૂનો ચીકણો કોટ પહેરતો. વળી એક હતો ઘરડો લુકિયાન, નાના કદનો અને ઉંદર જેવો ચપળ, રીતભાતની બાબતમાં નરમ, અને ફૂર્તિલો. ગાડીવાન જેવો લાગતો મોટા કદનો એક ગમગીન આદમી હંમેશાં તેની ભેગો આવતો. તેને કાળી દાઢી હતી, જાણે સ્થિર આંખો હતી, અને દેખાવડા પણ ગમે નહિ એવા ચહેરામાં શૂન્યતા છવાયેલી રહેતી.

તેઓ લગભગ હંમેશાં અમને જૂનાં પુસ્તકો, દેવચિત્રો, ધૂપદાનીઓ, અને દેવળનાં પાત્રો વેચવાની કોશિશ કરતા. એ લોકો ક્યારેક કોઈ બીજાને પણ સાથે લઈ આવતા, વોલ્ગા વિસ્તારનો કોઈ ડોસો કે ડોશી હોય, તે પણ અમને વસ્તુઓ વેચવાની કોશિશ કરે. સોદો થઈ જાય એટલે તેઓ વાડ ઉપર બેસતા કાગડાઓની જેમ થડા ઉપર બેસી જતા, મીઠી રોટી અને ફળની ખુશબોવાળી સાકર ભેગી ચા પીતા, અને નિકોનપંથી ધર્મસંસ્થા તરફથી કરવામાં આવતી કનડગતની વાતો કરતા. ક્યાંક તલાશી લેવામાં આવી હોય અને ધર્મનાં પુસ્તકો જપ્ત કરી લેવામાં આવ્યાં હોય, ક્યાંક પોલીસે કોઈ દેવળ બંધ કરાવી દીધું હોય અને દેવળના માણસોની ઉપર ૧૦૩ નંબરની કલમના ભંગનું તહોમત મૂકીને તેમને અદાલતમાં પેશ કરી દીધા હોય. ૧૦૩ નંબરની કલમ વાતચીતમાં તેમના માનીતા વિષયના સ્થાને હતી, પરંતુ તેનો ઉલ્લેખ તેઓ લાગણીના કોઈ જાતના ઊભરા વગર કરતા, જાણે કેમ તે શિયાળાના ઠાર જેવી અનિવાર્ય બાબત હોય.

પોલીસ, તલાશી, કેદ, અદાલત, અને સાઇબિરિયા જેવા શબ્દો— ધર્મને ખાતર તેમને માથે પડતી વિપદાઓની વાતોમાં ફરીફરીને આવતા શબ્દો—સળગતા કોલસાની જેમ મારા હૈયા ઉપર પડતા અને એ વૃદ્ધ લોકો

તરફ હમદર્દી તથા સદ્ભાવની જ્યોતિ મારા મનમાં પેટાવતા. મેં વાંચેલાં પુસ્તકોએ મને નૈતિક હિંમતને પ્રશંસાની નજરે, તેમ જ પોતાના ધ્યેયની સિદ્ધિની બાબતમાં અડગ રહેનારા લોકોને આદરની નજરે, જોતાં શીખવ્યું હતું.

પ્રાચીન ધર્મના એ દૂતોની વ્યક્તિગત ખામીઓને હું ભૂલી જતો, કેવળ તેમની સ્વસ્થ ખંત મારા ધ્યાનમાં રહેતી, ધ્યેયની સચ્ચાઈ અંગેની અડગ નિષ્ઠા, તેમ જ તેને ખાતર તમામ હાડમારીઓ તથા વિપદાઓ સહી લેવાની તૈયારી, એ ખંતની નીચે પડેલી હતી, અથવા પડેલી હોય એમ મને લાગતું.

આગળ જતાં, બુદ્ધિજીવીઓમાં તેમ જ સાધારણ લોકોમાં એવાં ઘણાં માણસોને મળ્યા પછી, મને સમજણ પડી કે એવી ખંતમાં કેવળ નિષ્ક્રિયતા હતી, એથી વધારે કંઈ નહોતું; જે લોકો અમુક બિંદુએ પહોંચી ગયા પછી તેની પાર જવાની કોઈ જગ્યા નહોતા ધરાવતા, અને એથી આગળ જવાની મંછા જ ખરેખર નહોતા ધરાવતા, જરીપુરાણા શબ્દો અને બેહદ ઘસાઈ ગયેલા ખ્યાલોની જાળમાં અટવાઈ ગયેલા હતા, તેમની નિષ્ક્રિયતા જ હતી. તેમનું મનોબળ ક્ષીણ થઈ ગયેલું હતું, ભવિષ્યની દિશામાં વિકસવાનું સામર્થ્ય નહોતું ધરાવતું, અને તેમને અણધારી મુક્તિ મળી ગઈ હોત તો તેઓ ટેકરા ઉપરથી શિલા અથવા પહાડી ખડકની જેમ યંત્રવત્ નીચે ગબડવા લાગ્યા હોત. પાછળ જોતા રહેવાના વલણના નિર્જીવ ખેંચાણે અને દુખ તથા પજવણી અંગેની રોગિષ્ઠ આસક્તિએ તેમને મૃત વિચારોના કબ્રસ્તાનમાં કેદ પૂરી રાખ્યા હતા. દુખ ભોગવવાના સંજોગો તેમની પાસેથી છીનવી લેવામાં આવે તો તેમનું સમગ્ર સારતત્ત્વ શોષાઈ જાય અને તેઓ તાજગીભર્યા પવનમાં વિખેરાઈ જતાં વાદળોની જેમ વિલીન થઈ જાય.

જેને ખાતર તેઓ બહુ આતુરતાથી અને ભારે મિથ્યાભિમાનથી પોતાની જાતની કુરબાની આપતા હતા એ આસ્થા નિસ્સંદેહ મક્કમ હતી, પરંતુ તે જૂનાં કપડાં જેવી હતી, તેની ઉપર ધૂળ અને મેલના એવા થર જામી ગયા હતા કે કાળના વિનાશક ઝપાટાઓની અસર ત્યાં સુધી પહોંચી શકતી નહોતી. તેમના વિચારો અને લાગણીઓ પૂર્વગ્રહોમાં તથા મતવાદોમાં સખત જકડાઈ રહેવાની હાલતથી ટેવાઈ ગયેલાં હતાં, અને લૌકિક તથા વિકૃત બની ગયાં હોવાની હકીકતથી જરાય ડગમગતાં નહોતાં.

ટેવ ઉપર આધારિત એવી આસ્થા આપણા જીવનની અત્યંત ઝેરીલી અને ખેદજનક પરિઘટનાઓમાંની એક છે. જે કંઈ નૂતન હોય તે એવી આસ્થાની મર્યાદાઓની અંદર, પથ્થરની દીવાલના છાંયામાં ઊગતી વસ્તુઓની જેમ, ધીમે ધીમે ઊગે છે, મરડાઈ ગયેલા સત્ત્વહીન રૂપમાં ઊગે છે. પ્રેમનાં બહુ ઓછાં કિરણો એ અંધારી આસ્થાની અંદર પહોંચી શકે છે. પરંતુ વેરવૃત્તિ, દ્વેષની લાગણી, તથા ઈર્ષા—ધિક્કારની સગી બહેનો—તેની અંદર વધારે પડતો પેસારો કરે છે. એવી આસ્થાની આગ વાસ્તવમાં તો કેવળ સડાના આછા ચળકાટને જ અંકિત કરતી હોય છે.

ઘણાં વરસોની કપરી જિંદગી જીવ્યા પછી જ, ઘણી મૂર્તિઓને તોડી નાખ્યા પછી જ, અને મારા ઘણા વિચારો ધરમૂળથી ઊખડી ગયા ત્યાર પછી જ એ વાત મારી સમજણમાં ઊતરી હતી. ખરેખર, મારી આસપાસની બેનૂર અને બેઈમાન જિંદગીના સંજોગોમાં હું એ ધર્મદૂતોને પહેલી વાર મળ્યો ત્યારે મને લાગેલું કે તેઓ પારાવાર નૈતિક શક્તિ ધરાવે છે, વાસ્તવમાં ધરતીનાં સંતાનો છે. તેમાંથી દરેક માણસ કોઈ ને કોઈ વખતે અદાલતમાં પેશ થયો હતો, કારાવાસમાં ધકેલાયો હતો, શહેરમાંથી હાંકી કાઢવામાં આવ્યો હતો, બીજા ગુનેગારોની જોડાજોડ હદપારીના કપરા માર્ગે ચાલતો કરી દેવાયો હતો. તેઓ બધા તણાવની, છુપાઈને રહેવાની, જિંદગી જીવી ચૂક્યા હતા.

પરંતુ મારા ધ્યાનમાં આવ્યું હતું કે નિકોનપંથીઓ "ધર્મચેતનાનો ખેધો લેતા હોવાની" ફરિયાદ કરતી વેળા એ ઘરડા લોકો આપમરજીથી અને દેખીતી ખુશીથી એકબીજાનો ખેધો લેતા હતા.

એક આંખવાળો પાખોમી નશામાં હોય ત્યારે તેને પોતાની સાચેસાચ અદ્‌ભુત યાદદાસ્તનું પ્રદર્શન કરવાનું ગમતું. જેવી રીતે હીબ્રૂ ભાષાના લહિયાઓને ટાલમુડનો ધર્મગ્રંથ આખો મોઢે હોય એવી જ રીતે તેને કેટલાક ધર્મગ્રંથો આખેઆખા મોઢે હતા, "આંગળીની યાદ" જેટલા મોઢે હતા; તે પુસ્તક ખોલીને આડેધડ કોઈ શબ્દ ઉપર આંગળી મૂકે અને પછી ત્યાંથી આગળનું લખાણ યાદમાંથી કહી સંભળાવે, નાકમાંથી હળવો અવાજ કાઢીને બોલતો જાય. તે હંમેશાં નજર નીચે ભોંયે તાકી રાખતો, અને તેની એકલ આંખ આતુરતાથી આઘીપાછી ફરતી રહેતી, જાણે કેમ ભારે મૂલ્યવાન કશાકની તલાશ કરતી હોય. તે પોતાની પ્રતિભાનું પ્રદર્શન કરવા મોટે ભાગે પ્રિન્સ મીશેત્સ્કીના પુસ્તક *«Grapes of Russia»*નો ઉપયોગ કરતો. "પરાક્રમી અને નીડર શહીદોનાં અત્યંત ધીરજ અને અત્યંત હિંમત ભરેલાં

વીતકો" તેને સૌથી વધારે સાફ યાદ હતાં. પ્યોતર વસીલ્યેવ હંમેશાં તેની ભૂલ પકડી પાડવાની કોશિશ કરતો રહેતો.

"ગલત! આ તો પાક ડેનીસની વાત છે, પાવન સીપ્રીયાનની નહિ!"

"ડેનીસ? કોઈને ખબર છે કે ડેનીસ એટલે કોણ? ખરું નામ ડિઓનીસીય છે."

"નામની બાબતમાં જીભાજોડી કરવાની જરૂર નથી."

"તો મને શીખવવાનીયે જરૂર નથી."

એક મિનિટમાં બેઉ જણ રાતાપીળા થઈ જતા અને સામસામી નજર તાકીને એકબીજાને ઢાળી દેવાની કોશિશ કરતા જોરજોરથી બોલવા લાગતા:

"ખાઉધરા, લાંબા નાકવાળા, બેશરમ, તારું પેટ તો જો!.."

પાખોમી જાણે દાખલા ગણતો હોય એવી રીતે વિરક્ત ભાવે જવાબ દેતો:

"અને તું બકરો છો, પાપિયો છો, ઘાઘરાઘેલો છો."

ગુમાસ્તો બાંયોમાં હાથ ભરાવીને ઝેરીલો મલકાટ કરતો, અને પ્રાચીન ધર્મના એ રખેવાળો જાણે નિશાળિયાઓ હોય એમ તેમને પાનો ચડાવતો:

"વળતો ઘા મારવાનો જ હોય! બરાબર!"

એક દિવસે બુઢ્ઢાઓ ખરેખરા લડી પડયા. પ્યોતર વસીલ્યેવે પાખોમીને મોં પર તમાચો ચોડી દીધો, ભગાડી મૂક્યો, અને પછી ઢીલા હાથે કપાળનો પરસેવો લૂછતાં પાખોમીની પાછળ ઘાંટા પાડયા:

"જોઈ લેજે, આ પાપ તારા જીવના નામે ચડવાનું છે! તેં જ મારા હાથને પાપ કરવા ધકેલી દીધેલો! થૂ તારા નામ ઉપર!"

સંગાથીઓને માથે અપૂરતી આસ્થા ધરાવવાનો અને "નકાર"માં સરી પડવાનો આક્ષેપ મૂકવામાં તેને ખાસ મઝા પડતી.

"પેલો અલેક્સાંદર જ છે, ભેજામાં તોર ભરી દેનારો, કા... કા... કરતો કાગડો!"

"નકાર" તેને ચીડ ચડાવતો અને સાફ દેખાતું હતું કે દહેશતમાં નાખી દેતો, પણ એ મતમાં શું છે એમ પૂછવામાં આવે ત્યારે તે બહુ સાફ સમજાવી નહોતો શકતો:

"'નકાર' એટલે કટ્ટરમાં કટ્ટર પાખંડ, એમાં ઈશ્વરને વેગળો રાખવામાં આવે, અને ખાલી મન, એ સિવાય કંઈ જ નહિ. કઝ્ઝાકોનો દાખલો લે... એ લોકો ફક્ત બાઈબલને માને છે, અને સારાતોવમાં બાઈબલ

જર્મનો પાસેથી લેવામાં આવે છે... એ લોકોના લુથર પાસેથી... અને લુથરની બાબતમાં આમ કહેવાય છે: 'એનું નામ લુથર ઠીક રીતે જ પાડવામાં આવ્યું છે, લુસીફરમાંથી લુથર, લુથર લંપટ, વ્યભિચારી લુથર' નકારપંથી માણસોને 'શાલાપુતો' નામ આપવામાં આવ્યું છે, પાછા 'શ્તૂન્દાઓ', અને એ બધું પશ્ચિમમાંથી, ત્યાંના પાખંડીઓ પાસેથી, આવે છે."

લંગડો પગ જમીન ઉપર પછાડતો તે ટાઢોબોળ ભારેખમ અદામાં કહેતો:

"હકાલપટ્ટી તો એ લોકોની કરવી જોઈએ, એમને જ દમવા જોઈએ અને થાંભલે બાંધીને બાળી નાખવા જોઈએ, આપણને નહિ! આપણે તો જૂનામાં જૂના જમાનાથી રૂસીઓ છીએ, અને આપણી આસ્થા જ સાચી પૂર્વની આસ્થા છે, સાંગોપાંગ રૂસી. પેલું બાકીનું બધું પશ્ચિમનું છે... મરડાઈ અને મચડાઈ ગયેલા આઝાદ ખ્યાલો છે. જર્મનો પાસેથી, ફ્રાંસવાળાઓ પાસેથી. એમાં તે કેવી સારાવાટ હોય? જરાક પાછળ નજર નાખીએ, ૧૮૧૨માં..."

જુસ્સાની હાલતમાં તે ભૂલી જતો કે પોતે ખાલી નાના છોકરાને બધું સંભળાવી રહ્યો છે. તે મારો કમરબંધ જોરાવર હાથમાં પકડી લેતો, મને ઘડીક નજીક ખેંચતો અને ઘડીક આઘો હડસેલી દેતો, અને પુરજોસ તારુણ્યસભર જુસ્સામાં બોલતો રહેતો:

"માનવીનું ડહાપણ પોતાની બનાવટોના જંગલમાં આંધળાની જેમ ભટકતું રહે છે, શયતાનથી ઉશ્કેરાતું વિકરાળ વરુની જેમ માનવીય આત્માના, ઈશ્વરની સર્વોત્તમ ભેટના, પતન સુધી ભટકતું રહે છે. શયતાનના ચાકરોએ શું શું ઘડી કાઢ્યું છે? નકારના ઉપદેશકો શીખવે છે કે શયતાન પણ ઈશ્વરનો પુત્ર છે, ઈસુ ખ્રિસ્તનો મોટો ભાઈ છે. વિચાર કર! વળી લોકોને સ્થાપિત સત્તા સામે બંડ કરવાનું, કામ પડતું મૂકી દેવાનું, અને બૈરીછોકરાંને રઝળતાં મૂકી દેવાનું શીખવે છે. માણસ પાસેથી કોઈ જાતની માગણી નથી કરવામાં આવતી—વ્યાવસ્થા નહિ, કશું નહિ—એને મરજી પડે એમ અથવા શયતાન ફરમાવે એમ જીવે. જોઈ લે, પાછો અલેક્સાંદર, કંગાલ જીવડો..."

ગુમાસ્તો ક્યારેક મને કોઈ કામ માટે બોલાવી લેતો. ઘરડો આદમી ઓટલે એકલો પડી જતો અને આસપાસના ખાલીપાને કહેતો રહેતો:

"અરેરે, પાંખ વગરના આત્માઓ, અરેરે, આંધળાં ગલૂડિયાંઓ, હું ભાગીને કોને શરણે જાઉં?"

પછી માથું પાછળ ફંગોળીને અને હથેળીઓ ગોઠણે મૂકીને તે રાખોડી શિયાળુ આસમાનમાં એકાગ્ર નજરે તાકી રહેતો.

ધીરેધીરે તે મારી બાબતમાં વધારે માયાળુ બનતો ગયો અને વધારે ધ્યાન આપતો ગયો. મને પુસ્તક વાંચતો જુએ ત્યારે મારે ખભે હાથ ફેરવતો અને કહેતો:

"તુંતારે વાંચતો રહેજે, ભાઈ મારા, ક્યારેક કામ આવશે. લાગે છે કે તારા માથામાં અક્કલ છે ખરી, પણ મોટેરાંની વાત ન માનવાનું અને દરેક માણસનો સામનો કરવાનું તો બહુ ખોટું ગણાય. એવાં મસ્તીતોફાન તને ક્યાં સુધી લઈ જવાનાં, શું લાગે છે તમને? જેલનાં પંખીડાંની ટોળી સુધી જ, મારા ભાઈ, એથી આગળ નહિ. ભલે, ચોપડીઓ વાંચતો રહેજે, પણ ભૂલતો નહિ... ચોપડી એટલે તો આખર ચોપડી જ, અસલ વાત તો ભેજાને ખૂબ હલાવીને ચાલતું કરી દેવાની છે. ખ્લીસ્તોના સંપ્રદાયનો એક ઉપદેશક હતો, નામે દાનીલો, કહેતો કે ચોપડીઓ સાવ નકામી, પછી જૂની હોય કે નવી હોય, અને એણે બધી ભેગી કરીને નદીમાં ફગાવી દીધી... પણ એમાંય અક્કલનું નામનિશાન નહિ. વળી પેલો મેલા મનનો અલેક્સાંદર લોકોનાં માથાં ભરમાવતો રહે છે..."

તેની વાતોમાં અલેક્સાંદરના ઉલ્લેખો વધતા રહ્યા. એક દિવસે તે ચિંતાતુર ચહેરો લઈને દુકાનમાં આવ્યો અને તેણે ગુમાસ્તાને જોરથી કહ્યું:

"અલેક્સાંદર શહેરમાં છે, કાલે આવ્યો છે. મેં બધે તપાસ કરી પણ ક્યાંય મળ્યો નહિ. છુપાઈને બેઠો છે! હું થોડી વાર અહીંયાં બેસું છું. કદાચ આવે."

"હું કોઈને ઓળખતો નથી અને કંઈ જાણતો નથી!" ગુમાસ્તો અણગમો બતાવતો બોલ્યો.

ઘરડા આદમીએ માથું હલાવ્યું.

"ખરી વાત... તું તો ખાલી ઘરાકને અને માલ વેચનારને જ ઓળખે... બીજું કોઈ જાણે હયાતીમાં જ નહિ... ભલે, ચા તો પિવડાવ એક કપ!"

હું પિત્તળની મોટી કીટલીમાં પાણી લઈને પાછો આવ્યો ત્યારે દુકાનમાં બીજા કેટલાક મહેમાનો પણ નજરે પડયા. એક તો બુઢ્ઢો લુકિયાન હતો, ખુશાલ મલકાટ કરી રહ્યો હતો. બારણા પાછળના ખૂણમાં કોઈ અજાણ્યો માણસ બેઠો હતો, તેણે ગરમ કોટ અને નમદાના ઊંચા બૂટ પહેર્યા હતા,

કમ્મરે લીલા રંગનો પટ્ટો બાંધ્યો હતો, અને માથે ટોપો છેક આંખો સુધી દબાયેલો હતો. માણસ શાંત અને સાધારણ જીવ લાગતો હતો, તાજા જ બરતરફ કરવામાં આવેલા અને પાણીચું મળવાથી એકદમ હતાશ થઈ ગયેલા કોઈ ગુમાસ્તાને મળતો આવતો હતો. પણ તેનો ચહેરો મને ગમ્યો નહિ.

પ્યોતર વસીલ્યેવ તેની દિશામાં નજર નાખ્યા વગર કરડા ભારેખમ અવાજે કશુંક કહી રહ્યો હતો. અજાણ્યો આદમી જાણે આંચકી ખાતો હોય એવી રીતે જમણા હાથને હલાવીને ટોપો આઘોપાછો કરતો હતો: જાણે ક્રૉસની નિશાની કરતો હોય એવી રીતે હાથ ઊંચો કરે, ટોપાને જરાક હડસેલે, ફરી હડસેલે, વળી પાછો હડસેલે, અને ટોપો જ્યારે માથાના પાછળના ભાગને પડુંપડું કરતો વળગી રહે ત્યારે તેને પાછો ખેંચીને આંખો ઉપર સખત દબાવી દે. એવી આંચકીઓ જોઈને મારા મનમાં મૂરખ ઈગોશાની, "ખીસામાં મોત" ઈગોશાની, યાદ તાજી થઈ ગઈ.

"આપણા ડહોળા પાણીમાં કેટલાંય માછલાં તરતાં તરતાં ધમાચકડી કરીને પાણીને વધારે ડહોળું કરી નાખે છે," પ્યોતર વસીલ્યેવ બોલ્યો.

ગુમાસ્તા જેવા લાગતા આદમીએ શાંત અને સ્વસ્થ અવાજે સવાલ કર્યો:

"મારી વાત છે?"

"હોય તો શું થઈ ગયું?"

પછી આદમીએ ફરી વાર શાંત પણ લાગણી નીતરતા અવાજે પૂછ્યું:

"પણ ભલા માણસ, તારે પોતાને વિશે શું કહેવાનું છે તારે?"

"હું મારે વિશે તો ખાલી ઈશ્વર જોડે જ વાત કરું છું... એ મારે જોવાનું છે."

"અરે ના, ભલા માણસ, ના, મારેય જોવાનું છે," અજાણ્યો આદમી ભારપૂર્વક અને ફતેહની અદાથી બોલ્યો. "તારું મોં સચ્ચાઈથી અળગું ન ફેરવી લે, અને પોતાને શૂરોપૂરો ગણીને આંખે પાટા ન બાંધી દે, કેમ કે એમાં તો ઈશ્વરની સામે અને ઇન્સાનની સામે મોટું પાપ થાય!"

પ્યોતર વસીલ્યેવને "ભલા માણસ" કહીને બોલાવવાની તેની રીત મને ગમી ગઈ, અને તેનો ઉદાત્ત શાંત અવાજ મારા હૈયાને સ્પર્શી ગયો. કોઈ કાબેલ પાદરી "સ્વામી ઈશ્વર, કાયાની માટીના સર્જક..." વાંચતો હોય એવી રીતે બોલતો તે ખુરશીમાં આગળ સરકતો રહેતો અને હાથ પોતાના ચહેરા સામે હલાવતો રહેતો.

"મારા સંબંધમાં ફેંસલો કેમ કરી નાખે છે? હું તારાથી વધારે પાપિયો તો કોઈ રીતે નથી..."

"સમોવાર કેવો થૂંકે છે ને ખખડે છે!" લુકિયાન વેધક અવાજે બોલી ઊઠયો, પણ અજાણ્યો આદમી તેને ધ્યાનમાં લીધા વગર આગળ બોલ્યો:

"કેવળ ઈશ્વર જાણી શકે કે પવિત્ર ભાવનાનાં ઝરણાંને સૌથી વધારે ડહોળાં કરી નાખનાર કોણ છે. કદાચ તમારું પાપ, પુસ્તકિયા પંડિત લોકોનું પાપ, એ જ છે. મને પુસ્તકોની કે પંડિતાઈની કોઈ જાતની જાણકારી નથી. હું તો જીવતોજાગતો સાદો માણસ છું."

"તારી સાદાઈની મને ખબર છે... બહુ સાંભળયું છે મેં!"

"લોકોનાં માથાં ભરમાવી દેવાનું કરતૂત તો તમે, દંભી લોકો, સાદા વિચારોને મચડી નાખનારાઓ, કરો છો. મારી બાબતમાં... ખબર છે મારી શીખ કેવી હોય છે?"

"પાખંડની!" પ્યોતર વસીલ્યેવ બોલી ઊઠયો, પણ અજાણ્યા આદમીએ હથેળી ઊંચી કરીને પોતાના ચહેરા સામે રાખી, જાણે કેમ તેમાં લખેલું કંઈક વાંચતો હોય, અને પછી જુસ્સામાં વાત આગળ ચલાવી:

"તમે શું એમ ધારો છો કે લોકોને એક ડુક્કરવાડામાંથી બીજા ડુક્કરવાડામાં ફેરવીને તેમની હાલત સુધારો છે? હું તમને કહું છું... ના એમ નથી! હું તમને કહું છું... અરે માનવી, તારી જાતને મુક્ત કરી દે! ઈશ્વરની સામે ઘર અને બૈરી અને તારી બધી ઘરવખરી શું છે? અરે માનવી, હિંસા અને હત્યાની દિશામાં લઈ જતી બધી વસ્તુઓથી, સોનાચાંદીથી અને તમામ ધનદોલતથી, તારી જાતને મુક્ત કરી દે કેમ કે એ તો કેવળ ધૂળ અને સડો જ છે! માનવીનો ઉદ્ધાર આ પૃથ્વીનાં મેદાનોમાં નહિ પણ સ્વર્ગની કંદરાઓમાં જવાનો છે! હું કહું છું કે બધું તજી દે, તમામ સંબંધો અને બંધનોને, આ દુનિયા સાથે તને જકડી રાખતી બધી જંજીરોને, તોડી નાખ કેમ કે એ બધું ખ્રિસ્તવિરોધીએ ઘડેલું છે. હું તો અડગ મન લઈને અને આ અંધારી દુનાયાને જાકારો દઈને સીધા અને સાંકડા પંથે ડગલાં ભરું છું..."

"પણ તું રોટીને અને પાણીને અને કાયાને ઢાંકવાની ચીજોને તજી દે છે ખરો? એ બધું પણ આ દુનિયાનું જ છે," ઘરડો આદમી ખારમાં બોલી ઊઠયો.

એ શબ્દોની કોઈ જાતની અસર અલેક્સાંદર ઉપર ન પડી, તે વધારે

ને વધારે લાગણી છલકાતા અવાજે બોલતો રહ્યો, તેનો અવાજ ધીમો હતો પણ તે જાણે પિત્તળની તુરાઈ વગાડતો હોય એમ લાગતું હતું:

"અરે માનવી, સંપદા ક્યાં હોય છે? સંપદા તો એકલા ઈશ્વરમાંથી જ સાંપડે છે. તેની સામે નિષ્કલંક ઊભો રહે, તારા આત્માને જકડી રાખતી દુન્યવી જંજીરોને તોડી નાખ અને ઈશ્વરને જો: તું એકલો અને ઈશ્વર એકલો. તારા ઈશ્વરને તું એવી રીતે જ પામીશ. કારણ કે તેની પાસે પહોંચાડનારો પંથ માત્ર એક જ છે. કહેવામાં આવ્યું છે કે માતાપિતાને તજી દઈને, બધું તજી દઈને, લલચાતી આંખને ફોડી નાખીને, ઉધ્ધારની કોશિશ કર! ઈશ્વરને ખાતર તારા માટીના ખોળિયાને ખતમ કરી નાખ અને તારા મનને ઉગારી લે, જેથી તારો આત્મા સદાકાળ દિવ્ય પ્રેમનો ઝગમગાટ કરતો રહે..."

"થૂ! તારા જેવા કૂતરાઓની ઉપર થૂ!" પ્યોતર વસીલ્યેવ ઊભો થતો બોલ્યો. "મને હતું કે છેલ્લા વરસ પછી તારા માથામાં થોડીક અક્કલ આવી હશે, પણ તું તો અગાઉથીયે બદતર બની ગયો લાગે છે!"

ઘરડો આદમી લંગડાતો લંગડાતો દુકાનમાંથી ઓટલે ચાલ્યો ગયો. એથી અલેક્સાંદર ફિકરમાં પડી ગયો, અને ઉતાવળો તથા જરાક અચરજના ભાવે બોલી ઊઠયો:

"તું ચાલ્યો? પણ... કેમ?"

ભલો લુકિયાન દિલાસો આપતો હોય એવી રીતે મિચકારો કરતો બોલ્યો:

"ઠીક છે હવે... ઠીક છે હવે..."

પરંતુ અલેક્સાંદર તેની ઉપર વરસી પડયો:

"તુંયે આ દુનિયાનો બડબડિયો નકામાં બી વાવે છે! એમાં અક્કલ જેવું શું છે? બે વાર ઈશ્વરના ગુણગાન... ત્રણ વાર..."

લુકિયાને તેની સામે હોઠ મલકાવ્યા અને પછી તે પણ બહાર ઓટલે ચાલ્યો ગયો. અજાણ્યો આદમી ગુમાસ્તાની તરફ ફરીને ખાતરીભર્યા અવાજે બોલ્યો:

"મારી ભાવનાની શક્તિ એટલી બધી છે કે એ લોકો ટકી શકે જ નહિ... બેહદ છે! જેવી રીતે ધુમાડો આગથી આઘો ભાગે એવી જ રીતે એ લોકો પોબારા ગણી જાય છે!"

ગુમાસ્તો ભવાં હેઠળથી નજર ઊંચી કરીને લૂખા અવાજે બોલ્યો:

"મને એવી બાબતોમાં દિલચસ્પી નથી."

તેના શબ્દો સાંભળીને અજાણ્યો આદમી આભો બની ગયો અને ટોપો નીચો દબાવી દેતો ગણગણ્યો:

"દિલચસ્પી ન હોય એમ કેવી રીતે બને? આવી બાબતો... તો દિલચસ્પીનો તકાદો કરે!"

તે ઘડીભર માથું નમાવીને અબોલ બેઠો રહ્યો, પછી બુઢ્ઢાઓએ તેને બોલાવ્યો અને ત્રણેય જણ દુવાસલામ કર્યા વગર ચાલ્યા ગયા.

અજાણ્યો આદમી મારી સામે રાતના તાપણા જેવો, ઘડીક ભડકે બળતા અને ઘડીક ઓલવાતા તાપણા જેવો, ફૂટી નીકળ્યો હતો, અને દુનિયાને નકારવાનું તેનું ધોરણ અમુક હદે સાચું હોવાની છાપ તેણે મારા મનમાં પાડી હતી.

સાંજે મોકો મળ્યો ત્યારે મેં ઈવાન લારીઓનિચને ઉત્સાહથી તેની વાત કરી. શાંત અને ભલો ઇવાન લારીઓનિચ અમારા કારીગરી મથકનો ઉપરી કારીગર હતો. મારી વાત સાંભળી લઈને તેણે કહ્યું:

"ભમતો જોગી હશે... એવો એક પંથ છે, કંઈ સ્વીકારે જ નહિ, બધું નકારી કાઢે..."

"કેવા હોય એ લોકો? શું કરે?"

"ભમતા રહે... આખી દુનિયામાં ભટકતા રહે. એટલે જ નામ પડયું છે ભમતા જોગીઓ. એમનું કહેવું છે કે દુનિયાનું બધું નકારી કાઢવું જોઈએ. પોલીસ એ લોકોને જોખમી ગણતા હોય છે અને ગોતીગોતીને પકડી લેતા હોય છે..."

મારી જિંદગી તો બહુ આકરી હતી જ, તેમ છતાં મને સમજાતું નહિ કે કોઈ પણ માણસ દુનિયાના સર્વકંઈને કેવી રીતે નકારી શકે. એ વખતે મારી આસપાસના જીવનમાં મને ગમતું હોય અને દિલચસ્પ લાગતું હોય એવું ઘણુંબધું હતું. મારી યાદમાં અલેક્સાંદરનું ચિત્ર થોડા વખતમાં ઝાંખું પડી ગયું.

પરંતુ તે અવારનવાર, માઠી ઘડીઓમાં, ફરી દેખા દેતો... ખેતરોમાં રાખોડી કેડીએ ડગલાં ભરીને વન તરફ જતો હોય, આંચકીઓ ખાતા ગોરા હાથ વડે, કોઈ જાતની મહેનતની છાંટ વગરના હાથ વડે, ટોપાને પાછળ હડસેલતો હોય, અને એકધારો ગણગણતો હોય:

"હું સીધા અને સાંકડા પંથે ડગલાં ભરું છું, અને બધું જ નકારી કાઢું છું! તમામ બંધનોને તોડી નાખો!.."

મને તેની જોડાજોડ મારા બાપુ દેખાતા, નાનીમાને સ્વપ્નમાં આવતા એવા, તેમના હાથમાં અખરોટના ઝાડની ડાળીની લાકડી હોય, પાછળ ડાઘિયો કૂતરો લાંબી જીભ મોંમાંથી બહાર લટકાવીને દોડતો હોય...

૧૩

દેવચિત્રોનું કારીગરી મથક અરધા પથ્થરિયા મકાનના બે ઓરડાઓમાં હતું. એક ઓરડાની ત્રણ બારીઓ ફળિયામાં અને બે બારીઓ બગીચામાં પડતી હતી. બીજા ઓરડાની એક બારી બગીચામાં અને બીજી રસ્તામાં પડતી હતી. બારીઓ નાનકડી અને ચોરસ હતી. શિયાળાનો ઝાંખો વેરવિખેર પ્રકાશ, કાળના વહેણમાં સપ્તરંગી બની ગયેલા કાચ વાટેથી, માંડમાંડ અંદર આવતો હતો.

બન્ને ઓરડાઓમાં ટેબલો ઠસાઠસ ગોઠવેલાં હતાં. દરેક ટેબલ ઉપર એક અથવા બબ્બે દેવચિત્ર કારીગરો નમેલા રહેતા. છતમાં દોરી બાંધીને ટાંગેલા કાચના ગોળાઓમાં પાણી ભરી રાખવામાં આવતું. બત્તીઓનું અજવાળું એ ગોળાઓમાં પરાવર્તન પામીને દેવચિત્રોનાં ચોરસ પાટિયાંઓ ઉપર ટાઢાં ધોળાં કિરણો ફેલાવતું રહેતું.

મથકમાં ગરમી અને બફારાની હાલત રહેતી. પાલેખ, ખોલુઈ, અને મ્સ્તેરાના લગભગ વીસ જેટલા "ઈશ્વર-ચિત્રકારો"ને ભેગા કરવામાં આવ્યા હતા. બધા કારીગરો ઉઘાડા કૉલરવાળાં છીંટનાં ખમીસ અને જાડા પાણકોરાના ચોરણા પહેરતા. માણસો કાં તો ઉઘાડપગા રહેતા અથવા ઢંગધડા વગરનાં પગરખાં પહેરતા. ચિત્રકારોના માથાં ફરતે માખોર્કા તમાકુના રાખોડી ધુમાડાના ગોટા ફેલાયેલા રહેતા. હવામાં જલદી સુકાતો તેલની, વાર્નિશની, અને બગડી ગયેલાં ઈંડાની ગંધ ભરેલી રહેતી. ગરમ ડામરના ઘાટા વહેણની જેમ વ્લાદીમિરના લોકગીતના સૂર મંદ વેગે રેલાતા રહેતા:

અરે, ફટ છે તમને, બેશરમી કેવી,
લાજ કુંવારકાની, લૂંટવા જુવાનને દીધી...

તેઓ એવાં જ ખુશી વગરનાં બીજાં ગીતોયે ગાતા, પરંતુ એ ગીત તેમનું માનીતું હતું. લંબાતું ગાન માણસના વિચારોમાં કે એર્માઇન પ્રાણીના

વાળની પીંછીના બારીક લસરકાઓ વડે ચિત્રની રેખાઓ દોરવામાં, સંતના પોશાકની ગડીઓને રંગવામાં, અથવા હાડકાંના માળખા જેવા ચહેરામાં વેદનાની રેખાઓ ઉમેરવામાં કોઈ રીતે આડું નહોતું આવતું. નકશી કારીગર ગોગોલેવની, મોટા જબ્બર જાંબલી નાકવાળા દારૂડિયા ડોસાની, હથોડીના અવાજ બારી વાટેથી સંભળાતા રહેતા. હથોડીના જોરદાર ઠપઠપ અવાજ ગીતના ધીમા વેગમાં જાણે વિરામ નિર્દેશિત કરતા હતા અને ઝાડને કરડી ખાતા જીવડાનો ખ્યાલ મનમાં પેદા કરતા હતા.

દેવચિત્રો બનાવવાની ઉત્સુકતા કોઈને નહોતી. કોઈ અનિષ્ટ પ્રતિભાએ કામને તદ્દન સુંદરતા વગરની હારબંધ ચોક્કસ પ્રક્રિયાઓમાં વહેંચી નાખ્યું હતું, એટલે કામ અંગે કોઈ જાતની ચાહના અથવા દિલચસ્પી સુદ્ધાં વિકસાવવાનું સાવ અશક્ય હતું. ત્રાંસી આંખોવાળો સુથાર પાનફીલ, કમીનો અને ખારીલો આદમી, પોતે જ રંધો મારીને તથા જોડીને તૈયાર કરેલાં તરેહવાર આકારનાં પાટિયાં લઈ આવતો, ક્ષયનો રોગી જુવાન દાવીદોવ પાયાનો પહેલો રંગ લગાવતો; તેનો દોસ્ત સોરોકિન પાટિયાને સોનેરી ઓપ માટે તૈયાર કરતો; મિલ્યાશિન કોઈ મૂળ ચિત્રની નકલ કરીને રેખાઓ દોરતો; બુઢ્ઢો ગોગોલેવ સોનાનો ઓપ ચડાવતો અને તેમાં ભાતનું નકશીકામ કરતો; "સાદા" કલાકારો આસપાસના દૃશ્યનું તથા સંતોના જામાઓનું ચિત્રણ કરતા; પછી માથા વગરના અને હાથ વગરના દેવચિત્રને દીવાલને ટેકે ગોઠવવામાં આવતું અને તેમાં "ચહેરા"ના કલાકારોનો ફાળો બાકી રહેતો.

વેદીપટ અથવા વેદીદ્વાર માટે બનાવવામાં આવેલાં મોટાં દેવચિત્રોને ચહેરા કે હાથપગ વગર, કેવળ ઢાલા જામાઓ અથવા બખતર અથવા દેવદૂતોનાં ટૂંકાં પહેરણોના જ આલેખનમાં, ભીંતે ટેકવેલાં જોઈને એકદમ અણગમાની લાગણી થતી. ઝળકતા રંગોમાં ચીતરેલાં એ પાટિયાંમાંથી જાણે મોતની છાયા ફેલાતી રહેતી. તેમની અંદર ચેતન રેડી દેનારા જીવનનો અભાવ હતો, પરંતુ એમ લાગતું હતું કે જીવન ક્યારેક રહ્યું હશે ખરું, પછી ચમત્કારિક રીતે છટકી ગયું હશે અને બોજલ વેશભૂષાને પાછળ મૂકતું ગયું હશે.

દેવચિત્રમાં "ચહેરા"ના કલાકારોની કામગીરી થઈ જાય એટલે તેને કારીગરના હાથમાં સુપરત કરી દેવામાં આવતું. તે સોનાની કિનારની ભાતમાં રોગાન ઉમેરતો. આલેખનું કામ પણ ખાસ કારીગર કરતો. તૈયાર દેવચિત્રમાં

સોનેરી વાર્નિશનું કામ કારીગરી મથકનો સંચાલક શાંત આદમી ઈવાન લારીઓનિચ પોતે કરતો.

તેને રાખોડી ચહેરો, મઝાની રેશમ જેવી રાખોડી દાઢી, અને રાખોડી આંખો હતી. આંખો ખાસ ઊંડી અને ગમગીન લાગતી. તે હળવો મલકાટ કરતો, પણ કોણ જાણે કેમ સામો મલકાટ કરવામાં કશુંક ખોટું કામ થઈ જાય એમ લાગતું. તે સ્તંભના સીમેઓનના દેવચિત્ર જેવો દેખાતો, એવો જ પાતળો અને લેવાઈ ગયેલો, અને દીવાલો તથા લોકોની પાર નજર તાકે ત્યારે તેની સ્થિર આંખોમાં તન્મયતાનો એવો જ ભાવ વરતાતો.

હું કારીગરી મથકમાં જોડાયો ત્યાર પછી થોડાક દિવસે ધ્વજો અને ચિહ્નોનો ચિત્રકાર કાપેન્દ્યૂખિન, દોન વિસ્તારનો દેખાવડો જોરાવર કઝ્ઝાક આદમી, નશામાં ચકચૂર દશામાં કામે આવ્યો. તે દાંત પીસીને અને નારીનાં નેણ જેવી રૂપાળી આંખો સંકોડીને મૂંગોમૂંગો દરેક માણસને લોખંડી મુક્કા મારવા લાગ્યો. તેની બહુ મોટી નહિ એવી ચપળ કાયા, ઉંદરોના અડ્ડા જેવા ભંડકિયામાં ધૂમરીઓ ખાતી બિલાડીની જેમ, કારીગરી મથકમાં ધૂમરીઓ ખાતી રહી. ગભરાઈ ગયેલા માણસો દોડાદોડી કરતા ખૂણાઓમાં ભરાઈ ગયા અને એકબીજાને હાકલા કરવા લાગ્યા:

"મારો એને!"

આખરે "ચહેરા"નો કલાકાર યેવગેની સીતાનોવ વીફરેલા સાંઢને માથામાં સ્ટૂલનો ફટકો મારીને જડ જેવો બનાવી દેવામાં કામયાબ થઈ ગયો. કઝ્ઝાક આદમી ભોંયપટે ઢળીને ઢગલો થઈ ગયો. સૌએ તેને જોતજોતામાં લાંબો સુવરાવીને ટુવાલો વડે તેના હાથપગ બાંધી લીધા. કાપેન્દ્યૂખિન વાઘ જેવા દાંત વડે ટુવાલોને બટકાં ભરવા અને ફાડી નાખવા લાગ્યો. એથી યેવગેનીને ઝનૂન ચડી ગયું. તે ટેબલ ઉપર ચડી ગયો અને કોણીઓ પડખાંમાં દબાવીને કઝ્ઝાક આદમીની ઉપર કૂદી પડવા તૈયાર થઈ ગયો. તેના જબ્બર વજનથી કાપેન્દ્યૂખિનની છાતી ચોક્કસ ચગદાઈ ગઈ હોત, પણ બરાબર એ જ ઘડીએ લારીઓનિચ આવી પહોંચ્યો અને કોટટોપી કાઢ્યા વગર જ તેની પાસે પહોંચી ગયો. તેણે સીતાનોવની સામે આંગળી હલાવી, અને બાકીના સૌને શાંત અને સીધાસટ અવાજે કહ્યું:

"એને બહાર પરસાળમાં લઈ જાઓ, નશો ઊતરી જાય ત્યાં સુધી પડી રહેવા દો!"

તેઓ કઝ્ઝાક આદમીને ઢસડીને કારીગરી મથકમાંથી બહાર લઈ

ગયા, પછી ટેબલો તથા ખુરશીઓ પાછાં ગોઠવીને ફરી કામે વળગી ગયા, માંહોમાંહે કાપેન્દ્યૂખિનની તાકાત વિશે વાતો કરતા આગાહી કરવા લાગ્યા કે આદમી ક્યારેક લડાઈઝઘડામાં જ મોતનો શિકાર થઈ જવાનો.

"એને મારી નાખવાનું મુશ્કેલ," સીતાનોવ બહુ શાંત અવાજે બોલ્યો, જાણે કેમ કામની પૂરી જાણકારી ધરાવતો કોઈ માણસ કહેતો હોય.

મેં લારીઓનિચની તરફ નજર નાખીને અટકળની કોશિશ કરી કે આવા જોરાવર બેકાબૂ માણસો રાજીખુશીથી તેના હુકમનો અમલ કેમ કરતા હશે.

તે સૌને બતાવતો કે કામ કેવી રીતે કરવું, વધારેમાં વધારે અનુભવી કારીગરો પણ તેની સલાહ ખુશીથી માની લેતા. તે બીજા કોઈને શીખવવામાં જેટલી મહેનત કરતો એથી ઘણી વધારે મહેનત કાપેન્દ્યૂખિનને શીખવવામાં કરતો, વધારે વખત લગાવતો અને વધારે વિસ્તારથી સમજાવતો.

"સાંભળ, કાપેન્દ્યૂખિન, તું કલાકાર કહેવાય. કલાકારે પોતાની કૃતિને ઈટાલીના ઉસ્તાદોની જેમ જીવંત બનાવવી જોઈએ. તૈલરંગી ચિત્રકામમાં ચેતનમય રંગછાયાઓની એકતા સધાવી જોઈએ, પણ સફેદ રંગનું તારું આ કામ જો! એટલે જ કુંવારી માતાની આંખો સાવ ઠંગીગાર અને શિયાળુ લાગે છે. ગાલ ગોળ અને રાતા છે, પણ આંખો એમાં મેળ નથી ખાતી. વળી આંખોની ગોઠવણીયે સરખી નથી, એક તો નાકની બહુ નજીક છે, અને બીજી લમણામાં સરકી ગઈ છે, એટલે ચહેરાનો દેખાવ નિર્દોષ અને પાવન બનવાને બદલે લુચ્ચાઈભર્યો અને આ જગતની છાપવાળો બની ગયો છે. તું તારા કામમાં મન બરાબર નથી લગાવતો, કાપેન્દ્યૂખિન!"

કઝ્ઝાક આદમી મોં સંકોડીને સાંભળતો રહ્યો, પછી નારીનાં નેણ જેવી આંખોમાં નિર્લજ્જ મલકાટ આણીને ખુશાલ પણ દારૂની ટેવને લીધે જરાક ઘોઘરા બની ગયેલા અવાજે બોલ્યો:

"અરે, ઈવાન લારીઓનિચ, આ તો મારું કામ જ નહિ ને! હું તો સંગીતનું સર્જન કરવા જન્મેલો, અને અહીંયાં પહોંચી ગયો... મઠમાં!"

"સરખી રીતે સખત મહેનત કરે તો ગમે તે કામમાં ઉસ્તાદી હાંસલ કરી લેવાય!"

"હું તે કોણ આવું કામ કરનારો? આપણું કામ તો ગાડીવાનનું... થનગનતા ત્રણ ઘોડાની ગાડી હોય... હેં!.."

અને મોં પહોળું કરીને તે લાંબો બેકાબૂ સૂર રેલાવી દેતો:

"એ... ત્રણ ઘોડાની ગાડી જોડું, વેગીલી મારી,
રતુમડા બે તોખાર ને ત્રીજો બદામી,
એ... ચળકતા હિમગંજમાં હાંકું, ગાડી મારી,
દિશામાં પ્યારની મારા, મૂકું વહેતી..."

ઈવાન લારીઓનિચે હોઠ મલકાવીને નમતું મૂકી દીધું, નીલા ગમઝરતા નાક ઉપર ચશ્માં સરખાં કર્યાં, અને ત્યાંથી ચાલતી પકડી લીધી. દસબાર અવાજો ગીતને ઉપાડી લેતા જાણે વેગીલા ઝરણામાં એકરૂપ થઈ ગયા, ગીતના સૂરો આખા કારીગરી મથકને જાણે હવામાં ઊંચું કરી દઈને હળવે હળવે આમથી તેમ ડોલાવવા લાગ્યા.

જાણકાર મારગના, માશૂકના ઘરના,
વેગીલા પંથ કાપે, ઘોડા થનગનતા મારા...

શિખાઉ કારીગર પાશ્કા ઓદીન્ત્સોવે ઈંડાંની જરદી નોખી પાડવાનું બંધ કરી દીધું, અને હાથમાં એકેક કોચલું ઝાલી રાખીને સરસ ઊંચો સૂર રેલાવતાં સમૂહગાનની આગેવાની લઈ લીધી.

સૂરતાલમાં મસ્તાના બનીને તેઓ બીજું બધું ભૂલી ગયા, એકસરખી ઊર્મિઓની છોળો દિલમાં લઈને એકીસાથે શ્વાસ લેવા લાગ્યા. સૌની નજર કઝ્ઝાક આદમીની ઉપર મંડાયેલી હતી. તે ગાતો ત્યારે જાણે કારીગરી મથકનો માલિક અને હાકેમ બની જતો. એવા સંજોગોમાં સૌ તેની તરફ ઢળી જતા, તેના હાથના હલનચલનને નીરખતા રહેતા. તે જાણે ઊડી જવાનો હોય એવી રીતે હાથ હલાવતો રહેતો. મને ખાતરી છે કે તેણે એકાએક ગાવાનું થંભાવી દઈને હાકલ કરી હોત કે "ચાલો, દરેક વસ્તુના ભુક્કા ઉડાવી દઈએ!" તો એકદમ સુશીલ અને મોભાદાર કારીગર સમેત બધાયે માણસોએ પાંચ મિનિટમાં કારીગરી મથકને ખેદાનમેદાન કરી નાખ્યું હોત.

તે જવલ્લે જ ગાતો, પરંતુ તેના બેકાબૂ ગાનમાં હંમેશાં વિજયી અને અદમ્ય સામર્થ્ય રહેતું. લોકો ગમે એટલી નિરાશામાં ગરકાવ હોય તોપણ તેમની અંદર જોમ રેડી દેવામાં તે હંમેશાં કામયાબ થતો, સૌ પૂરું જોર ગાનમાં લગાવી દેતા અને પોતાની શક્તિઓની એકરૂપતા સાધીને જાણે એક જ પ્રબળ વાજિંત્રમાં પલટાઈ જતા.

એ ગીતો સાંભળતી વેળા મને ગાયકની અને લોકો ઉપર તેના અદ્‌ભુત કાબૂની ઊંડી ઈર્ષા થતી, મારા દિલમાં જાણે કંપતું ઓજસ ભરાઈ જતું, દિલને એટલી હદે ફુલાવી દેતું કે પીડા થવા લાગે, અને મારા મનમાં તાલાવેલી પેદા થઈ જતી કે ગાતા લોકોને પોકાર પાડીને કહું:

"કેવા પ્યારા લાગો છો તમે સૌ!"

આખા શરીરે વાળનાં ગૂંચળાવાળો, ક્ષયનો રોગી, નિસ્તેજ દાવીદોવ પણ ઈંડામાંથી તાજા જ નીકળેલા કાગબાળની જેમ મોં પહોળું ખોલીને ગાવા લાગતો.

પરંતુ માત્ર કઝ્ઝાક આદમી જ એવાં ખુશાલ ઉન્માદી ગીતો ગાતો. ચિત્રકારો સામાન્ય રીતે તો લંબાતા રાગનાં ગમગીન ગીતો ગાતા, દાખલા તરીકે 'કઠણ કાળજાં રે લોકોનાં...', 'વનમાં થઈને રે, નાનકડા વનમાં થઈને...' અથવા આલેક્સાંદર પહેલાના અવસાનનું ગીત 'આવ્યો અમારો, આલેક્સાંદર અનેરો, શૂરા સિપાહીઓને દેવા સલામી...'

અમારા કારીગરી મથકમાં "ચહેરા"ના સર્વોત્તમ ચિત્રકાર જીખારેવની વાત માનીને ક્યારેક તેઓ દેવળના સંગીતના સૂર રેલાવવાની કોશિશ કરતા, પરંતુ તેમાં જવલ્લે જ સફળતા મળતી. જીખારેવ હંમેશાં એકલા પોતાને જ સમજાય એવા લયતાલને તલસતો રહેતો, અને બાકીના લોકોના ગાનની ટીકા કરતો રહેતો.

તે લગભગ પિસ્તાળીસ વરસનો પાતળો આદમી હતો. તેના ટાલિયા માથામાં જિપ્સી જેવાં વાંકડિયાં જુલફાં અર્ધ ચંદ્રકારમાં છવાયેલાં રહેતાં. તેનાં ભરાવદાર કાળાં ભવાં મૂછો જેવાં લાગતાં હતાં. તેની ભરાવદાર અને અણીદાર દાઢી ઘેરા વાનના ઘાટીલા બિનરૂસી ચહેરાને બેશક ઉઠાવ આપતી હતી, પરંતુ તેના વાંકડિયા નાક નીચે ઊગી નીકળેલી મૂછો ભવાંને લીધે ફાલતુ લાગતી હતી. તેની નીલી આંખો એકસરખી નહોતી, જમણી આંખની સરખામણીમાં ડાબી આંખ મોટી હતી, ધ્યાન ખેંચે એટલી મોટી હતી.

"પાશ્કા!" તેણે ઊંચા સૂરે મારા સાથી તાલીમીને સાદ પાડયો. "'ગુણગાન ગાઓ નામનાં' શરૂ કરી દે. સાંભળો સૌ!"

પાશ્કાએ કામના ઝભ્ભા વડે હાથ લૂછતાં શરૂ કર્યું:

"ગુ... ણ... ગા... ન..."

"ના... મનાં... ભગ... વા... નના..." કેટલાય માણસો સૂર

પુરાવવા લાગ્યા, અને જીખારેવ ઉત્તેજિત થઈને ઘાંટા પાડવા લાગ્યો:

"સીતાનોવ, સૂર નીચો કરી દે! એટલો નીચો કે તારા દિલને છેક તળિયેથી નીકળે!"

સીતાનોવે એવા અવાજની ધણધણાટી બોલાવી કે જાણે પીપડાના તળિયાને ફટકા ઝીંકતો હોય.

"દાસ... તમે... ભગવાનના..."

"છી! એમ નહિ! એવી રીતે સૂર રેલાવો કે ખુદ ધરતી ધ્રૂજી ઊઠે અને બારીબારણાં આપોઆપ ઊઘડી જાય!"

જીખારેવનાં અંગેઅંગ જાણે કશીક અગમ્ય ઉત્તેજનામાં ફરકી રહ્યાં હતાં, તેનાં વિસ્મયજનક ભવાં ઉપરનીચે થતાં હતાં, અવાજ તૂટક બની જતો હતો, આંગળીઓ જાણે અદૃશ્ય તારને ઝણઝણાવતી હતી.

"દાસ તમે ભગવાનના... સમજાતું નથી?" તેણે સવાલ કરીને મર્મનો નિર્દેશ કર્યો. "તમારે લાગણીને છેક હાર્દ સુધી, કોચલાને પાર કરીને અંદર, પહોંચાડી દેવાની છે. ગુણગાન ગાઓ ભગવાનનાં, દાસ તમે! તમને એવી લાગણી નથી થતી, ભલા ભાઈઓ?"

"તને તો ખબર છે, એ જગ્યાએ ક્યારેય સરખો મેળ ખાતો જ નથી," સીતાનોવે કુનેહથી ખુલાસો કર્યો.

"ભલે, મૂકો પડતું!"

થોડોઘણો દુભાઈ ગયેલો જીખારેવ પાછો કામે વળગી ગયો. તે અમારો સૌથી કાબેલ કારીગર હતો, ચહેરાનું ચિત્રણ બાઈઝન્ટાઈન ઢબે અથવા ફ્રેંચ કે ઇટાલિયન પરંપરા મુજબ કરી શકતો. લારીઓનિચ વેદીપટની વરદી લેતી વેળા જીખારેવની સલાહ લેતો કેમ કે તે મૂળ દેવચિત્રોનો પારખુ હતો. ફેઓદોરોવ, સ્મોલેન્સ્ક, તથા કઝાનની કુંવારી માતાઓનાં દેવચિત્રો જેવી ચમત્કારી કૃતિઓની બધી નકલો તેના હાથમાંથી પસાર થતી. પરંતુ મૂળ કૃતિઓનું પરીક્ષણ કરતી વેળા તે હંમેશાં જોરશોરથી ફરિયાદ કરતો:

"આપણને આ મૂળ ચિત્રો જોડે જકડી લીધા છે, એમ જ કર્યું છે, જકડી લીધા છે!"

કારીગરી મથકમાં તેનું સ્થાન મહત્ત્વનું હોવા છતાં તે બીજા માણસો કરતાં વધારે નરમાશ દાખવતો અને તાલીમીઓ જોડે, મારી અને પાવેલની

જોડે, માયાળુ વર્તન રાખતો. તે એકલો જ અમને કલા શીખવવાની થોડીઘણીયે મરજી બતાવતો.

તેને સમજવાનું મુશ્કેલ હતું. બધી રીતે જોતાં, તે બહુ ખુશાલ આદમી નહોતો, ક્યારેક તો આખું અઠવાડિયું બહેરામૂંગા માણસની જેમ કંઈ જ બોલ્યા વગર કામ કરતો રહેતો. તે દરેકની સામે હેરતભરી અને દૂરથી નીરખતો હોય એવી નજર નાખતો રહેતો, જાણે કેમ અમને પહેલી જ વાર જોતો હોય. તેને ગાવાનો શોખ બહુ હોવા છતાં, એવા ગાળાઓમાં અબોલ રહેતો અને બીજા લોકોના અવાજ તેને જાણે સંભળાતા જ ન હોય એમ લાગતું. સૌ તેની તરફ નજર નાખતા રહેતા અને તેની પીઠ પાછળ મિચકારા કરતા રહેતા. તે દેવચિત્રના ત્રાંસા પાટિયા ઉપર નમીને બેઠો રહેતો, પાટિયાનો એક છેડો તેના ગોઠણ ઉપર હોય અને બીજો છેડો ટેબલની કિનારીઓ ટેકવેલો હોય, અને તે પોતાના ચહેરા જેવા જ ઘેરા વાનના અને પરદેશી ચહેરાની રેખાઓ મુલાયમ પીંછી વડે ચિત્રમાં ઉતારતો હોય.

એકાએક તે બહુ સ્પષ્ટ અને જાણે દુભાયેલા અવાજે બોલી ઊઠતો:

"'પ્રેદ્તેચા'—એનો મતલબ? જૂની સ્લાવ ભાષામાં 'તેચ' એટલે 'જવું' અને 'પ્રેદ' એટલે પહેલાં, એમ 'પ્રેદ્તેચા'નો અર્થ 'પહેલાં જનાર' થાય, એટલે કે પુરોગામી થાય, એથી વધારે કંઈ નહિ."

સૌ મુંગો મલકાટ કરતા અને છાની નજરો તેની દિશામાં નાખતા, અને તેના અજબ બોલ નીરવતામાં રણકતા રહેતા:

"એના ચિત્રમાં ઘેટાની ખાલ નહિ પણ પાંખો હોવી જોઈએ..."

"કોની જોડે વાત કરે છે, હેં?" કોઈ હિંમત કરીને પૂછી લેતું.

પણ તે કશો જવાબ ન આપતો, કાં તો સવાલ સાંભળ્યો જ ન હોય, અથવા જવાબ આપવાની મરજી ન હોય. પછી અપેક્ષાભરી નીરવતામાં ફરી વાર તેના બોલ પછડાતા:

"એમની જિંદગી જાણી લેવી જોઈએ, પણ કોણ જાણે છે, કોને જાણકારી છે એ પાવન પુસ્તકોની? આપણે શું જાણીએ છીએ? જિંદગી ગુજરતી જાય છે... પાંખો વગર... આત્મા ક્યાં છે... આત્મા? મારો સવાલ એવો છે! આપણી પાસે મૂળ ચિત્રો છે... ખરી વાત. પણ હૈયું નથી..."

મોટેથી બોલાતા એવા વિચારો સીતાનોવ સિવાય સૌના હોઠે મલકાટ આણી દેતા . લગભગ હંમેશાં કોઈ ને કોઈ હાંસીના ભાવે બોલી ઊઠતું:

"શનિવારે ઢીંચવાનો!"

ઊંચો અને અલમસ્ત સીતાનોવ, દાઢી વગરના અને ભવાં વગરનાયે ગોળ ચહેરાવાળો બાવીસ વરસનો જુવાન, ગમગીન અને ગંભીર નજર ખૂણામાં ઠેરવી દેતો.

મને યાદ છે કે એક વાર જીખારેવ ફેઓદોરોવ કુંવારી માતાની ચિત્રની તૈયાર નકલ ટેબલ ઉપર મૂકતી વેળા કેવી રીતે ઊંચા ઉત્તેજિત અવાજે બોલી ઊઠેલો:

"તૈયાર, પાવન માતા, તળિયા વગરનો કટોરો, લોકોનાં દિલોમાંથી નિચોવી કાઢવામાં આવતાં આંસુ એમાં વહેતાં રહેશે..."

પછી કોઈનો કોટ ખભે નાખીને તે બહાર ચાલ્યો ગયો... પીઠામાં. જુવાન માણસો હસવા અને સીટીઓ વગાડવા લાગ્યા. મોટેરા માણસોએ ઈર્ષાની લાગણીમાં નિસાસા નાખ્યા. પણ સીતાનોવ દેવચિત્રની પાસે જઈને તેને ધ્યાનથી નીરખતો બોલ્યો:

"બેશક જઈને ઢીંચવાનો... પોતાના ચિત્રથી વિખૂટા પડવું પડશે, કાળજું કોરાઈ જશે, એટલે ઢીંચવાનો... દરેક માણસને સમજાય એવી વાત નથી..."

જીખારેવના દારૂ ઢીંચવાના ગાળા હંમેશાં શનિવારે શરૂ થતા. દારૂની લતે ચડી ગયેલો કામદાર સામાન્ય રીતે વધારે પડતો ઢીંચી લેતો હોય એવું તેની બાબતમાં નહોતું. શરૂઆત આવી રીતે થતી: તે સવારે ચિઠ્ઠી લખીને ક્યાંક પહોંચાડવા પાવેલને રવાના કરી દેતો. પછી જમવાના વખતથી જરાક પહેલાં લારીઓનિચને કહેતો:

"આજે હું હમામમાં જવાનો છું."

"બહુ વખત?"

"ભગવાન જાણે..."

"ભલે, મંગળવારથી વધારે મોડું ન થાય..."

જીખારેવ ટાલિયું માથું હકારમાં હલાવતો, તેનાં ભવાં ફરકવા લાગતાં.

હમામમાંથી પાછો આવે એટલે વરણાગિયાની જેમ ટાપટીપ કરતો, સાફ મઝાનું શર્ટ પહેરતો, ગળે શોભાનો રૂમાલ બાંધતો, બંડીમાં રૂપાની લાંબી સાંકળ પરોવી દેતો. પછી નીકળી પડતો, પણ તે પહેલાં મને અને પાવેલને તાકીદ કરતો:

"સાંજે ખાસ મહેનત કરીને બધું સરખી રીતે સાફ કરજો, લાંબું ટેબલ બરાબર ઘસીને ધોઈ નાખજો!"

એકાએક સૌ છુટ્ટીના રંગમાં આવી ગયા. ચિત્રકારો પોતપોતાનાં ટેબલો સરખી રીતે ગોઠવી દઈને દોડતા હમામમાં પહોંચી ગયા, પાછા આવીને તેમણે ઝટપટ વાળુ પતાવી લીધું, વાળું પછી જીખારેવ બીયર અને દારૂ અને ખાવાનું લઈને આવ્યો. તેની પાછળ જાણે રાક્ષસી લાગે એવી જબરજસ્ત કદની ઓરત આવી. તેની ઊંચાઈ છ ફૂટ અને પાંચ ઈંચ હતી, તમામ ખુરશીઓ અને સ્ટૂલો તેની સામે રમકડાં જેવાં લાગતાં હતાં, ઊંચા કદનો સીતાનોવ પણ સરખામણીમાં બાળક જેવો લાગતો હતો. બાઈની કાયા ઘાટીલી હતી, પરંતુ સ્તનો ઊંચાં બાંધેલાં હતાં અને તેની હડપચીને લગભગ અડી જતાં હતાં. તેનું હલનચલન બહુ ધીમું અને કઢંગું હતું. તે ચાળીસથી વધારે ઉંમરની હોવા છતાં ઘોડા જેવી મોટી જબ્બર આંખોવાળા ગોળ ભાવશૂન્ય ચહેરામાં હજી તાજગી વરતાતી હતી, કરચલીઓ નહોતી પડી, અને ટચૂકડું મોં જાણે સસ્તી ઢીંગલી ઉપર ચીતરેલું હોય એવું લાગતું હતું. બાઈ હોઠ મલકાવીને પહોળો હૂંફાળો હાથ દરેકની સામે લંબાવતી બિનજરૂરી બોલ બોલતી રહી:

"કેમ છે! આજે ટાઢ છે. અહીં કેવી ગંધ આવે છે... રંગની હશે. કેમ છે!"

તેની સામે જોતાં સારું લાગતું હતું, પહોળા પટની ધીરે વહેતી નદી જેવી બહુ જોરાવર અને શાંત હતી, પણ બોલતી ત્યારે કંટાળો આવતો, કાયમ સાવ નીરસ અને ફાલતુ વાતો કરતી. મોંમાંથી વેણ કાઢતાં પહેલાં તે જાંબલી જેવા ગાલને ફુલાવી દેતી એટલે ગોળ ગાલ વધારે ગોળ લાગતા.

જુવાનો ખીખી કરતા હસતા હતા અને માંહોમાંહે કહેતા હતા:

"જોવા જેવી ઓરત છે!"

"બરાબર દેવળના મિનારા જેવી!"

તે હોઠ સંકોડીને અને સ્તન નીચે હાથની અદબ ભીડીને ટેબલ પાસે સમોવારની પાછળ બેસી ગઈ અને ઘોડા જેવી આંખો વડે વારાફરતી દરેક માણસને સદ્ભાવી નજરે જોતી રહી.

સૌ તેની જોડે આદરભર્યું વર્તન કરતા હતા, અને જુવાનો તો જાણે તેનાથી અંજાઈ ગયા હોય એમ લાગતું હતું. કોઈ જુવાન તેની જબરજસ્ત કાયાને તાકીતાકીને જોઈ રહ્યો હોય, અને બાઈની બધે ફરતી નજર તેની

નજર સાથે ટકરાઈ જાય, ત્યારે બિચારાનું મોં રાતુંરાતું થઈ જતું અને તે માથું નમાવી દેતો. જીખારેવ પણ તેની જોડે માનથી વાત કરતો, શિષ્ટાચાર જાળવીને તેને "પાડોશી" કહીને બોલાવતો, અને ટેબલ પરથી કોઈ વસ્તુ તેની સામે ધરે ત્યારે માથું નમાવતો.

"અરે, તકલીફ લેવાની જરૂર નથી," બાઈ મીઠો અવાજ લંબાવીને બોલતી. "બહુ તકલીફ લો છો, સાચેસાચ!"

તે ક્યારેય ઉતાવળમાં કશું ન કરતી. તેના હાથ ખાલી કોણી નીચેથી જ હલતા કેમ કે કોણીઓને પડખામાં સખત દબાવી રાખતી. તેની મોટી જબ્બર કાયામાંથી તાજી શેકાયેલી રોટી જેવી માદક વાસ છૂટતી રહેતી.

બુઢ્ઢો ગોગોલેવ હરખના જોરમાં તોતડાતો લગાતાર તેને બિરદાવતો રહેતો, અને તે જાણે પ્રાર્થના કરાવતો પાદરી હોય એમ બાઈ ભક્તિભાવે માથું એક તરફ જરાક નમાવીને સાંભળતી રહેતી. ગોગોલેવ ક્યારેક શબ્દોના વમળમાં અટવાઈ જાય ત્યારે બાઈ ટાપસી પૂરતી:

"હું નાની હતી ત્યારે રૂપાળી નહોતી, રૂપ તો ઉંમર વધતાં અનુભવની ભેગું આવ્યું. ત્રીસ વરસની થઈ ત્યારે એટલી બધી દેખાવડી થઈ ગયેલી કે અમીર ઘરના માણસોયે જોઈ રહેતા... એક ઉમરાવ તો બે ઘોડાની ગાડી આપવા તૈયાર થઈ ગયેલો..."

ત્યાં સુધીમાં કાપેન્દ્યૂખિન નશાના રંગમાં આવીને રઘવાયો બની ગયો હતો. તેણે ખારીલી નજર ઝબકાવીને તોછડા અવાજે સવાલ કર્યો:

"શાના બદલામાં?"

"પ્રેમના બદલામાં, સાફ વાત છે," મહેમાને ખુલાસો કર્યો.

"પ્રેમ..." કાપેન્દ્યૂખિન જરાક અકળાઈ જતો બબડયો, "પ્રેમ એટલે શું?"

"તમારા જેવા દેખાવડા જુવાન આદમીને તો બરાબર ખબર હોય કે પ્રેમ એટલે શું," બાઈએ સાદો જવાબ આપ્યો.

સૌના ખડખડાટ હસવાનો અવાજ આખા કારીગર મથકમાં ફેલાઈ ગયો. સીતાનોવે ધીમું ગણગણતાં કાપેન્દ્યૂખિનને કહ્યું:

"મૂરખ છે... કે પછી એથીયે બદતર. બેહદ કષ્ટાતો હોય તો જ આવી ઓરત ઉપર લટ્ટુ થાય, એટલું તો સાફ છે..."

દારૂની અસરથી તેનો ચહેરો ધોળો પૂણી જેવો થઈ ગયો હતો, લમણે પરસેવાનાં ટીપાં બાઝી ગયાં હતાં, ચતુરાઈભરી આંખોમાં ચેતવણીના ઝબકારા

થતા હતા. બુઢ્ઢા ગોગોલેવે કદરૂપું નાક હલાવતાં અને આંખોમાં ભરાઈ ગયેલા પાણીને આંગળીઓ વડે લૂછી કાઢતાં સવાલ કર્યો:

"તને છોકરાં કેટલાં થયેલાં?"

"અમને એક બચ્ચું હતું..."

એક બત્તી ટેબલ ઉપર ટાંગેલી હતી, બીજી ભઠ્ઠીથી આઘેરી ખૂણામાં. ઝાંખા અજવાળામાં ગીચ પડછાયાઓ ખૂણાઓમાં ભરાઈ જતા અને તેમાંથી ચહેરામહોરા વગરની આકૃતિઓ ડોકિયાં કરતી રહેતી. હાથ અને ચહેરાઓની જગ્યાએ ખાલી રાખોડી ધાબાં જોઈને મનમાં અજબગજબના તરંગો પેદા થતા હતા, જાણે સંતોની કાયાઓ ઊડી જતી હોય, ચિત્રોના જામાઓને અંધારા ઓરડાઓમાં પડતા મૂકીને ઊડી જતી હોય, એમ લાગતું હતું. કાચના ગોળાઓને ઊંચા કરી દઈને છતની અડોઅડ ટાંગી દેવામાં આવ્યા હતા. ધુમાડાના ગોટાઓમાં તેઓ નીલો ચળકાટ કરતા હતા.

જીખારેવ બેચેનીમાં ટેબલ પાસે આંટા મારતો હતો, સૌ મહેમાનોની સરભરા કરતો હતો, તેનું ટાલિયું માથું ઘડીક એક માણસની સામે તો ઘડીક બીજા માણસની સામે નમતું હતું, સુકલકડી આંગળીઓ લગાતાર હલતી રહેતી હતી, તે દૂબળો થઈ ગયો હતો, તેનું બાજના જેવું નાક વધારે અણીદાર બની ગયું હતું અને તે અજવાળા સામે ઊભો રહે ત્યારે ગાલ ઉપર લાંબો કાળો પડછાયો પાથરી દેતું હતું.

"દોસ્તો, પેટ ભરીને ખાઓપીઓ..." તે ઊંચા રણકતા અવાજે બોલ્યો.

બાઈ ગાતીગાતી એવી રીતે બોલી કે જાણે પોતે ઘરધણિયાણી હોય:

"પાડોશી, તમેય શું આમ ફિકર કરો છો! સૌને હાથ છે, અને સૌને પોતાની ભૂખની બરાબર ખબર હોય! જેટલું ખાવાનું મન હોય એનાથી વધારે ખવાય જ નહિ."

"મોજ માણો, ભાઈઓ," જીખારેવ ઉત્તેજિત અવાજે બોલ્યો. "આપણે બધાય ભગવાનના દાસ છીએ, દોસ્તો! ચાલો, ગીત શરૂ કરી દો, 'ગુણગાન ગાઓ નામનાં...'"

ગાવાની કોશિશ નાકામયાબ થઈ ગઈ. સૌ ખૂબ ખાઈને અને વોદકા પીને રંગમાં આવી ગયા હતા, તેમનાં મન મોજમાં મોકળાં થઈ ગયાં હતાં. કાપેન્દ્યૂખિને ઍકોર્ડિયન હાથમાં લઈ લીધું હતું. કાગડા જેવો ગંભીર અને કાળો જુવાન આદમી વિક્તર સાલાઊતિન ઢોલકી ઉપર ઠપકારા કરવા લાગ્યો

હતો, ઢોલકી ઊંડી ધણધણાટી કરતી હતી અને કિનારીએ બાંધેલી ગોળ તકતીઓ ખુશાલ ઝણકાર કરતી હતી.

"રૂસી નાચ!" જીખારેવે ફરમાન કર્યું. "પાડોશી, મહેરબાની કરો!"

"અરે, મને કહ્યું!" બાઈ નિસાસો નાખતી ઊભી થઈ. "તમે તો કેટલી બધી તકલીફ લો છો!"

તે ભોંયપટે વચ્ચોવચ જઈને ચોકીમિનારાની જેમ અડીખમ ઊભી રહી. તેણે પહોળો બદામી ઘાઘરો અને શણનો પીળો કબજો પહેર્યો હતો, માથે રાતો રૂમાલ બાંધેલો હતો.

ઍકોર્ડિયનમાંથી વેગીલી ધૂનના સૂર રેલાવા લાગ્યા, તેની ટચૂકડી ઘંટડીઓ રણકવા લાગી. ઢોલકી ભારે અને બોદા શ્વાસ ભરવા લાગી, સાંભળતાં અણગમો પેદા થાય એવા અવાજ કરવા લાગી, જાણે કેમ કોઈ પાગલ આદમી ડૂસકાં ભરતો હોય, નિસાસા નાખતો હોય, અને માથું ભીંતે અફળાવતો હોય.

જીખારેવને નાચ કરતાં નહોતું આવડતું. તે સંગીતની સાથે જરાય મેળ ન ખાય એવી રીતે ખાલી પગ આમતેમ ફેરવતો રહેતો, ચળકતા બૂટની એડીઓ વડે ઠપઠપાટ કરતો રહેતો, અથવા બકરાની જેમ નાના ઠેકડા મારતો રહેતો. તેના પગ જાણે તેના વશમાં ન હોય એમ લાગતું હતું, તે જાળામાં ફસાઈ ગયેલી ભમરી અથવા જાળમાં સપડાઈ ગયેલી માછલીની જેમ કાયાને ખોફનાક રીતે મરડી નાખતો હતો. દેખાવ ખેદજનક હતો. પણ સૌ, નશામાં ચકચૂર માણસો પણ, તેની આંચકીઓને ધ્યાનથી જોતા રહેતા, નજર તેના હાથ અને ચહેરા ઉપર ઠેરવી રાખતા. જીખારેવના ભાવ વિસ્મયજનક રીતે બદલાતા રહેતા, તે ઘડીક જાણે માયાળુ અને શરમાળ લાગતો, ઘડીક ગર્વીલો લાગતો, અને ઘડીક કરડાકીમાં ભવાં સંકોડી દેતો. એકાએક કશુંક તેને હેરતમાં ગરકાવ કરી દેતું, રાડ પડાવી દેતું, આંખો મિચાવી દેતું. તે ફરી આંખો ખોલે ત્યારે જાણે વિષાદમાં ડૂબી ગયેલો લાગતો. તે મુઠ્ઠીઓ વાળી દેતો, બાઈ તરફ સરકતો, અને અણધાર્યા પગ પછાડતો તેની સામે ગોઠણભેર થઈ જતો, હાથ પહોળા ફેલાવી દેતો, અને ભવાં ઊંચાં કરીને તરવરતો મલકાટ કરતો. બાઈ નજર નીચે ઢાળીને તેની ઉપર ઠેરવી દેતી, લાડ કરાવતી હોય એમ હોઠ મલકાવતી, અને શાંત અવાજે ચેતવણી આપતી:

"પાડોશી, આમ તો સાવ થાકી જશો!"

તે સોહામણી રીતે આંખો મીચવાની કોશિશ કરતી, પણ ત્રણ કોપેકના

સિક્કા જેવડી મોટી આંખો મિચાવાનો ઈનકાર કરી દેતી, અને મોંમાં કરચલીઓ પડી જવાથી તે બદસૂરત લાગતી.

તેને પણ નાચ કરતાં બહુ સારું નહોતું આવડતું. તે પોતાની વિશાળ કાયાને ખાલી ધીરેધીરે જ હલાવી શકતી અને અવાજ વગર એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવી શકતી. તે ડાબા હાથમાં રૂમાલ ઝાલી રાખતી અને તેને હળવેહળવે હલાવતી રહેતી, અને જમણો હાથ નિતંબે ટેકવી રાખતી એટલે મોટી જબ્બર સુરાઈ જેવી દેખાતી.

એ મૂર્તિ ફરતા ચકરાવા લેતા જીખારેવના ચહેરામાં ટકરાતી લાગણીઓ ઝબકતી રહેતી. જાણે તે એકલો નહિ પણ એકબીજાથી નિરનિરાળા દસ આદમીઓ નાચ કરતા હોય એમ લાગતું. એક આદમી શરમાળ અને વિનયી લાગે, બીજો ચિડિયલ અને ડરામણો હોય, ત્રીજો પોતે જ દહેશાત ખાઈ ગયેલો લાગે અને પેલી મહાકાય ઘૃણાસ્પદ ઓરત પાસેથી છટકી જવાની કોશિશ કરતી વેળા ધીમી ચીસો પાડતો હોય. એકાએક નવો જ આદમી નજરે પડે, તે દાંતિયા કરતો હોય અને જખમી કૂતરાની જેમ કાયાને મરડીમચડી નાખતો હોય. એવો બેઢંગો નાચ જોઈને મને સંતાપ થતો અને મારા મનમાં સિપાહીઓ તથા રસોઈયાઓની તેમ જ ધોબણોની અને કૂતરાંના સંભોગની યાદો તાજી થઈ જતી.

મને સીદોરોવના શાંત બોલ યાદ આવી જતા:

"આવી બાબતો અંગે સૌ ખોટું બોલતા હોય છે, એમને શરમ આવતી હોય છે, કારણ કે કોઈને ખરેખરો પ્રેમ નથી હોતો, બધાય ખાલી મોજને ખાતર એમ કરતા હોય છે."

હું માનવા તૈયાર નહોતો કે એવી બાબતો અંગે "સૌ ખોટું બોલતા હોય". તો પછી રાણી માર્ગોનું શું? અને જીખારેવ ખોટો દેખાવ બેશક નહોતો કરતો. મને ખબર હતી કે સીતાનોવ રસ્તે ભટકતી એક વેશ્યાને ચાહતો હતો, એ ઓરતે તેને શરમજનક રોગનો ચેપ લગાડી દીધો હતો, પણ સાથીઓની સલાહ છતાં તેણે એ કારણે બાઈને મારપીટ નહોતી કરી, એથી ઊલટું તેણે ઓરડી ભાડે લઈને બાઈને તેમાં રાખી હતી, દવાદારૂ કરાવતો હતો, અને તેને વિશે હંમેશાં ખાસ વહાલ અને સંકોચથી વાત કરતો.

કદાવર બાઈ હજી ડોલતી હતી, હાથમાં પકડેલો રૂમાલ હલાવતી હતી, તેના હોઠે સ્થિર મલકાટ જડાઈ ગયેલો હતો. જીખારેવ હજી તેની આસપાસ

આંચકીઓ ખાતો ઠેકડા મારતો હતો. તેમની સામે જોતી વેળા મારા મનમાં વિચારો આવતા હતા: ખુદ ઈશ્વરને છેતરનારી ઈવ કોઈ રીતે આ ઘોડી જેવી હોઈ શકે ખરી? મને તેની ઉપર નફરત છૂટવા લાગી.

અંધારી દીવાલો ઉપરથી ચહેરામહોરા વગરનાં દેવચિત્રો નીચે તાકી રહ્યાં હતાં, અંધારઘેરી રાત બારીઓના કાચ ઉપર દબાતી હતી, બફારિયા કારીગરી મથકમાં બત્તીઓનું અજવાળું ઝાંખું પડી ગયું હતું. પછડાતા પગના ધડધડાટ અને અવાજોના ગુંજનમાંથી મને પિત્તળની કથરોટમાંથી ગંદા પાણીની ડોલમાં ઝડપથી ટપકતા પાણીનો ટપટપાટ કાને પડતો હતો.

એ બધું પુસ્તકોમાંની જિંદગીથી કેટલું વેગળું હતું! કેવી ખોફનાક રીતે વેગળું હતું! થોડી વારમાં સૌ કંટાળી ગયા. કાપેન્દ્યૂખિને ઍકોર્ડિયન સાલાઊતિનના હાથમાં પકડાવી દઈને ઘાંટો પાડયો:

"ચાલો, પાટિયાંને ધુમાડો કાઢતાં કરી દઈએ!"

તે વાનકા ત્સિગાનોકની જેમ નાચવા લાગ્યો, જાણે હવામાં ઊડતો હોય એવી રીતે. પછી પાવેલ ઓદીન્ત્સોવ અને સોરોકિને થોડી વાર વેગીલો ચપળ નાચ કર્યો. ક્ષયનો રોગી દાવીદોવ પણ ભોંયપટ પર પગ આમતેમ ફેરવવા લાગ્યો. ધૂળ અને ધુમાડાને લીધે તેમ જ વોદકા તથા શેકેલી સલામીની આકરી ગંધને લીધે તે લગાતાર ઉધરસ ખાતો હતો. શેકેલી સલામીની ગંધથી મને હંમેશાં કેળવેળા ચામડાની ગંધ યાદ આવી જતી.

તેઓ નાચતા રહ્યા, ગાતા રહ્યા, અને ઘાંટા પાડતા રહ્યા, પરંતુ જાણે મોજ માણી લેવાના અને એકબીજાને હર્ષાવેશ તથા સહનશીલતાની કસોટીએ ચડાવવાના મનસૂબાને પરાણે વળગી રહેતા હોય એમ લાગતું હતું.

ઘેનમાં છાકટો બની ગયેલો સીતાનોવ એક પછી એક માણસની પાસે જઈને વેવલા અવાજે સવાલ કરતો હતો:

"આવી ઓરતને ચાહવાનું કેવી રીતે બનતું હશે એનાથી, હેં?"

લારીઓનિચે ખાલી હાડકાંના ખભા ઊંચા કરીને જવાબ આપ્યો:

"બીજી ઘણી ઓરતોથી બદતર તો નથી, પણ તને શું લાગેવળગે?"

પરંતુ જેની વાત થતી હતી એ જોડી થોડી વારમાં ગાયબ થઈ ગઈ.

"જતાં રહ્યાં?" સીતાનોવે ગમગીન રાખોડી-નીલી આંખોની નજર ઓરડામાં ફેરવતાં સવાલ કર્યો.

તેઓ ખરેખર જતાં રહ્યાં હતાં, અને મને ખબર હતી કે જીખારેવ બે કે ત્રણ દિવસ પછી જ પાછો કારીગરી મથકમાં આવવાનો, અને હમામનો

ફેરો કરી લીધા પછી ખૂણામાં એકલ, મોભાદાર, અને મૂંગો બેઠોબેઠો લગભગ બે અઠવાડિયાં સુધી કામ કરતો રહેવાનો.

સીતાનોવનો ચહેરો જાણે ઘરડા આદમી જેવો હતો, જરાય રૂપાળો નહોતો, પણ તેની આંખો નિર્મળ અને માયાળુ હતી.

તે મારી જોડે દોસ્તીનું વર્તન રાખતો, અને તેનો યશ મેં આખી નોટબુક ભરીને નોંધી રાખેલી કવિતાઓને જાય છે. તેને ઈશ્વરમાં આસ્થા નહોતી, પરંતુ નક્કી કરવાનું મુશ્કેલ હતું કે લારીઓનિચ સિવાય બીજું કોણ ઈશ્વરમાં માને છે અને તેને ચાહે છે. દરેક જણ ઈશ્વરની વાત કરે ત્યારે તેમાં, માલિકની વાત કરતાં કામદારની જેમ, વ્યંગની છાયા રહેતી. તેમ છતાં તેઓ જમવા કે વાળુ કરવા બેસે ત્યારે ક્રૉસની નિશાની કરતા અને રાતે પથારીમાં લંબાવતી વેળા પ્રાર્થના કરતા. વળી રવિવારે સૌ દેવળે અચૂક જતા.

પરંતુ સીતાનોવ એવું કંઈ જ ન કરતો અને તેને નાસ્તિક ગણવામાં આવતો.

"ઈશ્વર છે જ નહિ," તે સાફ કહી દેતો.

"તો પછી બધું ક્યાંથી આવે છે?"

"ખબર નહિ."

એક વાર મેં તેને પૂછ્યું:

"ઈશ્વર ન હોય એમ કેવી રીતે બને?"

તેણે મને સમજાવ્યું:

"આમ જો, ઈશ્વર એટલે ઊંચાઈ!"

પછી તેણે લાંબો હાથ માથા ઉપર ઊંચો કર્યો, અને પાછો નીચે નમાવીને ભોંયપટ તરફ લંબાવી દેતાં કહ્યું:

"માણસ એટલે નીચાણ! ખરું ને? પણ કહેવાય છે આમ: 'ઈશ્વરે પોતાની હસ્તીના આધારે માનવીનું સર્જન કર્યું.' તો પછી ગોગોલેવને કોની હસ્તીના આધારે બનાવ્યો?"

સાંભળીને હું મૂંઝવણમાં અટવાઈ ગયો. ગોગોલેવની મોટી ઉંમર છતાં એ ગંધારો દારૂડિયો આદમી આત્મવ્યભિચારનું પાપ કરતો હતો. મને નાનીમાની બહેન, યેર્મોખિન, અને વ્યાત્કાનો સિપાહી પણ યાદ આવી ગયો. લોકોમાં ઈશ્વરની હસ્તીની કઈ નિશાનીઓ મળે એમ હતી?

"લોકો તો ડુક્કરો જેવા છે," સીતાનોવ બોલ્યો, પણ તેણે તરત મને દિલાસો દેવાની કોશિશ કરી:

"પણ ફિકર કરવા જેવું નથી, મક્સીમિચ, એમાં પાછાં સારાં માણસો પણ હોય છે, ખરેખર હોય છે."

તેની સાથે હોઉં ત્યારે મારું મન મોકળું રહેતું. તેને કોઈ વાતની ખબર ન હોય ત્યારે ખુલ્લા દિલે કબૂલ કરી લેતો.

"ખબર નથી," તે કહેતો. "એનો વિચાર જ નથી કર્યો ક્યારેય."

એ પણ અસાધારણ લક્ષણ હતું. મને મળતા બીજા તમામ લોકો બધી બાબતોની જાણકારી ધરાવતા, અને કોઈ પણ વિષયની વાતચીત કરતાં જરાય અચકાતા નહિ.

તેના સંબંધમાં એક વાત મને અજબ લાગી. તેની નોટબુકમાં દિલના ઊંડાણને ખળભળાવી દેનારાં કાવ્યો ઉપરાંત શરમમાં ગાલને લાલચટક બનાવી દે એવાં ઘણાં જોડકણાં પણ હતાં. મેં પૂશ્કિનનો ઉલ્લેખ કર્યો ત્યારે તેણે «Gavriliada»ની નકલ મને બતાવતાં કહ્યું:

"પૂશ્કિન? એની બાબતમાં ગંભીર વલણ લેવાય જ નહિ. પણ બેનેદીક્તોવ... ધ્યાનમાં લેવા જેવો છે, મક્સીમિચ!"

પછી તેણે આંખો મીચીને હળવા અવાજે કડી સંભળાવી:

નીરખો આ સ્તનો અદ્ભુત કેવાં,
રૂપ છલકાવતી રમણી કેરાં...

કોણ જાણે કેમ પણ તે ત્રણ પંક્તિઓ ઉપર ખાસ ભાર મૂકતો અને ખુશાલ ગર્વની લાગણીથી કહી સંભળાવતો:

ગરુડની નજરની બરછીયે,
આ દાહક દ્વારોને વીંધી ના શકે,
એના હૈયાનો તાગ કાઢી ના શકે...

"સમજ્યો?"

મને એકરાર કરવામાં શરમ આવી કે તેને એટલો બધો પુલકિત કરી દેનારી બાબત મને સમજાતી નહોતી.

કારીગરી મથકમાં મારું કામ બહુ અટપટું નહોતું, સવારે બીજું કોઈ ઊઠે તે પહેલાં મારે ચિત્રકારો માટે સમોવારમાં પાણી ગરમ કરવું પડતું. તેઓ રસોડામાં ચા પીતા હોય ત્યારે હું અને પાવેલ ઓરડાઓ સાફ કરી લેતા, રંગો મેળવવા માટે વપરાતી ઈંડાંની જરદી નોખી પાડી લેતા, અને પછી હું બજારની દુકાને ચાલ્યો જતો. સાંજે હું રંગો મેળવવાનું કામ કરતો અને પછી કારીગરોને કામ કરતા "નીરખતો". શરૂઆતમાં હું ભારે ઉત્સુકતાથી "નીરખતો" રહેતો, પણ થોડા વખતમાં મને સમજણ પડી ગઈ કે મોટા ભાગના કારીગરોને છૂટક છૂટક કામ જરાય નહોતું ગમતું અને તેઓ અસહ્ય કંટાળાથી પીડાતા રહેતા.

મારે કામ બહુ ઓછું રહેતું હોવાથી સાંજની વેળાએ હું ચિત્રકારોને આગબોટની જિંદગીની વાતો અથવા પુસ્તકોની કહાણીઓ કહી સંભળાવતો, અને વખત જતાં મને ખબરેય ન પડી એવી રીતે મેં કારીગરી મથકમાં વાંચી સંભળાવનાર અને વાર્તાઓ કહેનારનું ખાસ સ્થાન હાંસલ કરી લીધું.

મને થોડા વખતમાં ખ્યાલ આવી ગયો કે જેટલું મેં જોઈ અને જાણી લીધું હતું એટલું એ લોકોમાંથી કોઈને જોવા કે જાણવા નહોતું મળ્યું. મોટા ભાગના માણસો છેક નાનપણથી પોતાની કારીગરીના પાંજરામાં પુરાઈ ગયા હતા અને પછી તેમાં જ ગોંધાયેલા રહ્યા હતા. કારીગરી મથકમાં કામ કરતા બધા માણસોમાંથી એકલો ઝીખારેવ જ મોસ્કો જઈ આવેલો હતો, અને તેની વાત હંમેશાં ભવાં સંકોડીને ભારેખમ અદામાં કરતો:

"મોસ્કો કોઈનાં આંસુ જોઈને પીગળી જાય એવું નથી. ત્યાં તો આંખો બરાબર ઉઘાડી રાખવી પડે!"

બાકીના માણસોમાંથી કોઈ શૂયા અથવા વ્લાદીમિરથી આઘે નહોતું ગયું. કઝાનની વાત નીકળે ત્યારે તેઓ મને પૂછતા:

"ત્યાં રૂસીઓ બહુ છે? દેવળો પણ છે?"

તેમના ખ્યાલમાં પેર્મ એટલે સાઈબિરિયા હતું. તેઓ માની જ નહોતા શકતા કે સાઈબિરિયા તો ઉરાલની પાર છે.

"ઉરાલની પર્ચ અને સ્ટર્જન માછલીઓ શું ત્યાંથી, કૅસ્પીયન સમુદ્રના વિસ્તારમાંથી, નથી આવતી? એટલે એમ કે ઉરાલ સમુદ્રને કાંઠે હોય."

ક્યારેક તેઓ કહેતા કે ઇંગ્લૅંડ મહાસાગરની પાર આવેલું છે, અને

બોનાપાર્ત પરિવાર કાલૂગાના ઉમરાવોમાંથી ઊતરી આવેલો હતો. એવી વાતો સાંભળીને મને લાગતું કે કદાચ મારી હાંસી ઉડાવવાની કોશિશ કરતા હોય. મેં નજરે જોયેલી બાબતો હું તેમને કહી સંભળાવું ત્યારે તેઓ મારી વાતોને ભાગ્યે જ સાચી માનતા, પરંતુ રોમાંચ ખડાં કરી દે એવી કહાણીઓ અને આંટીઘૂંટીવાળા કિસ્સાઓ સાંભળવાનું તેમને બહુ ગમતું. મોટેરાઓને પણ હકીકતના બયાન કરતાં કલ્પનાની કહાણીઓ સાંભળવામાં વધારે મઝા પડતી. મને સાફ દેખાતું હતું કે કહાણી જેટલી વધારે અસંભવિત હોય અને કિસ્સાઓ જેટલા ઓછા માનવા જેવા હોય એટલા પ્રમાણમાં વધારે તલ્લીન થઈને તેઓ સાંભળતા રહેતા. તેમને સામાન્ય રીતે વાસ્તવિકતામાં કોઈ જાતની દિલચસ્પી નહોતી, સૌ ભાવિમાં ઉત્સુક નજરો નાખતા રહેતા, વર્તમાનની કુરૂપતા અને કંગાલિયતને ઢાંકી દેવા આતુર રહેતા.

તેમને જોતાં મને બહુ વિસ્મય થતું. સત્ય અને કલ્પના વચ્ચેના વિરોધનો ખ્યાલ મને આવી ગયો હતો. મારી સામે જીવતાજાગતા માનવીઓ હતા, પરંતુ તેમના જેવું કોઈ મને પુસ્તકોમાં ન મળતું—સ્મૂરીય જેવું, ભઠ્ઠીમજૂર યાકોવ જેવું, આલેક્સાંદર જેવું, જીખારેવ જેવું, કે ધોબણ નાતાલ્યા જેવું કોઈ જ નહિ.

દાવીદોવની પેટીમાંથી મને ગોલીત્સીન્સ્કીના વાર્તાસંગ્રહની ઘસાયેલી ચોપડી, બુલ્ગારિનની કૃતિ 'ઇવાન વીજીગિન', અને બેરોન બ્રેમ્બીયુસનું એક પુસ્તક મળી ગયું. એ બધાં પુસ્તકો મેં ચિત્રકારોને વાંચી સંભળાવ્યાં અને તેમને બેહદ મઝા પડી.

"વાંચન ઘોંઘાટને અને લડાઈઝઘડાને વાળીને સાફ કરી નાખે છે, અને એ તો બહુ સારી વાત ગણાય," લારીઓનિચે ટકોર કરી.

મેં પુસ્તકો ગોતી લાવવાનું શરૂ કર્યું. જે કંઈ મળે તે કારીગરોને વાંચી સંભળાવતો. વાંચનની એવી સાંજો સદાને માટે મારી યાદમાં અંકાઈ ગઈ. કારીગરી મથકમાં જાણે મધરાતની શાંતિ છવાઈ જતી. કાચના ગોળાઓ ઠંડા સફેદ તારલિયાઓની જેમ ઉપર લટકતા રહેતા, તેમનાં કિરણો ટેબલ ઉપર નમેલાં ટાલિયાં અથવા જુલફાંવાળાં માથાંને ઉજાળતાં રહેતાં. મને શાંત અને વિચારમાં પડેલા ચહેરાઓ દેખાતા રહેતા, ક્યારેક કોઈ માણસ લેખકના અથવા નાયકના વખાણનાં એકબે વેણ બોલી ઊઠતો. એ તલ્લીન સંકોચશીલ ઇન્સાનો તેમની દિવસ દરમિયાનની હસ્તીને બહુ ઓછા મળતા આવતા હતા. એ ઘડીઓએ તેઓ મને બેહદ પ્યારા લાગતા હતા, અને તેઓ પણ

મારી તરફ ખેંચાણની લાગણી અનુભવતા હતા. મને જાણે મારું ખરું સ્થાન સાંપડી ગયું હતું.

"આ ચોપડીઓ વંચાય છે તો જાણે વસંત જેવું લાગે છે, બારીઓ ખોલી નાખીએ અને તાજી હવાની લહેરીઓ પહેલી વાર અંદર આવે એવું," એક દિવસે સીતાનોવે કહ્યું.

કોઈ ગ્રંથાલયમાં જોડાયા વગર પુસ્તકો મેળવવામાં મને મુશ્કેલી પડતી હતી, અને ગ્રંથાલયનો ખ્યાલ કોઈને આવ્યો જ નહિ. હું ભિખારીની જેમ સૌની પાસેથી માગીને પુસ્તકો લઈ આવતો, એક વાર બંબાવાળાઓના ઉપરીએ મને લેર્મોન્તોવનું એક પુસ્તક આપ્યું. મારે માટે તો એ પુસ્તકનું વાંચન કવિતાના સામર્થ્યનું, અને માનવહસ્તીઓની ઉપર તેના પારાવાર પ્રભાવનું, ઝળકતું પ્રદર્શન બની રહ્યું.

મને યાદ છે કે મેં *«The Demon»* વાંચવાનું શરૂ કર્યું ત્યારે સીતાનોવે પહેલાં ચોપડીમાં અને પછી મારા ચહેરા ઉપર નજર નાખી, પીંછી બાજુએ મૂકી દીધી, લાંબા હાથ ગોઠણોની વચ્ચે ભરાવી દીધા, અને મોં મલકાવીને ડોલવાનું શરૂ કરી દીધું, ખુરશી ચૂંચૂં કરવા લાગી.

"અવાજ નહિ, ભાઈઓ," લારીઓનિચ પણ કામ બાજુએ મૂકી દેતો બોલી ઊઠયો, અને હું સીતાનોવના ટેબલ પાસે વાંચતો હતો ત્યાં આવી ગયો. કાવ્યના વાંચનથી મારા હૃદયમાં જાણે હર્ષોન્માદ ઉછાળા મારવા લાગ્યો, મારો અવાજ તૂટક બની ગયો, અને આંખોમાં છલકાતાં આંસુને લીધે હું લીટીઓ માંડમાંડ વાંચી શકતો હતો. પરંતુ ઓરડાની અંદર નીરવ અને સાવચેત હલચલ થતી જોઈને હું એથીયે વધારે જોરદાર વશીકરણમાં બંધાઈ ગયો. કોઈ પ્રબળ ચુંબકીય તત્ત્વ એ લોકોને મારી તરફ ખેંચતું હતું ત્યારે મને મારી આસપાસનું બધું જાણે ઊંચુંનીચું થતું હોય અને ફૂલી જતું હોય એમ લાગતું હતું. મેં પહેલો ભાગ વાંચવાનું પૂરું કર્યું ત્યારે લગભગ બધા ચિત્રકારો ટેબલ ફરતે વધારે ને વધારે નજીક સરકી રહ્યા હતા, મોં મલકાવતા હતા અને ભવાં સંકોડતા હતા, હાથ એકબીજાને ખભે વીંટાળી દેતા હતા.

"વાંચવાનું ચાલુ રાખ, ચાલુ રાખ," જીખારેવ મારા માથાને ચોપડીમાં દબાવતો બોલી ઊઠયો.

પુસ્તક વંચાઈ ગયું એટલે તેણે મારા હાથમાંથી લઈ લીધું, નામ વાંચી જોયું, અને પછી બગલમાં ભરાવી દેતાં કહ્યું:

"ફરી વાંચવાનું છે. કાલે. હું સાચવીને રાખી મૂકીશ."

તે ચાલતો થઈ ગયો, લેર્મોન્તોવને ટેબલના ખાનામાં પૂરી દઈને તાળું મારી દેતો પાછો કામે વળગી ગયો. કારીગરી મથકમાં એકદમ નીરવતા છવાઈ ગઈ. સૌ શાંતિથી પાછા પોતપોતાની જગ્યાએ પહોંચી ગયા. સીતાનોવ બારી પાસે જઈને નિશ્ચલ ઊભો રહી ગયો અને તેણે માથું કાચ ઉપર દબાવી દીધું. જીખારેવ ફરી પીંછી બાજુએ મૂકી દેતો ગંભીર અવાજે બોલ્યો:

"એને જિંદગી કહેવાય, ઈશ્વરના દાસો... ખરેખર!"

તે ખભા હલાવીને અને માથું નીચે નમાવી દઈને આગળ બોલ્યો:

"શયતાનને ચીતરવો હોય તો એનેય ચીતરી શકું—ઘેરું ઝીંથરિયું બદન, ભડકાના રંગની પાંખો—લાલ સીસાની, ચહેરો અને હાથપગ ઝાંખા ભૂરા રંગના, ચાંદનીમાં હિમ જેવા રંગના."

વાળુના વખત સુધી તે રોજથી નિરાળી રીતે બેચેનીની હાલતમાં સ્ટૂલ ઉપર બેઠોબેઠો વલખાતો રહ્યો, આંગળીઓ વડે ટપટપાટ કરતો રહ્યો, અને શયતાન, ઈવ, સ્ત્રીઓ, સ્વર્ગ, અને સંતોનાં પાપ વિશે અગમ્ય ગણગણાટ કરતો રહ્યો.

"સાવ સાચું છે!" તે ભારપૂર્વક બોલી ઊઠયો. "જો સંતો છિનાળોની જોડે પાપ કરતા હોય તો પાક દિલની ઓરતને લાલચમાં લપટાવી દેવામાં શયતાનને ચોક્કસ ગર્વ થાય જ!"

કોઈએ કશો જવાબ ન આપ્યો, કદાચ મારી જેમ જ બીજા સૌને પણ બોલવાનું મન જ નહોતું. તેઓ એક આંખ ઘડિયાળે ઠેરવીને કમને કામ કરતા હતા, અને નવના ટકોરા થયા કે તરત બધાએ કામ બંધ કરી દીધું.

સીતાનોવ અને જીખારેવ ફળિયામાં ગયા અને પછી હું પણ તેમની પાસે પહોંચી ગયો. સીતાનોવ તારલિયાઓ તરફ મીટ માંડીને બોલ્યો:

વણજારો ભટકતી
નિરાકાર અવકાશોમાં...

"વાહ! કેવા શબ્દો વીણી કાઢયા છે!"

"મને કોઈ શબ્દો યાદ નથી," સખત ટાઢમાં ધ્રૂજતો જીખારેવ બોલ્યો. "મને કંઈ જ યાદ નથી, પણ બધું નજર સામે દેખાય છે, અજબ

વાત છે કે માણસને શયતાનની દયા આવે! અને દયા તો આવે જ છે, નહિ?"

"હા, આવે છે," સીતાનોવ સહમત થયો.

"જરાક વિચાર કરો કે ઇન્સાન હોવું એટલું શું!" જીખારેવ કદી ન ભુલાય એવી રીતે બોલી ઊઠયો.

તેણે પાછો પરસાળમાં જતી વેળા મને ચેતવણી આપી:

"દુકાનમાં કોઈને ચોપડીની વાત કરતો નહિ, મક્સીમિચ! ચોક્કસ ગેરકાયદે ચોપડી હોવી જોઈએ."

હું બેહદ ખુશ થઈ ગયો: તો દેવળમાં પાપના એકરાર વખતે મને પાદરીએ પૂછેલું તે આવી જાતના પુસ્તક વિશે જ!

વાળુ રોજના શોરબકોર અને વાતોના તડાકા વગર ચાલતું રહ્યું, જાણે કેમ કશોક ભારે હેરતનો બનાવ બની ગયો હોય અને દરેક માણસ તેને વિશે વિચાર કરવા માગતો હોય. વાળુ પછી સૌ નીંદર કરવા લાંબા થઈ ગયા ત્યારે જીખારેવે ચોપડી કાઢીને મને કહ્યું:

"લે, ફરી વાંચ, ધીરેધીરે, કશી ઉતાવળની જરૂર નથી."

કેટલાક માણસો મૂંગામૂંગા પથારીમાંથી ઊઠીને ટેબલ પાસે સરકી આવ્યા, ઉઘાડે ડિલે ગોઠણ ઊંચા કરીને આસપાસ બેસી ગયા.

મેં વાંચવાનું પૂરું કર્યું ત્યારે ફરી વાર જીખારેવ આંગળીઓ ટેબલ ઉપર ટપટપ વગાડતો બોલી ઊઠયો:

"જોઈ લો જિંદગીને! અરેરે, શયતાન, શયતાન... તારી એવી હાલત કેવી રીતે થઈ ગઈ, ભાઈ?"

સીતાનોવે મારા ખભા ઉપરથી નમીને થોડીક લીટીઓ વાંચી અને તરત તે ખુશીનો માર્યો હસી પડતો બોલ્યો:

"નોટબુકમાં ઉતારી લઉં!"

જીખારેવ ઊભો થયો અને ચોપડી લઈને પોતાના ટેબલ પાસે ગયો, પણ એકાએક જાણે દુભાયેલા ઉત્તેજિત અવાજે બોલ્યો:

"આપણે આંધળાં ગલૂડિયાંની જેમ જિંદગી ગુજારીએ છીએ... કેમ? કોઈને ખબર નથી, આપણી જરૂર નથી ઈશ્વરને કે નથી શયતાનને. આપણને ઈશ્વરના દાસ ગણો છો? જૉબવ ઈશ્વરનો દાસ હતો, પણ ઈશ્વરે પોતે જ એની જોડે વાત કરેલી. અને મોઝેસની જોડે પણ."

તેણે પુસ્તક ખાનામાં મૂકીને તાળું મારી દીધું, અને પછી કપડાં પહેરતાં સીતાનોવને સાદ પાડયો:

"પીઠે આવવું છે?"

સીતાનોવે શાંત અવાજે જવાબ આપ્યો:

"હું તો મારી ઓરત કને જવાનો છું."

એ લોકો ચાલ્યા ગયા એટલે હું બીજા બારણા નજીક પાવેલની બાજુમાં સૂઈ ગયો. તે થોડી વાર નાકના સિસકારા બોલાવતો પડખાં બદલતો રહ્યો, અને પછી એકાએક હળવું હળવું રોવા લાગ્યો.

"શું થયું?"

"એ લોકોની બાબતમાં અફસોસ થાય છે," તેણે કહ્યું. "લગભગ ચાર વરસથી એમની ભેગો રહું છું, બધાયને બહુ સારી રીતે ઓળખું છું..."

મને પણ તેમની દયા આવતી હતી. અમે કેટલીય વાર સુધી જાગતા પડી રહ્યા, હોઠ ફફડાવીને તેમની વાતો કરતા રહ્યા, દરેકના સદ્ભાવ અને ભલાઈને યાદ કરતા રહ્યા, અમારી બાલિશ દયાને વધારે ઊંડી બનાવતા ગુણો ખોળી કાઢતા રહ્યા.

પાવેલ ઓદિન્ત્સોવ અને હું પાકા દોસ્તો બની ગયા. આગળ જતાં તે ઉસ્તાદ કારીગર બની ગયો પરંતુ તેણે કારીગરી ઝાઝા દિવસ કરી નહિ. તે ત્રીસ વરસનો થયો ત્યાં સુધીમાં રીઢો દારૂડિયો બની ગયો હતો. પછી થોડાક વખતે મેં તેને રખડુની દશામાં મોસ્કોના ખીત્રોવ બજારમાં જોયો હતો, અને થોડા વખત પહેલાં મને ખબર મળી કે ટાઇફસની બીમારી તેને ભરખી ગઈ. મારા જીવનકાળ દરમિયાન સાવ નિરર્થક ખતમ થઈ ગયેલા કેટલાય સરસ ઇન્સાનોને યાદ કરતાં હૈયું કકળી ઊઠે છે. દરેક ઠેકાણે લોકો ઘસાતા કરમાતા જઈને મરી જતા હોય છે, એ તો સ્વાભાવિક છે. પરંતુ રશિયામાં લોકો જેટલી ઝડપથી અને જેટલી નિરર્થક રીતે કરમાઈ જતા હોય છે એવું બીજે ક્યાંય નથી બનતું...

એ વખતે પાવેલ મારાથી લગભગ બે વરસ મોટો ગોળ માથાવાળો જુવાનિયો હતો. તે વેગીલો, ચતુર, અને પ્રમાણિક હોવા ઉપરાંત કલાપ્રતિભા ધરાવતો હતો. તેનામાં બિલાડાં, કૂતરાં, અને પંખીઓનાં રેખાચિત્રો દોરવાની સરસ આવડત હતી, અને તે ચિત્રકારોનાં ચતુરાઈભર્યાં વ્યંગચિત્રો બનાવતો, તેમનું આલેખન હંમેશાં પીંછાંદાર હસ્તીઓ તરીકે કરતો: સીતાનોવને એક પગને ટેકે ખડા સોગિયા જંગલી મરઘા તરીકે, જીખારેવને ખરબચડી

કલગીવાળા તથા વાળ વગરનાં સફાચટ ભવાંવાળા કૂકડા તરીકે, અને માંદા દાવીદોવને ગમગીન સમુદ્રી કાગડા તરીકે ચીતરે. તેણે સૌથી સારું વ્યંગચિત્ર પીઢ નકશી કારીગર ગોગોલેવનું બનાવ્યું હતું: મોટામોટા કાન, રાક્ષસી નાક, અને છ છ નહોરવાળા ટચૂકડા પગવાળું જબરજસ્ત ચામાચિડિયું. ઘેરા ગોળ ચહેરામાંથી તાકી રહેતી ગોળ ચકરડાં જેવી આંખો અને ઊંધી દાળ જેવી કીકીઓ આદમીને સાવધાન અને બદમાશીભર્યો દેખાવ આપતી હતી.

કારીગરો વ્યંગચિત્રો જોઈને માઠું ન લગાડતા, પરંતુ ગોગોલેવનું ચિત્ર સૌને ઘૃણાજનક લાગતું, અને તેઓ પાવેલને બહુ ગંભીરતાથી કહેતા:

"ફાડી નાખવામાં જ સારાવાટ છે, બુઢ્ઢો જોઈ જશે તો તારી બૂરી વલે કરી નાખશે."

મેલો તથા ગંધારો અને હંમેશાં ઘેનમાં રહેતો બુઢ્ઢો પાકો ધરમઘેલો, કાયમ ઝેરીલો, અને ગુમાસ્તાનો ચાકર ચુગલીખોર આદમી હતો. માલિકણનો ઇરાદો પોતાની ભાણીને ગુમાસ્તા જોડે પરણાવવાનો હતો, એટલે તે પોતાને કારોબારનો તથા કામ કરતા બધા માણસોનો ઉપરી ગણવા લાગ્યો હતો. સૌ તેનાથી ડરતા અને તેને નફરત કરતા, એટલે ગોગોલેવથી પણ ડરતા રહેતા.

પાવેલ બુઢ્ઢા નકશી કારીગરને લગાતાર છેડતો રહેતો, જાણે કેમ તેની એકમાત્ર નેમ ગોગોલેવને એક પળનીયે રાહત ન માણવા દેવાની હોય. હું તેની નજરમાં બરાબર લાયક મળતિયો હતો. હંમેશાં આકરાં અને કઢંગાં અમારાં ટીખળો જોઈને સૌને મોજ પડતી, પણ ચિત્રકારો કહેતા:

"ધ્યાન રાખજો, ભાઈઓ! કુઝ્મા ભમરો ખબર લઈ નાખશે તમારી!"

કારીગરી મથકમાં ગુમાસ્તાનું નામ કુઝ્મા ભમરો પાડી દેવામાં આવ્યું હતું.

પરંતુ અમે તેમની ચેતવણીઓની જરાય પરવા ન કરતા. નકશી કારીગર ઊંઘતો હોય ત્યારે અમે ઘણી વાર તેના ચહેરા ઉપર રંગ લગાવી દેતા. એક વાર તે દારૂના ઘેનમાં બેહોશ પડયો હતો ત્યારે અમે તેના વાદળી જવા નાક ઉપર સોનાનો ઓપ લગાવી દીધો. બધાંય છિદ્રોમાંથી સોનું કાઢી નાખવામાં તેને ત્રણ દિવસ લાગી ગયા. પરંતુ જ્યારે જ્યારે અમે બુઢ્ઢાને એવી રીતે સખત ખિજાવી દેતા ત્યારે ત્યારે મારા મનમાં આગબોટની અને વ્યાત્કાના નાનકડા સિપાહીની યાદ તાજી થઈ જતી, અને મારો અંતરાત્મા

મને ચેન ન પડવા દેતો. ગોગોલેવના બુઢાપા છતાં અમે તેની બરાબરી કરી શકીએ એમ નહોતા, ઘણી વાર અમારી ગાફેલીમાં તે અમને પકડી પાડતો અને બરાબરનો મેથીપાક ચખાડી દેતો. દરેક વેળાએ અમારાં હાડકાં ખોખરાં કર્યાં પછી તે માલિકણને ફરિયાદ કરતો.

તે પણ સામાન્ય રીતે ઘેનમાં મસ્ત રહેતી અને એટલે હંમેશાં મોજમાં તથા સૂજેલા હાથ ટેબલ ઉપર ઠપકારીને અમને ડરાવવાની કોશિશ કરતી અને બરાડા પાડતી:

"ફરી તોફાન કર્યાં, શયતાનો ક્યાંના! બુઢ્ઢો આદમી છે બિચારો, તમારે એનાં માનમરજાદ જાળવવાં જોઈએ! એની પ્યાલીમાં શાહી કોણે ભરેલી?"

"અમે."

માલિકણે પલકારા કર્યા.

"હે ભગવાન! આ તો પાછા કબૂલેય કરી લે છે, નાનકા પાજીઓ ક્યાંના! ખબર નથી કે બુઢ્ઢા લોકોનું માન જાળવવું જોઈએ?"

તેણે અમને ભગાડી મૂક્યા અને ફરિયાદ સાંજે ગુમાસ્તાને પહોંચાડી દીધી.

"એવાં કરતૂત કેમ માંડયાં છે?" ગુમાસ્તાએ કરડા અવાજે મને કહ્યું. "તું તો ચોપડીઓ વાંચે છે, બાઈબલ પણ, તોયે કાંઈક ને કાંઈક તોફાનમસ્તી કાયમ કરતો જ રહે છે. ધ્યાન રાખજે, ભાઈલા, નહિતર ખેર નથી!"

માલિકણ બિચારી એકલવાઈ હતી અને તેની હાલત બહુ દયાજનક હતી. ક્યારેક વધારે પડતો દારૂ ઢીંચી લીધો હોય ત્યારે બારી પાસે બેસીને ગાતી:

નથી પરવા કોઈને મારા ગમની,
નથી ખબર કોઈને મારા દુખની,
નથી કોઈ ચાહતું મને, નથી દયા ખાતું,
નથી કોઈ મને રાહત કે દિલાસો આપતું.

તે નાકનો સિસકારો કરતી અને બુઢાપાને લીધે ડચકાં ખાતા અવાજે કલ્પાંત કરતી: "ઓય રે.."

એક દિવસે તે મને દૂધનો કટોરો લઈને દાદરો ઊતરતી નજરે પડી.

એકાએક તેના ગોઠણ ઢીલા પડી ગયા અને તે ઢળી પડી, એક પછી એક પગથિયે અફળાતી નીચે દડવા લાગી. પરંતુ તેણે લંબાવેલા હાથમાં કટોરો સજ્જડ પકડી રાખ્યો હતો, દૂધ તેનાં કપડાં ઉપર ઢોળાતું હતું, અને તે કટોરાને ધમકાવતી હતી:

"જોયું ને, કેવું દૂધ ઢોળે છે, શયતાન ક્યાંનો!"

તે બહુ જાડી નહોતી, પણ તેનું શરીર પોચું અને લબડતી ચામડીવાળું હતું. તેને જોતાં એવી ઘરડી બિલાડીનો ખ્યાલ આવતો કે જેની બાબતમાં ઉંદર પકડવાનું કામ ભૂતકાળમાં વિલીન થઈ ગયું હોય અને જે બેહદ તૃપ્તિને લીધે ખાલી પડી રહેવાની અને મિજબાનીઓ તથા ફતેહોની મીઠી યાદમાં ખાલી મ્યાંઉં મ્યાંઉં કરવાની હાલતમાં હોય.

"હં..." સીતાનોવ વિચારમાં ગરકાવ થઈને બોલતો, "એક જમાનામાં અહીંયાં મોટો કારોબાર ચાલતો અને સરસ કારીગરી મથક ચાલતું, વહીવટ કાબેલ આદમીના હાથમાં હતો. હવે તો બધું ખરાબે ચડી ગયું છે, માલમલીદો પૂરો પેલા કુઝ્મા ભમરાના ખોળામાં પડે છે. અમે સૌએ કેવી મહેનત કરી છે! પણ બધી એને ખાતર, એમ જ બન્યું છે! ખ્યાલ જ માણસની અંદર કશાકને બટકાવી નાખે એવો છે, બસ એમ જ થાય છે કે કામને મૂકો પડતું, ઉપર છાપરે ચડી જાઓ, અને આખો ઉનાળો પડયા પડયા આસમાનને તાકતા રહો!.."

પાવેલ ઓદિન્ત્સોવને સીતાનોવના વિચારોનો ચેપ લાગી ગયો. તે મોટા માણસની જેમ સિગરેટનો દમ ખેંચતો ઈશ્વર વિશે, દારૂની લત વિશે, સ્ત્રીઓ વિશે, અને મહેનતની નિરર્થકતા વિશે ફિલસૂફી ડહોળતો રહેતો: કેટલાક લોકો બધો વખત લગાવી દઈને વસ્તુઓ બનાવતા હોય છે, અને બીજા લોકો એ વસ્તુઓના મૂલ્યની જરાય કદર વગર તેમને ખતમ કરી નાખતા હોય છે.

એવી વેળાએ તેના સતેજ દેખાવડા નાનકડા ચહેરામાં બુઢાપો વરતાતો અને કરચલીઓ પડી જતી. તેના મનમાં એવા વિચારો મોટે ભાગે તો તે ભોંયપટ ઉપર પથારીમાં બેઠો હોય ત્યારે આવતા, હાથ ગોઠણ ઉપર ગોઠવેલા હોય અને નજર બારીઓના નીલા ચોરસાઓની પાર શિયાળુ આકાશના તારાઓ ઉપર તથા એકઢાળિયાના છાપરા ઉપર, હિમના વજનથી નમી પડેલા છાપરા ઉપર, તકાયેલી હોય ત્યારે આવતા.

ચિત્રકારો ઊંઘમાં નસકોરાં બોલાવતા હતા અને બબડાટ કરતા હતા.

કોઈ ઓથારમાં શબ્દોના ગોટા વાળતું હતું. દાવીદોવ સૌથી ઉપલા પાટિયા ઉપર જિંદગીના છેલ્લા અવશેષોને ઉધરસમાં ખતમ કરી રહ્યો હતો. "ભગવાનના દાસો" કાપેન્ધ્યૂખિન, સોરોકિન, અને પેર્શીન ખૂણામાં જોડાજોડ લંબાવીને નીંદર અને નશાના પાશમાં જકડાયેલા પડયા હતા. દીવાલો ઉપરથી ચહેરામહોરા અને હાથપગ વગરનાં દેવચિત્રો નીચે તાકી રહ્યાં હતાં. તેલ અને ખરાબ ઈંડાંની તેમ જ ભોંયપટની તિરાડોમાં કોહતા ગંદવાડની બદબોને લીધે શ્વાસ લેવાનું લગભગ અશક્ય બની જતું હતું.

"સૌની કેટલી બધી દયા આવે છે!" પાવેલ હળવા અવાજે બોલ્યો. "હે ભગવાન!"

મારા મનમાં પણ એવી દયાનો બોજો એકધારો વધી રહ્યો હતો. હું અગાઉ જણાવી ચૂક્યો છું કે અમને બેઉને એ માણસો સારા લાગતા, પરંતુ તેમની જિંદગી ખરાબ હતી, તેમને છાજે એવી નહોતી, અસહ્ય કંટાળાની હતી. લેન્ટના તહેવારનો ગમગીન ઘંટારવ થતો હોય અને હિમઝંઝાવાતના ઝપાટાઓથી મકાનો અને ઝાડવાં અને પૃથ્વી ઉપરનું બધુંયે જાણે કંપતું હોય અને વિલાપ તથા કલ્પાંત કરતું હોય ત્યારે કારીગરી મથકમાં ગમગીની છવાઈ જતી અને વજનદાર પડદાઓની જેમ સ્થિર થઈ જતી, કારીગરોની જિંદગીને રૂંધી નાખતી, તેમને પીઠાંઓમાં ધકેલી દેતી અથવા વોદકાની જેમ તેમને બધું ભૂલી જવામાં મદદ કરતી ઓરતોના બાહુપાશમાં ધકેલી દેતી.

એવી કોઈ સાંજ હોય ત્યારે વાંચન કોઈ રીતે મદદગાર ન બનતું અને હું તથા પાવેલ આનંદવિનોદની બીજી રીતો અજમાવતા. અમે અમારા ચહેરાઓને રંગ તથા મેશ વડે રંગીને, અને શણના વાળ તથા મૂછોની સજાવટ કરીને, પોતાની જ રચેલી તરેહવાર હાસ્યનાટિકાઓ ભજવતા, અને એ રીતે બહાદુરીથી ગમગીનીનો સામનો કરીને લોકોને પરાણે હસાવતા. મને «*Legend of How Peter the Great was Rescued by a Soldier*»ની કહાણી યાદ હતી અને મેં તેનું રૂપાંતર સંવાદમાં કરી નાખ્યું. અમે દાવીદોવના પાટિયા ઉપર ચડીને ખેલ ભજવ્યો, અને ખુશીના રંગમાં આવી જઈને કલ્પિત સ્વીડનીઓનાં માથાં વાઢી નાખ્યાં. પ્રેક્ષકો ખાડખડાટ હસતા રહ્યા.

ચિત્રકારોને ચીની શયતાન ત્સીંગી યુ-તોનનો ખેલ જોવામાં ખાસ મઝા પડી. ભલું કરવાનો ખ્યાલ પકડી બેઠેલા કમનસીબ શયતાનની ભૂમિકા પાવેલે ભજવી, અને બાકીની બધી મેં: નરનારીઓ, મંચની સજાવટની

વસ્તુઓ, નેક ભૂત, અને ચીની શયતાન ભલું કરવાની નાકામયાબ કોશિશ પછી હતાશ થઈને જે શિલા ઉપર બેઠો હતો તેની પણ.

પ્રેક્ષકો હસ્યા, અને મને જાણીને પીડાકારી વિસ્મય થયું કે લોકોને કેટલી આસાનીથી ખુશ કરી શકાય છે.

"અરે વાહ! ખરા રંગલાઓ! ખરા મશ્કરાઓ!" કારીગરો પોકારો પાડતા રહ્યા.

પરંતુ અમે જેમ જેમ વધારે ખેલ ભજવતા ગયા તેમ તેમ ખ્યાલ વધારે જોર પકડતો ગયો કે એ લોકો ખુશી કરતાં પીડાની પહોંચમાં વધારે હતા.

આપણા લોકોમાં ખુશાલી ક્યારેય લાંબો વખત નથી ટકતી, અને તેનું મૂલ્ય ખુદ તેના આધારે નથી આંકવામાં આવતું, ખુશીને તો ચિંતાગ્રસ્ત રૂસી આદમીના દિલની પીડાને ખાળવાના ઔષધ તરીકે મહામહેનતે પેદા કરવામાં આવે છે. પોતાની કોઈ જાતની આગવી જિંદગી કે જીવંત રહેવાની કશી ઉત્કંઠા ન ધરાવતી ખુશાલી જરાય વિશ્વાસપાત્ર નથી હોતી, એ તો ગમગીન દિવસોને હળવા બનાવી દેવા માટે જ આવતી હોય છે.

વળી રૂસી ખુશાલી બહુ બહુ વાર અણધારી અને અગમ્ય રીતે ક્રૂર તમાશામાં પલટાઈ જતી હોય છે. નાચ ચાલતો હોય અને નૃત્યકાર મુદ્રાઓના તાણાવાણા વણીને પોતાને બંધનોથી મુક્ત કરતો લાગે ત્યારે તેની અંદરનું પશુ અચાનક છૂટું થઈ જાય છે, પાશવી પીડામાં પોતાને દરેક વ્યક્તિની સાથે અને દરેક વસ્તુની સાથે અફળાવે છે, ગર્જના કરે છે, ધમસાણ મચાવે છે, તોડફોડ કરે છે...

બહારના આવેગો થકી ઉશ્કેરાયેલી અને પરાણે લદાયેલી એવી ખુશી જોઈને મને એટલી બધી ચીડ ચડતી કે મને પોતાને જ ભૂલી જવાના ઝનૂનમાં હું તત્કાળ મારા તરંગી મનમાં જે કંઈ યાદ આવી જાય તેને દોહરાવવાનું અને ભજવી બતાવવાનું શરૂ કરી દેતો. એ લોકોનાં દિલોમાં મુક્ત અને આપોઆપ ફૂટી નીકળતી ખુશી ભરી દેવાની કેવી પારાવાર તમન્ના મને થતી! અને મારી કોશિશો સાવ નિષ્ફળ ન જતી. ચિત્રકારો વખાણ કરતા અને હેરતમાં ગરકાવ થઈ જતા, પરંતુ મેં વિખેરી નાખેલી લાગતી ગમગીની ફરી ઘેરાઈ આવતી, વધારે ગાઢ બની જતી, અને અગાઉ કરતાં વધારે બોજલ દબાણ કરતી.

ઉંદર જેવો લારીઓનિચ નરમાશથી કહેતો:

"કેવો પાજી છો તું! ઈશ્વર તારું ભલું કરે!"

"ખરી મોજ કરાવે છે!" જીખારેવે ટાપસી પૂરી. "સરકસમાં કે પછી નાટકમંડળમાં કેમ નથી જોડાઈ જતો? મઝાનો રંગલો બનવાની આવડત છે તારામાં!"

કારીગરી મથકના બધા માણસોમાંથી ફક્ત કાપેન્દ્યૂખિન અને સીતાનોવ જ નાટક જોવા જતા, અને તે પણ નાતાલના કે લેન્ટના તહેવારના દિવસે. મોટેરા કારીગરો તેમને શિખામણ દેતા કે એવા પાપનું પ્રાયશ્ચિત નામદિક્ષાની ડૂબકી માટે બરફમાં પાડવામાં આવેલા કાણા વાટે જોર્ડનના જળમાં ડૂબકી મારીને કરી લેવું. સીતાનોવ મને કહેતો રહેતો:

"આ બધું પડતું મૂકી દે અને અદાકાર બની જા!"

અને તે મને *«Life of Yakovlev, the Actor»*ના વિષાદનું હૃદયસ્પર્શી વર્ણન કરી સંભળાવતો.

તે મેરી સ્ટુઅર્ટને "શિયાળવી" કહેતો અને તેની વાત ભારે મોજથી કરતો, અને *«The Spanish Noble»*ની બાબતમાં ખાસ ઉત્સાહ બતાવતો.

"દોન સેઝાર દે બાઝાન તમામ ઉમરાવોમાં સૌથી વધારે ઉમદા આદમી હતો, મક્સીમિચ! ખરેખર અદ્‌ભુત!"

તેની પોતાની હસ્તીમાં જાણે *«The Spanish Noble»*નું કશુંક સામેલ હતું. એક દિવસે ચોકીમિનારા સામેના ચોકમાં ત્રણ બંબાવાળાઓએ કોઈ ગામડિયાને ઢીબી નાખ્યો. લગભગ ચાલીસ માણસોનું ટોળું તમાશો જોતું હતું અને બંબાવાળાઓને પાનો ચડાવતું હતું. સીતાનોવ બખેડામાં ધસી ગયો, તેણે લાંબાલાંબા હાથ વડે હુમલાખોરોને મારી હઠાવ્યા, અને પછી ગામડિયાને ઊંચકીને ટોળાની ઉપર ફગાવતાં બરાડો પાડયો:

"લઈ જાઓ આને!"

તે પોતે ત્રણની સામે એકની લડાઈ પૂરી લડી લેવા ત્યાં જ ઊભો રહ્યો. બંબાનું મથક ખાલી દસબાર ડગલાં છેટે હતું. બંબાવાળાઓ સહેલાઈથી મદદ મેળવી શક્યા હોત અને સીતાનોવનાં હાડકાં ખોખરાં કરી શક્યા હોત. પણ તેના સારા નસીબે ત્રણેય જણ પૂંઠ બતાવતા ભાગી ગયા.

"કૂતરાંની ઓલાદ!" સીતાનોવે તેમની પાછળ બરાડો પાડયો.

રવિવારે જુવાન માણસો સફાઈની ટુકડીના સભ્યો સાથે અને આસપાસનાં ગામોના રહેવાસીઓ જોડે કુસ્તી લડવા પીટર-પૉલ કબ્રસ્તાનની પાર લાકડાંની લાતીમાં જતા. ટુકડી તરફથી જાણીતા કુસ્તીબાજ મોર્દોવિયન

પહેલવાનને ખડો કરી દેવામાં આવતો. રાક્ષસી કદના આદમીનું માથું ટાંકણીના માથા જેવું હતું અને આંખો સૂજેલી હતી. તે પગ પહોળા ખોડીને પોતાના ટેકેદારોને મોખરે ઊભો રહેતો, અને આંખોમાંથી ટપકતા પાણીને મેલી બાંય વડે લૂછતો શહેરના માણસોને ખુશમિજાજમાં પડકાર કરતો:

"આવી જાઓ સામે કોઈને આવવું હોય તો! આમ ઊભાઊભા તો ક્યાંક શરદી થઈ જાશે મને!"

અમારા તરફથી હંમેશાં કાપેન્દ્યૂખિન તેની સામે લડતો, પરંતુ મોર્દોવિયન અચૂક જીતી જતો.

"આને હરાવું નહિ તો પછી મારી લાયકાત જ કેટલી ગણાય?" હાંફતો અને લોહી ટપકાવતો કાપેન્દ્યૂખિન રોદણાં રોતો.

મોર્દોવિયનને હરાવવાની બાબતે આખરે તેની જિંદગીની એકમાત્ર નેમની જગ્યા લઈ લીધી. તેણે આકરી તાલીમ શરૂ કરી દીધી: દારૂ મૂકી દીધો અને ખોરાકમાં મોટે ભાગે ખાલી માંસ જ લેવાનું શરૂ કર્યું, તે રોજ રાતે સૂતાં પહેલાં શરીરે હિમ ઘસતો, અને સ્નાયુઓને જોરદાર બનાવવા માટે બે મણ જેટલું વજન ઉપાડીને ક્રૉસની નિશાનીઓ કરતો, પણ બધી મહેનત એળે ગઈ. આખરે તેણે હાથમોજામાં સીસાના કકડા ભરીને સીવી લીધા, અને શેખીમાં સીતાનોવને કહ્યું:

"આ તરકીબ મોર્દોવિયનના ખેલને ખલાસ કરી નાખશે!"

"સીસું કાઢી નાખ, નહિતર કુસ્તી પહેલાં હું ભેદ ઉઘાડો પાડી દેવાનો," સીતાનોવે કરડા અવાજે તેને ચેતવણી આપી.

કાપેન્દ્યૂખિને માન્યું જ નહિ કે સીતાનોવ એમ કરે, પણ કુસ્તી શરૂ થાય તે પહેલાં એકાએક સીતાનોવે સાદ પાડીને મોર્દોવિયનને કહ્યું:

"ઊભા રહો, વસીલી ઇવાનોવિચ! કાપેન્દ્યૂખિનની જોડે પહેલાં મારે કુસ્તી કરવી છે!"

કઝ્ઝાક આદમીનું મોં રાતું થઈ ગયું અને તેણે બરાડો પાડયો:

"હું તારી જોડે કુસ્તી નહિ કરું! ચાલતો થઈ જા અહીંથી!"

"ના, કરવી પડશે," સીતાનોવ બોલ્યો. તેણે આગળ ડગલાં ભરતાં કાપેન્દ્યૂખિનની ઉપર દબાણભરી નજર ઠેરવી દીધી. કાપેન્દ્યૂખિન એક મિનિટ દુવિધામાં પડી ગયો અને પછી હાથમોજાં કાઢી નાખીને છાતીએ કોટ નીચે ભરાવી દેતો ઝડપથી ચાલ્યો ગયો.

બન્ને પક્ષો માટે અચરજનો અણગમતો મામલો બની ગયો. મોભાદાર દેખાતા એક આદમીએ ખીજે ભરાઈને સીતાનોવને કહ્યું:

"સાંભળ, ભાઈ, જાહેર કુસ્તીમાં ખાનગી ઝઘડા આવી રીતે પતાવવામાં તો નિયમનો ભંગ થયો ગણાય!"

ચારે તરફથી લોકો ઘાંટા પાડીને સીતાનોવને ધમકાવવા લાગ્યા. તે કેટલીય વાર સુધી ચુપ રહ્યો, પણ પછી તેણે મોભાદાર લાગતા આદમીને કહ્યું:

"પણ મેં ખૂન થતું અટકાવ્યું હોય તો?"

મોભાદાર લાગતો આદમી તરત સમજી ગયો, અને તેણે માથેથી ટોપી ઉતારી નાખતાં કહ્યું:

"એમ હોય તો અમારા તરફથી તમારું અહેસાન!"

"પણ વાત ફેલાવતા નહિ, મહેરબાની કરીને!"

"શું કરવા ફેલાવું? કાપેન્ડ્યૂખિન સરસ કુસ્તીબાજ છે, જવલ્લે જ મળે એવો. માણસ કાયમ હારી જતો હોય તો આકળો થઈ જ જાય, એ તો સમજાય એવું છે. પણ હવેથી અમે કુસ્તી પહેલાં એનાં હાથમોજાં તપાસી જોવાના."

"એ તો તમારી મરજીની વાત છે."

મોભાદાર લાગતો આદમી ચાલ્યો ગયો એટલે અમારા પક્ષના માણસો સીતાનોવને ધમકાવવા લાગ્યા.

"શું કામ એમ કર્યું? મૂરખ છો! કઝ્ઝાક આદમીએ પેલાને હરાવી દીધો હોત, પણ આમ તો આપણે જ હારી ગયા."

અમે કેટલીય વાર સુધી તેને વઢતા રહ્યા અને તેમાંથી ખુશી માણતા રહ્યા.

સીતાનોવ ખાલી નિસાસો નાખીને આટલું જ બોલ્યો:

"અરેરે, કચરોપૂંજો..."

પછી તેણે સૌને હેરતમાં નાખી દીધા, મોર્દોવિયનને પડકાર કર્યો. મોર્દોવિયન કુસ્તીની જગ્યાએ ગોઠવાઈ ગયો અને મુક્કા હવામાં વીંઝતો મજાકમાં બોલ્યો:

"થોડુંક બાખડી લેવાનું... ખાલી ગરમાવા ખાતર!"

સામે ઊભેલા લોકોમાંથી કેટલાય માણસોએ હાથમાં હાથ પરોવીને પાછળના માણસોને આઘા હડસેલી દીધા અને પહોળું કૂંડાળું બનાવી દીધું.

કુસ્તીબાજો ગોળ ચકરાવા લેતા પેંતરા ભરવા લાગ્યા. તેમની નજર એકબીજાના ચહેરા ઉપર મંડાયેલી હતી, જમણા હાથ લાંબા કરેલા હતા અને ડાબા હાથ છાતીએ દબાવેલા હતા: અનુભવી પ્રેક્ષકોએ તરત જોઈ લીધું કે સીતાનોવના હાથ મોર્દોવિયનના હાથ કરતાં વધારે લાંબા છે. ચોમેર ચુપકી છવાઈ ગઈ, ખાલી કુસ્તીબાજોના પગ નીચે ચગદાતા હિમનો કચરકચર અવાજ કાને પડતો હતો. તણાવ સહી ન શકતો કોઈ માણસ લાલસાભરી ફરિયાદ કરતો બબડયો:

"હવે ઝીંકવા માંડે ને, કેટલી બધી વાર!"

સીતાનોવે જમણો હાથ ઉગામ્યો. મોર્દોવિયને બચાવમાં ડાબો હાથ ઊંચો કર્યો, પણ એટલામાં સીતાનોવે ડાબા હાથનો ફટકો સીધો તેના પેટમાં ઝીંકી દીધો. મોર્દોવિયન પહેલવાન ઘુરકાટ કરતો પાછળ હઠી ગયો અને કદર કરતો બોલ્યો:

"તું જુવાન છો પણ મૂરખ જરાય નથી!"

પછી તો બેઉ રંગમાં આવી ગયા, એકબીજાને છાતીમાં સખત ફટકા ઝીંકવા લાગ્યા. થોડી વારમાં બન્ને પક્ષો ઉત્તેજિત થઈને હાકલાપડકારા કરવા લાગ્યા:

"લગાવ જોરથી, દેવચિત્રોના ઉસ્તાદ! એનું ડાચું રંગી દે!"

મોર્દોવિયન પહેલવાન સીતાનોવથી ઘણો વધારે જોરાવર પણ ઓછો ચપળ હતો, સીતોનોવ જેટલી ઝડપથી સરકી નહોતો શકતો, એટલે એક ફટકો મારે એટલી વારમાં તેને બે કે ત્રણ ફટકા ખાવા પડતા. પણ તેની ઉપર ફટકાની બહુ ઓછી અસર વરતાતી હતી. તે ગાજતો અને વિરોધીની હાંસી ઉડાડતો રહેતો. પછી અચાનક જ તેણે ઊંચે જતો જોરદાર ફટકો ઝીંકીને સીતાનોવના હાથનું હાડકું ખસેડી નાખ્યું.

"છૂટા પાડી દો! હારજીત કોઈની નહિ!" કેટલાય ઘાંટા એકીસાથે પડયા. પ્રેક્ષકો આગળ ધસી ગયા અને તેમણે કુસ્તીબાજોને છૂટા પાડયા.

"બહુ જોરાવર નથી, આ દેવચિત્રોનો ઉસ્તાદ, પણ વેગીલો છે," મોર્દોવિયન પહેલવાન ખુશમિજાજમાં બોલ્યો. "સરસ કુસ્તીબાજ બને એવો છે, એમ કહેવામાં મને જરાય શરમ નથી આવતી."

કુસ્તી જોનારા જુવાન માણસો માંહોમાંહે આડેધડ લડવા લાગ્યા, અને હું સીતાનોવને હાડવૈદ પાસે લઈ ગયો. તેણે જે કરી બતાવ્યું હતું એથી

મારી નજરમાં તેનું મૂલ્ય વધી ગયું અને તેની તરફના મારા આદરપ્યારમાં વધારો થયો.

તે બહુ ઈન્સાફી અને ઈમાનદાર હતો, અને તેમાં ખાલી પોતાની ફરજ જ ગણતો હોય એમ લાગતું. પરંતુ ખારીલો કાપેન્દ્યૂખિન તેની હાંસી ઉડાવતો.

"અરે, તું તો કાયમ ફુલાતો જ રહે છે, સીતાનોવ!" તે કહેતો. "તેં તારા દિલને સમોવારની જેમ ચળકાવી દીધું છે, અને એને બધે દેખાડતો ફરે છે... શેખી મારતો રહે છે કે જુઓ તો ખરા, હું કેવો ઝળકતી જ્યોતિ જેવો છું! પણ તારું દિલ ખરેખર તો પિત્તળનું છે, અને પાછો એવો કંટાળો ઉપજાવે છે કે બસ!"

સીતાનોવ બેઠોબેઠો કામ કરતો રહેતો અથવા લેર્મોન્તોવનાં કાવ્યો નોટબુકમાં ઉતારતો રહેતો. તે ફુરસદનો બધો વખત કાવ્યોની નકલ કરવામાં ગાળી દેતો. એક વાર મેં તેને કહ્યું:

"તારી પાસે પૈસા તો છે, જઈને ચોપડી કેમ નથી ખરીદી લેતો?"

"ના, હાથે નકલ કરવાનું બહેતર," તેણે જવાબ આપ્યો.

સુંદર અક્ષરે પાનું ભરી લીધા પછી શાહી સુકાતી હોય ત્યારે તે હળવા અવાજે વાંચતો:

> કશા રંજ ને કશી લાગણી વગર,
> આ જગતને તું તજી દે, જતો રહે,
> જ્યાં સુખ તો છે ખાલી એક ઝબકારો,
> ને સુંદરતા એક દિ, તેને તું તજી દે...

"સાવ સાચું!" તે આંખો સંકોડીને કહેતો. "વાહ, કવિએ સચ્ચાઈને કેવી પારખી લીધી છે!"

કાપેન્દ્યૂખિનના સંબંધમાં સીતાનોવનું વર્તન જોઈને હું હેરતમાં ડૂબી જતો. કાપેન્દ્યૂખન દારૂ ઢીંચીને છાકટો થઈ જાય ત્યારે સીતાનોવની સાથે લડાઈ શરૂ કરી દેતો, પણ સીતાનોવ ધીરજથી તેને વારવાની કોશિશ કરતો:

"આઘો રહે! મને અડતો નહિ!.."

અંતમાં સીતાનોવ દારૂડિયાને નિર્દયતાથી મારવાનું શરૂ કરી દેતો, એટલી નિર્દયતાથી કે સામાન્ય રીતે મોજથી લડાઈ જોતા રહેતા બીજા ચિત્રકારો વચમાં પડતા અને દોસ્તોને છૂટા પાડતા.

"સીતાનોવને વખતસર અટકાવી નહિ દઈએ તો મારોમારીને આનો જાન કાઢી નાખશે, પોતાના અંજામની જરાય ફિકર વગર," તેઓ કહેતા.

કાપેન્દ્યૂખિનની સાન ઠેકાણે હોય ત્યારે પણ તે હંમેશાં સીતાનોવને પજવતો રહેતો, કવિતાને લગતી તેની ધૂનની તેમ જ તેના કમનસીબ પ્રેમકિસ્સાની ઠેકડી ઉડાડતો રહેતો, અને તેના મનમાં ઈર્ષાના ભડકા પેદા કરવાની ગલીચ પણ નકામી કોશિશો કરતો રહેતો. સીતાનોવ બધી પજવણી કશો જવાબ આપ્યા વગર અને માઠું લગાડયા વગર સાંભળતો રહેતો, અને ક્યારેક કાપેન્દ્યૂખિન ભેગો હસવા પણ લાગતો.

તેઓ જોડાજોડ સૂતા, અને મોડી રાત સુધી જાગતા રહીને ગુસપુસ કરતા રહેતા.

એવી રાતની વાતચીત કોયડો બનીને મને સતાવતી રહેતી. મને થતું કે એકબીજાથી સાવ નિરાળા બે માણસો એટલી હેતપ્રીતથી શાની વાતો કરતા હશે. પરંતુ હું નજીક જાઉં કે તરત કઝ્ઝાક આદમી બોલી ઊઠતો:

"શું કામ આવ્યો છો?"

અને સીતાનોવ મારી બાબતમાં આંખ આડા કાન કરી દેતો.

પરંતુ એક વાર તેમણે મને બોલાવ્યો.

"મક્સીમિચ, તારી પાસે ઢગલાબંધ પૈસા હોય તો તું શું કરે?" કઝ્ઝાક આદમીએ મને સવાલ કર્યો.

"ચોપડીઓ ખરીદું."

"બીજું શું ખરીદે?"

"ખબર નહિ."

"ઓ!" કાપેન્દ્યૂખિન નિરાશામાં નિસાસો નાખતો બીજી તરફ ફરી ગયો.

"જોયું ને?" સીતાનોવ સ્વસ્થ અવાજે બોલ્યો. "કોઈ ન કહી શકે... મોટાંયે નહિ ને નાનાંયે નહિ. હું તો કહું છું કે ધનદોલતનો કંઈ મતલબ જ નથી હોતો, અસલ વાત તો ભેગું શું હોય એની છે."

"શાની વાત કરતા હતા તમે?" મેં પૂછ્યું.

"ખાસ કંઈ નહિ. ખાલી વખત ગાળવા, ઊંઘ નથી આવતી," કઝ્ઝાક આદમી બોલ્યો.

પણ આગળ જતાં તેઓ મને વાતચીત સાંભળવા દેતા. મને ખબર પડી કે લોકો જેવી વાતો દિવસ દરમિયાન કરતા હોય છે એવી જ વાતો

તેઓ રાતે કરતા: ઈશ્વરની અને ઇનસાફની અને સુખની, સ્ત્રીઓની લુચ્ચાઈ અને મૂર્ખાઈની, અમીરોના લોભની, અને સામાન્ય રીતે જોતાં સમજી ન શકાય એવો ગૂંચવાડો બની રહેતી જિંદગીની.

હું બહુ ઉત્સુકતાથી સાંભળતો રહેતો. તેમની વાતચીત મારા મનનાં ઊંડાણોને ખળભળાવી દેતી. તેમને એવી એકમતી જોઈને મને ખુશી થતી કે જિંદગી ખરાબ છે અને તેને બહેતર બનાવવી જોઈએ. પરંતુ સાથે સાથે હું સમજતો કે જિંદગીને બહેતર બનાવવાની ખાલી મુરાદ કોઈની ઉપર કોઈ જાતની જવાબદારી નથી મૂકતી અને કારીગરી મથકની જિંદગીમાં કે ચિત્રકારોના પરસ્પર સંબંધોમાં કશું પરિવર્તન નથી આણતી. એ બધી વાતો મને જિંદગીની થોડીઘણી સમજણ આપતી હતી અને સાથોસાથ તેને મારી સામે એક જાતના સૂમસામ ખાલીપા તરીકે છતી કરતી હતી. પવનના ઝપાટામાં તળાવની સપાટી ઉપર સરકતાં રહેતાં સૂકાં પાંદડાંની જેમ લોકો એ ખાલીપામાં કશા ધ્યેય કે હેતુ વગર રઝળતા રહેતા હતા, અને પોતે જ એવા રઝળાટની હેતુરહિતતાને કોસતા અને ધુતકારતા રહેતા.

ચિત્રકારો હંમેશાં શેખી મારતા, પસ્તાવો કરતા, અથવા કોઈનો વાંક કાઢતા, સાવ નજીવી બાબતો લઈને ઝનૂની ઝઘડા કરતા, અને એકબીજાને સખત માઠું લગાડતા. તેઓ એવી અટકળોમાં વખત ગાળી નાખતા કે પરલોકમાં તેમનું શું થશે, પરંતુ આ લોકમાં બારણાની અડોઅડ રાખેલી ગંદવાડની ડોલ નજીક ભોંયપટનું એક પાટિયું સડીને ખતમ થઈ ગયું હતું, ત્યાં કાણું પડી ગયું હતું, તેમાંથી ફૂગની ગંધવાળી ભીની ટાઢી હવા નીકળતી રહેતી અને અમારા પગને ઠારીને બરફ બનાવતી હતી. મેં અને પાવેલે મળીને ખડ અને ચીંથરાં વડે કાણું પૂરી દીધું. કારીગરો ભોંયપટમાં નવું પાટિયું ગોઠવવાની વાતો ઘણી વાર કરતા, પરંતુ કાણું વધારે ને વધારે મોટું થતું ગયું. ઝંઝાવાતની આફતના દિવસોમાં તેમાંથી ફૂંકાઈ આવતો પવન તુરાઈ જેવો તીણો અવાજ કરતો રહેતો, ટાઢને લીધે માણસોને ખાંસી અને શરદી થઈ જતી. જાળિયાનું ધાતુનું ગોળ ઢાંકણ ખોફનાક ચૂંકારા કરતું રહેતું અને કારીગરો તેને એકદમ ગલીચ ભાષામાં ભાંડતા રહેતા. પણ મેં તેમાં તેલ પૂરીને ચૂંકારા બંધ કરી દીધા ત્યારે જીખારેવે મોઢું ચડાવીને કહ્યું:

"ચૂંકારા વગર તો વધારે સૂનકાર લાગે છે!"

તેઓ હમામમાંથી પાછા આવીને ગંધારી પથારીઓમાં ઢળી પડતા. ત્યાં ગંદકી અને બદબો કોઈના ધ્યાનમાં જ નહોતી આવતી. જિંદગીને

કપરી બનાવી દેતી અસંખ્ય નજીવી બાબતો એવી હતી કે જેને સહેલાઈથી હઠાવી શકાઈ હોત, પણ કોઈ કોશિશ જ નહોતું કરતું.

તેઓ ઘણી વાર કહેતા:

"કોને લોકોની દયા આવે છે? કોઈને નહિ, ઈશ્વરનેય નહિ..."

પરંતુ મરવા પડેલા દાવીદોવના શરીરની ગંદકી અને જીવાત મેં અને પાવેલે ધોઈને સાફ કરી નાખી ત્યારે તેમણે અમારી ઠેકડી ઉડાડી, અમને હમામના ચાકરો ગણાવ્યા, ટોલા સાફ કરી નાખવા માટે પોતાનાં ખમીસ અમારી સામે ધરી દીધાં, અને સામાન્ય રીતે એવી હાંસી કરી કે અમે જાણે શરમજનક અને બહુ રમૂજી કંઈક કર્યું હોય.

નાતાલથી લઈને લેન્ટના તહેવાર સુધી દાવીદોવ પાટિયા ઉપર પડી રહ્યો. તે સતત ઉધરસ ખાતો હતો, લોહી અને ચીકણી લાળના મોટામોટા લોંદા થૂંકતો હતો, લોંદા ગંદવાડની ડોલનું નિશાન ચૂકી જઈને ભોંયપટ ઉપર પડતા હતા. રાતમાં તે સનેપાતી ચીસો પાડતો જાગી જતો.

કારીગરો લગભગ રોજ કહેતા:

"આને દવાખાના ભેગો કરવો પડશે."

પણ પહેલાં તો એવી ખબર પડી કે દાવીદોવના પાસપોર્ટની અવધિ વધારવાનું જરૂરી છે, એ સિવાય તો તેને દવાખાનામાં દાખલ કરે જ નહિ, અને પછી એમ લાગ્યું કે તેની તબિયત સુધરી રહી છે. આખરે તેમણે કહી દીધું:

"શું ફરક પડવાનો છે? આમેય થોડા વખતમાં મરી જવાનો જ છે."

"હા, થોડા વખતમાં જ..." રોગીએ પોતે જ વાયદો કર્યો.

તે હળવા વિનોદની વૃત્તિ ધરાવતો હતો અને કારીગરી મથકની ગમગીનીને વિખેરી નાખવાની પૂરી કોશિશ કરતો રહેતો. ઘેરો અને મડદા જેવો ચહેરો પાટિયાની કિનારીએથી નીચે લટકાવીને તે સુસવાતા અવાજે બોલતો:

"ભલા ભાઈઓ, એવા માણસની વાત સાંભળો કે જે સૌથી ઊંચે પાટિયે ચડી ગયો છે!"

પછી તે ગંભીર અવાજે આવો કશોક ખોફનાક લવારો કરતો:

પાટિયે મારે હું પડી રહું,
નીંદરમાં ને જાગરણમાંયે,

જીવડાં મને બટકાં ભરે,
છતાંયે શોર કદી ના કરું.

"હિંમત નથી હારતો," સાંભળનારાઓ વખાણ કરતા.

ક્યારેક ક્યારેક હું અને પાવેલ તેના પાટિયા ઉપર ચડીને બેસતા, અને તે ખુશાલીનો દેખાવ કરીને અમને આવકારતો:

"આવો દોસ્તો! બોલો, શું લેશો? મઝાનો તાજો કરોળિયો ભાવશે?"

મોત બહુ ધીમેધીમે આવી રહ્યું હતું. એથી તે બેચેન બની ગયો હતો.

"મરવાનું કોઈ રીતે બનતું જ ન હોય એમ લાગે છે," તે કહેતો, અને તેના અવાજમાં અકળામણ સાફ વરતાઈ આવતી.

મોતની સામે તેની નીડરતા જોઈને પાવેલ ગભરાઈ જતો અને મને રાતમાં જગાડીને હળવા અવાજે કહેતો:

"મક્સીમિચ! કદાચ મરી ગયો હોય એમ લાગે છે... આવી જ કોઈ રાતે આપણે અહીંયાં પડયા હોઈશું અને એ મરી જવાનો. હે ભગવાન! મને તો મરેલાંની બેહદ બીક લાગે!"

અથવા કહેતો:

"પણ જીવ્યો જ શું કરવા? વીસ વરસનો થાય તે પહેલાં જ મરી જવાનો!"

એક વાર ચાંદની રાતમાં મને જગાડીને તેણે દહેશતમાં ફાટેલે ડોળે મને કહ્યું:

"સાંભળ!"

પાટિયા ઉપરથી દાવીદોવના ઘોઘરા શ્વાસનો અવાજ કાને પડતો હતો. તે ઝડપથી પણ સાફ શબ્દોમાં ગણગણતો હતો:

"ભલે, લઈ જા હવે, ઝટ કર..."

પછી તેને હેડકી આવવા લાગી.

"એનું મોત આવી ગયું છે, ઈશ્વરનું નામ લઈને કહું છું, જોઈ લેજે તું!" પાવેલ બેબાકળો હોઠ ફફડાવતો બોલ્યો.

મેં આખો દિવસ ફળિયામાંથી હિમ ઉપાડીને ખેતરોમાં નાખી આવવાની મહેનત કરી હતી. એટલે હું થાકીને લોથપોથ થઈ ગયો હતો અને નીંદર કરી લેવા માગતો હતો, બીજું કંઈ જ કરવાનું મન નહોતું મને.

"ઈસુને ખાતર જાગતો રહેજે, ઊંઘી જતો નહિ, મહેરબાની કરીને," પાવેલે આજીજી કરી.

તેણે એકાએક ઊઠીને ગોઠણભેર થઈ જતાં કારમી રાડ પાડી:

"ઊભો થઈ જા, દાવીદોવ મરી ગયો!"

કેટલાક કારીગરો જાગી ગયા. થોડાક તો પથારીમાંથી ઊઠીને નજીક આવ્યા અને ચીડમાં પૂછવા લાગ્યા કે શું વાત છે.

કાપેન્દ્યૂખિન પાટિયા ઉપર ચડીને હેરતભર્યા અવાજે બોલી ઊઠ્યો:

"ચોક્કસ વળી... લાગે છે કે મરી ગયો છે, પણ હજી શરીરમાં થોડીક ગરમી છે."

સૌ ચુપ થઈ ગયા. જીખારેવે ક્રૉસની નિશાની કરી. પછી દાવીદોવનો ધાબળો તાણીને સરખી રીતે લપેટી દેતો તે બોલ્યો:

"એના આત્માને શાંતિ મળો!"

"એને બહાર પરસાળમાં ખસેડી દઈએ તો સારું," કોઈએ સલાહ આપી.

કાપેન્દ્યૂખિન પાટિયેથી નીચે ઊતરીને બારી વાટેથી બહાર નજર નાખતો બોલ્યો:

"ભલે સવાર સુધી ત્યાં જ પડી રહેતો... જીવતો હતો ત્યારેય કોઈને ક્યારેય આડો નહોતો આવ્યો..."

પાવેલ માથું તકિયામાં દબાવીને ડૂસકાં ભરવા લાગ્યો.

સીતાનોવ તો જાગ્યો જ નહિ.

૧૫

ખેતરોમાં હિમ ઓગળી ગયું, અને આસમાનમાં શિયાળુ વાદળો ઓગળીને ભીના હિમ તથા વરસાદના રૂપમાં ધરતી ઉપર પડવા લાગ્યાં. સૂરજ રોજની સફરમાં વધારે વખત લેવા લાગ્યો, હવામાં ગરમી આવતી ગઈ વસંત જાણે આવી પહોંચી હોય પણ ધસમસાટ ટપકી પડતાં પહેલાં ગેલમાં શહેરની બહાર ખેતરોમાં ક્યાંક સંતાઈ ગઈ હોય એમ લાગતું હતું. શેરીઓમાં રાતો-બદામી કાદવ છવાઈ ગયેલો હતો, પગથીઓની અડોઅડ નાનકડાં ઝરણાં ખળખળ કરતાં વહેતાં હતાં, અને આરેસ્તાન્ત્સ્કાયા ચોકમાં જ્યાં હિમ ઓગળી ગયું હતું એવી જગ્યાઓમાં ચકલાં ખુશાલીમાં ઠેકડા મારતાં હતાં. લોકો પણ ચકલાંની જેમ ઉત્તેજિત બની ગયા હતા. ઝરાના કલકલ અવાજની પારથી અને ઉપરથી લેન્ટના તહેવારનો ઘટારવ કાને

પડતો હતો, રણકાર સવારથી રાત સુધી લગભગ અણથંભ ચાલતો રહેતો અને હૈયાને હળવા નાના આંચકા મારીને ડોલાવી દેતો હતો. ઘરડાં માણસોની વાણીની જેમ ઘંટના રણકારમાં પણ કશુંક મનદુખ સમાયેલું હતું, જાણે કેમ ઘંટ કંડાગાર વિષાદ ભરેલા ધ્વનિમાં લગાતાર કહેતા હોય:

"લાં... બા... લાંબા વખત પહેલાં... લાં... બા..."

મારી નામદિક્ષાની જયંતીના દિવસે મથકના કારીગરોએ મને ઈશ્વરના ભક્ત અલેક્સેઈનું સુંદર ચીતરેલું નાનકડું દેવચિત્ર ભેટ આપ્યું. જીખારેવે લાંબું અને ગંભીર ભાષણ કર્યું. તેના એ ભાષણને હું કદી નહિ ભૂલું.

"તું એટલે કોણ?" તેણે ભવાં ઊંચાં ચડાવીને ટેબલ ઉપર આંગળીઓ ઠપઠપાવતાં કહ્યું. "ખાલી નાનકો છોકરો, તેર વરસનો અનાથ બાઢેક, તેમ છતાં હું, એથી લગભગ ચાર ગણી ઉંમરનો આદમી, તને સાબાશી આપું છું કે તેં જિંદગીથી ભાગીને પીઠ ન ફેરવી દીધી પણ હિંમતથી તેનો સીધો સામનો કર્યો. ખરી રીત એ જ છે, હંમેશાં સંજોગોનો સીધો સામનો કરવો!"

તેણે ઈશ્વરના દાસોની અને ઈશ્વરના ચાકરોની વાત કરી, પણ દાસો અને ચાકરો વચ્ચેનો તફાવત મને બિલકુલ ન સમજાયો, અને હું માનું છું કે તેને પણ તફાવતનો સાફ ખ્યાલ નહોતો. તેનું ભાષણ નીરસ હતું. કારીગરો તેની ઠેકડી કરતા હતા, અને હું હાથમાં દેવચિત્ર લઈને ઊભો હતો, મારા મનમાં લાગણીઓ ઉછાળા મારતી હતી, મને અકળામણ થતી હતી અને સમજાતું નહોતું કે શું કરવું. આખરે કાપેન્દ્યૂખિને અધીરાઈમાં વક્તાને ઘાંટો પાડીને કહ્યું:

"મરેલાંને ખાતર પ્રાર્થના જેવું લાગે છે, ભાષણ હવે બંધ કરે તો સારું... આ છોકરાના કાન ભૂરા પડી રહ્યા છે!"

પણ પછી તેણે પોતે મારો ખભો થાબડતાં મારાં વખાણ કર્યાં:

"તારી બાબતમાં સૌથી સારી વાત એ છે કે તું બધાયનો પોતીકો બની ગયો છો. તારો એવો સ્વભાવ મને બહુ ગમે છે, પણ એમાં મુશ્કેલી છે, તને મારવાનું ને ધખવાનું અઘરું પડે છે, તેં એને લાયક કોઈ ખોટું કામ કર્યું હોય ત્યારેય."

સૌ ઝળકતી નજરે મને જોઈ રહ્યા હતા, મારી અકળામણની હેતભરી મજાક કરતા હતા. એ વિધિ બહુ લાંબી ચાલી હોત તો હું નરી ખુશીને લીધે, એ લોકોની જિંદગીમાં હું કંઈક તો છું એવી લાગણીની

ખુશીને લીધે, કદાચ રડી પડયો હોત. પણ એ જ દિવસે સવારે દુકાનમાં ગુમાસ્તાએ મારી તરફ માથું હલાવીને પ્યોતર વસીલ્યેવને કહેલું:

"સાવ રખડેલ છે... જરાય કામનો નથી."

હું રોજની જેમ સવારે બજારમાં પહોંચી ગયેલો, પણ બપોર પછી થોડીક વારે ગુમાસ્તાએ મને કહ્યું:

"ઘેર જઈને કોઠારના છાપરા ઉપરથી હિમ હઠાવી દે અને ચીજો ટાઢી રાખવાના ભંડકિયામાં ભરી દે.."

તેને ખબર નહોતી કે એ દિવસે મારી નામદિક્ષાની જયંતી હતી. મને એમ હતું કે કોઈને ખબર નથી. કારીગરી મથકમાં મુબારકબાદીઓ પતી ગઈ એટલે હું કપડાં બદલાવીને ફળિયામાં દોડી ગયો અને કોઠારના છાપરા ઉપર ચડીને પાવડા વડે હિમ હઠાવવા લાગ્યો. એ વરસે શિયાળામાં પુષ્કળ હિમ પડયું હતું. પણ લાગણીઓના જોશમાં હું ભંડકિયાનું બારણું ખોલવાનું ભૂલી ગયેલો એટલે તે હેઠે પડતા હિમના ગંજમાં જાણે દટાઈ ગયું. મને મારી ભૂલની ખબર પડી કે તરત હું બારણા આડેથી હિમને હઠાવવા લાગ્યો, પણ હિમ ભીનું હતું અને ઠસોઠસ ખડકાઈ ગયેલું હતું. ધાતુનો પાવડો ન હોવાથી હું લાકડાના પાવડા વડે કામ કરતો હતો અને તે હિમના ભારે વજનને લીધે ભાંગી ગયો. બરાબર એ જ ઘડીએ ગુમાસ્તો દરવાજે નજરે પડયો અને તેણે રૂસી કહેવતને સાચી સાબિત કરી દીધી: "ખુશીને પગલે પગલે ગમગીની હંમેશાં આવે જ."

"હં..." ગુમાસ્તો મારી નજીક આવતો ખીજમાં બબડયો. "મઝાનો મજૂર છો તું, શયતાન ઉપાડી જાય તને! તારા ઘેલા માથાના ઘુમ્મટ ઉપર હમણાં એક ફટકો ઝીંકી દઉં છું..."

તેણે પાવડાનો ભાંગેલો હાથો ઉપાડીને મારી ઉપર ઝીંક્યો, પણ હું આઘો સરકી જઈને ગુસ્સામાં બોલ્યો:

"હું કાંઈ તારા ફળિયાની સફાઈના કામે નથી રહ્યો!"

તેણે લાકડી મારા પગ ઉપર ફેંકી. મેં હિમનો લોંદો સીધો તેના મોં ઉપર માર્યો. તે બબડાટ કરતો ભાગી ગયો, અને હું કામ પડતું મૂકીને પાછો કારીગરી મથકમાં ચાલ્યો ગયો. થોડીક વાર પછી ગુમાસ્તાની મંગેતર, ફિક્કા ખીલિયા મોઢાવાળી રઘવાઈ જુવાન ઓરત, દોડતી નીચે આવી.

"મક્સીમિચ, તને ઉપર બોલાવે છે!"

"નહિ જાઉં," મેં કહ્યું.

"શું કહ્યું... નહિ જા?" લારીઓનિચે નવાઈ પામીને શાંત અવાજે પૂછ્યું.

મેં આખી વાત તેને જણાવી. તે ફિકરમાં ભવાં સંકોડીને પોતે જ ઉપર ગયો, અને જતાંજતાં તેણે ધીમા અવાજે મને કહ્યું:

"આમાં તો જરાક બહાદુરી થઈ ગઈ, ભાઈ મારા!"

આખા કારીગરી મથકમાં ગુમાસ્તાની ઉપર કદુવાઓનો ગણગણાટ ફેલાઈ ગયો.

"હવે તો ચોક્કસ તારી હકાલપટ્ટી થવાની," કાપેન્દ્યૂખિન બોલ્યો.

એથી હું જરાય ગભરાયો નહિ. ગુમાસ્તા જોડેના મારા સંબંધો લાંબા વખતથી ખરાબ હતા અને તૂટી જવાની હદે પહોંચી ગયા હતા. તેને મારી ઉપર લગાતાર વધતી જતી કટ્ટર નફરત હતી, અને મારા મનમાં પણ તેની તરફ એવી જ લાગણી હતી. પણ મારી તરફનું તેનું અજબ વર્તન મને ગૂંચવણમાં નાખી દેતું હતું.

તે જાણીજોઈને દુકાનના ભોંયપટ ઉપર સિક્કાઓ વેરતો. હું સંજવારી વાળું ત્યારે એ સિક્કા મને મળતા. હું હંમેશાં તેમને ભેગા કરીને ભિખારીઓ માટેના કટોરામાં નાખતો. આખરે જ્યારે મને ખ્યાલ આવ્યો કે સિક્કા વેરવામાં તેની મુરાદ કેવી છે, ત્યારે મેં તેને કહ્યું:

"એમ સિક્કા મારી સામે ફેંકવાથી કંઈ વળવાનું નથી."

ઝપાટો અણધાર્યો હતો, ગુમાસ્તો તેને માટે તૈયાર નહોતો. તેનું મોં લાલ થઈ ગયું અને તેણે બરાડો પાડયો:

"મને શીખવવાની હિંમત જ કેવી રીતે થાય છે તને! મને ખબર છે કે હું શું કરું છું!" પણ પછી તરત તેણે ઉમેર્યું: "હું જાણીજોઈને એમ કરું છું એવું માની લેવાનું શું કારણ છે? સિક્કા તો એમ જ ક્યારેક નીચે વેરાઈ જતા હોય છે."

તેણે મને દુકાનમાં પુસ્તકો વાંચવાની મનાઈ કરી દીધી અને કહ્યું:

"તારા જેવાને ચોપડીઓ વાંચવાનું ઠીક નથી. કે પછી તારો ઇરાદો ધરમનો મોટો પંડિત બનવાનો છે, હેં? મફતિયો ક્યાંનો!"

તેણે મને સિક્કાની ચોરીમાં પકડી પાડવાની કોશિશો ચાલુ રાખી, અને મને ખાતરી થઈ ગઈ કે હું ભોંયપટ વાળીને સાફ કરતો હોઉં ત્યારે વીસ કોપેકનો કોઈ સિક્કો દડતો જઈને તિરાડમાં ભરાઈ જાય તો તે મારી ઉપર ચોરીનું તહોમત મૂકવાનો જ. મેં તેને ફરી સમજાવ્યો કે મારી જોડે એવો

ખેલવાનું મૂકી દેવું, પણ એ જ દિવસે હું પીઠામાંથી ઊકળતું પાણી કીટલીમાં લઈને પાછો આવ્યો ત્યારે પાડોશીની દુકાનના ગુમાસ્તા જોડે તેની વાતચીત મારે કાને પડી ગઈ:

"એને લલચાવીને પ્રાર્થનાની ચોપડીની ચોરી કરાવી દે... થોડા વખતમાં નવો માલ આવવાનો છે... ત્રણ પેટી ભરીને."

હું સમજી ગયો કે વાત મારે વિશે જ થઈ રહી છે કેમ કે હું દાખલ થયો ત્યારે બેઉ જણ અકળામણમાં અટવાઈ ગયા.

પાડોશીનો ગુમાસ્તો ખંધી આંખોવાળો દૂબળો સુકલકડી જીવડો હતો. તેને ક્યારેક ક્યારેક જ કામે રાખવામાં આવતો કેમ કે તેનામાં મોટી ખોડ હતી, તે સારો મદદનીશ ગણાતો હતો પણ દારૂની લતે ચડી ગયેલો હતો. તે જ્યારે દારૂની મોજ માણવા ઊપડી જાય ત્યારે માલિક તેને બરતરફ કરી દેતો, અને થોડા વખત પછી વળી કામે રાખી લેતો. તે બહારથી ડાહ્યોડમરો અને માલિકની જરાક સરખીયે મરજી પૂરી કરવા તૈયાર દેખાતો, પણ તેના મોંને ખૂણે હંમેશાં પતરાજિયો મલકાટ રમતો રહેતો, અને તેને ચોટદાર ટીકાટકોર કરવાનું બહુ ગમતું. તેના દાંત ધોળા આને મજબૂત હોવા છતાં, રોગિયલ દાંતવાળા માણસના શ્વાસમાંથી જેવી ગંધ આવે એવી ગંધ તેના શ્વાસમાંથી આવતી. તે અમારા ગુમાસ્તા જોડે મળીને મારી વિરુદ્ધ કારસ્તાન કરતો હોવાની મારી શંકાનું વધારાનું કારણ મને તેની બાબતમાં થોડા વખત પહેલાં થયેલા અનુભવનું હતું.

એક દિવસે તે હેતાળ મલકાટ કરતો મારી નજીક આવ્યો અને પછી તેણે અચાનક જ મારી ટોપી હેઠે પાડી દઈને મારા વાળ પકડી લીધા. અમે મારામારી કરવા લાગ્યા. તે મને પરસાળમાંથી ધકેલતો દુકાનમાં લઈ ગયો અને ત્યાં ભોંયપટ ઉપર ગોઠવેલાં કેટલાંક મોટાં દેવચિત્રો ઉપર હડસેલવા લાગ્યો. તે કામયાબ થઈ ગયો હોત તો બેશક કાચ તૂટી ગયા હોત, નકશી બટકી ગઈ હોત, અને મોંઘાં ચિત્રોને હાનિ પહોંચી હોત. પણ તેનામાં જોર બહુ ઓછું હતું એટલે મેં તેને સહેલાઈથી હંફાવી દીધો, અને પછી તો મને ભારે અચરજમાં નાખી દેતી વાત બની, દાઢીવાળો આદમી ભોંયપટ ઉપર બેઠોબેઠો જખમી નાકને પંપાળતો સખત રડવા લાગ્યો.

બીજે દિવસે સવારે અમારા બેઉના માલિકો બહાર ગયેલા અને અમે એકલા હતા ત્યારે તેણે નાકની દાંડી ઉપર અને એક આંખ નીચે ચડી ગયેલા સોજાને પંપાળતાં સલૂકાઈથી મને કહ્યું:

"તું શું એમ ધારે છે કે હું મારી મરજીથી તારી જોડે બાખડી પડેલો? હું કાંઈ ગધેડો નથી. મને ખબર હતી કે તું મને પહોંચી જવાનો. હું તો દૂબળોપાતળો છું અને પાછો દારૂ ઢીંચતો રહું છું. માલિકે હુકમ આપેલો, કહેલું કે 'પેલાને ઢીબી નાખ, એ લોકોની દુકાનમાં એના હાથે બને એટલી બરબાદી કરાવી દે, એટલે એ લોકોને સારી પેઠે નુકસાન વેઠવું પડે.' મારી બાબતમાં તને કહી દઉં કે હું આપમરજીએ એવું ક્યારેય કરું જ નહિ. જો તો ખરો, મારું ડાચું કેવું કરી નાખ્યું છે તેં!.."

હું વાત માની લઈને તેની દયા ખાવા લાગ્યો. મને ખબર હતી કે તે અરધા ભૂખમરાની જિંદગી જીવતો હતો, અને જેની ભેગો રહેતો હતો એ ઓરત તેને મારપીટ કરતી રહેતી. છતાં મેં તેને સવાલ કર્યો:

"તને હુકમ થાય કે ફલાણાને ઝેર ખવડાવી દે, તો તું ખવડાવી દેવાનો?"

"મારો માલિક એમ કરાવીને જ રહે એવો છે, એ તો... બધુંય કરાવી શકે," આદમીએ દયાજનક મલકાટ કરતાં હળવા અવાજે જવાબ આપ્યો.

વળી એક વાર તેણે મને કહ્યું:

"મારા નામે એક કોપેક પણ બાકી નથી, ઘરમાં આવાનું નથી, ઓરત મારો જીવ ખાઈ જાય છે. તું તારી વખારમાંથી એક દેવચિત્ર ચોરીને મને આપે તો હું વેચી આવું. મારે ખાતર એટલું કરશે? કે પછી પ્રાર્થનાની ચોપડી?"

મને બૂટની દુકાન અને દેવળના ચોકીદારનો કિસ્સો યાદ આવી ગયો, અને મનમાં થયું કે આ માણસ જરૂર જઈને ચાડી ખાવાનો, પણ મારું હૈયું તેને નકારી કાઢવા તૈયાર નહોતું થતું. મેં તેને દેવચિત્ર લાવી આપ્યું. કોણ જાણે કેમ પણ કેટલાય રૂબલની કિંમતની પ્રાર્થનાપોથી ચોરવાનું કામ મને ભારે મોટા ગુના જેવું લાગ્યું. હા, વાત અજબ લાગે એવી છે પણ આપણી બધી નીતિરીતિઓ વેપારી ગણતરીના રંગે રંગાયેલી છે. ભોળપણભરી પવિત્રતાના આવરણમાં ઢંકાયેલા આપણા ફોજદારી કાયદાકાનૂનો એ નાનકડા રહસ્યને ઉઘાડું પાડી દે છે, અને ખાનગી મિલકતનું મોટું જબ્બર દૂષણ તેની પાછળ લપાઈને પડેલું છે.

અમારો ગુમાસ્તો એ દયાજનક આદમીને પટાવતો હતો કે તે મને લલચાવીને મારે હાથે પ્રાર્થનાપોથીની ચોરી કરાવે, અને તેની વાત મારા કાને પડી ગઈ, ત્યારે મને પેલી દેવચિત્રની ચોરી યાદ આવી ગઈ અને

હું ગભરાઈ ગયો. વાત સાફ હતી કે અમારા ગુમાસ્તાના ભોગે મેં બતાવેલી ઉદારતાની તેને ખબર હતી, બીજા શબ્દોમાં કહીએ તો પાડોશીના ગુમાસ્તાએ ચાડી ખાધી હતી.

બીજાને ભોગે બતાવવામાં આવતી દરિયાદિલીમાં સમાયેલી તુચ્છતા અને એ લોકોના કારસ્તાનમાં સમાયેલી પામરતા જોઈને મને ખીજ ચડી અને મારી પોતાની તરફ તેમ જ બીજા સૌની તરફ ઘૃણા થઈ. નવી પ્રાર્થનાપોથીઓ આવી ત્યાં સુધી હું યાતનાઓ સહેતો રહ્યો. આખરે માલ આવી ગયો. હું વખારમાં પેટીઓ ખોલતો હતો એટલામાં પાડોશીનો ગુમાસ્તો આવ્યો અને તેણે એક ચોપડી માગી.

"તેં દેવચિત્રની વાત માલિકને કહી દીધેલી?" મેં તેને સવાલ કર્યો.

"હા," તેણે રાંકની જેમ એકરાર કરી લીધો. "કંઈ છાનું રાખવાનું મારાથી બનતું જ નથી, ભાઈ!.."

હું આભો બની ગયો અને ભોંયપટ ઉપર બેસી જઈને તેને તાકી રહ્યો. તે કશુંક ઝટપટ ગણગણી રહ્યો હતો. તેની સૂરત બેચેનીમાં અટવાઈ ગયેલી અને તદ્દન દયાજનક લાગતી હતી.

"તારા માલિકે અટકળ કરી લીધી, અથવા સમજો કે મારા માલિકે અટકળ કરી લીધી અને તારા માલિકને વાત કરી..."

મને લાગ્યું કે મારું આવી બન્યું છે, આ લોકોએ મને ફાંસલામાં સપડાવી લીધો છે, અને તેઓ હવે મને ચોક્કસ સગીર ગુનેગારોની જેલ ભેગો કરી દેવાના. એમ જ થવાનું હોય તો પછી બીજી કોઈ વાતની ફિકર રાખવી નકામી છે. ડૂબવાનું છે તો ઊંડા પાણીમાં ડૂબું! મેં એક પ્રાર્થનાપોથી ગુમાસ્તાના હાથમાં પકડાવી દીધી. તે ચોપડીને કોટમાં સંતાડીને ચાલ્યો ગયો, પણ થોડીક જ વારમાં પાછો આવ્યો અને ચોપડી મારા પગ પાસે પડી.

"મારાથી લેવાય નહિ! તું મને બરબાદ કરી નાખવાનો!" તેણે કહ્યું, અને પછી ઉતાવળો ચાલ્યો ગયો.

મને તેની વાતનો મતલબ સમજાયો નહિ. હું તેને કેવી રીતે બરબાદ કરી નાખવાનો હતો? પણ તેણે ચોપડી લીધી નહિ એથી મને બહુ ખુશી થઈ. ત્યાર પછી અમારો નાનકડો ગુમાસ્તો મારી તરફ અગાઉ કરતાંયે વધારે અદાવતી અને શંકાભર્યું વલણ રાખવા લાગ્યો.

લારીઓનિચ દાદરો ચડતો હતો ત્યારે મને એ બધું યાદ આવી ગયું.

તે થોડી વારમાં પાછો આવ્યો ત્યારે રોજના કરતાં વધારે ગમગીન અને વધારે શાંત હતો. વાળુ પહેલાં અમે બન્ને એકલા હતા ત્યારે તેણે મને કહ્યું:

"મેં તને બજારની દુકાનના કામથી છૂટો કરાવવાની અને અહીંયાં કારીગરો મથકમાં જ રખાવવાની કોશિશ કરી, પણ કંઈ વળ્યું નહિ. કુઝ્મા તૈયાર નથી, એને તારી ઉપર ભયંકર ખાર છે..."

એ ઘરમાં મારે માથે બીજા એક દુશ્મનની આફત પણ હતી... ગુમાસ્તાની મંગેતર, નખરાળી જુવાન છોકરી. કારીગરી મથકમાં બધાય જુવાનિયાઓ તેની જોડે મસ્તીમજાક કરતા, પરસાળમાં વાટ જોઈને ઊભા રહેતા અને તે આવે એટલે છેડતા. તે નારાજ ન થતી, ખાલી ગલૂડિયાની જેમ હળવી ચીસો પાડતી. તેનાં ખીસાંમાં હંમેશાં બિસકિટ અને ખાટીમીઠી ઠસોઠસ ભરેલાં રહેતાં, અને તે સવારથી રાત સુધી ચાવતી રહેતી. આમતેમ નજર નાખતી રહેતી રાખોડી આંખોવાળો તેનો ફિક્કો ચહેરો અળખામણો લાગતો. તે મને અને પાવેલને કાયમ એવાં ઉખાણાં પૂછતી રહેતી કે જેના જવાબમાં લંપટતાની છાંટ હોય, અથવા જીભને વળ ચડાવી દેતા અટપટા એવા અક્ષરો કહી સંભળાવતી કે જેને ભેગા ગોઠવી દેવાથી ગલીચ શબ્દો બને.

એક વાર કોઈ મોટેરા ચિત્રકારે તેને કહ્યું:

"બેશરમ છોકરી છો તું!"

તેણે મોજમાં જવાબ દેતાં કોઈ ગંદા રંગીલા ગીતની કડી કહી સંભળાવી:

> કોઈ બાળા નમણી, ડૂબી શરમમાં જાય,
> પડતી એને મૂકે, જુવાનો આગળ જાય...

મેં એવી છોકરી અગાઉ ક્યારેય નહોતી જોઈ. મને તે ધૃણાસ્પદ લાગતી, અને તેનાં અણઘડ નખરાં જોઈને હું ગભરાઈ જતો. હું તેનાં નખરાંને ધુતકારી કાઢતો એટલે તે વધારે હઠીલી બની ગઈ.

એક દિવસે હું અને પાવેલ ભંડકિયામાં તેને અથાણાંની બરણીઓ વરાળ વડે સાફ કરવામાં મદદ કરતા હતા ત્યારે તેણે અમને કહ્યું:

"જુવાનિયાઓ, ચૂમી ભરતાં શીખવું તમને?"

"તારા કરતાં બહેતર આવડે છે મને," પાવેલે જરાક હસીને જવાબ આપ્યો, પણ મેં તેને ઝાઝા વિનયવિવેક વગર પરખાવી દીધું કે જેને પરણવાની છો એ જુવાનને જઈને ચૂમી ભર. તે ગુસ્સે ભરાઈ ગઈ.

"અરે રોંચા! છોકરી સામે ચાલીને તને ખુશ કરવા જાય, અને બદલો આવો મળે! તું નાક ચડાવી દે! એમ ને?"

પછી તેણે આંગળી હલાવતાં ઉમેર્યું:

"જોઈ લેજે ને, બતાવી દઈશ તને! ભૂલવાની નથી હું!"

પાવેલ મને ટેકો આપતો બોલ્યો:

"પેલા તારા જુવાનને તારાં નખરાંની ખબર પડશે તો વલે કરી નાખશે તારી!"

તેણે ખીલિયું મોઢું પતરાજીમાં સંકોડી દીધું.

"મને એની બીક નથી! કરિયાવર એટલો છે કે કોડીબંધ ધણીઓ મળે, અને પાછા એનાથી બહુ ચડિયાતા! છોકરીને મોજ માણવાના મોકા તો લગનના દિવસ સુધી જ મળે!"

પછી તે પાવેલની જોડે નખરાંબાજી કરવા લાગી, અને એ દિવસથી તેણે મારી કૂથલી શરૂ કરી દીધી.

બજારની દુકાનમાં કામ કરવામાં મને વધારે ને વધારે ત્રાસ થતો હતો. મેં બધાં ધાર્મિક પુસ્તકો વાંચી લીધાં હતાં, અને લગાતાર એકની એક વાતને દોહરાવતી રહેતી મતવાદીઓની દલીલોથી હું કંટાળી ગયો હતો. મારે હવે એક જ ખેંચાણ બાકી રહ્યું હતું, પ્યોતર વસીલ્યેવનું. તેને માનવ જીવનનાં અંધારઘેરાં વહેણોની જાણકારી હતી, વળી તે બહુ દિલચસ્પ અને જુસ્સાદાર રીતે વિચારોને વ્યક્ત કરવાની શક્તિ ધરાવતો હતો. ક્યારેક હું તરંગમાં સરી પડતો કે પયગંબર ઈલીજાહ પણ તેની જેમ જ વેરની આગ દિલમાં લઈને એકલવાયો જગતમાં ભટકતો રહ્યો હશે.

પરંતુ જ્યારે જ્યારે હું લોકો વિશેના મારા વિચારો કે નિરીક્ષણો બુઢ્ઢાને જણાવું ત્યારે તે ઉત્સુકતાથી સાંભળતો પણ પછી બધું ગુમાસ્તાને કહી દેતો, અને ગુમાસ્તો કાં તો મારી ઝાટકણી કાઢતો અથવા ઠેકડી કરતો.

એક દિવસે મેં ઘરડા આદમીને જણાવ્યું કે હું કાવ્યોની નકલો તથા પુસ્તકોનાં અવતરણોની મારી નોટબુકમાં તેના શબ્દો ક્યારેક ક્યારેક ટપકાવી લઉં છું. તે ગભરાઈ ગયો અને તરત મારી તરફ નમીને ફિકરમાં મને સવાલો પૂછવા લાગ્યો:

"શું કામ એમ કરે છે? એ તો ઠીક ન ગણાય, ભાઈ મારા! યાદ રાખવા? ના, ના, એવું કંઈ ન કરાય. ખરો નાનકો પાજી છો તું! પણ બધી યાદીઓ મને આપી દે, આપીશ ને, હેં?"

નોટબુક તેને આપી દેવાની, અથવા ઓછામાં ઓછું તેને બાળી નાખવાની, માગણી તે લાંબા વખત સુધી લગાતાર કરતો રહ્યો, અને પછી ઉત્તેજિત થઈને ગુમાસ્તાની જોડે ગુસપુસ કરવા લાગ્યો.

અમે ઘેર જતા હતા ત્યારે ગુમાસ્તાએ મને કહ્યું:

"લાગે છે કે તું કશીક યાદીઓ નોટબુકમાં લખી રાખે છે. એવા ધંધા પડતા મૂકી દેજે, સમજ્યો ને? ખાલી છૂપી પોલીસના માણસો જ એવું કરે, બીજા કોઈ નહિ!"

"તો પછી સીતાનોવનું શું? એ પણ લખી રાખે છે યાદીઓ," મારાથી ગાફેલીમાં બોલાઈ ગયું.

"એમ કે? લાંબો તાડ ક્યાંનો! મૂરખ!"

કેટલીય વાર સુધી ચુપ રહીને પછી તેણે ટેવથી સાવ ઊલટી રીતે નરમાશ બતાવતાં મને કહ્યું:

"સાંભળ, તારી નોટબુક મને બતાવજે અને સીતાનોવનીયે અરધો રૂબલ આપીશ. પણ કામ ગુપચુપ કરી લેવાનું, સીતાનોવને ખબર ન પડે એવી રીતે."

પછી તે ટૂંકા પગનાં ડગલાં ઉતાવળાં ભરતો જતો રહ્યો એટલે તેને ખાતરી હોય એમ લાગતું હતું કે હું તેની માગણી પૂરી કરવાનો જ.

ઘેર પહોંચતાં જ મેં ગુમાસ્તાની માગણીની વાત સિતાનોવને કરી. તેનાં ભવાં ઊંચાં થઈ ગયાં.

"તેં શું કામ કહ્યું એને? હવે કોઈની મારફત આપણી નોટબુકો, તારી ને મારી, ચોરાવી લેવાનો, વાલ, તારી નોટબુક મને આપી દે, હું ક્યાંક સંતાડી દઈશ. તને તો હવે થોડા વખતમાં પાણીચું પકડાવી દેવાનો, જોઈ લેજે!"

મને તેમાં શંકા નહોતી. મેં ફેંસલો કરી લીધો કે નાનીમા શહેરમાં આવે કે તરત કામ મૂકી દેવું. તેણે આખો શિયાળો બાલાખ્નામાં ગાળ્યો હતો, કોઈએ પોતાની દીકરીઓને લેસની કારીગરી શીખવવા બોલાવેલી. નાના ફરી કુનાવિનોમાં રહેતા હતા. હું તેમને મળવા ક્યારેય નહોતો ગયો, અને તે પણ કોઈ વાર શહેરમાં આવે ત્યારે મને મળવા ન આવતા. એક વાર મને રસ્તે ભેટી ગયા, રકુન જનાવરની ખાલનો મોટો જબ્બર કોટ પહેરીને પાદરી જેવી ગંભીર અને ભારેખમ અદામાં ચાલતા જઈ રહ્યા

હતા. મેં દુવાસલામ કર્યા ત્યારે તે સરખી રીતે જોવા એક હાથ ઊંચો કરીને કપાળે ગોઠવતા શૂન્યમનસ્ક અવાજે બોલ્યા:

"અરે, તું છો! હા, હા, તું તો દેવનાં ચિત્રો બનાવતો કારીગર થઈ ગયો છો ને? ઠીક, જા હવે, જા હવે!"

પછી મને આઘો હડસેલીને કાયમ જેવી જ ગંભીર અને ભારેખમ અદામાં ડગલાં ભરતા પોતાને રસ્તે ચાલ્યા ગયા.

એ દિવસોમાં મને નાનીમા જવલ્લે જ જોવા મળતી. તે અણથંભ કામ કરીને નાનાનું ભરણપોષણ કરતી અને દીકરાઓનાં બાળકોને મદદ કરતી. ઉંમર વધતાં નાનાનું મગજ ઢીલું પડી ગયું હતું. નાનીમાને મિખાઈલના સાશાની ખાસ ફિકર રહેતી. એ દેખાવડો જુવાન સ્વપ્નોની દુનિયામાં જીવતો અને વાંચવાનો શોખીન હતો. તે રંગવાના ધંધામાં નોકરી કરતો, વારંવાર માલિક બદલતો રહેતો, વચમાં બેકાર હોય ત્યારે નાનીમાને માથે બોજો બનીને રહેતો, અને નાનીમા નવી નોકરી ગોતી આપે ત્યાં સુધી વાટ જોતો નિરાંતે બેઠો રહેતો. વળી સાશાની બહેન પણ જરાય ઓછો બોજો નહોતી લાદતી. તે દારૂડિયા કામદારની જોડે પરણીને કમનસીબીમાં અટવાઈ ગઈ હતી. તેનો ધણી તેને વારંવાર મારતો અને ઘરમાંથી કાઢી મૂકતો.

હું જ્યારે જ્યારે નાનીમાને મળું ત્યારે તેના મનની સુંદરતા જોઈને મારો અહોભાવ વધી જતો, પરંતુ મને ખ્યાલ આવી ગયો હતો કે અદ્ભુત મન પરીકથાઓની દુનિયામાં જીવતું હતું, એ દુનિયા તેને આસપાસની કારમી વાસ્તવિકતાના સંબંધમાં આંધળી બનાવી દેતી. મને જકડી લેતી બીક અને ચિંતા તેને કોઈ રીતે આંબી શકતી જ નહિ.

"બધુંય સહી લેવાનું, આલ્યોશા!"

હું જિંદગીની કુરૂપતા અને ગમગીનીનું, લોકોની હાડમારીઓનું, જેનો હું ઝનૂની વિરોધ કરતો હતો એ દરેક બાબતનું, બયાન કરું ત્યારે તે જવાબમાં બસ એટલું જ કહેતી.

હું બધું સહી લેનારી માટીનો બનેલો નથી, પણ ઢોરઢાંખર, લાકડાં, અને પથ્થરનો એ સદ્ગુણ ક્યારેક પ્રદર્શિત કરતો હોઉં તો ખાલી મારી કસોટી કરી લેવા, જેના આધારે હું ધરતી ઉપર મક્કમ ખડો રહું છું એ મારી તાકાત અને અડગતાને અજમાવી જોવા. જુવાન લોકો કોઈ વાર કાચી બુદ્ધિના ભોળપણને લીધે અથવા મોટેરાંની શક્તિની ઈર્ષાને લીધે વધારે

પડતું વજન ઉપાડવાની કોશિશ કરતા હોય છે, ક્યારેક સફળ પણ થઈ જતા હોય છે, અને એ રીતે પોતાનાં હાડકાં તથા સ્નાયુઓની ઉપર બેહદ બોજો લાદી દેતા હોય છે. તેઓ પોતાના મિથ્યાભિમાનના જોશમાં અનુભવી પહેલવાનોની જેમ બે મણ વજન ઉપાડીને ક્રૉસની નિશાની કરવાની મહેનત માથે લેતા હોય છે.

મેં પણ એમ કરેલું, શાબ્દિક અર્થમાં અને સાંકેતિક અર્થમાં એમ કરેલું, શારીરિક રીતે અને માનસિક રીતે એમ કરેલું, અને માત્ર મારા સારા નસીબને કારણે જ હું જીવલેણ જખમોનો ભોગ થતો અથવા જિંદગીભર અપંગ બની જતો બચી ગયો. બધું સહી લેવાની વૃત્તિ, સંજોગોનાં પરિબળોને રાંકની જેમ તાબે થઈ જવાની વૃત્તિ, માણસને જેવી ખોફનાક અપંગતાની હાલતમાં ધકેલી દે છે એવી હાલતમાં બીજી કોઈ બાબત નથી ધકેલતી.

અને જો હું અંતમાં અપંગ બનીને ધરતી માતાને ખોળે જાઉં તો ગર્વની લાગણીથી ઓછામાં ઓછું એટલું તો કહી શકું કે મારા આત્માને મચડી નાખવાની સદ્ભાવી લોકોની હઠીલી કોશિશોની સામે હું લગભગ ચાળીસ વરસ સુધી અણનમ ખડો રહ્યો છું.

આનંદવિનોદ કરવાની, લોકોનાં મન બહલાવવાની, અને તેમને હસાવવાની અદમ્ય તાલાવેલી વધારે ને વધારે વાર મને પકડમાં લઈ લેતી હતી. અને હું તેમાં કામયાબ પણ થતો હતો. મારામાં નીચલા બજારના વેપારીઓનો આબેહૂબ ચિતાર આપવાની અને તેમની નકલ કરવાની ફાવટ આવી ગઈ હતી. હું બરાબર નકલ કરીને બતાવતો કે ગામોનાં નરનારી કેવી રીતે દેવચિત્રો ખરીદતાં અને વેચતાં, ગુમાસ્તો કેવી ચાલાકીથી તેમને છેતરતો, અને મતવાદીઓ કેવી રીતે પાર વગરની દલીલો કરતા રહેતા.

કારીગરી મથકના માણસો ખડખડાટ હસી પડતા, ઘણી વાર પીંછીઓ બાજુએ મૂકી દઈને મારો ખેલ જોવામાં તલ્લીન થઈ જતા, પણ ખેલ પૂરો થઈ જાય ત્યારે લારીઓનિચ કહેતો:

"તારા તમાશા વાળુ પછી કરવાનું રાખ તો સારું, કામમાં ખલેલ ન પડે."

એવા "ખેલ" પછી મને હંમેશાં રાહતની લાગણી થતી, જાણે કેમ મેં માથેથી મોટો બોજો ફગાવી દીધો હોય. એકબે કલાક મારું માથું જાણે

ઈશ્વરની કૃપાથી ખાલી રહેતું, પણ પછી તેમાં ફરી નાનકડી અણીદાર ખીલીઓ ભરાઈ જતી અને ભોંકાઈને અણગમો ઉપજાવતી.

મારી આસપાસ બધે જાણે બગડી ગયેલી થૂલી ઊકળતી રહેતી અને હું તેમાં ધીરેધીરે બફાતો હોઉં એમ મને લાગતું.

"એમ બને ખરું કે મારી આખી જિંદગી આવી રીતે જ વીતી જાય? હું શું આ લોકોની જેમ જ જિંદગી ગુજારતો રહેવાનો? આનાથી બહેતર કશું ક્યારેય જાણ્યા કે જોયા વગર જ?" મારા મનમાં એવા વિચારો ઘોળાવા લાગતા.

"મક્સીમિચ, તારો સ્વભાવ ઘુરકણો થઈ ગયો છે," જીખારેવે એકીટસે મને તાકી રહેતાં કહ્યું.

"તને થયું છે શું?" સીતાનોવ ઘણી વાર પૂછતો.

મને સમજાતું જ નહિ કે જવાબમાં શું કહેવું.

જિંદગીએ મારા દિલમાંથી ખુદ પોતાનાં જ સર્વોત્તમ આલેખનો તોછડી હઠીલાઈથી ભૂંસી નાખ્યા, અને ખારમાં તેમની જગ્યાએ કશી કિંમત વગરનાં ચિતરામણો ગોઠવી દીધાં. મેં ખીજે ભરાઈને અને અડગ રહીને તેના જુલમનો સામનો કર્યો. હું એકની એક નદીમાં બીજા સૌની ભેગો તરતો આગળ સરકતો હતો, પણ મને પાણી વધારે ટાઢું અને ઓછું જોમબક્ષ લાગતું હતું, ક્યારેક તો હું જાણે ડૂબીને તળિયે જતો હોઉં એવી લાગણી થતી હતી.

પરંતુ લોકો મારી જોડે બહેતર વર્તન કરવા લાગ્યા. તેઓ જેવી રીતે પાવેલને ધમકાવતા એવી રીતે મને ન ધમકાવતા, આડેધડ હુકમો પણ ન કરતા, અને મારી તરફ આદરની લાગણી ખાસ બતાવી આપવા મને મારા બાપુના નામ ઉપરથી પડતા નામે બોલાવતા. એ બધું તો બહુ ગમે એવું હતું, પણ ઘણાબધા લોકોને વોદકા ઢીંચતા જોઈને, નશામાં ચકચૂર હોય ત્યારે તેમની ઘૃણાસ્પદ દશા જોઈને, અને ઓરતોની સાથે તેમના રોગિયલ સંબંધો જોઈને મને દિલમાં બહુ પીડા થતી, હું સમજતો હતો કે તેમની જિંદગી તેમને મન બહલાવવાના મોકા ખાલી શરાબ અને ઓરતના રૂપમાં જ આપતી હતી, તેમ છતાં મારું હૈયું પીડાતું રહેતું.

મેં ગમગીન મનમાં યાદ તાજી કરી કે નાતાલ્યા કોઝલોવ્સ્કાયાએ પણ, શાણી અને હિંમતવાન સ્ત્રીએ પણ, ઓરતોને ખાલી મન બહલાવવાનું સાધન જ ગણી કાઢી હતી.

તો પછી નાનીમાનું શું? અને રાણી માર્ગોનું શું?

મેં રાણી માર્ગોને અહોભાવથી યાદ કરી. તે બીજા સર્વકંઈથી એટલી બધી નિરાળી હતી કે મેં જાણે સ્વપ્નમાં નીરખી હોય એવી લાગતી હતી.

હું સ્ત્રીઓ વિશે બહુ વધારે વિચારવા લાગ્યો, બીજા માણસો જ્યાં મોજ માણવા જતા હતા ત્યાં મારો આગલો દિવસ ગાળવાની શક્યતાના ખ્યાલો મારા મનમાં ઘોળાવા લાગ્યા. તેમાં મારી દૈહિક વાસના કારણભૂત નહોતી. હું તંદુરસ્ત હતો અને મારી રુચિઓને વળગી રહેવાનું વલણ રાખતો. પણ ક્યારેક ક્યારેક મને કોઈ હેતાળ અને મારી લાગણીઓને સમજી શકે એવી વ્યક્તિને, જેવી રીતે માની સામે મનની પીડા ઠાલવી શકાય એમ જેની સામે મારા હૈયાની વેદનાઓ રેડી દઈ શકું એવી વ્યક્તિને, ભેટવાનો કારમો તલસાટ થતો.

મને પાવેલની ઈર્ષા આવતી, એક વાર રાતે અમે જોડાજોડ સૂતા હતા ત્યારે તેણે શેરીની સામી બાજુની નોકરાણી સાથે તેના પ્રેમકિસ્સાની વાત કરી.

"જરાક વિચાર કર, ભાઈ! એક મહિના પહેલાં હું એને હિમદડા મારતો હતો, મને કશા કામની નહોતી લાગતી. પણ હવે બાંકડે મને અડીને બેઠી હોય ત્યારે... એમ કે એના જેવું બીજું કોઈ દુનિયામાં છે જ નહિ નહિ..."

"એની જોડે શાની વાતો કરે છે?"

"અલકમલકની બધીયે વાતો કરીએ, એ મને પોતાની વાત કરે ને હું એને મારી વાત કરું, પછી અમે ચૂમી ભરીએ... પણ ખરી ચોખલી છે!.. તને ખ્યાલ જ ન આવે કે કેવી મઝાની છે!.. અરે, તું તો એંજિનની જેમ ધુમાડા કાઢતો રહે છે!"

હું વધારે પડતી તમાકુ ફૂંકતો, તમાકુ મને કેફ ચડાવી દેતી, મનમાં ઘોળાતી ફિકરચિંતાઓને જાણે બોદી બનાવી દેતી. સારા નસીબે મને વોદકાના સ્વાદ અને ગંધથી સૂગ ચડતી, પણ પાવેલ બહુ પીતો. તેને નશો ચડયો હોય ત્યારે તે રોતલ અવાજે બોલતો રહેતો:

"મારે ઘેર જવું છે! મને ઘેર જવા દો!"

તે અનાથ હતો. તેનાં માબાપ લાંબા વખત પહેલાં ગુજરી ગયાં હતાં. તેને કોઈ ભાઈબહેન નહોતાં. આઠ વરસની ઉંમરથી તે અજાણ્યાં માણસો ભેગો રહેતો હતો.

વસંતના જોમને લીધે જોર પકડી ગયેલા ચિડિયલ અને બેચેન મિજાજની

હાલતમાં મેં ફરી વાર આગબોટનું કામ ગોતી કાઢવાનો ફેંસલો કર્યો. મને થયું કે આસ્ત્રાખાન પહોંચીને ત્યાંથી ઇરાન ચાલ્યો જાઉં.

મને યાદ નથી કે મેં ઇરાનની પસંદગી કેમ કરેલી, કારણ કદાચ એમ હોય કે નીઝની-નોવગોરોદના મેળામાં મારું મન ઇરાની વેપારીઓ તરફ બહુ ખેંચાયેલું. તેઓ તડકામાં બેઠાબેઠા ગરમાવો લેતા રહેતા અને હુક્કા ગડગડાવતા રહેતા, રંગેલી દાઢીઓ તથા મોટી કાળી બધુંયે જાણતી આંખોવાળી પથ્થરની મૂર્તિઓ જેવા.

ઘણું કરીને હું ખરેખર ચાલ્યો ગયો હોત, પણ બન્યું એવું કે ઈસ્ટરના તહેવારના અઠવાડિયા દરમિયાન કેટલાક ચિત્રકારો વતનના ગામે જતા રહ્યા હતા અને બાકીના દારૂની મોજ માણી રહ્યા હતા ત્યારે મને મારો જૂનો માલિક, નાનીમાનો ભાણેજ, ઓકા નદીને ઊંચે કાંઠે મેદાનમાં તડકામાં ફરતો ભેટી ગયો. તેણે રાખોડી રંગનો હળવો કોટ પહેર્યો હતો, હાથ પાટલૂનના ખીસામાં ભરાવી રાખ્યા હતા, દાંતમાં સિગરેટ દબાવેલી હતી, જાણે મોજમાં હોય એમ ટોપો માથે પાછળ સરકાવી દીધેલો હતો. હું નજીક ગયો એટલે તેણે દોસ્તીના ભાવે હોઠ મલકાવ્યા. તે ખુશાલ અને આઝાદીના આશક આદમી જેવી મનજીત અદામાં હતો. મેદાનમાં અમે એકલા જ હતા.

"અરે, પેશ્કોવ! ઈસુનો ઉદય!"

એકબીજાને ઈસ્ટરની બચીઓ ભરી લીધા પછી તેણે મારી હાલતની ખબર પૂછી અને મેં સાફ દિલે જવાબ દીધો કે કારીગર મથકથી અને શહેરથી અને સામાન્ય રીતે દરેક બાબતથી કંટાળી ગયો છું, અને ઇરાન ચાલ્યા જવાનો ફેંસલો કરી લીધો છે.

"ખ્યાલ પડતો મૂકી દે," તેણે ગંભીર અવાજે કહ્યું. "ઇરાન જાય દોજખમાં! હું સમજું છું, ભાઈ, તારા જેટલી ઉંમરે મનેય ભાગી જવાનું મન થતું હતું, શયતાનને ખબર ક્યાં!.."

શયતાનને આમતેમ ઉછાળવાની તેની જોમદાર રીત મને ગમી ગઈ. તેની અદામાં કશુંક મઝાનું અને વસંત જેવું હતું, તેનો આખો દેખાવ બહુ દમામદાર હતો.

"સિગરેટ?" તેણે જાડી સિગરેટો ભરેલી ચાંદીની ડબ્બી મારી સામે ધરતાં પૂછ્યું.

એથી હું જાણે પૂરેપૂરો જિતાઈ ગયો.

"સાંભળ, પેશ્કોવ, ફરી મારે ત્યાં કામે રહીશ? આ વરસે મેળામાં મેં

લગભગ ચાળીસ હજારના ઠેકા લીધા છે. તને મેળામાં જ રાખીશ, એક જાતના મુકાદમ તરીકે, તારે બાંધકામનો માલ આવે તે સંભાળી લેવાનો, જ્યાં જ્યાં જે જે વસ્તુઓની જરૂર પડે તે સરખી રીતે વખતસર પહોંચાડી દેવાની, અને ધ્યાન રાખવાનું કે મજૂરો ચોરી ન કરે. ફાવશે? પગાર... મહિને પાંચનો, અને રોજના પાંચ કોપેક ખાવાપીવાના. ઓરતોની જોડે કશી લેવાદેવા નહિ... સવારે નીકળી જવાનું, સાંજે પાછા આવી જવાનું, એમાં ક્યાંય ઓરતોની દખલ જ નહિ. પણ એમને કહેવું નહિ કે આપણે મળેલા. સેંટ થોમસના રવિવરે સીધો આપણે ઘેર પહોંચી જા! એમ વાત છે!"

અમે સરસ દોસ્તો તરીકે છૂટા પડયા. તે મારી જોડે હાથ મિલાવીને ચાલ્યો ગયો, અને દૂરથી ટોપો હલાવીને ફરી દુવાસલામ પણ કરતો ગયો.

મેં કારીગરોને જણાવ્યું કે જતો રહેવાનો છું. મોટા ભાગના માણસોએ દિલગીરી બતાવી, એથી મને બહુ સારું લાગ્યું. પાવેલને ખાસ બેચેની થઈ.

"ગામડિયાઓ ભેગો રહેવા અમને મૂકીને જતો રહેવાનો!" તે જાણે ઠપકો આપતો હોય એવી રીતે બોલ્યો. "સુથારો... કાગળ ટાંગનારાઓ... છી! આ તો બિશપ મટીને પાદરીનો ચાકર બની જવા જેવી વાત થઈ..."

જીખારેવ બબડયો:

"જેવી રીતે માછલી ઊંડાણને ગોતે એવી રીતે જુવાની આફતને ગોતે..."

કારીગરોએ મને આપેલી વિદાય સાવ નીરસ અને બેનૂર હતી.

"આ ને તે બધુંય બેશક અજમાવી જોવાનું હોય, પણ શરૂઆતમાં જ એક ઠેકાણું પકડી લઈને એને વળગી રહેવાનું બહેતર..." નશામાં ચકચૂર જીખારેવ બોલ્યો.

"કાયમને માટે," લારીઓનિચે શાંત અવાજે ઉમેર્યું:

પણ મને લાગ્યું કે એ લોકો જાણે મહેનત કરીને, ફરજ તરીકે, એવું બધું કહેતા હતા. અમને સાંકળતો દોરો સડી ગયો હતો અને એકાએક તૂટી ગયો હતો.

દારૂ ઢીંચીને ઉપલે પાટિયે લાંબો થઈ ગયેલો ગોગોલેવ પડખાં ફેરવતો ઘોઘરા અવાજે બબડયો:

"મને મરજી થાય તો તમને બધાયને જેલ ભેગા કરાવી દઉં! મને

એક ભેદની ખબર છે, તમે કોઈ ભગવાનમાં નથી માનતા! આ... હા... હા..."

ચહેરામહોરા વગરનાં અધૂરાં દેવચિત્રો હજી દીવાલને ટેકે પડયાં હતાં, કાચના ગોળાઓ છતને વળગી રહ્યા હતા. થોડા વખતથી અમે બત્તીઓના અજવાળા વગર કામ કરતા હતા, એટલે કાચના ગોળાઓ બિનજરૂરી બની ગયા હતા, તેમની ઉપર ધૂળ અને મેશના રાખોડી થર જામી ગયા હતા. બધું મારી યાદમાં એટલું ઊંડું અંકાઈ ગયું કે આજે પણ આંખો મીચી દેતાં જ એ અંધારો ઓરડો, ટેબલો, બારીની પાળ ઉપર રંગના ડબ્બાઓ, રંગવાની પીંછીઓનાં ઝૂમખાં, દેવચિત્રો, બંબાવાળાના લોખંડી ટોપાને મળતી આવતી પિત્તળની કથરોટ નીચે ગંદવાડની ડોલ, અને પાટિયાની કિનારીએથી નીચે લટકતો ગોગોલેવનો મડદા જેવો ભૂરો ઉઘાડો પગ મારી સામે તરવરવા લાગે છે.

મને તો જલદી રસ્તો પકડી લેવાનું બહુ મન હતું, પણ રૂસી લોકોને ગમની ઘડીઓ લંબાવવાનું બહુ ગમતું હોય છે, વિદાયના મેળાવડાઓ જાણે દફનની રીતસરની બંદગી જેવા બની જતા હોય છે.

જીખારેવે ભવા સંકોડીને મને કહ્યું:

"પેલી ચોપડી, «*The Demon*», તને પાછી આપવાનું તો નહિ બને, બદલામાં વીસ કોપેક આપવા તૈયાર છું!"

લેર્મોન્તોવનું પુસ્તક મૂકીને જતા રહેવાનું મુશ્કેલ હતું, ખાસ તો એ કારણે કે તે મને બંબાવાળાઓના ઘરડા ઉપરી પાસેથી ભેટ તરીકે મળેલું. પણ મેં જરાક ચીડમાં પૈસા લેવાની ના પાડી કે તરત જીખારેવે લહેરથી પૈસા પાછા બટવામાં મૂકી દીધા અને જરાય અકળામણ વગર જણાવી દીધું:

"તારી મરજીની વાત છે, પણ ચોપડી તો પાછી નહિ આપું. તારા કામની નથી, એવી ચોપડી ભેગી હોય તો ક્યાંક તું ચપટી વાગે એટલી વારમાં પરેશાનીમાં પડી જા!"

"પણ દુકાનોમાં વેચાય છે, મેં નજરે જોયું છે."

"એથી શું થયું? દુકાનોમાં તો બંદૂકો પણ વેચાય છે," તેણે ખાતરી થાય એવી રીતે જવાબ આપ્યો.

જીખારેવે ચોપડી પાછી ન આપી તે ન જ આપી.

હું વિધવા માલિકણની વિદાય લેવા ઉપર ગયો ત્યારે તેની ભાણી ઓસરીમાં મળી ગઈ.

"સાંભળ્યું છે કે તું કામ મૂકીને જાય છે અહીંથી..." તેણે કહ્યું.

"હા, સાચું છે."

"સારી વાત છે, નહિતર તને પાણીચું પકડાવી દીધું હોત," તે જવાબમાં બોલી. તેની બોલવાની રીતમાં વિનય જેવું બહુ નહોતું પણ નિખાલસતા તો પૂરી હતી.

દારૂના ઘેનમાં ડૂલ માલિકણે કહ્યું:

"ઠીક છે, આવજે! ભગવાન તારી રખેવાળી કરે! તું નઠારો છોકરો છો... બહુ ઉદ્ધત! તારામાં શું ખરાબ છે એ મને તો ક્યારેય જોવા નથી મળ્યું, પણ બધાંયનું કહેવું છે કે તું સાવ નકામો છો!"

એકાએક તે રડવા લાગી અને આંસુ વહાવતી બબડવા લાગી:

"મારો બિચારો ધણી જીવતો હોત ને... નેક જીવ હતો... એણે તારા કાન મરડયા હોત અને માથામાં ઢીંકો લગાવ્યો હોત, પણ તને અહીં જ રાખ્યો હોત, કાઢી ન મૂક્યો હોત! આજકાલ તો બધુંય સાવ બદલાઈ ગયું છે. કાંઈક ગોટાળો થાય કે તરત હકાલપટ્ટી! હે ભગવાન! તારું શું થશે, ભાઈ મારા!"

૧૬

વસંતમાં નદીના પૂરનું પાણી મેળાની જગ્યામાં ઇમારતોના પહેલા માળા સુધી ભરાઈ ગયું હતું. માલિક અને હું હોડીમાં બેસીને પથ્થરની ઇમારતો વચ્ચેની ગલીઓમાં થઈને જઈ રહ્યા હતા. હું હલેસાં મારતો હતો. માલિક પાછળના ભાગમાં બેઠોબેઠો હલેસાનો ઉપયોગ સુકાન તરીકે કરીને કઢંગી રીતે હોડીની દિશા સંભાળી રહ્યો હતો. શાંત, ડહોળા, અને જાણે ચિંતાઘેરા પાણીમાં હોડીનું નાળચું એક ગલીમાંથી બીજી ગલીમાં વળતું હતું.

"આ વરસે પાણી કેટલું ઊંચું ભરાઈ ગયું છે, શયતાન ભરખે એને! કામ બંધ રાખવું પડશે!" માલિક સિગાર સળગાવતો બબડયો. સિગારનો ધુમાડો બળતાં ચીંથરાં જેવી ગંધ છોડતો હતો.

"ધ્યાન રાખજે! સામે બત્તીનો થાંભલો છે!" તેણે ગભરાટમાં ઘાંટો પાડયો.

હોડીને સરખી રીતે વાળીને તે બોલ્યો:

"કેવી હોડી આપી છે, હરામજાદાઓ ક્યાંના!"

પાણી ઊતરી જાય એટલે દુકાનોની મરામત જ્યાં જ્યાં શરૂ કરવાની હતી એ જગ્યાઓ તેણે મને બતાવી. તે ઠેકેદાર જેવો નહોતો લાગતો, સરસ મઝાની દાઢી કરેલી હતી, મૂછોને કાતરીને સરખી કરેલી હતી, દાંત વચ્ચે સિગાર દબાવેલી હતી. તેણે ચામડાનો કોટ અને ગોઠણ સુધી ઊંચા બૂટ પહેર્યા હતા, ખભે શિકારનો થેલો લટકાવી રાખ્યો હતો, અને તેના પગ પાસે મોંઘી બેનાળી લેબેલ બંદૂક પડી હતી. તે બેચેનીમાં ચામડાની ટોપીને આંચકા મારીને આઘીપાછી કરતો હતો, ઘડીક આગળ ખેંચીને આંખો સુધી દબાવી દેતો હતો, હોઠ સંકોડી દેતો હતો, અને ચિંતાભરી નજરે આમતેમ તાકતો રહેતો હતો, ઘડીક ટોપીને માથે પાછળ ખસેડી દેતો હતો, એકાએક જુવાન દેખાવા લાગતો, અને કોઈ મનગમતા તરંગને ઘોડે ચડીને મૂછોમાં મલકાતો. એવી રીતે કારોબારથી વેગળો થઈને વિચારોના મોજા ઉપર હિલોળા લેતો તે કામના દબાણની અને પાણી ધીરેધીરે ઊતરતું હોવાથી મનમાં ઘોળાતી ચિંતાની કોઈ એંધાણી નહોતો વરતાવા દેતો.

અને મારું મન મૂંગી હેરતમાં ગરકાવ થઈને હતાશામાં સરી પડતું: રેલનો ભોગ બનેલા મૃત શહેરને અને બારીઓનાં ઠાલાં ચોકઠાવાળી ઇમારતોની કતારોને અમારી તરતી હોડી સામે સરકતાં જોતા રહેવાનું કેવું અજબ લાગતું હતું! આકાશ રાખોડી બની ગયું હતું. સૂરજ વાદળોના જાળામાં સપડાઈ ગયો હતો અને ક્યારેક ક્યારેક તેમાંથી ડોકિયું કરે ત્યારે મોટી રૂપેરી શિયાળુ તકતી જેવો લાગતો હતો.

પાણી પણ રાખોડી અને ટાઢું હતું અને વહેણ માંડમાંડ પરખાતું હતું. જળ જાણે જામીને ખાલી ઇમારતો અને હારબંધ મેલી-પીળી દુકાનોની જોડાજોડ નીંદરમાં પડી ગયું હોય એમ લાગતું હતું. ધોળાશ પડતો સૂરજ વાદળોમાંથી ડોકિયું કરે ત્યારે બધું ઝાંખો ઝગમગાટ કરવા લાગતું, પાણીમાં આસમાનના રાખોડી વણાટનું પ્રતિબિંબ પડતું, અને અમારી હોડી જાણે અધ્ધરે, બે આસમાનની વચ્ચે, લટકતી હોય એમ લાગતું હતું. પથ્થરની ઇમારતો પણ જાણે ઊંચી થઈને અકળ રીતે વોલ્ગા તથા ઓકા નદીઓ તરફ વહેતી હોય એવો આભાસ થતો હતો. તૂટેલાં પીપડાં, ખોખાં, ટોપલીઓ, લાકડાંના કકડા, અને ખડ પાણીની સપાટી ઉપર ઉછાળા મારતાં રહેતાં, અને સરકતાં લાકડાં તથા વાંસ મરેલા સાપ જેવાં લાગતાં હતાં.

ક્યાંક ક્યાંક બારીઓ ઉઘાડી હતી, દુકાનોની કતારની લંબાઈને આવરી

લેતી ચાલીના છાપરા ઉપર કપડાં સુકાતાં હતાં, નમદાના બૂટ કઠેરા વાટેથી બહાર નીકળી આવેલા નજરે પડતા હતા, એક બારીએ કોઈ ઓરત બેઠીબેઠી રાખોડી પાણીને તાકી રહી હતી, ચાલીના લોખંડી ટેકોની ટોચે એક હોડી બાંધેલી હતી, તેનાં રાતાં પડખાં પાણીમાં તેલિયાં ઘન પ્રતિબિંબ પાડતાં હતાં.

માલિકે જિંદગીની એવી નિશાનીઓ તરફ માથું હલાવતાં મને કહ્યું:

"મેળાનો ચોકીદાર ત્યાં રહે છે. બારી વાટેથી નીકળીને છાપરે ચડી જાય છે, હોડીમાં બેસીને હલેસાં મારતો ચોરોની તલાશ કરે છે. કોઈ ચોર ન મળે તો પોતે જ ચોરી કરે છે..."

તે જાણે ઢીલી ઉદાસીનતાથી બોલતો હતો, તેનું મન બીજી કોઈ બાબતમાં પરોવાયેલું લાગતું હતું. બધે નીરવતા અને શૂન્યતા છવાયેલી હતી, દેખાવ સ્વપ્ન જેવો અકલ્પનીય હતો. વોલ્ગા અને ઓકા નદીઓએ મળીને વિશાળ સરોવર બનાવી દીધું હતું. દૂર ઝાડીઝાંખરાવાળી ડુંગરી ઉપર ભભકદાર શહેર જાણે ગગનને આંબવા મથી રહ્યું હતું. તેમાં પથરાયેલાં ઘેરાં ફળો ફળોદ્યાનોમાં હજી ફળ નહોતાં આવ્યાં પરંતુ મોરનાં ઝૂમખાં ફૂલી રહ્યાં હતાં. વૃક્ષોએ જાણે ઘરો તથા દેવળોને હરિયાળીના જામામાં લપેટી લીધાં હોય એમ લાગતું હતું. ઈસ્ટરના તહેવારના રણકતા ઘંટનાદ પાણીની સપાટી ઉપરથી સરકી આવતા હતા. શહેરનો ગુંજારવ ક્યારેક કાને પડતો હતો, પરંતુ અહીંયાં તો છાંડી દેવામાં આવેલા દેવળના જેવો સૂનકાર છવાયેલો હતો.

અમારી હોડી વૃક્ષોની બે કતારો વચ્ચે વાંકીચૂકી માર્ગ કરતી જઈ રહી હતી, અમે જૂના દેવળના મોટા માર્ગે આગળ વધી રહ્યા હતા. માલિકની સિગારનો ધુમાડો વારંવાર તેની આંખોમાં ભરાઈ જતો હતો, હોડી ઘડીએ ઘડીએ કોઈ ને કોઈ ઝાડના થડ જોડે ટકરાઈ જતી હતી. આખરે તે અધીરો થઈને બોલી ઊઠયો:

"કાળમુખી છે આ હોડી!"

"દિશા સંભાળવાનું મૂકી દો!"

"કેવી રીતે મૂકી દઉં?" તે બબડયો. "હોડીમાં બે માણસ હોય તો એક હલેસાં મારે અને બીજો એને સરખે માર્ગે રાખે. પણે જો, ચીની કતાર..."

હું મેળાના તસુએ તસુ વિસ્તારનો જાણકાર હતો, અજબગજબનાં છાપરાંવાળી કતાર મને બહુ જાણીતી હતી, છાપરાંઓને ખૂણે ચીની માણસોનાં

પ્લાસ્ટરનાં પૂતળાં બેસાડેલાં હતાં, એક જમાનામાં હું અને મારા ભાઈબંધો તેમની ઉપર પથરા ફેંકતા, મેં પોતે જ કેટલાક ચીનાઓને માથાં અને હાથ વગરના કરી નાખ્યા હતા. પરંતુ હવે મને એ બાબતનો ગર્વ નહોતો રહ્યો...

"ઝૂંપડાં!" માલિક મકાનો તરફ આંગળી ચીંધતો બોલ્યો. "મને બાંધવા દીધાં હોત ને..."

તેણે સીટી વગાડી અને માથાની ટોપીને પાછળ ધકેલી.

પણ કોણ જાણે કેમ મને લાગ્યું કે તેણે પણ એવી જ નીરસ બાંધણી કરી હોત, અને એ જ જગ્યાએ મકાનો બાંધ્યાં હોત. જગ્યા નીચાણમાં હતી અને દર વરસે વસંતમાં બન્ને નદીઓનાં પાણી ત્યાં ભરાઈ જતાં. તેણે પણ ચીની કતાર જેવું જ બેડોળ કશુંક બાંધવાનો ખ્યાલ ઘડી કાઢયો હોત...

તેણે સિગાર હોડીના પાછલા ભાગમાંથી પાણીમાં ફગાવી દીધી, અને નફરતમાં તેની પાછળ થૂંકતો બોલ્યો:

"પેશ્કોવ, જિંદગીમાં કેટલો બધો કંટાળો છે! કેટલો બધો! ભણેલુંગણેલું કોઈ ન મળે, ભેગા બેસીને વાત કરવા જેવું કોઈ ન મળે! ક્યારેક થોડાંક બણગાં ફૂંકવાનું મન થાય, પણ કોની સામે ફૂંકવાં? છે કોઈ? નથી. ખાલી સુથારો, કડિયાઓ, ગામડિયાઓ, ચોરધુતારાઓ..."

ડુંગરીની તળેટીમાં ભરાઈ ગયેલા પાણીમાંથી જમણી તરફ બહાર નીકળી આવતી સોહામણી ધોળી મસીદ તરફ નજર નાખીને તે કોઈ ભુલાઈ ગયેલી વાતને જાણે યાદ કરતો હોય એવી રીતે આગળ બોલ્યો:

"મેં જર્મન માણસની જેમ બીયર પીવાનું અને સિગાર ફૂંકવાનું શરૂ કરી દીધું છે. જર્મનો કાબેલ વેપારીઓ હોય છે, ગાજતાં મરઘાં, કહેવું પડે! બીયર પીવામાં તો મોજથી વખત પસાર થઈ જાય, પણ સિગાર ફૂંકવાનું ફાવે એમ નથી લાગતું. ધુમાડા કાઢો એટલે ઘરવાળીની ફરિયાદો શરૂ થઈ જાય, સંભળાવે કે 'જીનગર જેવા ગંધાઓ છો કેમ?' અરે, ભાઈ, જિંદગીને જરાક મોજીલી બનાવવા શું શું કરવું પડે છે!.. લે, હવે તું જ સંભાળ આ હોડીને..."

હલેસાને હોડીના પાટિયાને ટેકે મૂકી દઈને તેણે બંદૂક હાથમાં લીધી અને છાપરાના એક પૂતળા ઉપર ગોળી છોડી. ચીનાને કશી ઈજા ન થઈ, ગોળી ખાલી છાપરા તથા દીવાલ ઉપરથી સરકતી અને ધૂળનો ગોટો ઉડાડતી સરકી ગઈ.

"નિશાન ચૂકી ગયો," તેણે બંદૂકમાં નવો કારતૂસ ભરતાં ઉદાસીન અવાજે એકરાર કર્યો.

"છોકરીઓની બાબતમાં તારું કેવું ચાલે છે? વ્રત ભાંગ્યું છે કે હજી નથી ભાંગ્યું? નહિ? હું તો તેર વરસનો હતો ત્યારથી પ્રેમમાં પડવા લાગેલો."

જાણે કોઈ સ્વપ્નને યાદ કરીને સંભળાવતો હોય એવી રીતે તેણે પહેલી માશૂકની વાત મને કરી, તે જે સ્થપતિને ત્યાં કામ શીખતો હતો તેની નોકરાણી હતી. તેની કહાણીની સાથે સાથે ઇમારતોને ખૂણે અફળાતા પાણીનો હળવો છબછબાટ કાને પડતો હતો. દેવળની પાર ચળકતા અફાટ જળવિસ્તારમાં ક્યાંક ક્યાંક બરુની ડાળખીઓ બહાર નીકળી આવેલી નજરે પડતી હતી.

દેવચિત્રોના કારીગરી મથકમાં ચિત્રકારો ઘણી વાર વિદ્યાર્થીઓનું ગીત ગાતા:

નીલો નીલો સાગર,
તોફની રે સાગર...

એ નીલો નીલો સાગર કેવો નીરસ રહ્યો હશે!..

"મને રાતે નીંદર ન આવતી," માલિક બોલ્યો. "હું પથારીમાંથી નીકળીને તેના બારણા પાસે જતો અને ગલૂડિયાની જેમ ધ્રૂજતો ઊભો રહેતો. ઘરમાં ટાઢો પવન બહુ ફૂંકાતો રહેતો. એનો માલિક ઘણી વાર રાતે એની પાસે આવતો, હું ગમે ત્યારે પકડાઈ ગયો હોત, પણ મને બીક નહોતી લાગતી, જરાય નહિ..."

તે વિચારોમાં ગરકાવ થઈને બોલતો હતો, જાણે કેમ કોઈ જૂનાં કપડાં તપાસી જોતો હોય, ફરી પહેરવાને લાયક છે કે નહિ તેની ખાતરી કરી જોતો હોય.

"હું એના ધ્યાનમાં આવી ગયો અને એને મારી દયા આવી. એણે બારણું ખોલીને મને બોલાવ્યો: 'આવ, અંદર આવ, મૂરખ છોકરો ક્યાંનો!..'"

મેં એવી વાતો એટલી બધી સાંભળી હતી કે હું કંટાળી ગયો હતો. પણ એટલું ખરું કે એક મુદ્દો એ બધી વાતોમાં હંમેશાં રહેતો જ: લોકો પ્રેમના પહેલા અનુભવની વાત શેખી માર્યા વગર, અશ્લીલતા વગર, અને એવી મીઠી દિલગીરીથી કરતા કે એ તેમની જિંદગીની સર્વોત્તમ ઘડી

હોવાનો ખ્યાલ મને આવતો. ખરેખર, ઘણા લોકોની બાબતમાં એ તેમણે જોયેલો અને જાણેલો એકમાત્ર સુભગ અનુભવ હોય એમ લાગતું.

માલિક હસતો હસતો અને માથું હલાવતો હેરતમાં બોલી ઊઠયો:

"એ વાત ઘરવાળીને કહેવાની હિંમત જ ન થાય! ના, ભાઈ, ના! એમાં કંઈ ખોટું કર્યું હોય એમ નથી! તોયે એને કહેવાની હિંમત ન જ થાય. ઠીક..."

તે વાત મને નહિ પણ જાણે પોતાને જ કહી સંભળાવતો હતો. તે ચુપ રહ્યો હોત તો મેં વાતો કરી હોત. એ નીરવતામાં તથા ખાલીપામાં વાત કરવાનું, ગીત ગાવાનું, વાજું વગાડવાનું આવશ્યક હતું, નહિતર ટાઢા રાખોડી પાણીમાં ડૂબેલા એ મૃત શહેરમાં કદાચ કાયમની નીંદર આવી જાય.

"સૌથી પહેલી વાત... જુવાનીમાં પરણવું નહિ!" તેણે મને શિખામણ આપી. "સાંભળ, ભાઈ, લગન કરવું એટલે તો ભારે મોટી વાત! ગમે તે ઠેકાણે અને ગમે એવી રીતે રહેતા હો, ઇરાનમાં મુસલમાનની કે મોસ્કોમાં પોલીસની જિંદગી જીવતા હો, વણકરનું કામ કે ચોરીનો ધંધો કરતા હો, હાલત ન ગમે તો હંમેશાં બદલાવી શકાય. પણ બૈરી ન બદલાવી શકાય. ઘરવાળી તો હવામાન જેવી હોય, ભાઈ, એનો કોઈ ઉપાય જ નહિ! બૈરી કંઈ બૂટ નથી હોતી કે મરજી પડે ત્યારે કાઢીને ફગાવી દેવાય!.."

કોઈ પડછાયો તેના ચહેરા ઉપર થઈને સરકી ગયો. તે બેઠોબેઠો ભવાં સંકોડીને રાખોડી પાણીને તાકતો અને ખૂંધાળા નાકે આંગળી ઘસતો બબડતો રહ્યો:

"હા, ભાઈ... બહુ ખબરદાર રહેવું પડે! બનવાજોગ છે કે કોઈ માણસ પવનના ઝપાટામાં નમી જવા છતાં મજબૂત મૂળિયાંના જોરે સાલામત રહી જાય. તેમ છતાં, ફાંસલો દરેક માણસની વાટ જોતો પડયો જ હોય છે..."

અમે મેશ્ચેસ્કોંયે સરોવરની ઝાડીઓમાં દાખલ થયા. સરોવર વોલ્ગાના પૂરના પાણીમાં ભળી ગયેલું હતું.

"હલેસાં ધીમાં કરી દે," માલિક બંદૂકનું નિશાન છોડવાઓમાં તાકતો હળવા અવાજે બોલ્યો.

થોડાંક સુકલકડી પંખીઓને વીંધી નાખ્યા પછી તેણે કહ્યું:

"કુનાવીનો તરફ ચલાવ! હું સાંજ સુધી ત્યાં રોકાઈ જઈશ. ઘેર જઈને કહેજે કે મારે ઠેકેદારનું કામ હતું..."

કુનાવીનોમાં પણ પૂરનું પાણી ભરાઈ ગયેલું હતું. હું તેને એક શેરીએ ઉતારીને મેળાને માર્ગે પાછો સ્રેલ્કા ગયો, અને ત્યાં હોડીને બાંધી દઈને બે નદીઓના સંગમને, શહેરને, આગબોટોને, તથા ગગનને નીરખતો રહ્યો. આસમાનને હવે કોઈ વિરાટ પંખીની પાંખો જેવાં ધોળા વાદળોની પાંખો આવી ગઈ હતી. સોનેરી સૂરજ નીલી તિરાડો વાટેથી નજર નાખી રહ્યો હતો. સૂરજનું એક જ કિરણ આખા જગતનું રૂપાંતર કરી નાખવા માટે પૂરતું હતું. મારી આસપાસ બધું હવે વેગીલી ગતિ કરી રહ્યું હતું. પાર વગરના હારબંધ તરાપાઓ વહેણમાં ઝડપથી સરકી રહ્યા હતા. દાઢીવાળા ગામડિયાઓ તરાપાઓમાં ઊભાઊભા લાંબાં હલેસાંઓ ચલાવતા એકબીજાને તથા નજીકથી નીકળતી આગબોટને હાકલો કરતા હતા. નાનકડી આગબોટ ખાલી બજરાને સામા વહેણે ખેંચી રહી હતી, નદી તેને ડોલાવે ત્યારે તેનું નાળચું મોટી માછલીના મોંની જેમ આમથી તેમ સરકતું હતું, પાણીનું વહેણ કઠોરતાથી તેની સામે ધસતું હતું અને તે મક્કમ રહીને પૈડાં ચલાવતી જાણે હાંફતી હતી અને ફૂંકારા કરતી હતી. ચાર ગામડિયાઓ ખભેખભા મિલાવીને બજરાને કોરે બેઠા હતા, તેમના પગ નીચે લટકતા હતા, એકનું ખમીસ રાતું હતું, સૌ ગીત ગાતા હતા, ગીતના બોલ સમજાતા નહોતા પણ તે મારું જાણીતું હતું.

મને લાગ્યું કે અહીંયાં નદીએ બધું મારું જાણીતું છે, બધું પરિચિત છે, બધું સમજાય એવું છે. પરંતુ મારી પાછળ પૂરના પાણીમાં ડૂબેલું શહેર માઠા સ્વપ્ન જેવું હતું, જાણે માલિકે ઉપજાવી કાઢેલું અને તેના જેટલું જ અગમ્ય હતું.

નદીનો દેખાવ મનભર માણી લીધા પછી હું પાછો ઘેર ગયો. એ વખતે મને લાગતું હતું કે હું પૂરો પુખ્ત આદમી છું, ગમે તે કામ પાર પાડી શકું એમ છું. રસ્તે કિલ્લાની ટેકરી ઉપર થોડીક વાર થંભી જઈને મેં વોલ્ગા નદી ઉપર છેલ્લી નજર નાખી લીધી. એટલી ઊંચાઈએથી ધરતી અસીમ લાગતી હતી અને જે કંઈ જોઈએ તે બધું આપવાનો જાણે વાયદો કરતી હતી.

ઘેર મારી પાસે પુસ્તકો રહેતાં. રાણી માર્ગોના ફ્લૅટમાં હવે એક મોટું કુટુંબ રહેવા આવ્યું હતું—રૂપમાં એક એકથી ચડિયાતી પાંચ બાળાઓ

અને બે શાળાબાળકો. એ તરુણ લોકો મને પુસ્તકો પૂરાં પાડતા. મેં તુર્ગેનેવની કૃતિઓ બેહદ આતુરતાથી વાંચી, શરદની હવા જેવી પારદર્શક તેની શૈલીની સરળતા અને સ્પષ્ટતા જોઈને, તેનાં પાત્રોની નિર્મળતા જોઈને, અને તે બહુ નમ્રતાથી જેનું સમર્થન કરતો હતો એ સર્વની સુંદરતા જોઈને હું હેરતમાં ગરકાવ થઈ ગયો.

મેં પોમ્યાલોવ્સ્કીની કૃતિ «*The Seminary*» વાંચી. તેના કથાવસ્તુને દેવચિત્રોના કારીગરી મથકની જિંદગી સાથે અજબ રીતે મળતું આવતું જોઈને મને ફરી અચંબો થયો. ભયંકર કંટાળાની જિંદગીમાં રાહત મેળવવા માટે કરવામાં આવતાં નિષ્ઠુર ટીખળોની મને એકદમ સરસ જાણકારી હતી.

રૂસી પુસ્તકો વાંચવામાં મઝા પડતી હતી. તેમાં મને હંમેશાં કશુંક ગમગીન અને પરિચિત વરતાતું, જાણે કેમ લેન્ટના તહેવારનો ઘંટારવ એ પુસ્તકોનાં પૃષ્ઠોમાં કેદ હોય, અને ખાલી પૂંઠું ઊંચું કરીને પુસ્તક ખોલો કે તરત સંગીતના હળવા સૂર રેલાવા લાગે.

મેં «*Dead Souls*» પુસ્તક અચકાતાં અચકાતાં વાંચ્યું. «*Notes from a Dead House*» પુસ્તકની બાબતમાં પણ એમ જ બનેલું. «*Dead Souls*», «*Dead House*», «*Death*», «*Three Deaths*», «*The Live Mummy*»—એવાં નામોનું સામ્ય ધ્યાનમાં આવ્યા વગર રહે જ નહિ. એથી મનમાં એ પુસ્તકો તરફ જાણે આછોપાંખો અણગમો પેદા થઈ જતો. «*Signs of the Times*», «*Step by Step*», «*What is to the Done?*», તથા «*Chronicle of the Hamlet of Smurin*» અને એવા પ્રકારનાં બીજાં પુસ્તકો પણ મને નહોતાં ગમ્યાં.

પરંતુ ડીકન્સ અને વૉલ્ટર સ્કૉટ મારા માનીતા લેખકો હતા. તેમનાં પુસ્તકો મેં બેહદ મોજથી બબ્બે અને ત્રણત્રણ વાર વાંચ્યાં. વૉલ્ટર સ્કૉટનાં પુસ્તકો મારા મનમાં ભવ્ય દેવળની તહેવારની પ્રાર્થનાની યાદ, જરાક લાંબી અને થકાવી દેનારી પણ હંમેશાં ઉલ્લાસભરી પ્રાર્થનાની યાદ, તાજી કરાવી દેતાં. ડીકન્સ આજ સુધી મારી નજરમાં ઊંડી પ્રશંસાને પાત્ર લેખક રહ્યો છે, અત્યંત મુશ્કેલ કલાની—લોકોને ચાહવાની કલાની- ઊંચામાં ઊંચી કક્ષાની ઉસ્તાદી હાંસલ કરી લેનારો લેખક રહ્યો છે.

સાંજની વેળાએ અમારું મોટું જૂથ ઓટલે ભેગું થઈ જતું: રાણી માર્ગોના ફ્લૅટનાં ભાઈબહેનો, ચીબા નાકવાળો વિદ્યાર્થી વ્યાચેસ્લાવ સેમાશ્કો, અને બીજાં થોડાક માણસો. મહત્ત્વના અમલદાર પ્ત્રીત્સિનની પુત્રી ક્યારેક

અમારા જૂથમાં સામેલ થઈ જતી. અમે પુસ્તકોની અને કવિતાની, મને બહુ પ્યારી અને સુગમ્ય બની ગયેલી બાબતોની, વાતો કરતાં. તરુણ લોકોના અમારા એવા જૂથમાં મેં બીજા કોઈ પણ માણસથી વધારે વાંચન કર્યું હતું. પરંતુ મારા સંગાથીઓ ઘણી વાર શાળાની વાતો કરતા અને શિક્ષકો વિશે ફરિયાદો કરતા. તેમની વાતો સાંભળીને મને લાગતું કે હું તેમનાથી વધારે આઝાદી માણું છું, અને તેમની સહનશીલતા જોઈને હું વિસ્મિત થઈ જતો. તેમ છતાં મને તેમની ઈર્ષા થતી કારણ કે તેઓ શાળામાં અભ્યાસ કરતા હતા.

મારા મિત્રો ઉંમરમાં મારાથી મોટા હતા, પરંતુ મને લાગતું કે તેમની સરખામણીમાં મેં વધારે વિકાસ સાધી લીધો છે અને વધારે અનુભવ હાંસલ કર્યો છે. એથી હું થોડોઘણો બેચેન થઈ જતો, મને તેમની જોડે વધારે ઘનિષ્ઠતા કેળવવાની મંછા હતી. હું મોડી રાતે ઘેર પાછો ફરું ત્યારે મારા શરીરે મેલમાટી છવાયેલાં હોય અને મારા મનમાં તેમનાથી નિરાળા ક્રમની છાપો અંકિત થયેલી હોય. તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં, તેમના બધા અનુભવો બહુ મોટા પ્રમાણમાં એકસરખા જ રહેતા. તેઓ છોકરીઓની વાતો બહુ કરતા, પહેલાં એકના અને પછી બીજીના પ્રેમમાં પડતા રહેતા, અને કાવ્યો લખવાની કોશિશ કરતા રહેતા. ઘણી વાર મારી મદદની માગણી કરવામાં આવતી. હું ખુશીથી મારો હાથ પદ્યરચનામાં અજમાવતો, મને જોડકણાં સહેલાઈથી બનાવી લેવાની ફાવટ હતી, પણ કોણ જાણે કેમ મારાં કાવ્યો હંમેશાં વિનોદી બની જતાં. કાવ્યો ઘણીઘણી વાર પ્તીત્સિન બાળાને સમર્પિત કરવામાં આવતાં, અને હું તેની સરખામણી અચૂક કોઈ શાકભાજી સાથે કરતો, સામાન્ય રીતે ડુંગળી સાથે કરતો.

સેમાશ્કોએ મને કહ્યું:

"તું એ લીટીઓને કવિતા ગણે છે? મોચીની ખીલીઓ જેવી છે!"

સૌનો સમોવડિયો બની રહેવાની તાલાવેલીમાં હું પણ પ્તીત્સિન બાળાના પ્રેમમાં પડી ગયો. હવે મને યાદ નથી રહ્યું કે મારી લાગણીઓને મેં કેવી રીતે વ્યક્ત કરેલી, પરંતુ કિસ્સાનો ગમગીન અંજામ આવ્યો હતો. એક દિવસે મેં તેને ઝ્વેઝ્દિન તળાવના બંધિયાર પાણીમાં તરતા પાટિયા ઉપર સહેલ કરવા લઈ જવાની દરખાસ્ત કરી. તે તૈયાર થઈ ગઈ. હું પાટિયાને કાંઠે ખેંચીને તેની ઉપર ઊભો રહ્યો. તે મારો ભાર ઉપાડવા જેટલું મજબૂત તો હતું, પણ લેસ અને રિબનના સાજશણગાર કરીને આવેલી બાળા મનોહર

અદામાં બીજે છેડે ચડી કે તરત કાળમુખું પાટિયું તેના પગ નીચે ભાંગી પડયું અને તે તળાવમાં પડી ગઈ. મેં અસલ પ્રેમશૌર્યની ભાવનાથી તરત તેની પાછળ પાણીમાં ઝંપલાવ્યું અને તેને ખેંચીને કાંઠે ચડાવી દીધી. પરંતુ દહેશત અને લીલા ગંદવાડે રમણીના રૂપનો કહેતાં કહેવાય નહિ એવો ભયંકર દાટ વાળી નાખ્યો હતો.

તેણે ભીની મુક્કી મારી સામે હલાવીને બરાડો પાડયો:

"તેં જાણીજોઈને મને ડુબાવી દીધી!"

માફ કરી દેવાની મારી આજીજીને તેણે નકારી કાઢી અને તે મારી કટ્ટર દુશ્મન બની ગઈ.

શહેરની જિંદગી બહુ દિલચસ્પ નહોતી. ઘરડી માલિકણને હજી મારી ઉપર અણગમો હતો, અને જુવાન માલિકણ મને શંકાની નજરે જોતી. વિક્તરના ચહેરામાં ડાઘા અગાઉ કરતાં વધી ગયા હતા. તે મનમાં કશોક ઊંડો ખાર સંઘરી રાખીને દરેકની સામે ઘૂરકતો રહેતો.

માલિકને રેખાંકનનું કામ એટલું બધું રહેતું કે બેઉ ભાઈ મળીને પણ પૂરું નહોતા કરી શકતા. એટલે તેણે મારા સાવકા બાપને મદદ માટે બોલાવ્યો.

એક દિવસે હું મેળાના વિસ્તારમાંથી રોજના કરતાં વહેલો ઘેર પાછો આવ્યો અને જમવાના ઓરડામાં દાખલ થયો ત્યારે લાંબા વખતથી ભુલાઈ ગયેલો એ આદમી ચાના ટેબલ પાસે માલિકની બાજુમાં બેઠો હતો. તેણે મારી સામે હાથ લંબાવ્યો.

"કેમ છો?.." તે બોલ્યો.

અણધારી મુલાકાતથી હું આભો બની ગયો. તરત ભૂતકાળ મારી નજર સામે ભડકાની જેમ ઝબકતો મારા દિલને દઝાડી ગયો.

"તમે ગભરાવી નાખ્યો એને," માલિકે ટકોર કરી.

મારો સાવકો બાપ પોતાના બરબાદ ચહેરાને મલકાવતો મારી સામે તાકી રહ્યો. તેની કાળી આંખો અગાઉ કરતાં વધારે મોટી થઈ ગઈ હતી. તે તદ્દન થાકી ગયેલો અને કચડાઈ ગયેલો લાગતો હતો. મેં મારો હાથ તેની પાતળી બળતી આંગળીઓમાં ખોંસી દીધો.

"તો આપણે ફરી મળ્યા ખરા," તે ઉધરસ ખાતો બોલ્યો.

હું જાણે માર ખાધો હોય એવો કમજોર બની ગયો અને બહાર ચાલ્યો ગયો.

અમારા સંબંધોમાં સાવચેતી અને સંકોચની છાયા હતી. તે મને મારા

નામ ભેગું બાપુનું નામ જોડીને બોલાવતો, અને અમે જાણે સરખેસરખા હોઈએ એવું વર્તન કરતો.

"દુકાને જાઓ ત્યારે મહેરબાની કરીને મારે માટે પા રતલ લાફેર્મ તમાકુ, સિગરેટ વાળવાના વિક્તરસોન કાગળ એકસો, અને બાફેલી સલામી એક રતલ લેતા આવજો."

તે મને પૈસા આપે ત્યારે મને સિક્કા હંમેશાં અણગમો પેદા થાય એવા ગરમ લાગતા. વાત સાફ હતી કે તે ક્ષયનો રોગી હતો અને હવે તેને ઝાઝું જીવવાનું બાકી નહોતું રહ્યું. તેને પણ હાલતની ખબર હતી અને તે કાળી દાઢીના છેડાને વળ ચડાવતો શાંત ઊંડા અવાજે કહેતો:

"આમ તો સમજો કે મારા રોગનો કોઈ ઇલાજ જાણે છે જ નહિ. પણ પુષ્કળ માંસ ખવાય તો વખતે સારું થઈ જાય. કોને ખબર છે... કદાચ મનેય સારું થઈ જાય!"

તે માન્યું મનાય નહિ એટલું બધું ખાતો, બસ ખાતો અને સિગરેટ ફૂંકતો, મોંમાં ખાવાનું મૂકવું હોય ત્યારે જ સિગરેટ હઠાવતો. હું દરરોજ તેને માટે સલામી, માંસ, અને સાર્ડીન માછલી ખરીદી લાવતો, પણ નાનીમાની બહેન અગમ્ય સંતોષની લાગણીથી અને જાણે આખરી ફેંસલો સંભળાવતી હોય એમ કહેતી:

"મોતને નાનીમોટી ચીજો ધરી દેવાથી કામ ન ચાલે! મોત કંઈ એમ ભોળવ્યું ભોળવાય નહિ! બિલકુલ નહિ!"

બાઈઓ મારા સાવકા બાપની એટલી બધી કાળજી રાખતી કે જોઈને ચીડ ચડે, કોઈ ને કોઈ નવી જાતની દવા વાપરી જોવાની તાણ લગાતાર કરતી રહેતી, પણ તેની પીઠ પાછળ ઠેકડી ઉડાડતી:

"જાણે ઉમરાવ જોઈ લો! ખરેખરો ઉમરાવ!" નાની માલિકણ બોલી. "કહેતો' તો કે 'ખાવાનું ટેબલ સાફ રાખવાની વધારે કાળજી રાખો, રોટીના કકડા કે એવું કંઈ પડયું હોય તો માખીઓ આવે!'"

"અરે, અસલ ઉમરાવ!" મોટી માલિકણ તુચ્છકારમાં બોલી. "જુઓ તો ખરા, કોટ તાણાવાણા થઈ ગયો છે ને ઘસાઈ ઘસાઈને હવે તો ચમકે છે, પણ તોયે બ્રશ લઈને ઘસતો રહે છે! ચોખલિયો જીવડો છે... એકેય રજકણ રહેવા નહિ દે!"

"અરે, ગાજતાં મરઘાં, થોડીક ધીરજ રાખો! થોડા વખતમાં મોત એને આંબી જવાનું," માલિક દિલાસો આપતો હોય એવી રીતે કહેતો.

બુદ્ધિજીવીઓના સંબંધમાં અબુધ શહેરવાસીઓની અદાવતી લાગણી મને મારા સાવકા બાપની તરફદારીની હાલતમાં ધકેલી દેતી. કેટલાંક મશરૂમ ભલે ઝેરી હોય, પણ ઓછામાં ઓછું દેખાવમાં તો સુંદર હોય છે.

એ લોકોની ગૂંગળાવનારી હાજરીમાં મારા સાવકા બાપની હાલત મરઘાંના વાડામાં સપડાઈ ગયેલી માછલી જેવી થઈ જતી... આમ તો સરખામણી અસંગત છે, પણ અમારી એ વખતની જિંદગી જેટલી જ અસંગત છે.

મને તેનામાં "મઝાની વાત"નાં લક્ષણોને મળતાં લક્ષણો કળાવા લાગ્યાં. "મઝાની વાત"ને હું કદી નહિ ભૂલું. તેને અને રાણી માર્ગોને હું પુસ્તકોમાંથી તારવેલની પૂરી સુંદરતા વડે શણગારતો, મારી પોતાની અંદર જે કંઈ સર્વોત્તમ હતું તે બધું તેમને બક્ષી દેતો... વાંચનમાંથી ઉદય પામતા બધા મનોહર તરંગવિહારો બક્ષી દેતો, "મઝાની વાત"ની જેમ જ મારો સાવકો બાપ પણ એકાકી રહેતો અને સૌને અળખામણો લાગતો. તે ઘરમાં બધાંની જોડે એકસરખું વર્તન કરતો, વગર બોલાવ્યો એક શબ્દ પણ ક્યારેય ન બોલતો, અને બધા સવાલોના જવાબ દેખીતો વિનય જાળવીને ટૂંકમાં આપતો. તે મારા માલિકને કામ શીખવતો હોય ત્યારે જોતા રહેવાનું મને ખાસ ગમતું. ટેબલ પાસે લગભગ બેવડ વળી જઈને ઊભો ઊભો આં આંગળીના લાંબા નખ વડે વજનદાર કાગળ ઉપર ટપટપ કરતો તે શાંત અવાજે સમજાવતો:

"અહીંયાં વળીને સાંધામાં જડી દેવાનું જરૂરી છે, એથી દબાણ ફેલાઈ જાય, નહિતર વળી ભીંતમાં ઘુસી જાય."

"સાવ સાચી વાત! કાળમુખો ખ્યાલ આવ્યો જ નહિ!" માલિક બબડતો. મારો સાવકો બાપ ચાલ્યો જાય પછી માલિકની પત્ની કહેતી:

"આમ તમને શીખવે છે તે કેમ સાંખી લો છો?"

મારો સાવકો બાપ ખાઈને હંમેશાં દાંત સાફ કરતો અને કોગળા કરતો, એ વેળાએ માથું એવી રીતે પાછળ ફંગોળી દેતો કે તેનો હૈડિયો બહાર ઊપસી આવતો, અને કોણ જાણે કેમ માલિકની પત્નીને એ જોઈને ખાસ ચીડ ચડતી.

"યેવગેની વસીલ્યેવીચ, મને લાગે છે કે એવી રીતે પાછળ નમવાથી તમારા શરીરને જરૂર નુકસાન થતું હશે," એક વાર તેણે ચિડિયલ અવાજે કહ્યું.

તેણે ખાલી મોં મલકાવીને વિનયથી પૂછ્યું:

"એમ કેમ લાગે છે તમને?"

"બસ... એમ જ..."

મારો સાવકો બાપ પાતળી ખોતરણી કાઢીને આંગળીઓના નીલાશ પડતા નખ સાફ કરવા લાગ્યો.

તે ચાલ્યો ગયો ત્યારે માલિકણ બોલી ઊઠી: "જુઓ તો ખરા! આને તો નખ પણ સાફ કરવા પડે! એક પગ કબરમાં છે, પણ..."

"અરેરે!" માલિકે નિસાસો નાખ્યો. "કેવાં મૂરખ છો તમે! ગાજતાં મરઘાં!"

"હેં? શું કહ્યું?" પત્નીએ વાંધો ઉઠાવ્યો.

રાતે ડોશી કકળતે હૈયે ઈશ્વરને ફરિયાદ કરતી:

"સડેલા જીવડાને મારે માથે લાદી દીધો, વિક્તર વળી પાછળ ધકેલાઈ ગયો છે:.."

વિક્તર મારા સાવકા બાપની રીતભાતની નકલ કરવા લાગ્યો—ધીમી ચાલ, અમીરી હાથની સ્વસ્થ ગતિ, નેકટાઈની સરસ ગાંઠ વાળવાની ફાવટ, અને હોઠ બચકાર્યા વગર ખાવાની આવડત. વિક્તર હંમેશાં તોછડાઈથી સવાલ કરતો રહેતો:

"મક્સીમોવ, ફ્રેંચ ભાષામાં 'ગોઠણ' કહેવું હોય તો કેવી રીતે કહેવાય?"

"મારું નામ યેવગેની વસીલ્યેવીચ છે," મારા સાવકા બાપે સુધારો કર્યો.

"ઠીક હવે! અને 'છાતી'?"

વાળુ કરતી વેળા વિક્તર માને હુકમ કરતો:

«Ma mère, donnez-moi encore du ખારું માંસ!"

"અરે વાહ! ખરો ફ્રેંચ આદમી થઈ ગયો તું તો, હેં!" બુઢ્ઢી બાઈ ભારે રમૂજ પામતી બોલી ઊઠતી.

મારો સાવકો બાપ જાણે બહેરો અને મૂંગો હોય એમ જરાય અકળાયા વગર અને કોઈની તરફ નજર નાખ્યા વગર માંસ ચાવતો રહેતો.

એક દિવસે મોટા ભાઈએ નાના ભાઈને કહ્યું:

"વિક્તર, તેં ફ્રેંચ ભાષા બોલતાં શીખી લીધું છે એટલે હવે રખાત રાખી લે!.."

મેં મારા સાવકા બાપને શાંત મલકાટ કરી લેતો માત્ર એ એક જ વેળાએ જોયેલો.

પરંતુ માલિકની પત્નીએ ચમચો નીચે ફેંકી દેતાં પતિની સામે બરાડો પાડયો:

"મારી હાજરીમાં એવી શરમજનક વાત કરવાની હિંમત કેવી રીતે થાય છે!"

હું પાછલા બારણા નજીક મેડાના દાદરા નીચે સૂતો, અને દાદરાની બારી પાસે પુસ્તકો વાંચતો. મારો સાવકો બાપ ક્યારેક ત્યાં મારી પાસે આવતો.

એક વાર તેણે આવીને પૂછ્યું: "વાંચો છે? કયું પુસ્તક છે?" પછી તેણે એટલો બધો ધુમાડો શ્વાસમાં ભરી દીધો કે તેની છાતીની અંદર કશુંક બળતાં લાકડાંની જેમ ચરરર ચરરર કરવા લાગ્યું.

મેં પુસ્તક તેને બતાવ્યું.

"હા..." તે નામ ઉપર નજર ફેરવી લેતો બોલ્યો. "લાગે છે કે મેં વાંચ્યું છે. સિગરેટ પીશો?"

અમે સિગરેટ પીતા પીતા બારી વાટેથી ગંદા ફળિયામાં તાકી રહ્યા.

"અફસોસની વાત છે કે તમે અભ્યાસ નથી કરી શકતા, તમારામાં અભ્યાસની શક્તિ તો હોય એમ લાગે છે," તેણે કહ્યું.

"પણ હું તો અભ્યાસ કરું છું... બહુ વાંચું છું..."

"એટલું પૂરતું નથી, શાળાનું ભણતર જરૂરી છે, રીતસર..."

મને કહેવાનું મન થયું: "અરે, ભલા સજ્જન મારા, તમને શાળાનું ભણતર મળ્યું છે, રીતસર મળ્યું છે, પણ એથી શું ફાયદો થયો છે?"

જાણે મારા મનની વાત કળી ગયો હોય એમ તેણે કહ્યું:

"હેતુ મક્કમ હોય તો શાળામાં સરસ તાલીમ મળે. ખાલી ભણેલા લોકોમાં જ આજના જીવનને પલટાવવાની શક્તિ હોય છે..."

તે ઘણી વાર મને કહેતો:

"તમે અહીંથી જતા રહો એમાં જ ભલું છે, તમારા અહીંયાં રહેવામાં કશો અર્થ કે ભલીવાર મને તો નથી દેખાતાં..."

"મને મજૂરો ગમે છે..."

"એમનામાં ગમવા જેવું શું છે?"

"દિલચસ્પ લોકો છે."

"કદાચ..."

એક વાર તેણે મને કહ્યું:

"અસલ વાત જુઓ તો આપણા માલિક લોકો કેવાં જનાવરો છે! કેવાં જનાવરો છે!"

મારી માએ એ જ શબ્દ ક્યારે અને કેવા સંજોગોમાં વાપરેલો તેની યાદ મનમાં તાજી થઈ જતાં મને અનાયાસે જ આંચકો આવી ગયો.

"તમને નથી લાગતું એમ?" તેણે મોં મલકાવતાં પૂછ્યું.

"લાગે છે."

"હા... એ તો દેખાય છે..."

"પણ માલિક મને ગમે છે."

"ખરી વાત, સદ્ભાવી ગામડિયા જેવો છે, પણ અજબ ડફોળ છે."

મને તેની જોડે પુસ્તકોની વાતો કરવાનું મન થયું. પણ સાફ દેખાતું હતું કે તે પુસ્તકોને બહુ કામનાં નહોતો ગણતો.

તે ઘણી વાર કહેતો:

"પુસ્તકોમાં બહુ વખત વેડફતા નહિ, એમાં તો બધી બાબતોની બસ અતિશયોક્તિ જ હોય, બધું એક અથવા બીજી રીતે વિકૃત બનાવી નાખેલું હોય. મોટા ભાગના લેખકો આપણા માલિક જેવા હોય છે... તુચ્છ લોકો."

મને એવા અભિપ્રાયો બહુ હિંમત ભરેલા લાગતા અને એ કારણે મારા મનમાં તેને અંગે પ્રશંસાની લાગણી પેદા થતી.

"તમે ગોન્ચારોવનું કોઈ પુસ્તક વાંચ્યું છે?" તેણે એક દિવસે મને પૂછ્યું.

"«*The Frigate Pallada*»" મેં જવાબ આપ્યો.

"«*The Pallada*» નીરસ છે. પણ સામાન્ય રીતે જોતાં રશિયામાં સૌથી વધારે બુદ્ધિશાળી લેખક ગોન્ચારોવ છે. મારી સલાહ છે કે «*Oblomov*» વાંચો. તેનાં પુસ્તકોમાં સૌથી વધારે હિંમત દાખવતું અને સચ્ચાઈ બતાવતું પુસ્તક છે. અને સામાન્ય રીતે જોતાં રૂસી સાહિત્યની ઉત્તમ કૃતિ છે..."

ડીકન્સ વિશે તેણે કહ્યું:

"કચરો... મારી વાત માની લેજો! પણ હમણાં «*New Times*»ની પુરવણીમાં બહુ રસપ્રદ કૃતિ છપાય છે: «*The Temptation of St. Anthony*». તમારે વાંચવી જોઈએ. તમને ધર્મમાં અને ધાર્મિક બાબતોમાં રસ હોય એમ લાગે છે. «*The Temptation*» વાંચવાથી તમને ફાયદો થશે."

તેણે મને ઢગલાબંધ પુરવણીઓ લાવી આપી, અને ફ્લોબેરની પ્રતિભા ટપકતી એ કૃતિ હું વાંચી ગયો. મેં વાંચેલી સંતોની અસંખ્ય જીવનકથાઓ અને મતવાદીઓની કેટલીક કહાણીઓ મને યાદ આવી ગઈ. પરંતુ એ કૃતિએ મારા મનમાં બહુ ઊંડી છાપ ન પાડી. «*The Memoirs of Upilio Faimali, Animal-Trainer*» વાંચવામાં મને ઘણી વધારે મઝા પડી. એ કૃતિ પણ પુરવણીઓમાં છપાયેલી હતી.

મેં એ વાત મારા સાવકા બાપને જણાવી ત્યારે તેણે શાંત અવાજે ટકોર કરી:

"એટલે એમ કે એવું વાંચવા તમે હજી બહુ નાના છો. પણ એ પુસ્તકને ભૂલતા નહિ."

ક્યારેક તે કેટલીય વાર સુધી એક શબ્દ પણ બોલ્યા વગર મારી પાસે બેસી રહેતો, ખાલી ઉધરસ ખાતો અને ધુમાડાના ગોટા કાઢતો રહેતો. તેની દેખાવડી આંખોમાં ખોફનાક ચળકાટ વરતાતો હતો. હું બેઠાબેઠો શાંતિથી તેને નીરખતી વેળા ભૂલી ગયો કે કશી ફરિયાદ વગર સાદા મોતે મરવા પડેલો આ માણસ એક જમાનામાં મારી મા જોડે આત્મીય સંબંધ ધરાવતો હતો અને તેની સાથે નિષ્ઠુર વર્તન કરતો હતો. મને ખબર હતી કે હવે તે કોઈ દરજણ સાથે રહેતો હતો. મને એ બાઈના સંબંધમાં હેરત અને દયાની લાગણી થઈ. તે આવાં લાંબાં હાડકાંને કેવી રીતે ભેટી શકતી હશે, ભ્રષ્ટતાના શ્વાસ લેતા આ મોંને કેવી રીતે ચૂમી શકતી હશે?

"મઝાની વાત"ની જેમ મારો સાવકો બાપ પણ એકદમ મૌલિક ટકોરો અણધારી કરી દેતો.

"મને શિકારી કૂતરા બહુ ગમે, સાવ જડ જેવા હોય છે, પણ તોયે મને ગમે. બહુ રૂપકડા હોય છે. રૂપાળી સ્ત્રીઓ ઘણી વાર બહુ મૂરખ હોય છે."

મારા મનમાં ઝબકી ગયેલો ખ્યાલ ગર્વની આછી છાંટ વગરનો નહોતો:

"તને રાણી માર્ગોની ઓળખાણ હોત ને!"

એક દિવસે તેણે કહ્યું: "લાંબા વખત સુધી ભેગા રહેનારા લોકો ધીરેધીરે એકસરખા દેખાવા લાગે." મેં એ શબ્દો નોંધબુકમાં ટપકાવી લીધા.

હું પરમસુખ અંગે ઈસુનાં વચનોની જેમ તેની ઉક્તિઓની વાટ જોતો રહેતો, જે ઘરમાં દરેક માણસ ચવાઈ ગયેલાં એકનાં એક રૂપોમાં

જામી ગયેલી બેનૂર ભાષા બોલતું હોય ત્યાં મૌલિક વાક્યો સાંભળવાથી બહુ ખુશી થતી.

મારો સાવકો બાપ મારી માની વાત ક્યારેય ન કરતો, મને લાગે છે કે તેનું નામ પણ તેણે ક્યારેય નહોતું લીધું. એથી મને સારું લાગતું, અને તેના સંબંધમાં મારા મનમાં અમુક આદરની લાગણી પેદા થઈ હતી.

એક વાર મેં તેને ઈશ્વર વિશે પૂછ્યું. પ્રસંગ મને યાદ નથી. તેણે મારી સામે જોઈને શાંત અવાજે જવાબ આપ્યો.

"હું નથી જાણતો, ઈશ્વરમાં માનતો જ નથી."

મને સીતાનોવ યાદ આવી ગયો. મેં મારા સાવકા બાપને તેની વાત કરી. વાત પૂરી થઈ એટલે તે અગાઉ જેવા જ શાંત અવાજે બોલ્યો:

"એ તાર્કિક ખુલાસા કરે છે, અને તાર્કિક ખુલાસા કરનારા માણસો હંમેશાં આ કે તે કશાકમાં માનતા જ હોય છે. હું તો કશામાં માનતો જ નથી, બિલકુલ નહિ."

"એ તો અશક્ય છે!"

"કેમ? તમે નજરે જોઈ શકો છો... હું કશામાં નથી માનતો."

હું ફક્ત એક જ બાબત જોઈ શકતો હતો... મોત તેને આંબી રહ્યું હતું. એમ કહેવાનું તો મુશ્કેલ છે કે મને તેની દયા આવતી હતી, પરંતુ પહેલી જ વાર કોઈ સાથી-માનવીનું મોત, મોતનું રહસ્ય, મારા દિલના ઊંડાણને સ્પર્શી ગયું હતું.

મારી બાજુમાં એક માણસ બેઠો હતો, તેનો ગોઠણ મારા ગોઠણને અડતો હતો, માણસ સંવેદનશીલ અને બુદ્ધિશાળી હતો, લોકોને પોતાની સાથે તેમના સંબંધ ઉપર આધારિત નજરે નીરખતો હતો, મુલવણી કરવાનો અને નિષ્કર્ષ તારવવાનો અધિકાર ધરાવતા માણસની જેમ દરેક વસ્તુની વાત કરતો હતો, મને આવશ્યક હતું એવું કશુંક ધરાવતો હતો, અથવા કંઈ નહિ તો અનાવશ્યકને અળગું તારવી દેતો હતો, અકથ્ય જટિલ જીવ હતો, જાણે વિચારોનો જ્વાળામુખી હતો. તેને અંગે મારી લાગણી ભલે ગમે તેવી હોય પણ તે મારા અંશનું પ્રતિનિધિત્વ કરતો હતો, મારી ભીતર ક્યાંક વસતો જીવ હતો, કારણ કે હું તેને વિશે વિચારો કરતો અને તેના આત્માનો પડછાયો મારા આત્મા ઉપર પથરાયેલો હતો. કાલે તે અદૃશ્ય થઈ જવાનો હતો, તેના માથામાં અને દિલમાં વળગી રહેલું, તેમ જ તેની દેખાવડી આંખોમાં મને જાણે વાંચવા મળતું, બધું ભેગું લઈને તદ્દન અદૃશ્ય

થઈ જવાનો હતો. તે અદૃશ્ય થઈ જાય ત્યારે જગત સાથે મને સાંકળી રાખતા તાણાવાણામાંથી એક દોરો તૂટી જવાનો હતો, ખાલી યાદ બાકી રહેવાની હતી, પરંતુ બિનપલટાતી અને પરિપૂર્ણ એ યાદ પૂરેપૂરી મારી ભીતર અસ્તિત્વમાં રહેવાની હતી, જીવંત અને પલટાતો માનવી પ્રસ્થાન કરી જવાનો હતો...

પરંતુ એ તો કેવળ વિચારો જ છે, એ વિચારોની પાર કશુંક એવું પડેલું છે કે જેની વ્યાખ્યા શક્ય નથી, જે વિચારનો ઉદ્ભવ કરે છે અને વિચારને પોષે છે, શાહી અદાથી આપણને જીવનની પરિઘટનાઓ વિશે વિચાર કરવાની ફરજ પાડે છે અને સવાલનો જવાબ માગે છે—શા માટે?

એક દિવસની વાત છે. વરસાદ વરસતો હતો. મારા સાવકા બાપે કહ્યું: "લાગે છે કે થોડા વખતમાં ખાટલા ભેગું થઈ જવું પડશે. કેવી મૂર્ખાઈભરી કમજોરી! કંઈ કરવાનું મન નથી થતું!.."

બીજે દિવસે બપોર પછી ચા પીતી વેળા તેણે ટેબલ ઉપરથી અને ગોઠણ ઉપરથી રોટીના કણ ખાસ કાળજીથી સાફ કર્યા અને અદૃશ્ય કશાકને હાથ હલાવીને આઘું હઠાવી દીધું. ડોશીએ ભવાં નીચેથી તેની તરફ નજર નાખીને હળવા અવાજે વહુને કહ્યું:

"આ જો, સાફસૂફ અને ઠીકઠાક કરવામાં પડયો છે, તૈયારી કરે છે."

બે દિવસ પછી તે કામે ન આવ્યો, અને પછી મોટી માલિકણે મોટું સફેદ કવર મને આપતાં કહ્યું:

"આ લે, કાલે બપોરે એક બાઈ આપી ગયેલી, હું તને આપવાનું ભૂલી ગઈ. જુવાન બાઈ હતી... તારે એની જોડે શું સંબંધ હોય એની મને તો ખબર જ નથી પડતી."

કવરમાં દવાખાનાના કાગળમાં મોટા અક્ષરે નીચેનો સંદેશો લખેલો હતો:

"એકાદ કલાકનો વખત મળે તો આવીને મળી જજો. હું માર્તીનોવ્સ્કાયા હૉસ્પિટલમાં છું. વાય.એમ."

બીજે દિવસે સવારે હું હૉસ્પિટલના ઓરડામાં મારા સાવકા બાપના પલંગને છેડે બેઠો હતો. તેની કાયા પલંગથી લાંબી હતી, ઢીલા રાખોડી મોજાંવાળા તેના પગ પલંગના સળિયા વચ્ચેથી બહાર નીકળી આવેલા હતા. તેની દેખાવડી આંખોની નજર પીળી દીવાલો ઉપર ફરતી ફરતી મારા ચહેરા ઉપર, અને માથા તરફને છેડે પલંગ નજીક સ્ટૂલ ઉપર બેઠેલી બાળાના

નાનકડા હાથ ઉપર, ઠેરવાઈ જતી હતી. બાળા પોતાના હાથ મારા સાવકા બાપના તકિયા ઉપર મૂકે ત્યારે તે પોતાનો ગાલ હાથ ઉપર ઘસતો, અને તેનું મોં ખુલ્લું રહેતું. બાળાની કાયા ભરાવદાર હતી. તેણે સાદો ઘેરો પોશાક પહેર્યો હતો. આંસુનાં ટીપાં ધીરેધીરે તેના લંબગોળ ચહેરા ઉપર સરકતાં હતાં. તેની નીલી આંખો મારા સાવકા બાપના ચહેરા ઉપર ઠેરવાયેલી હતી. આદમીના ગાલનાં હાડકાં ઊપસી આવેલાં હતાં, નાક તણાઈ ગયું હતું, અને મોં બેરંગ બની ગયું હતું.

"પાદરીને બોલાવે ને તો..." બાળા હોઠ ફફડાવીને બોલી. "પણ નહિ બોલાવે... સમજતા જ નથી..."

તેણે હાથ તકિયા ઉપરથી હઠાવી લીધા અને જાણે પ્રાર્થના કરતી હોય એમ છાતીએ દબાવ્યા.

મારા સાવકા બાપનું મગજ પળવાર સાફ થઈ ગયું. જાણે કશુંક યાદ કરતો હોય એમ ભવાં સંકોડીને તેણે નજર છત ઉપર ઠેરવી દીધી અને પછી કરમાઈ ગયેલો હાથ મારી તરફ લંબાવ્યો.

"તમે છો? અહેસાન! વાત એમ છે કે... હું જાણે સાવ મૂરખ હોઉં એમ... લાગે છે..."

એટલું બોલવામાં તેને થાક ચડી ગયો અને તેણે આંખો મીચી દીધી. મેં તેની નીલાશ પડતી લાંબી ટાઢી આંગળીઓ ઉપર હાથ ફેરવ્યો, અને બાળા હળવા અવાજે આજીજી કરવા લાગી:

"યેવગેની વસીલ્યેવિચ, મંજૂરી આપો, આપો ને!"

તેણે આંખો વડે બાળા તરફ ઈશારો કરતાં કહ્યું: "મારી મંછા છે કે તમે આની જોડે ઓળખાણ કરો... મઝાની બાળા છે..."

તે ચુપ થઈ ગયો અને તેનું મોં વધારે પહોળું ખૂલી ગયું. એકાએક તેણે કાગડાના કા... કા... જેવો ઘોઘરો ઘાંટો પાડયો. તે ગાદલાને પકડીને પથારીમાં તરફડવા લાગ્યો. ધાબળો અવળો થઈ ગયો. બાળાએ પણ ચીસ પાડી અને માથું ચૂંથાઈ ગયેલા તકિયા ઉપર દબાવી દીધું.

મારા સાવકા બાપની આખરી ઘડી ઝડપથી પૂરી થઈ ગઈ, અને તત્કાળ તેના ચહેરામાં સૌમ્ય સુંદરતા છવાઈ ગઈ.

હું બાળાને મારા હાથને ટેકે દોરી જતો હૉસ્પિટલમાંથી બહાર નીકળ્યો. તે રડતી હતી અને જાણે માંદી હોય એમ લથડતી ચાલે ચાલતી હતી. દડાની જેમ વાળીને હાથમાં પકડેલો રૂમાલ તે ઘડીક એક આંખે તો ઘડીક બીજી

આંખે દબાવતી હતી. તે રૂમાલને વધારે ને વધારે સખત વાળતી રહેતી હતી, જાણે કેમ તેની આખરી અને વહાલામાં વહાલી મિલકત એ રૂમાલ જ હોય.

તે એકાએક ઊભી રહી ગઈ અને મને વધારે લપાતી ફરિયાદની છાયાવાળા અવાજે બોલી:

"શિયાળા સુધીયે જીવતા ન રહ્યા... અરે! ભલા ભગવાન! ભલા ભગવાન! આમ કેમ બન્યું?"

પછી તેણે આંસુ વડે ભીંજાયેલો હાથ મારી સામે લંબાવ્યો.

"આવજો! હંમેશાં તમારાં વખાણ કરતા. દફન... કાલે..."

"તમને ઘર સુધી મૂકવા આવું?"

તેણે આમતેમ નજર ફેરવી.

"શું કામ? દીવસનો વખત છે."

હું ખૂણે ઊભોઊભો તેને જતી જોતો રહ્યો. તેની ચાલમાં કશી ઉતાવળ નહોતી, જાણે જિંદગીમાં દિલચસ્પી સાવ ખતમ થઈ ગઈ હોય એવી ચાલ હતી.

ઑગસ્ટ મહિનો હતો, પાંદડાં ખરવા લાગ્યાં હતાં.

મારા સાવકા બાપના દફનમાં હાજર રહેવાનો વખત મને ન મળ્યો, અને બાળાને હું ફરી કદી ન મળ્યો...

૧૭

દરરોજ સવારે છ વાગ્યે હું મેળાના વિસ્તારમાં કામે જવા નીકળી પડતો. ત્યાં દિલચસ્પ લોકોને મળવાનું થતું: ધોળા વાળવાળો આખાબોલો સુથાર ઓસિપ, તે કાબેલ કારીગર હતો અને દેખાવમાં સંત નિકોલાસ જેવો હતો; ખૂંધાળો છત-કારીગર યેફીમુશ્કા; નેકદિલ કડિયો પ્યોતર, ચિંતનની વૃત્તિ ધરાવતો એ આદમી પણ સંત જેવો લાગતો હતો; દેખાવડો કાંકરેટ-કારીગર ગ્રિગોરીય શીશિલન, સોનેરી દાઢી તથા નીલી આંખોવાળો અને સદા શાંત સદ્ભાવના ઝગારા મારતો માણસ.

એ લોકો સાથે મારી ઓળખાણ આલેખનકારના કુટુંબમાં મારી નોકરીના બીજા ગાળા દરમિયાન થઈ હતી. ઠરેલ અને પોતાનો માનમોભો જાળવી

રાખતા એ માણસો ખુશનુમા રીતે વાત કરતા અને મને અજાણ્યા પુષ્કળ મજેદાર શબ્દો વાપરતા. એ ભારેખમ ગામડિયાઓ મને બહુ જ સારા લાગતા, દરેક માણસ પોતાની રીતે રસપ્રદ હતો, અને કુનાવિનોના કમીના, દારૂડિયા, તથા ચોરટા વેપારીઓની સરખામણીમાં એ બધા ચડિયાતા હતા.

તેમાંથી કાંકરેટ-કારીગર શીશિલન મારો માનીતો હતો. મને તેના શિખાઉ મદદનીશ તરીકે રાખવાની અરજ પણ મેં તેને કરી હતી, પણ તેણે નરમાશથી ના પાડી હતી અને ગોરી આંગળીઓ વડે સોનેરી ભવાં ખજવાળતાં કહ્યું હતું:

"તું હજી બહુ નાનો છો, અમારું કામ આસાન નથી, એકબે વરસ થોભી જા."

પછી દેખાવડું માથું પાછળ ફંગોળતાં તેણે ઉમેર્યું હતું: "તને જિંદગી કદાચ મુશ્કેલ લાગતી હોય? એ તો ઠીક જ છે, સહી લેવાની મહેનત કર, મન ઉપર વધારે સખત કાબૂ જમાવી દે, એટલે તારું કામ ચાલશે."

મને ખબર નથી કે તેની સલાહથી કશો ફાયદો થયેલો કે નહિ, પરંતુ સલાહને મેં અહેસાનની લાગણીથી યાદ રાખી હતી.

તેઓ હજી દર રવિવારે સવારે માલિકને મળવા આવતા, રસોડાના ટેબલ નજીક બાંકડાઓ ઉપર બેસતા, રસપ્રદ વાતો કરતા કરતા માલિકની વાટ જોતા. માલિક તેમને ધમાલભરી ખુશાલીથી આવકારતો, તેમના મજબૂત હાથમાં હાથ મિલાવતો, અને દેવચિત્રના ખૂણામાં બેસી જતો. પૈસા અને પાવતીઓનો કારોબાર શરૂ થઈ જતો, ગામડિયાઓ ભરતિયાં અને હિસાબની ઘસાઈ ગયેલી પોથીઓ ટેબલ પર મૂકતા, અઠવાડિયાના કામનો હિસાબ પતાવવામાં આવતો.

માલિક ખૂબ મજાકમશ્કરી અને ઠઠ્ઠાઠેકડી કરતો તેમને છેતરવાની કોશિશ કરતો, અને તેઓ માલિકને છેતરવાની 'કોશિશ કરતા. ક્યારેક ગંભીર બોલાચાલી થઈ જતી, પરંતુ સામાન્ય રીતે સૌ સુમેળમાં ભેગા હસતા રહેતા.

"વાહ રે, દોસ્ત મારા! ખરો ધુતારો જન્મ્યો છો તું!" ગામડિયાઓ માલિકને કહેતા.

તે છોભીલું હસતો હસતો જવાબ દેતો:

"તમેય છેતરપિંડીમાં ઊણા ઊતરો એવા નથી! ગાજતાં મરઘાં ક્યાંના!"

"હા વળી, એમ નહિ તો બીજું શું હોય, ભાઈ મારા?" યેફીમુશ્કાએ એકરાર કરી લીધો, અને ગંભીર સ્વભાવના પ્યોતરે ટાપસી પૂરી:

"માણસ જે કંઈ ચોરે એના આધારે જ ગુજરાન ચાલે, ઈમાનદારીની કમાણી તો બધી ભગવાનને અને ઝારને જાય."

"એટલે જ તમને થોડાક ધૂતી લઉં છું," માલિક હસી પડતો બોલ્યો.

તેમણે ખુશમિજાજમાં વાત પકડી લીધી:

"એટલે એમ કે અમારી ખાલ ઉતારી લે છે. ખરું ને?"

"બુદ્ધુ બનાવીને લૂંટી લે છે, બરાબર?"

ગ્રિગોરીય શીશિલન છાતીએ છવાયેલી ઝાડી જેવી દાઢી ઉપર હાથ ફેરવતો લહેકાદાર અવાજે બોલ્યો:

"ભાઈઓ, આપણે કોઈ જાતની છેતરપિંડી વગર કામ ચલાવીએ તો કેમ? ઈમાનદારીથી જ જિંદગી ગુજારીએ તો? તમને નથી લાગતું કે બધું મઝાનું ને આસાન બની જાય, હેં? બોલો, ભલા માણસો, શું ખ્યાલ છે તમારો?"

તેની નીલી આંખો ભીની અને ઘેરી બની ગઈ. એ ઘડીએ તે અજબ દેખાવડો લાગતો હતો. તેની વાત સાંભળીને સૌ જાણે જરાક અકળામણમાં પડી ગયા, અને તેમણે બેચેનીમાં ચહેરા બીજી તરફ ફેરવી લીધા.

"ગામડિયો કોઈને બહુ ઝાઝું ન છેતરી શકે," સુઘડ ઓસિપ નિસાસો નાખતો ગણગણ્યો, જાણે કેમ ગામડિયાની દયા ખાતો હોય.

ઘેરા વાનનો અને ગોળગોળ ખભાવાળો કડિયો ટેબલ ઉપર વધારે નમીને ઘોઘરા અવાજે બોલ્યો:

"પાપિયાં કામ તો કળણ જેવાં હોય, જેમ આગળ ડગલાં ભરો તેમ વધારે ઊંડા ડૂબો એમાં!"

માલિકે જવાબમાં તેમના જેવો જ અવાજ અપનાવી લીધો:

"હું તો તમારા હાકલાને બંધબેસે એવા પડઘા પાડવા તૈયાર છું."

તેઓ થોડી વાર એવી ફિલસૂફી ડહોળતાં રહ્યા અને પછી વળી એકબીજાને ભોળવવાની કોશિશ કરવા લાગ્યા. હિસાબ પતી ગયો એટલે તેઓ ઊભા થઈ ગયા. રકઝકને લીધે તેમને થાક ચડી ગયો હતો અને પરસેવો વળી ગયો હતો. પછી સૌ સરાઈમાં ચા પીવા રવાના થઈ ગયા. તેમણે માલિકને પણ સાથે જઈને ચા પીવાનું આમંત્રણ આપ્યું.

મેળાની જગ્યાએ મારું કામ પૂરી તકેદારી રાખવાનું હતું કે એ લોકો

ખીલીઓ, ઈંટો, અને લાકડાંની ચોરી ન કરે. દરેક માણસ મારા માલિકના કામની સાથોસાથ અલગ ઠેકેદારી પણ કરતો અને પોતાના ઉપયોગ માટે માલ સરકાવી લેવાની કોશિશ કરતો.

તેમણે મને હેતાળ રીતે આવકાર્યો પણ શીશિલને કહ્યું:

"યાદ છે, તેં મારો શિખાઉ મદદનીશ બનવાની વાત કરેલી? અને હવે જો, તને બઢતી મળી ગઈ, તું તો મારો મુકાદમ બની ગયો, હેં?"

"અરે, પરવા નહિ," ઓસિપે મજાક કરી, "જેટલા જાસૂસવેડા ને ખાંખાંખોળા કરવા હોય એટલા કરી લેજે તું તારે!"

પ્યોતર જરાક ખારમાં બોલ્યો: "ઘરડા ઉંદરોની ઉપર જાપતો રાખવા જુવાન બિલાડાને શું કામ ગોઠવી દેતા હશે?"

મારી ફરજ જાણે મારે માથે નિર્દય બોજા જેવી હતી, એ લોકોની હાજરીમાં મને શરમની લાગણી થતી હતી. મને લાગતું હતું કે તેઓ બધા માત્ર તેમના પૂરતી જ સીમિત કશીક સારી જાણકારી ધરાવતા હતા, અને હું તેમની ઉપર એવો જાપતો રાખતો હતો કે તેઓ જાણે ચોર અને ધુતરા હોય. શરૂઆતના થોડાક દિવસો મારે માટે બહુ મુશ્કેલ બની રહ્યા. એ વાત ઓસિપના ધ્યાનમાં આવી ગઈ અને તેણે નજર સીધી મારી આંખોમાં ઠેરવીને કહ્યું:

"સાંભળ, જુવાન, આમ કચવાતો રહેવાનું મૂકી દે, એનો કાંઈ મતલબ જ નથી, સમજ્યો ને?"

હું બેશક નહોતો સમજ્યો, પણ મને અણસારો આવી ગયો કે ઘરડા આદમીને મારી હાલતની અસંગતતાનો ખ્યાલ આવી ગયો છે. અમે તરત એકબીજાના સંબંધમાં એકદમ નિખાલસ બની ગયા.

તે મને ખૂણામાં લઈ જઈને સૂચનાઓ આપતો:

"તારે જાણવું હોય તો અમારામાં મોટો ચોર કડિયો પ્યોતર છે. લાલચુ માણસ છે, અને એને મોટું કુટુંબ છે. એની ઉપર ચાંપતી નજર રાખજે, એ તો હાથમાં આવે એવું કાંઈ પણ લઈ લેવાનો—એક રતલ ખીલીઓ હોય, કે દસબાર ઈંટો હોય, કે પછી રેતીચૂનાની ગૂણ હોય, બધુંય જાય! આમ આદમી સારો છે, નેકદિલ અને વિચારોની બાબતમાં સીધો, અને વાંચતાં લખતાં આવડે છે, પણ એક કમજોરી છે, ચોરી કરવાની. યેફીમુશ્કાની વાત લે, એ તો બૈરાંને ખાતર જ જીવે છે. તારા કામની બાબતમાં સાવ ગરીબડો છે, એના તરફથી કશા નુકસાનની વકી નથી.

એના માથામાં અક્કલ છે, ખૂંધાળા માણસો બધા ચબરાક હોય જ. ગ્રિગોરીય શીશ્લિન ભોટ છે, એ તો પોતાનું હોય તેને પણ સાચવી ન શકે, પછી બીજાનું કાંઈ લઈ લેવાની વાત જ ક્યાં રહી! એને તો કોઈ પણ માણસ બુદ્ધુ બનાવી શકે, પણ એનાથી કોઈને ભોળવવાનું બને જ નહિ. એ જે કાંઈ કરે એમાં કશો ઢંગધડો હોતો જ નથી."

"સારો માણસ છે?"

ઓસિપ જાણે દૂરથી જોતો હોય એવી રીતે મને નીરખતો રહ્યો અને પછી યાદગાર શબ્દો બોલ્યો:

"હા, સારો માણસ છે. આળસુ માણસ માટે સારો બની રહેવાથી વધારે સહેલું બીજું કંઈ નથી હોતું, સારા બનવામાં ભેજાની જરૂર ન પડે, જુવાન ભાઈ મારા!"

"અને તારી બાબતમાં શું?" મેં ઓસિપને પૂછ્યું.

તેણે જરાક હસીને જવાબ આપ્યો:

"હું તો છોકરી જેવો છું, દાદીમા બનવા જેવડો થઈશ ત્યારે તને કહીશ કે કેવો છું. ત્યાં સુધી વાટ જોવી પડશે તારે. નહિતર ભેજું ચલાવીને તાગ કાઢી લે મારો, કરી જો કોશિશ!"

તેને વિશેના અને તેના દોસ્તો વિશેના મારા બધા ખ્યાલો તેણે ઊંધાચત્તા કરી નાખ્યા. તેણે કરેલી વાતોની સચ્ચાઈ વિશે મને જરાય શંકા નહોતી. હું જોઈ શકતો હતો કે યેફીમુશ્કા, પ્યોતર, અને ગ્રિગોરીય એ સુઘડ ઘરડા માણસને પોતાના કરતાં વધારે ચતુર અને વહેવારુ બાબતોનો બહેતર જાણકાર ગણતા હતા. તેઓ દરેક બાબતમાં તેની સલાહ લેતા, તેની વાત ધ્યાનથી સાંભળતા, અને તેની તરફ પૂરો આદર બતાવતા.

"ભલા ભાઈ, અમને સલાહ આપ," તેઓ તેને કહેતા. પણ એક વાર એવી અરજ પછી ઓસિપ ચાલ્યો ગયો ત્યારે કડિયાએ હળવા અવાજે ગ્રિગોરીયને કરેલી ટકોર મારે કાને પડી:

"પાખંડી!"

ગ્રીગોરીયે ઘૂરકતા અવાજે ટાપસી પૂરી: "રંગલો!"

કાંકરેટ-કારીગરે મને દોસ્તીના ભાવે ચેતવણી આપી:

"મક્સીમિચ, ડોસાની બાબતમાં ધ્યાન રાખજે! સાવચેતી રાખવા જેવું છે! પલકવારમાં તને એની ટચલી આંગળી ફરતો વીંટાળી દેશે! જડબાં

કાયમ ચલાવતા રહેતા ડોસાઓ... કેટલું નુકસાન કરતા હોય છે એની ખાલી ભગવાનને જ ખબર પડે!"

મને તેમાં ટોચ કે તળિયાની કશી ગતાગમ ન પડી.

મને લાગ્યું કે બધા કારીગરોમાં સૌથી વધારે પ્રમાણિક અને સદાચારી માણસ કડિયો પ્યોતર છે. તે હંમેશાં ટૂંકી અને ગંભીર વાતો કરતો. તેના વિચારો ઘણીઘણી વાર ઈશ્વરની તેમ જ મોત અને અવગતિની દિશામાં વળતા રહેતા.

"અરે, ભાઈઓ, માણસ ગમે એટલી કોશિશો કરે અને આશાઓ રાખે પણ આખરે કફનમાં ને કબરમાં જવાનો જ!"

તેને પેટની કશીક બીમારી હતી. તે દિવસોના દિવસો સુધી મુદ્દલ ખાઈ જ ન શકતો, રોટીનો સાવ ટચૂકડો કકડો ખાઈ લે તોયે તેને પીડાની આંચકીઓ અને મોળ આવવા લાગતી.

ખૂંધાળો યેફીમુશ્કા પણ જરાક હાસ્યાસ્પદ હોવા છતાં અને ક્યારેક બોઘો લાગે એવી પરમાનંદની અદા ધારણ કરી લેતો હોવા છતાં ભલો અને ઈમાનદાર લાગતો હતો. તે લગાતાર પ્રેમમાં પડતો રહેતો અને પોતાને ગમતી દરેક ઓરતનું વર્ણન એકના એક શબ્દોમાં કરતો:

"સાફ વાત કહી દઉં છું... ઓરત છે જ નહિ, મલાઈના કટોરામાં ખીલેલું ફૂલ છે, એવી છે!"

કુનાવિનોની ચાંપલી ઓરતો દુકાનોના ભોંયપટ સાફ કરવા આવે ત્યારે યેફીમુશ્કા છાપરેથી નીચે આવતો અને કોઈ ખૂણામાં ગોઠવાઈ જતો, ત્યાં ઊભોઊભો ખુશીનો ગણગણાટ કરતો રહેતો, તેની તેજસ્વી રાખોડી આંખો એકદમ ગોળ સંકોડાઈ જતી, અને મોં જાણે એક કાનથી બીજા કાન સુધી લંબાઈ જતું.

"અરે વાહ! ભગવાને આજે કેવી લહેજતદાર વાનગી મારી સામે મૂકી છે! અરે વાહ! કેવી ખુશી ઊડતી ઊડતી મારા હાથમાં આવી છે! જુઓ તો ખરા, કેવી ફૂલકળી છે! આવી બક્ષીસ બદલ કિસ્મતનું અહેસાન કેવી રીતે માનવું, હેં? આવા રૂપમાં તો હું બળીને રાખ થઈ જવાનો, નહિ?"

શરૂઆતમાં તો બાઈઓ હસતી હસતી તેની ઠેકડી ઉડાડતી એકબીજીને કહેતી:

"અરે, જુઓ ને, આ ખૂંધાળો તો ઓગળી રહ્યો છે! ભલા ભગવાન!"

છત-કારીગર તેમની ઠઠ્ઠાઠેકડીથી જરાય અકળાતો નહિ. ગાલનાં ઊપસેલાં હાડકાંવાળો તેનો ચહેરો ધીરેધીરે જાણે નીંદરઘેરો બની જતો, તે જાણે સનેપાતમાં હોય એવી રીતે બોલવા લાગતો, મીઠાંમીઠાં વેણનું નશીલું વહેણ વહેતું મૂકી દેતો, અને સાફ દેખાઈ આવતું કે બાઈઓને કેફ ચડવા લાગતો. આખરે તેમાંથી મોટેરી બાઈ જરાક અચરજના ભાવે બોલતી:

"ગામડિયો એવુંએવું બોલે છે કે જાણે જુવાનિયો હોય!"

"પંખીની જેમ ગાન કરે છે!"

"કે પછી દેવળને દરવાજે ઊભેલા ભિખારીની જેમ..." મોટેરી બાઈ કરડા અવાજે કહેતી.

પણ યેફીમુશ્કા ભિખારીને જરાય મળતો નહોતો આવતો. ખરબચડા ઠૂંઠિયાની જેમ તેના પગ ધરતીમાં મક્કમ ખોડાયેલા હતા. તેનો અવાજ વધારે ને વધારે મોહક બનતો જતો, તેનાં વેણ વધારે ને વધારે લલચામણાં બનતાં જતાં, બાઈઓ વાતો બંધ કરીને સાંભળતી રહેતી. તે મધઝરતી વાણી વડે જાણે વશીકરણની જાળ ગૂંથતો હોય એમ લાગતું.

આખરી અંજામમાં તે વાળુના વખતે અથવા સોમવારે સવારે પાછો આવતો, મોટું ચોરસ માથું હલાવતો, અને હેરતની લાગણી બતાવતો સાથીઓને કહેતો:

"વાહ! કેવી મીઠી ઓરત! કેવી વહાલુડી! એવી તો જિંદગીમાં પહેલી જ વાર માણવા મળી!"

યેફીમુશ્કા પોતાની ફતેહોની વાત કરતી વેળા બીજા માણસોની જેમ ક્યારેય શેખી ન મારતો કે ઓરતોની ઠેકડી ન ઉડાડતો, કેવળ સુખદ અહેસાનમંદ હેરતમાં આંખો પહોળી કરીને મોં મલકાવતો.

ઓસિપ માથું હલાવતો બોલી ઊઠયો:

"નર્યો રીઢો ભાયડો છો તું! તેં શું કીધેલું, કેટલાં વરસ થયાં છે તને?"

"ચાળીસ ને ચાર. પણ એનો કાંઈ મતલબ જ નથી. આજે મારી ઉંમર પાંચ વરસ ઘટી ગઈ છે! હું જીવતા પાણીમાં ડૂબકી મારીને જાણે નવોનકોર બહાર નીકળ્યો છું! અરે વાહ! કેવી ઓરતો!"

કડિયાએ કરડા અવાજે તેને કહ્યું:

"ધ્યાન રાખજે, તારી આજની વંઠેલ જિંદગી તું પચાસનો ઉંબરો ઓળંગે ત્યારે તારા મોંમાં કડવાશ ભરી દેશે."

ગ્રિગોરીય શીશિલન નિસાસો નાખતો બોલ્યો: "બેશરમ જીવડો છો તું, યેફીમુશ્કા!"

પણ મને લાગ્યું કે દેખાવડા જુવાનને ખૂંધાળાની ફતેહોની અદેખાઈ આવતી હતી.

"છોકરીઓ બધીય પોતપોતાની રીતે ઢળી જ પડે, એકને મીઠાઈ ગમતી હોય તો બીજીને મોતીનું ઘેલું હોય, અને બધીય છોકરીઓ દાદીમા બનવાની જ..."—ઓસિપ મજાક કરતો કહેતો.

શીશ્લિન પરણેલો હતો, પણ તેની વહુ ગામમાં રહેતી હતી. તે પણ સફાઈ કરનારી ઓરતોને તરસતી નજરે જોતો રહેતો. બધી બાઈઓ પહોંચમાં હતી, દરેક ઓરત "વધારાનું" થોડુંક કમાઈ લેવાના વેંતમાં રહેતી, અને કંગાલિયતમાં સબડતા એ સમુદાયમાં કમાણીની એવી રીત બીજી કોઈ રીત જેટલી જ વાજબી ગણાતી. પરંતુ દેખાવડો ગામડિયો કોઈ પણ ઓરતને કદી અડતો નહિ, ખાલી દૂરથી તાકતો રહેતો, તેના ચહેરામાં અજબ ભાવ છવાઈ જતા, જાણે કેમ તેમની અથવા ખુદ પોતાની દયા ખાતો હોય. બાઈઓ પોતે જ તેની જોડે નખરાં કરવા અને તેને લલચાવવા લાગે ત્યારે તે અકળામણમાં અટવાઈને હસી પડતો, અને આઘો ખસી જઈને કહેતો:

"તમેય તે શું હવે..."

"ઘેલો છો કે શું?" યેફીમુશ્કા જાણે માની જ ન શકતો હોય એમ તેને કહેતો. "આવા લાગને તું કેમ હાથમાંથી નીકળી જવા દે છે?"

"હું તો પરણેલો છું," ગ્રિગોરીય તેને યાદ કરાવતો.

"તારી વહુને ક્યારેય ખબર જ નહિ પડે."

"ધણી બેવફાઈની જિંદગી જીવતો હોય તો ઘરવાળીને ખબર પડી જ જાય. વહુને છેતરવાનું બને જ નહિ, ભાઈ મારા!"

"કેવી રીતે ખબર પડે?"

"એ તો હું નથી જાણતો, પણ ઓરત પોતે વફાદાર હોય તો એને ખબર પડયા વગર રહે જ નહિ. વળી હું વફાદારીની જિંદગી જીવતો હોઉં અને ઘરવાળી પાપમાં પડી હોય તો મનેય ખબર પડી જાય."

"કેવી રીતે?" યેફીમુશ્કા બોલી ઊઠયો, પણ ગ્રિગોરીયે શાંત અવાજે ફરી કહ્યું:

"એ તો હું નથી જાણતો."

છત-કરીગરે અધીરાઈમાં હાથ હલાવ્યો.

"જોવા જેવું છે! 'વફાદારીની જિંદગી', 'જાણતો નથી'! અરે, કોણ જાણે શું ભર્યું છે તારા માથામાં!"

શીશિલનના સાત મજૂરો હતા, અને તે જાણે માલિક ન હોય એવી રીતે મોકળા મને તેની જોડે કામ કરતા, પરંતુ તે હાજર ન હોય ત્યારે તેને વાછરડો કહેતા. તે આવે અને મજૂરોને આળસમાં વખત બરબાદ કરતા જુએ કરણી લઈને ઝનૂનથી કામ કરવા મંડી પડતો અને માયાળુ અવાજે લલકારતો:

"ચાલો, ભાઈઓ, કામ કરવા મંડો!"

મારા અધીરા માલિકના હુકમ મુજબ મેં એક વાર ગ્રિગોરીયને કહ્યું:

"તારા મજૂરો નકામા છે."

"એમ કે?" તે અચરજમાં બોલી ઊઠયો, જાણે કેમ તેને એવો ખ્યાલ ક્યારેય આવ્યો જ ન હોય.

"આ કામ ગઈકાલે બપોર સુધીમાં પૂરું થવું જોઈતું હતું, પણ આજેય પૂરું નહિ થાય."

"ખરી વાત, નહિ કરી શકે," તેણે એકરાર કરી લીધો, પણ જરાક વાર ચુપ રહીને અચકાતાં અચકાતાં ઉમેર્યું:

"મને ખબર તો છે કે કામમાં ઢીલા છે, પણ જબરજસ્તી કરવામાં શરમ આવે છે. બધાય ઘરના છોકરા જેવા છે, મારા જ ગામના. ઈશ્વરે નિયમ બાંધ્યો છે કે માણસ કપાળેથી પરસેવો ટપકાવીને રોટી કમાય. પણ એ તો બધાયને લાગુ થાય, તને અને મનેય લાગુ થાય, ખરું કે નહિ? પણ તું ને હું એમના કરતાં ઓછું કામ કરીએ છીએ. એટલે જબરજસ્તી કરવામાં મને શરમ આવે છે..."

તે ઘણી વાર ઊંડા વિચારમાં ગરકાવ થઈ જતો. ક્યારેક મેળાના વિસ્તારની ખાલી શેરીમાં ચાલતો ચાલતો ઓબ્વોદ્‌ની નહેરના પુલ ઉપર પહોંચી જાય, અને કઠેરા ઉપર નમીને કલાકો સુધી પાણીને, આસમાનને, અને ઓકા નદીની પેલી પાર અફાટ ધરતીને તાકતો રહે. કોઈ તેની પાસે પહોંચી જઈને પૂછે કે "શું કરે છે?" તો ચોંકી જાય અને અકળામણમાં અટવાઈ જઈને મોં મલકાવતો બોલી ઊઠે: "ખાસ કંઈ નહિ. જરાક થાક ખાવા અને આસપાસ નજર ફેરવી લેવા ઊભો રહી ગયેલો."

"ભગવાને પૂરી બાંધણી જેવી જોઈએ એવી જ કરી છે," તે ઘણી વાર કહેતો. "આકાશ, ધરતી, તેમાં વહેતી નદીઓ, વહાણો... વહાણમાં બેસીને જ્યાં જવું હોય ત્યાં જવાય... રિયાઝાન કે રીબિન્સ્ક, પેર્મ કે આસ્ત્રાખાન... હું એક વાર રિયાઝાન ગયેલો... શહેર ખરાબ નથી, પણ

કંટાળો ઊપજે એવું, નીઝની-નોવગોરદ કરતાંયે વધારે કંટાળો ઊપજે એવું. આપણું નીઝની તો ખુશનુમા છે. આસ્ત્રાખાન પણ વધારે કંટાળો ઉપજાવે. મોટી વાત એ કે આસ્ત્રાખાનમાં કાલ્મીકો ભર્યા પડયા છે, અને મને કલ્મીકો ગમતા જ નથી. આ મોર્દોવિયનો ને કાલ્મીકો ને ઇરાનીઓ ને જર્મનો ને પરદેશોમાં જનમેલા બધાય મારી નજરમાં જરાય કામના નથી..."

તે ધીરેધીરે બોલતો. તેના બોલ જાણે સાવચેતીથી તલાશ કરતા રહેતા કે કોઈ સહમત થઈ જાય. અને સામાન્ય રીતે કડિયો પ્યોતર સહમત થઈ જતો.

"એ લોકો પરદેશોમાં જનમેલા નથી, બહાર જનમેલા છે," પ્યોતર કડવાશભર્યા અવાજે બોલ્યો. "વાડાની બહાર, ઈસુના ધરમની બહાર, જનમેલા છે, અને ઈસુ વગરની જિંદગી જીવે છે..."

ગ્રિગોરીયના ચહેરામાં ખુશી છવાઈ ગઈ.

"તમને જેમ લાગે એમ ખરું, ભાઈઓ, પણ મને તો પાક જનમેલા સીધી આંખોવાળા રૂસીઓ ગમે. મારી નજરમાં તો યહૂદીઓ પણ નકામા... મને તો કોઈ રીતે સમજાતું જ નથી ભગવાને પરદેશીઓને શું કરવા બનાવ્યા હશે... બહુ ઊંડું ડહાપણ હશે એમાં..."

કડિયો ચિડિયલ અવાજે બોલ્યો:

"હશે ઊંડું કદાચ, પણ દુનિયામાં પુષ્કળ એવું છે કે જે ન હોય તોયે ચાલે..."

એવી વાતો સાંભળીને ઓસિપે હાંસીભર્યા દાહક અવાજે કહ્યું:

"હા, દુનિયામાં પુષ્કળ એવું છે કે જે ન હોય તોયે ચાલે, દાખલા તરીકે આ તમારી વાતો. કાયમ કજિયા! મેથીપાકને લાયક છો!"

ઓસિપ વેગળો રહેતો, ક્યારેય કળાવા ન દેતો કે કોની જોડે એકમત છે અને કોનાથી નોખા મતનો છે. કોઈ વાર લાગતું કે તે દરેકની જોડે અને દરેક બાબતમાં સહમત છે, પણ વધારે વાર વરતાઈ આવતું કે દરેક બાબતથી કંટાળી ગયો છે અને તમામ લોકોને મૂરખ ગણે છે.

"અરે, ડુક્કરનાં બચ્ચાં જેવા છો તમે!" તે પ્યોતરને અને ગ્રિગોરીયને અને યેફીમુશ્કાને કહેતો.

તેઓ જરાક હસતા, બહુ ખુશાલ કે જુસ્સાદાર નહિ પણ હસતા ખરા. માલિક મને રોજ ખાવાના પાંચ કોપેક આપતો. એટલા પૈસા પૂરા ન પડતા, અને ઘણી વાર હું ભૂખ્યો રહી જતો. મારી હાલત જોઈને મજૂરો મને બપોરે અને સાંજે તેમની ભેગો ખાવા બોલાવી લેતા, અને ક્યારેક

ઠેકેદારો સરાઈમાં ચા પીવા ભેગો લઈ જતા. હું આમંત્રણો ખુશીથી સ્વીકારી લેતો. તેમની સંગાથે બેસવામાં અને તેમની ધીમી વાણી તથા અજબ કહાણીઓ સાંભળવામાં મને મઝા પડતી. ધર્મનાં પુસ્તકોની મારી જાણકારી જોઈને તેઓ ખુશ થઈ જતા.

"તેં ચોપડીઓ ધરાઈને વાંચી છે, માથામાં ઠાંસીઠાંસીને ભરી દીધી છે," ઓસિપ નીલી આંખો મારી ઉપર તાકીને બોલ્યો. આંખોના ભાવ સમજવાનું મુશ્કેલ હતું, કીકીઓના રંગીન ભાગ જાણે ધોળા ભાગમાં ઓગળી રહ્યા હતા.

"જાણકારીને સાચવીને રાખજે, સંઘરીને રાખજે, ક્યારેક કામ આવશે. મોટો થાય ત્યારે ધારે તો વૈરાગી બની શકે, લોકોને માયાળુ વેણ કહીને દિલાસો આપવા, કે પછી લખપતિ...

"લખપતિ નહિ સાધુજતિ," કડિયાએ ભૂલ સુધારી, કોણ જાણે કેમ પણ તેના અવાજમાં માઠું લાગ્યું હોવાની છાયા હતી.

"હેં?" ઓસિપ બોલ્યો.

"મેં કીધું કે એવા માણસોને સાધુજતિ કહેવાય. તું કાંઈ બહેરો નથી."

"ભલે... સાધુજતિ... પાખંડીઓની સામે દલીલો કરવા. અથવા પાખંડીઓ ભેગોયે ભળી જઈ શકે... એમાંય કમાણી ઓછી નથી. ભેજું સરખી રીતે વાપરે તો પાખંડમાંથીયે મઝાનો ગુજારો કરી શકે..."

ગ્રિગોરીય જાણે બેચેનીમાં હસ્યો, અને પ્યોતર દાઢીમાં બબડયો:

"એમ તો ડાકણોની જિંદગીયે કાંઈ ખરાબ નથી હોતી, ઈશ્વરથી વેગળા જાતજાતના જીવોયે..."

"ડાકણો જાણકાર ન હોય... ડાકણોને ચોપડીઓની જાણકારીની જરૂર ન પડે," ઓસિપે વાંધો ઉઠાવ્યો. પછી મારી તરફ ફરીને તેણે કહ્યું: "આમ જો, મારી વાત સાંભળ, એક માણસ હતો, એકલ જીવ, અમારા તાલુકામાં રહેતો હતો, તૂશિનકોવ નામે, ગરીબ અને એક રીતે નકામો, કાંઈ આવડેબાવડે નહિ. પીંછાંની જેમ જિંદગી ગુજારતો હતો... ઘડીક એક ઠેકાણે તો ઘડીક બીજે ઠેકાણે... પવન ફૂંકાતો હોય ત્યાં ઊડી જાય... મજૂરેય નહિ ને રખડુયે નહિ... પછી એવું બન્યું કે બીજું કાંઈ કરવાનું નહોતું એટલે એક દિવસે જાત્રાએ નીકળી પડયો. બે વરસ વીતી ગયાં... અને સાવ અણધાર્યો જ પાછો આવી ગયો... પોશાક બદલાઈ ગયેલો... ખભે લટકતા લાંબા વાળ, માથે પાદરી જેવી ટોપી, શરીરે ભગવા જેવા

રંગનો પટીદાર સુતરાઉ ઝભ્ભો... ઝનૂન ટપકતી નજરે લોકોને વીંધી નાખે અને પડકારા કરતો રહે: 'ત્રણ ત્રણ નરકના કીડાઓ, પસ્તાવો કરો!' લોકો પસ્તાવો કરતા કોનાથી અટકાવ્યા અટકે... ખાસ કરીને બાઈઓ કાંઈ અટકે? એનો ધંધો મઝાનો ચાલવા લાગ્યો. તૂશિનકોવને ખાવાની મોજ. તૂશિનકોવને પીવાની મોજ. તૂશિનકોવને જોઈએ એટલી ઓરતોની મોજ..."

કડિયો ખીજે ભરાઈને વચમાં બોલી ઊઠયો:

"એટલે મોટી વાત શું... ખાવાની ને પીવાની?"

"નહિતર શેની?"

"મોટી વાત તો... બોલની!"

"હશે, એના બોલ કેવા હતા એની તપાસ તો નથી કરી, બોલ તો મારી કને એટલા બધા છે કે પાર જ ન આવે!"

"અમે બહુ સારી રીતે જાણીએ છીએ તૂશિનકોવને, પૂરું નામ દ્મીત્રીય વસીલ્યેવીચ છે," કડિયો દુભાયેલા અવાજે બોલ્યો. ગ્રિગોરીય મૂંગોમૂંગો નજર નીચે ઢાળી દઈને પ્યાલાને તાકી રહ્યો.

"મારે દલીલબાજી નથી કરવી," ઓસિપ જાણે મેળ કરી લેવા માગતો હોય એમ બોલ્યો. "મારો ઈરાદો તો રોજની રોટી કમાવાની જાતજાતની રીતો મક્સીમિચને બતાવવાનો હતો, બસ."

"કેટલીક રીતો જેલમાં પહોંચાડી દે..."

"ઘણી..." ઓસિપ સહમત થઈ ગયો. "ખરી સાધુતા સાધવાની રીતો તો બહુ ઓછી છે... એટલી આવડત હોવી જોઈએ કે ક્યાં થંભી જવું..."

કાંકરેટ-કારીગર અને કડિયા જેવા નેકદિલ માણસોના સંબંધમાં તે હંમેશાં થોડોઘણો વ્યંગ કરતો રહેતો. કદાચ તેને ગમતા નહિ હોય, પણ તે પોતાની લાગણીઓને કાળજીથી છુપાવી રાખતો. સામાન્ય રીતે, લોકો તેનું વલણ કળી લેવાનું કામ મુશ્કેલ હતું.

તે યેફીમુશ્કા જોડે વધારે માયાળુ અને નરમાશભર્યું વર્તન કરતો. છત-કારીગર સાથીઓના માનીતા વિષયોની, ઈશ્વાર અને ઇનસાફ અને સંપ્રદાયો અને માનવીના જીવનના સંતાપો જેવી બાબતોની, ચર્ચાઓમાં ભાગ ન લેતો. ખૂંધ ટેકણ જોડે ઘસાય નહિ એટલા ખાતર ખુરશીને આડી ગોઠવીને બેઠોબેઠો યેફીમુશ્કા શાંતિથી ચાનો એક પછી એક ગ્લાસ પીતો રહેતો. પણ

પછી એકાએક સાવધાન થઈ જતો, ધુમાડો ભરેલા ઓરડામાં આમતેમ નજર ફેરવતો, કાન સરવા કરીને વાતોના શોરબકોરમાંથી કશુંક સાંભળવાની કોશિશ કરતો, અને આખરે ખડો થઈ જઈને પોબારા ગણી જતો. મતલબ કે તેનો કોઈ લેણદાર સરાઈમાં દાખલ થયો હોય. તેના પૂરા દસબાર લેણદાર હતા. તેમાંથી કેટલાકનું વલણ મેથીપાક ચખાડીને લેણું વસૂલ કરવાનું રહેતું, એટલે છત-કારીગર ભાગતો રહેતો.

"અજબ રીત છે, બસ તૂટી જ પડે છે," તે અચરજમાં કહેતો. "પૈસા હોય તો હું ખુશીથી ચૂકવી ન દઉં?"

"છી! ઠૂંઠિયું!" ઓસિપ તેની પાછળ બરાડો પાડતો.

ક્યારેક યેફીમુશ્કા બેઠોબેઠો વિચારમાં ડૂબી જતો, કંઈ દેખે નહિ, કંઈ સાંભળે નહિ, દૂબળા ચહેરામાં શાતા છવાયેલી હોય, માયાળુ આંખો વધારે માયાળુ બની ગઈ હોય.

"કેમ દોસ્ત, શું વિચારમાં પડી ગયો છો?" તેઓ તેને પૂછતા.

"વિચાર કરું છું કે પૈસાદાર હોત તો ખરી અસલ બાનુ જોડે, ઉમરાવજાદી જોડે, શાદી કરત... હું જીવતો છું એવી જ જીવતીજાગતી... સમજો કે કર્નલની દીકરી... અને એવું વહાલ કરત એને કે બસ! એની સોડમાં ઝડપથી બળીને રાખ થઈ જાત! ભાઈઓ, વાત આમ બનેલી: એક વાર મેં કોઈ કર્નલની ગામની હવેલીની નવી છત બાંધેલી..."

"એને વિધવા દીકરી હતી... એ બધુંય અમે સાંભળી ચૂક્યા છીએ!" પ્યોતર ખીજે ભરાઈને વચમાં બોલી ઊઠયો.

પણ યેફીમુશ્કાનું રૂંવાડુંયે ન ફરક્યું, તેણે ગોઠણ ઉપર હથેળીઓ ઘસતાં ઘસતાં અને આગળપાછળ ડોલીને ખૂંધ વડે હવાને ચીરતાં ચીરતાં વાત ચાલુ રાખી:

"બગીચામાં આવતી, ધોળીધોળી ને રૂ જેવી પોચીપોચી, હું છાપરેથી એને જોતો રહેતો અને મનમાં વિચારતો રહેતો: આના વગર તો આ સૂરજેય શું કામનો છે? અને આખી દુનિયાયે શું કામની છે? પારેવાની જેમ ઊડીને એના પગ પાસે બેસી જવાનું બનતું હોત ને! ફૂલ જેવી હતી, મલાઈના કટોરામાં મધુરા મઝાના નીલા ફૂલ જેવી હતી! અરે, ભાઈઓ, એવી બાનુ મળી જાય ને તો જિંદગી જાણે લાંબીલાંબી રાત જેવી બની જાય!"

"અને ખાવાપીવાનું શું કરે તું?" પ્યોતરે કરડા અવાજે સવાલ કર્યો. પણ યેફીમુશ્કાને એથી કોઈ જાતની અકળામણ ન થઈ.

"ભગવાન રે ભગવાન!" તે બોલી ઊઠયો. "અમારે શું બહુ ઝાઝું જોઈએ? એના જેવી મળી હોય પછી... અમીર..."

ઓસિપ હસી પડયો.

"સાવ રખડેલ છો તું, યેફીમુશ્કા! આવા ધંધામાં સાવ બરબાદ થઈ જવાનો!"

યેફીમુશ્કા સ્ત્રીઓ સિવાય બીજા કશાની વાત કદી ન કરતો, અને કામ પણ એકધારું ન કરતો. ક્યારેક ઝડપથી સરસ કામ કરે અને ક્યારેક કામમાં કશો ઢંગધડો ન હોય, લાકડાની હથોડીને ઢીલા હાથે અને લાપરવાઈથી ઠપકારે, પરિણામે સાંધાઓમાં ખાલી જગ્યા રહી જાય. તેનાં કપડાંમાંથી હંમેશાં માછલીના તેલની ગંધ આવતી. પરંતુ તેની કાયાની આગવી વાસ પણ હતી, તાજાં કાપેલાં લાકડાં જેવી ખુશનુમા અને નીરોગી વાસ.

સુથાર જોડેની વાતચીત હંમેશાં દિલચસ્પ બની રહેતી, દિલચસ્પ ખરી પણ બહુ ખુશાલ નહિ. તેના શબ્દો હંમેશાં જાણે અકળાવી દેતા, સમજવું મુશ્કેલ બની જતું કે ક્યારે મજાક કરે છે અને ક્યારે ગંભીર વાત કરે છે.

ગ્રિગોરીયને ઈશ્વરની વાતો કરવાનું ગમતું, ઈશ્વર અંગે તેને ખરા પ્રેમ અને ઊંડી શ્રદ્ધાની લાગણી હતી.

મેં એક વાર તેને કહ્યું:

"ગ્રિગોરીય, તને ખબર છે કે ઈશ્વરમાં ન માનનારા લોકો પણ હોય છે?"

તે જરાક હસીને બોલ્યો:

"શું કહ્યું?"

"એ લોકોનું કહેવું છે કે ઈશ્વર છે જ નહિ."

"અરે, હા. ખબર છે."

કોઈ અદૃશ્ય માખીને હાથનો ઝપાટો મારતો તે આગળ બોલ્યો:

"યાદ છે કે રાજા ડેવિડે શું કહેલું?.. 'મૂઢ માણસ મનમાં માનતો હોય છે કે ઈશ્વર નથી!' જોઈ લે, એવા અબુધ માણસોનો ફેંસલો કેટલા લાંબા વખત પહેલાં થઈ ગયેલો! ઈશ્વર વગર કોઈને ચાલે જ નહિ!.."

ઓસિપે જાણે સહમત હોય એવી રીતે ટકોર કરી:

"ઈશ્વરમાં ખ્યોતરની શ્રદ્ધા છીનવી લેવાની કોશિશ તો કરી જો... તને બરાબરની ખબર પાડી દેશે!"

શીશિલનનો દેખાવડો ચહેરો ગંભીર બની ગયો, તેણે ચૂનાના પડ

છવાયેલા નખવાળી આંગળીઓ દાઢી ઉપર ફેરવતાં રહસ્યમય અવાજે રહ્યું:

"અંગની માટીના અણુએ અણુમાં ઈશ્વર હોય છે, અંતરાત્મા અને આંતરિક સત્ત્વ ઈશ્વરની બક્ષીસો છે."

"અને પાપ?"

"પાપ કાયાની માટીમાંથી પેદા થાય છે, પાપનો જનક શયતાન છે. પાપ તો બહાર જ હોય છે, શીળીના ડાઘાની જેમ, એથી વધુ કંઈ નહિ. પાપના બહુ વિચાર કરનારો માણસ બહુ પાપ કરે. મન પાપના ખ્યાલોથી વેગળું રહે તો માણસ પાપ ન કરે. પાપના ખ્યાલોની રોપણી કાયાની માટીનો સ્વામી શયતાન કરતો હોય છે."

કડિયો શંકાના ભાવે બોલ્યો:

"કોણ જાણે કેમ પણ મને લાગે છે કે... વાત સાવ એમ નથી..."

"બરાબર એમ જ છે. ઈશ્વરમાં પાપની છાયા સુદ્ધાં નથી હોતી, માનવી એટલે ઈશ્વરની બિંબપ્રતિમા અને ઈશ્વરનું સામ્ય. બિંબપ્રતિમા, કાયાની માટી, પાપ કરતી હોય છે, સામ્ય પાપ કરી શકે જ નહિ. સામ્ય એટલે આત્મા..."

તેણે વિજયની અદામાં મોં મલકાવ્યું, પણ પ્યોતર બબડયો:

"મને લાગે છે કે વાત સાવ એમ નથી..."

ઓસિપે કડિયાને કહ્યું:

"તારા ખ્યાલ મુજબ પાપ નહિ તો પસ્તાવો નહિ, અને પસ્તાવો નહિ તો ઉદ્ધાર નહિ."

"ખરી વાત. ગલઢાબુઢ્ઢા કહેતા એમ 'શયતાન નજરથી વેગળો તો ઈશ્વર મનથી વેગળો'..."

શીશ્લિનને દારૂ પીવાની ટેવ નહોતી એટલે મદિરાની બે પ્યાલીથી તેને કેફ ચડી ગયો. તેના ચહેરામાં ગુલાબી ઝળકાટ આવી ગયો, આંખો બાળકની આંખો જેવી બની ગઈ, અવાજ સુરીલો બની ગયો.

"અરે, ભાઈઓ, આપણી જિંદગી કેવી મઝાની છે! થોડું ઘણું કામ ને ભૂખનું નામ નહિ! ઈશ્વરની દયા છે! અજબ મઝાની જિંદગી છે!"

તે રડવા લાગ્યો, તેના ગાલ ઉપર થઈને વહેતાં આંસુ રેશમી દાઢીમાં મોતીની જેમ ઝગારા મારવા લાગ્યાં.

તેનાં કાચ જેવાં આંસુ જોઈને અને તેને કાયમ જિંદગીનાં ગુણગાન ગાતો સાંભળીને મને ઘૃણા થતી. નાનીમાને હોઠેથી સરતાં જિંદગીનાં ગુણગાન

સમજણમાં વધારે ઊતરતાં... વધારે સાદાં અને ઓછાં વળગાડિયાં લાગતાં.

એવી વાતો મને સતત તણાવની હાલતમાં રાખતી અને મનમાં અસ્પષ્ટ બીક પેદા કરતી. મેં ગામડિયાઓ વિશે ઘણી કહાણીઓ સાંભળી હતી, અને પુસ્તકોના તથા વાસ્તવિક ગામડિયાઓ વચ્ચેના સચોટ તફાવતની મને ખબર હતી. પુસ્તકોમાં તમામ ગામડિયાઓનું ચિત્રણ કમનસીબ જીવો તરીકે થતું, જીવતાજાગતા ગામડિયાઓમાં જોવા મળતી વિચાર અને વાણીની સમૃદ્ધિ પુસ્તકોના સારા કે નરસા કોઈ પણ ગામડિયામાં ન દેખાતી. પુસ્તકનો ગામડિયો ઈશ્વરની અને સંપ્રદાયોની અને ધરમકરમની વાતો ઓછી કરતો, ચડિયાતા માણસોની અને જમીનની અને જિંદગીના ગેરઇનસાફ તથા હાડમારીઓની વાતો વધારે કરતો. વળી સ્ત્રીઓની વાતો પણ તે ઓછી કરતો, અને તેમની તરફ તેનું વલણ ઓછું અણઘડ તથા વધારે સમભાવી રહેતું. વાસ્તવિક ગામડિયાની બાબતમાં સ્ત્રી ગમ્મતના સાધન જેવી હતી, પણ જોખમી સાધન જેવી. તેને સ્ત્રીની સાથે લુચ્ચાઈ કરવી પડતી કારણ કે સ્ત્રી કદાચ તેની ઉપર કાબૂ જમાવી દે અને તેની જિંદગીને પાયમાલ કરી નાખે એવી બીક રહેતી. પુસ્તકનો ગામડિયો કાં તો સારો હોય અથવા ખરાબ હોય, પણ પૂરેપૂરો સામે જ હોય, પુસ્તકમાં જ હોય. વાસ્તવિક ગામડિયો સારો પણ નથી હોતો, અને ખરાબ પણ નથી હોતો, વળી ભારે કુતૂહલ જગાવતો હોય છે. વાસ્તવિક ગામડિયો ભલે ગમે એટલો વાચાળ હોય તોપણ તેની બાબતમાં હંમેશાં કશુંક અણકથ્યું રહી જતું લાગે, એ કશુંક જાણે એકલા તેના પોતાના માટે જ સાચવી રાખવામાં આવતું હોય એવી છાપ પડે, અને અણકથ્યું બાકી રહી જતું એ કશુંક જ કદાચ તેના ખરા સારતત્ત્વને અંકિત કરતું હોય.

પુસ્તકોના બધા ગામડિયાઓમાંથી મને *«The Carpenters' Artel»*નો પ્યોતર સૌથી વધારે ગમેલો. મને એ વાર્તા મિત્રો સમક્ષ વાંચી સંભળાવવાનું મન થતું એટલે હું પુસ્તક મેળાના વિસ્તારમાં લઈ જતો. ઘણીઘણી વાર હું રાતે મજૂરોના એક યા બીજા જૂથ ભેગો રહી જતો, ક્યારેક તો દિવસના કામ પછી બેહદ થાકી ગયો હોઉં અને ઘર સુધી જવાનું મન ન હોય એટલે.

મેં તેમને વાત કરી કે મારી પાસે સુથારોને લગતું પુસ્તક છે. સૌને ભારે દિલચસ્પી પેદા થઈ, ખાસ કરીને ઓસિપને. તેણે પુસ્તક મારા હાથમાંથી લઈને સંત જેવું માથું શંકામાં હલાવતાં હલાવતાં પાનાં ઉલટાવી જોયાં.

"જાણે કેમ અમારે વિશે લખાયું હોય! વિચાર કરવા જેવી વાત છે! કોણે લખ્યું છે, કોઈ ઉમરાવે? હં... મને ખ્યાલ તો હતો જ એવો! ઉમરાવો ને અમલદારો મનફાવે એમ કરે! ઈશ્વર જે કાંઈ કરવાનું બાકી રાખે તે અમલદાર કરી દેવાનો! અમલદારો હોય છે જ એને માટે..."

"તું ઈશ્વરની વાત કાંઈ ઝાઝા આદરથી નથી કરતો," પ્યોતરે ટકોર કરી.

"વાંધો નહિ! ઈશ્વરની નજરમાં મારા બોલ એટલે તારા ટાલિયા માથા ઉપર પડતા હિમકણો જેવા જ, ફિકર કરવાની જરૂર નથી, તું ને હું કાંઈ ઈશ્વર સુધી પહોંચવાના નથી!.."

એકાએક તે ખીજે ભરાઈ ગયો અને ચકમકના તણખાઓની જેમ આકરા બોલ આડેધડ ફંગોળવા લાગ્યો, પોતે જેને નફરત કરતો હતો એવી બાબતો ઉપર ઝીંકવા લાગ્યો. તેણે દિવસ દરમિયાન કેટલીય વાર મને પૂછ્યું:

"મક્સીમિચ, કંઈક વાંચી સંભળાવીશ ને? સરસ, બહુ સરસ! મઝાનો ખ્યાલ આવ્યો છે તને!"

કામ પૂરું થઈ ગયું એટલે અમે તેના જૂથમાં વાળુ કરવા ગયા. વાળુ પતી ગયું એટલામાં પ્યોતર તેના મજૂર આર્દાલિયોનને લઈને અને શીશ્લિન કોઈ ફોમા નામે જુવાન માણસને લઈને આવી પહોંચ્યા. મજૂરોને સૂવાની છાપરીમાં બત્તી પેટાવવામાં આવી અને મેં વાંચવાનું શરૂ કરી દીધું. તેઓ જરાય હલચલ કર્યા વગર અને એક શબ્દ પણ બોલ્યા વગર સાંભળતા રહ્યા. આખરે આર્દાલિયોન ચીડમાં બોલી ઊઠયો:

"બસ, બહુ થઈ ગયું!"

તે બહાર ચાલ્યો ગયો. સૌપ્રથમ ગ્રિગરીય નીંદરમાં પડી ગયો. તેનું મોં ઉઘાડું હતું અને ચહેરામાં હેરતના ભાવ છવાયેલા હતા. થોડી વારમાં સુથારો પણ નીંદરમાં પડી ગયા. પરંતુ પ્યોતર, ઓસિપ, અને ફોમા મારી ફરતે વધારે નજીક સરકી આવ્યા અને તંગ એકાગ્રતાથી સાંભળતા રહ્યા.

મેં વાંચવાનું પૂરું કર્યું કે તરત ઓસિપે બત્તી ઓલવી નાખી. આકાશમાં ટમકતા તારલિયાઓ કહેતા હતા કે લગભગ મધરાત થઈ ગઈ હતી.

અંધારામાં પ્યોતરે પૂછ્યું:

"આવી ચોપડીનો મતલબ શું? કોની સામે ગણવી એને?"

"સૂવાનો વખત થઈ ગયો," ઓસિપ બૂટ કાઢતો બોલ્યો.

ફોમા મૂંગોમૂંગો બાજુએ સરકી ગયો.

"હું પૂછું છું કે... કોની સામે લખાયેલી છે આ ચોપડી?" પ્યોતરે વાતને વળગી રહીને સવાલ દોહરાવ્યો.

"એ લોકોને ખબર!" ઓસિપે કોઈ ખોખા ઉપર પથારી પાથરતાં જવાબ આપ્યો.

"સાવકી માની સામે હોય તો એમાં મતલબ જેવું કાંઈ નહિ... આવી ચોપડીઓ લખવાથી સાવકી માઓ સુધરે નહિ..." કડિયો ભાર મૂકીને બોલ્યો. "અને પ્યોતરની સામે હોય તો એમાંયે મતલબ જેવું કાંઈ નહિ. એને લાયકાત મુજબ બદલો મળી ગયો. એણે ખૂન કર્યું ને એને સાઈબિરિયામાં હદપારીની સજા મળી... વાજબી વાત છે... એવા મામલામાં ચોપડી નકામી... નકામી જ ને... હેં?"

ઓસિપે જવાબ ન આપ્યો એટલે કડિયાએ સાર તારવી લીધો:

"આ લેખકોને કરવાનું કાંઈ નથી હોતું એટલે બીજા લોકોના મામલાઓમાં માથું મારતા રહે છે. બૈરાં ભેગાં થઈને કરે એમ. ઠીક ત્યારે, સૂવાનો વખત થઈ ગયો, વહેલી પડે સવાર!.."

ઉઘાડા બારણાના ઉજાસના નીલા ચોરસામાં પળવાર ઊભો રહીને પછી તેણે સવાલ કર્યો:

"ઓસિપ, તું શું ધારે છે?"

"હેં?" ઓસિપ નીંદરઘેરા અવાજે બોલ્યો.

"ઠીક, સૂતો રહે તુંતારે..."

શીશિલન જ્યાં બેઠો હતો ત્યાં જ ભોંયપટ ઉપર લાંબો થઈ ગયો. ફોમા કચરેલી પરાળ ઉપર મારી બાજુમાં સૂઈ ગયો. આખો વાસ નીંદરને ખોળે પડી ગયો હતો. દૂરથી રેલગાડીઓની સિસોટીઓનો, લોખંડનાં પૈડાંના ભારે ધણધણાટનો, અને ડબ્બાઓને છેડે ગોઠવેલા દાંડાઓના ખણખણાટનો અવાજ સંભળાતો હતો. છાપરીમાં તરેહવાર સૂરોમાં નસકોરાંનો અવાજ ગુંજી રહ્યો હતો. મને નિરાશા થઈ હતી. મેં થોડીઘણી ચર્ચાની આશા રાખેલી પણ બિલકુલ ચર્ચા નહોતી થઈ.

એકાએક ઓસિપ શાંત અને સાફ અવાજે બોલ્યો:

"ભાઈઓ, આવી વાતો બહુ મનમાં લેતા નહિ! તમે હજી જુવાન છો, લાંબી જિંદગી જીવવાની બાકી છે. તમારા ખ્યાલોને સંઘરી રાખો. પોતાના

એક વિચારની કિંમત બીજાના બે વિચાર જેટલી હોય છે. ફોમા, સૂઈ ગયો કે?"

"ના," ફોમાના જવાબમાં ઉત્સુકતા હતી.

"તમને બેયને વાંચતાં આવડે છે, એટલે વાંચવાનું જરૂર ચાલુ રાખો, પણ એમાં વધારે પડતો વિશ્વાસ મૂકતા નહિ! એ લોકો તો જે ગમે તે છાપી નાખતા હોય છે, એ તો એમના હાથમાં જ છે ને!"

તેણે પગ ખોખાની કોરેથી નીચે લટકાવી દીધા, હાથ કોર ઉપર ટેકવી દીધા, અને અમારી તરફ નમીને વાત આગળ ચલાવી:

"ચોપડી... આખર ચોપડી એટલે શું? જાણકારી આપે... એનું નામ જ ચોપડી, સમજો કે ચોપડીમાં લખ્યું હોય... જુઓ, સાધારણ માણસ... સુથાર કે એવો કોઈ માણસ... આવો હોય છે, અને જુઓ, ઉમરાવ આવો હોય છે... જાણે કેમ એ બીજા લોકોથી ન્યારો હોય... ચોપડી કોઈ ને કોઈ હેતુ વગર લખવામાં નથી આવતી... એમાં જરૂર કોક ને કોકનો બચાવ કરવાની નેમ હોય છે..."

"ખ્યોતરે ઠીક જ કર્યું કે પેલા ઠેકેદારને મારી નાખ્યો!" ફોમા ઘોઘરા અવાજે બોલ્યો.

"એમ કેમ કહેવાય? માણસને મારી નાખવાનું કામ ક્યારેય ઠીક ગણાય જ નહિ. મને ખબર છે કે ગ્રિગોરીય તને નથી ગમતો, પણ એવો ખ્યાલ માથામાંથી કાઢી નાખજે! આપણમાંથી કોઈ અમીર નથી. હું આજે માલિક છું, પણ કાલે પાછો સાદો મજૂર થઈ જાઉં."

"હું તમારી વાત નથી કરતો, ઓસિપકાકા..."

"બધું એકસરખું જ છે..."

"તમે તો ઈનસાફી આદમી છો..."

"ઊભો રહે, હું સમજાવું કે ચોપડી કોના ફાયદા ખાતર લખવામાં આવી છે," ઓસિપે ફોમાના ખીજભર્યા બોલને અધવચ્ચે અટકાવી દેતાં કહ્યું. "બહુ ખંધી ચોપડી છે. એક ઉમરાવ છે, એની કને કામ કરનારો ગામડિયો નથી, અને એક ગામડિયો છે, એને ઉમરાવ માલિક નથી. એટલે જુઓ... ઉમરાવની હાલત ખરાબ છે, અને ગામડિયાની દશા બહુ બહેતર નથી... ઉમરાવ કંટાળી જાય છે અને નબળો પડી જાય છે... ગામડિયો દારૂની લતે ચડી જાય છે, બડાઈખોર બની જાય છે, એના દિલમાં ડંખ હોય છે... વાર્તા એવી છે... એમાં એવું બતાવવાની કોશિશ છે કે

જમીનદારના ખેતમજૂરો બની રહેવાનું બહેતર છે—ઉમરાવ ગામડિયાની પાછળ ભરાઈ ગયો, ગામડિયો ઉમરાવની પાછળ ભરાઈ ગયો, બેઉનાં પેટ ભરાય છે, બેઉને સુખસંતોષ છે, બેઉ મોજમાં ચક્કર ચક્કર ફરતા રહે છે. અરે, હા, એની ના નહિ કે ખેતગુલામીમાં જિંદગી વધારે સુખશાંતિની હતી. ગામડિયાઓ કંગાલ હોય એમાં જમીનદારોને જરાય ફાયદો નહોતો દેખાતો, એમને તો ખાધેપીધે સુખી પણ ખાલીખમ માથાંવાળા ગામડિયા જોઈતા હતા. હું તો જે જાણું છું એ જ કહું છું, લગભગ ચાળીસ વરસ જમીનદારોની ગુલામીમાં નથી ગાળ્યાં મેં? કોરડા ફટકારીને મારી ચામડીમાં ઘણુંબધું ડહાપણ ભરી દેવામાં આવેલું છે!"

મને યાદ આવ્યું કે ખૂન કરનારા ગાડાખેડુ પ્યોતરે ઉમરાવોની વાત એવી જ રીતે કરેલી, અને ઓસિપના વિચારો એ ઝેરીલા ડોસાના વિચારોને મળતા હોવાની હકીકત મને જરાય ન ગમી.

ઓસિપ મારા પગ ઉપર હાથ મૂકીને આગળ બોલ્યો:

"ચોપડીઓનો ને બીજાં લખાણોનો મતલબ બરાબર પારખી લેવો જોઈએ! કશીક મુરાદ વગર કોઈ કાંઈ કરે જ નહિ, બહુ બહુ તો મુરાદને છુપાવી રાખવાની કોશિશ કરવામાં આવી હોય. ચોપડીઓ લખવામાંયે મુરાદ હોય જ છે... માથાને ગોટાળે ચડાવી દેવાની... બધાંયે કામમાં અક્કલ વાપરવી જ પડે... અક્કલ વગર તો લાકડાં ફાડવાનું કે જોડા સીવવાનુંયે ન બને..."

તે કેટલીય વાર સુધી બોલતો રહ્યો, ક્યારેક પથારીમાં ચત્તો લંબાવીને તો ક્યારેક બેઠો થઈને ચોખ્ખીચટ વાતો હળવા અવાજે નીરવતામાં અને અંધકારમાં વેરતો રહ્યો:

"કહેવામાં આવે છે કે જમીનદાર અને ગરીબ ગામડિયા વચ્ચે મોટો તફાવત હોય છે. વાત સાચી નથી. આપણે... જમીનદાર જેવા જ છીએ, ફરક ખાલી એટલો જ છે કે જમીનદાર ઊંચે દરજજે બેઠો છે... બેશક જમીનદાર ચોપડીઓમાંથી શીખે છે, અને હું મારી કાયામાં પડતા ઉઝરડાઓમાંથી શીખું છું... હા, ઉમરાવની પૂંઠ વધારે ગોરી હોય છે, પણ ફરક બસ એટલો જ હોય છે... ના, જુવાન, આ દુનિયામાં નવી જાતનો બંદોબસ્ત આણવાની વેળા પાકી ગઈ છે... ચોપડીઓ પડતી મૂકી દે, ફગાવી દે! દરેક માણસ પોતાને જ સવાલ કરે: હું એટલે કોણ? માણસ. અને જમીનદાર એટલે કોણ? માણસ જ. તો પછી તફાવત કેવો? અથવા ઈશ્વર કદાચ

એની પાસેથી પાંચ કોપેક વધારે માગતો હોય? ના, રે, ના, પૈસા દેવાની વાત આવે ત્યારે ઈશ્વરની નજરમાં આપણે સૌ સરખા જ..."

આખરે વહેલી સવારે, પરોઢના ઉજાસે તારલિયાઓને ઓલવી નાખ્યા ત્યારે, ઓસિપે મને કહ્યું:

"જોયું ને, કેવી કેવી વાતો ઘડી કાઢતાં આવડે છે મને! મેં આજે રાતે એવી એવી વાતો કરી છે કે જેનો ખ્યાલ મને જિંદગીમાં અગાઉ ક્યારેય નહોતો આવ્યો. ભાઈઓ, મારા બોલને બહુ મનમાં લેતા નહિ... એવું બધું મોટે ભાગે તો નીંદર નહોતી આવતી એટલે ઉપજાવી કાઢેલું, સાચેસાચ કહેવાનું મન હોય એમ નહોતું. પડયા પડયા ખાલી રમૂજને ખાતર ખ્યાલો ઘડાતા જાય: એક હતો કાગડો, મેદાનોમાંથી ડુંગરાઓમાં ને એક ખેતરમાંથી બીજા ખેતરમાં ઊડતો રહેતો, એની જિંદગી એમ જ વીતી ગઈ, માંદો પડયો ને મરી ગયો, સડીને સુકાઈ ગયો. એવી કહાણીનો મતલબ શું? કશો જ નહિ. ઠીક હવે, સૂઈ જઈએ. થોડી વારમાં ઊઠવું પડશે..."

૧૮

અગાઉના દિવસોના ભઠ્ઠીમજૂર યાકોવની જેમ ઓસિપ મારી નજરમાં વિસ્તરતો ગયો અને એટલો વિશાળ બની ગયો કે મારા દૃષ્ટિફલકમાં બીજું બધું ઢંકાઈ ગયું. તે ઘણી બાબતોમાં ભઠ્ઠીમજૂરને મળતો આવતો હતો, પરંતુ સાથોસાથ મારા મનમાં નાનાની, મતવાદી પ્યોતર વસીલ્યેવની, અને રસોઇયા સ્મૂરીયની યાદ તાજી કરાવી દેતો હતો, અને મારા મનમાં ઊંડા અંકાઈ ગયેલા એ લોકોની યાદ તાજી કરાવતી વેળા તે પિત્તળને કોરી નાખતા એસિડની જેમ પોતાની આગવી ઊંડી છાપ કોતરતો હતો. સાફ દેખાતું હતું કે તેના વિચારો બે રીતોમાં વહેતા રહેતા. તેને રાતે નીંદર ન આવતી હોય ત્યારના અથવા અમે તેની રખાતને, ઢેબરોની ફેરિયણને, મળવા પગપાળા શહેરમાં જતા હોઈએ ત્યારના તેના વિચારો કરતાં કામદિન દરમિયાનના સાદા વેગીલા વિચારો વધારે વ્યવહારુ અને વધારે સહેલાઈથી સમજી શકાય એવા રહેતા. રાતની વેળાએ તેને ખાસ વિચારો આવતા. એ વિચારો ફાનસની અંદરના પ્રકાશની જેમ બધી બાજુએથી તેજના ઝગારા મારતા રહેતા, પણ મને સમજાતું જ નહિ કે સવળી બાજુ કઈ છે, અથવા કયો વિચાર તેને વધારે પસંદ છે.

મને તે અગાઉ મળેલા કોઈ પણ માણસ કરતાં ઘણોઘણો વધારે ચતુર લાગતો. અગાઉ હું જેટલી બેચેનીથી ભઠ્ઠીમજૂર યાકોવ ફરતે. ચકરાવા લેતો રહેતો એટલી જ બેચેનીથી તેની ફરતે પણ ચકરાવા લેતો રહેતો, એ માણસને જાણવા અને સમજવા આતુર રહેતો, પણ તે આમતેમ વળ ખાઈને સરકી જતો, મારી કનેથી છટકી જતો. તેને વિશેનું સત્ય શેમાં હશે? મારે તેના કયા પાસાને સાચા તરીકે સ્વીકારી લેવું?

મને યાદ આવી ગયું કે તેણે કેવી રીતે કહેલું:

"ભેજું ચલાવીને તાગ કાઢી લે મારો, કરી જો કોશિશ!"

મારી અહંતા ઘવાઈ હતી, પરંતુ ભેગાભેગું કશુંક અહંતાથી વધારે પણ ઘવાયું હતું. ઘરડા માણસનો તાગ કાઢી લેવાની બાબત મારે માટે પ્રાણભૂત મહત્ત્વની બની ગઈ.

છટકી સરકી જવાની તેની અજબ લાક્ષણિકતા છતાં તે સ્થાયી હસ્તી હતો. તેની બાબતમાં લાગતું કે હજી બીજા એકસો વરસ જીવે તોપણ એવો ને એવો જ રહેવાનો, વિસ્મયજનક પરિવર્તન પામતા રહેતા લોકોની વચ્ચે પોતાને કશા પરિવર્તન વગર જાળવી રાખવાનો. મતવાદીએ મારા મનમાં સ્થાયિતાની એવી જ છાપ પાડેલી, પણ તેના સંબંધમાં એ બાબત મને અણગમતી લાગેલી. ઓસિપની સ્થાયિતા જુદી જાતની હતી, વધારે વાંછનીય હતી.

માનવીય અસ્થિરતા સતત વરતાતી રહેતી, લોકોને એક સ્થિતિમાંથી અણધાર્યા ઠેકડા મારતા બીજી સ્થિતિમાં પહોંચી જતા જોઈને હું બેચેન બની જતો. એ અગમ્ય છલંગો વિશે વિચારો કરતો કરતો હું કંટાળી ગયો હતો, તેમણે લોકો અંગેની મારી ચેતનમય ઉત્સુકતામાં ધીરેધીરે ઓટ આણી દીધી હતી, લોકો તરફના મારા પ્યારમાં વમળો પેદા કરી દીધાં હતાં.

જુલાઈની શરૂઆતના દિવસો હતા. એક જર્જરિત ઘોડાગાડી ધડધડાટ કરતી આવીને અમારા કામની જગ્યાએ ખડી રહી ગઈ. આગળની બેઠકમાં દારૂડિયો ગાડીવાન બેઠો હતો. તેનું માથું ઉઘાડું હતું, હોઠેથી લોહી ટપકતું હતું, અને તે દાઢીમાં ગમગીન હેડકીઓ ખાતો હતો. પાછલી બેઠકમાં ગ્રિગોરીય શીશિલન નશામાં ચકચૂર હાલતમાં ડોલતો બેઠો હતો, રાતા ગાલવાળી જાડી બાઈ તેને ટેકો આપી રહી હતી, બાઈના પરાળના ટોપામાં જાંબલી રિબન અને કાચનાં ચેરીફળની ઝાલર હતી, તેણે મોજાં વગરના પગમાં નકલી રબરના બૂટ પહેર્યા હતા. દોડતી ગાડીના આંચકાને લીધે

આમતેમ ઝૂકી જતી બાઈ છૂટા હાથમાં નાનકડી છત્રી હલાવતી હસતી હતી અને ઘાંટા પાડતી હતી:

"એય શયતાનો! મેળો બંધ છે, મેળોબેળો છે જ નહિ, અને મને મેળામાં ઘસડી જાય છે!"

ચોળાઈ અને ચૂંથાઈ ગયેલો ગ્રિગોરીય પગ ઢસડતો ગાડીમાંથી ઉતરીને ભોંયે બેસી ગયો અને તેણે આંખોમાંથી આંસુ વહાવતાં અમને જણાવ્યું:

"લો, આ રહ્યો હું, ગોઠણભેર થઈ ગયો છું... મેં ભારે મોટું પાપ કર્યું છે! બધુંય બહુ વિચારી લીધું, અને પાપ કરી નાખ્યું... એમ વાત છે! યેફીમુશ્કા કહેતો રહે છે: ગ્રિગોરીય, ગ્રિગોરીય... કહેતો રહે છે... અને એની વાત ખરી જ છે, પણ... મને માફ કરી દો! તમને સૌને મોજ કરાવવા તૈયાર છું. એની વાત ખરી જ છે: જીવવાનું તો ખાલી એક જ વાર... એકથી વધારે વાર જીવવાનું બને જ નહિ..."

બાઈ ખડખડાટ હસી પડી અને આમતેમ ઠેકડા મારવા લાગી. તેના બૂટ પગમાંથી નીકળી ગયા. ગાડીવાને બરાડા પાડયા:

"ચાલો! આગળ વહેતા થઈએ! ઝટ કરો! ઘોડી ઝાલી રહેતી નથી!"

મોંમાંથી ફીણ કાઢતી બુઢ્ઢી કમજોર ઘોડીના પગ જાણે જમીનમાં જડાઈ ગયેલા હતા. આખો દેખાવ એવો રમૂજી હતો કે વર્ણન થઈ જ ન શકે. ગ્રિગોરીયના મજૂરો માલિકને, તેની ભભકાદાર બાનુને, અને આભા ગાડીવાનને જોઈને ખડખડાટ હસી રહ્યા હતા.

એકલો ફોમા જરાય ન હસ્યો. તે દુકાનને બારણે મારી નજીક ઊભોઊભો બબડતો હતો:

"તો ખીલેથી છટકી ગયો, ડુક્કર ક્યાંનો! ઘરમાં વહુ છે... વળી એવી રૂપાળી કે બસ!"

ગાડીવાન આગળ વહેતા થવાના સાદ પાડતો રહ્યો, બાઈએ નીચે નમીને ગ્રિગોરીયને પાછો ગાડીમાં ખેંચી લીધો. તે બાઈના પગ પાસે ઢગલો થઈને પડયો રહ્યો. બાઈ છત્રી હલાવતી બોલી:

"ચાલો!"

ગ્રિગોરીયને એવી રીતે બેવકૂફ બનેલો જોઈને ફોમાનું દિલ દુભાયું હોય એમ લાગતું હતું. તેણે ઘાંટો પાડયો એટલે મજૂરો પાછા કામે વળગી ગયા. તેમણે માલિકની ઠેકડીની થોડીક ટકોરો માંહોમાંહે કરી, પણ સાફ દેખાતું હતું કે સૌને તેની અદેખાઈ આવતી હતી.

"માલિક કહેવડાવે છે પોતાને," ફોમા બબડયો. "કામ પૂરું કરીને ગામે પાછા જવામાં હવે તો એક મહિનાથીયે ઓછી વાર છે, પણ એનાથી રહેવાયું નહિ..."

મને પણ ગ્રિગોરીયની ઉપર ખીજ ચડી હતી... ચેરીફળની ઝાલરવાળી બાઈ તેની બાજુમાં એવી અળખામણી લાગતી હતી કે બસ!

મને ઘણી વાર થતું કે ગ્રિગોરીય શીશ્લિન માલિક કેમ છે, અને ફોમા તુચકોવ ખાલી મજૂર કેમ છે.

મજબૂત બાંધાના ફોમાનો વાન ઊજળો હતો, તેને વાંકડિયા વાળ હતા અને પોપટિયું નાક હતું, ગોળ ચહેરો હતો, અને રાખોડી આંખોમાં બુદ્ધિ ઝળકતી હતી. તે ગામડિયા જેવો નહોતો લાગતો. તે સારાં કપડાં પહેરતો હોત તો લોકો તેને સહેલાઈથી કોઈ ખાનદાન વેપારી કુટુંબનો નબીરો માની લેતા હોત. તેના ચહેરામાં ગમગીની છવાયેલી રહેતી. તે ઓછાબોલો હતો અને કામ પૂરતી જ વાત કરતો. તેને લખતાંવાંચતાં આવડતું હતું એટલે તે ઠેકેદારના હિસાબકિતાબનું કામ સંભાળતો અને અંદાજો ઘડી કાઢતો. તે સાથી મજૂરો પાસેથી કામ લઈ શકતો, પણ પોતે મહેનતનું કામ કરવાની ઉત્સુકતા બિલકુલ ન બતાવતો.

"એક જિંદગીમાં બધું ન થઈ શકે," તે શાંત અવાજે કહેતો. તે પુસ્તકોની વાત ધૃણાની લાગણીથી કરતો: "ગમે તેવું બધુંય છપાઈ જાય છે. તું કહેતો હો તો હમણાં એક વાર્તા બનાવી કાઢું... એ કાંઈ બહુ મુશ્કેલ કામ નથી."

પરંતુ તે બધી વાતો ધ્યાનથી સાંભળતો, અને કશુંક દિલચસ્પ લાગે તો તમામ વિગતો મેળવી લેવાની મહેનત કરતો, પોતાની તારવણીઓ કરતો, બાબતોને પોતાના માપદંડ વડે માપતો.

એક વાર મેં ફોમાને ઠેકેદાર બનવાની સલાહ આપી. તેણે ધીરેધીરે બોલતાં જવાબ આપ્યો:

"શરૂઆતથી જ હજારો રૂબલની કમાણી થવા લાગે તો એમાં કાંઈ ખોટું નહિ, પણ માંડ પેટ ભરાય એટલી કમાણી ખાતર ઘણાબધા મજૂરો જોડે કામ પાડવું—એનો કાંઈ મતલબ ખરો? ના, હું તો મોકાની વાટ જોતો રહીશ, અને પછી ઓરાન્કીના મઠમાં પહોંચી જઈશ. હું જોરાવર અને દેખાવડો છું, બનવાજોગ છે કે કોઈ દોલતમંદ વેપારીની વિધવાનું મન મારી ઉપર મોહી પડે. એવું બનતું હોય છે. સેર્ગાચીના એક જુવાને બે વરસમાં

સુખની શાદી કરી લીધેલી, પાછી શહેરના લોકોની કન્યા જોડે. દેવચિત્ર એક ઘરમાંથી બીજા ઘરમાં પહોંચાડતો, એમાં પેલીના ધ્યાનમાં આવી ગયેલો..."

તેનો મનસૂબો એવો હતો. તેણે ઘણી વાતો સાંભળી હતી કે માણસો પહેલાં મઠમાં નવા જોગી તરીકે દાખલ થઈને પછી કેવી રીતે એશઆરામની જિંદગી સાધી લેતા હોય છે. મને એવી વાતોનો અને ફોમાની મનોવૃત્તિનો ભારે અણગમો હતો, પણ મને ખાતરી હતી કે તે મઠમાં દાખલ થવાનો જ.

મેળો શરૂ થયો ત્યારે ફોમા સરાઈમાં વેઈટર તરીકે નોકરીએ રહી ગયો. કોઈને એવી ધારણા નહોતી. એમ તો ન કહેવાય કે તેના સાથીઓને અચરજ થયું, પણ તેઓ તેની ઠેકડી ઉડાડવા લાગ્યા. તેઓ રવિવારે કે તહેવારના દિવસે સરાઈમાં ચા પીવા જવાના હોય ત્યારે હસતા હસતા એકબીજાને કહેતા:

"ચાલો, આપણા ફોમાને થોડોક વેપલો કરાવીએ!"

સરાઈમાં પહોંચીને તેઓ ફરમાન કરતા હોય એમ સાદ પાડતા:

"એય, વેઈટર... વાંકડિયા વાળવાળા... અહીં આવ!"

ફોમા હડપચી ઊંચી રાખીને આવતો અને પૂછતો:

"શું લેશો?"

"જૂના દોસ્તોને ઓળખતો નથી?"

"ઓળખવાનો વખત જ નથી મને..."

તે સમજી ગયો હતો કે જૂના સાથીઓ તેને ઘૃણાની નજરે જોતા હતા અને ચીડવવા માગતા હતા. તે વિનયથી સહન કરી લઈને તેમને જોતો રહેતો, તેના ચહેરામાં એવો ભાવ જડાઈ જતો કે જાણે કહેતો હોય:

"ઠીક હવે, જલદી પતાવો તમારાં હાંસીમજાક..."

તેઓ કેટલીય વાર સુધી બટવામાં હાથ ફેરવતા રહીને કહેતા: "લાગે છે કે તને બક્ષીસ જોઈએ છે..." પણ પછી એક કોપેક સુદ્ધાં આપ્યા વગર ચાલ્યા જતા.

મેં ફોમાને પૂછ્યું કે જોગી બનવાનો મનસૂબો ઘડીને પછી વેઈટરની નોકરી કેમ લઈ લીધી.

"જોગી બનવાનો મનસૂબો મેં ક્યારેય ઘડ્યો જ નહોતો," તેણે જવાબ આપ્યો, "અને વેઈટરની નોકરીયે લાંબો વખત નથી કરવાનો."

પરંતુ ચાર વરસ પછી હું ત્સારીત્સિનમાં તેને મળ્યો ત્યારે પણ તે કોઈ

સરાઈમાં વેઈટર જ હતો, અને આખરે મને છાપામાં વાંચવા મળેલું કે ફોમા તુચ્કોવ ઘર ફાડવાની કોશિશમાં ગિરફતાર થઈ ગયો હતો.

મારા મનમાં કડિયા આર્દાલિઓનની કહાણીની ખાસ છાપ પડી હતી. તે પ્યોતરના જૂથમાં સૌથી જૂનો અને સૌથી સારો મજૂર હતો. ચાળીસ વરસના ખુશમિજાજ ગામડિયાને કાળી દાઢી હતી. તેને જોઈને પણ મને વિચાર આવતો કે એ માણસને બદલે પ્યોતર કેમ માલિક છે. તે જવલ્લે જ દારૂ પીતો અને નશામાં ચકચૂર તો સમજો કે ક્યારેય બનતો જ નહિ. તે પોતાના કામની ઉસ્તાદી ધરાવતો હતો અને જોમ રેડીને કામ કરતો, તેના હાથમાંથી ઈંટો જાણે રાતાં કબૂતરોની જેમ ઊડતી રહેતી. જૂથમાં માંદલો બેનૂર પ્યોતર તેની બાજુમાં સાવ નમાલો આદમી લાગતો. પ્યોતર હંમેશાં કહેતો રહેતો:

"હું મારે માટે લાકડાનું કફન બાંધવા ખાતર બીજા લોકોનાં ઈંટોનાં મકાનો બાંધી આપું છું."

આર્દાલિઓન ખુશાલ જોમથી ઈંટો ગોઠવતો હાકલ કરતો:

"ચાલો, સાથીઓ, મદદ કરો, ઈશ્વરની આણના નામે!"

તે પોતાના મનસૂબાની વાત મજૂરોને કરતો, આવતી વસંતમાં તોમ્સ્ક જવાનો હતો. ત્યાં તેના બનેવીએ દેવળ બાંધવાનો ઠેકો લીધો હતો અને તેને મુકાદમની નોકરીએ રાખવાનો વાયદો કર્યો હતો.

"વાત પાકી થઈ ગઈ છે. દેવળો બાંધવાં... મઝાનું કામ, મને બહુ ગમે!" તેણે કહ્યું. પછી મારી તરફ ફરીને બોલ્યો: "ચાલ મારી ભેગો! લખતાંવાંચતાં જાણનારા માણસ માટે સાઇબિરિયામાં જિંદગી બહુ આસાન છે. ત્યાં જાણકારીની ભારે કિંમત અંકાય છે."

મેં તેની જોડે જવાની તૈયારી બતાવી એટલે આર્દાલિઓન જાણે મોટો ગઢ જીતી લીધો હોય એમ બોલી ઊઠયો:

"સરસ! પણ ગંભીર ફેંસલો કરવાનો છે, મજાકની વાત નથી!"

પ્યોતર અને ગ્રિગોરીય તરફ તેનું વલણ સદ્ભાવી મુરબ્બીવટનું હતું, બાળકો તરફ મોટેરાના વલણ જેવું હતું. તેણે એક વાર ઓસિપને કહ્યું:

"બડાઈખોરો છે! માથામાં જે કાંઈ હોય તે બધુંય એકબીજાને બતાવી દે, પત્તાંની બાજીની જેમ. એક કહેવાનો: આમ જો, કેવી સરસ બાજી આવી છે મને! અને બીજો કહેવાનો: આ હુકમનાં પત્તાં તો જરાક જોઈ લે મારાં!"

"શું કામ શેખી ન મારે? શેખી મારવી એ તો માણસનું લક્ષણ. તમામ છોકરીઓને છાતી આગળના ભાગમાં જ હોય..." ઓસિપના અવાજમાં રહસ્ય જેવી છાયા હતી.

"એ લોકો ઈશ્વર આ અને ઈશ્વર તે જેવી વાતો કાયમ કરતા જ હોય, પણ તોયે પૈસા બચાવવાનું તો કરે જ," આર્દાલિઓન ધીરો પડયા વગર બોલ્યો.

"પણ ગ્રિગોરીય તો કાંઈ નથી બચાવતો..."

"હું તો બીજાની વાત કરું છું. જંગલમાં કેમ નથી ચાલ્યો જતો? વગડા ભેગો કેમ નથી થઈ જતો? જઈને એકલો ઈશ્વર ભેગો કેમ નથી રહેતો? હે ભગવાન! હું તો અહીંની બધીય બાબતોથી સાવ કંટાળી ગયો છું, વસંતમાં સાઇબિરિયા જતો રહેવાનો..."

બીજા મજૂરો ઈર્ષાની લાગણીમાં આર્દાલિઓનને કહેતા:

"અમનેય જો વળગી જવા તારા બનેવી જેવું કોઈ હોય તો સાઇબિરિયાથી ડરીએ અવા નથી!"

પછી એકાએક આર્દાલિઓન ગાયબ થઈ ગયો. વાસમાંથી રવિવારે ગયેલો, અને ત્રણ દિવસ સુધી કોઈને ખબર જ ન પડી કે ક્યાં ગયો છે.

મજૂરો આભા બનીને અટકળો કરતા:

"કોઈએ પૂરો કરી નાખ્યો હશે કદાચ?"

"બનવાજોગ છે કે તરવા ગયો હોય ને ડૂબી ગયો હોય!"

આખરે યેફીમુશ્કાએ આવીને જરાક અકળામણમાં જણાવ્યું:

"આર્દાલિઓન તો મોજમસ્તીમાં મશગૂલ છે!"

"ખોટી વાત!" જાણે મનાતું જ ન હોય એવી રીતે પ્યોતર બોલી ઊઠયો.

"મોજમસ્તીમાં, દારૂના રંગમાં... ખડની ગંજી બરાબર વચમાંથી સળગે ને ભડકો થાય એમ આર્દાલિઓન ધુમાડો થઈ ગયો... જાણે કેમ ઘરવાળી મરી ગઈ હોય..."

"કેટલાય વખતથી રાંડેલો છે... ક્યાં છે આખર?"

પ્યોતર ખીજે ભરાઈને આર્દાલિઓનને બચાવી લાવવા ગયો પણ તેના હાથનો માર ખાઈને પાછો આવ્યો.

પછી ઓસિપે હોઠ દબાવીને અને હાથ ખીસાંમાં ઊંડે ભરાવીને કહ્યું:

"હું જઈને તપાસ કરું, ખબર તો પડે કે શું કારણ છે. આમ તો અચ્છો આદમી છે!"

હું પણ ભેગો ગયો.

રસ્તામાં ઓસિપે કહ્યું:

"જોઈ લે! માણસ સરખી જિંદગી ગુજારતો હોય, પોતાનો માનમોભો જાળવી રાખતો હોય... પછી અચાનક જ... એની પૂંછડી ઊંચી થઈ જાય અને સીધો ઉકરડામાં જઈને પડે! આંખો ઉઘાડી રાખજે, મક્સીમિચ, ધડો લેવા જેવી વાત છે!"

અમે "કુનાવિનોના રંગીલા વિસ્તારમાં" સસ્તામાં સસ્તા વેશ્યાવાડામાં જઈને ચોર જેવી દેખાતી ડોશીને મળ્યા. ઓસિપે તેને કાનમાં કંઈક કહ્યું એટલે તે અમને એક નાનકડા, અંધારા, અને ઘોડાર જેવા ગંધારા ખાલી ઓરડામાં લઈ ગઈ. એક જાડી ઓરત પલંગમાં ઊંઘતી પડખાં આમથી તેમ ફેરવતી હતી. ડોશીએ તેને પડખામાં થપાટ લગાવીને કહ્યું:

"બહાર નીકળ, સમજી કે નહિ? બહાર નીકળ, દેડકી ક્યાંની!"

ઓરત ધાક ખાઈને સફાળી ઊભી થઈ ગઈ અને મોઢું ચોળતી બોલી ઊઠી:

"હે ભગવાન! શું છે? કોણ છે?"

"પોલીસ આવ્યા છે," ઓસિપ ગંભીર અવાજે બોલ્યો. ઓરતનો શ્વાસ અદ્ધર ચડી ગયો અને તે પલાયન કરી ગઈ. ઓસિપ તેની પાછળ થૂંક્યો.

"આ લોકોને પોલીસની બીક તો શયતાનની બીકથીયે વધારે લાગે," તેણે ખુલાસો કર્યો.

ડોશીએ દીવાલેથી નાનકડો આરસો હઠાવી દીધો અને ત્યાંથી સજાવટનો કાગળ ઊંચો કર્યો.

"નજર નાખો! એ જ છે કે?"

ઓસિપે બાકોરામાંથી અંદર જોયું.

"છે તો એ જ! છોકરીને રવાના કરી દે..."

મેં પણ અંદર નજર નાખી. અમે જે ઓરડામાં ઊભા હતા એવા જ કંગાલ ઓરડાની સખત ભીડેલી બારીની પાળ ઉપર બત્તી બળતી હતી. બત્તી નજીક ત્રાંસી આંખોવાળી એક તાતાર છોકરી નાગી ઊભીઊભી ફ્રૉકને ટાંકા મારી રહી હતી. તેની પાછળ આર્દાલિઓન બે તકિયાને અઢેલીને

પડયો હતો. તેનો ચહેરો ફૂલી ગયેલો હતો અને કાળી કડક દાઢી ચોગમ વીખરાઈ ગયેલી હતી. તાતાર છોકરી ચોંકી ગઈ અને તરત ફ્રૉક પહેરી લેતી પથારી પાસે થઈને જવા લાગી અને એકાએક અમારા ઓરડામાં નજરે પડી.

ઓસિપ તેની સામે નજર નાખીને ફરી થૂંક્યો.

"છી! બેશરમ છિનાળ!"

તેણે હસતાં હસતાં વળતો જવાબ ફટકાર્યો:

"અને તું બુઢ્ઢો ગધેડો!"

ઓસિપ પણ હસી પડયો અને તેની સામે આંગળી હલાવવા લાગ્યો.

અમે તાતાર છોકરીના અડ્ડામાં ગયા. ઘરડો આદમી આર્દાલિઓનના પગ પાસે બેસી ગયો. તેણે આર્દાલિઓનને જગાડવાની બહુ મહેનત કરી પણ પેલો તો ખાલી બબડતો રહ્યો:

"ઠીક હવે... ભલે... થોડીક વાર... હમણાં જઈએ..."

આખરે તે બેઠો થઈ ગયો, ઘેલછાભરી નજરે ઓસિપને અને મને તાકી રહ્યો, અને પછી સૂજેલી આંખો મીચી દઈને બબડયો:

"તો?.."

"શું થયું?" ઓસિપે શાંત અવાજે પૂછ્યું. તેમાં ઠપકાની છાંટ નહોતી પણ ખુશી જેવુંયે કંઈ નહોતું.

"સાન ખોઈ બેઠેલો..." આર્દાલિઓને ઘોઘરા અવાજે ઉધરસ ખાતાં ખુલાસો કર્યો.

"કેવી રીતે?"

"સાવ સાદી વાત છે."

"હાલત બહુ ખરાબ લાગે છે, ખરું ને?"

"સમજું છું..."

આર્દાલિઓન ટેબલ ઉપરથી વોદકાની ખુલ્લી બાટલી લઈને દારૂ ગળામાં રેડવા લાગ્યો. પછી તેણે બાટલી ઓસિપની સામે ધરી.

"પીવો છે થોડોક? અહીંયાં ખાવાનુંયે થોડુંક હશે..."

ઘરડા આદમીએ એક ઘૂંટડો ભરીને મોઢું બગાડયું, અને પછી તે રોટીના કકડાને મોંમાં મૂકીને એકધ્યાને ચાવવા લાગ્યો. દરમિયાનમાં આર્દાલિઓન લંબાતા અવાજે બોલતો રહ્યો:

"વાત એમ છે કે... પેલી તાતાર છોકરી ભેટી ગઈ... બધાંય

કામાં યેફીમુશ્કાનાં છે... કીધું કે જુવાન છે... કાસીમોવની છે... અનાથ... એને મેળામાં જવું છે..."

દીવાલની પારથી તૂટીફૂટી ભાષામાં બેશરમ બોલ કાને પડયા:

"તાતાર છોકરી એટલે એકદમ સરસ! નાનકી મરઘડી જેવી! ડોકરાને ભગાડી મૂક! તારો બાપ નથી કાંઈ!"

"એ જ છે," આર્દાલિઓન બેનૂર નજરે દીવાલને તાકી રહેતો બબડયો.

"જોઈ લીધી..." ઓસિપે કહ્યું.

આર્દાલિઓન મારી તરફ ફરીને બોલ્યો:

"જોઈ લે, ભાઈ, કેવો છવરડો વાળી દીધો મેં..."

મેં ધારેલું કે ઓસિપ આર્દાલિઓનને ધમકાવવા લાગશે, અથવા નસિયત કરશે, અને પાપિયો શરમાઈને પસ્તાવો કરવા લાગશે. પણ એવું કંઈ બન્યું નહિ. તેઓ ખભેખભા મિલાવીને બેઠા રહ્યા, શાંતિથી ટૂંકી વાતો કરતા રહ્યા. તેમને ત્યાં અંધારી ગંધારી કોટડીમાં જોતી વેળા મનમાં બહુ ગ્લાનિ થતી હતી. તાતાર છોકરી દીવાલના બાકોરા વાટેથી તૂટીફૂટી રૂસી ભાષામાં બોલતી રહી પણ એ લોકોએ તેની કશી પરવા ન કરી. ઓસિપે ટેબલ ઉપરથી સૂકી માછલી લઈ લીધી અને તેને જોરથી બૂટ ઉપર પછાડીને તે ઉપરની ચામડી ઉતારવા લાગ્યો.

"પૈસા બધાય ખલાસ?" તેણે પૂછ્યું.

"પ્યોતર પાસે લેણા છે થોડાક..."

"તારે તો થોડા વખતમાં તોમ્સ્ક જવાનું છે! હવે બનશે?"

"તોમ્સ્કની બાબતમાં ખાતરી ન કહેવાય..."

"કેમ? ઈરાદો બદલાવી નાખ્યો કે શું?"

"સગાં બોલાવે છે એમ ન હોત ને..."

"શું?"

"બહેન ને બનેવી..."

"એટલે?"

"સગાંની નોકરી કરવામાં બહુ મઝા નહિ..."

"માલિકો બધાય સરખા, સગાં હોય કે ન હોય..."

"તોયે..."

તેઓ બેઠાબેઠા એવી ગંભીર અને હેતાળ રીતે વાતો કરતા રહ્યા કે

તાતાર છોકરીએ ખેધો મૂકી દીધો. તે ચુપચાપ ઓરડામાં આવી અને ખીંટીએથી કપડાં લઈને પાછી ગાયબ થઈ ગઈ.

"સાવ જુવાન છે," ઓસિપ બોલ્યો.

આર્દાલિઓને તેની સામે જોઈને ખુશમિજાજમાં કહ્યું:

"બધાંય કામાં યેફીમુશ્કાનાં છે. બસ ઓરતોના જ ખ્યાલ આવે છે એના મનમાં... તાતાર છોકરી બહુ ખુશાલ છે, હરઘડી ઠાલો લવારો કરતી જ રહે છે..."

"ધ્યાન રાખજે, નહિતર કાયમનો વળગાડ થઈ જવાનો..." ઓસિપે ચેતવણી આપી. માછલીનો છેલ્લો કકડો ચાવીને તેણે રજા લીધી.

પાછા જતાં રસ્તામાં મેં તેને પૂછ્યું:

"શું કામ આવેલો આની કને?"

"ખાલી જોવા કે વાત શું છે. મારો દોસ્ત છે. મેં તો આવા કિસ્સા ઘણાબધા જોયા છે... માણસ સરખી રીતે જિંદગી જીવતો હોય, અને પછી એકાએક કેદખાનામાંથી ભાગી જતો હોય એવું બને..." ઓસિપે અગાઉ કરેલી એવી વાત ફરી વાર કરી. "વોદકાથી વેગળો રહેજે!"

એક મિનિટ પછી તેણે ઉમેર્યું:

"પણ એના વગર જિંદગી સાવ લૂખીલૂખી લાગે."

"વોદકા વગર?"

"હા. એક ઘૂંટડો ભરો એટલે એવું લાગે કે જાણે બીજી જ દુનિયામાં પહોંચી ગયા."

આર્દાલિઓનને કાયમનો વળગાડ થઈ ગયો. થોડાક દિવસ પછી તે કામે આવ્યો ખરો, પણ તરત પાછો ગાયબ થઈ ગયો. વસંતમાં તેનો ભેટો થઈ ગયો ત્યારે તે કોઈ બજરા ફરતે જામેલા બરફને તોડવાનું કામ બીજા કેટલાક રખડુઓની ભેગો કરી રહ્યો હતો. અમે એકબીજાને મળીને ખુશ થઈ ગયા અને સરાઈમાં ચા પીવા ગયા.

"યાદ છે, કેવો કાબેલ કારીગર હતો હું?" તેણે ચા પીતી વેળા શેખી મારી. "કોઈથી ના ન પડાય કે હું મારા કામમાં ઉસ્તાદ હતો! સેંકડો રૂબલનું કામ કરી શક્યો હોત..."

"પણ... ન કર્યું."

"બેશક ન કર્યું..." તે જાણે ગુમાનમાં બોલી ઊઠયો. "કોને પરવા છે કામની!"

તે બોલવામાં ભડભડિયો થઈ ગયો હતો. એથી સરાઈમાં બેઠેલા લોકોનું ધ્યાન ખેંચાયું.

"પેલો પ્યોતર, ટાઢે કોઠે ચોરી કરનારો આદમી, કામની બાબતમાં શું કહેતો? 'બીજા લોકો માટે ઈંટોનાં મકાન બાંધવાં, પોતાને માટે લાકડાનું કફન.' વાત એમ છે... કામનું એવું છે..."

"પ્યોતર તો માંદો છે, એને મોતની બીક છે."

"હુંયે માંદો છું," આર્દાલિઓને બરાડો પાડયો. "કદાચ મારો જીવ ઠેકાણે નથી!"

ઘણી] વાર હું રવિવારના દિવસે શહેરના મધ્યભાગમાંથી નીકળીને 'લખપતિ શેરી'માં પહોંચી જતો. બધાય રખડુઓ એ શેરીમાં રહેતા. મારા ધ્યાનમાં આવી ગયું કે આર્દાલિઓન કેટલી ઝડપથી એ બહિષ્કૃત માણસો જેવો જ બની રહ્યો છે. એક વરસ પહેલાં તે ખુશાલ ઠાવકો કારીગર હતો. હવે તેની રીતભાત ધાંધલભરી બની ગઈ હતી, તે અક્કડ ચાલે ચાલતો અને બેતમા નજર નાખતો રહેતો, જાણે કેમ સૌને ઝઘડો કરવાનો અને લડવાનો પડકાર ફેંકતો હોય.

"જોઈ લે, લોકો કેવા મારી વાત માની લે છે! હું તો આગેવાન છું અહીંયાં!" તે બડાઈ હાંકતો.

પોતાની કમાણીના પૈસા છૂટે હાથે ખર્ચીને તે રખડુઓને મોજ કરાવતો, અને હારતા માણસની વહારે પહોંચી જઈને લડાઈમાં ઝંપલાવતો. ઘણી વાર તેનો ઘાંટો કાને પડતો:

"આ તો ગેરઈનસાફ, ભાઈઓ! ઈનસાફનું ધ્યાન તો રાખવું જ પડે!"

એટલે સૌએ તેનું "ઈનસાફી" નામ પાડી દીધું હતું. તેને એ નામ ખૂબ જ ગમતું.

મેં એ પુરાણી ગંધારી શેરીના પથ્થરિયા કોથળામાં ઠાંસીઠાંસીને ભરેલા લોકોને સમજવાની કોશિશ કરી. તેઓ બધા જીવનના મુખ્ય પ્રવાહથી અળગા પડી ગયેલા માણસો હતા, પરંતુ તેમણે પોતાનું આગવું જીવન સર્જી લીધું હોય એમ લાગતું હતું, અને એ જીવન ખુશાલ તેમ જ બીજા લોકોથી સ્વતંત્ર હતું. એ લોકોને જોઈને મને નાના પાસેથી સાંભળેલી વોલગા નદીના ખારવાઓની કહાણીઓ યાદ આવી જતી. તેઓ સાહસી તથા બેફિકર હતા, અને સંજોગો મુજબ તરત લૂંટારાઓ કે સાધુબાવાઓ બની

જતા. કશું કામ ન મળે ત્યારે તેઓ બજરાઓ તથા આગબોટોમાંથી નાનીમોટી ચોરીઓ કરતાં અચકાતા નહિ, પરંતુ એ હકીકતથી મને જરાય આઘાત ન લાગ્યો. જૂના કોટમાં રાખોડી દોરા વડે મારેલાં થીગડાંની જેમ જિંદગીમાં ચોરીના રૂપના ટાંકા મને ઠેરઠેર દેખાતા હતા, પરંતુ સાથોસાથ હું એ પણ જોતા હતો કે ક્યારેક, દાખલા તરીકે આગ લાગી હોય કે નદીમાં બરફનું પડ તૂટવા લાગ્યું હોય કે તાકીદે માલા લાદવાનો હોય ત્યારે, એ લોકો પારાવાર જોમથી અને કુરબાનીની ભાવનાથી કામ કરતા, પૂરી તાકાત લગાવીને મહેનત કરતા. બધી રીતે જોતાં, તેઓ બીજા લોકો કરતાં વધારે મોજીલી જિંદગી જીવતા હતા.

આર્દાલિઓન જોડેની મારી દોસ્તી ઓસિપના ધ્યાનમાં આવી ત્યારે તેણે વડીલની જેમ મને કહ્યું:

"સાંભળ, બેટા, પેલા 'લખપતિઓ'ની જોડે તારી દોસ્તી વધારે પડતી પાકી બનતી હોય એમ નથી લાગતું તને? ધ્યાન રાખજે કે એ લોકો તને મુશ્કેલીમાં ન મૂકી દે..."

મેં બને એટલી સરખી રીતે સમજાવવાની કોશિશ કરી કે કામ વગર એકદમ બેફિકર જિંદગી ગુજારતા એ લોકો મને ગમે છે.

"પંખીઓ જેવા આઝાદ!" તે હસી પડતો વચમાં બોલી ઊઠયો. "પણ કારણ એમ છે કે નકામા આળસુ માણસો છે. કામને તો એ લોકો સજા જેવું ગણે છે."

"કામ કોઈનેય ગમે છે ખરું? કહેવાય છે કે 'ઈમાનદારીની મહેનતથી હવેલી આજ સુધી કોઈએ નથી બાંધી.'"

મને એ કહેતી એટલી બધી વાર સાંભળવા મળેલી અને ખરી લાગેલી કે મેં ડહાપણ હાંકીને તેને ટાંકી દીધી. પણ ઓસિપ એકદમ તપી જઈને બરાડી ઊઠયો:

"એવી વાતો કોણ કહેતા હોય છે? મૂરખાઓ અને આળસુના પીર જેવા માણસો! તારે એવી વાતો સાંભળવાની જ નથી, ગલૂડિયા! ખાલી અદેખા અને નાકામયાબ જીવો જ એવા સવારા કરતા હોય છે, ઊડવાની કોશિશ કરતાં પહેલાં થોડાક પીંછાં ઉગાડી લે! અને તારી આ દોસ્તીની વાત હું તારા માલિકને કહી દેવાનો છું, પણ એમાં વાંક તારો જ છે!"

તેણે માલિકને વાત કરી, અને માલિકે મને તેની હાજરીમાં કહ્યું:

"પેશ્કોવ, 'લખપતિઓને' પડતા મૂકી દે. એ તો ખાલી ચોરો ને

વેશ્યાઓની શેરી છે અને સીધી જેલમાં કે હૉસ્પિટલમાં પહોંચાડી દે છે. એ લોકોને પડતા મૂકી દે!"

'લખપતિ' શેરીની મારી મુલાકાતો હું છાની રાખવા લાગ્યો, પણ થોડા વખતમાં મારે એવી મુલાકાતો બંધ કરી દેવી પડી.

એક દિવસે આર્દાલિઓન, બચ્ચો, અને હું વીશીના ફળિયાના એકઢાળિયાના છાપરા ઉપર બેઠા હતા. બચ્ચો રમૂજી બયાન કરતો હતો કે તે કેવી રીતે દોન-કિનારે-રોસ્તોવથી પગપાળો મોસ્કો ગયેલો. તે માજી સિપાહી હતો, ઇજનેરોની ટુકડીમાં રહી ચૂક્યો હતો. તેને સેંટ જ્યોર્જના ક્રૉસનો ઇલકાબ મળ્યો હતો. તુર્કી સામેના જંગમાં ગોઠણમાં જખમ થવાથી તે કાયમને માટે લંગડો થઈ ગયો હતો. ઠીંગણા અને મજબૂત બાંધાના આદમીના હાથમાં ગજબની તાકાત હતી, પણ લંગડા પગને લીધે કામ ન કરી શકતો હોવાથી એ તાકાત વપરાતી નહોતી, હાથમાં જ પુરાયેલી રહેતી. કશાક રોગને લીધે તેના માથાના અને દાઢીના વાળ ખરી ગયા હતા એટલે તેનું માથું બચ્ચાની જેમ સફાચટ ટાલિયું હતું.

સોનેરી આંખો ઝગમગાવતો તે કહી રહ્યો હતો:

"...એમ હું સેર્પુખોવ પહોંચ્યો. ત્યાં મને એક પાદરી એના ઘરના પાછળના વાડામાં બેઠેલો નજરે પડયો. મેં એની પાસે જઈને કહ્યું: 'તુર્કી સામેના જંગના શૂરા સિપાહીને કંઈક આપશો?'..."

આર્દાલિઓન માથું હલાવતો બોલ્યો:

"કેવો લબાડ છો તું! કેવો લબાડ!"

"કેમ લબાડ?" બચ્ચાએ માઠું લગાડયા વગર સવાલ કર્યો, પણ આર્દાલિઓન ધીરા અવાજે ઠપકો આપતો રહ્યો:

"તારે ઈમાનદારીની જિંદગી જીવવી જોઈએ, બધાય લંગડા કરતા હોય છે એમ રાતના ચોકીદારનું કામ ગોતી લેવું જોઈએ, પણ એને બદલે તું ખૂણેખાંચરે ભટકતો રહે છે ને જૂઠાણાં કહેતો રહે છે."

"ખાલી રમૂજને ખાતર, લોકોને હસાવવા..."

"તો પોતે કેમ નથી હસતો?"

તડકો નીકળ્યો હોવા છતાં અંધારા અને ગંધારા ફળિયામાં એક બાઈ આવી અને હાથ ઊંચા કરીને કશુંક હવામાં હલાવતી સાદ પાડવા લાગી:

"એય, છોડીઓ, ઘાઘરો લેવો છે કોઈને?"

ઓરતો મકાનોની તિરાડોમાંથી સરકતી આવીને ફેરિયણ ફરતી ટોળે વળી

ગઈ. મેં બાઈને તરત ઓળખી લીધી, ધોબણ નાતાલ્યા હતી. હું છાપરા ઉપરથી ઠેકડો મારીને નીચે ઊતર્યો એટલામાં તે પહેલા ઘરાકને ઘાઘરો વેચીને ફળિયામાંથી જઈ રહી હતી.

હું ઝાંપા બહાર તેને આંબી જઈને ખુશાલ અવાજે પોકારી ઊઠયો: "કેમ છે?"

"બસ, એટલું જ કહેવાનું છે તારે?" તેણે ત્રાંસી નજર મારી તરફ નાખીને સવાલ કર્યો, પણ પછી એકાએક ઊભી રહી ગઈ અને ખીજે ભરાઈને બોલી ઊઠી:

"હે ભગવાન! તું અહીંયાં શું કરે છે?"

તેનાં બેબાકળાં વેણ સાંભળીને મારા દિલમાં લાગણી ઉછાળા મારવા લાગી અને મને અકળામણ થઈ. બુદ્ધિનું તેજ વેરતા તેના ચહેરામાં બીક અને હેરત સાફ અંકાયેલી હતી. મને ખ્યાલ આવી ગયો કે બીક મારે અંગેની જ હતી. મેં ઉતાવળમાં ખુલાસો કર્યો કે હું શેરીમાં રહેતો નથી પણ ખાલી નજર નાખી લેવા ક્યારેક ક્યારેક આવું છું.

"નજર નાખી લેવા?" તેણે હાંસીભર્યા તીખા અવાજે મારા બોલ દોહરાવ્યા. "ક્યાં નજર નાખી લેવા? રાહદારીઓનાં ખીસાંમાં ને ઓરતોનાં પોલકાંમાં, એમ ને?"

તેનો ચહેરો કરમાઈ ગયેલો હતો, હોઠ ઢીલા પડી ગયેલા હતા, અને આંખો નીચે કાળાં કૂંડાળાં હતાં.

એક સરાઈના બારણા પાસે ઊભી રહી જતી તે બોલી:

"ચાલ અંદર, એકેક કપ ચા પીએ! તારાં કપડાં તો સાફસૂથરાં છે, અહીનાં માણસો જેવાં નથી, પણ કોણ જાણે કેમ તારી વાત ગળે નથી ઊતરતી..."

અમે અંદર ગયાં પછી તેને ફરી મારામાં વિશ્વાસ બેસતો હોય એમ લાગ્યું. ચા રેડીને તે લૂખીસૂકી રીતે વાત કરવા લાગી કે એક કલાક પહેલાં જ ઊઠેલી અને હજી કાંઈ ખાધું કે પીધું નહોતું.

"કાલે રાતે છલોછલ ઢીંચીને સૂતેલી, પણ યાદ જ નથી કે ક્યાં ને કોની જોડે ઢીંચેલો..."

મને તેની બાબતમાં અફસોસ થયો, તેની હાજરીમાં બેચેની લાગી, અને તેની દીકરી વિશે પૂછવનું બહુ મન થયું. જરાક ચા અને વોદકા પીધા પછી તે પોતાની હંમેશની જોમદાર રીતે વાત કરવા લાગી. તેમાં એ

શેરીનાં તમામ બૈરાંની સર્વસામાન્ય અસભ્યતા સાફ વરતાતી હતી. પણ મેં તેની દીકરી વિશે પૂછ્યું કે તરત તે ડાહીડમરી થઈને બોલી:

"કેમ પૂછ્યું પડ્યું? ના, ભાઈ મારા, ના, મારી દીકરી સુધી નહિ પહોંચે તું, આખી જિંદગીમાં ક્યારેય નહિ..."

તે વળી થોડોક દારૂ પીને આગળ બોલી:

"મારી દીકરીને મારી જોડે કોઈ જાતનો સંબંધ નથી. હું તે કોણ? ધોબણ. એના જેવીની હું તે કેવી જાતની મા? જાણકાર છે ને ભણેલી છે. કહેવા જેવું કાંઈક છે, માનવું પડે, ભાઈ! એટલે મને મૂકીને જતી રહી, સાહેલી કને, અમીર છોકરી છે સાહેલી, લાગે છે કે મહેતી બનવા..."

થોડીક વાર ચુપ રહીને તે હળવા અવાજે બોલી:

"ધોબણની કોઈને જરૂર નથી. રસ્તે ભટકીને કાયા વેચતી ઓરતની જરૂર હોય કદાચ, હેં?"

મેં તો તરત અટકળ કરી લીધેલી કે તે રખડતી વેશ્યા હતી... એ શેરીમાં બધી ઓરતો વેશ્યાઓ હતી. પણ તેને એવું નામ પોતાના સંબંધમાં વાપરતી જોઈને મને એવો સખત આઘાત લાગ્યો કે મારી આંખોમાં શરમ અને દયાના આંસુ ફૂટી નીકળ્યાં. નાતાલ્યાને હોઠેથી એવો એકરાર ખાસ ચોંકાવનારો હતો કારણ કે હજી તો સાવ તાજેતરના વખત સુધી તે હિંમતવાન, ચતુર, અને સ્વતંત્ર નારી હતી.

તે મારી તરફ જોઈને નિસાસો નાખતી બોલી:

"અરે, મૂરખ નાનકડા, અહીંથી ભાગી જા! અને મારી સલાહ છે, બલકે આજીજી છે, કે પાછો આવતો નહિ ક્યારેય, નહિતર ખતમ થઈ જવાનો તું!"

પછી ટેબલ ઉપર નમીને આંગળીઓ વડે તાસકમાં કશીક આકૃતિ દોરતી હળવા અવાજે અને તૂટકતૂટક બોલવા લાગી, જાણે કેમ પોતાને જ કંઈક કહેતી હોય:

"પણ તને મારી સલાહની શું પરવા? મારી પેટની દીકરીયે મારું માનતી નથી... હું એને કહેતી કે સગી માને તરછોડીને રઝળતી ન મૂકી દેવાય! ન મૂકી દેવાય! પણ એ જવાબ પરખાવી દેતી: 'તો હું મારો જીવ કાઢી નાખીશ!' કઝાન ચાલી ગઈ, નર્સનું કામ શીખવાનો ઈરાદો હતો. ઠીક, બહુ સારું. પણ મારું શું?.. મારું એમ કે અહીંયાં જ છું, આ રહી. મદદ માગવા કોની પાસે જાઉં? બહાર રસ્તે ચાલતા ભાયડાઓ કને?.."

તે વિચારમાં ગરકાવ થઈને બેઠી રહી. તેના હોઠ અવાજ કર્યા વગર હલતા હતા. મારી હાજરીને ભૂલી ગઈ હોય એમ લાગતું હતું. તેના હલતા હોઠ અને ફરકતી કરચલીઓમાંથી કશોક મૂંગો સંદેશો વહેતો મુકાતો હતો. તેની એવી હાલત જોઈને મને દિલમાં પીડા થતી હતી. તેનો ચહેરો જાણે દુભાયેલો અને બાળક જેવો હતો. તેણે માથે ઓઢેલી શાલ નીચેથી સરકીને ગાલ ઉપર પથરાઈ ગયેલી વાળની એક લટ વળીને તેના નાનકડા કાન ફરતી વીંટાઈ ગઈ હતી. આંસુનું એક ટીપું ટાઢી ચાના કપમાં પડતું જોઈને તેણે કપ આઘો ખસેડી દીધો, આંખો સખત મીચી દઈને બીજાં બે આંસુ નિચોવી કાઢયાં, અને પછી શાલના છેડા વડે ચહેરો લૂછી લીધો.

તેની પાસે વધારે બેસવાનું મારે માટે અસહ્ય બની ગયું એટલે હું ચુપચાપ ઊભો થઈ ગયો.

"આવજો!"

"હેં? જતો રહે, શયતાન કને જતો રહે!" તે ઊંચે જોયા વગર હાથ હલાવીને મને જતો રહેવાનો ઈશારો કરતી બોલી, ઘણું કરીને ભૂલી ગયેલી કે હું કોણ છું.

હું આર્દાલિઓનની તલાશમાં પાછો ફળિયામાં ગયો. મેં તેની જોડે માછલાં પકડવા જવાનું નક્કી કર્યું હતું. મારે તેને નાતાલ્યાની વાત કરવી હતી, પણ તે અને બચ્ચો છાપરા ઉપર નહોતા. ઠેરઠેર કચરાપૂંજાના ઢગલાવાળા ફળિયામાં હું તેમને ગોતતો હતો એટલામાં શેરીના રોજના લડાઈઝઘડાઓ જેવી કોઈ ધાંધલનો અવાજ મારે કાને પડયો.

હું ઝાંપા બહાર ગયો અને નાતાલ્યાની જોડે લગભગ અથડાઈ પડયો. તે આંધળાની જેમ પગથી ઉપર પડતીઆખડતી હતી, નાકના સિસકારા બોલાવતી હતી, એક હાથ વડે જખમી ચહેરાને શાલથી લૂછતી હતી અને બીજા હાથ વડે વાળની ગૂંચવાઈ ગયેલી લટોને પાછળ ફંગોળતી હતી. આર્દાલિઓન અને બચ્ચો તેની પાછળ ધસી રહ્યા હતા.

"ફરી લગાવ ફટકો એને, લગાવ!" બચ્ચો બોલી ઊઠયો.

આર્દાલિઓન દોડતો નજીક પહોંચી ગયો અને તેની સામે મુક્કો હલાવવા લાગ્યો. નાતાલ્યા એકદમ ફરીને તેની સામે ખડી રહી ગઈ. તેનો ચહેરો મરડાઈ ગયેલો હતો અને આંખોમાંથી ધિક્કારના અંગારા ખરતા હતા. તેણે બરાડો પાડયો: "લગાવ, લગાવ ફટકો મને!"

મેં આર્દાલિઓનનો હાથ પકડી લીધો. તે હેરતમા મને તાકી રહ્યો:

"શું થયું છે તને?"

"એને હાથ અડાડતો નહિ," હું જરાક અદ્ધર શ્વાસે બોલ્યો.

તે ખડખડાટ હસી પડયો.

"કોણ છે તારી, રખાત કે શું? અરે, નાતાલ્યા! આ જોગીનેય લપટાવી દીધો તેં?"

બચ્ચો પણ સાથળ ઉપર થપાટ મારતો ખીખી કરવા લાગ્યો, પછી બેઉ જણ મને ગંદાંગલીચ મેણાં મારવા લાગ્યા. પણ એથી નાતાલ્યાને છટકી જવાનો વખત મળી ગયો. મારાથી વધારે સહન નહિ થાય એમ મને લાગ્યું ત્યારે બચ્ચાને છાતીમાં ઠોંસો ઝીંકીને હેઠો પાડી નાખતો હું પલાયન થઈ ગયો.

ત્યાર બાદ ઘણા વખત સુધી હું 'લખપતી' શેરીથી વેગળો રહ્યો, પણ આર્દાલિઓન મને ફરી એક વાર ભેટી ગયો... સફરી વહાણમાં.

"કેમ છે?" તે ખુશાલ અવાજે બલ્યો, "શું થઈ ગયું તને? ક્યાં હતો આટલા દિવસ?"

મેં તેને સાફ કહી દીધું કે તેણે નાતાલ્યાને મારેલી અને મારું અપમાન કરેલું એટલે મને ખોટું લાગેલું. તે ખુશમિજાજમાં હસી પડયો.

"તને લાગે છે કે અમારે શું ખરેખર તારું અપમાન કરવું'તું? અમે તો ખાલી રમૂજને ખાતર તને ચીડવતા હતા. અને નાતાલ્યાની વાત... કેમ ન મારીએ એને? એ તો ખાલી રસ્તે રખડતી વેશ્યા છે. માણસ ઘરવાળીનેય મારી શકે તો એવી છિનાળને શું કરવા બાકી રાખે? પણ અમે તો ખાલી ટોળટીખળ કરતા હતા. મારપીટથી કોઈ કાંઈ ન શીખે, એટલી તો મને બરાબર ખબર છે."

"તું એને શું શીખવવાનો હતો? તારામાં એનાથી બહેતર કાંઈ નથી બળ્યું!"

તેણે હાથ મારા ખભા ફરતે વીંટાળી દઈને મને હલાવ્યો.

"ખરાબી એમાં જ છે," તે ઘુરકાટ કરતો બોલ્યો. "કોઈ બીજા કોઈથી બહેતર નથી. મને બધું સમજાય છે, ભાઈ, પૂરેપૂરું, અંદરબહાર બધુંય! હું કાંઈ ગામડિયા રોંચા જેવો નથી..."

તે જરાક કેફની મસ્તીમાં હતો અને ઠોઠ નિશાળિયાને શીખવતા મહેતાજીના જેવી હેતાળ ધીરજભરી નજરે મને તાકી રહ્યો હતો.

હું ક્યારેક પાવેલ ઓદીન્ત્સોવને મળતો. તે અગાઉ કરતાં વધારે

ફૂર્તિલો બની ગયો હતો, વરણાગિયા જેવો પોશાક પહેરતો, અને મારી જોડે જાણે મુરબ્બી જેવું વર્તન કરતો. એક વાર તેણે ઠપકાના અવાજે મને કહ્યું:

"આવી નોકરી તેં લીધી જ શું કામ? એ ગામડિયાઓ ભેગું કામ કરવામાં તું જરાય આગળ નહિ વધે, ક્યારેય નહિ..."

પછી તેણે કારીગરી મથકની ખબરો ગમગીન અવાજે કહી સંભળાવી:

"જીખારેવ હજી પેલી ગાયનો સંગાથ રાખે છે. સીતાનોવને આ કે તે કશુંક કોરી ખાતું હોય એમ લાગે છે... વધારે પડતો ઢીંચતો રહે છે. ગોગોલેવને વરુઓ ભરખી ગયાં... તહેવારના દિવસોમાં વતનના ગામે ગયેલો, ત્યાં નશામાં ચકચૂર થઈ ગયો, વરુઓએ ફાડી ખાધો, બટકું બટકું કરીને ચાવી ગયાં..."

પાવેલ ખડખડાટ હસતો હસતો તરંગનો ઘોડો દોડાવતો રહ્યો:

"એને ચાવી ગયાં ને પછી પોતે નશામાં ચકચૂર થઈ ગયાં. સરકસનાં કૂતરાંની જેમ પાછલા પગને ટેકે જંગલમાં ફરવા લાગ્યાં, ગળું ફાટી જાય એવા રાગડા તાણતાં રહ્યાં, અને બીજે દિવસે ઢળી પડીને મરી ગયાં!"

તેની વાતો સાંભળીને હું પણ હસી પડ્યો, પરંતુ મારા દિલના ઊંડાણમાં મને સમજાઈ ગયું કે કારીગરી મથક, અને મારી નજરમાં તે જે કંઈ હતું તે બધું, હવે અતીતમાં વિલીન થઈ ગયેલું છે. એથી હું ગમગીન બની ગયો.

૧૯

શિયાળામાં મેળાના વિસ્તારમાં સમજો કે કશું કામ હતું જ નહિ. ઘરમાં હું અગાઉ જેવું કામકાજ કરતો. તેમાં આખો દિવસ લાગી જતો, પણ સાંજે મને ફુરસદ રહેતી. ઘરનાં માણસો ભેગાં થઈ જતાં અને હું તેમને «*Niva*» તથા «*The Moscow Leaflet*»ની નવલકથાઓ વાંચી સંભળાવતો. મને એ વાર્તાઓ બિલકુલ નહોતી ગમતી. રાતની વેળાએ હું સારાં પુસ્તકો વાંચતો અથવા કાવ્યો લખવાની કોશિશ કરતો.

એક દિવસે માલિકણો પ્રાર્થનામાં ગઈ હતી અને માંદો પડેલો માલિક ઘેર હતો. તેણે મને કહ્યું:

"વિક્તર ખણખોદ કરતો રહે છે કે તું કવિતા લખે છે, સાચી વાત છે, પેશ્કોવ? સંભળાવ ને કંઈક!"

ના પાડી દેવામાં મને અકળામણ થઈ એટલે મારાં થોડાંક કાવ્યો મેં તેને સંભળાવ્યાં. સાફ વરતાઈ આવ્યું કે તેને ગમ્યાં નહિ, પણ તેણે કહ્યું:

"લખતો રહેજે, લખતો રહેજે! કોને ખબર છે, કદાચ બીજો પૂશ્કિન બની જા તું! પૂશ્કિનનું કંઈ વાંચ્યું છે ક્યારેય?

ચુડેલો પરણે કદી,
અને ભૂતો મરે કદી?

તેના જમાનામાં લોકો હજી ભૂતપિશાચમાં માનતા, પણ મને નથી લાગતું કે તે પોતે માનતો... ખાલી ટોળમાં લખ્યું હોય."

"હા, ભાઈ, તને ભણાવવાનું જરૂરી હતું," તે વિચારમાં પડી જતો બોલ્યો. "પણ હવે તો વેળા વીતી ગઈ. એકલો શયતાન જાણતો હશે કે દુનિયામાં તારું ગાડું કેવી રીતે ચાલશે. તારી નોટબુક બાઈઓથી છુપાવીને રાખજે, નહિતર તને પજવશે. ભાઈ મારા, માણસને દુખતી જગ્યાએ જ ફટકા મારવામાં ઓરતોને ખરી મોજ પડતી હોય છે!"

થોડા વખતથી માલિક શાંત થઈ ગયો હતો અને વિચારોમાં ડૂબી જતો, વારંવાર છાની નજર આસપાસ નાખતો રહેતો અને ઘંટડીના દરેક રણકારે ચોંકી જતો. ક્યારેક તેને સાવ નજીવી બાબતથીયે રોગિયલ ખીજ ચડી જતી, સૌને જોરજોરથી ધમકાવવા લાગતો, સડસડાટ ઘરમાંથી નીકળી જતો અને મોડી રાતે નશામાં ચકચૂર હાલતમાં પાછો આવતો. સાફ દેખાતું હતું કે તેની એકલાની જાણની કોઈ બાબત તેને સતાવી રહી હતી, એ બાબતે તેના મનને ભાંગી નાખ્યું હતું, એટલે તેનો આત્મવિશ્વાસ અને જિંદગીમાં તેની દિલચસ્પી ખતમ થઈ ગયાં હતાં, તે ખાલી ટેવના જોરે જિંદગી ગુજારી રહ્યો હતો.

રવિવારે જમવાનું પતી ગયા પછી હું રાતના નવ વાગ્યા સુધી બહાર ફરવા જતો અને પછી યામ્સ્કાયા માર્ગની સરાઈમાં જતો. જાડિયા અને પરસેવે ગંધાતા સરાઈવાળાને ગીતોનું ઘેલું હતું. આસપાસનાં બધાં દેવળોનાં સંગીતમંડળોના માણસોને એ વાતની ખબર હતી એટલે તેઓ સરાઈમાં ભેગા થતા કેમ કે સરાઈવાળો તેમને ગીતોના બદલામાં વોદકા, બીયર, અને ચાની મોજ કરાવતો. દેવળોના ગાયકો બેનૂર દારૂડિયાઓ હોય છે. તેઓ કમને ગાતા હોય છે, અને તે પણ દેવળના સંગીત સિવાય બીજું કંઈ જવલ્લે જ. ધર્મઘેલા ગ્રાહકો સરાઈને એવા સંગીત માટે ખોટી જગ્યા ગણાવીને વાંધો ઉઠાવતા, એટલે સરાઈવાળો મહેમાનોને પોતાના

ખાનગી ખંડમાં લઈ જતો. પરિણામે હું કેવળ બારણે કાન માંડીને જ ગીતના સૂર સાંભળી શકતો. પરંતુ ઘણી વાર ગામના કારીગરો અને ખેડૂતો સરાઈમાં ગીતો ગાતા. સરાઈવાળો આસપાસના વિસતારમાંથી ગાયકોને શોધી લાવતો, બજારના દિવસે શહેરમાં આવતા કિસાનોમાંથી ગાયકોને ગોતી કાઢતો, અને તેમને સૌને સરાઈમાં બોલાવતો.

ગાયકને હંમેશાં પીણાંના વિભાગમાં વોદકાના નાનકડા પીપની સામે સ્ટૂલ ઉપર બેસાડવામાં આવતો. પીપનું તળિયું જાણે ગાયકના માથાને મઢી લેતી ગોળ ફ્રેમ જેવું બની રહેતું. ઠીંગણો સુકલકડી જીનગર કલેશ્ચોવ સારામાં સારો ગાયક હતો અને તેની પાસે ખાસ મઝાનાં ગીતોનો ખજાનો હતો. તે જાણે ચોળાયેલો ચૂંથાયેલો હોય એવો દેખાતો, અને તેને આખે શરીરે રાતા વાળનાં ઝૂમખાં હતાં. તેનું નાક મડદાના નાકની જેમ ચળકારા મારતું, અને તેની સ્વપ્નાળુ ટચૂકડી આંખો અચળ રહેતી.

ક્યારેક તે આંખો મીચી દઈને, માથું વોદકાના પીપના તળિયાને ટેકે અઢેલીને, અને છાતી ફુલાવીને હળવા પણ અદમ્ય કંઠે ગાતો:

ફેલાયું ચોમેર ધુમ્મસ ઘેરું
મારગને મારા ઢાંકી દેતું...

પછી તે ઊભો થઈ જતો, થડાની કોરને અઢેલીને ખડો રહેતો, મોં છત તરફ ઊંચું કરી દેતો, અને ગીતમાં હૈયું રેડી દઈને સૂર વહેતા મૂકતો:

જવું કેણી ગમ, કેમ કરીને,
ખોળું પંથ મારો, કેમ કરીને?..

તેનો અવાજ હળવો હતો, પણ જાણે અખૂટ હતો. સરાઈના નીરસ ઘેરા ગણગણાટને તે જાણે ચાંદીના તારમાં પરોવી દેતો, એક પણ માણસ ગીતના શોકમય શબ્દોની અને રુદનની છાયાની અસરથી બચી ન શકતો. દારૂના ઘેનમાં વધારેમાં વધારે ચકચૂર માણસો પણ અજબ રીતે ગંભીર બની જતા, સામેના ટેબલને એકીટસે તાકી રહેતા, મારું દિલ પણ જાણે ફાટી પડવાની હાલતમાં ધકેલાઈ જતું, હૈયાનાં ઊંડાણોને સ્પર્શી જતા સરસ સંગીતથી હંમેશાં પેદા થતી જોરદાર લાગણીઓને છલકાવવા લાગતું.

સરાઈમાં દેવળ જેવી શાંતિ છવાઈ જતી અને ગાયક જાણે માયાળુ પાદરી જેવો લાગતો. તે ઉપદેશના બોલ ન બોલતો, પરંતુ ખરા દિલે સમગ્ર માનવજાતિના કલ્યાણની પ્રાર્થના કરતો, રાંકડા માનવ જીવનની બધી

વેદનાઓને વ્યક્ત કરતો. દરેક બાજુએથી દાઢીવાળા માણસો તેને તાકી રહેતા, તેમના પશુ જેવા ચહેરાઓમાં બાળક જેવી આંખો વિચારગ્રસ્ત પલકારા મારતી રહેતી. ક્યારેક કોઈ માણસ ઊંડો નિસાસો નાખતો, અને તેમાં ગીતની શક્તિની ખાતરીબંધ સાબિતી અંકિત થઈ જતી. એવી ઘડીઓએ મને લાગતું કે તમામ લોકો ખોટી બનાવટી જિંદગી જીવતા હોય છે. ખરી જિંદગી તો... અરે, આ રહી!

એક ખૂણામાં જાડિયા ડાચાવાળી બેલગામ નફ્ફટ વંઠેલી ઓરત લિસૂખા બેઠી હતી. તેણે માથું માંસલ ખભાઓમાં દબાવી દીધું હતું અને તે રડતી હતી, તેની બેશરમ આંખોમાંથી આંસુની ધારાઓ ધીરેધીરે વહેતી હતી. દેવળનો ગમગીન ગાયક મિત્રોપોલ્સ્કીય તેની બાજુમાં ટેબલ ઉપર જમાવીને બેઠો હતો. જબરજસ્ત કદના આદમીને આખે શરીરે વાળ છવાયેલા હતા, નશીલા ચહેરામાં મોટીમોટી આંખો હતી. તે જાણે પાદરીના પદેથી કાઢી મૂકવામાં આવેલો હોય એવો દેખાતો હતો. તેને અતલ ઊંડો ઘેરો કંઠ હતો. તે સામે ટેબલ ઉપર પડેલા વોદકાના પ્યાલાને તાકી રહેતો, હાથમાં લેતો, હોઠ સુધી લઈ જતો, પણ પછી હોઠ અડાડયા વગર સાવચેતીથી ચુપચાપ પાછો મૂકી દેતો, કોણ જાણે કેમ પી નહોતો શકતો.

સરાઈમાં તમામ માણસો જરાય હલચલ કર્યા વગર બેઠા હતા, જાણે કેમ કશુંક ભુલાઈ ગયેલું સાંભળી રહ્યા હોય, કશુંક બહુ નિકટનું અને દિલને પ્યારું સાંભળી રહ્યા હોય. ક્લેશ્ચોવ ગીત પૂરું કરીને વિનયથી પાછો સ્ટૂલ ઉપર બેસી જતો, સરાઈવાળો તેને વોદકાનો પ્યાલો આપતો અને સંતોષનો મલકાટ કરીને કહેતો:

"સરસ! બેશક સરસ! તું ગાય છે એમાં ગીત ઓછું અને વાર્તા વધારે હોય છે, પણ તું ખરો ઉસ્તાદ છો, એ તો હકીકત છે! એમાં કોઈથી ના પડાય એમ નથી..."

ક્લેશ્ચોવ ધીરેધીરે વોદકા પીતો અને ગળું ખોંખારીને કહેતો:

"ગાવાનું તો એમ છે કે સારા કંઠવાળો કોઈ પણ માણસ ગાઈ શકે; પણ ગીતના આત્માને છતો કરી શકે એવો તો હું એકલો જ છું..."

"શેખી રહેવા દે હવે!"

"જેને શેખી મારવા જેવું કાંઈ હોય જ નહિ એ જીભને ઝાલી રાખે," ગાયક જરાય અકળાયા વગર બોલ્યો. તેના અવાજમાં હઠીલાઈની છાયા હતી.

"તેં પોતાને અંગે બહુ ઊંચો ખ્યાલ બાંધી લીધો છે, ક્લેશ્ચોવ!" સરાઈવાળો ચિડાઈને બોલ્યો.

"મારા આત્મા જેટલો ઊંચો, એથી વધારે તો બને જ નહિ ને..."

મિત્રોપોલ્સ્કીયએ ખૂણામાંથી બરાડો પાડયો:

"આ કદરૂપા ફિરસ્તાના ગાનની કદર કરતાં તમને આવડે એવી ધારણા જ કેવી રીતે રાખી શકાય? કીડાઓ છો કીડાઓ! પેટ ઘસતાં જીવડાં!"

તે હંમેશાં દરેક માણસની જોડે બાખડી પડતો, કજિયા કરતો, વાંક કાઢતો. એટલે લગભગ દર રવિવારે ગાનારાઓ અથવા તેની ઉપર હુમલો કરવાની કિંમત ધરાવનારા બીજા કોઈ માણસો તેને મેથીપાક ચખાડતા.

સરાઈવાળાને ક્લેશ્ચોવનાં ગીતો બહુ ગમતાં, પણ એ સિવાય તેની ઉપર નફરત હતી. તે સૌને તેને વિશે ફરિયાદ કરતો, તેનું અપમાન કરવાની કે તેની ઠેકડી ઉડાડવાની ઉઘાડી કોશિશ કરતો રહેતો. સરાઈમાં અવારનવાર આવતા માણસો તેમ જ ખુદ ક્લેશ્ચોવ પણ એ વિશે પૂરા વાકેફ હતા.

"ગાય છે સારું, પણ ઘમંડી છે, એનો ફાંકો થોડોક ધોઈ નાખવાની જરૂર છે," સરાઈવાળો કહેતો, અને તેના કેટલાક ઘરાકો તેને ટેકો આપતા.

"ખરી વાત છે, ગુમાની માણસ છે!"

"ગુમાન કરવા જેવું છે શું એનો કને! ગળું તો ભગવાને આપ્યું છે, એણે પોતે નથી બનાવ્યું કાંઈ! અને ગળુંયે એવું ગજબનું થોડું છે?.." સરાઈવાળો વાતને વધુ વાગોળતો.

"સાવ ખરી વાત છે, ગળામાં તો ઝાઝો દમ નથી, અસલ વાત તો ગળું વાપરવાની એની રીતની છે..." બીજા માણસો ટાપસી પૂરતા.

એક દિવસે ગાયક ગીત ગાઈને ચાલ્યો ગયો ત્યારે સરાઈવાળો લિસૂખાને પટાવવા લાગ્યો:

"મારીયા યેવદોકીમોવ્ના, ક્લેશ્ચોવની ઉપર હાથ અજમાવ ને... જરાક પાંસરો કર ને એને! તું ધારે તો સાવ સહેલું કામ છે!"

"જુવાન હોત તો..." બાઈ જરાક હસીને બોલી.

"જુવાનમાં કેવીક આવડત હોય!" આદમીએ તેને પાનો ચડાવવાની કોશિશ કરી. "કામ તો તારાથી જ થાય એવું છે! એને તારી પાછળ ઘેલો થઈને તને વળગી રહેતો જોઉં તો મારા દિલને ટાઢક થાય! એના દિલમાં ખરું દરદ પેદા કરી દે! પછી તો એવું ગાશે કે બસ! કોશિશ કરી જો, યેવદોકીમોવ્ના, તારી મોટી મહેરબાની!"

પણ બાઈએ ના પાડી. તે બેહદ મોટી કાયા લઈને બેઠી રહી. તેનાં પોપચાં નીચે ઢાળેલાં હતાં, તે શાલની કોરને હાથમાં લઈને રમત કરતી સાવ ઢીલા અવાજે બોલી:

"એમાં તો જુવાન ઓરતની જરૂર પડે. હું જુવાન હોત તો વાંધો નહોતો."

સરાઈવાળો કલેશ્ચોવને નશામાં ચકચૂર બનાવવાની કોશિશો કરતો રહ્યો, પરંતુ કલેશ્ચોવ બે કે ત્રણ ગીત ગાતો, દરેક ગીત પૂરું થાય ત્યારે એક પ્યાલી દારૂ પીતો, પછી ગૂંથેલો રૂમાલ કાળજીથી ગરદન ફરતે બાંધતો, વીખરાયેલા વાળવાળા માથા ઉપર ટોપી મૂકતો, અને રસ્તે પડી જતો.

ઘણી વાર સરાઈવાળો કલેશ્ચોવની સામે હરીફો ગોતી લાવતો. એવા પ્રસંગે જીનગરનું ગીત પૂરું થઈ જાય અને તેનાં વાજબી વખાણ થઈ જાય એટલે સરાઈવાળો છાની ઉત્તેજનામાં બોલતો:

"વાત એમ છે કે બીજો એક ગાયક પણ મોજૂદ છે આજે... આવો ભાઈ, આગળ આવો, મહેરબાની કરો!"

નવા ગાયકનો કંઠ બહુ સારો હોય એવું ક્યારેક બનતું ખરું, પણ કલેશ્ચોવના કોઈ પણ હરીફને તેના જેટલી સાદાઈ અને જોમથી ગાતો મેં કદી નથી સાંભળ્યો.

"હં.... સરસ, બેશક બહુ સરસ! અવાજ તો મઝાનો છે, પણ આત્મા..." સરાઈવાળાને આફસોસ થતો પણ એકરાર કરી લેવો પડતો. સૌ હસી પડતા.

"લાગે છે કે જીનગરને હરાવવાનું બને એમ નથી!"

કલેશ્ચોવ ભરાવદાર રાતાં ભવાં નીચેથી સૌની ઉપર નજર ફેરવતો અને વિનયભરી સ્વસ્થતાથી સરાઈવાળાને કહેતો:

"કોશિશ જેટલી કરવી હોય એટલી કરી લે, પણ મારા જેવો ગાનારો ક્યાંય નહિ મળે. મારી કલા તો ઈશ્વરની બક્ષીસ છે."

"આપણે બધાંય ઈશ્વરનાં જ છીએ."

"મારા જેવો ક્યારેય નહિ મળે, તારી દુકાનના બધા દારૂના બદલામાંયે!"

સરાઈવાળાના ચહેરામાં ઘેરી રતાશ આવી ગઈ અને તે બબડયો:

"એ તો જોઈશું.... જોઈ લઈશું!"

પણ કલેશ્ચોવ પોતાની વાતને વળગી રહ્યો:

"ગાવાનું કાંઈ કૂકડાઓની લડાઈ જેવું નથી, એટલું સમજી લેવું!"

"કોને શીખવવા માંડયો છે?"

"શીખવતો નથી, કરી બતાવું છું, ગીત તો આત્માને ખાતર હોય!"

"બહુ થઈ ગયું, એવા ડહાપણને બદલે ગીત સંભળાવ!"

"ગાવાની બાબતમાં તો બંદો કાયમ તૈયાર જ, નીંદરમાંયે..." કલેશ્ચોવે તરત માની લીધું અને જરાક ખોંખારીને શરૂ કરી દીધું.

જાણે ચમત્કાર થયો. બધી પામરતા, શબ્દો અને ઇરાદાઓનો આખો ઉકરડો, અણઘડ બધું, સરાઈ છાપનું બધું, ધુમાડાની જેમ ઊડીને ગાયબ થઈ ગયું. સૌને જુદી જ જાતના જીવનની, નિર્મળ અને વિષાદમય જીવનની, પ્રેમ અને ગમગીની છલકાવતા જીવનની, તાજી હવાનો અનુભવ થયો.

મને એ માણસની ઈર્ષા થઈ, તેની પ્રતિભાની અને લોકો ઉપર તેની મોહનીની ઊંડી ઈર્ષા મારા દિલમાં થઈ. વળી મોહનીનો ઉપયોગ તે કેવી અદ્ભુત રીતે કરતો હતો! જીનગરની સાથે ઓળખાણ કરવાની અને લાંબી વાતો કરવાની ઝંખના મારા મનમાં ઉછાળા મારવા લાગી, પરંતુ જઈને તેને મળવાની હિંમત મારામાં નહોતી, તેની નિસ્તેજ આંખો જાણે કોઈને દેખતી જ ન હોય એવી અજબ રીતે આમતેમ તાકતી રહેતી. તે ગાતો ન હોય ત્યારે પણ તેને બિરદાવવા મારું મન આતુર રહેતું, પરંતુ તેની બાબતમાં અણગમો પેદા કરનારું કશુંક એવું હતું કે જે મને જાણે પાછળ ધકેલી દેતું હતું. તેને ઘરડા માણસની જેમ ટોપી નીચી દબાવી દેવાની અને ગૂંથેલો રાતો રૂમાલ ડોળદમામથી ગરદન ફરતો વીંટાળતાં એમ કહેવાની અળખામણી ટેવ હતી કે "મારી મીઠી માશૂકે બનાવી આપ્યો છે... અમુક જુવાન બાનુએ..."

તે ગાતો ન હોય ત્યારે ભારેખમ અદા ધારણ કરીને મોં ફુલાવી દેતો, ઠારમાં ઠરી ગયેલા નાક ઉપર હાથ ઘસતો, અને સવાલો પૂછવામાં આવે તો કમને એકાક્ષરી જવાબો આપતો. એક વાર મેં તેની બાજુમાં બેસી જઈને કંઈક પૂછ્યું ત્યારે તેણે મારી તરફ નજર પણ નાખ્યા વગર જવાબમાં પરખાવી દીધેલું:

"જતો રહે, છોકરા!"

મને મીત્રોપોલ્સ્કી ઘણો વધારે ગમતો. તે સરાઈમાં દાખલ થઈને ભારે બોજો લાદેલા માણસની જેમ ઢસડાતી ચાલે ખૂણામાં જતો, ખુરશીને પગ વડે ખસેડીને તેમાં બેસી પડતો, પછી કોણીઓ ટેબલ ઉપર અને મોટું ઝીંથરિયું માથું હાથ ઉપર ટેકવી દેતો. એક પણ શબ્દ બોલ્યા વગર તે

બે કે ત્રણ પ્યાલી વોદકા ગટગટાવી જતો, હોઠ એટલા જોરથી બચકારતો કે સૌ ચોંકી જતા અને તેની તરફ ફરી જઈને નજર નાખતા. તેની હડપચી હાથ ઉપર ટેકવેલી હોય, વાળની ગૂંચવાઈ ગયેલી ઢગલાબંધ બેકાબૂ લટો ફૂલેલા રાતા ચહેરા ઉપર ફેલાઈ ગયેલી હોય, અને તે સૌને બેતમા નજરે સામું તાકી રહેતો હોય.

"શું જુઓ છો? શું દેખાય છે?" તે એકાએક વરસી પડતો.

"ભૂત દેખાય છે!" ક્યારેક જવાબ મળતો.

કોઈ કોઈ સાંજે તે મૂંગોમૂંગો ઢીંચી લેતો અને પછી ભારે પગને ઘસડતો એમ જ મૂંગોમૂંગો ચાલ્યો જતો. પરંતુ મેં તેને કેટલીય વાર પયગંબરની જેમ લોકોની ઉપર તુચ્છકાર વરસાવતો સાંભળ્યો હતો:

"હું ઈશ્વરનો દાસ છું, કોઈ મને લલચાવીને બદકાર બનાવી શકે જ નહિ! ઈશ્વરના દાસ તરીકે હું જૂના જમાનાના ઈસાઈયાની જેમ તમને ગુનેગાર ઠરાવું છું! જ્યાં ચોરો અને બીજાનું બૂરું કરનારાઓ નફરત લાયક વાસનામાં સબડતા વસે છે એ આરિયેલ શહેર ઉપર વિપદાઓ વરસી પડો! વિશ્વના જળમાર્ગોએ બગાડ લાદીને સફર ખેડતા પૃથ્વી નામે જહાજની ઉપર વિપદાઓ વરસી પડો! એ બગાડ એટલે તમે, દારૂડિયાઓ અને ખાઉધરાઓ, પૃથ્વીની કચરાપટ્ટી! તમારી સંખ્યા પારાવાર છે, પાપિયાઓ, પણ તોયે પૃથ્વી તમારા અવશેષોને જાકારો દઈને ફગાવી દેશે!"

તેના બોલના રણકારથી બારીઓના કાચ હલી ઊઠતા, એથી સાંભળનારાઓ ખુશ થઈ જતા અને તેનાં ગુણગાન ગાવા લાગતા:

"બોલતાં તો આવડે છે એને, ઝીંથરિયો બુઢ્ઢો શયતાન ક્યાંનો!"

તેની સાથે ઓળખાણ કરવાનું સાવ સહેલું હતું... તેને ખવડાવો અને પિવડાવો. તે ચોક્કસ સુરાઈ ભરીને વોદકા અને લાલ મરચાં ભેગી કલેજી મંગાવે. તેના ગળામાં અને પેટમાં બળતરા પેદા કરતી એ વસ્તુઓ તેને બહુ ગમતી. એક વાર મેં તેને પૂછ્યું કે મારે કેવાં પુસ્તકો વાંચવાં. તેણે તડાક ઝેરીલો જવાબ દીધો:

"વાંચવાની જરૂર જ શું છે તને?"

પરંતુ તેના જવાબથી મને થયેલા આઘાતનો ખ્યાલ આવી જતાં નરમાશ બતાવીને તે ગણગણ્યો:

"ધરમની ચોપડીઓ વાંચ. બસ. આખી દુનિયાના ડહાપણનો નિચોડ એમાં લખેલો છે, પણ ચોરસ માથાંવાળા તમે લોકો એને સમજતા જ નથી. કોઈ નથી સમજતું. તું કોણ છે, ગાનારો?"

"ના."

"કેમ નહિ? ગાવું જોઈએ તારે. બધાય કામધંધાઓમાં સૌથી વધારે મૂર્ખાઈભર્યું કામ ગાવાનું."

નજીકના ટેબલ પાસેથી કોઈ બોલ્યું:

"અને તારું શું? તું ગાનારો નથી?"

"હું? હું તો રખડુ છું. તો?"

"કંઈ નહિ."

"કુદરતી વાત છે. સૌને ખબર છે કે તારી ખોપરીમાં કંઈ જ નથી, અને ક્યારેય નહિ હોય. આમીન!"

તે સૌની જોડે એવી રીતે જ વાત કરતો. સૌમાં હુંયે બેશક સામેલ હતો. પણ મેં તેને બે કે ત્રણ વાર ખવડાવ્યું ને પિવડાવ્યું ત્યાર પછી મારી તરફના તેના વલણમાં જરાક નરમાશ આવી ગઈ. એક વાર તેણે થોડીઘણી હેરતમાં કહ્યું:

"તારી સામે જોતો રહું છું પણ સમજાતું નથી કે તું એટલે શું, કોણ અને શા માટે... પણ તું જઈને દોજખમાં પડ, મને શું પરવા!"

કલેશ્ચોવના સંબંધમાં તેનો ખરો ખ્યાલ હું કળી નહોતો શકતો. તે ગીત દેખીતી મોજથી સાંભળતો, ક્યારેક તો હેતાળ મલકાટ પણ કરતો, ગાયકની ઓળખાણ કરવાની કોશિશ કદી ન કરતો, અને તેને વિશે તોછડાઈથી અને નફરતથી વાત કરતો:

"રંગલો છે રંગલો! એને શ્વાસ લેતાં આવડે છે, અને પોતે શું ગાય છે એની સમજણ છે, પણ તોયે ગધેડો છે!"

"કેમ ?"

"જનમથી જ એવો છે."

તેના હોશ ઠેકાણે હોય ત્યારે તેની જોડે વાત કરવામાં મને મઝા પડી હોત, પણ એવી વેળાએ તે ખાલી ઘુરકાટ કરતો અને જાણે પડળ બાઝેલી પીડાતી આંખો વડે આમતેમ નજર ફેરવતો રહેતો. મને કોઈ પાસેથી જાણવા મળેલું કે પાછલી જિંદગીમાં કાયમ દારૂ ઢીંચતો રહેલો એ આદમી એક જમાનામાં કઝાન અકાદમીમાં અભ્યાસ કરતો હતો અને કદાચ પાદરી બન્યો હોત. પહેલાં તો મેં વાત સાચી નહોતી માની, પણ એક દિવસે તેની જોડે વાત કરતી વેળા મેં એમ જ બિશપ ખ્રીસાન્ફનું નામ લીધું.

"ખ્રીસાન્ફ?" મીત્રોપોલ્સ્કી માથું પાછળ ફંગોળતો બોલી ઊઠયો. "હું ઓળખતો'તો, મારો શિક્ષક અને મદદગાર હતો. કઝાનમાં,

અકાદમીમાં... બરાબર યાદ છે. ખ્રીસાન્ફ એટલે 'સોનાનું ફૂલ', પામવા બેરીન્દાએ સાચું જ એમ જણાવ્યું છે. ખરેખર સોનાનો માણસ હતો ખ્રીસાન્ફ!"

"પામવા બેરીન્દા કોણ?" મેં પૂછ્યું, પણ મીત્રોપોલ્સ્કીએ તોછડો જવાબ આપ્યો:

"તારા કામની વાત નથી!"

મેં ઘેર જઈને નોટબુકમાં ટપકાવી લીધું: "'પામવા બેરીન્દા'નાં લખાણો ચોક્કસ વાંચવાં છે." કોણ જાણે કેમ મને ખ્યાલ બંધાઈ ગયેલો કે મારા મનને પજવતા બધા સવાલોના જવાબો મને બેરીન્દાનાં લખાણોમાંથી મળી જશે.

દેવળના સંગીતમંડળમાં ગાનારા આદમીને ચિત્રવિચિત્ર નામો વાપરવાનું તથા શબ્દોનાં અસાધારણ જોડાણો કરવાનું બહુ ગમતું. એથી મને ચીડ ચડતી.

એક વાર તેણે કહ્યું:

"જિંદગી કાંઈ આનીસિયા નથી!"

મેં પૂછ્યું:

"આનીસિયા કોણ?"

મારી મૂંઝવણ જોઈને તેને રમૂજ થઈ. તેણે જવાબમાં કહ્યું:

"પીડાની દવા."

તે એવા શબ્દો વાપરતો હતો, અને અકાદમીમાં અભ્યાસ કરી ચૂક્યો હતો, એટલે મને લાગ્યું કે તેની પાસે જ્ઞાનનો મોટો ભંડાર હોવો જોઈએ, પણ તેને બહુ આનાકાનીથી અને બહુ કોયડા જેવી વાતો કરતો જોઈને હું અકળાઈ જતો. તેના સંબંધમાં સરખું વલણ લેતાં મને કદાચ નહોતું આવડતું.

પરંતુ મારા દિલમાં તેની છાપ અંકાઈ ગઈ હતી. તેને નશીલી હિંમતથી પયગંબર ઈસાઈયાની રીતે ફિટકાર વરસાવતો સાંભળવાનું મને ગમતું.

"અરે, જગતની ગંદકી અને બદબો!" તે ગરજતો. "અત્યારે દુષ્ટોને ઊંચા આસને બેસાડવામાં આવે છે અને નેક ઇન્સાનોને નીચે ફગાવી દેવામાં આવે છે. પણ થોડા વખતમાં જ કયામતના દિવસનું પરોઢ ઊગવાનું છે, અને ત્યારે વેળા વીતી ગઈ હશે, વીતી ગઈ હશે!"

એવો પોકાર સાંભળતી વેળા મારા મનમાં "મઝાની વાત"ની, એકદમ

પીડાકારી સત્યાનાશની દશામાં ધકેલાઈ ગયેલી ધોબણ નાતાલ્યાની, અને ગંધારી કૂથલીનાં વાદળોમાં લપેટાઈ ગયેલી રાણી માર્ગોની યાદ તાજી થઈ જતી... યાદ કરવાની બાબતો મારી પાસે ભેગી થઈ ગઈ હતી...

એ માણસ જોડેની મારી ટૂંકી ઓળખાણનો અજબ અંત આવ્યો.

વસંતમાં એક દિવસે મને સિપાહીઓની છાવણી નજીકના ખેતરમાં તેનો ભેટો થઈ ગયો. તે એકલો ચાલતો જઈ રહ્યો હતો. તેનો ચહેરો ભયંકર ફૂલી ગયેલો હતો અને તે માથું ઊંટની જેમ હલાવી રહ્યો હતો.

"ફરવા નીકળ્યો છો?" તેણે ઘોઘરા અવાજે પૂછ્યું. "ચાલ, ભેગા ફરીએ! હુંયે ફરવા નીકળ્યો છું. દોસ્ત, માંદો છું, ખરેખર માંદો છું!"

અમે થોડી વાર મૂંગામૂંગા ચાલતા રહ્યા. એકાએક કોઈ ખાડાને તળિયે એક માણસ નજરે પડયો. તે ખાડાની ભીંતને અઢેલીને ફસકી પડેલી હાલતમાં બેઠેલો હતો, તેનો કોટ કાન સુધી ઊંચો થઈ ગયેલો હતો, જાણે કેમ તેણે કોટ કાઢી નાખવાની કોશિશ કરી હોય.

"પીધેલો છે!" નજર નાખી લેવા ઊભો રહી જઈને તેણે ફેંસલો કરી લીધો.

પરંતુ નજીકમાં નવા ઊગેલા ઘાસમાં મોટી રિવોલ્વર, આદમીની ટોપી, અને વોદકાની અધૂરી પીધેલી બાટલી પડી હતી. બાટલી નાળચા સુધી ઘાસમાં ઢંકાયેલી હતી. માણસનો ચહેરો કોટના કૉલરમાં દબાયેલો હતો, જાણે કેમ શરમને લીધે મોં છુપાવી દેવા માગતો હોય.

અમે પળવાર કશું બોલ્યા વગર ઊભા રહ્યા, પછી મીત્રોપોલ્સ્કી પગ બહુ પહોળા ખોડીને બોલ્યો:

"પોતાને જ ગોળીએ વીંધી નાખ્યો છે!"

મને તરત ખ્યાલ આવી ગયો હતો કે માણસ પીધેલો નથી, મરી ગયેલો છે, પણ ખ્યાલ એટલો અણધાર્યો હતો કે મેં મનમાં તેનો સામનો કર્યો. મને યાદ છે કે મોટી લીસી ખોપરીને અને કોટના કૉલરમાંથી બહાર નીકળી આવેળા નીલા કાનને તાકીને જોતી વેળા મને બીક પણ નહોતી લાગી અને દયા પણ નહોતી આવી. માનવું જ મુશ્કેલ હતું કે વસંતના એવા ખુશનુમા દિવસે કોઈ આપઘાત કરે.

મીત્રોપોલ્સ્કીને જાણે ટાઢ વાતી હોય એમ તે ચડેલી દાઢીવાળા ગાલ ઉપર ઝડપથી હાથ ઘસતો ઘોઘરા અવાજે બોલ્યો:

"મોટી ઉંમરનો છે. કાં તો ઘરવાળી ભાગી ગઈ હશે કે પછી પૈસાની મુશ્કેલી ઊભી થઈ હશે!"

તેણે મને શહેરમાંથી પલીસને બોલાવવા મોકલી દીધો અને પોતે ખાડાની કોરે પગ અંદર લટકાવીને બેસી જતાં ચીંથરેહાલ કોટ ખભા ફરતે તાણીને લપેટી લીધો. પોલીસને ખબર પહોંચાડીને તરત હું દોડતો પાછો ગયો, પણ ત્યાં સુધીમાં મીત્રોપોલ્સ્કીએ આપઘાતિયાનો બાકી બચેલો વોદકા ઢીંચી લીધો હતો. મને જોઈને તેણે ખાલી બાટલી હવામાં વીંઝી.

"આણે એને ખતમ કરી નાખ્યો!" તેણે બરાડો પાડયો અને બાટલીને ભોંય ઉપર ફગાવીને ભુક્કા કરી નાખી.

એક પોલીસ મારી પાછળ પાછળ દોડતો આવી પહોંચ્યો. તેણે ખાડામાં નજર નાખીને ટોપી માથેથી ઊતારી લીધી, અચકાતાં અચકાતાં ક્રૉસની નિશાની કરી, અને મીત્રોપોલ્સ્કી તરફ ફરીને સવાલ કર્યો:

"તું કોણ?"

"તને કાંઈ લાગતુંવળગતું નથી એમાં કે હું કોણ..."

પોલીસ થોડીક વાર વિચાર કરીને પછી નરમાશથી બોલ્યો:

"પણ આનું શું... એક માણસ મરેલો પડયો છે, અને તું નશામાં ચકચૂર..."

"હું તો વીસ વરસથી ચકચૂર છું!" દેવળનો ગાયક છાતી ઠોકતો ગર્વથી બોલ્યો.

મને ખાતરી હતી કે બાકીનો વોદકા ઢીંચી લેવા બદલ તેને જરૂર ગિરફતાર કરી લેશે. બીજા કેટલાક લોકો પણ શહેરમાંથી દોડતા આવી લાગ્યા. કરડા ચહેરાવાળો એક પોલીસ અમલદાર ઘોડાગાડીમાં બેસીને આવ્યો. તેણે ખાડામાં ઊતરીને માણસનો ચહેરો જોવા કોટ ઊંચો કર્યો.

"પહેલાં કોણે જોયેલો આને?"

"મેં," મીત્રોપોલ્સ્કી બોલ્યો.

પોલીસ અમલદારે તેની સામે નજર નાખી અને પછી એકાએક તે લંબાતા ધમકીના અવાજે બોલ્યો:

"આહ! કેમ છો, સાહેબ મારા!"

તમાશો જોનારા વીસપચીસ માણસો ભેગા થઈ ગયા. હાંફતા અને ઉત્તેજિત લોકો ખાડામાં નજર નાખવા અને કોરેકોરે ચકરાવા લેવા લાગ્યા. કોઈ બોલી ઊઠયું:

"અમારી શેરીનો કારકુન છે, ઓળખું છું!"

દેવળનો ગાયક પોલીસ અમલદારની સામે ઊભો ઊભો ડોલતો હતો અને ઘોઘરા અવાજે ઘાંટા પાડીને અસ્પષ્ટ દલીલો કરતો હતો. અમલદારે તેને છાતીમાં હડસેલો માર્યો એટલે તે લથડિયું ખાતો બેસી ગયો. પહેલા પોલીસે ધીરેધીરે દોરી કાઢી, અને મીત્રોપોલ્સ્કીએ તાબેદારીથી પીઠ પાછળ કરી દીધેલા હાથ બાંધી લીધા. અમલદાર ટોળાને ધમકાવવા લાગ્યો:

"ચાલતા થઈ જાઓ અહીંથી, રખડુઓ ક્યાંના!"

ભીની રાતી આંખો અને શ્વાસ લેવા ઉઘાડબંધ થતા મોઢાવાળો બીજો પોલીસ દોડતો આવ્યો અને મીત્રોપોલ્સ્કીનાં હાથને જકડતી દોરીના છેડા પકડીને ચુપચાપ તેને શહેરમાં દોરી ગયો.

હું જાણે તદ્દન કચડાઈ જઈને ખેતરમાંથી જતો રહ્યો. મારી યાદમાં મીત્રોપોલ્સ્કીના બોલના પડઘા કાગડાના કર્કશ કા... કા...ની જેમ ગુંજતા હતા:

"આરિયેલ શહેરની ઉપર વિપદા વરસી પડો!"

પોલીસે ધીરેધીરે ખીસામાંથી દોરી કાઢેલી, અને બિહામણા પયગંબરે વાળ છવાયેલા રાતા હાથ તાબેદારીથી પીઠ પાછળ કરી દીધેલા, જાણે એવા કૃત્યને હજારમી વાર દોહરાવતો હોય એમ પીઠ પાછળ કરી દીધેલા, એ ગમગીન ચિત્રને પણ હું મારા મનમાંથી હઠાવી નહોતો શકતો...

આગળ જતાં મને જાણવા મળ્યું કે પયગંબરને હદપાર કરી દેવામાં આવ્યો હતો. ત્યાર પછી થોડા વખતે કલેશ્ચોવ પણ ગાયબ થઈ ગયો. તે ફાયદાની શાદી કરીને બીજા પ્રાંતમાં વસવા ચાલ્યો ગયો હતો, ત્યાં તેણે જીનગરની દુકાન ખોલી હતી.

મેં માલિકની પાસે ઘણી વાર જીનગરના ગાનનાં વખાણ કરેલાં, અને જીનગરની રવાનગી પહેલાં માલિકે મને કહેલું:

"એને ગાતો સાંભળવા સરાઈમાં જવું જોઈએ..."

અને એક દિવસે તે ખરેખર ગયેલો, મારી સામેના ટેબલ પાસે બેઠેલો, હેરતમાં તેની આંખો પહોળી થઈ ગયેલી અને ભવાં ઊંચાં ચડી ગયેલાં.

સરાઈમાં જતી વેળા આખે રસ્તે તેણે મને ચીડવ્યો હતો, અને અમે અંદર દાખલ થયા ત્યારે પણ મારી અને બીજા ઘરાકોની અને ગૂંગળાવનારી ગંધોની ઠેકડી ઉડાડી હતી. જીનગરે ગાવાનું શરૂ કર્યું ત્યારે તુચ્છકારભર્યો

મલકાટ કરીને પ્યાલામાં બીયર રેડવા લાગ્યો હતો. પણ તે અધવચ્ચે જ થંભી જઈને બોલી ઊઠેલો:

"હં!.. ખરો શયતાન છે!.."

તે ધ્રૂજતા હાથે હળવે હળવે બાટલી પાછી મૂકી દઈને સાંભળતો રહ્યો.

ક્લેશ્ચોવનું ગીત પૂરું થયું ત્યારે તેણે નિસાસો નાખીને કહ્યું: "તારી વાત ખરી છે, ભાઈ મારા! એને ગાતાં તો આવડે છે... કાળમુખાને! મનેય પરસેવો નિતારતો કરી દીધો..."

જીનગર માથું પાછળ ફંગોળીને અને નજર છત ઉપર ઠેરવીને ફરી ગાવા લાગ્યો:

વૈભવની હવેલીમાંથી નીસરતી, અટૂલી બાળા...
સાફ ખેતરમાં ડગ ધીમાં ભરતી, અટૂલી બાળા...

"હા, ગાતાં તો આવડે છે," માલિક જરાક હસીને માથું હલાવતો બોલ્યો.

ક્લેશ્ચોવ વાંસળી જેવા સૂર રેલાવતો રહ્યો:

બોલી બાળા, અનાથ છું,
જોઈતી ના, કોઈને હું...

"કમાલ!" રાતી થઈ ગયેલી આંખોના પલકારા મારતો માલિક હળવા અવાજે બોલ્યો. "દોજખમાં પડે! કમાલ છે!"

હું તેને નીરખતો રહ્યો. મારા હૈયામાં ખુશી ઉછાળા મારવા લાગી. સરાઈના શોરબકોરમાં ગીતના બોલ વિજયનું ઉડાન કરી રહ્યા હતા, એકધારા વધારે પ્રબળ, વધારે સુંદર, અને વધારે હૃદયસ્પર્શી બની રહ્યા હતા.

લોક નઠારા, ગામે મારે,
વેગળી રાખે, મોજ માણે,
હૈયે કો જુવાન કેરે, વસે ના રૂપ મારું...
બાળા ગરીબ, મુજ રૂપને કેમ દીપાવું?..
રાંડેલા એક ડોસાનું, માગું આવે...
પણ જીવન એવું, મને ના ફાવે!..

માલિક શરમને નેવે મૂકીને રડવા લાગ્યો. તે માથું નીચે ઢાળી દઈને જોરજોરથી નાકના સિસકારા બોલાવતો હતો, આંસુને ગોઠણ ઉપર ટપકવા દેતો હતો.

ત્રીજું ગીત પૂરું થયું ત્યાં સુધીમાં તેનું હૈયું વલોવાઈ ગયું હતું અને તે બોલી ઊઠયો:

"હવે મારાથી અહીંયાં બેસાય એમ નથી... હવા તો છે જ નહિ... વળી આ કાળમુખી ગંધો... ચાલ, ઘરભેગા થઈ જઈએ!"

પણ બહાર નીકળતાં જ તેનો મિજાજ બદલાઈ ગયો.

"બધુંય જાય દોજખમાં, પેશકોવ! ચાલ, કોઈ હોટલમાં જઈને ખાઈએ કંઈક! ઘરે જવાનું મન નથી જરાય!"

તે ભાડાની રકઝક કર્યા વગર હિમગાડીમાં બેસી ગયો, અને અમે હોટલમાં પહોંચ્યા ત્યાં સુધી સાવ મૂંગો રહ્યો. ત્યાં ખૂણાનું ટેબલ પસંદ કરીને બેઠો કે તરત આમતેમ નજર નાખતો ઊંડી વેદના ભરેલા હળવા અવાજે બોલવા લાગ્યો:

"બુઢ્ઢા બકરાએ મને તો સાવ છક કરી નાખ્યો... મને જિંદગીના ખરાબમાં ખરાબ મિજાજમાં નાખી દીધો. સાંભળ, તું તો ઘણુંબધું વાંચે છે ને જાતજાતના વિચારો કરતો રહે છે... એક વાતનો ખુલાસો કાળમુખો કેવી રીતે મળે? હું એક પછી એક વરસ જિંદગી ગુજારતો રહ્યો છું, ચાળીસને પાર કરી ગયો છું, ઘરવાળી છે, બચ્ચાં છે, પણ જેની સાથે વાત કરી શકું એવો જીવતો જીવ એકેય નથી... એવી ઘડીઓ આવતી હોય છે કે જ્યારે કોઈની પાસે હૈયું રેડી દેવાની, કહેવાનું બધું કહી દેવાની, તાલાવેલી થાય, પણ એવું કોઈ હોય જ નહિ! એને કહું... એટલે ઘરવાળીને કહું... તો કશું જાણે ક્યાંય પહોંચે જ નહિ! એને શું? એને એનાં બચ્ચાં છે, ઘર છે, પોતાની ફિકરચિંતાઓ છે. મારા દિલથી વેગળી છે... બૈરી તો પહેલું બચ્ચું જન્મે ત્યાં સુધી જ ગોઠિયણ જેવી રહેવાની... જિંદગીનું એવું જ છે. અને બધી રીતે જોતાં મારી ઘરવાળી... તું તો નજરે જુએ છે... એની જોડે મોજ માણવાનું બને જ નહિ... ખાલી માંસનો લોચો... દોજખમાં જાય બધું! અરે, ભાઈ મારા, કેવી પીડા દિલની!.."

તે આંચકીઓ ખાતો ખાતો ટાઢા કડવા બીયરને ગટગટાવી ગયો, લાંબા વાળમાં આંગળીઓ ફેરવતો મૂંગો બેઠો રહ્યો, અને પછી ફરી બોલવા લાગ્યો:

"ભાઈ મારા, બધુંય ધ્યાનમાં લઈને વાત કરીએ તો લોકો હરામજાદા હોય છે. હું જોઉં છું કે તને ગામડિયાઓ જોડે વાતો કરવાનું ગમે છે... આની ને તેની... હું બરાબર સમજું છું કે ચોમેર કેટલું બધું ખોટું નજરે પડે છે, કેટલું બધું ગધારું નજરે પડે છે... એ તો સાચી વાત છે, ભાઈ મારા! એ માણસો બધાય ચોરટાઓ છે. તને લાગે છે કે તારાં વેણ એ લોકોનાં હૈયાંને અડતાં હોય? જરાય નહિ. પ્યોતર ને ઓસિપની વાત લે... સાવ બદમાશ છે! તારે હોઠેથી નીકળતું બધુંય મને કહી જાય છે... તું મારે વિશે કાંઈ બોલે એ પણ... બોલ, કેવું લાગે છે તને?"

હું એવો આભો બની ગયો કે જવાબમાં કશું બોલી જ ન શક્યો.

"એમ વાત છે!" માલિક જરાક હસીને બોલ્યો. "ઈરાન જવાનો તારો ખ્યાલ મઝાનો હતો. ઓછામાં ઓછો એટલો ફાયદો તો ખરો જ કે ત્યાંના લોકોની વાતો તને સંમજાત નહિ... પરદેશી ભાષા હોય એટલે... પણ તારી પોતાની ભાષામાં તો ગંદવાડ સિવાય બીજું કાંઈ સાંભળવા મળે જ નહિ!"

"ઓસિપ બધુંય કહી દે છે? મેં જે કીધું હોય એ બધુંય?"

"બેશક. તને હેરત થાય છે? એ તો બીજા કોઈથી વધારે કહેતો હોય છે, બોલકો છે ને! ભાઈ મારા, એ તો ભારે ખંધો જીવડો છે! ના, પેશ્કોવ, વેણ લોકોનાં હૈયાંને અડે નહિ! સચ્ચાઈ? કોને કાળમુખાને સચ્ચાઈ સાંભળવી ગમતી હોય છે? એ તો શરદના હિમ જેવી... કાદવમાં પડે અને ઓગળી જાય. કાદવ વધી જાય, હિમની બીજી કોઈ નિશાની બાકી રહે જ નહિ. તારે તો જીભડીને બાંધી રાખવામાં જ સારાવાટ છે!"

તે એક પછી એક પ્યાલો બીયર ગટગટાવતો રહ્યો, પણ નશાની હાલતમાં સરી પડયા વગર વધારે ખીજ ઠાલવતો અને વધારે ઝડપથી બોલતો રહ્યો:

"કહેવત છે કે ન બોલ્યામાં નવ ગુણ, બોલે એની જીભ ગંધાય. અરે, ભાઈ, જિંદગી એટલે ગમગીની ને એકલતા! પેલાએ ગાયું તે ખરું જ ગાયેલું... 'લોક નઠારા, ગામે મારે...'"

તેણે આમતેમ નજર નાખીને અવાજ ધીમો કરી નાખ્યો:

"થોડા વખત પહેલાં મને એક ખરેખર માયાળુ જીવ જોડે ઓળખાણ થયેલી, અહીંની જ એક બાઈ.. વિધવા.. એટલે એમ કે એના ધણીને નકલી નાણું બનાવવા બદલ સાઇબિરિયામાં હદપારીની સજા થયેલી... હજી અહીંયાં જ છે... કેદખાનામાં. તો મને ઓળખાણ થઈ... એના

હાથમાં કે નામે એક પૈસોયે નહોતો... એટલે એણે નક્કી કર્યું... સમજ્યો ને... એક દૂતીએ અમારો મેળાપ કરાવી દીધેલો. મેં નજર નાખીને એને જોઈ... એવી મીઠી નાનકડી બાઈ કે બસ! એટલે મેં એની પાસે જવાનું ચાલુ કરી દીધું... એક વાર, બે વાર... પછી મેં એને કીધું કે આમ કેમ? મેં કીધું કે તારો ધણી કેદખાનામાં છે પણ તું સીધી ને સાંકડી વાટે નથી ચાલતી, કેમ? તારે એની જોડે સાઈબિરિયા જવાની શું જરૂર છે? એનો ઈરાદો ધણીની પાછળ હદપારીમાં જવાનો હતો. એણે મને કીધું કે ધણી જેવો છે એવો મારી નજરમાં બહુ સારો છે કેમ કે મને પ્યારો છે. બનવાજોગ છે કે એણે ખોટું કામ મારે ખાતર કર્યું હોય... અને હું એને ખાતર જ તમારી જોડે પાપમાં પડું છું. એણે કીધું કે ધણીને પૈસાની જરૂર છે, ઉમરાવ ઘરનો છે ને સુખસગવડની જિંદગીથી ટેવાયેલો છે. એણે કીધું કે એકલી હોત તો પાક જિંદગી ગુજારતી હોત. તમેય ભલા આદમી છો, અને હવે મને ગમો છોયે ખરા, પણ આવી વાત ફરી ક્યારેય કરતા નહિ... દોજખમાં જાય બધું!.. મારી કને હતા એટલા પૈસા મેં એને આપી દીધા... એંશી રૂબલથી થોડાક વધારે... અને મેં એને કીધું કે માફ કરજે, મેં કીધું કે હવે તારી પાસે આવવાનું નહિ બને, ના, હવે મારાથી એવું થાય જ નહિ. હું રસ્તે પડી ગયો... બસ, એમ જ..."

તે થોડીક વાર થંભી ગયો. દરમિયાનમાં તેને નશો ચડી ગયો અને તે જાણે એકાએક સાવ ભાંગી પડતો બબડયો:

"છ વાર ગયેલો એની પાસે... તને નહિ સમજાય કે એમાં શું શું હતું, કેવું કેવું હતું! લાગે છે કે ફરી છ વાર એના ઘર સુધી ગયેલો, પણ અંદર જવાની હિંમત જ ન થઈ... મારાથી બન્યું જ નહિ... એ જતી રહી અહીંથી..."

તે હાથ ટેબલ ઉપર મૂકીને આંગળીઓ વડે ટપટપ કરવા લાગ્યો.

"ભગવાનને અરજ કરું છું કે ફરી એને મળવાનું ક્યારેય ન બને," તે હોઠ ફફડાવતો બોલ્યો. "ઈશ્વર એવું ન બનવા દે! નહિતર બધું ખતમ થઈ જવાનું! ચાલ, ઘેર ચાલ!"

અમે બહાર નીકળ્યા. તે લથડિયાં ખાતો હતો અને બબડતો હતો:

"એમ વાત છે, ભાઈ..."

તેની વાત સાંભળીને મને બહુ અચરજ ન થયું. થોડા વખતથી મને ખ્યાલ આવી ગયો હતો કે તેની જિંદગીમાં કશુંક અસાધારણ બની રહ્યું છે.

પરંતુ જીવન વિશેના તેના વિચારોથી, અને ખાસ કરીને તો ઓસિપ વિશે તેણે કરેલી વાતથી, મને ભારે હતાશા થઈ.

૨૦

મેં ત્રણ ઉનાળા મૃત શહેરમાં, ખાલી ઇમારતોની દુનિયામાં, મુકાદમની નોકરી કરી. હું કામદારોને પથ્થરની કઢંગી દુકાનો દરેક શરદમાં પાડી નાખતા અને દરેક વસંતમાં પાછી ખડી કરી દેતા નીરખતો રહેતો.

માલિક તકેદારી રાખતો કે પાંચ રૂબલના મારા પગારનો પૂરો બદલો મારી મહેનતમાં ચુકવાઈ જાય. કોઈ દુકાનમાં નવો ભોંયપટ બાંધવાનો હોય તો મારે આખી સપાટીમાં બે ફૂટ ઊંડું ખોદાણ કરવું પડતું. અણઘડ મજૂરોને એવા કામનો એક રૂબલ આપવામાં આવતો, પણ મને કશું ન મળતું. પરંતુ હું એવા કામમાં ડૂબેલો હોઉં ત્યારે સુથારોની ઉપર નજર નહોતો રાખી શકતો, અને તેઓ સંજોગોનો ફાયદો ઉઠાવીને બારણાંનાં તાળાં તથા હાથાઓ કાઢી જતા તેમ જ બીજી નાની નાની ચોરીઓ કરતા.

મજૂરો તેમ જ કામદારો મને થાપ આપવાની પૂરી કોશિશ કરતા, લગભગ ઉઘાડી ચોરીઓ કરતા, જાણે કેમ કોઈ સખત જરૂરતને વશ થઈ જતા હોય. હું તેમને પકડી પાડું તો તેઓ ક્યારેય ખિજાતા નહિ પણ અચરજમાં કહેતા:

"તું પાંચ રૂબલ ખાતર એટલી બધી મહેનત કરે છે કે જાણે પચીસ મળતા હોય! તને જોઈને હસવું આવી જાય છે!"

મેં માલિકનું ધ્યાન ખેંચ્યું કે એક રૂબલ બચાવવા મને મજૂરીમાં લગાવીને તે ઘણું વધારે ગુમાવતો હતો, પણ તેણે આંખ મિચકારીને જવાબમાં કહ્યું:

"મને મૂરખ બનાવવાની કોશિશ રહેવા દે!"

હું સમજી ગયો કે તેના મનમાં હું ચોરો સાથે ભળેલો હોવાની શંકા છે. એથી મને ખોટું તો ન લાગ્યું પણ તેની તરફ ઘૃણાની લાગણી થઈ. હાલત એવી હતી. દરેક માણસ ચોરી કરતો, અને માલિક પણ બીજાની મિલકત પચાવી પાડતાં જરાય અચકાતો નહિ.

મેળો ખતમ થઈ જાય ત્યારે તે દુકાનોમાં ફરીને તપાસ કરતો કે કેવી કેવી મરામત જરૂરી છે. ઘણી વાર તેને ભૂલાઈ ગયેલી ચીજવસ્તુઓ મળતી.

તેમાં સમોવારો, તાસકો, જાજમો, કાતરો, અને ક્યારેક તો માલ ભરેલાં ખોખાંપેટીઓ પણ હોય. તે જરાક હસીને મને કહેતો:

"આ બધું યાદી બનાવીને વખારમાં રખાવી દે!"

પછી વખારમાંથી કેટલીક વસ્તુઓ ઘેર મોકલાવી દેતો, અને મને એ વસ્તુઓ વગરની નવી યાદીઓ બનાવવાની સૂચના આપતો.

મને મિલકતનો મોહ જરાય નહોતો, કોઈ પણ વસ્તુની માલિકી ધરાવવાની મંછા બિલકુલ નહોતી, પુસ્તકો પણ બોજા જેવાં લાગતાં. મારી મિલકતમાં કંઈ હોય તો ફક્ત એક નાનકડું પુસ્તક બેરાન્જેનું અને હાઇનેનો કાવ્યસંગ્રહ. મને પૂશ્કિનનાં પુસ્તકો ખરીદવાનું મન હતું, પણ શહેરમાં જૂનાં પુસ્તકોનો એકમાત્ર વેપારી કજિયાળો ડોસો વધારે પડતી કિંમત માગતો હતો. માલિકના ફ્લૅટમાં ઠસોઠસ ભરેલ ફર્નિચર, જાજમો, આરસાઓ, અને બીજી વસ્તુઓનો જમેલો મને ગમતો નહિ. તેમનાં કઢંગાં કદ જોઈને, અને અંદરથી છૂટતી મેલ તથા વાર્નિશની ગંધથી, મને ચીડ ચડતી. સામાન્ય રીતે મને માલિક લોકોના ઓરડા ગમતા નહિ, તેમને જોતાં જ જાતજાતનો કચરો ઠાંસીને ભરેલી સંદૂકો યાદ આવી જતી. એટલે, માલિક બીજા લોકોની ચીજવસ્તુઓ ગાડીમાં ભરીને ઘરભેગી કરી દે, અને પોતાની આસપાસ ફાલતુ સામાનમાં ઉમેરો કરે, ત્યારે મને વધારે ઘૃણા થતી. રાણી માર્ગોના ફ્લૅટમાં પણ ફર્નિચર ખીચોખીચ ભરેલું રહેતું, પણ તે બીજું કંઈ નહિ તો સુંદર જરૂર લાગતો હતો.

મને તો ખુદ જિંદગી જ કોઈ જાતનાં જોડાણો વગરની તૂટક અને અસંગત લાગતી હતી, તેમાં દેખીતું નિરર્થક બહુ વધારે પડતું હતું. અમે દુકાનોની મરામત કરતા હતા, પણ એ દુકાનો વસંતના પૂરમાં ડૂબી જવાની હતી, ભોંયપટો ઊપસી જવાના હતા અને બારણાં ઢીલાં પડી જવાનાં હતાં. પૂરનું પાણી ઊતરી જાય ત્યારે વળીઓ સડવાની હતી. કોડીબંધ વરસોના ગાળામાં દર વરસે મેળાના વિસ્તારમાં પૂરનું પાણી ભરાઈ જતું, ઇમારતો અને પગથીઓને નુકસાન થતું. એવી વાર્ષિક જળબંબાકાર હાલતથી પારાવાર ખુવારી થતી, અને સૌને ખબર હતી કે તેનો અંત કંઈ આપોઆપ નથી આવી જવાનો.

દર વસંતમાં નદીમાં બરફનું પડ તૂટવા લાગે ત્યારે બજરાઓ અને કોડીબંધ નાનાં વહાણોના ફુરચા ઊડી જતા. લોકો નિસાસા નાખતા, ઊંહકારા કરતા, અને નવાં વહાણો બાંધી લેતા, પણ ફરી બરફ તૂટવા લાગે ત્યારે

એ નવાં વહાણોના ફુરચા ઊડી જતા. લોકો એવા વિષચક્રમાં ઘૂમરીઓ ખાતા કેવી રીતે જિંદગી ગુજારી શકતા હશે!

મેં ઓસિપને એ વિશે પૂછ્યું ત્યારે તેને અચરજ થયું હોય એમ લાગ્યું અને તે મારી સામે જોઈને હસી પડયો.

"અરે, તુંયે! ખરો કાગડો છો, જોવા જેવું છે, તારું કા... કા... ચાલુ જ હોય! એની જોડે તને શું લાગેવળગે? તને શું પડી છે એની?"

પછી તેણે જરાક ગંભીર જવાબ આપ્યો, પણ તેની ઉંમરેય અસાધારણ રીતે સાફ રહેતી નીલી આંખોમાં ઠેકડીનો આછો ચમકારો ઓસર્યો નહોતો. તેણે કહ્યું:

"તું ચબરાક છો, એવી બાબતો તારા ધ્યાનમાં આવી જાય છે! માની લઈએ કે તને એની જોડે કશું લાગતુંવળગતું નથી, પણ બનવાજોગ છે કે ક્યારેક તને કામ લાગે પણ ખરી... આમ જો, ધ્યાનમાં લેવા જેવું બીજું તને કહું..."

પછી તે લૂખાસૂકા નાનકડા શબ્દોની ધાર વહેવડાવવા લાગ્યો, તેમાં વચ્ચે લોકોક્તિઓ, અણધારી સરખામણીઓ, અને ચતુરાઈભરી ટકોરો પણ આવી જતી:

"લોકો એવાં રોદણાં રોતા હોય છે કે જમીન સાવ ઓછી છે, દર વસંતમાં વોલ્ગાના કાંઠા ધોવાઈ જાય છે, માટી વહેણના વચલા ભાગમાં ભેગી થઈ જાય છે, ત્યાં પાણી છીછરું થઈ જાય છે; વળી બીજા લોકો એવાં રોદણાં રોતા હોય છે કે વોલ્ગા છીછરી થઈ ગઈ છે, વસંતની રેલ અને ઉનાળાના વરસાદનું પાણી જમીનને ખોદીને નાળાં બનાવી દે છે, અને જમીન પાછી વોલ્ગામાં સમાઈ જાય છે!"

તે અફસોસ કે ફરિયાદની લાગણી વગર બોલતો હતો, જાણે કેમ જિંદગી ઉપર મૂકવામાં આવતાં તહોમતોની જાણકારીથી તેને મોજ પડતી હોય. તેના શબ્દો મારા વિચારોને પુષ્ટિ આપતા હતા, પણ તેમને સાંભળતી વેળા દિલમાં દુખ થતું હતું.

"અને બીજી વાત... આગ!"

હું જાણતો હતો કે વોલ્ગાની પાર વનોમાં આગ ન લાગતી હોય એવો એકેય ઉનાળો ક્યારેય જતો નહિ. દર વરસે જુલાઈમાં આસમાન આડો કેસરી ધુમાડાનો પડદો ફેલાઈ જતો, અને નીચે ઢળતો કિરણો વગરનો સૂરજ દુખતી આંખની જેમ ધરતીને તાકી રહેતો.

"વનો... ભલે બળતાં, વાંધો નહિ," ઓસિપ બોલ્યો. "વનો તો ઉમરાવોની કે ઝારની માલિકીનાં હોય, ગામવાસીઓને એવી મિલકત હોય જ નહિ. શહેરો બળી જાય એમાંયે બહુ મોટી આફત નહિ... શહેરોમાં તો અમીરો વસતા હોય, અને અમીરોની દયા ખાવાની જરૂર નહિ. પણ કસબાઓ અને ગામોની વાત લે... ઉનાળામાં કેટલાં બધાં ગામો બળીને રાખ થઈ જતાં હોય છે! ઓછામાં ઓછાં સો તો ખરાં, અને ખરી ખુવારી તો એમાં જ!"

તે હળવું હસ્યો.

"આપણને પીડા છે, પણ ભેજાં નથી! તને ને મને દેખાય છે કે માણસની મહેનતનો ફાયદો એને કે જમીનને નથી મળતો પણ આગમાં ને પાણીમાં જાય છે!"

"તું હસે છે કેમ?"

"કેમ ન હસું? આગને આંસુઓમાં ન ડુબાડી શકાય, અને આંસુઓ તો ખાલી રેલને વધારે જોરદાર જ બનાવે!"

મને ખાતરી થઈ ગઈ હતી કે એ સુઘડ ઘરડો આદમી મને મળેલા તમામ માણસોમાં સૌથી વધારે શાણો હતો, પણ તેના ગમા અને અણગમા હું નહોતો કળી શકતો.

હું એ બાબતનો વિચાર કરતો રહ્યો, અને તે મારી આગમાં શબ્દોનાં છોડિયાં નાખતો રહ્યો:

"જરાક નજર ફેરવીને જો કે લોકો પોતાની... પોતાની અને બીજાનીયે... કેટલી બધી તાકાત વેડફી નાખતા હોય છે! તારો માલિક તને કેટલો ઘસી નાખે છે એની વાત લે! કે પછી વોદકા કેટલું નુકસાન કરે છે એની વાત લે! ગણતરી થાય એમ નથી... પારાવાર... ભણેલુંગણેલું મગજ પણ તાગ ન કાઢી શકે. ઝૂંપડું બળી જાય તો નવું બાંધી લેવાય, પણ કોઈ સારો માણસ બરબાદીમાં ધકેલાઈ જાય તો એને પાછો ઠેકાણે લાવવાનું બને જ નહિ... આર્દાલિઓનનો દાખલો લે, કે પછી ગ્રિગોરીયનો... જરાક વિચાર કર કે એ ગામડિયો કેવી રીતે ધુમાડો થઈ ગયો! ગ્રિગોરીય બહુ અક્કલવાળો નથી, પણ ધબકતા હૈયાવાળો ગામડિયો તો જરૂર છે જ! એવી રીતે ભડકો થઈ ગયો કે જાણે ખડની ગંજી હોય! જેવી રીતે જીવડાં મડદાની ઉપર તૂટી પડે એવી રીતે ઓરતો એની ઉપર તૂટી પડી!"

"હું જે કાંઈ કહું એ બધું માલિકને કેમ કહી દે છે તું?" મેં મનમાં કોઈ જાતના ડંખ વગર ખાલી જાણવા ખાતર એને પૂછ્યું.

તેણે સાદી રીતે જવાબ આપ્યો અને તેમાં નરમાશ પણ ભળેલી હતી:

"એટલા ખાતર કે એને ખબર પડે, તારા મનમાં કેવા કેવા ખોટા ખ્યાલ આવે છે એની. તને શીખવવાનું કામ એનું છે. માલિક ન શીખવે તો કોણ શીખવવાનું હતું? હું એને બધુંય કહી દઉં છું તે ખારને લીધે નહિ પણ તારી દયા આવે છે એટલે. તું કાંઈ મૂરખ જુવાન નથી, પણ શયતાન તારા માથામાં ધમાચકડી મચાવી દે છે. તું કશુંક ચોરી લે તો હું ચુપ રહેવાનો, અને છોકરીઓ ભેગો રખડે... તોયે ચુપ રહું, વળી નશામાં ચકચૂર થઈ જા ત્યારેય કંઈ નહિ કહું, એક શબ્દેય નહિ. પણ તારા બેશરમ ખ્યાલોની વાત તો હું માલિકને હંમેશાં કરવાનો જ, એને ખબર તો પડે!"

"હું તારી જોડે વાત જ નહિ કરું હવે!"

તે થોડીક વાર ચુપ રહ્યો, હથેળીમાં ચોટેલો થોડોક ડામર ઉખેડતો રહ્યો, પછી હેતાળ નજરે મારી સામે જોઈને તેણે કહ્યું:

"કરવાનો, નકામો ખોટું બોલે છે. વાત કરવા બીજું છે કોણ? કોઈ નથી..."

ઓસિપ સાફ અને સુઘડ રહેતો હોવા છતાં એ ઘડીએ ભઠ્ઠીમજૂર યાકોવ જેવો લાગતો હતો, દરેક માણસ અને દરેક બાબતના સંબંધમાં સાવ ઉદાસીન.

તેને જોઈને મને ક્યારેક મતવાદી પ્યોતર વસીલ્યેવ તો ક્યારેક ગાડાવાળો પ્યોતર યાદ આવી જતો, વળી ક્યારેક તેનામાં નાનાની જોડે કશુંક સરખામણું લાગતું... તે મારી ઓળખાણના બધા ઘરડા માણસોને એક અથવા બીજી રીતે મળતો આવતો હતો. તેઓ સૌ વિસ્મયકારક રસપ્રદ ઘરડા માણસો હતા, પણ મને લાગતું કે તેમની સાથે રહેવાનું બહુ મુશ્કેલ અને ઘૃણાસ્પદ બની રહે. તેઓ પોતાની શાણી શિખામણો વડે જાણે માણસના આત્માને કોરી ખાતા હોય અને દિલને કોતરી નાખતા હોય એમ લાગતું. ઓસિપ સારો માણસ ગણાય? ના. ખરાબ માણસ ગણાય? ના. તે બુદ્ધિમાન હતો... એટલું તો મને સાફ કળાતું હતું. તેના માનસની બહુવિધ શક્તિઓ જોઈને હું વિસ્મિત બની જતો, પણ એ બુદ્ધિ મને હણી નાખતી હતી, મને લાગતું કે તે દરેક રીતે મારા દુશ્મન જેવો હતો.

મારા મનમાં કારમા ખ્યાલો ખદખદવા લાગ્યા:

"તમામ લોકો એકબીજાના સંબંધમાં પરાયા હોય છે, હેતાળ વેણ અને મલકાટ છતાં પરાયા જ હોય છે. લાગે છે કે કોઈ પણ માણસ જિંદગી જોડે પ્રેમની મજબૂત કડીઓ વડે સંકળાયેલો નથી હોતો. એકલી નાનીમા જ લોકોને અને જિંદગીને ખરેખર પ્યાર કરે છે. નાનીમા અને અદ્ભુત રાણી માર્ગો."

એ અને બીજા એવા જ ખ્યાલો ક્યારેક ભેગા મળીને ઘેરાં વાદળો બની રહેતા, જિંદગીને ખુશીવિહોણી અને ગૂંગળાવનારી બનાવી દેતા. પણ બીજી કોઈ જાતની જિંદગી હતી જ ક્યાં? હું છટકીને ક્યાં જઈ શકું? ઓસિપ સિવાય બીજું કોઈ એવું હતું જ નહિ કે જેની સાથે કંઈ નહિ તો વાતચીત કરી શકાય. એટલે હું વધારે ને વધારે વાર તેની તરફ વળતો.

તે મારી લાગણીઓના ઊભરાને દેખીતી દિલચસ્પીથી સાંભળતો. સવાલો પૂછતો, મારા મનમાંથી બધું કઢાવી લેતો, અને પછી શાંત અવાજે કહેતો:

"લક્કડખોદ હઠીલું પંખી હોય છે, પણ ખતરનાક નથી હોતું, કોઈને બીક ન લાગે એની. હું તને ખરા દિલે સલાહ આપું છું કે મઠમાં દાખલ થઈ જા. મોટો થઈ જા ત્યાં સુધી મઠમાં જ રહેવાનું, મઝાના બોલ બોલીને ધરમી માણસોને દિલાસો દેવાનો. તને મનમાં શાંતિ અને મઠના જોગીઓને ફાયદો. ખરા દિલે એવી સલાહ આપું છું. સાફ દેખાય છે કે આ દુનિયાના મામલાઓને પચાવવાનું તારાથી બનતું નથી..."

મારે મઠમાં નહોતું જવું, પણ મને લાગતું હતું કે હું જાણે અગમ્યની ભુલભુલામણીમાં ખોવાઈ ગયો છું. હું રાહતને તરસતો હતો. જિંદગી જાણે શરદના વન જેવી હતી, મશરૂમ ખતમ થઈ ગયાં હતાં, દરેકે દરેક ખૂણોખાંચરો મારો જાણીતો હતો, પણ હવે ખાલીખમ વિસ્તારમાં મારે કરવા જેવું કંઈ બાકી રહ્યું જ નહોતું.

હું વોદકા ન પીતો અને છોકરીઓ સંગે મોજ માણવા ન જતો... દિલને કેફ ચડાવવાની એ બે રીતોનું સ્થાન મારી જિંદગીમાં પુસ્તકોએ લઈ લીધું હતું. પણ હું જેમ વધારે પુસ્તકો વાંચતો તેમ ઠાલીઠમ નિરર્થક રીતે જિંદગી ગુજારવાનું, મોટા ભાગના લોકો જેવી રીતે જીવતા હતા એવી રીતે જીવવાનું, મારે માટે વધારે મુશ્કેલ બનતું હતું.

મેં તાજેતરમાં જ પંદર વરસ પૂરાં કર્યાં હતાં, પણ ક્યારેક મને લાગતું કે હું ઘરડો થઈ ગયો છું. મેં જેવી જિંદગી ગુજારી હતી, અને મેં જે કંઈ વાંચ્યું હતું તથા બેચેનીમાં વિચાર્યું હતું, તેના બોજાને લીધે મારું દિલ જાણે

સૂજી ગયું હતું અને ભારે થઈ ગયું હતું. મારા મનની છાપોનો ભંડાર અટારાની અંધારી કોટડી જેવો હતો, પાર વગરની ચીજવસ્તુઓ ઠાંસીઠાંસીને ભરેલી કોટડી જેવો હતો, મારામાં એ બધી ચીજોને નોખી પાડવાની તાકાત પણ નહોતી અને આવડત પણ નહોતી.

એ છાપો ભલે ગમે એટલી હોય, પણ તેમનું વજન મને મક્કમ નહોતું બનાવતું, ઊલટું હલતા વાસણમાંના પાણીની જેમ મને ડોલાવતું હતું, અસ્થિર બનાવી દેતું હતું.

મને દુખ, રોગ, અને ફરિયાદનો સખત અણગમો હતો, અને પાશવતા —લોહી, ફટકા, મૌખિક ભાંડણ પણ—જોઈને સહજ રીતે જ મારા મનમાં ઘૃણા પેદા થઈ જતી. એવી લાગણી આસાનીથી ટાઢા ઝનૂનમાં પલટાઈ જતી, હું જંગલી જનાવરની જેમ લડતો, પણ પછી મારે પસ્તાવાના નિષ્ઠુર સણકા વેઠી લેવા પડતા.

ક્યારેક ક્યારેક કોઈને પીડનારને ચૂંથી નાખવાની એવી આવેશભરી તાલાવેલીની પકડમાં હું આંધળાની જેમ લડાઈઝઘડામાં ઝંપલાવી દેતો. નાકૌવતીમાંથી પેદા થયેલી એવી હતાશાની આંચકીઓને યાદ કરતી વેળા આજે પણ મારા મનમાં સંતાપ અને શરમની લાગણી ભરાઈ જાય છે.

મારી અંદર બે હસ્તીઓ વસેલી હતી: એક હસ્તી બેહદ ગંદવાડ અને અધમતા જોઈને ઢીલી પડી ગઈ હતી. જિંદગીની ખોફનાક ઘરડે તેને સંદેહી અને શંકીલી બનાવી દીધી હતી, તે તમામ લોકોને, પોતાને પણ, નિરુપાય અનુકંપાની નજરે જોતી હતી. એ હસ્તી શહેરો અને લોકોથી દૂર શાંત નિવૃત્ત જિંદગી ગાળવા તલસતી હતી. તે ઈરાન જવાનાં, મઠમાં દાખલ થવાનાં, વનપાલની કુટિરમાં કે રેલવેના ચોકીદારની અંતરિયાળ ઓરડીમાં, અથવા શહેરની બહારના વિસ્તારમાં ક્યાંક રાતના ચોકીદારની નોકરી મેળવી લેવાનાં સ્વપ્નો સેવતી રહેતી હતી. લોકો જેટલા ઓછા હોય અને જગ્યા જેટલી વધારે અંતરિયાળ હોય એટલું વધારે સારું...

ડહાપણ અને સત્ય ભરેલાં પુસ્તકોની પાવન ભાવનાની દિક્ષા પામેલી બીજી હસ્તીને સમજાઈ ગયું હતું કે જિંદગીની ખોફનાક ઘરડ નિષ્ઠૂર તાકાત ધરાવે છે અને આસાનીથી તેનું માથું વાઢી નાખે અથવા તેને ગંદી એડી તળે કચડી નાખે એમ છે. એટલે તેણે આપબચાવ માટે પૂરી તાકાત એકઠી કરીને, દાંત પીસીને, અને મુઠ્ઠીઓ વાળીને, લડવાની અથવા દલીલો કરવાની કાયમી તૈયારી કરી લીધી. તેની પ્રેમ તથા દયાની લાગણી કૃત્યમાં

વ્યક્ત થવા લાગી, અને જરાક સરખી ઉશ્કેરણી થતાં જ તે ફ્રેંચ નવલકથાના શૂરવીર નાયકને છાજતી રીતે અદામાં ખડી રહી જતી...

એ સમયે મારે એક ઝેરીલો દુશ્મન હતો — માલાયા પોક્રોવ્સ્કાયા માર્ગના એક વેશ્યાવાડાનો ચોકીદાર. હું એક દિવસે સવારે મેળાના વિસ્તાર તરફ જઈ રહ્યો હતો ત્યારે પહેલી વાર તેની જોડે ભટકાઈ ગયેલો. દારૂના ઘેનમાં બેભાન બની ગયેલી કોઈ છોકરીને તે ઘોડાગાડીમાંથી ઉતારી રહ્યો હતો. છોકરીનાં લાંબાં મોજાં નીચે સરકી ગયેલાં હતાં. ચોકીદારે તેના પગ પકડીને એવી ગલીચ રીતે આંચકો માર્યો કે બિચારીની કાયા કમ્મર સુધી ઉઘાડી થઈ ગઈ. પછી તે ધુરકાટ કરતો અને દાંત કાઢતો તેની ઉપર થૂંકવા લાગ્યો. છોકરી બેહાલ હતી, દેખી નહોતી શકતી, અને તેના હોઠ લટકી રહ્યા હતા. છોકરી એક એક આંચકે નીચે સરકતી રહી. ખભાનાં હાડકાંમાંથી છૂટા પડી ગયા હોય એવા લાગતા તેના ઢીલા હાથ માથાની પાછળ પાછળ ઘસડાતા હતા. માથું પહેલાં ઘોડાગાડીની બેઠક ઉપર, પછી પગથિયા ઉપર, અને છેલ્લે પગથી ઉપર અફળાયું.

ગાડીવાન ઘોડાને ચાબુક ફટકારતો હંકારી ગયો. ચોકીદાર છોકરીના પગને ગાડીની ધરીઓની જેમ પકડીને તેને પગથી ઉપર ઢસડવા લાગ્યો. હું બેકાબૂ ઝનૂને ભરાઈને તેની તરફ ધસી ગયો. એ વખતે મારા હાથમાં સાત ફૂટ લાંબું ઓજાર હતું, પણ સારા નસીબે કાં તો મેં તેને હેઠે નાખી દીધું હતું અથવા તે મારા હાથમાંથી પડી ગયું હતું. એટલે હું અને ચોકીદાર બેઉ ગંભીર પરિણામથી બચી ગયા. મેં પુરપાટ ધસારો કર્યો અને તેની જોડે ટકરાઈને તેને ભોંયભેગો કરી દીધો. પછી હું ઠેકડો મારતો ઓટલા ઉપર ચડી ગયો અને મેં ભયંકર જોરથી ઘંટડીના હાથાને આંચકો માર્યો. અવાજ સાંભળીને કેટલાક જંગલી જેવા માણસો દોડતા આવી પહોંચ્યા. હું કશો ખુલાસો કરી શકું એમ નહોતો એટલે મારું ઓજાર ઉપાડી લઈને ધસમસાટ જતો રહ્યો. નદીને રસ્તે હું ગાડીવાનને આંબી ગયો. તેણે ઊંચી બેઠક પરથી નીચે મારી ઉપર નજર નાખીને બહાલીના ભાવે કહ્યું:

"બરાબર પાઠ ભણાવી દીધો એને તેં!"

મેં ખીજમાં તેને સવાલ કર્યો કે છોકરી તરફ ચોકીદારનું એવું બેશરમ વર્તન તેણે કેમ ચલાવી લીધું.

"દોજખમાં જાય છોકરી," તેણે જરાય અકળામણ વગરની ઘૃણા બતાવતાં જવાબ આપ્યો. "એને ઘોડાગાડીમાં બેસાડતી વેળા સજ્જનોએ

મને પૈસા ચૂકવી દીધેલા, બસ... કોણ કોને મારે છે એમાં મારે શું લેવાદેવા!"

"એને મારી નાખી હોત તો?"

"એવીને મારી નાખવાનું આસાન નથી હોતું," તે જાણે દારૂડિયણ ઓરતોને મારી નાખવાની ઉસ્તાદી ધરાવતો હોય એવી ખાતરીથી બોલ્યો.

પછી તો મને લગભગ દરરોજ ચોકીદારનો ભેટો થઈ જતો. હું રસ્તેથી નીકળું ત્યારે તે કાં તો પગથી વાળીને સાફ કરતો હોય અથવા જાણે મારી વાટ જોતો પગથિયે બેઠો હોય. હું નજીક પહોંચું એટલે તે ઊભો થઈ જાય, બાંયો વાળીને ઉપર ચડાવી દે, અને ધમકીના અવાજે બોલે:

"હવે તારું ડાચું બરાબરનું ભાંગી નાખવાનો છું!"

ચાળીસથી જરાક વધારે ઉંમરના, નાના કદના, અને વળેલા પગવાળા આદમીને ભારેવગી બાઈના જેવું મોટું પેટ હતું. તે મારી સામે ઊભોઊભો હસતો રહેતો, ચળકતી આંખો વડે મને તાકી રહેતો. પણ મને ભારે નવાઈ થયેલી કે તેની આંખો માયાળુ અને ખુશાલ હતી. તેને લડતાં આવડતું નહોતું અને તેના હાથ મારા હાથથી ટૂંકા હતા, એટલે તે બેત્રણ હુમલા પછી હાર માની લેતો, પાછે પગલે ખસતો પીઠ દરવાજે ટેકવીને ઊભો રહી જતો, અને હેરતમાં ડાચું ફાડીને બોલતો:

"ઊભો રહે જરાક, જંગલી બિલાડો ક્યાંનો!"

એવી લડાઈઓથી હું કંટાળી ગયો એટલે એક દિવસે મેં તેને કહ્યું:

"સાંભળ, ગધેડા, હવે મારો કેડો મૂકી દે, સમજ્યો ને?"

"પણ તેં પહેલાં શું કામ મારેલો મને?" તેણે સવાલ કર્યો. તેના અવાજમાં જાણે ફરિયાદની લાગણી હતી.

મેં પણ સામો સવાલ કર્યો કે તેણે છોકરીની જોડે ખરાબ વર્તન કેમ કરેલું.

"એમાં તને શું લાગેવળગે? દયા આવેલી એની?"

"બેશક આવેલી."

તે થોડીક વાર ચુપ રહ્યો અને પછી હોઠ લૂછીને બોલ્યો:

"બિલાડીઓની દયા આવે તને?"

"હા, આવે..."

તેણે કહ્યું:

"મૂરખ છો, અને લબાડ છો! ઊભો રહે જરાક, હમણાં બતાવી દઉં છું તને..."

મારે એ માર્ગેથી નીકળવું જ પડતું કારણ કે કામે જવાનો ટૂંકામાં ટૂંકો રસ્તો એ જ હતો. પણ ચોકીદારની જોડે ભેટો ટાળવાના આશયે હું સવારે વહેલો ઊઠીને કામે જવા લાગ્યો. મારી એવી કોશિશો છતાં થોડાક દિવસ પછી તે ફરી પગથિયે બેઠેલો નજરે પડયો. તે ખોળામાં બેસાડેલી રાખોડી બિલાડીને પંપાળી રહ્યો હતો. હું તેનાથી ત્રણ ડગલાં જેટલો દૂર હતો ત્યારે તે ઠેકડો મારતો ઊભો થઈ ગયો, અને તેણે બિલાડીના પાછલા પગ પકડીને તેનું માથું પથ્થરના થાંભલા ઉપર એટલા જોરથી અફળાવી દીધું કે મારી ઉપર ગરમગરમ લોહીનો છંટકાવ થઈ ગયો. બિલાડીને મારા પગ પાસે ફગાવીને દરવાજે ઊભો રહી જતાં તેણે સવાલ કર્યો:

"હવે શું કરવાનો?"

પણ હું શું કરું? અમે બાખડી પડયા અને બે કૂતરાંની જેમ ફળિયામાં દડતા રહ્યા. થોડીક વાર પછી હું મારા મનને કોરી ખાતા સંતાપથી આભો બની જઈને રસ્તાની કોરે છોડવેલાઓમાં ઢળી પડયો અને ચીસો કે ડૂસકાંને ખાળી રાખવા મારા હોઠ કરડવા લાગ્યો. એ બનાવને યાદ કરતી વેળા મને ધૃણાની ધ્રુજારી આવી જાય છે, હેરત થાય છે કે હું ગાંડો ન થઈ ગયો કે મેં ખૂન ન કરી નાખ્યું.

એવા ધૃણાસ્પદ બનાવનું વર્ણન હું શા માટે કરું છું? માયાળુ વાચક સજ્જનો, એટલા ખાતર કરું છું કે આ કંઈ અતીતમાં વિલીન થઈ ગયેલી વાત નથી. તમને તરંગની દુનિયાના આતંકો ગમે છે, ત્રાસની કહાણીઓ વાંચવામાં મઝા પડે છે, ખોફનાક તરગો થકી વૃત્તિઓની ખુશનુમા ગલીપચીઓમાં મોજ આવે છે. પણ મેં તો સાચા આતંકો, રોજિંદી જિંદગીના આતંકો, જોયા તથા જાણ્યા છે, અને તમારી સામે તેમનું વર્ણન કરીને તમને વૃત્તિઓની અણગમતી ગલીપચીઓનો અનુભવ કરાવવાની બાબતને હું મારો હક ગણું છું, કારણ કે એથી તમને ચોક્કસ જાણકારી મળે કે તમે ક્યાં અને કેવી જિંદગી જીવો છો.

આપણે અધમ અને ગંદી જિંદગી જીવી રહ્યા છીએ, કોઈ પણ માણસ એ વાતનો ઇનકાર કરી શકે એમ નથી.

મને લોકો બહુ પ્યારા લાગે છે, અને હું કોઈનેય દુભાવવા નથી માગતો, પણ લાગણીવશ બની જવાનું કે કારમી હકીકતને ઝળકતા વાણીવિલાસ અને

તુચ્છ જૂઠાણાંઓમાં છુપાવી દેવાનું કોઈ રીતે ચાલે એમ નથી. આપણે જીવનના ઊંડાણમાં, વધારે ઊંડાણમાં, ડૂબકી મારવાની છે! અને આપણાં દિલો તથા મનોમાં જે કંઈ ઈષ્ટ અને માનવતામય છે એ બધું આપણે જિંદગીમાં રેડી દેવાનું છે!

...સ્ત્રીઓ તરફનું સર્વસામાન્ય વલણ જોઈને મારા દિલમાં ખાસ પીડા થઈ હતી. હું વાંચન મારફત શીખ્યો છું કે જીવનમાં સ્ત્રી કરતાં વધારે સારું અને વધારે મહત્ત્વનું બીજું કંઈ નથી. મારા એ વિચારને મારી નાનીમાના જીવને તેમ જ કુંવારી માતા અને શાણી વસિલીસાની તેણે સંભળાવેલી કહાણીઓએ, કમનસીબ નારી નાતાલ્યાએ, અને સ્ત્રીઓના, જીવનની માતાઓના, એવા સેંકડો અને હજારો મલકાટ તથા નજરોએ પુષ્ટિ આપી છે કે જેના થકી તેઓ ખુશી તથા પ્રેમની બેહદ કમીવાળા અસ્તિત્વને સુંદરતા બક્ષી દેતી હોય છે.

તુર્ગેનેવની કૃતિઓમાં નારીના ગૌરવનું ગાન જોવા મળે છે, અને મારી રાણી તો મારી નજરમાં સ્ત્રીઓ વિશે મેં જાણેલી બધી સારી વાતોના મૂર્ત અવતાર સમી રહી છે... એ વાતો જ્ઞાનના ખજાના જેવી છે, અને હાઇને તથા તુર્ગેનેવે એ ખજાનાના સંચયમાં વિપુલ ફાળો આપ્યો છે.

મેળાના વિસ્તારમાંથી સાંજે પાછો ફરતી વેળા હું ઘણી વાર ટેકરી ઉપર કિલ્લાની દીવાલ નજીક ઊભો રહી જતો અને વોલ્ગાથીયે નીચે ડૂબતા સૂરજને નીરખતો રહેતો, ડૂબતો સૂરજ જ્વાળામય સરિતાઓને આસમાનમાં વહેતી મૂકી જતો, અને મારી પ્યારી પાર્થિવ સરિતા ઘેરો જાંબલી રંગ ધારણ કરી લેતી. એવી ઘડીઓ દરમિયાન ક્યારેક મને લાગતું કે પૃથ્વી કેદીઓને લઈ જતા જબરજસ્ત બજરા જેવી છે, અથવા અદૃશ્ય દોરડા વડે બાંધીને ઘસડી જવામાં આવતા ડુક્કર જેવી છે.

પરંતુ વધારે પ્રસંગોએ મારા વિચારો પૃથ્વીના અફાટ વિસ્તારની, મેં પુસ્તકોમાં જેમને વિશે વાંચેલું એ બીજાં શહેરોની, અને જ્યાં લોકો નિરાળી જિંદગી જીવતા હતા એ અજબ દેશોની દિશામાં વળી જતા. વિદેશી લેખકોનાં પુસ્તકોમાં જોવા મળતું જીવન, મારી આસપાસ ધીરેધીરે અને કંટાળાજનક રીતે ચકરાવા લેતા રહેતા જીવનથી, વધારે સ્વચ્છ તથા વાંછનીય અને ઓછું જુલમી હતું. એથી મારી બીકો શમી જતી અને મારા મનમાં પ્રબળ આશાઓ બંધાતી કે જીવનની બહેતર રીત શક્ય છે.

હું વિચાર કરતો રહેતો કે મને પહોળા ઝળકતા રાજમાર્ગે પહોંચાડી

દે એવી શાણી અને સાદી વ્યક્તિનો ભેટો મને કોઈ ને કોઈ દિવસે જરૂર થવાનો જ.

એક વાર હું કિલ્લાની દીવાલ નજીક બાંકડા ઉપર બેઠો હતો એટલામાં યાકોવમામા આવી ચડયા. મેં તેમને નજીક આવતા જોયા નહોતા, અને હું તરત તો ઓળખી પણ ન શક્યો. અમે ઘણાં વરસથી એક જ શહેરમાં રહેતા હતા, પણ જવલ્લે જ મળતા, અને તે પણ ટૂંકી ઘડીઓ પૂરતા અને અણધાર્યા.

"અરે, તું તો બહુ વધી ગયો છો!" તેણે મને હળવો હડસેલો મારતાં ટોળમાં કહ્યું. અમે સગાંની જેમ નહિ પણ એકબીજાને લાંબા વખતથી ઓળખતા માણસોની જેમ વાતો કરવા લાગ્યા.

નાનીમાએ મને વાત કરેલી કે યાકોવમામાએ બધી સાધનસંપદા મોજશોખમાં વેડફી નાખી હતી. તેમણે થોડો વખત કેદીઓની વસાહતમાં ઉપરીના મદદનીશની નોકરી કરી હતી, પણ તેનો ગમગીન અંજામ આવ્યો હતો. ઉપરી માંદો પડયો ત્યારે યાકોવમામાએ પોતાના ફ્લૅટમાં કેદીઓની મોજીલી મહેફિલો કરી હતી. વાત ઉઘાડી પડી ગઈ ત્યારે તેમને બરતરફ કરી દેવામાં આવ્યા, અને કેદીઓને રાતની વેળાએ છૂટા કરી દેવા બદલ તેમની ઉપર મુકદ્દમો ચલાવવામાં આવ્યો. કોઈ કેદી ભાગી નહોતો ગયો, પણ એક જણ પાદરીના મદદનીશનું ગળું રૂંધી નાખવાની કોશિશ કરતો પકડાઈ ગયો હતો. તપાસ સારો એવો વખત ચાલતી રહી, પણ મામલો અદાલત સુધી કદી ન પહોંચ્યો... કેદીઓ અને કેદખાનાના ચોકીદારો મારા માયાળુ મામાને એવી ફજેતીથી ઉગારી લેવામાં કામયાબ થઈ ગયા. હવે તે કામ નહોતા કરતા, દીકરાને ટેકે જિંદગી ગુજારતા હતા. દીકરો રુકાવીશ્નિકોવ દેવળના સંગીતમંડળમાં ગાયક હતો. એ સંગીતમંડળ ત્યારના જમાનામાં પ્રખ્યાત હતું. તેમણે દીકરા વિશે અજબ વાત કરી:

"હમણાં હમણાં બહુ ગંભીર થઈ ગયો છે, અને બહુ મોભાદાર. એકલો ગાય છે. સમોવારમાં પાણી ઉકાળવામાં કે એનાં કપડાંને બ્રશ વડે સાફ કરવામાં મોડું કરું તો મોઢું ચડાવે છે. બધું રીતસર જોઈએ એને! અને ટેવો સારી..."

મામા પોતે તો એકદમ ઘરડા થઈ ગયા હતા, મેલા અને લઘરવઘર હતા, પણ એણે ગમે તેમ કરીને જોમજુસ્સો જાળવી રાખ્યા હતા. તેમનાં ખુશનુમા વાંકડિયાં જુલફાં પાંખાં થઈ ગયાં હતાં, કાન જાણે ઊપસી આવ્યા

હતા, આંખોના સફેદ ભાગમાં અને દાઢી વગરના ગાલોની રેશમી ચામડીમાં રાતી રંગોની જાળ છવાઈ ગઈ હતી. તે ટોળમાં વાત કરતા, અને દાંત સલામત હોવા છતાં જાણે મોંમાં કંઈક ભર્યું હોય એમ તેમને બોલતી વેળા કશોક અવરોધ પડતો હતો.

જેને મોજ કરતાં આવડતું હતું, જેણે ઘણુંઘણું જોયું હતું અને એટલે જે પુષ્કળ જાણકારી ધરાવતો જ હોય એવા માણસ જોડે વાતચીત કરવાની તક મળવાથી મને ખુશી થઈ. મને તેમનાં ચતુરાઈભર્યાં રમૂજી ગીતો બરાબર યાદ હતાં, અને નાનાએ તેમને વિશે કહેલા શબ્દો પણ મારી યાદમાં સાફ અંકાયેલા હતા:

"ગાવામાં ડૅવિડ જેવો, કામમાં આબ્સાલોમ જેવો!"

ફરવા નીકળેલા વધુ મોભાદાર શહેરવાસીઓ તરુમાર્ગે અમારી નજીકથી પસાર થતા રહેતા—અફસરો અને અમલદારો અને ઠસ્સાદાર બાનુઓ. મામાએ બેહાલ કોટ પહેર્યો હતો, માથે ચૂંથાયેલી ટોપી હતી, અને પગમાં ઘસાયેલા બૂટ હતા. તે સંકોચને લીધે બાંકડા ઉપર દબાઈને બેઠા હતા, સાફ વરતાતું હતું કે તેમને પોતાના દેખાવની શરમ આવતી હતી. અમે પોચાઇન્સ્કી કોતરના ચઢાણે એક સરાઈમાં ગયા અને બજારમાં પડતી બારી પાસે ટેબલ પસંદ કરીને બેઠા.

"યાદ છે, તમે કેવી રીતે ગાતા?

ભિખારી એક, પાટલૂન સૂકવે,
બીજો આવીને, ચોરી જાય એને..."

ગીતના બોલ દોહરાવતી વેળા મને તેમાં સમાયેલા વ્યંગનો ખ્યાલ પહેલી જ વાર આવ્યો, અને મને લાગ્યું કે મારા ખુશાલ દેખાતા મામા ખરેખર તો કટુ અને કઠોર હતા.

પરંતુ તેમણે પ્યાલીમાં વોદકા રેડતાં રેડતાં આપેલા જવાબમાં કેવળ ગમગીની જ હતી.

"અરે હા, હું જિંદગી જીવ્યો છું અને મેં મોજ માણી છે, પણ પૂરતી નહિ. એ ગીત મારું નહોતું, ધાર્મિક વિદ્યાલયના એક શિક્ષકનું લખેલું હતું, શું નામ હતું એનું? ભૂલી ગયો છું. અમે પાકા દોસ્તો હતા, હું ને એ. પણ એ દારૂ ઢીંચીઢીંચીને મરી ગયો... ઠારમાં ઠરીને ઠીકરું થઈ ગયો. દારૂ ઢીંચીઢીંચીને મરી ગયેલા માણસો મેં કેટલા બધા જોયા છે! ગણ્યા

ગણાય જ નહિ! તું દારૂ પીએ છે? પીતો નહિ. હજી થોડોક વખત થોભી જા! નાનાને ઘણી વાર મળે છે? સોગિયા ડોસા છે હવે તો! લાગે છે કે ભેજું નબળું પડી ગયું છે."

એકબે પ્યાલી વોદકા પીધા પછી તેમને ફૂર્તિ આવી ગઈ, તેમણે ખભા ટટ્ટાર કરી દીધા, તેમની ઉંમર જાણે ઘટી ગઈ હોય એવા દેખાવા લાગ્યા, અને તે વધારે ચેતનમય રીતે બોલવા લાગ્યા.

મેં તેમને કેદીઓવાળા મામલા વિશે પૂછ્યું.

"તો વાત તારા સાંભળવામાં આવી ગઈ છે, એમ ને?" તેમણે સવાલ કર્યો. પછી અવાજ ધીમો કરીને અને આસપાસ નજર ફેરવીને તેમણે કહ્યું:

"કેદીઓ હતા એથી શું થયું? તેમને ઇનસાફને ત્રાજવે તોળવાનું કામ મારું નથી. મેં તો જોયું કે એ સૌ આપણા જેવા જ માણસો હતા, એટલે મેં તેમને કહ્યું: ચાલો, ભાઈઓ, દોસ્તોની જેમ ભેગા રહીએ, જરાક મોજ માણીએ, પેલા ગીતમાં છે એમ:

માણી લઈએ મોજ, નસીબની પરવા નહિ,
જગતની આ સફરની આખરી ઘડી લગી,
અમારું જીવન તો ખુશીને ખાતર છે,
હોય મૂરખ મોટો, દુખમાં રડતો જે!.."

તેમણે હસીને બારી વાટેથી નીચે નજર નાખી. કોતરને તળિયે દુકાનોની કતાર ઉપર અંધારું ફેલાવા લાગ્યું હતું.

"કેદીઓ તો બેશક ખુશ થઈ ગયેલા... કેદખાનાની જિંદગી કંટાળાભરી હતી," તેમણે મૂછો ઉપર હાથ ફેરવતાં વાત આગળ ચલાવી. "હાજરી પૂરાઈ જાય એટલે તેઓ મારે ત્યાં આવતા... ખાવાનું ને વોદકા... ક્યારેક બધું મારું ને ક્યારેક એ લોકોનું, અને... માતા રશિયા ડોલવા લાગતી, મોજ માણવા લાગતી! મને નાચગાન બહુ ગમે છે, અને એ લોકોમાં કેટલાક સરસ ગાનારાઓ અને નાચનારાઓ હતા. ખરેખર બહુ સરસ! તારા માન્યામાં નહિ આવે! અરધા માણસો બેડીઓમાં જકડાયેલા રહેતા. પણ બેડીમાં જકડાયેલો માણસ નાચી ન શકે, એટલે મેં તેમને બેડીઓ કાઢી નાખવાની પરવાનગી આપી, સાચી વાત. એ લોકો પોતાની મેળે જ બેડીઓ કાઢી શકતા, લુહારની જરૂર ન પડતી, ચાલાક માણસો, ખરેખર બહુ ચાલાક! પણ એ લોકોને શહેરમાં જઈને ચોરી કરવા મેં છૂટા

કરી દીધા હોવાની વાતોમાં તો નર્યો બકવાદ જ છે. કોઈએ એમ સાબિત નહોતું કર્યું..."

તે ચુપ થઈ ગયા અને કોતરમાં નજર ઠેરવીને બેસી રહ્યા. ત્યાં જૂના માલના વેપારીઓ દુકાનો બંધ કરી રહ્યા હતા. સાંકળો ખખડતી હતી, તાળાં ચીં... ચીં... કરતાં હતાં, અને પડતાં પાટિયાંના ઠપકારા થતા હતા, પછી તેમણે ખુશાલ મિચકારો કરીને વાત આગળ ચલાવી:

"સાચી વાત કહેવી હોય તો એક આદમી ખરેખર રાતે બહાર નીકળી જતો, પણ એને બેડીઓ નહોતી, અહીંનો જ ચોર હતો, નીઝની-નોવગોરદનો. એની રખાત નજીકમાં જ પેચોર્કા નદીને કાંઠે રહેતી હતી. પાદરીના મદદનીશ જોડેની ધાંધલ તો અણધાર્યા છબરડાને લીધે થયેલી. એને લાગ્યું કે કોઈ વેપારી છે. શિયાળાની રાત હતી અને તોફાનની હાલત હતી... સૌ મોટામોટા ઓવરકોટ પહેરીને બહાર નીકળતા... એમાં વેપારી અને પાદરીના મદદનીશ વચ્ચેનો તફાવત કોનાથી પરખાય?"

મને વાત રમૂજી લાગી, અને તેમણે પણ હસી પડતાં ઉમેર્યું:

"બેશક એનાથી ન પરખાયો..."

મામાનો મનોભાવ અણધાર્યો અને અજબ સહેલાઈથી ગુસ્સામાં પલટાઈ ગયો. પ્લેટને આઘી ખસેડીને અને મોં કટાણું કરીને તે સિગરેટ સળગાવતા ગણગણ્યા:

"એકબીજાને લૂંટે, પછી એકબીજાને પકડે, પછી એકબીજાને કાં તો કેદખાનામાં પૂરી દે અથવા સખત મહેનતની સજા ભોગવવા સાઇબિરિયા મોકલી દે! પણ એમાં મને શું કામ લપેટી લેવો? થૂંકો! મારે તો... મારા પોતાના આતમદીવડાનું ધ્યાન રાખવાનું છે!"

મારી નજર સામે ઝીંથરિયા ભઠ્ઠીમજૂરનું દૃશ્ય ખડું થઈ ગયું. તેને પણ "થૂંકો!" કહેવાની ટેવ હતી, અને તેનું નામ પણ યાકોવ હતું.

"શું વિચારમાં પડી ગયો?" મામાએ હળવા અવાજે પૂછ્યું.

"તમને કેદીઓની દયા આવતી?"

"એમની દયા તો આસાનીથી આવી જાય, એવા મઝાના માણસો હતા! ખરેખર બહુ મઝાના! હું ક્યારેક એમની સામે જોતો વિચારમાં પડી જતો કે મારામાં તો એ લોકોના બૂટ સાફ કરવાનીયે લાયકાત નહોતી, પણ એમનો ઉપરી બનીને બેઠો હતો, અક્કલવાળા હતા શયતાનો, વળી લુચ્ચા..."

દારૂ અને સંભારણાંએ તેમનામાં ફરી ખુશનુમા ઉત્તેજના આણી દીધી હતી. તેમણે કોણીઓ બારીની પાળ ઉપર ટેકવી દીધી, અને આંગળીઓ વચ્ચે સિગરેટવાળો પીળો હાથ હલાવતાં ખુશાલ અવાજે આગળ ચલાવ્યું:

"એમાંથી એકને બોલતો તેં ક્યારેય સાંભળ્યો હોત ને! એક આંખે દેખતો આદમી નકશીનું ને ઘડિયાળોનું કામ કરતો. નકલી નાણું બનાવતો પકડાઈ ગયેલો, પછી ભાગી જવાની કોશિશ કરેલી. કાયમ મશાલની જેમ ભભૂકી ઊઠતો. કહેતો કે સમજાવો મને, ટંકશાળ નાણું બનાવી શકે તો હું કેમ ન બનાવી શકું, હેં? ચાલો, સમજાવો! કોઈ ન સમજાવી શકતું. કોઈ નહિ, હુંયે નહિ! હું એમની ઉપર ચોકીદાર હોવા છતાંયે નહિ! બીજો એક આદમી મોસ્કોનો નામીચો ચોર હતો, શાંત સ્વભાવનો, સાફસૂથરો, અને થોડોઘણો વરણાગિયો. હંમેશાં બહુ વિનયથી વાત કરતો. કહેતો કે લોકો એટલી બધી મહેનત કરતા હોય છે કે બેભાન થઈને ઢળી પડે, પણ બંદો એટલી મહેનત કરવા તૈયાર નથી. કહેતો કે એક વાર કોશિશ કરેલી... એટલું કામ કરેલું કે આંગળીઓનાં ટેરવાં ઘસાઈ ગયાં, પણ શાને ખાતર? સાવ નજીવી આવક ખાતર. બે ટીપાં દારૂ પીઓ, લગરીક પત્તાંની રમતમાં હારી જાઓ, કોઈ ઓરતને વહાલના બદલામાં થોડુંક આપો... અને પાછા હતા ત્યાંના ત્યાં જ! ખીસાં ખાલી ને પેટમાં ભૂખ... કહેતો કે ના, એવી રમત આપણને ફાવે નહિ!"

યાકોવમામા વાત કરતા કરતા ટેબલ ઉપર નમ્યા. વાળનાં છેક મૂળિયાં સુધી રાતા રાતા થઈ ગયેલા, અને એટલા ઉત્તેજિત હતા કે કાન ફરકવા લાગ્યા હતા. તેમણે આગળ કહ્યું:

"એ લોકો મૂરખ કોઈ રીતે નથી, ભાઈ મારા! હાલતનો વાજબી ખ્યાલ બાંધતા હોય છે. આ બધી માથાફોડ જાય જહન્નમમાં! મારો જ દાખલો લે... મારી જિંદગી કેવી રહી છે? યાદ કરતાંયે શરમ આવે! બધુંય મઝાનું બેઈમાનીથી લેવાનું! દુખ કમાવાનું... મોજ ચોરવાની... બાપુ બરાડા પાડે કે આમ કરતો નહિ... અને ઘરવાળી બરાડા પાડે કે આમ કરતો નહિ... મને પોતાને એક રૂબલનું ખર્ચ કરવાની દહેશત! જિંદગી એમ જ સરકી ગઈ... બુઢ્ઢો થઈ ગયો... દીકરાનો હજૂરિયો... છુપાવવાની કોશિશ શું કામ કરવી! રાંકડો થઈને એની ચાકરી કરું છું, ભાઈ, અને એ અસલ ઉમરાવની જેમ મને ધમકાવતો રહે છે! બોલાવે છે તો "બાપુ" કહીને, પણ મને "હજૂરિયા" જેવું કાને પડે છે. શું જનમ

એટલા ખાતર લીધેલો મેં? એટલા ખાતર બધુંય વેઠ્યું છે જિંદગીમાં? આખરે પોતાના જ દીકરાનો હજૂરિયો બની રહેવા? પણ હાલત એવી ન હોત તોયે... હું શાને ખાતર જીવ્યો? જિંદગીમાંથી મને કેટલી મોજ મળી?"

મેં બહુ ધ્યાનથી નહોતું સાંભળ્યું. એટલે હું અચકાતો અચકાતો અને જવાબના કશા ખ્યાલ વગર બોલ્યો:

"મનેય નથી સમજાતું કે જિંદગી કેવી રીતે ચાલુ રાખવી..."

તેમણે ધુરકાટ કર્યો:

"એમ કે? અને કોણ સમજે છે? સમજતું હોય એવું કોઈ મને તો આજ સુધી નથી મળ્યું! લોકો ખાલી જીવતા હોય છે, ટેવને લીધે..."

તેના અવાજમાં ફરી ગુસ્સાની અને દુભાયેલી લાગણીની છાયા આવી ગઈ:

"બીજો એક આદમી હતો, ઓરેલનો... બળાત્કારના ગુનાની સજા થયેલી... ઉમરાવ ઘરનો હતો, અજબ નાચ કરી જાણતો... વાન્કાનું ગીત ગાઈને સૌને એટલા હસાવતો કે બસ...

વાન્કા મારે આંટા, કબ્રસ્તાન ફરતા...
બહુ સાદી ને સીધી છે વાત, ભાઈ મારા!
અરે તું વાન્કા, ભર ને ડગલાં...
કબ્રસ્તાન મૂકીને, જરાક આઘેરાં!..

પણ હું તો માનું છું કે ગીતમાં રમૂજી કાંઈ જ નથી, બલકે ઝળકતી સચ્ચાઈ છે! ગમે એમ વળ ખાઓ અને વલખાં મારો પણ કબ્રસ્તાનથી બચવાનું બને જ નહિ. અને હું કબ્રસ્તાન ભેગો થઈ જાઉં ત્યારે મને જરાક જેટલીયે પરવા નહિ હોય કે હું કેદી હતો યા ચોકીદાર હતો."

તે બોલતા બોલતા થાકી ગયા, વોદકા ગટગટાવી ગયા, અને પંખીની જેમ એક આંખ ત્રાંસી કરીને ખાલી પ્યાલાને જોતા રહ્યા, મૂંગામૂંગા સિગરેટના ધુમાડા કાઢતા રહ્યા, ધુમાડો ગૂંચળાં વળીને તેમની મૂછો વાટેથી નીકળતો રહ્યો.

યાકોવમામાને કોઈ રીતે મળતા ન આવતા કડિયા પ્યોતરને કહેવાનું ગમતું કે "માણસ ગમે એટલી કોશિશ કરે અને ગમે એટલી આશાઓ

બાંધે, પણ આખરે તો કફનમાં ને કબરમાં પહોંચવાનો જ." અને કેટલી બધી લોકોક્તિઓ એ જ વિચારને વ્યક્ત કરે છે!

મામાને બીજું કંઈ પૂછવાનું મને જરાય મન નહોતું. મને તેમની દયા આવતી હતી અને તેમના સંગાથમાં મારા મનમાં નિરાશા ભરાઈ જતી. હું યાદ કર્યા વગર નહોતો રહી શકતો કે તેમનાં ખુશાલ ગીતોના સૂર અને ગિટારના રણકાર કેવી રીતે ગમગીનીમાં આનંદોલ્લાસની ભાત ગૂંથી દેતા હતા. વળી મોજીલા ત્સિગનોકને પણ હું નહોતો ભૂલ્યો. ના, તેને હું નહોતો ભૂલ્યો. અને યાકોવમામાની ચૂંથાઈ ગયેલી કાયા ઉપર મીટ માંડતી વેળા મારા મનમાં અનાયાસે જ વિચાર ઝબકી ગયો:

"એમને યાદ હશે ખરું કે પોતે ત્સિગનોકને ક્રૉસ નીચે કેવી રીતે કચડી નાખેલો?"

પણ મેં તેમને પૂછ્યું નહિ.

મેં નીચે કોતરમાં નજર નાખી. તેમાં હવે ઑગસ્ટનું ધુમ્મસ છલોછલ ભરાઈ ગયું હતું. તેના ઊંડાણમાંથી સફરજન અને તરબુચની સુવાસ આવતી હતી. શહેર તરફ જતા સાંકડા માર્ગો બત્તીઓ ઝગમગી ઊઠી. મારી આસપાસનું બધું મને સાંગોપાંગ પરિચિત હતું: આ સીટી રીબિન્સ્ક જતી આગબોટની... અને આ સીટી પેર્મ જતી આગબોટની...

"ઠીક ત્યારે, હવે જવું જોઈએ," મામા બોલ્યા.

સરાઈને બારણે તેમણે મારી જોડે હાથ મિલાવીને ટોળમાં કહ્યું:

"બહુ ગમગીનીમાં અટવાઈને રહેતો નહિ. ગમગીની તને ભરડો લઈ ગઈ હોય એમ લાગે છે. મનને ખુશ રાખ! હજી તો જુવાન છો! યાદ રાખજે: 'માણી લઈએ મોજ, નસીબની પરવા નહિ...' ઠીક, આવજે! મારે ઉસ્પેન્સ્કી દેવળ નજીક થઈને જવાનું છે!"

અને મારા ખુશાલ મામા ચાલ્યા ગયા, મારા મનમાં તેમની વાતો પહેલાં હતો એથી વધારે ગોટાળો મૂકીને ચાલ્યા ગયા.

હું ટેકરી ઉપરથી શહેર તરફ ઊતર્યો અને ખેતરોમાં થઈને જવા લાગ્યો. પૂનમનો ચંદ્રમા ઝગારા મારતો હતો, ઘેરાં વાદળો આકાશમાં સરકતાં હતાં અને પોતાના પડછાયા વડે મારા પડછાયાને ઢાંકી દેતાં હતાં. ખેતરોમાં થઈને શહેર ફરતો ચકરાવો લેતો હું ઓતકોસ નજીક વોલ્ગાને કિનારે પહોંચ્યો, અને ત્યાં ધૂળિયા ઘાસ ઉપર લંબાવીને કેટલીય વાર સુધી નદીને, બીડોને, અને નિશ્ચલ ધરતીને નીરખતો રહ્યો. વાદળોના પડછાયા ધીરેધીરે વોલ્ગાના

પટને પાર કરતા હતા અને બીડોમાં પહોંચીને ઊજળા બની જતા હતા, જાણે કેમ જળ ઉપર થઈને નીકળતી વેળા ધોવાઈ ગયા હોય. મારી આસપાસ બધું જાણે નીંદરઘેરું અને ઢીલુંઢીલું હતું, બધું જીવન અને ગતિની જોરદાર ઝંખના થકી પ્રેરાતું હોવાને બદલે જાણે આવશ્યકતાના દબાણને લીધે અનિચ્છાએ ગતિ કરતું હતું.

હું એ ભૂમિને અને મને પોતાને સરખી મઝાની લાત લગાવી દેવા તલસતો હતો, જેથી બધું—મારા સમેત—ખુશાલ વમળમાં ઘૂમરીઓ ખાવા લાગે, એકબીજાને અને જીવનને—વધારે પ્રમાણિક અને હિંમતભર્યા અને સુંદર જીવનને ખાતર સર્જાયેલા આ જીવનને—પ્યાર કરતા લોકોના હર્ષવિશમય નૃત્યમાં ગોળચક્કર ઘૂમવા લાગે...

અને મને થયું: "કંઈક નહિ કરું તો સાવ ખોવાઈ જવાનો!"

હું ઘણી વાર શરદના ઘેરા દિવસોએ વનોમાં રખડયો હતો, સૂરજને જોઈ નહોતો શકતો, સૂરજ હોવાની લાગણી પણ નહોતો અનુભવી શકતો, સમજો કે તેની હયાતીને જ સાવ ભૂલી જતો. માર્ગ ભૂલી જાઉં તો મને પાછો ઠેકાણે પહોંચાડી દે એવી પગદંડીઓની તલાશ આતુરતાથી કરતો રહેતો, અને આખરે તલાશ કરતો કરતો થાકી જાઉં ત્યારે દાંત પીસીને હિંમતથી વનના ઊંડાણમાં ઘૂસી જતો, એકબીજામાં ગૂંચવાઈ ગયેલા છોડવેલાઓમાંથી માર્ગ કરતો અને જોખમી કળણોને પાર કરતો. અને હંમેશાં, અનિવાર્ય રીતે, પાછો માર્ગ ઉપર પહોંચી જતો.

અને મેં એવો જ ફેંસલો કરી લીધો.

એ વરસે શરદમાં હું કઝાન તરફ રવાના થઈ ગયો. મેં મારા મનમાં છાની આશા બાંધી રાખી હતી કે મને ત્યાં અભ્યાસ કરવાનો કશોક ઉપાય મળી રહેશે.

૧૯૧૪.

વાચકોને

આ પ્રકાશન વિશે આપને જરૂરી લાગે તે ટીકાટીપ્પણો તથા સલાહસૂચનો આપ મોકલશો તો અમે આભારી થઈશું.

અમને આશા છે કે આપની માતૃભાષામાં રૂસી તથા સોવિયેત સાહિત્યનું વાંચન આપને અમારી જનતાની સંસ્કૃતિ અને જીવનરીતિનો વધારે ઊંડો પરિચય મેળવવામાં સહાયભૂત થશે.

‘રાદુગા’ પ્રકાશન
૧૭, ઝુબોવ્સ્કી બૂલવાર
મોસ્કો (સોવિયેત સંઘ)

ચીંગીઝ આઈત્માતોવ
પહાડો અને વગડાઓની વાતો
લઘુનવલ સંગ્રહ

સોવિયેત કીરગીઝ લેખક અને લેનિન તથા રાજ્ય પારિતોષિકોના વિજેતા ચીંગીઝ આઈત્માતોવ (જન્મ ૧૯૨૮) પ્રથમ પ્રેમ, વૃદ્ધ માતા, કે પહાડી ગામોમાં બાળકોને ભણાવતા માણસનું ભલે ગમે તેવું ચિત્રણ કરતા હોય, પરંતુ તેમનાં પુસ્તકોમાં હંમેશાં સાદો માનવી અને તેની ચિંતાઓ તેમ જ જરૂરતો જ કેંદ્રસ્થાને હોય છે.

આ સંગ્રહમાં નીચેની ત્રણ રચનાઓ સામેલ છે: 'જમિલા', 'દુઈશેન', અને 'ધરતીમાતા'.

લુકોમોર્યે
(રૂસી લેખકોની વાર્તાઓ)

ઓગણીસમી સદીના પ્રશિષ્ટ લેખકોની બહુવિધ કથાવાર્તાઓનો સંગ્રહ. તેમાં લોકકથાઓના આધારે લખનારા સેર્ગેઈ આકસાકોવ તથા વ્લાદીમિર દાલની કૃતિઓથી લઈને આન્તોની પોગોરેલ્સ્કીની 'નાનકડી કાળુડી મરઘી' જેવી ખૂબ મૌલિક, વસ્તવિકતા અને જાદુચમત્કારની બારીક ગૂંથણી કરતી, રચનાઓ સામેલ છે.

તત્વજ્ઞાની સંગીતકાર, અને લેખક વ્લાદીમિર ઓદોયેવ્સ્કીની 'છીંકણીની ડબ્બીમાં નગર' નામે રચનામાં સંગ્રહનું બીજું એક વાર્તારત્ન, રૂસી સાહિત્યમાં બાળકો માટે ટેકનોલોજી વિશે લખવાનો પહેલો પ્રયત્ન, અંકિત છે. એ રચનાને બેલીન્સ્કીએ ઉત્તમ વાર્તાઓમાં સ્થાન આપ્યું હતું.

લેવ તોલ્સ્તોય, કોન્સ્તાન્તીન ઉશીન્સ્કી, વ્સેવોલોદ ગાર્શિન, તથા બીજા ઘણા લેખકોની કૃતિઓ મધ્યમ અને શૈલીની દૃષ્ટિએ બહુવિધ છે.

મક્સીમ ગોર્કી
મારાં વિશ્વવિદ્યાલયો

આખી દુનિયામાં પ્રખ્યાત લેખક મક્સીમ ગોર્કીએ આ કૃતિમાં પોતાના જીવનનાં સંસ્મરણોનું આલેખન કર્યું છે. તે ૧૮૮૪માં સોળ વર્ષના હતા ત્યારે વોલ્ગા કિનારે આવેલા મોટા શહેર કઝાન જવા પગપાળા નીકળી પડ્યા હતા. તેમને ત્યાં વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મેળવવાની આશા હતી. પરંતુ તેમને જીવવી પડેલી જિંદગી તો શિખાઉ કારીગરની તનતોડ મહેનતની અને ઝૂંપડપટ્ટીના રહેવાસી મુફલિસની કંગાલ હયાતીની હતી. તેમણે 'મારાં વિશ્વવિખાલયો' તરીકે ગણાવેલી એ જિંદગીએ જાતજાતના ગેરઇનસાફ સામે લડવાના તેમના મનોબળનું ઘડતર કર્યું હતું, અને તેમના પોતાના તથા તેમની આસપાસના લોકોના "જીવનની પુનર્ઘટના" કરવાની તેમની ઊંડી ઝંખનાને વધારે તીવ્ર બનાવી હતી.



સુખ્યાત નવલકથાઓ, નવલિકાઓ, અને નાટકોના લેખક ક્લાસિકલ સોવિયેત સાહિત્યકાર મક્સીમ ગોર્કીએ (૧૮૬૮-૧૯૩૬) આ કૃતિનું સર્જન ૧૯૧૪માં કર્યું હતું. તેમાં તેમણે વાંચકો માટે પોતાના આરંભના જીવન તથા મુશ્કેલ સંજોગોનું ચિત્રણ કર્યું છે.

કૃતિનો નાયક આલ્યોશા પેશ્કોવ બાલ્યાવસ્થામાં હતો ત્યારે જ તેનાં માતાપિતાનું અવસાન થઈ ગયું. પછી તે "પરાયા લોકોમાં" ભટકતો રહ્યો હતો. તેણે પગરખાંની દુકાનમાં નોકર છોકરા તરીકે કામ કર્યું હતું, સગાંઓને ત્યાં "રેખાંકનના" શિખાઉ કારીગર તરીકે ચાકરી કરી હતી અને રોટીના એક એક ટુકડા માટે તેમના તરફની પજવણી વેઠી હતી. તેણે વોલ્ગાની સફર ખેડતાં વહાણોમાં વાસણો ધોવાનું કામ કર્યું હતું, અને દેવચિત્રો બનાવવાના કારીગરી મથકમાં નોકરી કરી હતી.

ઝારશાહી રશિયામાં રૂસી લોકોની કંગાલિયતની મુશ્કેલ જિંદગી આલ્યોશાએ જોઈ હતી. પરંતુ તેનું નિરીક્ષણ એ નિષ્ઠુર જીવનના કંગાલ તથા દ્વેષીલા પાસા પૂરતું જ સીમિત નહોતું રહ્યું. તેને બહુ સદ્‌ભાવી લોકો પણ, ખુશાલ લાગણીઓ અને નેક ખ્યાલો ધરાવતા માણસો પણ, જોવા મળ્યા હતા. અ લોકોએ તેને આસપાસની દુનિયા નીરખતાં અને પુસ્તકો તથા જ્ઞાનનું મૂલ્ય સમજતાં શીખવ્યું હતું. તેમણે તેના મનમાં અભ્યાસની ઉત્સુકતા જગાવી હતી.

'મારી તાલીમ' મક્સીમ ગોર્કીના લાંબા આત્મકથનાત્મક સર્જનનો બીજો ભાગ છે. તેમણે એ કૃતિ ત્રણ ગ્રંથોમાં લખી છે. પુસ્તકોનાં નામ નીચે મુજબ છે: 'બાળપણ', 'મારી તાલીમ', અને 'મારાં વિશ્વવિદ્યાલયો'. દરેક ભાગની જેમ આ ગ્રંથ પણ સાથોસાથ એક સ્વતંત્ર પરિપૂર્ણ કૃતિ જેવો છે.

રાદુગા પ્રકાશન
મોસ્કો